યુનાઈટેડ્ સ્ટેટ્સ્‌ની લોક સ્થિતિ

અને

પ્રવાસવૃત્ત—ભાગ ૧લો.

પંડિતા રમાબાઈકૃત.

મરાઠી ઉપરથી ભાષાંતર કર્તા.

ચુનીલાલ બાપુજી મોદી.



સુરત:

"ગુજરાત સ્ટાન્ડર્ડ" પ્રેસમાં છાપ્યું.

કિંમત ૧ા રૂપીઓ.

નેક નામદાર

મહારાણા શ્રી મોહનદેવજી

સંસ્થાન ધરમપૂરના મહારાજા સાહેબ.

આપે ગાદીનશીન થતાંજ પોતાની પ્રજાના કલ્યાણ માટે, અને પ્રજાની ઉન્નતીનું મૂળ જે કેળવણી તેને માટે તન, મન અને ધનથી મથો છો. તેમજ મારા વતન સુરત પ્રત્યે આપે જે ઉદાર લાગણી બતાવીને ઉપકૃત કર્યું છે તેની અલ્પ નિશાની તરીકે આ નાનું પુસ્તક ઘણાજ માનથી નમ્રતાપૂર્વક અર્પણ કરૂં છું.

સુરત, તા. ૧લી માર્ચ,
સને. ૧૮૯૭. } ચુનીલાલ બાપુજી મોદી.

પ્રસ્તાવના.

યુનાઇટેડ્ સ્ટેટ્સ્ અથવા 'અમેરિકા માંહેલા સંયુક્ત સંસ્થાનો' એ નામ ઘણા જણે સાંભળ્યું હશે. અને ઘણાએક ભૂગોળવિદ્યા શિખતાં તે દેશનો નકશોએ જોયો હશે, તથાપિ તે સંયુક્ત સંસ્થાનની ખરી યોગ્યતા કેટલી અને ત્યાંનાં માણસો શું કરે છે, તેની સામાજિક સ્થિતિ અને રાજ્યવ્યવસ્થા કેવી છે ઇત્યાદિ વાતોની માહેતી જોઇ હશે, એવાં માણસો આપણા દેશમાં ઘણાંજ થોડાં હશે. ઇ. સ. ૧૮૮૬ના આરંભમાં ઈંગ્લાંડથી યુનાઇટેડ્ સ્ટેટ્સમાં ગઇ, તે વેળાએ એ દેશના નામ વિના તેનાવિષે બીજું કંઇએ જાણુતી નહોતી. પણ ત્યાં ગયા પછી કેટલેક દિવસે તે દેશની ખરી યોગ્યતા થોડી થોડી સમજાવા લાગી. ત્યારે મને કેટલી મુદત ત્યાંજ રહીને તેની સારી વાકેફગારી મેલવી લેવાની ઇચ્છા ઉત્પન્ન થઇ. તે પ્રમાણે હું ૧૮૮૬ના માર્ચ મહિનાથી ૧૮૮૮ના નવેંબર મહિનાની આખર સુધી (બે વરસ ને આઠ મહિના સુધી) ત્યાં રહીને તે દેશમાં સુમારે ૩૦૦૦ મૈલ જેટલી મુસાફરી કરી કેટલીક બાબતોની માહિતી મેળવી. એ સંસ્થાનમાં રહેતાં મને ત્યાંની ચમત્કારિક વાતો માલમ પડવાથી જે આનંદ થયો તેનો કંઇ ભાગ મારા પ્રિય દેશી ભાઇ બેહેનોને ન આપું તો તે અપૂર્ણ રહેશે. માટે હું આ નાનું પુસ્તક પ્રગટ કરું છું.

મેં ત્યાંજ એનો પુષ્કળ ભાગ લખી રાખ્યો હતો; બાકીનો થોડો અહિં આવ્યા પછી લખેલો છે.

થોડા દિવસ ઉપર મેં 'યુનાઇટેડ્ સ્ટેટ્સની લોક સ્થિતિ' એ વિષય ઉપર મુંબાઈ અને પુનામાં આઠ નવ વ્યાખ્યાનો આપ્યાં હતાં. તે સાંભળીને કેટલાએકને મેં કહેલી બાબતોમાં અતિશયોક્તિ લાગી હશે. મેં જે કહ્યું તેમાં અતિશયોક્તિ નહોતી, એમ હું ખાત્રીપૂર્વક કહું છું. વેપાર ધંધો, વિદ્યાખાતું વગેરેની મેં જે મોટી સંખ્યા કહી છે, તેના ખરાપણા વિષે કોઇને શંકા હોય તો ઇ. સ. ૧૮૮૦ના સાલના યુ૦ સ્ટેટના વસ્તી પત્રકના આંકડા જોવા. મેં લખેલું છે એમાં કંઈ ખોટું હોય એમ લાગે તો જેને મરાઠી ભાષા આવડે એવા વિદ્વાન અમેરિકન ગૃહસ્થો અને સ્ત્રીઓ મુંબાઇ શેહેરમાં પુષ્કળ છે, તેમણે મારી ભૂલો સુધારવી એવી મારી તેમને વિનંતી છે.

વળી એક પક્ષની મંડળીએ, મેં યુનાઇટેડ સ્ટેટસની સારી બાબતોનુંજ વર્ણન કર્યું છે, અને માઠી વાતો જણાવી નથી એવો મારા ઉપર દોષ મેલ્યો છે. તેને મારે એટલુંજ કેહેવાનું છે કે, જે ઘણી માઠી વાતો સર્વની નજરે પડવા જેવી છે, તે બાબત આ પુસ્તકમાં ઠેકાણે ઠેકાણે જણાઇ આવશે. તથાપિ હું એટલું કબૂલ કરૂં છું કે, મારે યુનાટેડ સ્ટેટ્સના લોકોનો જેટલો દોષ બતાવવો જોઇએ એમ કેટલાકને લાગે છે, તેટલો કહાડ્યો નથી. મારી પેહેલાંના તે દેશમાં ગએલા આપણા એક ધાર્મિક બંધુએ અમેરિકન સમાજના દોષો કહાડી મૂક્યા છે. (દોષ વિના તેને

અમેરિકામાં બીજું કંઇ મળ્યુંજ નહીં હોય એમ લાગે છે; જો કે તે દેશમાં ફરીને હિંદુસ્તાનમાં પાછો આવવા પહોંચે તેટલા પ્રવાસનો ખરચ તેને મળ્યો હતો એટલુંજ સારૂં ખરૂં !) ન્યુયાર્ક સંસ્થાનમાં પ્રવાસ કરતાં એક ગૃહસ્થે મને પૂછ્યું કે, "અમા દેશમાં અતિ નિંદ્ય એવું તમારા દીઠામાં શું આવ્યું." મેં કહ્યું 'ભાઇ, હું તમારા દેશમાંના અવગુણો જોવા આવી નથી; તમારા ગુણ તેટલાજ માત્ર જોઇએ છે. હું તે શોધું છું ને તેજ મળે છે.' મોટા ધોરી રાજમાર્ગ ઉપર ચાલતાં ઓચિંતો એકાદ પથરો કે કાંટો પગમાં વાગે છે, તેવીજ રીતે અમેરિકન લોકના દોષ ક્વચિત્ત મારી નજરે પડયા; તે માટે નિરૂપાયથી તે બાબત એમાં લખ્યું છે, સારા ને માઠા લોકો સઘળેજ હોય છે; ગુણ ને દોષ સર્વમાં છે; આપણે ગુણના શોધમાં હઇશું તો ગુણજ મળશે. અને તેથી ઉલટું હશે તો વિપરીત રૂપ મળે છે, એ વાત તો સર્વને માહિતજ છે.

આ પુસ્તકના વાંચનથી પ્રિય દેશી ભાઇ બેહેનોના અંતઃકરણમાં ઉદ્યોગ પ્રિયતા અને આપણી ભારત ભૂમિની સેવા કરવાની સદેચ્છા હાલમાં છે, તેથી લગારેક વધારે થાય તો મારો આ અલ્પ પ્રયત્ન સફળ થએલો હું સમજીશ.

સારદાસદન મુંબાઇ
માહે ડીસેંબર
સને ૧૮૮૯.

રમાબાઇ.

ભાષાંતર કર્તાની પ્રસ્તાવના.

ગૂજરાતી ભાષામાં નવલકથા, કવિતા અને નાટકોનાં નાનાં મોટાં પુસ્તકો આજે ઉભરાઈ જતાં જોવામાં આવે છે. તથાપિ નેટીવ પ્રેસ રીપોર્ટર મી૦ રાઈટે પોતાના છેલ્લા વાર્ષીક રીપોર્ટમાં સોંચ બતાવે છે. તે ખરો છે કે, ઇતિહાસ, જન્મ ચરિત્રો કે મુસાફરીના પુસ્તકો તેમાં જવલ્લેજ જોવામાં આવે છે. પણ દેશનું ખરેખરૂં કલ્યાણ અને જ્ઞાનનો વધારો તો ઇતિહાસ, જન્મવૃત્તાંત અને પ્રવાસવૃત્તના વાંચનથીજ થવાનો સંભવ છે. તે માટે મેં મારો યથાશક્તિ શ્રમ એજ દિશામાં રાખ્યો છે. એ ઇચ્છાને અનુસરીને પ્રસિદ્ધ પંડિતા રમાબાઇનું આ પુસ્તક મેં ખરીદ કર્યું અને વાંચતાં ઘણું ઉપયોગી અને મનોરંજક લાગવાથી એનું ભાષાંતર કરીને પ્રસિદ્ધ કરવાને મજકુર બાઇ પાસે પરવાનગી માગી જે તેણીએ ઘણી ખુશીથી આપી માટે તેણીનો ઘણો આભાર માનું છું.

વળી એ પુસ્તકનો હસ્ત લેખ મારા મરહુમ મિત્ર રા૦ રા૦ હરીલાલ હર્ષદરાય ધ્રુવે વાંચી જોઇ કિંમતી સલાહ અને સૂચના આપી હતી તેથી તેમનો તથા સુરતના માજી કલેકટર અને હાલના રેવન્યુ કમિશનર સાહેબ મી૦ એ. એસ. પી બેલીએ પોતાને અથાક કામનું રોકાણ છતાં પોતાનો અમૂલ્ય વખત રોકીને આ હસ્ત લેખ તપાસી જવાની તસ્દી લીધી છે

તેમજ ગુર્જર રત્ન દીવાન બહાદુર મણીભાઈ જશભાઈએ એ કામ માટે શ્રમ લીધો છે તે માટે એ ત્રણે સાહેબોનો મારા ઉપર મોટો આભાર થયો છે જે આ જગાએ અંતઃકરણથી કબુલ કરવાની મારી ફરજ સમજુ છું, તેમજ પુસ્તકોના સુકાળના વખતમાં જો કોઈ વિદ્યાનો કદરદાન આશ્રયદાતા ન મળી આવે તો પુસ્તક લખનારને દંડની સજા થવા જેવું ઘણા સારા લખનારાઓના અનુભવમાં આવ્યું છે તેમ ન થવા માટે નામદાર ધરમપુરના મહારાણા સાહેબ શ્રી મોહનદેવજી જેવા વિદ્યાની પુંજ જાણી આશ્રય આપનાર રાજકર્તાને અરજ કરતાં તેઓ સાહેબે સ્વીકારીને આ પુસ્તક પ્રસિદ્ધ થવા જેટલો આશ્રય આપવાની ઉદારતા બતાવી જે વડે આ પુસ્તક બહાર પાડવાને હું શક્તિમાન થયો તેથી એ નામદાર મહારાજાનો તથા તેઓના દિવાન સાહેબનો આભાર માનુ છું.

બીજું આ પુસ્તકમાં આવેલી બાબતો જેવાં કે, રાજ્યપદ્ધતિ, મ્યુનિસિપલ વહીવટ, સ્વતંત્રપ્રિયતા, વિદ્યાભ્યાસંગ, પ્રાણી ઉપર દયા, ખેતીવાડી અને સ્ત્રી વર્ગની ઉન્નતિ ઇત્યાદિ વિષયો વાંચતાં મારાં ગુજરાતી ભાષા બોલનારાં ભાઈબહેનોનાં મન રંજન થઈ એનો યત્કિંચિત્ત ઉપયોગ થાય અને એજ હેતુથી મૂળ પુસ્તક કરતાં સો પૃષ્ઠ વધી જવા છતાં સર્વને સવળ પડે માટે કિંમત ઓછી રાખી છે.

સુરત,
તા૦ ૧લી માર્ચ સને ૧૮૯૭ } ભાષાંતર કર્તા.

પુસ્તક પ્રવર્તાવનારની મોટી અડચણ.

સારાં લોકોપયોગી પુસ્તકો તૈયાર થવામાં સારાં ચિત્રો મૂકવાની જરૂર હોય છે. તથાપિ તેની સવડ આપણા દેશમાં હજી સુધી થઇ નથી કેમકે પુસ્તકોમાં ચિત્રો છાપવા સારૂ જે પ્રથમ લાકડા ઉપર કોતરવામાં આવેછે તે ચિત્રો હજીસુધી સારા અને જોઇએ તેવાં તૈયાર થતાં નથી. નિર્ણયસાગર પ્રેસ સાથે જોડાયલો ચિત્ર ખોદનાર સ્વર્ગવાસી રંગરાવ ફક્ત ઉત્તમ કામ કરતો હતો. પણ તે બીજાં ખાનગી કામો કરી શકતો નહોતો, તેથી એની ઘણી અડચણ છે. તેથી સારા પૈસા ખરચતાંએ થઇ શકતાં નથી. તેના ઉદાહરણો પ્રતાપી પીટર જેનું બુડકટ માંગલોરથી પુષ્કળ પૈસા આપીને કરાવવા છતાં સારૂં થયું નહોતું, તેવુંજ નેપોલિયન બોનાપાર્ટનું પણ બન્યું હતું. તે એવાં તો બદશીકલ થાય છે કે પુસ્તકમાં તેના દુસ્મનો પણ મુકવાને નાપસંદ કરે. તેવુંજ આ પુસ્તકમાં એમા વિલર્ડ અને ડીન ફ્રાડર્સ બાઇનાં ચિત્રો ઘણાં ખરાબ કોતરાવાથી એ પુસ્તકમાં મુકવાનો વિચાર દલગીરી સાથે માંડી વાળવો પડયો છે. તથાપિ સારાં પુસ્તકની વૃદ્ધિ થએલી જોનારાઓએ એ કામને માટે કારીગરો તૈયાર કરવાની ઘણી અગત્ય છે.

આ પુસ્તક ઉપર પડેલા અભિપ્રાય.

આ પુસ્તક ઉપર જે અભિપ્રાયો આવ્યા છે તેમાંના અગ્રગણ્ય પુરૂષોનાજ દાખલ કરૂં છું. વધારે અભિપ્રાયો દાખલ કરીને નકામાં પાના રોકવાનું દુરસ્ત ધારતો નથી, કેમકે પુસ્તક વાંચ્યા પછી વિચાર બાંધવાનું કામ જનપ્રકૃતિ ઉપર રહેલું છે.

નામદાર મી૦ એફ૦ એસ૦ પી૦ લેલી લખે છે કે, "પંડિતા રમાબાઈના અમેરિકાના વર્ણનના તરજુમાનું હાથનું લખેલું પુસ્તક (મેન્યુસ્ક્રીપ્ટ) મી૦ સુનીલાલ બાપુજી મોદીને ઉપકાર સાથે પાછું મોકલે છે. તે ઘણું રમુજી અને બોધ આપનાર છે અને અસલ ચોપડી વગર ઉતાવળથી વાંચ્યું તે ઉપરથી મી૦ લેલી એવો વિચાર દર્શાવે છે કે તરજુમો સારી રીતે અને કાળજીથી કરવામાં આવ્યો છે." તા૦ ૨૧મી જુન સને ૧૮૯૩.

દીવાન બહાદુર મણીભાઇ જસભાઇ

"તમારૂં બનાવેલું પંડિતા રમાબાઇ કૃત "યુનાઇટેડસ્ટેટની લોક સ્થીતી અને પ્રવાસ વૃત્ત" એ નામનું પુસ્તક મળ્યું એ પુસ્તક મે સંભાળથી વાંચ્યું છે. તો તે ઘણું બોધક અને મનોરંજક લાગ્યું અને તે પ્રસિદ્ધ કરવામાં તમે ગુજરાતી પ્રજા પ્રત્યે એક ઉપયોગી કામ કરેલું હું માનું છું એથી ગુજરાતી ભાષાના પુસ્તકમાં કીંમતી વધારો થશે."

સાંતાક્રુસ તા૦ ૫મી જાનેવારી સને ૧૮૯૭.

વિષયાનુક્રમ.

આ પુસ્તક લખનારનાં બીજા પુસ્તકો તથા બાંજા.

૧. રોબિન્સનને ક્રૂસો ઇનામ લાયબ્રેરીને માટે મંજુર થયલું અને સરકારેજ છપાવેલું......૦–૭–૦
૨. ફ્રેંચ રેવોલ્યુશન (ફ્રાન્સ રાજ્યક્રાંતિ) ગુ. વ. સોસાઇટીએ છપાવેલું.................. ૦–૧૨–૦
૩. સિકંદરનામું (અલેક્ઝાંડર ધી ગ્રેટ) આવૃતિ બીજી સરકારે મંજુર કરેલું.............૧– ૪–૦
૪. પ્રતાપી પીટરનું ચરિત્ર આવૃતિ ત્રીજી સરકારેજ મંજુર કરેલું ૦–૧૨–૦
૫. રાવબહાદુર મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું ચરિત્ર અથવા ગુજરાતી કેળવણી વૃત્તાંત. ૦– ૮–૦
૬. મહાન આલફ્રેડ ગુ. વ. સોસાયટી........૦– ૫–૦
૭. નેપોલિયન બોનાપાર્ટનું ચરિત્ર. આખા યુરોપખંડને ધ્રુજાવનાર પરાક્રમી પૃથ્વીપતી અને સ્ત્રી કેળવણીની ખરી ખુબી જાણનારનું વૃતાંત. ગુજરાતના વિદ્વાનોએ પસંદ કરેલું તથા ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ મંજુર કરેલું.................. ૧– ૪–૦
૮. અબલોન્નતિ લેખમાળા નામદાર ગાયકવાડના કેળવણી ખાતાએ પસંદ કરેલું. જેનું

૧ ઉપયોગીપણું એના નામ ઉપરથી સમજાશે૦– ૮–૦

૯. વિધવાવપન અનાચાર ગુજરાત વર્નાક્યુલર સોસાયટી............................. ૦– ૪–૦

૧૦. * નીતિની શીખામણો. કેળવણી ખાતાએ નિશાળોમાં ચલાવવાને મંજુર કરેલું આવૃતિ સાતમી............................ ૦– ૨–૦

૧૧. ગોદાવરી મહાત્મે ૦– ૬–૦

૧૨. નીતિશિક્ષણ મરાઠી............................ ૦– ૨–૦

૧૩. શબ્દાર્થ સિંધુ (ગુજરાતી શબ્દ કોષ)... ૩– ૦–૦

૧૪. કુંજવિહાર (સંગીત ધ્વનિ અને રસ ધ્વનિ કાવ્યોના સંગ્રહ)........................ ૧– ૮–૦

૧૫. કિંડરગાર્ડન પદ્ધતિ (રમતગમતમાં કેળવણી આપવાની રીત) છપાય છે.

સંસારના મુખ્ય અંગ આ ઉપયોગી પુસ્તકો તૈયાર છે અને છપાવવાની ગોઠવણ થાય છે ને વિદ્વાનમંડળની પસંદગી પામ્યા છે.

૧. બાળજન્મ–(સુખથી પ્રસૂત થવાના અને છોકરાં નિ-રોગી અને મજબુત થવાના ઉપાય.

૨ બાળકોનું ગૃહશિક્ષણ.

---

* સામટી એક હજાર લેનાર કે તેથી વધારે લેનારને ઓછી કીંમતે આપવામાં આવે છે.

૩ બાળકોની આરોગ્યતા રાખવાની વિદ્યા.

૪ રા. બાવજી દાદાજીનું ચરિત્ર (છાપવાની કળા).

૫ સૃષ્ટિ પદાર્થ દર્શન (પ્રાણી ગુણ દર્શક).

મળવાનાં ઠેકાણાં.

અમદાવાદ—હીરાલાલ જગનાદાસ મોદી ચાંદાસુરજ મેહેલ.

મુંબઈ—પુસ્તક પ્રસારક મંડળી તથા એન. એમ. કંપની કાળબાદેવી રોડ અને સરકારી સેંટ્રલ બુક ડેપો ગીરગામ.

સુરત—ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ તથા બુકસેલર ત્રીભોવનદાસ ગોપાળદાસની દુકાન ભાગાતળાવ.

ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ અને ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ ઓફીસ તા૦ ૧-૩-૯૭ } **ચુનીલાલ બાપુજી મોદી**

યુનાઇટેડ્ સ્ટેટ્સ્‌ની લોકસ્થિતિ

અને

પ્રવાસવૃત્ત.

લિવરપૂલથી ફિલાડેલ્ફિયા સુધીની મુસાફરી.

ઈ૦ સ૦ ૧૮૮૫ના જાનેવારી મહિનામાં ડાકતર રેચેલ બાડલે—ફિલાડેલ્ફિયા માંહેની સ્ત્રીઓની વૈદકશાળાના "ડીને" મને એક પત્ર લખ્યું તેમાં સને ૧૮૮૬ના માર્ચ મહિનામાં સૌ૦ આનંદીબાઇ જોશીને વૈદક સંબંધી પદવી આપવાનો સમારંભ થાય તે વેળાએ મારે ફિલાડેલ્ફિયામાં આવીને તે સમારંભ જોવા માટે તેમણે આગ્રહપૂર્વક આમંત્રણ કર્યું હતું. તે વેળાએ હું ઈંગ્લાંડમાં ચેલ્ટનહૅમ્ શેહેરની સ્ત્રી વિદ્યાલયમાં અધ્યયન અને અધ્યાપન કરતી હતી. પ્રથમ તો મેં કેટલાંક વિશેષ કારણોને લીધે તેમનું આમંત્રણ સ્વીકાર્યું નહીં, પરંતુ તેમણે ફરીથી જાતે તથા સૌ૦ આનંદીબાઈ જોશી અને રા૦ ગોપાળરાવ જોશી પાસે પત્રો લખાવીને મને અમેરિકા તેડવાનો આગ્રહ કર્યો. તેવારે મને કેટલીક અડચણો હતી તોપણ તેમના નોતરાંનો અનાદર થયો નહીં. કારણ એક તો બાડલેબાઇ પરજાતની અને પરધર્મી હોવા છતાં તે હિંદુ સ્ત્રીઓ વિષે આટલી કાળજી રાખે છે એ તેમનો આપણા ઉપર મોટો ઉપકાર છે. બીજું એમ કે વૈદક

જેવા કઠણ વિષયમાં કેળવણી લઈ પદવી મેળવે એવી તમામ હિંદુ સ્ત્રી જાતિમાં એકલી સૌ૦ આનંદીબાઈ જોશીનાજ પેહેલા ઉદાહરણને લીધે તેને પદવી મળવાનો આનંદકારક સમારંભ જોવાની મારી ઉત્કટ ઇચ્છા હતી. માટે મને ત્યાંના જવાની ઘણી અડચણ હતી તોય તે સર્વ શક્તિમાન પરમેશ્વર ઉપર ભરોસો રાખીને મારી દિકરી અને હું ઈ૦ સ૦ ૧૮૮૬ના ફેબ્રુઆરી અહિનાની સત્તરમા તારીખે "બ્રિટિશ પ્રિન્સેસ" નામની આગબોટમાં બેશીને ઈંગ્લંડના લિવરપૂલ બંદરેથી અમેરિકા તરફ જવા નિકળ્યાં. મારા ઇંગ્રેજી મિત્રમંડળનાં મનમાં હું ત્યાં જાઉં એ પસંદ પડતું નહોતું, અને તેમાંની કેટલીએક બેનપણીઓ તો ધારતી હતી કે સમુદ્રમાં અમારૂં વહાણ ફુટીને અમે ડુબી મરીશું; કારણ કે ફેબ્રુઆરી મહિનો આ સમુદ્રની મુસાફરીને માટે અનુકૂળ હોતો નથી, તેમજ આ વરસમાં તો એ મહિનામાં ઘણુંંજ તોફાન થયાં, અને અમેરિકાના કાંઠા ઉપર ઘણાં વહાણો ભાંગી ગયાં. ન્યુયાર્ક શેહેરની આજુબાજુ પચીશત્રીશ મૈલ સુધી દરિયાનું પાણી ઠરી જઈને અમેરિકા ખંડને બરફે વીંટી લીધો હતો. એવા વખતમાં અમારૂં વહાણ લિવરપૂલ બંદરથી ઉપડયા પછી ત્રણ દિવસ સુધી તો તોફાનની કશીએ નિશાની જણાઇ નહિં; તથાપિ ચોથે દહાડે ઇંગ્લંડ અને અમેરિકાની વચ્ચે આવેલા આટ્લાંટિક મહાસાગરમાં એક સેતાન કે ભૂતનો હાંડો (Devil's Pot) નામનો ભાગ છે તેની પાસે અમારી આગબોટ આવી ત્યારે ભયંકર તોફાનનો આરંભ થયો અને સમુદ્રનું ભયાનક સ્વરૂપ અમારા દીઠામાં આવ્યું.

આ વેળા દરિયાઇ મુસાફરીને અનુકૂળ નહોતી. તેથી અમારી આગબોટમાં ઘણા ઉતારૂ નહોતાં. પેહેલા વર્ગમાં ચાર પુરૂષો, અને ત્રણ બાઇરાં અને ત્રીજા વર્ગમાં ભાયડા, બાઇરાં અને છોકરાં મળીને આશરે ૧૯૦ માણસો હતાં: એ એકસોને નેવુ માણસો યૂરોપના જૂદા જૂદા દેશોમાંથી અમેરિકા ખંડમાં વાસો કરવા સારૂ આવ્યાં હતાં (અગાડી એક ઠેકાણે અહીં વાસો કરવાને જે લોકો આવે છે તેની સ્થિતિ વિશે સંક્ષેપ હકીગત આપેલી છે તે જુવો.)

એ એકસો નેવુ ઉતારૂઓ માંહેલા કેટલાએક ધાર્મિક માણસોએ રવિવારને દિવસે આગબોટના વચલા માળના ખુલ્લા ભાગ ઉપર એકઠા થઇને ગીત ગાઇ ઈશ્વર પ્રાર્થના કરી. તે રાત્રે ઘણું તોફાન થયું. એ વેળાએ મેં એક બાઇને મોઢે એક ચમત્કારિક વાત સાંભળી, તે અહીં લખ્યા વિના રહેવાતું નથી. મજકુર બાઈ અમારી પડોશની પેહેલા વર્ગની એક ઓરડીમાં રેહેતી હતી તેથી કરીને મારી સાથે થોડો સંબંધ હતો. એ બાઈ રોમન ક્યાથલિક મતની હતી. તેણે મને કહ્યું કે, ઉપર કહેલાં જ્યારે ગીતો ગાતાં હતાં, ત્યારે આપણા માહેલા એક માણસથી તે ખમાતું નહોતું તેથી તેણે કહ્યું કે, "આજ રાત્રે નક્કી તોફાન થશે" એમ કહીને ઉતારૂઓની આ વર્તણુક વિષે તેણે કચવાટ બતાવ્યો, તેણે કહ્યું કે એ લોકો ઈશ્વરની ઉપાસના કરીને સેતાનને કોપાવે છે, તે આજ તોફાન આણીને આપણી સાથે લડ્યા વગર રહેશે નહીં. કર્મ સંજોગે, તેજ રાત્રે તોફાન થઇને તેનું કહેવું ખરૂં પડ્યું. વળી બીજીવાર એક રાત્રે તે લોકે કેટલાંએક

પદો ગાયાં ત્યારે તો પેલા માણસને ઘણોજ ગુસ્સો આવ્યો. તેણે પેહેલાંની પેઠે તોફાન થશે એમ ભવિષ્ય કહ્યું; અને તે બરંગો પડ્યું. વળી બીજે રવિવારે કેટલાએક છોકરાં તે દહાડો ખુલ્લો હતો અને ઘણું તોફાન નહોતું તેથી વહાણના ઉપલા ભાગ ઉપર આવીને "હાલેલુયા, હાલેલુયા"—(આ હિબ્રુ શબ્દનો અર્થ 'ઈશ્વરની સ્તુતિ કરો' એવો છે) એમ ગાવા લગ્યાં, તે વેળાએ પેલા મુસાફરનો ક્રોધ તેના પેટમાં માયો નહી, તેણે તરત બહાર આવીને પેલાં અવિચારી છોકરાંઓને બોલતાં બંધ પાડ્યાં, તથાપિ તે દિવસે ખરેખાલજ સેહેતાને પેલા ભવિષ્ય વાદીને ખરો પડેલો કહેવાને કશી હરકત નથી. તે દહાડે અમારૂં વહાણ સમુદ્રને તળીએ બેસવાની તૈયારીમાં હતું. આ મુસાફરની ખરી વાત હોય તો ઇંગ્લાંડ માંહેના કેળવાયલા અને સુધરેલા લોકો માંહેલા કેટલાએક અદ્યાપિ ભૂત પ્રેત, પિશાચ બાબત વિશ્વાસ રાખે છે એમ કહેવું જોઇએ!

એ તોફાનને લીધે અમને ઘણોજ કંટાળો આવ્યો. ક્ષણે ક્ષણે સમુદ્રના મોટા મોટા મોજા અમારા ઓરડાની બારીઓ ઉપર આવીને જોરથી અફળાતા હતા. તેથી વહાણ હમણાં બુડશે કે ઘડી પછી બુડશે એવી ધાસ્તી ઉત્પન્ન થતી હતી. ત્રણચાર દિવસ સુધી તો અમારાથી ડોકું એ બહાર કહાતું નહોતું, તો ઉઠીને ફરવા હરવાની વાતજ શી? આખરે અમારી ઓરડીનાં પવન એવો ખરાબ આવવા લાગ્યો કે, ત્યાં રહીને શ્વાસોશ્વાસ લેવાનીએ અડચણ પડવા લાગી; ત્યારે હવે જે થવાનું હોય તે થાઓ પણ એકવાર બહાર નીકળીને ઉપલા ભાગ ઉપર જવાનો ઠરાવ કરીને અમારી સ્વા-

રી જીવે મુઠીમાં પકડીને ઓરડીની બહાર નીકળી. પણ ચાલીને ઉપર જઈએ શી રીતે ? કેમકે વહાણના હાલવાથી અમારો પગનો ઠરતોએ નહોતો, તોપણ મહા મુશીબતે લથડતાં લથડતાં અમે ઉપર જઈને એક ખુરશી ઉપર બેઠાં. તે જગાએ ગયા પછી આસરે પાએક કલાકે સમુદ્રની સ્વચ્છ હવા લાગી ને અમને નવીન શક્તિ મળ્યા જેવું થયું. એક ઘડી પહેલાં દરિયાના મોજા અમારી બારીઓ ઉપર અફળાતા ત્યારે તો કંઈ ચમત્કારિક બીકને લીધે તેણીમેર જોવાનું મન કરતાં એ પેટમાં ધાસ્કો પડતો હતો. પણ ઘડીમાં કેવો ફેરફાર થયો તે જુવો. હવે તુતક ઉપર ઉભા રહીને વહાણ ખુડૂં ખુડૂં થતું હતું તોપણ તે સમુદ્રનું અનાદ્યંત અને ભયંકર રૂપ જોઈને મારા મનમાં આનંદ અને શાંતિ ઉદય થવા લાગ્યાં. આ વેળાએ આ સ્વાભાવિક બનાવથી હું જે પાઠ શીખી તે કદીએ ભૂલવાની નથી. માણસ જ્યાં સુધી હિંમતથી વિપત્તિ અને શત્રુની સામે થતો નથી ત્યાં સુધી તેને બીક લાગે છે. બીકણ માણસ જેમ જેમ ડરથી ઘરમાં કે પથારીમાં માથે મોઢે ઓઢીને ભરાઈ બેસે છે તેમ તેમ બીક વધીને નિરાશાને લીધે તેની દશે દિશાઓ અંધકારથી બંધ થઈ જાય છે, પણ મિત્રો, એકવાર " कार्यं वा साधयेयं, देहं वा पातयेयं " (એક તો કાર્ય સાધીશ, નહીં તો જીવ ખોઈશ) એવો નિશ્ચય કરીને તારા શત્રુની અને નિરાશાદિ વિપત્તિની સામો થા એટલે ભય શબ્દ પણ તારી યાદમાં રહેશે નહીં અને તું જીવન મુક્તની પેઠે નિર્ભય થઈ આખી દુનિયાં તારી વિરુધ્ધ હશે તોપણ સત્ય ઉપર અને સત્સાહસ ઉપર આધાર રાખીને તારૂં કામ પાર

પડશે. આ અગાધ સંસાર સમુદ્રમાં આપણાં ચાલતાં વહાણને કેટલાં તોફાનની સામાં થવું પડતું ? તે વેળાએ હિંમત રાખીને ભયંકર સમુદ્રના મોજાંની સામા થયા તો આપણને ખચિત-તજ ફતેહ મળશે. અને મનને નિરાંત વળશે. તથાપિ સઢ છોડવા કે વિંટાળવા સારૂ ડોલ કાઠી ઉપર ચઢતાં કે ઉતરતાં મિથ્યાભિમાનરૂપી ભૂતે આપણા હૃદયમાં સંચાર કર્યો અને આપણા હાથપગ થરથર કાંપવા લાગ્યા તો આપણી હાલત કુતરાંનેએ અળખામણી લાગશે.

"અમારૂં વહાણ પાંચ૭ દિવસ સુધી "ભૂતના હાંડામાં" ડોલા ખાતું હતું. એ હાંડામાં આવ્યા પછી તેના વરાળયંત્રમાં કેટલોએક બીગાડ થયો. તે સમાર્યા વિના જો વહાણ ઉતાવળું ચલાવે તો તેને ડુબતાં વાર લાગે નહીં. અને સંચા સમારવા સારૂ મોજાઓને લીધે વહાણ ઉભુંએ રહે નહીં. બિચારા નાખોદાને આ વેળાએ મહા સંતાપ લાગ્યો; તથાપિ આખરે ધીમે ધીમે ચાલતાં ચાલતાંજ તેને દુરસ્ત કરીને પછી પેહેલાની પેઠે ચલાવવા માંડયું "ભૂતનો હાંડો" છોડ્યા પછી સમુદ્રમાં તોફાન ઓછું માલમ ન પડયું, સમુદ્રના પહાડ જેવાં મોટા મોજાના જોરથી અમારૂં વહાણ એકવાર આકાશમાં અને એકવાર પાતાળમાં જાય ત્યારે તે હમણા બુડશે કે ક્ષણ પછી બુડશે એવો સંશય મનમાં સહેજ ઉત્પન્ન થતો. આ અગાધ સમુદ્રમાં માથા ઉપર કોઈવાર સ્વચ્છ, કોઈવાર વાદળાંવાળા આકાશનો ગોળ ચંદરવો, હેઠે હિમાલયના નાના નાના ટેકરા જેટલા મોજા અને તે ઉપર અફળાતી અમારી, અગિબોટ—આજુબાજુએ મુકાબલે જોતાં તે

પાણી ઉપર તરતી નાની સરખી માછલી જેવી દેખાતી હતી–એવા મનોરમ, ભયાનક અને વિચિત્ર દેખાવ જોઇને જોનારના મનમાં કેવા કેવા વિચારના તરંગ આવે છે તેનું વર્ણન કરી શકાતું નથી. તોફાનની વેળાએ ગલ નામના સમુદ્રના પક્ષીઓ દરિયામાં ચારેમેર તરતાં જણાતાં હતાં, એ પક્ષીઓ ખરેખરાં તોફાન સૂચક દૂતો છે. તોફાન થવાનું હોય ત્યારે તે ઘણા જોરમાં સમુદ્ર ઉપર ઉડતાં ફરે છે. અને તોફાનની વેળાએ ઉછળતા મોજા ઉપર બેશીને ઘણા હર્ષથી જલક્રીડા કરવા માંડે છે. ચારેમેર મોટા મોટા મોજાઓ ઉછળીને એકબીજા ઉપર અફળાય છે, પવન ઘણા જોરમાં સપાટાબંધ વાય છે. સમુદ્રની સપાટી ઉપર પરાકાષ્ટાની ધુમસ પડે છે અને સમુદ્ર તથા મેઘ ગર્જનાથી લોકોના કાન બેહેર મારી જાય છે, તે વેળાએ આ આનંદી પક્ષીને કંઈ દુઃખ થતું હોય એમ લાગતું નથી, ઉલટાં આનંદભેર મજા મારે છે. એકાદ આરબ જેમ પોતાના જુવાન તેજોરા ઘોડાને વાયુ વેગે દોડાવી જાય છે, તેવી રીતે તે મોટા મોટા મોજા ઉપર બેશીને જાણે સરત ખેલે છે. કોઈ કોઇવાર વાદળાંનાં પડ ફોડીને સૂર્યનારાયણ વિજળી વીર પ્રમાણે આકાશમાં પ્રકાશમાન થતો ત્યારે ગગનમંડળમાં મોટા મેઘ ધનુષ્યના ચમત્કારિક દેખાવો નજરે પડે છે. કોઈ કોઇવાર દોઢ કે બે મેઘ ધનુષ્યો દીઠામાં આવે છે. કોઇ કોઇવાર દરિયાના મોજા વહાણ સાથે કે, એકબીજા ઉપર અફળાયા પછી પવનના જોરથી કેટલેક આઘે સુધી તેની વાછંટ જઈ તે ઉપર સૂરજનો પ્રકાશ પડીને ઇંદ્ર ધનુષ્ય ઉત્પન્ન થાય છે. અહાહા! આ વેળાની સ-

મુદ્ર તથા આકાશની શોભા કેવી વર્ણવવી! તે રમણિય શોભા જોતાં મન ધરાતું નથી અને નિમેષ માત્ર આંખ મીચવાનું મન ન થાય એટલી તે ચિત્તવેધક અને દ્રષ્ટિ રંજક હતી. તોફાન લગાર નરમ પડ્યા પછી અમારી આગબોટ અમેરિકા ખંડથી ત્રણ દિવસના રસ્તા ઉપર આવી પહોંચી ત્યારે કેટલીક ઉડતી માછલીઓ દરિયાના પાણી ઉપર ઉડતી અમારી નજરે પડી.

માર્ચ મહિનાની ત્રીજી તારીખે પાછલા પોહોરના આસરે સાડાચાર વાગ્યાને સુમારે ઈ૦ સ૦ ૧૪૯૨માં જે ભૂ ખંડને જોઇને ક્રિસ્ટોફર કોલંબસે આપણી પૃથ્વી આસપાસની જળજાત્રા કરીને હિંદુસ્તાનમાં આવી પહોચ્યા એવો સિદ્ધાંત કર્યો હતો, તે પશ્ચિમ ગોળાર્ધ માંહેલા અમેરિકા ખંડનો કિનારો અમારી દ્રષ્ટિએ પડ્યો. આ વખતે મને જે કંઈ આનંદ થયો તે વર્ણવી શકાતો નથી. મેં મનમાંજ કહ્યું, મારા હિંદુસ્તાની મિત્રો, હવે અમારા પગનાં તળીઆં તમારા પગના તળીઆંની બરાબર સામા આવ્યાં છે. અહીં ધોળો દિવસ છે ત્યારે તમારે ત્યાં રાત્રિનું અંધારૂં પથરાયલું છે. હમણાં અમે વહાણ ઉપર ફરીએ છીએ ત્યારે તમે ત્યાં પાથરણામાં ઘોરતા પડેલા છો! જુવો એ કેવો ચમત્કાર છે...

અતિશય ટાઢને લીધે કિનારા ઉપરના સમુદ્રનું પાણી ઠરી જઇને અમેરિકા ખંડ બરફથી વીંટાઈ રહ્યો હતો, એમ તો ઉપર કહેવામાં આવ્યું છે તે ઉપર સૂર્યના કિરણોના પ્રતિબિંબ પડ્યાંથી તેણી તરફ જોતાં આંખોને તેજ મારતું હતું. સંધ્યાકાળની વેળાએ અમારી આગબોટ ડેલાવેર નદીના મુખ પાસે આવી પ-

હોંચી, ત્યારે આ ઠેકાણાની અને ડેલાવેર નદીના અંતર્ભાગની સારી વાકેફગારી ધરાવનારો કપ્તાન અમારી આગબોટ ઉપર આવ્યો ત્યારે અમારા નાખોદાએ પોતાની આગબોટને અગાડી હંકારવાનું કામ તેને સ્વાધીન કર્યું.

માણસ કોઈ કામમાં ગમે તેટલો વાકેફગાર હોય તોય કોઈવાર તેનાથી તેમાં ભૂલ થયા વગર રહેતી નથી. ત્યારે તે ટંડેલને હાથે આ વેળાએ ભૂલ થાય એમાં કંઈ નવાઈ નહીં. તેણે ઉંઘની ઘેનમાં નહીં તો બીજા કશાનાએ ઘેનમાં તે ઘેનમાં અમારું વહાણ રામાટોળ અગાડી ચલાવીને ફિલાડેલ્ફિયા શેહેરથી આસરે આઠ મૈલ ઉપર ડેલાવર નદી માંહેલા કાદવમાં ચોંટી બેસાડયુ તે બે ત્રણ દિવસ સુધી ત્યાંથી હાલ્યુંએ નહીં. આજ સોળ સત્તર દિવસ થયાં અમને જમીનનાં દર્શન થયાં નહોતાં. બાર દહાડાનો રસ્તો કાપવાને સત્તર દિવસ લાગ્યા અને આખરે એકવાર ભૂમિ દર્શન થયાં; પણ આપણી ઇચ્છિત જગા એટલી પાસે હોવા છતાંએ ત્યાં પહોંચતાં એક વિઘ્ન આવી પડયું. તે દિવસે રાત્રે જળયાત્રા પતી જઇને બીજે દિવસે પરોઢીઆમાં ફિલાડેલ્ફિયા શેહેરમાં અમારો જઈ પહોંચવાનો ઇરાદો હતો, તે આમ એકાએક બંધ રહ્યો, તે જોઇને અમને જે માઠું લાગ્યું તે કહી શકાતું નથી. તથાપિ પરમેશ્વરે અમને અને અમારા વહા‑ણને દરિયાના ભયંકર તોફાનમાંથી તથા સંચા બગડવાને લીધે, સમુદ્રમાં ભટકવાની અમને જે બીક હતી તેમાંથી બચાવ્યાં અને ક્ષેમ કુશળ આ ગોળાર્ધ સુધી પહોંચાડયા તેથી અમે તેનો ઘણો આભાર માન્યો.

બીજે દહાડે સવારે ઉઠીને જોઇએ છીએ તો અમારા વ-
હાણની ચારેમેર બરફનું વેષ્ટન પડયું હતું. તે દહાડે અને બીજે
દહાડે ચાર પાંચ નાની નાની વરાળની હોડીઓ આવીને તેમણે
અમારા વાહાણની ચારેમેર ફરી પોતાના અણીદાર અગ્રભાગે બ-
રફના જાડા પડના કકડે કકડા કરીને અમારો રસ્તો મોકળો કર્યો,
તોપણ અમારૂં વહાણ તેની જગાએથી હાલ્યુંજ નહીં. ત્યારે ભ-
રતીની વેળાએ ત્રણ ચાર વહાણોએ મળીને તેને બાંધેલાં મોટાં
દોરડાંથી ઘસરડીને કાદવમાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો, તે
પણ વ્યર્થ ગયો, અને અમારૂં ખુંપી બેઠેલું વહાણ તેની જગા-
એથી હાલ્યુંજ નહીં. ત્યારે માર્ચની છઠ્ઠી તારીખે સવારમાં અ-
મારા વર્ગનાં ઉતારૂઓને બીજા એક વહાણમાં બેસાડીને ફિલા-
ડેલ્ફિયા તરફ રવાને કર્યા બીજા વર્ગના ઉતારૂઓ સમાઇ શકે
એટલી જગા તેમાં ન હોવાથી અમે તેમનાથી છુટાં પડયાં ત્યારે
તે બિચારાં ઉતરી ગયેલે ચેહેરે અમારી ભણી જોઇ રહ્યાં, તેથી
અમને ઘણું માઠું લાગ્યું. પણ કરીએ શું? બીજો ઉપાયજ ન
હોતો, તેથી અમે તેમને મોડી આગબોટમાં રેહેવા દઇને નીકળી
પડયાં. બીજે દિવસે તે બધાં ઉતારૂઓને પણ ફિલાડેલ્ફિયામાં
પહોંચાડવાની ગોઠવણ કરવામાં આવી. છઠ્ઠી તારીખની રાત્રે આઠ
વાગે અમે શેહેરમાં આવી પહોંચ્યાં, રા૦ ગોપાળરાવ તથા સૌ૦
આનંદીબાઇ જોશી એ બંને જણાં અમને નજીકના ડક્કા ઉપરજ
મળ્યાં તેમણે ઘણા હેતથી અમારૂં આગતસ્વાગત કરીને મુકામે
તેડી ગયાં ત્યારે અમે રાત્રે ઘણાં થાકી ગએલાં હોવાથી મુકામે
ગયાં કે તરત સુઇ જવા સારૂ બીછાને ગયાં.

ઇ. સ. ૧૮૮૬ના માર્ચ મહિનાની અગીઆરમી તારીખે સવારના અગીઆર વાગતે અમે એ શેહેરની 'એકાડેમી ઓફ સાયન્સ' નામનાં સભાગૃહમાં ગયાં. ત્યાં વૈદ વિદ્યાલયમાં શીખીને પરીક્ષામાં પાસ થએલી વિદ્યાર્થીનીને પદવી આપવાનો સમારંભ જોવા સારૂ સ્ત્રી પુરૂષો મળીને આસરે ૩૦૦૦–૩૫૦૦ માણસો એકઠાં થયાં હતાં. એજ દિવસે આપણી દેશી બેહેન સૌ. આનંદીબાઇ જોશીને વૈદકની પદવી મળવાની હતી. આ સમારંભનો દેખાવ ઘણો મનોરંજક હતો. અમને પણ તે દહાડો ઘણો આનંદકારી લાગ્યો, કારણકે સૌ. આનંદીબાઇ એ પેહેલવેહેલીજ હિંદુ સ્ત્રી વૈદક શીખીને પદવી પામી છે તેમજ એ બાઇ અમારી સગી પણ થતી હતી તેથી અમને તેનો ઘણો અભિમાન હતો. આજથી આસરે ચાર વરસ પેહેલાં હિંદુસ્તાનમાં એક મદ્રાસ વિના બીજે કોઇ ઠેકાણે સ્ત્રીઓને વૈદુ શીખવાની સવડ નહોતી અને મદ્રાસમાં ઘણા ઉંચા પ્રકારનું શિક્ષણ મળવાની સવડ નહોતી. પ્રજામન તો સાધારણ સ્ત્રી કેળવણીનેએ અનુકૂળ હતું એમ નહીં; તે સ્ત્રીઓને વૈદકની કેળવણી આપવામાં તો ઘણુંજ સખત રીતે સામા થાય એમાં કહેવુંજ શું? ઇ. સ ૧૮૮૩માં પુણામાં 'એજ્યુકેશન કમિશન' નામની મંડળી આગળ–ચાલેલી તપાસમાં સ્ત્રી શિક્ષણમાં શા શા ફેરફાર અને સુધારા કરવા ઘટે છે તે બાબત મારૂ મત લેવાને મને સદરહુ કમીશન આગળ બોલાવવામાં આવી, ત્યારે–મેં સ્ત્રીઓને વૈદકની કેળવણી જરૂર આપવી જોઇએ એવી સૂચના કરી. ત્યારપછી તે મંડળીના અધ્યક્ષ ડાક્ટર હંટરે મને કહ્યું કે, વૈદકનો વિષય સાધારણ કેળવણીમાં ન ગણાતો

હોવાથી તે બાબત સરકારને આ મંડળી તરફથી સૂચવી શકાશે નહીં, તથાપિ હું ખાનગી રીતે એ વાત વડી સરકારના લક્ષમાં લાવીશ. ત્યાર પછી ઘણા સજ્જનોના ઉદ્યોગથી વિલાયતથી સ્ત્રી વૈદ આણવાને એક મોટું ફંડ જમા થયું અને સરકારે પણ એ વિષય શીખનાર સ્ત્રીઓ માટે કેટલીએક નેમણુંકો કરી આપીને બધરાંઓ મદ્રાસ શહેરની વૈદકશાળામાં એક વર્ગ કહાડ્યો. પણ ધારા પ્રમાણે તેણે પેહેલાં મોટા મોટા વિદ્વાનોના એ બાબત વિચાર શા છે તે પૂછી લીધા. તેવારે જેમ ત્રીવિધ માણસો છે તેમજ ત્રીવિધ અભિપ્રાયો સરકારને મળ્યા. એતો અહીંઆં કેહેવાની જરૂર નથી. એમાં આશ્ચર્ય માનવા જેવી વાત એટલીજ છે કે, કેટલાએક સુધારકો અને સ્ત્રી જનોન્નતીચ્છું કહેવડાવનારાઓના મત પણ સ્ત્રીઓને વૈદક ન શીખવવું એવાં પડ્યાં. બંગાળા દેશ માંહેલી ભારતવર્ષીય બ્રહ્મસમાજના આગેવાન બાબુ કેશવચંદ્રસેનનું મત એવું પડયું કે, સ્ત્રીઓને વિશ્વ વિદ્યાલય (યુનિવરસિટી)માં પરીક્ષા આપવાની છુટ સુધ્ધાં ન હોવી જોઇએ; અને વૈદક શિખ્યાંથી સ્ત્રીઓનું સ્ત્રીપણું રહેશે નહીં અને તે એવો કઠણ વિષય શીખવાને લાયક નથી વગેરે તોય કેટલાએક વિદ્વાન ગૃહસ્થોની એવી ખાત્રી હતી કે સ્ત્રીઓએ વિષય શાખી શકશે તે શીખતાં તેના શરીરના બાંધા તથા મગજના કમીપણાની અડચણ આવશે નહીં અને એ વિષય શીખવાથી સ્ત્રીઓનું સ્ત્રીત્વ જશે નહીં. એ ગૃહસ્થોના અનુકૂળ મતો લઇને સરકારે વૈદ્ય વિદ્યાલયનાં બારણાં સ્ત્રીઓને ઉઘાડી આપ્યાં, તેમ અદ્યાપિ કોઇ ઘણી હિંદુ સ્ત્રીઓ વૈદક શીખવાને બહાર આવેલી નથી. બે ઉા-

કરી મદ્રાસમાં અને એક બંગાળામાં શીખતી હતી. તથાપિ તે બાઇઓ પેરીક્ષા આપીને પાસ થયાની ખબર હજુ સુધી મેં જાણી નથી. હિંદુસ્તાનમાં સ્ત્રી વૈદ્યોની ઘણી જરૂર છે. ઘણી જાતના સ્ત્રી રોગમાં અને વિશેષે કરીને પ્રસૂતી વેળાએ પુરૂષને પોતાની હાલત જણાવવાને આપણી સરમાળ હિંદુ સ્ત્રીઓને ઘણો સંકોચ લાગે છે: ઘણીક વેળાએ તે જીવ જાય તોયે પુરૂષ વૈદ્યને આપણી સ્થિતિ જણાવશે નહીં. એવી સ્થિતિમાં સ્ત્રી વૈદ્યની જરૂર છે એમ કોઈ પણ સેહેજ જાણી શકશે: તથાપિ દુરાગ્રહને લીધે કોઇ પણ દેશના માણસો વળતા નથી. કોઇ અજ્ઞાનતાને લીધે, કોઈ મત્સરથી અને કોઈ આપસ્વાર્થીપણાને લીધે સ્ત્રીઓને વૈદક વિદ્યા શીખવવાની વિરૂદ્ધ છે.

સૌ૦ આનંદીબાઇએ જેમ પેહેલીજ વૈદ્યકશાસ્ત્ર શીખેલી હિંદુ સ્ત્રી છે તેમજ તે જે વિદ્યાલયમાં શીખી તે પણ સર્વ પૃથ્વીમાં સ્ત્રીઓને માટે સ્થાપેલી આ પેહેલીજ પાઠશાળા છે. ઈ. સ. ૧૮૫૦માં એની શરૂઆત થઈ. પેહેલાં લોકમત એની વિરૂદ્ધ હતું. આ વિદ્યાલયના સ્થાપક અને તેના શિક્ષકોને ગરીબી અને લોકોના મેહેડાંની નિંદા ઇત્યાદિ પુષ્કળ ત્રાસ ભોગવવો પડયો. તથાપિ ઇશ્વર કૃપાએ આજ તે વિદ્યાલય સારી સ્થિતિમાં આવ્યું છે. ઘણા લોકો તરફથી એને પૈસા વગેરેની મદદ મળે છે. આ વિદ્યાલયની "ડીન" રાચેલ એલ્બાડલે બાઇ ઘણી કાળજીથી રાત દહાડો પરિશ્રમ કરીને એની સારી સ્થિતિ થવાને મથે છે, તેની કારકીર્દીમાંએ આ હાલતે આવી છે. પરમેશ્વર તેને આ ભૂમિમાં દહાડે દહાડે વધારે જશ આપે એવી એમારી તેને

પ્રાર્થના છે? ફ્રેન્ડ્સ અથવા ક્વેકર મતના લોકોની એ કામમાં ઘણી મદદ છે. એ મતના લોકો ઘણું કરીને ઉદાર મનના છતાં દુરાગ્રહી નથી હોતા એમ મેં બીજી એક જગાએ કહેલું છે.

એ દેશમાં, વિશેષે કરીને "ફિલાડેલ્ફિયા માંહેલી વૈદ્યક શાળામાં શીખીને તૈયાર થએલી વૈદણો પુરૂષ વૈદ્યની પેઠે વૈદ્યક. કામ કરવા લાગી ત્યારે "ફિલાડેલ્ફિયા કાઉંટી મેડીકલ સૅાસાયટી" નામની પુરૂષ વૈદ્યોની સભાએ સ્ત્રીઓને શીખવવું એ આપણે પસંદ નથી એવું કહીને આપણા સભાસદોએ સ્ત્રી વૈદોની સલાહ ન લેવી અને સ્ત્રીઓને વૈદ્યક શીખવા માટેના કાંઈ પણ કામમાં કોઇ પ્રકારનું ઉત્તેજન આપવું નહીં એવો નિયમ કર્યો. * તથાપિ તેના નિયમથી કાળગતિને અને સ્ત્રીની ઉન્નતિને કશીએ અડચણ આવી નહીં. કાળ કરવાનો હતો તે કર્યો અને સ્ત્રીઓની ઉન્નતિ થવાની હતી તે થઇ.

---

* તથાપિ ૧૮૮૮ના જૂન મહિનામાં એજ કાઉંટી મેડિકલ સોસાયટીએ એજ સ્ત્રીઓની વૈદ્યક પાઠશાળાની સ્થાપનાર મહાવિદુષિ ડીન્ બાડ્લેના કાલાવાલા કરીને તેણીને પોતાની મંડળીની સદસ્યા કરી. એ પછી બેત્રણ દિવસે એ બાઇ એકાએક મરણ પામિવાની ખબર મે સાંભળી. ડીન્ બાડ્લે મારી પરમ વહાલી બેહેનપણી હતી. ડા૦ આનંદીબાઈ ઉપર અને મારા ઉપર તેનો નિષ્કપટ પ્રેમ હતો તે આમણી દેશી બેહેનો વિષે જે દયા રાખતી હતી અને અમને બંનેને અમારા પ્રયત્નમાં તેણીએ મદદ કરી હતી તેને માટે હું તેની ઘણી

પાતાળ અથવા અમેરિકા ખંડ.

અમેરિકાના સંયુક્ત સંસ્થાનમાં આવી પહોંચ્યા પછી મેં અહીં શું દીઠું તથા આ દેશની લોકસ્થિતિ કેવી છે. તે કહેવાની પહેલાં આ દેશનો ઇતિહાસ ટુંકમાં કહેવાની જરૂર છે મારાં સુશિક્ષિત દેશી ભાઇ બેહેનોને ઘણું કરીને તેના અપૂર્વ ઇતિહશની માહિતિ હશે; તથાપિ જેણે અમેરિકાનો શોધ થયાનો અને પછી તેમાં થએલી યુરોપિયન લોકોની વસ્તીનો ઇતિહાસ વાંચ્યો નહિ હોય એવા કેટલાએક લોકો આ પુસ્તક વાંચવા માંડે તેમને યુનાઇટેડ સ્ટેટસની રાજ્ય વ્યવસ્થા અને લોકસ્થિતિનો પાયો કેમ રોપાયો તે સમજાશે નહી. તેથી અમેરિકાખંડના શોધની, ત્યાંના મૂળ વતનીઓની, તથા યુનાઇટેડ સ્ટેટસૂના રાજ્ય બંધારણની ઉત્પત્તીની સક્ષેપ હકીગત આપી છે.

સેંકડો વરસ પેહેલાં જ્યારે લોકોને આપણી પૃથ્વિની ખરી માહિતી નહોતી ત્યારે પોતાના મનને ફાવે એવી પૃથ્વીની આકૃતિની કલ્પના કરતા હતા આપણા હિંદુના અને બીજા

આભારી છું.

ડીનબાઈએ આ મૃત્ય શરીર છોડીને આ લોકમાંથી ગઇ, તેનો વિરહ અમને ઘણો ભારે પડે છે; તોપણ તેનું પુન્ય કીર્તિમય શરીર આ પૃથ્વી ઉપર ચિરકાળ સુધી રહેશે. એથી અમને ઘણો સંતોષ છે. તેના જેવી સદગુણી પુણ્યવાન સ્ત્રીઓને પૃથ્વી ઉપર મોકલી તેને હાથે પરમેશ્વરે આપણી દીન હીન સ્ત્રી જાતિનો ઉદ્ધાર કરાવો એજ તે દયાનિધિપાસે અમારૂં માંગવું છે.

ઓના દાદા પરદાદા પૃથ્વીને સપાટ સમજતા હતા. અને તેથીજ જેમ શેહેરમાહેના મોટાં મોટાં ઘરોને માળ હોય છે તેમજ આ દુનિઆને પણ માળ છે અને તેમાંનો વચલો માળ આપણે રહીએ છીએ તે છે. એમ તેઓ ધારતા હતા, હિંદુ પુરાણને મતે આ દુનિઆ ચૌદ માળનો મોટો મેહેલ છે, તેમાં આપણા ઉપર છ માળ અને પૃથ્વીને તળીએ એટલે આપણી હેઠળ સાત માળકે લોકો છે. તે માંહેના હેઠળના માળોને "પાતાળ" નું નામ આપ્યું છે. હવે શોધ કરતાં એ વાત ખોટી ઠરી છે. દુનિઆ કંઇ ચૌદ માળના મેહેલ જેવી નથી અને પૃથ્વી સપાટ નથી. એમ હવે શીખેલાઓ સમજવા લાગ્યા છે. ‡.

ઈ. સ. ૧૪૩૫ના વરસમાં યુરોપખંડના ઇટાલી દેશમાંના જેનોવા નામે ગામમાં કોઇ ક્રીસ્ટોફર કોલંબસ નામે છોકરો જન્મ્યો, તે નાનો હતો ત્યારે તેની યોગ્યતાની કોઇને ખબર ન હોતી. તેનો બાપ ગરીબ હતો અને તે ઉન પીંજવાનું કામ કરતો હતો. તથાપિ ક્રીસ્ટોફર થોડુંએક સમજવા લાગ્યો એટલે ખલાસી થઇને સમુદ્ર ઉપર સફર કરવાની તેણે પોતાની મરજી જણાવી અને એક સારો ખલાસી થવા માટે તેણે ભૂગોળ, ગણિત અને નૌકાશાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો અને ચૌદ વરસની ઉમરે પેહેલવેહેલી દરિયાઇ મુસાફરી પણ કરી.

---

‡ હજી પણ પૃથ્વી ગોળ હોય તો આપણા ઢળી પડી જવાં જોઇએ એવા તર્ક કરનારા નજરે પડે છે.

ભા૦ કર્તા.

આસરે સાતસેં આઠસેં વરસો ઉપર યુરોપખંડ માંહેલા ખ્રી-સ્તી લોકોએ તુર્કી વગેરે મુસલમાન લોકો સાથે ધર્મ સંબંધી લડાઇઓ કરી તેને 'ક્રુઝેડ' કહે છે. આ લડાઇને સંબંધે યુરો-પિયન લોકોને મુસલમાનોનો પરિચય થયો અને તેમના વડે યુરો-પિયનોએ ઘણી વાત નવી જાણી. તેમણે મુસલમાનોને મોઢેથી આપણા હિંદુસ્તાન દેશનું વર્ણન સાંભળ્યું. અસલના સઘળાજ માણસોની અને વિશેષે કરીને મુસલમાનોની એવી ચાલ હતી કે, એઓએ એકાદ પદાર્થનું વર્ણન કરવું હોય તો તેનું સારૂં કે માઠું હોય તેના કરતાં સો ઘણું વધારે સરાવીને કહેવું એવી રીતે તુર્કી લોકોએ યુરોપિયનોને હિંદુસ્તાન વિશે કહેતાં આંગળીનો થાં-ભલો અને કાંકરીનો ડુંગર બનાવીને કહે એમાં નવાઈ શી? તે-મણે થોડામાં હિંદુસ્તાનનું વર્ણન કર્યું હશે તો હિંદુસ્તાનને સો-નાની ચલ્લી કહીને વર્ણવ્યું હશે—મતલબ કે હિંદુસ્તાનમાં જ્યાં ત્યાં સોનું ભરેલું છે એટલો તે ધનાઢ્ય દેશ છે. ખ્રિસ્તી શકના દશમાં સૈકડાની આખરમાં મુસલમાનોએ હિંદુસ્તાન ઉપર સ્વારી-ઓ કરીને લોકોની પાસેનું સોનું, રૂપુ, અને જવાહિર લુટવા માંડયું અને તે લુટની મોટી મોટી વાતો તેમને મોઢેથી સાંભ-ળીને યુરોપિયન લોકોના મોઢામાંએ પાણી છુટયું. તેવારે તેઓ સેહેલી રીતે હિંદુસ્તાનમાં જઇ શકાય એવો રસ્તો શોધવા લાગ્યા. ઉત્તર બણી અફગાનીસ્તાનમાંથી પગ રસ્તે એ દેશમાં જવાને ઘણી અડચણો હતી, માટે એક સ્વતંત્ર જળ માર્ગ શોધવા લા-ગ્યા. આફ્રિકા ખંડની પ્રદક્ષિણા કરીને હિંદુસ્તાનમાં જવા શકાશે એવી કલ્પના કેટલાએકના મનમાં આવી હતી તથાપિ ક્રીસ્ટોફર

મોટો થયો ત્યારે તે ગણિત, ભૂગોળ અને નૌકાશાસ્ત્રમાં ઘણો હોશિયાર હતો, તેણે કહ્યું કે, પૃથ્વી ગોળ છે, માટે પશ્ચિમ ભણીથી વહાણ હંકારીને પૃથ્વીના ગોળાની પ્રદક્ષિણા કરતાં કરતાં હું મારૂં વહાણ ઠેઠ હિંદુસ્તાનમાં આણી મૂકીશ.

ક્રીસ્ટોફરે, પોતાની કલ્પના ખરી કરી બતાવીશ એવી પ્રતીજ્ઞા કરીને, ઇટાલી, પોર્તુગલ ઇંગ્લાંડ અને ફ્રાન્સ દેશના રાજાઓ પાસે મદદ માગી, પણ તે દેશોના લોકોએ તેને ગાંડો ગણીને મદદ આપવાની ના પાડી! એવી રીતે આશાભંગ થતાં એ તેણે પોતાનો પ્રયત્ન જારી રાખ્યો અને સ્પેન દેશના રાજાને મળ્યો. અને કહ્યું કે હું તમને હિંદુસ્તાન જેવા દોલતમંદ દેશમાં જવાનો રસ્તો સેહેલી રીતે કાઢી આપું છું, તમે મને એ કામમાં મદદ કરો. પણ રાજાએ તેનું કંઇએ સાંભળ્યું નહીં; ત્યારે ત્યાંની રાણી ઇસાબેલાને તેની ઘણી દયા આવી તેથી તેણે તેને તેડી મંગાવીને પોતાના દાગીના વેચીને તે કામમાં જોઇતા પૈસા આપવાનું તેણીએ વચન આપ્યું ત્યારે ત્રણ વહાણો, કેટલાંક હોંશીલા માણસ અને ઘણાક દહાડા પહોંચે એટલી ખોરાકી સાથે લઇને ક્રીસ્ટોફર કોલંબસ પશ્ચિમ ભણી જળ માર્ગે પ્રવાસ કરતો કરતો "સોનાની ચકલી" હિંદુસ્તાનનો શિકાર કરવા નીકળ્યો.

ઘણા દહાડા મુસાફરી કર્યા પછી આફ્રિકા ખંડના વાયવ્ય ખુણામાં કેનેરી નામના બેટો છે ત્યાં એના વહાણો આવી પહોંચ્યાં અને તે દ્વીપો મૂક્યા પછી જમીનની કશીએ નિશાની નજરે ન પડતાં, ચારેમેર અગાધ સમુદ્ર દેખાવા લાગ્યો ત્યારે તો એની સાથેનાં માણસોના જીવ ઉડી ગયા પણ કોલંબસે તેમને ધીરજ

આપવાને બોલ્યો, "કંઇ ચિંતા નહીં, ઘભરાશો મા, ચાલો, આગળ ચાલો." સ્વદેશથી નીકળ્યા પછી ત્રીજે મહિને એટલે ઇ. સ. ૧૪૯૨ના અકટોબર મહિનાની બારમી તારીખે એક બેટ કોલંબસની દૃષ્ટિએ પડ્યો. તે બેટની ચારેમેર ઘણી ઝાડી વધી ગઈ હતી અને તે ઉપર ઘણાં જંગલી માણસો ફરતાં હતાં. સવારમાં સારું અજવાળું પડવા પછી કોલંબસે જાતે સ્પેનનું નિસાન હાથમાં લઇને પ્રથમ તે બેટ ઉપર પગ મૂક્યો પછી એક હાથમાં નાગી તરવાર અને બીજા હાથમાં સ્પેનનો વાવટો પકડીને તેણે સ્પેનના રાજાને નામે એ બેટનું ધણીપણું જાહેર કર્યું, એ બેટ હિંદુસ્તાનની પાસેજ કંઇ આવેલો સમજીને તેને "ઇંડિયન" એટલે હિંદુસ્તાની એમ કહેવાનો ચાલ પડ્યો. એની પછી કેટલેક અગાડી જતાં તેણે "હેટી" નામનો બેટ દીઠો, કોલંબસે ચાર વાર આ નવા દેશની સફર કરી અને વધારે આગળ જઇને દક્ષિણ અમેરિકા દેશ શોધી કહાડ્યો. પણ જે દેશ શોધી કહાડ્યો તે હિંદુસ્તાનજ છે એવું કોલંબસ પાકેપણે સમજતો હતો તેથી તેણે એ દેશને "ઇંડીજ" એટલે હિંદુસ્તાન કહેવાની રીત રાખી પણ પછી તપાસ કરતાં તે હિંદુસ્તાન નથી એમ જણાઈ આવ્યાથી યુરોપિયન લોકોએ તેનું નામ "અમેરિકા" પાડ્યું. તેનું કારણ અમેરિગો વેસ્પુચી નામનો કોલંબસનો એક મિત્ર તેના મરણ પછી આ નવા શોધી કહાડેલા દેશમાં ગયો, અને ત્યાંથી પાછા વળતાં તેણે કેટલાએક પત્રોમાં પોતે જે નવો દેશ દીઠો તેનું વર્ણન કર્યું તે પત્રો એક જર્મન ભૂગોળશાસ્ત્ર વેત્તાએ છાપીને પ્રસિદ્ધ કર્યા અને તે અમેરિગોના નામથી એ નવો દેશ

પ્રસિદ્ધ પામે એવી પોતાની ઇચ્છા જણાવી ત્યારથી અમેરીગો (અમેરિકો એવુંએ એવું ઉચ્ચારણ થાય છે) ના નામથી અમેરિકાખંડની પ્રખ્યાતિ થઇ. ખરૂં કહીએ તો કોલંબસે જે ભૂમિનો શોધ કર્યો તેનું કોલંબિયા નામ પડવું જોઇએ. પણ શ્રમ કરે છે એક અને જશ મળે છે બીજાને, એવી જે દુનિયાની ચાલતી આવેલી રીત છે, તેને અનુસરીને કોલંબસની મેહેનતથી લોકોના જાણમાં આવેલી જમીન અમેરિકોને નામે પ્રસિદ્ધ થઇ.* મેક્સિકો ને મધ્ય અમેરિકાની પૂર્વ તરફ કેટલાએક બેટો છે તેને હજીએ "વસ્ટ ઈંડીજ:" એટલે પશ્ચિમ હિંદુસ્તાન કહેવાની ચાલ પડી ગએલી છે અને અમેરિકા ખંડના મૂળ વતનીઓને 'ઈંડિયન' એટલે હિંદુસ્તાની કહેવાની રીત હજી બદલાઇ નથી. આપણા દેશી લોકો અને તેનામાં હોનારો ફરક ધ્યાનમાં આવવા સારૂ એને "રાતા" વિશેષણ લગાડે છે. એવી રીતે અમારા રાતા ભાંડુઓ અને તેમના દેશનો શોધ ઈ. સ.ના પંદરમાં સેંકડામાં લાગ્યો.

"સુખડીઆની દુકાન ઉપર બ્રહ્માર્પણ."

આ શિરોલેખ વાંચીને વાંચનારને લગારેક નવાઈ લાગશે. કેટલાએક ગપ્પીદાસ, લૂચા અને કંજૂસ માણસો પોતાની પાસેની કોડીએ ન વાવરતાં માત્ર મોડાની મટકાસથી અથવા પારકી મ-

---

* આ રિવાજને ઉદ્દેશીને ગુજરાતી ભાષામાં એક કહેવત છે કે "કાળ ખોદે ને ભોરીંગ ભોગવે"

તો લુટીને પરોપકાર અને દાન ધર્મ કરવાનું ડૉળ કરે છે એવા માણુસો વિશે કહેતાં ઉપલી કહેવત અથવા તેને મળતી "પારકી લેખણુ પારકી શાહી, મતું કરે મારો માવજીભાઈ," એ કહેવત બોલવાની ચાલ છે. આ ધર્માર્પણુના આબાદ નમુનાની એક વાત યુરોપના ઇતિહાસમાં બનેલી છે. એ વાત જોડે આપણો તેમજ આપણાં પાતાળ વાસી ભાઈ બેહેનોને ઘણો ગાઢો સંબંધ છે. માટે તે તમને કહેવી જોઇએ તે આ પ્રમાણે છે.

યુરોપ ખંડમાં ઇટાલી નામે એક દેશ છે તે દેશની રાજધાની રોમ શેહેર રોમન અથવા રૂમી લોકોની ચઢતી કળામાં પ્રખ્યાંતિ પામ્યું અને તેમની પડતીની વેળાએ 'પોપ'ને સંબંધે એ શેહેર મોટી પદવીએ ચઢયું. હાલમાં પોપનીએ ઉતરતી દશા છે. તેનું હવે વધારે માહાત્મ્ય રહ્યું નથી, તથાપિ તે શેહેર ઘણું જુનું હોવાથી વિદ્વાન અને જૂની વસ્તુને ચહાનારા ઘણા લોકો રોમ શેહેર જોવા જાય છે. ઉપર જે પોપની વાત કહી તે ખ્રિસ્તી ધર્મ માંહેલા "રોમન કયાથોલિક" પથના લોકોના મુખ્ય ગુરૂ છે. આપણા દેશમાં શંકરાચાર્યના શિષ્યોએ પોતાના ગુરૂને જેમ 'જગદ્ગુરૂ'ની પદવી આપી છે, તેમજ કયાથોલિક પંથના લોકોએ પોતાના મુખ્ય ગુરૂને 'પોપ'ની પદવી આપી છે. પોપ, શબ્દનો અર્થ બાપ કે વડીલ થાય છે. ખ્રિસ્તી શકના પાંચમાથી પંદરમાં સેંકડા સુધીના આસરે એક હજાર વરસો સુધી આખા યુરોપખંડમાં પોપનું માહાત્મય ઘણું વધી ગયું છે. અસલ એ પોપ ગરીબ ધર્મી ખ્રિસ્તી કયાથોલિક સાધુ લોકોના મઠના મહંત હતા. પૈસા એકઠા કરવા કે રાજ્ય કારભાર કરવાના કામ સાથે

તેમનો કશો સંબંધ નહોતો. ખ્રિસ્તી શકના ચોથા સૈકામાં રોમન બાદશાહ કાન્સ્ટંટાઇનને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો, ત્યારથી આ મહંતજીનો રાજ્ય દરબારમાં થોડો થોડો પગપેસારો થયો પણ પછી કેટલીક મુદત્તે તે એવા તો મજબૂત થઈ પડ્યા કે એક રાજાનું રાજ્ય તેની મરજી પૂછ્યા વિના પોતાની મેહેરબાનીવાળા બીજા ગમે તેને આપી દેવા લાગ્યા અને પછી તો પોપજીને લાગવા માંડ્યું કે, 'આપણેજ માત્ર જગદ્‌ગુરૂ છીએ, એટલુંજ નહીં, પણ પરમેશ્વરથી ઉતરતા દરજ્જાના આ પૃથ્વીના માલીક આપણેજ છીએ. આપણી મરજીમાં આવે તેને રાજા કે રંક કરવાની શક્તિ પરમેશ્વરે આપણને આપી છે. આપણાથી કદીએ પાપ કે ભૂલ થતી નથી. અમે પશ્ચિમને પૂર્વ કહીએ તોપણ તે ખરૂં છે.' લક્ષાવધિ ભોળા લોકો જગત્‌ગુરૂ પોપજીના મતને અક્ષરે અક્ષર ખરા માનીને તેની પૂજા કરવા લાગ્યા તથા તેની આજ્ઞાને શિર સામાન્ય ગણવા લાગ્યા અને એમ કરતાં કોઈ હઠ્ઠી માણસે પોપનું કહેવું ગણકાર્યું નહીં તો તે તેને નરમ ઘેંસ કરી નાખતા. એવો માણસ જગતમાં જીવતો છતાં મૂવા જેવો થતો એટલુંજ નહીં, પણ પરલોકમાં પણ તેને રહેવા સારૂ કોઈ ઠેકાણું મળે નહીં એવું કરી નાંખવાને તેઓમાં શક્તિ છે એવું માનીને ભોળા લોકો તેનાથી ઘણા ડરતા. સાધારણ ગરીબગુરબાની વાત તો એક બાજુએ રહી પણ મોટા મોટા સત્તાધારી રાજા અને વિદ્વાન લોકો સુદ્ધાં પોપની બિકથી થરથર કાંપતા હતા. બધાજ રાજાઓ કંઈ ધર્મ બુદ્ધિથી પોપને માન આપતા હતા એમ ને-

હોતું પણ કોઇ કોઇ ઢોંગી રાજાઓ પોપની ખુશામત કરીને પોતાનું કામ કઢાડી લેતા હતા.

કોલંબસ જેવા દઢ નિશ્ચયી અને વિદ્વાન લોક જળ માર્ગે પૃથ્વી ઉપર જ્યાં ત્યાં પ્રવાસ કરીને નવા નવા સંપત્તિવાન દેશો શોધી કઢાડવાને તૈયાર થયા ત્યારે રોમના એક 'સુખડીઆની દુકાન ઉપર બ્રાહ્મણાર્પણ કર્યા જેવું કર્યું! પંદરમાં સેંકડામાં સ્પેન અને પોર્ટુગાલ દેશના રાજા પોપના પ્રીતિપાત્ર શિષ્ય હતા. ઈ. સ. ૧૪૯૩માં છઠ્ઠા અલેક્ઝાંડર નામે પોપજીએ અત્યંત ખુશી થઇને પોતાના વહાલા શિષ્યને બે મોટી બક્ષીસો આપી. પોપે 'બુલ્' નામે હુકમનામું પ્રસિદ્ધ કરીને એમ ઠરાવ્યું કે, સ્પેન અને પોર્ટુગાલ દેશની મદદથી જેટલા નવા દેશો અને બેટો શોધી કઢાડવામાં આવે તે બધા તે સંસ્થાનના માલિકોએ લેવા, આ બે વચ્ચે ટંટો ન થાય માટે આટલાંટિક સમુદ્રમાં ઉત્તરથી દક્ષિણ સુધી એક કલ્પિત રેષા દોરીને તેણે કહ્યું કે, નવા એટલે અમેરિકા વગેરે મહા દ્વીપો અને દ્વીપો પશ્ચિમ ગોળાર્ધમાં સાંપડેલા છે તે અને હવે પૂછી જડે તે બધા સ્પેનના રાજાએ લેવા અને ઉપર કહેલી રેખાની જમણી બાજુએ પૂર્વગોળાર્ધમાં આવેલા આફ્રિકા, હિંદુસ્તાન અને તેની આજુબાજુના બેટો પોર્ટુગલના રાજાએ લેવા.

આફ્રિકા, અમેરિકા, હિંદુસ્તાન અને તેની આસપાસનાં બેટોમાં પોપના બાપનું શું લાગતું હતું? ને સ્પેન અને પોર્ટુગલના રાજાને આપવાનો હક પોપને ક્યાંથી મળેલો હતો? પણ ઢોંગી

અને પાખંડી માણસો ક્યારે શું કરશે તેનો નિયમ નીકળી શકતો નથી માટેજ આ પોપના કૃત્યને 'સુખડીઆની દુકાન ઉપર બ્રાહ્મણાર્પણ' એ કેહવત બરાબર લાગુ પડતી છે એમ હું ધારૂં છું.

સોનું, સોનું નર્યું સોનું!

ઈ. સ. ૧૪૯૨માં કોલંબસ સ્પેનની રાણીની મદદથી પશ્ચિમ તરફ અમેરિકાની (તેના સમજવા પ્રમાણે હિંદુસ્તાનની) સફર કરીને આવ્યા પછી ઇ. સ. ૧૪૯૭માં વાસ્કોડિગામા પોર્ટુગીઝ સરકારની મદદથી આફ્રિકાની પ્રદક્ષિણા કરીને હિંદુસ્તાનની મુસાફરી કરી ગયો. સ્પેન અને પોર્ટુગલ દેશના લોકોએ જે નવા દેશો શોધી કહાડ્યા તે કેવળ સોનાનેજ માટે. નવો શોધી કહાડેલો દેશ જો જોરાવર લોકોના હાથમાં હોય તો જેવો વા વાતો હોય તેણી મેરની પીઠ ફેરવવી, એવી નીતિને અનુસરીને તે પ્રબળ લોકો સાથે અમને વેપાર કરવાની રજા આપો એવી વિનંતિ કરતા. તથાપિ ત્યાંના લોકો જો અજ્ઞાન, જંગલી અને પોતાની સામા ટક્કર લેવાને અસમર્થ જણાય તો તેમનો દેશ પોતાના રાજ્ય સાથે એકદમ જોડી દેવો અને તે લોકોને બળથી નહીં તો છળથીએ ગુલામ કરીને ઢોરની પેઠે બજારમાં લઈ જઇને વેચવાં એવી તે યુરોપિયન લોકોની ધારણા હતી, એ તેમનાં આચરણ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે. કોલંબસ આ નવા દેશમાં આવ્યો ત્યારે તેનો અને તેની સાથેના લોકનો રંગ, આકૃતિ,

અને તેમનાં વિચિત્ર નામો વગેરે જોઇને સાનસલ્વાડોર* ના મુખ્ય વતનીઓને લાગ્યું કે, એ કોઈ દેવ છે માટે તેઓ મોટા ભક્તિભાવથી આ ગોરા દેવોની સેવા કરવા લાગ્યા અને ગોરા દેવોએ તે બેટ ઉપર આપણાં રાતા ભક્તોનો હક છે કે નહીં તેની તપાસ કર્યા વગર સ્પેનના રાજા ફર્ડિનાંડ અને રાણી ઇસાબેલાના નામથી તે બેટ એકદમ પોતાના રાજ્યને જોડી દીધો! ને એટલુંજ કરીને રહ્યાં નહીં પણ પછી કોલંબસની બીજી સફરની વેળાએ વળી બીજા વધારે સ્પાનિયર્ડ લોકો આ બેટ ઉપર આવવા લાગ્યા તેમણે બિચારા પાતાળવાસી અસીલ લોકોને પકડીને ગુલામ કરીને સ્પેન દેશમાં લઇ ગયા અને ઘણાને ત્યાંને ત્યાંજ ગુલામ કરીને સોનાની ખાણો ખોદવાને વળગાડ્યા. તેથી સેંકડો રાતા લોકો ઘણી મેહેનત અને થાકથી ટપાટપ મરી ગયા. જો કોઈ હઠ કરીને ગુલામ પ્રમાણે કામ કરવાની ના પાડતો તો સ્પાનિયર્ડ દેવો તેને મરત માર મારતા એટલું કરતાંએ તે તેની હઠ ન છોડે તો તેના હાલહવાલ કરીને તેના નાતભાઇઓનાં દેખતાં તે બિચારાનો જીવ લેતા એટલે જીદ કરીશું તો આપણા પણ એવા હાલ થશે એવી બીકથી ગોરા પિશાચનાં રાતા ભકતો

---

* આ બેટ ઉપર કોલંબસે પેહેલવેહેલો પગ મૂક્યો. પશ્ચિમ હિંદી કે વેસ્ટ ઈંડિઝ બેટો માંહેલો એ એક છે અને તે બહામા બેટના જથામાં ગણાય છે. એનું અસલ નામ ગ્વામાહાની હતું. તેનું સાનસલ્વડોર નામ કોલંબસેજ પાડ્યું તેનો અર્થ 'પવિત્ર કરનારો' થાય છે.

પોતાના પ્રભુ કહે તે વિશે ચું ચાં ન કરતાં કામ કરતા હતા, પણ એવો સતત શ્રમ કરવાની તેને ટેવ ન હોવાથી તેઓ ઝટ મરી જતા હતા. આ રાતા લોકો જન્મથીજ સ્વતંત્ર હોવાથી તેમને કોઈની ગુલામગિરી કરવાની ટેવ નહોતી. સ્પાનિયર્ડ અને બીજા ઘણા યુરોપિયન લોક તેમને જબરાઇથી ગુલામ કરવા લાગ્યા ત્યારે તે અપવાસ કરીને કે ગળે ફાંસો ખાઇને પોતાને હાથે તેઓ મરી જતા હતા. સ્પેનિયર્ડ જેવા આળસુ અને ક્રૂર માણસના ગુલામ થઇને જીવતાં સુધી દુઃખ વેઠવા કરતાં તેઓ મોત કબૂલ કરતા. એકવાર એમ બન્યું કે, પુષ્કળ રાતા લોકોએ નિર્દય પરદેશી ધણીના હાથમાંથી પોતાનો છુટકો કરવા સારૂ સઘળાએ ફાંસો ખાઇને સાથે મરી જવા સારૂ એક દિવસ ઠરાવ્યો. તેમનો એ મનસુબો તેમના ધણી માંહેલા એકને જાણ પડયો. તે સ્વભાવે અતિ ક્રૂર અને પોતાના ગુલામોને દરરોજ માર મારીને દુઃખ દેનારો હતો. ઉપર કહ્યા પ્રમાણે ઠરાવેલે દહાડે પોતપોતાને ફાંસો દેવાની દોરીઓ લઇને જીવ ખોવાને એક ગુપ્ત ઠેકાણે તેઓ એકઠા થયા; ત્યારે પેલો નિર્દય માણસ પોતાના હાથમાં એક દોરી લઇને તેમની વચ્ચે જઇ પહોંચ્યો. ત્યાં તેને આવેલો જોઇને પેલા બિચારાઓની સ્થિતિ કેવી થઈ હશે તેનું વર્ણન શબ્દથી થાય તેવું નથી. પછી તેણે તેમને કહ્યું-ગુલામો, તમારો મનસુબો મને નહિં એમ. તમને લાગતું હતું કે? હું તો તમારા મનની વાત પણ જાણી શકુંછું. હવે તમે ફાંશી ખાઇને મરો તો ખરા. મે આ એક દોરી હાથમાં આણેલી છે તે તમે જોઈ કે? તમે ફાંસો ખાવા માંડો. હું પણ મારે ગળે ફાંસો ખાઇને તમને પરલોકમાં

અહીં કરતાં સો ઘણી વધારે પીડા આપવાને તમારી જોડે મરી જવાનું જુવો!!" તે બિચારા ભોળા માણસોને તેનું કહેવું ખરૂં લાગ્યું અને તે જો આપણી સાથે મરશે તો પરલોકમાં આપણને અહીંના કરતાં વધારે દુઃખ દેશે એવી બીકથી તેણે ફાંશી ખાઇને મરવાનો વિચાર છોડી દીધો અને પહેલાં પ્રમાણે ગોરા માલિકોના તાબેદાર થઇને મરતા સુધી કામ કરવા લાગ્યા. આ વાત ઉપરથી જ્યાં જબરાઇથી પોતાનું કામ પાર પડતું નથી ત્યાં છેતરપીંડીથી ભોળા લોકોના મન ઉપર પોતાની છાપ બેસાડવાની વિદ્યા ગોરા લોકોને આવડતી હતી તે સારી રીતે જણાઇ આવે છે.

કોલંબસ જેવો મોટો માણસ પણ એવી લુચ્ચાઈ કરવાને પાછો હઠ્યો નહોતો. તેને પોતાના પ્રવાસમાં થએલા ભારે ખરચથી ઘણું દેવું થયું હતું તે પતાવવાને તેણે એવી યુક્તિ કહાડી કે, પશ્ચિમ હિંદી બેટ ઉપરના આસરે પાંચસેં વતનીઓને જૂદી જૂદી વેળાએ ફસાવીને કે જોરજૂલમથી પકડી પોતાના વહાણ ઉપર ચઢાવી દઈ ગુલામ કરીને સ્પેન દેશમાં વેચવા સારૂં મોકલી દીધા અને તેમને વેચીને જે પૈસા ઉપજ્યા તેમાંથી પોતાનું કેટલુંક દેવું પતાવ્યું! એમાં વધારે ધ્યાનમાં રાખવા જોગ વાત એ છે કે, કોલંબસ અને તેની પછી અહીં આવેલા લોકોને આપણે જે આ કામ કરીએ છીએ તે પરમેશ્વરની ઇચ્છાનુરૂપ કરીએ છીએ એમ લાગતું હતું. જે ગરીબ નિરપરાધી માણસોને તેનાં બચ્ચાં છોકરાં, ઘરબાર, સ્વતંત્રતાનું સુખ, સ્વદેશ ઇત્યાદિ અમૂલ્ય વસ્તુ (જે હોવાથીજ માણસને જીવવું ગમે છે) અને

શુભની આશા ઓડાળીને સ્પેન દેશમાં ગુલામ કરીને વેચ્યા, અને ત્યાં તેમને ગુલામગીરીનાં અવર્ણનીય દુઃખો ભોગવવાં પડયાં એ તેમના ઉપર આપણો મોટો ઉપકાર થયો એમ કોલંબસને લાગ્યું કારણ કે તેઓ મૂર્તિ પૂજક હતા. તેમને સ્પેન જેવા ખ્રિસ્તી દેશમાં માકલીને ત્યાં ખ્રિસ્તી રોમન કયાથોલિક પંથનો ઉપદેશ મળે એવી સવડ કરી આપી એમાં આપણે શક્તિ પ્રમાણે ઈશ્વરની સેવા કરી છે એમ તેઓ માનતા હતા! મોટા માણસના આચરણ ઉપર આવાં વિલક્ષણ રાક્ષસી કૃત્યનો કાળો ડાઘ લાગે એ વાત કેવી ખોટી છે વારૂ!

માણસના અંતઃકરણમાં સારૂં માઠું સમજવાની જે બુદ્ધિ હોય છે તેને વિવેક કહે છે. માઠું કામ કરતાં અથવા તે કર્યા પછી તેનું મન તેને ખાય છે ત્યારે એ મનનું દુઃખ ઓછું કરવા સારૂ આપણા કામને સારૂ ઠરાવવા તેમને કંઈ કંઈ ઉપાય શોધવા પડે છે. ધર્મની ઢાઢી દેવી એ પણ એવા પ્રકારનો એક ઉપાય છે સ્પેન દેશના રાજાએ જ્યારે કોલબસ તથા તેની સાથેના માણસોને પુષ્કળ મદદ આપીને જ્યારે ફરીથી અમેરિકા મોકલ્યા ત્યારે તેણે અને એવાં માણસો મોકલનારા બીજાઓએ તેમની પાસે ત્રણ કરાર કરી લીધા હતા. તેમાંનો પેહેલો અને સઘળામાં મહત્વનો કરાર એ હતો કે, તેમણે સોનું શોધી શોધીને લાવવું; બીજો ત્યાંના વતનીઓને ખ્રિસ્તી બનાવવા; ત્રીજો નવા દેશો શોધી કહાડવા અને બને તો તે કબજ કરીને આપણા રાજ્ય સાથે જોડી દેવા પરદેશમાં જઇને તેમની સંપત્તિ લૂટવાનો તેમનો મુખ્ય ઉદ્દેશ હતો પણ તેથી તેમના વિવેકનું સમાધાન થતું

ન હોવાથી તેઓએ સ્વધર્મ પ્રસાર કરવા બાબતનો બીજો ઉદ્દેશ અગાડી કર્યો. આ સોનું શોધવાને ગએલા લોકો સાથે કેટલાએક માણસો સારા પરોપકારી અને અંતઃકરણથી સ્વધર્મ પ્રસાર કરવા સારૂ જ ગયા હતા, તેમણે ખરા મનથી તે રાતા લોકોનું ભલું કર્યું. ઘણીક વેળા તેમણે સોનાના ભૂખ્યા યુરોપિયનો અને તેમની વચ્ચે પડીને તેમના ઉપર થતા જૂલમ બંધ પાડયા. એવા સજ્જનોને અમે તો શું પણ આખી દુનિયાના લોકો તેમને ભલા કહેશે અને તેમના વખાણ ગાશે.

આપણાં રાતાં ભાંડુઓ અને તેમના રીતરીવાજ.

અમેરિકાના મૂળ રેહેવાશીઓને 'તામ્રઅંગી' કહે છે એમ મેં ઉપર કહેલું છેજ. હવે એમ શામાટે કહેવાય છે, તેમના ચાલ રિવાજ કેવા છે, જુદે જુદે ઠેકાણે તેમની સ્થિતિ કેવી હતી વગેરે બાબતની સંક્ષેપ હકીકત આપવાની મારી ધારણા છે. કોઈ પણ દેશના લોકોની કે પદાર્થની વાત સાંભળવા પેહેલાં તે લોક કે પદાર્થ કેવો છે, તેમાં ગુણ અને અવગુણ શા શા છે તે જાણી લીધા પછી તે ધ્યાનમાં રહેવાને ઠીક મદદ મળે છે.

આપણે આપણા દેશમાંના માણસની ચામડીના જૂદા જૂદા રંગો રોજ જોઇએ છીએ, એમાંનાં કેટલાંક ગોરાં, કેટલાંક કાળાં ભક્લક, કેટલાંક સામળાં, કેટલાંક ફીકા રંગમાં, કેટલાંક ઘઉંવર્ણા અને કેટલાંક કોઇએ રંગમાં ન ગણાય એવાં વિચિત્ર નજરે પડે છે એ તો સર્વના જોવામાં છે.

ઉપર કહ્યા પ્રમાણે સ્પેનિયર્ડ લોકોએ જ્યારે અમેરિકા ખંડ શોધી કહાડ્યો ત્યારે ત્યાં જે માણસો દીઠાં તેમનો રંગ લગાર ગેરૂના જેવો રતુમડો તેમની નજરે પડ્યો. તેમણે પ્રથમ અજાણુના તે રતુમડા લોકોને "હિંદુસ્તાની" નામ આપ્યું, પણ પછી તેમની તે ભૂલ માલમ પડ્યા ઉપરથી તે નામ ફેરવી નાખીને "રાતા લોક" અથવા 'રાતા ઈંડીયન કહેવા લાગ્યા. એ લોકો ઉત્તર અમેરિકામાં ક્યારે અને ક્યાંથી આવ્યા તે કોઇ જાણતું નથી, પણ ઘણા લોકોનું ધારવું છે કે એ લોકો આવ્યા પેહેલાં કોઈ બીજી જાતના લોકો અહીં રહેતા હશે કેમકે આ દેશના જૂદા જૂદા ભાગમાં જૂની ઈમારતોની પડેલી ભિંતો, ડુંગરમાં કોરી કહાડેલી ગુફાઓ, મોટા મોટા બંધારા, અને જમીનમાં ઘણું ઉંડું ખોદતાં તેમાંથી મળી આવેલાં હાંલ્લાં, વાસણો, અલંકાર અને બાણનાં ભાલોડાં વગેરે જોતાં તે આ રાતા લોકોના વખતમાં બનેલાં નથી એમ માલમ પડે છે.

એ રાતા લોકો શરીરે ઘણા મજબૂત, ઉંચા, શક્તિવાળા, ચપળ અને રળીઆમણા ચેહેરાના હોય છે. બઈરાં મરદ કરતાં લગાર ઠીંગણાં અને તે માંહેલાં કેટલાંએક ઘણાં રૂપાળાં હોય છે. એ લોકાનો સ્વભાવ બીજા દેશના લોકોથી જૂદી તરેહનો છે એમ નથી. કોઈ તેને છેડે નહીં ત્યાં સુધી તે વિનાકારણે કોઇને ઉપદ્રવ કરતા નથી પણ કોઈ તેને સંતાપે છે તો તેનું વેર કેમ લેવું એ તેઓ સારી રીતે સમજે છે અને તે કોણ નથી સમજતું વારૂ? કેટલાએક ગોરા લોકો કહે છે કે, રાતા લોકો લૂચ્ચા, જૂઠા, વિશ્વાસઘાતી, ઝેરીલા અને નિર્દય હોય છે. પણ તે ખરૂ



આપણો રાતો ઇંડિયન ભાઈ શિકારે જાયછે.

નથી. ઘણાએક સજ્જન ગોરા માણસોએ, એ લોકોમાં વસીને તેમની પરીક્ષા કરી જોઈ છે. તેઓ કહે છે કે, "રાતા ઇંડિયનો મોટા સંભાવિત, ઉપકારને યાદ કરનાર, કોઇ નવો સવો તેને મળવા આવે તો સારી રીતે તેની પરોણા, ચાકરી કરનારા, અને માયાળુ સ્વભાવના છે. હવે તેમાંના બધાજ સારા છે એમ નથી, અને ગોરા લોકોમાં એ બધાજ સારા ક્યાં હોય છે? મતલબ કે લોક સારા કે માઠા એ એક જાત ઉપર કે દેશ ઉપરથી આધાર રખાતો નથી. સર્વ જાતિમાં અને સર્વ દેશમાં સારા, માઠા લોકો હોય છે, તેમજ તે રાતા ઇંડિયનોમાં પણ છે. ઇસવીસનના પંદરમાં સેંકડામાં તે લોકો ઘણું કરીને બધાજ જંગલી સ્થિતિમાં હતા. તેઓ પોતાનાં શરીર તરેહવાર રંગથી રંગતા. શિકારમાં મારેલાં જનાવરોની ચામડી સાફ કરીને તેની બંડી કે ઓઢણું કરીને તે ઉપર પક્ષીનાં રંગદાર પીછાં ખોશીને શોભા આણતા હતા. હજીએ તેમાં એ ચાલ ચાલે છે, હમણાં યુરોપિયન લોકોના સહવાસથી તેમને સુતર અને ઉનનાં વસ્ત્રો વાપરવાની અને સુધરેલા માણસોની બીજી ઘણી ટેવો પડેલી છે. પેહેલાં તેઓ લોઢાંનો ઉપયોગ કેમ કરવો તે જાણતા નહોતા. ધોળા પથરાને ભાંગી ઘસીને તેના તીરનાં ભાલોડાં, ભાલાનાં ફળાં વગેરે બનાવીને પોતાનું કામ ચલાવતા અને ઘણા પાવરધા નિરંદાજ હતા તથા પટા ખેલવામાં ઘણા ઉસ્તાદ હતા. પણ દારૂગોળી, તરવાર, બંદુક અને તોપ વગેરેનો ઉપયોગ બીલકુલ કરી જાણતા નહોતા પથ્થર કે ઈંટના ચુનાથી ચણેલાં ઘરો બાંધવાનું કામ તેઓ જાણતાં નહોતા અને તે કાંઈ ખેતીવાડીએ કરતા નહોતા કોઇકોઇ

ઠેકાણે મકાઇનો પાક, ઘણી મેહેનત કર્યા વગર ઘણો થતો હતો તે, તથા જંગલી ફળો, તથા શિકારમાં મારેલાં જનાવરનુ માંસ અને માછલાં વગેરે પદાર્થો ઉપર તેઓ ગુજરાન ચલાવતા હતા. તેમનામાં પત્રો અને પુસ્તકો લખવાની લિપી નહોતી વળી તેમાં ઘણી જાતો હતી અને દરેક જાતની ભાષા જૂદી જૂદી હતી. પણ એ ભાષાઓમાં કેટલુંએક બીજા સાથે મળતાપણું હતુ ઉત્તર અમેરિકાના દક્ષિણ છેડા ઉપર 'મેક્સિકો' નામે એક ભાગ છે ત્યાંના લોકોની સ્થિતિ છેક જંગલી નહોતી પણ ઘણી સુધરેલી હતી.

જંગલી લોકોનાં ઘરો નાના નાના ઝુંપડાં હોય છે. પાંચ દશ હાથ લાંબી સીધી લાકડીઓને એક બીજાથી આઘી આઘી વર્તુળાકાર ભોંયમાં દાટીને તેના છેડા ઉપરથી એકઠા બાંધેલા અને તેના ઉપર જનાવરનાં ચામડાં, ઝાડની છાલ અથવા સાદડી લપેટીને તંબુ જેવુ બનાવેલું અને તેની ઉપલી બાજુએ ધુમાડો જવા સારૂ એક નાનુ બાકોરૂ અને એક બાજુએ નાનુ બારણું રાખેલુ હોય છે. એ બારણુંએ લાકડાનુ નથી હોતુ પણ એક પડદો બાંધેલો હોય છે. ઘરમાં આવવા જવાનું હોય તો પડદો ઉચકવો એટલે થયુ, તેમાંના મરદોનું દરરોજનું કામ શિકાર કરવો, માછલાં પકડવાં, ઝાડની છાલની હોડીઓ બનાવી, પથરો કે માછલીનાં હાડકાંનાં હથિઆરો બનાવવાં અને ચામડાં સાફ કરવાનું મુખ્ય કામ હતું. બઇરાંઓનેજ બીજાં બધાં કામો કરવાં પડે છે. એમાંના જમીન ખેડવી, જમીનની રખેવાળી કરવી, જમીન વાવવી ને રાખવું એ મુખ્ય કામો છે. તેમનાં ખેતરોમાં ઘણું કરીને

મકાઈ તમાકુ કોહોળું, ભોંય કોહોળું વગેરે ઉત્પન્ન થાય છે. તે લોકોને તપખીર તાણવાનો મોટો શોખ હોય છે. તમાકુ ચારસે બરસ પેહેલાં આપણા પૂર્વ ગોળાર્ધના લોકોને બીલકુલ માલમ ન હોતો. એ ૨૮૧૦ પેહેલાં પાતાળ (અમેરિકા ખંડ)માંથી યુરોપ ખંડમાં આવ્યો અને ત્યારથી આ પૃથ્વી ઉપરના તમામ દેશોના લોકોને તમાકુનું દુર્વ્યસન લાગ્યું.

રાતા જંગલી માણસોમાં વેપારનું ઘણું મહત્વ નહોતું, પણ પૂર્વ તરફના લોક 'વામ્પમ્' નામની માળાઓ બનાવીને તથા પશ્ચિમના લોકો ખાણ માંહેથી તાંબુ કહાડીને, વેચતા હતા. 'વામ્પમ્' એટલે કેટલીજ જાતની કાળી, ધોળી અને જાંબુડા રંગની કોડીઓને દોરામાં પોરવેલી માળા છે. એ માળાઓ રૂપિયા, પૈસા અને મોહોરેને બદલે ચાલતી; એટલુંજ નહીં, પણ બે રાજા અથવા જાતોને સલાહ કરવાની હોય ત્યારે તેના કમરપટા બનાવીને આપ્યાથી તે સલાહ થએલી મનાતી હતી. વળી એક જાતના પક્ષીનાં પીછાં આપીને અને એક પ્રકારના તમાકુની ચલમ પીને સલાહ કરવાની ચાલ કેટલીએક જાતોમાં હતી.

તેની રાજ્ય વ્યવસ્થાએ ઘણી સાદી હતી. એકાદ જોરાવર માણસને સર્વાનુમતે રાજા ઠરાવીને તે જાતનાં સઘળાં માણસો તેની આજ્ઞામાં ચાલતાં, તેનેજ વંશપરંપરાની રાજ્ય પદ્ધી મળતી હતી. પડોશના એકાદ રાજા જોડે લડાઈ કરવાની વખત આવે ત્યારે રાજા કમજોર હોય તો પોતાનામાંથી એકાદ સારા અને ચતુર પુરૂષને સર્વાનુંમતે પસંદ કરીને સેનાપતિની પદ્ધી આપતા અને રાજા જાતેજ શૂરો હોય તો તેજ સેનાપતિ થતો હતો. તે-

મનામાં ઘણી જાતો હતી, તેઓ વચ્ચે ઘણા ટંટા ફિસાદ થતા હતા.

તેમનો ધર્મ (ટુંકામાં કહીએ તો) એવો હતો કે, કોઈ મોટા પરમાત્મા સર્વનો સૃષ્ટિ કર્તા અને સંરક્ષણ કર્તા છે તેની સત્તા સઘળા ઉપર છે તેના હાથ નીચે ઘણા નાના નાના દેવતાઓ અને ભૂતો છે, તેમાંના કેટલાક સારા સ્વભાવના અને કેટલાએક માઠા સ્વભાવના છે. સારા સુખ દે છે અને માઠા દુઃખ દે છે. નઠારા સ્વભાવનાં ભૂતો દુઃખ ન દે માટે તેમને બળીદાન આપીને તેની પૂજા કરવી જોઇએ, સ્વપ્ન અને શુકનથી આગળ થનારી વાત જણાય છે. મરણ પછી પુન્યવાન લોકો અમર થઇને અનંતકાળ સુધી સુખથી શિકાર ખેલે છે. શિકાર ખેલવો એ જ તેને વિચારે સર્વોત્તમ સુખ છે.

લડાઇમાં પકડી આણેલા માણસને કોઇવાર દેવળમાં લઈ જઇને દેવને બળીદાન આપતા અથવા તો તેના હાલહવાલ કરીને મારી નાંખવાની ચાલ હતી. જે વધારે પિડા ખમે તે પ્રમાણે તે વધારે કે ઓછો હિંમતવાન માણસ છે એમ માનતા. લોકોના હાલહવાલ કરીને મારવાનો તેનો જાતિ રીવાજ હતો. એ ઉપરથી તે લોકો જાતે ક્રૂર હતા એમ નહીં જંગલી અને અજ્ઞાન સ્થિતિમાં હોય છે ત્યારે તે સમાજમાં ઘણી ગાંડી ઘેલી રીતો હોય છે, ઈંગ્લાંડના લોકો જંગલી સ્થિતિમાં હતા ત્યારે માણસનો ભોગ આપતા હતા. પછી આખા યુરોપમાં ખ્રિસ્તી ધર્મનો જ્યાં ત્યાં ફેલાવો થઈ લોકો સુધરતા ચાલ્યા ત્યારે પણ તેમાં ધર્મ સંબંધે અથવા રાજ્યકિય સબંધે પકડાઇ અપરાધી ઠરેલાં માણસને છુ-

વતા બાળીને અથવા બીજી રીતે તેના હાલહવાલ કરીને મારવાની ચાલ હતી. હમણાં એટલે સાત વરસ ઉપર ખાલસા કરેલા બ્રહ્મ દેશમાં તેમાંના 'અળવાખોરોના' મનસ્વી હાલ કરવા માટે ચારે મેર હોકારો થયો હતો અને થાય છે.

કેટલીક જાતના 'રાતા ઈંડિયન' માણુસને દેવ આગળ બળીદાન આપીને તેનું પ્રસાદી માંસ ખાતા હતા. જળચર પ્રાણી વિના બીજાં કોઇ પણ સૃષ્ટિનાં પ્રાણી ઘણું કરીને સ્વજાતિ પ્રાણીનું માંસ ખાતા નથી એમ અનુભવમાં આવ્યું છે; તથાપિ માણુસ જેવો ઉત્તમ પ્રાણી થઇને તે પોતાની જાતના પ્રાણીનું માંસ ખાય એ મહા દુઃખની વાત છે. સુધરેલા દેશના લોકો ઘણું કરીને બીજા માણુસનું પ્રત્યક્ષ માંસ ખાતા નથી, એ ખરૂં છે તથાપિ માંસ ખાધા વગર બીજે પુષ્કળ પ્રકારે સ્વજાતિ પ્રાણીઓને ખાવાની વિદ્યા સુધરેલા લોકોએ ઉત્તમ રીતે સાધેલી છે! દરેક દેશના અને જાતના ઇતિહાસના પાના આ મનુષ્ય ભક્ષણના વર્ણનથી ભરેલાં છે. આજકાલ યુરોપમાં મનુષ્ય ભક્ષણની ઘણી નવી નવી યુક્તિઓ નીકળે છે. કોઈ પોતાના પડોશીને કાચો ને કાચોજ ખાઈ જાય છે, અને કોઈ તેને શેકીને, તળીને કે ચટણી કરીને ખાય છે એટલોજ તફાવત છે. બાકી માણસ ખાવાની ચાલ અદ્યાપિ કોઈ ઘણુ દેશમાંથી નાબૂદ થઇ છે એમ નથી. જુવો સાવધ રહો, તમે માત્ર એક બીજાને ખાશો નહીં' એટલે મોટાઇ મળીજ એમ સમજો!

P. 30 marathi

P. 30 marathi

રાતા લોકોની સ્વતંત્રતા જઇને તેનો નાશ થવાનાં કારણો.

અહીં સુધી આપણા રાતાં બાંડુઓની ચાલ રીત કેવી હ-તી તે કહ્યું, હવે તેની સ્વતંત્રતા જઇને તેમનો ઘણો ખરો કેમ નાશ થયો તેનાં કારણો સંક્ષેપમાં કહીને આ ભાગ પુરો કરીશું.

યુરોપિયન લોકોએ અમેરિકામાં જઈને ત્યાંનું સોનું ખોદીને તથા માણસો પકડી આણવાની શરૂઆત કરી, ત્યારે એ રાતા લોકો કેવા જંગલી અને અજ્ઞાન સ્થિતિમાં હતા તે ઉપર કહેવામાં આવ્યું છે. તેમને દારૂગોળો, તોપ, બંદુકો વગેરે પ્રાણઘાતક શસ્ત્રનો ઉપયોગ કેમ કરવો અને તે શુ છે, એ બિલકુલ તેઓ જાણતા નહતા, એ વગર અમેરિકામાં ઘોડા મૂળેજ હતા નહીં, એ વિલક્ષણ તેજસ્વી, ચપળ અને જોરાવર જાનવરો જે માણસના અધીવચનમાં વર્તે તે સાધારણ નહોતાં કોઇ દેવાંશી છે એવું તે જંગલી લોકોને લાગ્યું, આપણે પુરાણોમાં અગન્યાસ્ત્ર, વજાસ્ત્ર, વાયવ્યાસ્ત્ર વગેરે અદ્ભૂત અને અજિત અસ્ત્રોની વાતો સાંભળીએ છીએ, તે અસ્ત્રો શાં છે કેવાં છે, તેનો ઉપયોગ કેમ કરવો એ વાત આપણે જાણતા નથી એવી હાલતમાં તે અસ્ત્રોથી જાણીતો એકાદ માણસ આપણા દેશમાં આવ્યો અને આપણને ડરાવીને જીતી લેવાનું તેના મનમાં આવ્યું તો તે સેહેજમાં કરી શકશે. તેની આગળ તે અસ્ત્રો ન જાણનારા લાખો માણસોથી ટકાવાનું નથી, એટલુંજ નહીં, પણ તેને અદ્ભૂત વિદ્યા સહિત હોવાથી તે આપણા કરતાં ઉત્તમ અને દેવાંશી છે એવી અજ્ઞાન

સોડાની સમજણુ થઈ જાઇને તેઓ વગર કારણે ડરી જાય છે એ બિચારા રાતા ઇંડિયનોની એજ અવસ્થા થઈ, એટલે તે યુરોપીઅનોના કરતાં કમકૌવત હતા, અથવા તેમને સ્વતંત્રતા ગમતી નહોતી અને યુરોપિયનોએ તેમની સ્વતંત્રતામાં હાથ ઘાલવા માંડયો ત્યારે તેમને તેણે અટકાવ્યા નહીં એમ નહીં. તથાપિ તેઓ ભોળા, અજ્ઞાની, અને વેહેમી હતા. શુકન અને મુરતથી ડરી ડરીને કાઈ કાઇવાર પોતાના શત્રુનો અટકાવ કરી શક્યા નહીં. કાઈ કાઇવાર દુશ્મનની બંદુકો અને તોપો વગેરે અગ્નાસ્ત્રો અને ઘોડા જોઇને બીધા. બિચારા કરેએ શું? આપણેજ જો હજારો માણસ એકડાં થઇને શત્રુની સામા થવાને તૈયાર થયા હોઇએ પણ આપણા એકજ શત્રુએ આપણા ઉપર અગ્નિનો કે તપાવેલા ગોળાઓનો વર્ષાદ વર્ષાવ્યો તો તેની આગળ આપણું ચાલે? કારણકે તેની સામા ઝુજવાને જોઇએ તેવાં ઉપયોગી હથિઆરો આપણી પાસે નથી. એવી સ્થિતીમાં દશ પાંચ હજાર યુરોપિયનોએ લાખો ઈંડિયન લોકોનો સંહાર કર્યો એમાં મોટી નવાઈ નથી. એ તેનું કારણ એકાદો જોરાવર હથિઆરબંધ પુરૂષ અનાથ, અજ્ઞાન અને નિશસ્ત્ર હજારો નાના બાળકોને રેહેંસી નાખે એતું છે. એવા કામને કોઈ ખરી બહાદુરીનું કૃત્ય કેહેશે નહીં. એજ યુરોપિયનોએ પોતાનાં અગ્ન્યસ્ત્રો મુકીને તેમની સાથે કુસ્તી ખેલીને અથવા તેના જેવાં તીરકામઠાં, પથરાની તરવાર અને લાકડાંના ફળના ભાલા વગેરે લઈ તેમની જોડે લડીને જીત્યા હોત તો ખરેખરા શૂરા ઠરત, તથાપિ કેહેતાં અત્યંત દલગીરી લાગે છે જે, જે પોતાને ધાર્મિક કેહેવડાવીને અજ્ઞાનીઓને જ્ઞાન આપવા, તથા

નરકમાં પડેલાઓને સ્વર્ગનો રસ્તો બતાવવા માટે ગયા તેમણે શરૂઆતથી આખર સુધી કપટ, છેતરપીંડી, ક્રૂરપણું અને જુલ્મીપણું એવી દુષ્ટ નીતિ આચરીને બિચારા નિરપરાધી ઈંડિયનોને પાયમાલ કરી નાંખ્યા. હવે એ રાતા લોકો પણ પ્રેહેલેથી છેલ્લે સુધી નિર્દોશ હતા એમ હું કહેતી નથી તથાપિ તેઓ પોતાની મેળેજ કદિએ યુરોપિયનને પીડવાને અગાડી થયા નથી તેમજ તેમણે કદિએ ફસાવ્યાએ નથી એથી ઉલટું તેમણે યુરોપિયનો પોતાના દેશમાં પ્રથમ આવ્યા ત્યારે સૂર્યના પુત્ર છે એમ સમજીને ઘણા હેતથી તેમની સેવા ચાકરી કરી તથા પોતાની શક્તિ પ્રમાણે સોનું, ફળ વગેરેનું નજરાણું કરીને તેમને સંતુષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો. એમ છતાં એ ગોરા દેવો સંતોષ ન પામતાં, ઉલટી ઈંડિયનોરૂપી સેરડી ગળી લાગી તેથી મૂળમાંથીજ ખોદી કહાડવાનો આરંભ કર્યો. ત્યારે એવા સર્વ ભક્ષક દેવને અટકાવવાનો પ્રયત્ન ન કરે એવો કયો માણુસ પૃથ્વી ઉપર મળશે? તેણે પોતાનો હક રાખવાને તરેહ તરેહની તદબીરો કરી તેને માટે તેમને મારાથી દોષ દેવાતો નથી, તેમનું અજ્ઞાન એજ તેમની કમબખ્તી છે એ અજ્ઞાનનો નાશ કરવાનાં સાધનો તે વેળાએ તેઓની જાણમાં ન હોતાં—જે માણુસ પોતાનું અજ્ઞાન દૂર કરવાને સાધનો પાસે હોય તોપણ પ્રયત્ન કરે નહીં તેને માટે તે દોષવાન ગણાય ખરો તથાપિ સાધન ન હોવાથી તે બિચારાઓએ તેમ ન કર્યું એમાં એનો શો દોષ! ઈંડિયનોનો ઇતિહાસ વાંચતાં આ અજ્ઞાન (ભોળાપણું, વેહેમીપણું, શુકન અપશુકનની બીક, ભૂત પ્રેતનો ડર

ઇત્યાદિ તેના પેટા વિભાગ છે) તે તેના નાશનાં મુખ્ય કારણો માંહેનું એક છે એમ ખુલ્લું માલમ પડે છે.

"બેની લડાઇમાં ત્રીજાનું કામ," એ કહેવત પ્રમાણે એક બીજા ઉપર અદેખાઇ કરવી એ નાના મોટા કુટુંબને, સમાજ અને દેશને ઘણી નુકસાનકારક છે. ખરેખર કહીએ તો અજ્ઞાન એજ અદેખાઈનું મૂળ છે. એક બીજા વિશે કંઈ સેહેજ કારણથી ખોટો વિચાર આવીને માણસના મનમાં અદેખાઈ ઉત્પન્ન થાય છે, અને એકવાર તે ઉત્પન્ન થંઈ કે, કજીઆ ટંટા થવા માંડે છે. કજીઆથી માણસ એક બીજાને દુશ્મન ગણે છે અને હરેક બહાને તેનો નાશ કરવાનું ધારે છે. શત્રુ જોરાવર હોય તો તેને નાશ કરવાને બીજા કોઈ તિરાહિત માણસની મદદ લેવાની જરૂર જણાય છે અને બેની લડાઇમાં એકવાર પરભાર્યા માણસનો પ્રવેશ થયો એટલે બને લડતા પક્ષના લોકોને તે પોતાના હાથમાં પુતળાં જેવા બનાવીને પોતાની મતલબ સાધી લે છે એટલે પંચોપાખ્યાનની બે બિલાડી અને વાંદરાની વાતમાં જેવું વાંદરાનું કામ થયું હતું તેવી સ્થિતિ થાય છે. કોઇ પણ કુટુંબનાં કે દેશનાં માણસોએ માંહોમાંહે લડવું એ ઘણું માઠું છે. આપણા દેશના લોકોએ માંહોમાંહે લડાઈ કજીઆ કરીને પરદેશી લોકોને પોતાનામાં દાખલ કર્યા અને તેથી આપણે પરસ્વાધીન થવું પડ્યું એ વાત હિંદુસ્તાનનો ઇતિહાસ વાંચનાર કોઇ પણ આદમીથી અંજાણી નથી. આપણાં રાતાં ભાઈઓની પણ એવીજ દશા થઈ. તેઓ માંહોમાંહે લડતા હતા તેવામાં ગોરા લોકોએ પ્રવેશ કર્યો,

તેમાના જે નબળા લોકોને જોરાવર લોકો સાથે અણબનાવ થયો હતો તેમણે આ બહારથી આવેલા ગોરાઓની મદદ લઈને સ્વજાતિના પ્રબળ શત્રુને પાયમાલ કરવાનું ધાર્યું, તેઓ ગોરા લોકોને પોતાન દેશમાં લઈ ગયા અને તેમણે તેમને મદદ કરી એથી કરીને પેલા ગોરાઓએ એમના શત્રુનો નાશ તો કર્યો ખરો પણ તેથી તેમને ફાયદો ન થતાં ઉલટું મોટું નુકસાન થયું. આ ગોરા મદદગારોએ પછી તેમની ગળચી પકડીને તેમના દેશમાંથી હાંકી મૂક્યા, અને પોતે તે દેશના એક છત્રી રાજા થઈ બેઠા! આ ઉપરથી સ્વજાતિના શત્રુને નાશ કરવાને ગોરાઓને મદદ આપનારા નબળા ઈંડિયનો અને આપણા દેશ માંહેના તેવાજ પ્રકારના નીચ લોકોને 'કુહાડીને ડાંડો ઘાલીને મોત શોધવું' એવું બન્યું છે.

સ્પાનિયર્ડ, પોર્ટુગીઝ, ફ્રેંચ, ઈંગ્લીશ, ડચ, વગેરે યુરોપિયન લોકોએ ઉપર કહેલી રીતે સંધિ જોઈને, જૂદા જૂદા ઉપાયો યોજિને ઇંડિયનોની જન્મભૂમિ તેમની પાસે છીનાવી લીધી; અને ત્યાં નવી વસ્તી કરીને પોતાનાં રાજ્યો સ્થાપ્યાં. હવે ઇંડિયન લોકો આખા અમેરિકામાં ફુટેલા કાચના વાસણની પેઠે છિન્નભિન્ન થઈને વિખરાતા પડેલા છે. તેમના દેશ ઉપર રાજ્ય કરનારા તેમના ગોરા શત્રુઓ જે આપે તે ખાઈ, તેમનું એઠું પાણી પીને જીવા જન્મ્યા તેવા કેટલાક વખત સુધી દુનિઆમાં જીવીને ગોરાના શિકારમાં બળી ખડીને જંગલના પશુ પક્ષીની પેઠે મરી જવું; એટલુંજ ઇંડિયનોના જન્મનું સાર્થક્ય થઈ રહ્યું છે.

યુનાઇટેડ સ્ટેટ્સનો સંક્ષેપ ઇતિહાસ.

કોલંબસે અમેરિકાખંડ શોધી કહાડ્યા પછી ઈંગ્લાંડમાં જ્યારે સાતમો હેન્રી ગાદી ઉપર હતો ત્યારે ક્યાબેટ નામે એક માણસ ઈ. સ. ૧૪૯૭માં અમેરિકા જઇ આવ્યો તેની પછી ફ્રેન્ચ, સ્પાનિયર્ડ, પોર્ટુગીઝ, અને ડચ ઇત્યાદિ ઘણા લોકોએ અમેરિકામાં જઇને વસ્તી કરી, પણ આ પુસ્તકના "પ્રતિપાદ્ય વિષય સાથે ઇંગ્રેજ વસ્તી વગર બીજા કોઇનો સંબંધ ન હોવાથી તેઓ વિશે અહીં લખતી નથી. સર વાલ્ટર રાલે નામે માણસે ઈ. સ. ૧૫૮૫માં અમેરિકામાં જઇ રહેવાનો ઉદ્યોગ કર્યો તે વખતે તેની જોડે જે માણસો ગયા હતા, તેમણે પોતે જયાં રહ્યા હતા ત્યાં જમીન ખેડી વાવીને સભ્ય માણસની પેઠે રહેવું છોડીને સોનું શોધવાને ઈંડિયન લોકો ઉપર જૂલમનો વરસાદ વરસાવ્યો તેથી તેઓ આ નવી જગાએ તેમને સુખ મળ્યું નહીં એતો કહેવુંજ નહીં પડે. ત્યાર પછી કોઇ જૉનસ્મિથ્ નામે પુરૂષે રાલેએ શોધી કહાડેલા વર્જિનિયા પ્રાંતમાં જઇને વસવાનો ઉદ્યોગ કર્યો તે વેળાએ એની સાથે જે માણસો ગયા હતા તેની સાથે ઘણાંએક બઇરાં હોવાથી તેઓ કુટુંબ વ્યવસ્થાથી ત્યાં રહેવા લાગ્યા તેથી જાનસ્મિથનેજ અમેરિકામાં પેહેલવેહેલી ઈંગ્રેજ વસાયત કરવાનો જશ મળ્યો, તેની પછી પ્યુરિટન્ પંથ માંહેલા કેટલાએક અમેરિકામાં જઇને એક જગાએ વસ્તી કરીને તે જગાનું નામ ન્યુ ઈંગ્લાંડ પાડયું એવી રીતે ઉત્તર અમેરિકામાં એક પછી એક ઈંગ્રેજ વસાયત થવા લાગી તે વસાયતમાં રહેનારા માણસોને બાના

સંકટો અને વિપત્તિ ભોગવવાં પડયાં તોય પોતાનો દૃઢ ન છોડતાં અમેરિકાની જમીનમાં વાવેતર કરીને ત્યાંના જગાને ઠેકાણે મોટાં મોટાં શેહેરો અને ગામો વસાવ્યાં અને કળાકૌશલ્યની જ્યાં ત્યાં સૂમૃદ્ધિ કરી તેમનું સાહસ, પરાક્રમ, દૃઢ નિશ્ચય, અને દીર્ઘોદ્યોગીપણું ઘણું વર્ણનીય હતું.

† અરાડમાં સેંકડાના આખરના ભાગમાં ઉત્તર અમેરિકામાં ઈંગ્રેજ સંસ્થાનો એકંદર તેર હતાં, તે સંસ્થાનના સ્વજાતિ લોકો-ની સમૃદ્ધિ જોઇને ઈંગ્લાંડના ઈંગ્રેજો તેમની અદેખાઇ કરવા લાગ્યા, તેમને લાગવા માંડ્યું કે અમેરિકાની વસાયતથી આપણને ઘણો ફાયદો થવો જોઇએ. આપણે શોધી કહાડેલા દેશ માંહેની ઉપજથી ઈંગ્લાંડ પૈસાવાળું ન થાય તો પછી તે દેશ ઈંગ્રેજોએ શોધી કહાડયાનું સાર્થક શું થયું ? એવો વિચાર મનમાં આણીને તેમણે તે વસાયતમાંથી

---

† હવે પછીનું વર્ણન ઈંગ્લાંડ હિંદુસ્તાનના જોડાણના સંબંધમાં ઘણુંજ ઉપયોગી અને મનન કરવા જેવું છે. અને વિશેષે કરીને ઈંગ્રેજ કર ભરનારા લાભ ખાતર અહિંની રૈયતનો ભોગ આપવામાં આવે છે એ પ્રકરણ તથા આ દેશમાં રખાતા લશ્કરના ખર્ચનું પ્રકરણ તથા અહિંને નામે થતી લડાઇઓનું પ્રકરણ આથી આપણી પુણ્ય ભૂમિ અને પાતાળ એકકાલીન પરચક્રથી સમાન કારણો અને શક્તિઓથી કેવાં સમદુઃખી છે. તેનું કારણ ભાન વાચક વૃંદને થશે. આ લેખમાં જે ભાગ મ્હોટે અક્ષરે આપ્યા છે તે પ્રજાના બલકે મનુષ્ય જાતિના અનેક ઈતિહાસના અનુભવના જવલંત બોધ છે.—તંત્રી ચંદ્ર.

પુષ્કળ પૈસો મેળવવાના જૂદા જૂદા ઉપાયો યોજ્યા; તેમણે પાર્લામેન્ટમાં ઠરાવ કરીને અમેરિકાની વસ્તીના વેપારને તથા તેની ઉન્નતિને જે અટકાવો નાંખ્યા તે મુખ્ય હતું. પાર્લામેંટનો ઠરાવ એવો હતો કે, આ ઇંગ્રેજ વસાહતમાં રહેનાર લોકોએ સોનું, રૂપું, તાંબુ, લોઢું વગેરે ધાતુઓ ખાણમાંથી ખોદી કહાડવી; તથાપિ તેના કંઈ પદાર્થ ઘડવા નહીં, ખાણમાંથી જેટલી કાચી ધાતુ નીકળે તેટલી બધી ઇંગ્લાંડ મોકલી દેવી બીજા કોઈ દેશમાં મોકલવી નહીં. એ વસ્તીએ ઇંગ્લાંડ વગર બીજો કોઈ દેશ જોડે પાધરો વ્યાપાર કરવો નહીં. આ અને એવાજ બીજા જૂલમી કાયદાને લીધે અમેરિકામાં વસેલા લોકોને ઇંગ્લાંડ ઉપર ઘણો કંટાળો આવવા લાગ્યો. તથાપિ એવો કાયદો કરીને એ ઇંગ્રેજોના લોભની તૃપ્તિ થઇ નહીં. તેમણે ફ્રેન્ચ અને ઇંડિયન લોકો સાથે લડાઇઓ કરવાને જે દેવું કર્યું હતું તે વાળવા સારૂ અમેરિકન વસ્તિ ઉપર "સ્ટાંપઆકટ" નામનો કાયદો અમલમાં આણવાનો ઠરાવ કર્યો. એ કાયદાથી એમ બન્યું કે, દરેક અમેરિકન માણસને રસિદો, કરારનામા વગેરે દસ્તાવેજ ખરા અને કાયદાસર ઠરાવવા સારૂ તેના ઉપર ઇંગ્લંડમાં છાપેલા સ્ટાંપના કાગળ ખરીદ કર્યા વગર એકે દસ્તાવેજ લખવાનો ઉપાય રહ્યો નહીં, ત્યારે અમેરિકન લોકોએ એ કાયદો ઘણો જુલમી માનીને તે અમલમાં આણનારા ઇંગ્રેજ અધિકારીઓ ઉપર ગુસ્સે ભરાઇ તેમના ઉપર અણગમો જાહેર કર્યો. આખરે એ પ્રકરણ વિકોપી થઇને અમેરિકન લોકોના મન ખાટાં થયાનું ઇંગ્રેજોને જણાઇ આવ્યું. એ કાયદો ત્યાં સરાસરી એક વરસ સુધી ચાલ્યો એટલામાં સ્ટાંપની

ઉપજ સરકારને સોળ હજાર પૌંડની થઇ; અને તેટલોજ ખરચ અમેરિકન લોકો પાસેથી જબરાઇથી સ્ટાંપ વેચાણ લેવડાવવાનો થયો. અને ત્યાં ઇંગ્રેજી અમલ કાયમ રાખવા સારૂ જે લશ્કર રાખવું પડ્યું તેના ખરચના ઉપજથી પાંચ ગણા વધારે (૮૦ હજાર પૌંડ) એક વરસમાં ઇંગ્રેજ સરકારને ગાંઠના ભોગવવા પડ્યા.

આ વખતે અમેરિકન લોકોમાં બે પક્ષ હતા. તેમાંના ટોરી પક્ષના લોકોના વિચાર ઈંગ્લાંડની સરકારની તરફેણમાં હતા, પણ વ્હિગ નામના પક્ષના લોકોનો વિચાર પાર્લામેંટના એ કાયદાની વિરૂદ્ધ હતો. સ્ટાંપ આકટથી આપણને કંઈ ફાયદો થતો નથી એમ જોઇને ઈંગ્લાંડની સરકારે તે કાયદો રદ કરી ચા વગેરે કેટલીએક અતિજરૂરની વસ્તુઓ ઉપર કર બેસાડયો. તેપણ અમેરિકન લોકોને ગમ્યો નહી. ઈંગ્લીશ પાર્લામેંટમાં ઇંગ્રેજ લોકોના પ્રતિનિધિ હોય છે, તેવા પ્રતિનિધિ મોકલવાનો અધિકાર અમેરિકામાં વસ્તી કરીને રહેલા ઇંગ્રેજોને નહોતો. ઈંગ્લાંડના લોકોએ પોતાને અનુકુળ આવે એવો કાયદો કરવો અને આપણે તે નીચી મુંડીએ કબુલ કરવો, એ આપણને મોટું લાંછન છે એવું અમેરિકન લોકોને લાગવા માંડયું અને તેમણે કહ્યું કે, જે પદાર્થો ઉપર કર છે એવા પદાર્થો અમે મુદ્દલે ખરીદ કરીશું નહી. સ્ટાંપ આકટ થયા પછી ઘણાખરા તમામ અમેરિકન લોકોનો એવો નિશ્ચય થયો હતો કે ઈંગ્લાંડમાં ઉત્પન્ન થએલા જે પદાર્થ લીધાથી આપણા દેશના વેપારને નુકશાન પહોંચે છે તેવા પદાર્થ આપણે ઉપયોગમાં લેવા નહીં એ તેમના ઠરાવથી ઇંગ્રેજ

વેપારીઓના વેપારને ઘણું નુકસાન થયું. તેવારે તેમની વિનંતિ ઉપરથી ઈંગ્રેજ સરકારે ઘણાખરા સર્વ પદાર્થો ઉપરથી કર કહાડી નાંખીને માત્ર એકલી ચા ઉપરનો કર કાયમ રાખ્યો. એ કર કંઈ ઘણો ફાયદાભરેલો નહોતો, પણ માત્ર ઈંગ્લાંડનું ધણીપણું બતાવનારજ હતો. તોય તેટલોએ અમેરિકન લોકોથી ખમી શકાયો નહીં. ઇંગ્રેજ સરકારે અમેરિકન લોકો ઉપર આપણું ધણીપણું કેટલું છે તે જોવા સારૂં ઇસ્ટ ઈંડીયા કંપની મારફત ચાથી ભરેલાં કેટલાંક વહાણો અમેરિકા મોકલ્યાં. તે ઈ. સ. ૧૭૭૩માં ફિલાડેલ્ફીઆ જેવા મુખ્ય બંદરમાં આવી પહોચ્યાં. તેના ૮ડેલે ન્યુયાર્ક અને ફિલાડેલ્ફીયામાં પોતાનો માલ કોઇ લેતું નથી. એવું જોઇને પાછો ઇંગ્લાંડ ભણી વળ્યો. ચાર્લ્સટન નામે શેહેરમાં વહાણ માંહેલી ચા ઉતરી ખરી, પણ ત્યાંના લોકે તે ખરીદ કરી નહી, તેથી વખારમાં ભરી મુકવી પડી ને ત્યાં પડી પડી કોહી ગઇ. બોસ્ટન શેહેરમાં ઇંગ્રેજી ચાનાં ત્રણ વહાણો ભરાઇને આવ્યાં હતાં. તેમાં ત્યાંના કેટલાએક જુવાનિઆઓએ વહાણ ઉપર જઇને તેમાંની ત્રણસે પેટી ભાંગીને તે ચા દરીઆમાં ફેંકી દીધી. આ ટોળીને હજીસુધી યુનાઇટેડસ્ટેટના લોકો "બોસ્ટન્ ટીપાર્ટી" એટલે ચા લેવા ગએલી બોસ્ટનની મંડળી એમ વિનોદમાં કહે છે. +

આ બોસ્ટન શેહેરમાં થએલા આ તોફાનના સમાચાર

\+ અમે ઇશ્વર પાસે માંગીએ છઇએ કે હાલની એંકાક્ષ નીતિનું તેવું દોરૂણું પરિણામ ન આવે!

ઇંગ્લાંડમાં પહોંચ્યા ત્યારે ઇંગ્રેજ સરકારને બોસ્ટનના રેહેવાશીઓ ઉપર ઘણો ગુસ્સો આવ્યો. તેથી તેણે "બોસ્ટન પોર્ટબિલ" નામનો કાયદો અમલમાં આણીને કોઈપણ ઇંગ્રેજ વેપારીએ બોસ્ટન શેહેર જોડે વેપારનો સંબંધ ન રાખવાનો હુકમ કર્યો. તેથી તે શેહેરના રહેનારાઓને મહાદુઃખ વેઠવું પડયું તથાપિ બીજા ઠેકાણાના લોકોએ બોસ્ટન વાસીઓને જરૂરના પદાર્થો પુરા પાડીને ઘણી મદદ કરી પણ ત્યારથી અમેરિકન સંસ્થાનોમાં ઠેર ઠેર ઇંગ્રેજ સરકારના જુલમીપણાનો હોકારો થઇ રહ્યો. ઇ૦ સ૦ ૧૭૭૪માં બોસ્ટનવાસીઓને શિક્ષા કરેવા સારૂ ઇંગ્રેજી લશ્કર માસેચુસેટ્સ સંસ્થાનમાં આવી રહ્યું. અને આખરે એ વાત ઘણી વિકોપે ચઢી. અમેરિકન સંસ્થાનના લોકો કહેવા લાગ્યા કે, ઇંગ્રેજી પાર્લામેંટમાં અમારા પ્રતિનિધિ કોઈ નથી. જે વડે અમારૂં સારૂં માઠું થવાનું એવા કાયદા કરવામાં અમારૂં મત જરૂર લેવું જોઇએ. અમારૂં મત લીધા વિના અમારા ઉપર મનમાનતો કર બેસાડવામાં આવે તે ઇંગ્રેજ સરકારનું કરવું વાજબી નથી. એ તેમનું યુક્તિ યુક્ત અને કાયદાસરનું બોલવું ઇંગ્રેજ સરકારે માન્ય કર્યું નહીં, એટલુંજ નહીં; પણ તેમને પોતાના દાબમાં રાખવા સારૂ લશ્કર મોકલીને તેમનાજ ખરચથી તે ત્યાં રેહે એવી ગોઠવણ કરી. એ વાત અમેરીકન લોકોને ગમી નહીં. આ વખતે અમેરીકન લોકોએ એકચિત્ત થઇને, પોતાનો હક્ક રાખવાનો પ્રયત્ન કર્યો. તેમણે જૂદે જૂદે સંસ્થાનેથી પોત પોતાના પ્રતિનિધિઓ નિવડીને ફિલાડેલ્ફિયા શેહેરમાં

મોકલ્યા. અને ત્યાં રાષ્ટ્રીયસભા* સ્થાપન કરી. આ સભાના પ્રમુખ પ્રમુખ કામદારો મારફત અમેરિકન લોકે પોતાના દેશના શાસનનું અને વ્યવસ્થાનું કામ ચલાવ્યું. એ પછી ઇંગ્રેજ અને અમેરિકન લોકોની પુષ્કળ લડાઇઓ થઈ. ઈ. સ. ૧૭૭૫ના આખરના ભાગમાં અમેરિકના કોંગ્રેસે જૉર્જ વૉશિંગ્ટનને પોતાના લસ્કરનો અધિનાયક નીમ્યો. ત્યારથી ઇંગ્રેજો સાથે લડીને પોતાનો નિભાવ થશે એવી ઉમેદ અમેરિકન લોકોને આવવા લાગી. ઈ. ૧૭૭૬ના જુલાઇ મહિનાની ચોથી તારીખે અમેરિકન લોકોએ ઇંગ્રેજ સરકાર સાથેનો સંબંધ બિલકુલ તોડી નાંખીને હવે અમે સ્વતંત્ર થયા એવું દુનિઆને જાહેર કર્યું. આ

*કોનગ્રેસ Congress ઈતિહાસનું તેમજ ઈતિહાસ ઉપર અસર કરતા શબ્દોનું અને વિચારોનું નિરંતર આ વર્તનથી મુંજ જાય છે તે પ્રમાણે હાલની આપણી રાષ્ટ્રીય સભા (ઇંડીયન નેશનલ કોનગ્રેસ અને કોનફરન્સો Indian National Congress and Conferences)માં પણ જોવામાં આવે છે. અમેરિકાના સ્વાતંત્ર્ય મહોત્સાહમાં કંઈ રાજા લોકો સામેલ ન્હોતા થયા પણ તે બ્રીટીશ આર્ય લોહી ઉછળી આવ્યું હતું. તેમ અહિંના આ મહોત્સાહમાં સેમીટીય મુસલમાન પ્રજા અથવા ધર્મશંકર કે વર્ણશંકર કેટલીક જાતિયો સામીલ ન થતી હોય અથવા વિરોધી હોય અને શુદ્ધ બ્રાહ્મણો અથવા બ્રાહ્મણી આર્ય પ્રજાનું અગ્રેસરપણું હોય તો તેમાંએ તે અમેરિકન મહોત્સાથી સામ્ય છે. એ પ્રસંગમાં એ ટારી ઇંગ્રેજો આ ભૂકંપ તુલ્ય

વેળાએ અમેરિકન સંસ્થાનમાં મરદ, બઈરાં અને છોકરાં મળીને આસરે ત્રણ લાખ માણસો હતાં તેમની પાસે ઘણો પૈસો નહોતો અને ઇંગ્રેજ સરકાર પાસે હતાં તેવાં લડાઇનાં ઉત્તમ સાધનો નહોતા. તથાપિ તેમની સ્વતંત્રતા મેળવવાની ઇચ્છા એટલી પ્રબળ હતી કે, તેને યોગે તેની સામા જે ડુંગર જેવડાં દુઃખો વારંવાર ઉભાં રહેતાં હતાં તે તેમને તલ માત્ર લાગતાં હતાં. તેમણે આઠ વરસ સુધી ઇંગ્રેજ સરકાર જોડે એકસરખી લડાઇ ચલાવી અને છેવટે ઇ. સ. ૧૭૮૧માં ઇંગ્રેજો ઉપર તેમણે

પ્રજાકંપમાં વિરૂદ્ધ હતા તો આપણને એંગ્લો ઇંડિયનો અને તેમના વિલાયતની પડઘાઓ છેજ અને તે વીહીગ ઇંગ્રેજો જેવા આપણા પક્ષમાં એ વિલાયતમાં લીબરલો, રેડિકલો કે લીબરલ કોનઝરવેટિવો અથવા આપણા રાષ્ટ્રીય સભાપક્ષીઓ છેજ. પણ આર્યોએ ધ્યાનમાં રાખવું જોઇએ અને આ અમેરિકન સ્વાતંત્ર મહોત્સવ આપણને જવલંત સુવર્ણાઅક્ષરે બોધ દે છે કે આપ સમાન બળ નથી અને

દોહરો.

આત્મા બલિ અર્પ્યા વિના, નથી યજ્ઞફળ લ્હાણ
વિશ્વ સૃષ્ટિ વેળા પુરૂષ–મેધ વેદમાં માન્ય.

અર્થાત વિશ્વ સમસ્તની રચના જેવું મહાકાર્ય કરવામાં પુરૂષ પ્રજાપતિ અથવા વિશ્વકર્મા એ આત્મનું (પોતાનું) બલિદાન આપીને પુરૂષમેધ અથવા સ્વર્ગમેધ ઋગ્વેદાદિમાં પ્રસિદ્ધ કર્યાનું વર્ણન જણાય છે.

તંત્રી, ચંદ્ર

જીત મેળવી અને પોતાના યુનાઇટેડ સ્ટેટસ દેશને સ્વતંત્ર બનાવી દીધો. ૧૭૮૩ સુધી તો ઇંગ્રેજ સરકાર વચ્ચે વચ્ચે તેમની જોડે લડાઈ કરતી હતી. તથાપિ અમેરિકાના સ્વતંત્ર સંસ્થાનમાં તેમનું કાંઈ વળ્યું નહીં.

આ લડાઇથી તેમના દેશને પુષ્કળ દારિદ્ર આવ્યું હતું અને નવાંજ સ્થાપન થએલા દેશને જે અડચણો આવવી સ્વાભાવિક છે. તે સઘળી આવી હતી. તથાપિ વૉશિંગ્ટન, ફ્રાંકલિન, જેફ્રસન વગેરે વિદ્વાન, દૂરદર્શી અને દેશ હિતૈષી માણસની બુદ્ધિ અને રાજનિતિને બળે તેમની સઘળી અડચણો દૂર થઈ. ઇ. સ. ૧૭૮૭માં યુનાઇટેડ સ્ટેટસની દેશ્યસભાએ એક રાષ્ટ્રીય શાસનપદ્ધતિ તૈયાર કરીને તે પોતાના દેશમાં ચાલુ કરી. તે વડે યુનાઇટેડ સ્ટેટસમાં રાજ્ય વ્યવસ્થા ઉત્તમ રીતે ચાલીને ચારે મેર સ્વસ્થા પથરાઈ. વળી તેજ વડે આ સ્વતંત્ર સંસ્થાનના લોકો પરમ સુખી થતાં તેમનો દેશ પૃથ્વી માંહેલા બીજા બધા દેશ કરતાં વધારે સંપત્તીમાન અને ઉન્નત થયો છે, તે યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રિયશાસન પદ્ધતિ વિશે હવે થોડો વિચાર કરીએ.

શાસન પદ્ધતિ.

આપણા દેશની જુની રાજનીતિમાં સાત રાજ્યાંગો, સ્વામી, અમાત્ય, મિત્ર, કોષ રાષ્ટ્ર, કિલ્લા અને સેના, હતાં. રાજ્ય એટલે રાજાની સત્તામાં આવેલો દેશ, અને રાજ્યનું મુખ્ય અંગ એટલે સ્વામી—રાજા એમ માન્યું છે. એ ઉપરથી રાષ્ટ્રે કોષ એ-

ટલે રાજાનું ધન, પ્રજા ઇત્યાદિ વસ્તુ રાજાની સગવડ અને સુખ માટે નિર્મેલી છે એમ સૈર્વની સમજ થએલી છે. પ્રાચીન કાળથી ચાલતા આવેલા "બળીયાના બે ભાગ" આ કહેવત પ્રતિપાદિત જંગલી રીત પ્રમાણે રાજા દેવ અને રાજાનાજ હાથમાં પ્રજાના નશીબ હોવાના "યથા રાજા તથા પ્રજા" અને "રાજા કાલસ્ય કારણ" આ વાકયમાં રાજાનો પ્રજા ઉપર એકાધિપત્ય અને મરજીમાં આવે તે પ્રમાણે કરવાની તેને સ્વતંત્રતા લોકોના મનમાં કેવાં ઠશી બેઠાં છે તે સ્પષ્ટ જણાઈ આવે છે. રાજાવિના એટલે એકાદ જોરાવર શાસનકર્તા વગર એકાદો દેશ સારી સ્થિતિમાં હોઈ શકે, એવી કલ્પનાએ પ્રાચીનકાળના લોકોના મનમાં આવી નહોતી. માટે તેમણે "અંધાધુંધી" અથવા ઝોટીંગ બાદશાહીને અરાજક (રાજશુન્ય અથવા રાજાનો દાબ જ્યાં નથી એવો દેશ) નામ આપ્યું હશે.

યુનાઇડ સ્ટેટસના પ્રજાસત્તાક દેશમાં એવી સમજણ બીલકુલ નથી. ત્યાં રાજા નથી ને પ્રજાએ નથી તોય આ દેશની શાસન પદ્ધતિ સર્વોત્કૃષ્ટ છે. ત્યાં અંધાધુંધી કે ઝોટીંગ બાદશાહી નથી. તેનું કારણ શું એ કહેવાનો આ પ્રકરણનો મૂખ્ય વિષય છે. જે ઉતમ નીતિના દૃઢ પાયા ઉપર તે અદભુત લોકસત્તાક દેશરૂપી ઈમારત બાંધેલી છે, તેનો સારાંશ આ નીચે ઉતારી લીધેલા વાકયમાંથી મળી આવે છે,

સર્વ માનવી પ્રાણી સ્વતંત્ર અને સમાન કરીને સરજેલાં છે, અને સૃષ્ટિ કર્તાએ તેમને જિંદગી સ્વતંત્રતા અને સુખ પ્રાપ્ત

કરી લેવાનો યત્ન ઇત્યાદી કેટલીએક અનપહરણીય ‡ બક્ષીસો આ-પેલી છે એ સત્યો સ્વતઃપ્રમાણ % છે એવું અમે માનીએ છીએ.

આ સર્વ વાતના આધાર ભૂત નિયમમાં આ દેશનાં રેહે-નાર માણસ માત્રોનું એકબીજા જોડે સામ્ય પ્રતિપાદિત છે. ત્યાંના સર્વ કાયદા, સર્વ રીતરીવાજ અને કલ્પના આ સર્વ સના-તન સત્ય ઉપર અવલંબી રહેલાં છે. એમાં અમુક એકને અમુક હક છે અને અમુકને તે નથી એવો અર્થ કહાડવાની તેમાં બિલકુલ જગા રાખી નથી. માટે ઉચ્ચ નીચ જાતિ અને કુળભેદ સંભવતો નથી. એ અમેરિકન જાતિ એક છે. આપણા દેશમાં કૃતયુગમાં જેવો એક શુકલ વર્ણ હતો, માટેજ સર્વ લોકો એક વિચારથી ચાલતા—અને એજ કારણથી કૃતયુગમાં સર્વ લોકો સુખી અને સમાન હતા. તેજ પ્રમાણે આ દેશમાં તેમની એક જાત હોવાથી તેમને એકીમાંથી ઉત્પન્ન થનારા સર્વોત્કૃષ્ટ સુખો પ્રાપ્ત થયાં છે. અહીંયા કોઇ પોતાની અમુક જાત અને પોતાનું અમુક કહીને પોતાની બડાઈ મારે તો તે અમેરિકન મહાજાતિનું અપમાન કરે છે એમ મનાય છે. અમેરિકનોની કુળ દેવી સ્વતં-ત્રતા પોતાના દેશમાં આવેલા દરેક (ચીના લોકો સિવાય) માન-વી પ્રાણીના કપાળ ઉપર "અમેરિકાના જાનપદ ||" એવું નામ

---

‡ ખુંચી ન લઈ શકાય એવી.

% જેની સત્યતા સિદ્ધ કરવા સારૂ બીજું પ્રમાણ જોઇતુ નથી, પોતેજ પોતાનું પ્રમાણ છે. તે.

|| American citizen એનું ભાષાંતર અમેરિકાના

લગે છે. એ નામ જે ભાગ્યશાળી માનવીઓના કપાળ ઉપર ચમકે છે, તેને રત્નભૂષિત મુગટ ધારણ કરનારા હજારો માણસો કરતાં વધારે મર્યાદા અને અધિક ભૂષણ આપણને છે એમ લાગે છે. રત્નજડિત મુગટ ધારણ કરનારા રાજાનેએ તેમની અદેખાઇ થાય એમાં નવાઇ નથી.*

[આ ખોટું લાગે એમાં પંડિતા કહે છે તેમ નવાઇ નથી:

જાનપદ એમ કર્યું સિટિઝન (citzen) એ શબ્દનો સાધારણ અર્થ શેહેરવાસી થાય છે. તથાપિ અમેરિકાના સંયુકત દેશમાં આ શબ્દનો અર્થ ઉપલા અર્થ કરતાં ઘણો ઉંડો અને આવો થાય છે. ત્યાં સીટીઝન એટલે જે તે દેશનો રેહેવાસી અને જેને શાસન કરવાનો અધિકાર છે એવો સમજાય છે. આપણી ભાષામાં આ શબ્દનો અર્થબોધ કરનારો એકે શબ્દ નથી. "જાનપદ" એ સંસ્કૃત શબ્દ અમેરિકાના સિટિઝન શબ્દને કેટલીક રીતે મળતો આવે છે. જાનપદ એટલે દેશમાં રહેનારો એવો એનો અર્થ છે તેને થોડો બદલીને જનપદ એટલે જેની જેની સત્તામાં છે તે એવો બહુવ્રી સમાસ કરવાથી "જાનપદ" એ શબ્દ અમેરિકન સિટિઝન શબ્દનો પ્રતિ શબ્દ કરવામાં કંઈ ચિંતા નથી. (આને બદલે નાગર શબ્દ Citizen નો યોગ્ય પર્યાય થાત.)

* આ ગ્રંથ કર્તી પંડિતાબાઇએ આ અમેરિકન રાજ્યનાં વખાણ આ દેશના એક મોટા મહારાજા આગળ કર્યા હતાં તે સાંભળીને તે મહારાજાને માઠું લાગ્યું હતું એમ અમે સાંભળીને ઘણા દલગીર છઇએ.

કારણુ કે હાલના રાજ-પદમાં અને સ્વાતંત્ર્યમાં એકાંતિક વિરોધ અંધકાર અને પ્રકાશ જેવડો મ્હોટો છે. આપણા દાસ્ય શૃંખલામાં-પછી તે યુગોયુગના પરંપરા પ્રાપ્ત યવને પદાઘાત અને વ્હેમના લત્તા પ્રહારના સંસ્કારથી જડીભૂત કહો કે આર્યત્વ વિછિન્ન કહો તેવા-બંધાઇ ગએલા દેશી રાજાઓ આપણા દેશની પાયમાલીનાં ખંડેરોમાં અધોમુખ ઉલૂકવત્ ઝુલતા હોય તેમને આ અમેરિકા ભૂમિનો અખંડાનંદ જ્યોતિઃસ્વરૂપ બૃહન્માર્ત્તંડ પ્રકાશ ક્યાંથી પ્રિય હોય. સરસ્વતી, સ્વતંત્રતા, અને સ્વદેશ પ્રીતિજ અજ્ઞાન પટળ દુર કરી તેમનો અને અમારો પ્રકાશ દુર કરવા સમર્થ છે. અમારા દેશનાદેવર્ષિ અને બ્રહ્મવર્ષિ વેશના મહર્ષિ બ્રાહ્મણો કે પુણ્ય પ્રતાપી રાજર્ષિ ક્ષત્રિયો હવે આ કાળ કળિકાળમાં રહ્યા નથી તો આ આર્યવર્ત્તના પુનરૂદય કાળમાં અમારે હવે મધ્યકાલીન અંધકારમાં પોતાને ભૂદેવ મનાવતા આચાર્ય-ગુરૂઓ કે "સર્વદેવમયો રાજા" મનાવતા રાજાઓ નથી જોઈતા પણ ભારતવર્ષિય ધર્મ મહામંડળે રાજયછત્ર ચામરાદિ ભૂષિત વેદાદિશાસ્ત્રો સિંહાસનસનસ્થ દર્શાવી રૂપક પ્રયોજ્યું છે તેવુંજ અમારી ભારતવર્ષીય સ્વતંત્ર સંયુક્ત જનતાનુ અમારા ભરતખંડના ભાવિરાજ્ય સિંહાસન ઉપર સામ્રાજ્ય અભિષિક્ત થતુ જોવા ચાહિયે છઇએ! ઈશ્વર તે અમારો શુકવણી પ્રજાની એકતા અને સમાનતાનો કૃતયુગ સત્વર પ્રવર્ત્તાવો એવી અમારી તેને પ્રાર્થના છે!!! તથાસ્તુ.)

"એ રાષ્ટ્ર લોકોનો, લોકો માટેજ, અસ્તિત્વમાં આવેલો છે, અને લોકોએજ તે ચલાવેલો છે." આ અમેરિકન જાનપદને

મૂળમંત્ર છે. અહીં વૉશિંગટન, લિંકન્ અને ગ્રાંટ જેવા દેશાધ્યક્ષનુ કે ફ્રાંકલિન્, જેફરસન અને એમર્સન્ જેવા વિદ્વાનનું મત એકાદાય:ક્ષિત નિગ્રો જાનપદ કરતાં રતિપુર પણ વધારે ન ગણાતાં આ દેશના જાનપદને સંબધે. તે પ્રસિદ્ધ પુરૂષને જે જે હકો હતા તે માંહેનો એકે હક 'જેને' મળતો નથી એવો એકે જાનપદ અહીં નથી.

યુનાઇટેડ સ્ટેટસના જૂદાં જૂદાં સંસ્થાનોની શાસન પદ્ધતિમાં ઘણો ભેદ છે અને તેમના કાયદાઓ નિરનિરાળા પ્રકારના છે. એ રાષ્ટ્ર લોકોની સત્તામાં આવ્યો ત્યારે અહીં ઈંગ્રેજી કાયદા ચાલતા હતા, તેજ થોડા બદલીને કાયમ કરવામાં આવ્યા હતા. તથાપિ લોકોમાં સુધારો થઇને તેમના વિચારો બદલાતા ચાલ્યા, તેમ તેમ જુના કાયદાઓમાં પણ સુધારો થતો ગયો. આણીમેર ચાળીસેક વર્ષમાં જે સંસ્થાનો આ રાષ્ટ્રને જોડવામાં આવ્યાં, તે માત્ર અમેરિકન તરેહવારનાં છે. તેમાંના કાયદા સરળ છે. અને જુના સંસ્થાનો પણ દિવસે દિવસે આપણા નવા ભાઇબંધોનુ અનુકરણ કરે છે.

સ્થાનિક રાજ્ય વ્યવસ્થા.

રાષ્ટ્રરી શાસન પદ્ધતિ એ માત્ર સ્થાનિક અને પ્રાંતિક રાજ્ય વ્યવસ્થાનું મોટું રૂપ છે. સ્થાનિક રાજ્ય વ્યવસ્થા બીજ જેવી છે અને તેનાથી ઉત્પન્ન થનારૂં જે રાષ્ટ્રીય શાસનરૂપી વૃક્ષ પણ બીજની જાતનુજ છે અને તેની યોગ્યતા તથા ફળ

ઉત્પાદન શક્તિએ બીયાંની યોગ્યતા ઉપરજ આધાર રાખીને હોવી જોઇએ; એ સત્ય સ્વતઃસિદ્ધ છે માટે આ લોક સત્તા-દેશની શાસન પદ્ધતિનો વિચાર કરવા પેહેલાં તેમા મૂળ કારણનું સ્વરૂપ કેવું છે તે જોઇએ.

આ યોવા સંસ્થાન નવી અમેરિકન રેહનું છે તે આ દેશના દાખલા રૂપ સંસ્થાન છે. એક વેળાએ એ સંસ્થાન ઝાડ ઝાંખરાથી ભરેલું હતું. કેટલાએક વખત પેહેલાં હું આ યોવા સંસ્થાનમાં હતી, ત્યાં જઇ જેમણે પ્રથમ વસ્તી કરી એવા, એવા કેટલાએક લોક સાથે મારે ઓળખાણ થયું. તેમણે જ્યા રીતે અહીં વસ્તી કરી અને સ્થાનિક રાજ્ય વ્યવસ્થા સ્થાપી તેની હકીગત હું નીચે આપું છું.

પ્રથમ એક હિંમતવાન ઉદ્યોગી માંણુસ પોતાના નશીબની પરીક્ષા સારૂ પોતાની બઇરીને સાથે લઇને અથવા એકલોજ ઘરમાંથી નીકળીને નવા અને જંગલી મુલકમાં જાય છે. તેની પાસે એક કોહાડો, કેટલાંએક હથિઆરો, રાંધવાનાં વાસણ એક ઘોડાની જોડ, અને થોડાં બીયાં એટલો સામાન હોય છે. તે પોતાની પસંદગીની જંગાએ જઇ પહોંચ્યા પછી જાતે ઝાડ તોડીને એક ઝુપડું બાંધે છે; પછી રાન તોડીને જમીન ખેડી કરીને તે વાવે છે અને એક નાનું ખેતર તૈયાર કરે છે અને ફળ ઝાડો પણ વાવે છે. કેટલાએક દિવસ પછી વળી બીજા પાંચ દશ જણા તેનો દાખલો પકડીને ત્યાં આવી તેની પડોશમાં થોડે થોડે છેટે પોતપોતાને માટે જમીનના કકડા પસંદ કરીને તે ઉપર ઝુંપડાં કે ઘર બાંધીને રહેવા માંડે છે. એવી રીતે દશ

પંદર કુટુંબો એક ઠેકાણે રહેવા લાગ્યાં કે, તરત બે અગત્યની વાતો ઉપર તેમનું ધ્યાન લાગે છે. તેમાંનું પેહેલું એક ઘરમાંથી કે બજારમાંથી બીજે ઠેકાણે જવા આવવા સારૂ સોઇવાર રસ્તા બાંધવા અને બીજું પોતાનાં છોકરા સારૂ નિશાળ સ્થાપવાનું છે. આ સવડ કરી આપનાર ત્યાં સરકાર નથી તેથી તે ગરીબ વસેલા પોતાની અગવડ દૂર કરવાને પોતેજ પ્રયત્ન કરે છે. કેટલાએક દિવસ પછી ત્યાં પાંચ પચીસ જણાની સભા ભરાય છે. સભાસદો આ કામ માટે આપણે આટલી રકમનો કર આપીશું એમ પોતપોતામાં કરાર કરે છે. હવે આ કર કેટલો આપવો તે ઠરાવનાર, તે જમા કરનાર તેની યોગ્ય વ્યવસ્થા કરનારા, અને તેનો જમા ખરચ લખી રાખનારા, એવાં જૂદાં જૂદાં કામો તપાસનારા માણસોની જરૂર પડે છે ત્યારે કર બેસાડનારા, જમાબંધી કરનારા, ગામની દેખરેખ રાખનારા તલાટી ઇત્યાદિ કામદારો મુકરર થાય છે તેના પછી ચોકીદાર અને હલકા દરજ્જાના ન્યાયાધીશની યોજના થાય છે.

ગામમાં રેહેનારાની સવડ માટે એવાં કામની અને કામદારની નીમણુંક થાય છે તે સર્વનું મત લઇને થાય છે. એકદા મજકુર સર્વ રેહેવાશીઓમાંહેથી કોઈ પણ અમુકને અમુક જગા ઉપર નીમવો, અને આટલાજ પૈસા ફલાણા કામમાં લગાડવા એવી સૂચના કરે છે. તે ઉપર સર્વના મત લેવામાં આવે છે. (આ મતને વોટ કહે છે) તે પછી ઘણાં લોકના મત જે માણસ અથવા વાતને અનુકૂળ આવે તે પ્રમાણે તે માણસની ધારેલા કામ ઉપર યોજના ઇતિયાદિ વાતો કરવામાં આવે છે.

આવી રીતે સર્વ વાતમાં પ્રજામત લેતાં કોઇને પણ કુળના ઉંચનીચપણા માટે, જાતિમાટે કે યોગ્યતા માટે પ્રશ્ન કરવામાં આવતો નથી. માણુસ ગમે તે જાતનો હોય પણ તે ગામનો રહેવાસી સંભાવિત (કાયદાસર વર્તણુકનો છે, અપરાધી નથી, ગાંડો કે ભ્રમિષ્ટ નથી, તેનું વય એકવીસ વર્ષની અંદર નથી, તે પુરૂષ છે. બઇરાને હજી સુધી કાયદાસર હકક મળ્યા નથી, માત્ર વાયોમિંગ તથા કયાન્સસ નામની જગાએ તેમને હક છે) એટલી વાતો તેને અનુકૂળ હોય એટલે બસ. પછી તે ગરીબ હો કે તવંગર હો, વિદ્વાન હો કે અવિદ્વાન હો, કાળો હો કે ગોરો હો, તેના મતનું વજન દેશાધ્યક્ષના મતના વજન કરતાં એક રતીપુરે ઓછું વત્તુ ગણાતું નથી.

આ રાષ્ટ્રીય શાસન પદ્ધતિમાં ગામની એટલે સ્થાનિક રાજ્યવ્યવસ્થા એ ઘણા મહત્વની છે. દરેક ગામની રાજ્યા-વ્યવસ્થામાં રાષ્ટ્રીય રાજ્ય વ્યવસ્થાના ઘણાખરાં બધાંજ મૂળતત્વો છે. દરેક ગામ પોતપોતાને ઠેકાણે એક સ્વતંત્ર રાષ્ટ્રજ છે એમ કહીએ તો ચાલે. આપણા દેશની સ્થાનિક રાજ્યવ્યવસ્થાને કમજોર કરનારી અપૂર્ણતા અને અલ્પ સ્વતંત્ર-પણું તથા હેલ્લાસ એટલે ગ્રીસદેશના સ્વતંત્રપણાનો નાશ કરવાને કારણભૂત થએલું અતિ સ્વાતંત્ર્ય, એ બને યુનાઇટેડ સ્ટેટ્સની સ્થાનિક રાજ્ય વ્યવસ્થામાં નથી, એ ઘણું સારૂં છે. આપણા દેશની સ્થાનિક વ્યવસ્થામાં સ્વરાજ્યનાં કેટલાંક મૂળ-તત્વો છે. આપણા લોકો જેને "પંચાયત" કહે છે તે એક પ્રકારની લોક પ્રતિનિધિની મંડળીજ છે એમ કહીશું ચાલશે.

તથાપિ લોકસત્તાક રાજ્યમાંહેલી લોકનિયુક્ત મંડળી પ્રમાણે એનામાં કર્તૃત્વ શક્તિ નથી, તેનું કારણ કે આ મંડળી ગામ માંહેના પાંચ દશ આગેવાન લોકોએ પસંદ કરેલી હોય છે. સઘળા લોકોએ વિચાર પૂર્વક જાહેર રીતે પોતાના મત આપીને ચુંટી કહાડેલી મંડળી અને આ મંડળીમાં ઘણો તફાવત છે. એને સર્વ સાધારણ લોકમતનું પીઠબળ નથી હોતું; કાયદાસર રીતે અને સુવ્યવસ્થાથી કરેલી વાતને જેટલું મહત્વ અને કર્તુત્વ શક્તિ હોય છે, તેટલું મહત્વ અને શક્તિ આ મંડળીને હોવાનો સંભવ નથી. એ વગર પંચને પસંદ કરવાનું કામ કોઇ કોઇવાર જે બે જૂદી જૂદી ટોળીઓમાં વેરભાવ હોય છે તેમનાજ હાથમાં હોય છે, તેને સાર્વજનિકપણું મુદલે નથી. જે વાતમાં સાર્વજનિકતા નથી તેમાં સાર્વજનિનત્વ (સર્વ લોકોને ફાયદાકારકપણું) સંભવતું નથી, માટેજ આપણા દેશમાં પંચાયતો હતી તોપણ સ્થાનિક સ્વરાજ્યનું જ્ઞાન અને તેનાથી થનારો સુખ તથા તે વડે મનુષ્ય સમાજમાં આવનારી એકી, એમાંથી એકે આપણા લોકોમાં જોવામાં આવતું નથી.

હેલ્લાસ (ગ્રીસ) દેશમાં જે વેળાએ પ્રજાસત્તાક રાજ્ય હતું ત્યારે ગ્રીક લોકોને સ્થાનિક સ્વતંત્રપણું ઘણા મહત્વનું લાગતું હતું. તે દેશમાં યુનાઇટેડ સ્ટેટસના જેવું સંયુક્ત પ્રજાસત્તાક રાજ્ય કદીએ સ્થાપન થયું નહીં ગ્રીક લોકે પોતાનું સ્વરાજ્ય ચિરસ્થાઇ થાય એવો બળવાન અને બહુ વિચાર કરીને કરેલી સાધારણ શાસન પદ્ધતિ નીમીને તે આખા દેશમાં ચાલુ કરી નહોતી. ગ્રીક પ્રજાસત્તાક રાજ્ય એટલે દરેક

શેહેર સ્વતંત્ર અને પૂર્ણ રાજ સત્તાધારી હતાં. એવાં ઘણાં પૂર્ણ સત્તાધારી શેહેરો પાસે પાસે હોય ત્યારે એકાદ સાધારણ કે વિશેષ કારણથી તેઓમાં કોઇને કોઇવારે ટંટો ઉત્પન્ન થવાનોજ. તો પછી એક નાના શેહેરે બીજા શેહેર સાથે લડાઇ ચલાવી તો તે બે પક્ષમાંથી એક પક્ષજ જીતવાનો. તેને લીધે તેઓમાં ઉત્પન્ન થએલો વૈરાગ્ની હમેશ ધુમાયા કરશેજ. એવાં એક બીજામાં લડનારાં નાનાં નાના શેહેરોને એકાદ જોરાવર દેશ સાથે લડાઇમાં ટક્કર મારવાનુ કામ શી રીતે બનશે? તેમણે એકબીજા જોડે મિત્રાતોથી વર્તીને સંપમાં રેહેવા સારૂ સર્વને એક પાસમાં ગુંથનારી એક સર્વમાન્ય સામાન્ય રાજનિતિ મુળેજ નહોતી. જે તે પોત પોતાને ઠેકાણે સ્વતંત્રજ. એને જે લાગે તેવું તે કરે. એવા દરેક સ્વતંત્ર શેહેરમાં હોનારા ગેરબંદોબસ્તને લીધે, એકબીજાથી છુટા રહેલા ગ્રીસનાં અનેક પ્રજાસત્તાક રાજ્યને પરચક્રનો જોરાવર ધક્કો બેઠો. ને તેથી તે એક પછી એક નાશ પામ્યાં. ગ્રીશ દેશના અક્રિકા નામે પ્રાંતમાં એક સમયે ઘણાં શેહેરો મળીને એક રાષ્ટ્ર બનાવવાની તજવીજ કરી હતી. તે સફળ થઇ નહીં. તેનું કારણ કે સંયુક્ત રાષ્ટ્ર થવાને જૂદાં જૂદાં સ્વતંત્ર શેહેરોએ જેટલો પોતાનો મહત્વનો અધિકાર ખુશીથી રાષ્ટ્રને હવાલે કરીને રાષ્ટ્રને જેટલી મજબૂતી આપવી જોઇએ તેટલી આપી નહોતી, એ એક અને બીજું કારણ એવું કે, એવો એકસંપ કરવાનો મનસુબો તેઓમાં ઉત્પન્ન થઇ તે પ્રમાણે કાર્ય કરીને ફળદ્રુપ થવાને જેટલો કાળ મળવો જોઇએ તેટલો મળ્યો નહોતો. માસિડોનિયા અને રોમ એ બે

દુશ્મનોએ અદ્દિકાની ભૂમિ ઉપર એણીની અમૃતવલ્લી ઉગીને તેનાં મૂળ ઉંડાં ઉતરે તેની પેહેલાં તેના ઉપર પ્રહાર કર્યો, દરેક શેહેર અને ગામના રેહેવાસીએ પ્રતિનિધિ ચૂંટી કહાડીને તેમને પોતાની આગેવાની સોંપી, પોતાની વતી બોલવાને તથા કાર્ય કરવાને પૂર્ણ અધિકાર આપીને, એક સાધારણ સંસ્થાનિક કે રાષ્ટ્રીય કાયદા કરનારી સભામાં મોકલી, ત્યાં બહુ મતે ઠરેલા કાયદા પોતપોતાના શેહેરમાં ચાલુ કરવાની કલ્પનાએ ગ્રીક અથવા રોમન લોકોના મનમાં આવી નહોતી. બીજા એક શેહેરમાં ઘડેલા કાયદા આપણા શેહેરમાં ચાલુ કરીએ તો આપણા સ્વતંત્ર સત્તાધારી શેહેરનું અપમાન કર્યા જેવું થાય એમાં કશી નવાઇ નથી. ગામની અથવા પ્રગણાની સ્વતંત્રતા વિશેના વિચાર ગ્રીક અને રોમન લોકોમાં ઘણું કરીને સરખાજ હતા.

યુનાઇટેડ સ્ટેટસ્‌ની સ્થાનિક રાજ્ય વ્યવસ્થામાં ઉપર કહેલા પ્રકારની અલ્પ સ્વતંત્રતા અને અતિ સ્વતંત્રતા નથી, એ વાત આ દેશની શાસન પદ્ધતિ કેવી છે તે સમજ્યા પછી સેહેજ ધ્યાનમાં આવશે. આ શાસન પદ્ધતિમાં સ્થાનિક, પ્રાંતિક અને સ્થાનિક રાજ્ય વ્યવસ્થામાં જેટલું સ્વતંત્રપણું હોવા વગર રાજ્ય વ્યવસ્થામાં સ્થિરતા અને કાર્ય કારિત્વ આવે નહી તેટલું તેનામાં છે. અને જે સ્વતંત્રતા તેમાં હોવાથી ગામ, તાલુકા અને સંસ્થાનમાં વિરોધ ઉત્પન્ન થઇને કુસંપથી દેશને નુકશાન થવાનો સંભવ છે, તે સ્વતંત્રતા તેનામાં બીલકુલ નથી.

૭ મૈલ સમચોરસ જમીનના ભાગને ટાઉનશિપ એટલે ગામોતી કહેવાય છે. તેજ પ્રમાણે સરકારી મોજણીદારો પાસે

જમીન મપાવીને, તાલુકા, સંસ્થાનો ઇતિયાદિ દેશના વિભાગ કરેલા છે. ઉપર કહેલાં ગામો પ્રમાણે જ્યાં જ્યાં નવા ગામો વસવા માંડયાં એટલે બાર કે પંદર ગામોનો એક જથો બનીને એક તાલુકો થાય છે.

તાલુકા.

તાલુકાના વચળા કામદાર ગામના કામદારની પેઠે પ્રજામતે ચૂંટી કહાડીને તે તેના કામ ઉપર નીમવામાં આવે છે. તેઓ ઘણું કરીને બે વરસ સુધી પોતાના અધિકાર ઉપર રહે છે. કેટલાંએક સંસ્થાનમાં દર વરસે એવા કામદારોની ચૂંટણી થાય છે. તે કામદારોને તે તે ઠેકાણાના ઠરાવ પ્રમાણે દરમહિને પગાર મળે છે. પણ તે ઘણોજ વિચાર પૂર્વક બાંધેલો હોય છે. તાલુકાનું મુખ્ય ગામ કયું એ પણ તાલુકાના સઘળા લોકોના વિચારથી ઠરાવવામાં આવે છે. થોડા થોડા વખતને તફાવતે ચૂંટણી થઈ ને તાલુકાના નાજર, ફોજદાર, રસ્તાઓની દેખરેખ કરનારા અને વિદ્યાખાતાની તપાસ રાખનારા વગેરે બીજા અધિકારીઓની લોકાનુંમતે નેમણુક થાય છે. એટલુંજ નહી; પણ તે તે ઠેકાણાના કનિષ્ટ પ્રતિના ન્યાયાધિશો પણ લોકોની પસંદગીથી ચૂંટી કહાડવામાં આવે છે. ન્યાયાધીશની યોજના લોકપસંદગીથી થાય એ ઘણું સારૂં છે. કારણ કે ન્યાય જેવી સાર્વજનિક વાત સાથે સર્વ લોકોનો ઘણો નિકટ સંબંધ હોય છે. ગરીબ ગુરબાં મેહેનત મજુરી કરીને ગુજરાન ચલાવનારા બચરવાળ લોકોના નશીબની દોરી ન્યાયાધિશ જેવા અધિકારીને હાથ હોય છે.

તે અધિકારી જ્યારે બેદરકાર, કઠોર મનનો ઉદ્ધત અને જૂલમી હોય તો ગરીબ, અધિકાર વિનાના લોકોના જીવ, પૈસા અને આબરૂ કેટલાં જોખમમાં હોય છે, એનો કોઇને કહેવું ન પડે. રાજશાસિત રાજ્યમાં અજ્ઞાન અને પોતાની મેહેરબાનીવાળા અધિકારીનાં હાથમાં સઘળા કામો સોંપીને કેવળ એશઆરામમાં નિમગ્ન હોનારા રાજાના રાજ્યમાં એ વાતનાં ઉદાહરણો ઠામ ઠામ નજરે પડે છે. એવા અધિકાર એક માણસના કે એકાદ કલ્પેલી મોટી પાધ્વના મુકરર કરેલા વર્ગના હાથમાં હોય છે. સર્વ લોકોના સુખ દુઃખનો જેની જોડે નીકટ સંબંધ છે એવા અધિકાર છતાં તે તેમની પાસેથી ખૂંચી લેવાની સત્તા લોકોને ન હોવી એ ઘણું માઠું છે. એમ થવાથી ગરીબ ગુરબાને યોગ્ય ન્યાય મળતો નથી. શ્રીમંત જોરાવર અને અધિકારી લોકોનીજ ઘણું કરીને જીત થાય છે, અને ત્યાં દરરોજ અન્યાયના પગ-નીચે ન્યાય દેવતાનું બળીદાન આપવામાં આવે છે.

સંસ્થાનો.

ઉપર કહેલા પ્રકારના પુષ્કળ તાલુકા મળીને એક સંસ્થાન થાય છે. તાલુકાની રાજ્ય વ્યવસ્થા જેમ સ્થાનિક રાજ્ય વ્યવસ્થા-નું મોટું રૂપ છે, તેમજ સંસ્થાનિક રાજ્ય વ્યવસ્થા એ તાલુકા-ની રાજ્યવ્યવસ્થાનું મોટું રૂપ છે. દરેક સંસ્થાન ઉપર એક મોટો અધિકારી હોય છે તેને ગવર્નર કહે છે. તે તે સંસ્થાનના સર્વ લોકોની સંમતિથી ચૂંટી કહાડવામાં આવે છે. યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખનો જેવો આખા દેશ સાથે સંબંધ છે તેવોજ સંસ્થાન

સાથે ગવર્નરને સંબંધ છે. સ્થાનિક અને તાલુકાની રાજ્ય વ્યવસ્થા કરતાં સંસ્થાનિક રાજ્ય વ્યવસ્થામાં એક બે અંગો વિશેષ્ય છે અને તે ઘણા મહત્વનાં છે. દરેક સંસ્થાનને પોતપોતાના કાયદા કરવાનો અધિકાર છે. સંસ્થાનના મુખ્ય શેહેરમાં એક સંસ્થાનિક સભાગૃહ હોય છે. તેમાં સંસ્થાનના કાયદા કરનારી સભા, ગવર્નરની આફીસ, સંસ્થાનની વડી અદાલત, સંસ્થાનના કેળવણી ખાતાંના મુખ્ય અધિકારીની આફીસ એટલું હોય છે. દરેક સંસ્થાનમાં કાયદા કરનારી સભાના બે ભાગ હોય છે. તે માંહેના એકને લોક પ્રતિનિધીની સભા કહે છે અને બીજા ભાગને કારભારીઓની સભા કહે છે. લોક પ્રતિનિધીઓ અને કારભારીઓ બંને સંસ્થાન માંહેલી તમામ પ્રજાના ચુંટી કહાડેલા હોય છે. એ બંને મંડળી મળીને સંસ્થાનને માટે સર્વ કાયદા બાંધે છે. યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય શાસન પદ્ધતિની વિરૂદ્ધ ન હોય એવા કાયદા કરવાનો સંસ્થાનિક સરકારને અધિકાર છે. સંસ્થાનમાં કાયદા અમલમાં આણવાનું કામ ગવર્નરનું છે. સંસ્થાનની વડી અદાલતમાં ન્યાયાધીશ હોય છે, તે રાષ્ટ્રીય સભાનું અનુમત લઇને દેશાધ્યક્ષે નિમેલા હોય છે અને તે સંસ્થાનિક રીત પ્રમાણે પોતાની આગળ આવેલા કજીઆનો ઇન્સાફ કરે છે. સંસ્થાનિક વિદ્યાખાતાનો વડો અધિકારી આખા સંસ્થાનની નિશાળોની દેખરેખ રાખે છે. દરેક સંસ્થાનનો ખજાનો જૂદોજ હોય છે. સંસ્થાનની જમાબંધી વગેરે સંસ્થાનની સરકારજ કરે છે. તેવીજ રીતે દરેક સંસ્થાનનું લશ્કર ખાતું એ જૂદુંજ હોય છે. માત્ર એ ખાતાનો ઉપયોગ દેશનાં જૂદાં જૂદાં

સંસ્થાનો પોતપોતાના વચ્ચેના કજીયામાં કરી શકતાં નથી, અને યુનાઇટેડ સ્ટેટસના એકજ સંસ્થાનને કોઈ પણ પરદેશ જોડે લડાઇ કે સલાહ કરવાનો અધિકાર નથી. તે અધિકાર તો રાષ્ટ્રીય સરકારનેજ છે. સંસ્થાનિક, લસ્કરી ખાતાનો અને વિદ્યાખાતાનો ખરચ સંસ્થાનિક સરકારેજ ચલાવવાનો નિયમ છે. મતલબ કે એક સ્વતંત્ર, રાજ્યને કે દેશને જેટલો અધીકાર અને અંગો હોવાં જોઇએ તેટલાં તે સ્થાનિક રાજ્ય વ્યવસ્થામાં નજરે પડે છે. પરદેશ જોડે કોલકરાર વગેરે કરવાના કેટલાએક મોટા અધિકાર સર્વની સગવડ માટે તથા સંસ્થાનોમાં સંપ રહે તે સારૂં સંસ્થાનિક સરકારોએ પોતાની રાજીખુશીથી રાષ્ટ્રીય સરકારને સોંપી દીધેલા છે. એ સિવાય બીજી સર્વ વાતોમાં દરેક સંસ્થાન પોતપોતાને ઠેકાણે સ્વતંત્ર દેશજ છે.

ઉપસંસ્થાનો.

સંસ્થાનથી ઉતરતા દરજ્જાનો મહત્વનો વિભાગ ઉપસંસ્થાનો છે. ઉપસંસ્થાનની પ્રજાને પોતાનો ગવર્નર ચુંટી કહાડવાનો અધિકાર નથી. કારણ કે ઉપસંસ્થાનો આખા દેશની સામાન્ય સ્થાવર સંપત્તિ છે સંસ્થાનમાં જેટલી વસ્તી હોવી જોઇએ તેટલી વસ્તી થઈ કે તે સંસ્થાન રૂપે બને છે. ત્યારપછી યુનાઇટેડ સ્ટેટસની રાજનીતિ પ્રમાણે તે ઉપસંસ્થાન સંસ્થાનના વર્ગમાં લેવાનો ઠરાવ થવો જોઇએ—એટલે તેને સંસ્થાનને હોય તેટલા અધિકાર મળે છે ઉપસસ્થાનમાં એ સ્થાનિક અને તાલુકાની રાજ્ય વ્યવસ્થા સંસ્થાનના જેવીજ હોય છે. ઉપસંસ્થાનમાં

એ એક ગવર્નર અને એક વડી ન્યાય સભા હોય છે. તેમાંના અધિકારીઓનો અધિકાર સંસ્થાન માંહેલા અધિકારીઓ જેવોજ હોય છે. તે અધિકારીઓ દેશાધ્યક્ષે દેશ્ય સભાનાં અનુમતથી તે ને હોદ્દા ઉપર નીમીને ઉપસંસ્થાનોમાં મોકલવામાં આવે છે. ઉપસંસ્થાનોને પોતાની વતીના પ્રતિનિધીઓ અને કારભારીઓને દેશ્ય સભામાં મોકલવાનો અધિકાર નથી; તોપણ ઉપસંસ્થાનના ડેલીગેટ એટલે મુખત્યાર વાશિંગટન શેહેરમાં જઈ રહે છે. ત્યાં જોકે દેશ્ય સભામાં તેઓ દાખલ થઈ શકતા નથી. તોય ઉપ-સંસ્થાન સંબંધી ઠરાવો અને કાયદા કરતાં દેશ્યસભાના સભાસદોને આ મુખત્યારો જરૂરની સૂચનાઓ કરી શકે છે. ઉપસંસ્થાનને પોતાના પ્રતિનિધીઓ મોકલવાનો અધિકાર નથી તેથી દેશાધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચુંટણી કરવામાં તેઓનું અંગ હોતું નથી.

૨૦૮.

એવી રીતે આડત્રીસ સંસ્થાનો અને બાર ઉપસંસ્થાનો મળીને યુનાઇટેડસ્ટેટ્સ એટલે સયુક્તસસ્થાન નામનો મોટો પ્રજાસ-તાક દેશ બન્યો છે. એમાં આટલાંજ સંસ્થાનો હોવાં જોઇએ એવી હદ ન ઠરાવ્યાને લીધે તેમાં જોઇએ તેટલાં નવાં સંસ્થાનો મેળવી શકાય છે. એ સંસ્થાનો કંઈ નાના નાના જીલ્લાઓ જેવા નથી, પણ સ્વતંત્ર દેશો જેવાં છે એતો પાછળ કહેવામાં આવ્યુંજ છે. દરેક સંસ્થાનમાં એક પ્રતિનિધીની તથા એક કારભારીની કાયદા કરનારી સભા, સસ્થાનનો અધ્યક્ષ (ગવર્નર) વડો ન્યાયાધીશ, લશ્કર, ભંડાર, શાસનપદ્ધતિ એ

બધાં રાજ્યાંગો જુદાં જુદાં હોવાથી સઘળાં સંસ્થાનો પોતપોતાને ઠેકાણે સ્વતંત્ર સત્તા ધારી છે. એ સંસ્થાનોએ દરેક જુદાં જુદાં હોવાથી પરાયા દુસ્મનો સામા ટકી શકાય નહીં અને વેપાર તથા દેશની ઉન્નતીને મોટો ધોકો પહોંચે માટે પોતપોતાના બંદોબસ્ત બાંધીને તેને અનુસરીને એક વિચારથી વર્ત્તે છે, અને પોતાના એ સંપને મજબૂતી આવે તથા પોતાની રાજ્ય વ્યવસ્થાં દૃઢ થાય વાસ્તે પોતાની ખુશીથી કેટલીએક એકાધિપત્યના અધિકાર આપીને એક સંયુક્ત રાજ્યવ્યવસ્થા ઠરાવી છે. એ સંયુક્ત રાજ્ય વ્યવસ્થાની લગામ દેશાધ્યક્ષના હાથમાં હોય છે, પણ તે સ્વતંત્ર નથી. તેને દેશ માંહેના સર્વ જાનપદના પ્રતિનિધીના તથા કારભારીઓના વિચાર લઇને રાજ્ય વ્યવસ્થા સંભાળવી પડે છે. આ સંયુકત રાજ્ય વ્યવસ્થાનું મુખ્ય સ્થાન વાશિંગ્ટન શેહેર એ અમેરિકાના સંયુક્ત સંસ્થાનની રાજધાની કોલંબીઆ સંસ્થાનમાં છે. એ મહાલ કંઈ વિશેષ સંસ્થાન નથી પણ ત્યાંના સંયુકત સંસ્થાનની રાજ્ય વ્યવસ્થા પ્રમાણે યુનાઇટેડ સ્ટેટસના સર્વ સંસ્થાનોની સાધારણ સંપત્તિ છે. આખા દેશનો ભંડાર વગેરે સઘળાં સંસ્થાનનો જે ઉપર સરખો હક્ક છે એવા પદાર્થ, ન્યાય સભા, વિદ્યાખાતું, શાસ્ત્રીય વિચારાલયો વગેરે વાશિંગ્ટન શેહેરમાં છે.

રાષ્ટ્રીય ન્યાય સભા.

આ સંયુક્ત રાજ્યનું સ્થૈર્ય અને મજબુતી આણનારૂં એક મોટું સાધન છે તે યુનાઇટેડ સ્ટેટ્સની વડી ન્યાય સભા (The Supreme Court of United States) છે. સંસ્થાનિક

અને રાસ્ટ્રીય બંને સરકારોને શા શા અધિકાર છે અને તે કોણે કેટલો ચલાવવો એ વિષે અને બીજી દેશની વાતો બાબત તક્રાર ઉત્પન્ન થાય તો રાષ્ટ્રીય ન્યાય સભા તેનો નીવેડો કરે છે. સર્વ સંસ્થાનોના મત લઇને રાષ્ટ્રીય સરકાર એકાદ નવો કાયદો કરે ત્યાં સુધી સંસ્થાનિક અને રાષ્ટ્રીય એ બંને સરકારોએ આ ન્યાય સભાએ કરેલા ફેસલા પ્રમાણે ચાલવુ જોઇએ. આ પ્રજાસત્તાક રાજ્ય સ્થાપનુ થયુ ત્યારે જે રાષ્ટ્રીય નીતિ-સર્વ સંસ્થાનના અનુમતથી મંજુર કરી લેવામાં આવી, તેની વિરૂદ્ધ જો એકાદ નવો કાયદો કરીને યુનાઇટેડ સ્ટેટસની દેશ્ય સભા તે અમલમાં આણવા જાય તો ઉપલી વડી ન્યાય સભા તે કાયદાનો યુક્તાયુક્ત વિચાર કરીને તે રદ કરવાનો હુકમ આપે છે. એ ઉપરથી આ રાષ્ટ્રીય ન્યાયસભાની શક્તી અપરિમિત છે એવું કોઇએ સમજવું નહીં. કાંગ્રેસ પ્રેસિડેંટ ઈત્યાદિ યુનાઇટેડ સ્ટેટસની શાસક મંડળી સુદ્ધાં આ સભાની આજ્ઞા માથે ચડાવે છે ખરી, પણ એ સભાને રાષ્ટ્રીય નીતિને અનુસરીને કજીઆનો નિકાલ કરવો જોઇએ, એ વિના બીજી કોઈ બાબત પોતાની મરજીમાં આવે તેમ કરવાનો અધિકાર નથી. નવા કાયદા બનાવવાનું કે ચાલતા કાયદા અમલમાં આણવાનુ પણ તેના હાથમાં નથી જ્યારે એકાદ બાબત રીત પ્રમાણે તેની આગળ લાવવામાં આવે ત્યારે તે રાષ્ટ્રીય નીતિને અનુકૂળ છે કે નહીં તેનો વિચાર કરીને વડી ન્યાયસભા તે બાબતને અનુકૂળ અથવા પ્રતિકૂળ પોતાનો અભિપ્રાય જણાવે છે એવી રીતે રીવાજ પ્રમાણે એકાદ બાબત પોતાના આગળ આવ્યા પેહેલા સંસ્થાનિક સરકાર કે પ્રેસીડેંટન

કારભારમાં હાથ ઘાલીને ઘાલમેલ કરવાનો હક આ સભાને નથી અને પોતે કરેલા ફેંસલા કેવા અને તેમ કરવાનાં કારણો શાં છે તે પણ તેણે સર્વ લોકોને જણાવવું જોઇએ. એવી રીતે રાષ્ટ્રીય ન્યાય સભાના અધિકારની મર્યાદા ઠરાવેલી છે 'એવા નિયમમાં રહીને આપણા દેશે પોતાને આપેલા અધિકારને જોરે. દેશની નીતિને અનુસરીને એ સભા કોઇપણ વાતની યુક્તાયુક્ત બાબત જે મત આપે તે અન્યથા કરવાની શક્તી (કાયદાસર રીતે) આ દેશમાં કોઇને પણ નથી. જૂદા જૂદા સંસ્થાન માંહેલી કાયદા કરનારી સભા પોતપોતાને ઠેકાણે જોઇએ તેવા કાયદા કરવાને સ્વતંત્ર છે, તથાપિ તે કાયદા કોઇપણ રીતે રાષ્ટ્રીય નીતિની વિરૂદ્ધ હોય તો તે રદ કરવાનો અધિકાર રાષ્ટ્રીય ન્યાય સભાને છે, એ વાત સર્વની જાણમાં હોવાથી તે સભાઓ નવા કાયદા કરતી વેળા તે રાષ્ટ્રીય નીતિની વિરૂદ્ધ ન ઘડાય તેને માટે ઘણી કાળજી રાખે છે. વળી તેમને રાષ્ટ્રીય નીતિની વિરૂદ્ધ કાયદા કરવાનું મૂળે કારણજ નથી; કેમકે સઘળાં સંસ્થાનોએ પોતાના રક્ષણને સારૂ રાજીખુશીથી જે કાંઇ હકકો આપીને સંયુક્ત દેશને પોતાના શાસકની જગાએ નીમેલા છે, તેની નીતિની વિરૂદ્ધ કાયદા કરવામાં પ્રથમ તો સંસ્થાનના રેહેવાસીઓજ પોતાને મત આપશે નહીં. તથાપિ કદાચિત એવો પ્રસંગ આવ્યોજ અને એકાદ સંસ્થાનને રાષ્ટ્રીય નીતિની બહાર કંઇ કામ કર્યું તો તેમનું કરેલુ વાજબી નથી એમ કહેવાને અધિકાર કોઇનેએ હોવા જોઇએ. તે આ રાષ્ટ્રીય ન્યાય સભાને છે તે વાજબી છે. યુનાઇટેડ સ્ટેટ્સની સ્થાપના થઇ ત્યારથી આજ સુધીમાં ફક્ત એકવારજ એવી જાતનો કજીઓ આ

સભા આગળ આવ્યો હતો. આસરે પચીસ વરસ પેહેલાં કેટલાં એક દક્ષિણનાં સંસ્થાનોએ હબશી લોકોને ગુલામગિરીમાં રાખીને પોતાનું ડોઝરૂં ભરવાના ઇરાદાથી આપણે યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રથી જુદા પડવું અને તેમ કરવાનો અધિકાર આપણે છે એમ બતાવીને આં સંયુક્ત રાજ્યથી જુદા પડવાનો પ્રયત્ન કર્યો. આ વેળાએ એ વાત રાષ્ટ્રીય નીતિથી ઉલટી છે. સંસ્થાનને દેશથી જુદા પડવાનો અધિકાર નથી. એવું આ રાષ્ટ્રીય ન્યાય સભાએ પોતાનું મત આપ્યું. દક્ષિણના સંસ્થાનોએ તેનો હુકમ ન માનીને બંડ કર્યું પણ ઉત્તર તરફનાં અને દેશનો એકસંપ ચાહનારાં સંસ્થાનોએ મળીને તે બંડ ભાંગી નાંખ્યું.

સંસ્થાનના અધિકારની હદ બાબતની તકરારો ઘણીજ થોડી હોય છે. તેના ઉપર પોતાનો અભિપ્રાય આપવાના પ્રસગ એ સભામાં ઘણા આવતા નથી; તથાપિ જુદા જુદા સંસ્થાનના રહેવાશીઓના મોટી રકમોના અથવા ઘણી મોટી બાબતો વિષે માહોમાંહેના કજીઆ થાય, તેનો ફેસલો કરાવવા સારૂ આ સભા આગળ લાવવામાં આવે છે; તેથી આ સભાને હાથપગ જોડીને નિરાંતે બગાસાં ખાવાની નવરાસ મળતી નથી.

એ સભામાં નવ ન્યાયાધીશ હોય છે. બીજા સરકારી (પ્રેસિડંટ અને તેના પ્રધાન) અમલદારોની પેઠે થોડી થોડી મુદ્દતે તેમની જગાએ બીજા નવા ન્યાયાધીશો નીમાતા નથી. એકવાર એ સભામાં તેમની નેમણુક થઇ એટલે એકતો તે પોતાનું કામ બજાવવાને શકતીમાન નથી એમ જણાઇ આવે, અથવા દેશ્ય સભા તેના ઉપર કંઈ ઠપકો લાવે અને તે શાબીત થાય તોજ

માત્ર દેસ્યસભા તેને કામ ઉપરથી દૂર કરે છે. એ વગર તેને પોતાનુ કામ કરવાની શકતી હોય ત્યાંસુધી પોતાના હોદ્દા ઉપર રહેવાની યોજના કરેલી હોય છે. એમાંનો એકાદ આસામી મરવા વગેરે કારણને લીધે તેમાંની જગા ખાલી પડે તો પ્રેસિડંટ લાયક માણસને પસંદ કરીને તેની જગાએ યોજના કરે છે; તથાપિ નેમણુક કરવા પેહેલાં પ્રેસિડંટે સેનેટ સભાને પૂછ્યા વિના અથવા તેની મરજી વિરૂદ્ધ આ સભામાં નેમણુક કરી શકાય નહી. પેહેલાંથી સેનેટ સભાની મંજુરીએત મેળવાવાને વિનંતી કરવી જોઇએ. એ સભાના સભાસદમાંહેલા દરેકને દર વર્ષે દશ હજાર ડાલરનો પગાર મળે છે; અને તેમાંના મુખ્ય ન્યાયધીશને પાંચશે ડાલર વધારે એટલે સાડા દશહજાર મળે છે. તેઓમાંથી જેની ઉમર સિત્તેર વરસ પુરાની થાય તેણે પોતાના કામનું રાજીનામુ આપીને ઘેર બેસવું પડે છે; પણ પછી તે જીવતો રહે ત્યાં સુધી પગારનો હોદ્દા ઉપર હતો તે વેળા મળતો હતો તેટલોજ મળ્યા કરે છે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં બીજા ઘણા કાયદાદારો અને વકીલોને એના કરતાં દશ ગણા પૈસા મળતા હશે. પૈસાના લાભ તરફ જોતાં આ ન્યાય સભાના સભાસદની પદ્ધિ ઘણી અદેખાઇ કરવા જોગ નથી. એકાદ શિક્ષક કે વકીલને એનાથી ત્રણ ચોગુ વધારે કમાઇ હોય છે, તથાપિ તેમની પદ્ધિની યોગ્યતા પૈસાથી મળી એવી નથી. તેની મોટી પદ્ધિ એજ તેમની મોટી લાયકાતનું કારણ છે. આ રાષ્ટ્રના સર્વ જાનપદ તેને બહુ માન આપે છે. સંસ્થાનોના અને દેશના અધ્યક્ષો તથા રાષ્ટ્રીય સભા જેવા

મોટાઓ તેની આજ્ઞા શિરસામાન્ય કરે છે. તેઓ ન્યાયદેવતાના પ્રતિનિધી હોવાથી રાષ્ટ્રીય ન્યાયસભા જેવા અતિઉત્તમ પદ ઉપર છે. એ પદની બરાબરીનું પદ આ દુનિયામાં બીજું એકે નહીં હોય. એવી. પદ્વિ ઉપર ચઢવાને જો પૈસાનીજ લાલચ હોય તો પછી ન્યાયદેવતાનું માન કેવું રહે? માટે જે પદ્વિ ઉપર ચઢવાની ઇચ્છા રાખનારને પૈસા સરખો જબરદસ્ત પ્રલોભ નથી એજ ઘણું સારૂં છે. રાષ્ટ્રીય ન્યાયાસભાના સભાસદ ઘણું કરીને સુસીલ, વજનદાર, વિદ્વાન, અને બ્યવહાર શાસ્ત્રના અનુભવી ગ્રુહસ્થો હોય છે. તેમની રહેવાની અને પોષાક વગેરે કરધાની રીત છેકજ સાદી હોય છે. તેથી તેમની યોગ્યતાને વધારે શોભા આવે છે.

આ વડી ન્યાયસભાનું મુખ્ય સ્થળ વાશિંગ્ટન શેહરમાં છે. ત્યાં દરરોજ તેનું કામ ચાલે છે. તથાપિ તેના સભાસદોમાંહેથી દરેક આસામી વારાફરતી દર વરસે ઠરાવેલી વેળાએ આ દેશના બધા પ્રાંતોમાં જઇને ત્યાંના તંટા વગેરેની તપાસ કરવાના કામમાં તે તે ઠેકાણાના ન્યાયાધીશને મદદ કરે છે. ન્યાય કરવાના કામમાં સવડ પડે માટે દેશની સરકારે આ દેશના નવ ભાગ કરેલા છે. એ સઘળા મહાલમાં ન્યાયગૃહ અને ન્યાયાધીશ છે. એ ન્યાયગૃહ દેશના હોવાનાં કારણને લીધે તેમના ન્યાયાધીશની નેમણુક પ્રેસિડંટની સૂચના ઉપરથી સેનેટ સભાના અનુમતથી થાય છે. આ પદ ઉપર નીમેલા ન્યાયાધીશની ચાકરી (તે કામ ઉપર તેની નાલાયકી અથવા ગેરવર્તણુકનો પુરાવો મળીને દોષ સાબીત થાય નહી તો) જીવતા સુધી કાયમ રહે છે.

રાષ્ટ્રીય સભા કાંગ્રેસ—(Congress.)

જે કાયદાને આધારે ન્યાયાધીશોએ લોકોના તંટાનો નીકાલ કરવાનો અને દેશમાં સામાજિક વ્યવહારિક, અને રાષ્ટ્રીય નીતિની સું વ્યવસ્થા રાખવાની, તે કાયદા કરનારી મંડળી કયી તેનો હવે વિચાર કરીએ. રાષ્ટ્રીય નિયમ કરનારી મંડળીની (કાંગ્રેસની) બે શાખા છે. તેમાંની એક લોક પ્રતિનિધીની સભા (House of Representatives) અને બીજી કારભારી સભા (The Senate) એ બને સભા વાશિંગ્ટન શેહેરમાં મળીને પોતપોતાનું કામ કરે છે. તે દર વરસે માર્ચ અને ડિસેમ્બર મહિનામાં ઠરાવેલી તારીખોએ મળીને પોતપોતાના કામની શરૂઆત કરે છે, પ્રતિનિધીની સભામાં હાલ ત્રણસેં પચીસ સભાસદો છે. હરેક સંસ્થાનમાં જેટલા રેહેવાશી હોય તેના પ્રમાણમાં તે સંસ્થાનમાંથી ગએલા પ્રતિનિધીઓની સંખ્યા નાની અગર મોટી હોય છે. દેશની સરકાર દશ દશ વરસને અંતરે વસ્તીની ગણત્રી કરીને સંસ્થાનની લોક સંખ્યા જાણ્યા પછી તેમાંથી કેટલા પ્રતિનિધીઓ દેસ્ય સભામાં મોકલવાનો હક્ક છે તે જાહેર કરે છે આ દેશનીવસ્તી વધતી જાય છે તેના પ્રમાણમાં પ્રતિનિધી ચૂંટી કહાડનારી સંખ્યા પણ વધતી જાય છે; સને ૧૮૭૦માં એક લાખ આડત્રીસ હજાર રહેવાસીએ એક પ્રતિનિધી મોકલવાનો ઠરાવ થયો હતો, અને ૧૮૮૦માં તે બદલાઇને એક લાખ ચોપન હજાર રહેવાસીએ એક પ્રતિનિધી મોકલવાનો હક્ક છે એમ ઠર્યું. એ હિસાબે સર્વળાં સંસ્થાને પોતપોતાની વસ્તીના

પ્રમાણમાં પ્રતિનિધી મોકલવાનો સામાન્ય અધિકાર મળવાથી કોઇ સાથે કોઇને તકરાર રહેતી નથી.

એ પ્રજાના પ્રતિનિધીઓ બે વરસ સુધી પોતાના કામ ઉપર રહે છે. માર્ચ મહિનાની ચોથી તારીખે કાંગ્રેસનું કામ બંધ થાય છે. તેની જોડેજ પ્રતિનિધીઓના અધિકારની મુદત પણ પૂરી થાય છે; પણ તે જો પોતાના કામમાં હોંશિઆર અને લોકપ્રિય હોય છે તો ફરીથી તેમનીજ ચૂંટણી થઈને બીજાં બે વરસ દેશ્ય સભામાં કામ કરવાનો તેને અધિકાર મળે છે, એને લીધે નવા આ મહત્વના પદ ઉપર આવેલાઓ સારા અનુભવી, જુના મુત્સદીઓના હાથ હેઠળ હોય છે. એકેકા પ્રતિનિધીને દરવરસે પાંચ પાંચ હજાર ડાલર પગારના અને બીજા કેટલાએક વાટ ખરચના પૈસા મળે છે. રાષ્ટ્રીય સરકારના કામદારોને પગાર મળે છે તે દેશ્યનીતિના નિયમાનુંસાર તે સરકારના ખજાનામાંથી મળે છે.

કારભારીઓની સભા.

આ સભામાં દરેક સંસ્થાનમાંહેથી બબે સભાસદો ચૂંટી કહાડીને મોકલવામાં આવે છે. દર સંસ્થાનમાં લોક પસંદગીએ સ્થાપન થએલી સંસ્થાનની કાયદા કરનારી મંડળી ચૂંટી કહાડીને પોતપોતાના સંસ્થાનની વતીનું કામ કરવા મોકલે છે. એ કારભારીઓની કામ કરવાની મુદત ૭ વરસની હોય છે અને તેમ એ પગાર દરવરસે પાંચ હજાર ડાલર અને રસ્તાનો ખરચ મળે છે. સઘળા કારભારીઓની કામ કરવાની મુદત સાથેજ પતી ન

જાય એવી ગોઠવણ રાખેલી હોય છે. દર બે વરસે તમામ કારભારીઓનો એક તૃતીયાંશ સભાસદો પોતાના કામનું રાજીનામું આપે છે; તથાપિ તે કામદેક અને લોકપ્રિય હોય તો ફરીથી ચૂંટાઇને બીજાં છ વરસ પોતાના કામ ઉપર દાખલ થઈ શકે છે. કારભારીઓની મંડળી માંહેના સભાસદોને પોતપોતાના સંસ્થાનમાંહેથી જે પક્ષની સરસાઇ થઇ હોય તેનાજ પક્ષનું સમર્થન કરવું પડે છે ખરૂં; તથાપિ પ્રતિનિધીની મંડળીની પેઠે આ મંડળીનું વલણ લોકમતની સાથે એકાએક બદલાતું નથી. કારભારીઓની મંડળીને ઘણોજ મહત્વનો અને મોટો અધિકાર છે. એને લીધે દેશ્ય સભાનું એ અંગ ઘણુંજ શક્તિમાન છે. નવા કાયદાના ખરડા પ્રતિનિધિની સભાએ પસંદ કર્યા પછી કારભારીઓની સભા આગળ લાવવામાં આવે છે. એ સભાએ તે ખરડાને પોતાની મંજુરી ન આપી તો કોઈ પણ કાયદો અમલમાં આવતો નથી. પરદેશો સાથે કરેલા કોલકરાર કારભારી મંડળીના બે તૃતીયાંશ સભાસદોના તરફેણમાં મત પડયા વગર તે કાયમ થતા નથી.

યુનાઇટેડ સ્ટેટસની સરકાર તરફથી પરદેશમાં જનારા વકીલો અને તેનાં ગુમાસ્ત આ મંડળીએ પસંદ કરેલા જોઈએ. પ્રેસિડંટ પોતાની પસંદગીના ઘણા કામદારો જૂદાં જૂદાં કામો ઉપર નીમી શકે છે ખરો પણ તેને કારભારી મંડળીએ પોતાની મંજુરી ન આપી તો એકતો શું પણ દશ પ્રેસિડંટોથી પણ પોતાની મેહેરબાનીવાળા માણસને નોકરી આપી શકાતી નથી. પ્રતિનિધીની સભામાં કામ કર્યા પછી તે સભાસદની

ચડતી થઇને કારભારીની સભામાં દાખલ થવું, એ અમેરિકન લોક સમજમાં ઘણા મોટા મનનું લક્ષણ મનાએલું છે. આ દેશને પોતાની કારભારી મંડળીનું ઘણું અભિમાન છે અને તે કંઈ પોકળ નથી દેશની વડી ન્યાયસભાની પેઠે આ માનને લાયકની અને આટલી પ્રતાપવંતી મંડળી કોઇ ઠામે નથી. બ્રીટિશ પાર્લામેંટમાં પણ આ મંડળીની બરાબરી કરનારી બીજી મંડળી નથી. ઈંગ્લીશ પાર્લમેંટમાં "હોસઓફ કામન્સ" એટલે પ્રજાના પ્રતિનિધીઓની અને "હોસઓફ લાર્ડસ્" એટલે અમીરોની મંડળી એવા બે ભાગ છે. હોસઓફ કામન્સમાં માત્ર સાધારણ લોકમતનું લગાર માન છે. અમીરોની મંડળીમાં લોક મતની કંઇ દરકાર હોતી નથી, ત્યાં માત્ર અમીર લોકોજ દાખલ થઇ શકે છે; પછી તે મોટા પથરાઓ લોકોને પસંદ પડો કે ન પડો! નામદાર મહારાણી વિક્ટોરિયાનો મુખ્ય પ્રધાન લાર્ડ સાલસબરી એમ કહે છે કે,—" અમેરિકન લોકોની રાષ્ટ્રીય ન્યાય સભા છે, તેની મને ઘણી અદેખાઈ લાગે છે. અમેરિકન લોકો માં કારભારીઓની એક સભા છે. તેનો તમે જાણો છો. આપણા દેશમાં એવી એક સભા હોય એવી મારી ઘણીજ ઇચ્છા છે, તે મંડળીનું ગુણકારીપણું અને શક્તિ કંઈ ચમત્કારિક છે." એ વિલક્ષણ શક્તિ અને ગુણકારીપણાની પેઠે પ્રજામતનો જબરો ટેકો છે એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ. સર્વ સાધારણ લોકોને પોતાના નશીબનો અને ફાયદા ગેરફાયદાનો વિચાર કરીને દેશનો કારભાર ચલાવવામાં પોતાનાં મત આપવાનો

અધિકાર હોય એજ દેશનું મૂખ્ય અંગ છે. એવા શકનીવાળા મૂળમાંથી જેની ઉત્પત્તી અને લોકમત રૂપી અમૃતપાનથી તેનો વધારો થાય છે; તેવી કારભારી મંડળી રૂપી વેલમાં વિલક્ષણ શક્તિ અને ગુણકારીપણું કેમ ન હોય?

કારભારી મંડળીની સંમતિ વગર પરદેશ જોડે સલાહ કે લડાઈ કરવાનો અધિકાર એ દેશમાં કોઇનેજ નથી; એ અને એના જેવી બીજી કેટલીએક વાતો આ દેશની મોટાઈનું કારણ થયું છે કારભારી મંડળીના ડાહપણના વર્ત્તનથી, ઘણી અવિચારી વાતો કરવાથી થનારાં ભયંકર પરિણામો આ દેશને ભોગવવાં પડતાં નથી. જે રાજ્યમાંહેના એક કે પાંચ દશ માંણસોને હાથે કેટલાએક વખત સુધી રાજ્યના નશીબની દોરી હોય છે, ત્યાં તે પદારૂઢ માણસો પોતાની મહત્વાકાંક્ષા તૃપ્ત કરીને લોકોપાસેથી વખાણ મેળવવા સારૂ, થોડા વખત સારૂં લાગનારી બહારથી ભભકાદાર પણ આખરે આખા દેશને નીચું જોવડાવનારી ભયંકર વાતો કરવાની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થઈ તે સફળ થવાનો ઘણો સંભવ છે. તે માણસ પરિણામે કઈ વાત આખા દેશને ફાયદાકારક થશે તેનો વિચાર ન કરતાં તત્કાળ શું કરવાથી લોકોની આંખો અંજાઇ જઈ આપણી વાહવા થશે તેનોજ પેહેલો વિચાર કરે છે. રાજસત્તાના પ્રધાનોના અથવા સેનાપતિના હાથમાં જેના નશીબની દોરી છે, એવા દેશ ઉપર પડનારા-આકાશી કોહોવાડાનો ઘા પ્રજાસત્તાક દેશના ગળા ઉપર પડવાનો સંભવ નથી. અહી એકે ટુંકી નજરનું કામ કર્યું તેથી અમુક વ્યક્તિનો વૈભવ વધશે, અને તે ન કરવાથી તેને

ખુણામાં બેશીને કાલક્ષેપ કરવો પડશે એવું કશું નથી. વ્યક્તિ વિશેષનો જે વાત સાથે સંબંધ નથી તે કરવાથી કે ન કરવાથી કોઇને માન કે અપમાન થતું નથી, અને તે થવુંજ જોઈએ એવી જીદ કરવાનું એ કોઇને કારણ નથી કારભારીઓની એટલે આખા રાષ્ટ્રના પ્રતિનિધીઓની સભાં ઉંડો વિચાર કરીને જે વાતને અનુકૂળ અથવા પ્રતિકૂળ પોતાનું મન આપે તેજ સર્વ માન્ય થાય છે. જે વડે આખા દેશને ફાયદો થાય એજ કૃત્ય કરવું, તેજ સર્વ માન્ય થશે. દેશના ફાયદા ગેરફાયદા તરફ લક્ષ ન લગાડતાં જે વડે અમુક એક માણસનું પ્રધાનપણું કાયમ રહે અથવા અમુક એક માણસનાં વખાણ થાય, એવા કામનો અહીં કોઈ વિચારજ કરતું નથી. પરદેશ જોડે લડાઈ કરવાનો પ્રસંગ આવે ત્યારે તેના કારણો શાં છે, તે લડાઇ કરીને માણસોનાં લોહી રેડવા જેવાં પગલાં લેવા જેટલાં સબળ છે કે નહીં, એ લડાઇથી આપણને નફો કે નુકશાન શું થશે એ વાતોની ગડભાંગ અને વિચાર કરીને પ્રતિનિધી, કારભારી અને પ્રેસિડંટ એમના મતો એકમળતાં થઇને બહુમતે લડાઇ કરવાનું ઠર્યા વગર યુનાઇટેડ સ્ટેટ્સની સરકાર એવા રાક્ષસી કામમાં હાથ ઘાલતી નથી. ઉપરની વાતની ભાંજગડ થઇને નક્કી ઠરાવ થતાં ઘણો વખત લાગે છે. તેટલા અવકાશમાં દેશના તમામ રહેવાસીઓને સરકારના કામ ઉપર પોતપોતાનાં મતો આપવાને સંધી, સાંપડે છે. અને કોઇ કોઇવાર કાળક્રમે કરીને પરરાજ્ય જોડે લડવાનાં કારણોનો એ નાશ થાય છે, પછી યુદ્ધ કરવાની જરૂર રહેતી નથી અને યુદ્ધ કરવાનો ઠરાવ થયો તો દેશના સઘળા

પ્રતિનિધી, કારભારી અને અધ્યક્ષ તેની જવાબદારી લે છે. અમુક સાહેબનું અમુક આસામીએ અપમાન કર્યું વાસ્તે તે સાહેબે પોતાની ઇચ્છા પ્રમાણે કામ કરીને વેર લેવા સારૂ લડાઇ કરી અને પછી નિર્દોષી માણસોને તેનું પરિણામ ભોગવવું પડયું, એવું ત્યાં બીલકુલ થતું નથી. બ્રિટીશ રાજ્ય વ્યવસ્થાના કેટલાએક નિયમો સાથે આ પ્રજાસત્તાક દેશના કેટલાએક નિયમો સરખાવી જોઇશું તો તેનું ઉત્તમત્વ તરત જણાઇ આવશે, બ્રિટીશ રાજ્યમાં કંઇ સાર્વજનિક લોકોપયોગી કૃત્ય કરવાનું હોય તો તમામ પાર્લામેંટ સભાનું અનુકૂળ મત લઇને કાયદો થવો જોઇએ. ઇજીપ્ટ, બ્રહ્મદેશ, અફગાનિસ્તાન વગેરે દેશ જોડે લડાઇ કરીને સમરાગ્નીમાં હજારો લાખો માનવી પ્રાણીના બળીદાન આગીને હિંદુસ્તાન જેવા ગરીબ દેશને કરજના ખાડામાં પુરીને ગુંગળાવી મારવા માટે એક બે કે પાંચ સાત પ્રધાન મંડળીએ ડોકું ધુણાવી હા કહી એટલે બસ. એમાં કોઈ પાર્લામેંટની સલાહ લેતું નથી. પાંચ છ સ્વાર્થી માણસો રાણીને નામે—(રાજા અથવા રાણી કંઇ સત્તાધારી વ્યક્તિ નથી પણ પદસ્થ પ્રધાનોના હાથમાં પુતળાંની પેઠે નચાવે તેમ નાચનારાં ગરીબ માણસો છે એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ)—આખા દેશને આગ લગાડી દેવી, અથવા પરદેશ જોડે અવિચારપણાના કોલકરાર કરીને પોતાના તથા પોતાના આશ્રિત દેશોનાં ગળાં કસાઇઓની છરી હેઠળ બેધડક મુકી દેવાં. એજ માત્ર એક સુધરેલા દેશની સુધરેલી રાજનીતિ.

આ સુધરેલા દેશનો દાખલો પકડીને બ્રિટિશ સરકાર જો ઘણા વિચારવંત લોકોના વિચારથી વર્તત અને પાંચ દશ માણસોને પરદેશની ઘરગુતી વાતોમાં નકામો હાથ ઘાલીને નકામી ગરબડ કરવા ન દેત તો કેવું સારૂં થાત? યુનાઇટેડ સ્ટેટસની સરકારની કરેલી નીતિ એવી છે કે, પોતે પરદેશની વાતોમાં હાથ ઘાલવો નહીં અને કોઇને પોતાના ઘરગુતી પ્રકરણમાં નકામો કારભાર કરવા દેવો નહીં. આ દેશમાં બે જોરાવર પક્ષો છે તેમાંના ગમે તેનું ચલણ ચાલતું હોય, પણ પરાયા દેશ જોડે લડાઇ કરવાનાં સબળ કારણો હોય, તોય તેમણે લોકો સાથે એકદમ ઉતાવળી વર્તણુંક ન ચલાવતાં પ્રથમ તરાહિતની મધ્યસ્થિતી તે કારણનો પૂર્ણ વિચાર કરીને શાંતપણે એ વાતનો નિકાલ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ એવી તેમની પ્રતિજ્ઞા છે. થોડાએક વખત ઉપર યુનાઇટેડ સ્ટેટ્સ અને ઈંગ્લાંડ આ બંને સરકારો વચ્ચે એવો કરાર થયો છે કે, આપણા વચ્ચે જે કજીઓ ઉપસ્થિત થાય તેનો એકબીજાએ હથિયારો ન વાપરતાં તરાહિત દેશની મધ્યસ્થીથી નિકાલ આણવો એ વાત તેમની સભ્યતાને મોટી શોભા આપનારી છે. યુનાઇટેડ સ્ટેટસની સરકાર બીજા દેશો જોડે પણ એવા કરાર કરવા સિદ્ધ છે. તેમની જોડે લડવાનો પ્રસંગ આવે ત્યારે મધ્યસ્થીથી પોતપોતાની તકરારનો નિવેડો આણવો એવું આ સરકાર તેને કહાવી મોકલ્યા છતાં એ જો તે પ્રતિપક્ષી તેનાં કહેવાનો અનાદર કરીને "યુદ્ધંદેહી" કહે તોજ માત્ર એ સરકાર નિરૂપાય થઇને તેની જોડે યુદ્ધ કરવાને અગાડી પડે છે.

દેશાધ્યક્ષ.

અહીં સુધી આ દેશની શાસકમંડળી વિષે આપણે વિચાર કર્યો. હવે એ મંડળીના આગેવાન થઇને તેણે સારા અને દેશમાં ચાલુ કરવા લાયક ઠરાવેલા કાયદા અમલમાં આણનારો તેનો એક મુખત્યાર છે, તેના વિષે થોડો વિચાર કરીએ. એ મુખત્યારને યુનાઇટેડ સ્ટેટ્સનો અધ્યક્ષ (પ્રેસીડંટ President) કહે છે તે દેશસભાની સંમતીથી આ દેશે પોતાને આપેલો અધિકાર હાથમાં લઇને દેશની વતીનાં સઘળાં કામો કરે છે તેના કામની મુદત ચાર વરસની હોય છે. મુદત વિત્યા પછી તે ઘણોજ લોકપ્રિય હોય તો લોકો તેને ફરીથી રીત પ્રમાણે ચુંટી કહાડીને બીજાં ચાર વરસ પ્રેસિડેંટના પદ ઉપર તેની યોજના કરે છે. જ્યોર્જવાશિંગટન, ટામસ જેફરસન, જેમ્સ મ્યાડિસન, જેમ્સ મનરો, આંડ્ર્યુજાકસન, અને યુલિસેસગ્રાંટ એઓએ બેવાર યુનાઇટેડ સ્ટેટસના પ્રેસિડંટ થઇને આઠ આઠ વરસ સુધી તે અધિકારનો ઉપયોગ કર્યો છે. આઠ વરસથી વધારે કોઇનેજ પ્રેસિડંટ નિમતા નથી જાર્જ વાશિંગ્ટને જેવી રીતે રાજ્ય લેવાનું ના કહીને પોતાની કીર્ત્તિ અમર કરી તેવીજ રીતે તેણે પોતાના દેશના ભવિષ્યના લાભ માટે લોકોની ઇચ્છા હતી તોપણ ત્રીજીવાર પ્રેસિડંટ થવાની તેણે ના કહી એકજ માણસને ત્રણ ચારવાર પ્રેસિડંટનું પદ મળવાથી યુનાઇટેડ સ્ટેટસના સ્વતંત્રપણાને મોટો ધોકો લાગશે એવું છે એમ માનીને તેણે ત્રીજીવાર પ્રેસિડંટનો હોદ્દો ન લઇને પોતાના દેશની ભક્તિની ઉત્તમ યાદગારી કરી મુકી; અને પોતાની પછીના પ્રેસિડંટને સારૂ ઉત્તમ ઉદાહરણ બતાવી દીધું.

૬૫૬૯

યુનાઇટેડ સ્ટેટ્સનો પ્રેસિડંટ એટલે તે કાંઈ પ્રધાનો નચાવે તેમ નાચનારૂં નામધારી સિંહાસન ઉપર બેસાડી મૂકેલું પુતળું નથી. તે આખા દેશનો અધ્યક્ષ છે તેવોજ દેશ માંહેલો વડો ફોજદાર, અને જમીન તથા દરિયાઈ લશકરનો મુખ્ય સેનાપતી છે તે પોતાના અધિકાર ઉપર હોય છે ત્યારે તેની રાજ્યસત્તા મોટી હોય છે. દેશના ન્યાય, મુલકી લસ્કરી વગેરે ખાતામાં તેના હુકમ વિના કશો ફેરફાર નહિં થાય અને કંઈએ વિશેષ કામ નહીં ચાલે, તેણે હુકમ કરતાંની સાથે તે અમલમાં આણવા સારૂ સઘળા લોકો તૈયાર હોય છે. બધાં સંસ્થાનો મળીને યુનાઇટેડ સ્ટેટસની બધી ફોજ ૨૫ કે ૨૬ હજાર કરતાં વધારે નથી. તથાપિ પ્રેસિડંટનો હુકમ મળતાંજ આજ કંઈ નહિં તોય ૬૦–૭૦ લાખ કરતાં વધારે બળવાન પુરૂષો કહે તેની જોડે દેશ રક્ષણાર્થે યુદ્ધ કરવાને તૈયાર થશે. એ બધા સિપાઇઓને જીવતાં સુધી દેશના ખજાનામાંથી પગાર આપવો પડતો નથી. તેઓ માત્ર કામ ઉપર હોય ત્યાં સુધી તેમનો ગુજારો કરવો એટલું દેશનું કામ છે. તેઓ લડે છે તે કંઈ બીજા ઉપર ઉપકાર માટે નથી પણ પોતાના દેશના સંરક્ષણને સારૂ લડે છે. તે કોઈ એક માણસની મોટાઈ સારૂ ન લડતાં પોતાના દેશના સંરક્ષણ માટે મફત જીવ આપવા સારૂ હમેશાં તૈયાર હોય છે. પ્રેસિડંટ લસ્કર માંહેલા ગમે તે અમલદારને વાજબી કારણ મળતાં પદચ્યુત કરી શકે છે. લોકોએ તેને પોતાનો પ્રતિનિધી કર્યો છે માટે તેની અણહદ શક્તીની કોઈ હદ બાંધવા ઇચ્છતું નથી. પ્રેસિડંટનું કોઈ કામ લોકોને નથી ગમતું તો તેને માટે વિચાર આપવાનો તે આવતી અધ્યક્ષની ચુંટણી થતાં સુધી સંઘરી રાખે

છે. તે અધ્યક્ષ પોતાની અનહદ સત્તા અમલમાં આણે છે તેની ઈર્ષા કરવાનું લોકોને કંઈ કારણ હોતું નથી. કારણ આવા અધિકારીએ કંઈ અયોગ્ય કામ કર્યું તો તે તેને પદભ્રષ્ટ કરવાનું કામ લોકસત્તાની બહાર નથી. એ અધ્યક્ષ અધિકાર ઉપર હોય છે ત્યાં સુધી તેને દર વરસે ૫૦,૦૦૦ ડાલર પગાર મળે છે, અને વાશિંગટન શેહેરમાં દેશ્ય સભાગૃહની પાસે તેને રહેવા સારૂ એક મોટો મેહેલ* અને કોઈ કોઇવાર બહારગામ જઇને વિશ્રાંતિ લેવા સારૂ શેહેરથી થોડાક મૈલને અંતરે એક ઉદ્યાનગૃહ ‡ તેને સ્વાધીન કરેલું હોય છે. દર અઠવાડિયામાં ઠરાવેલે દિવસે કેટલાએક કલાક સુધી પ્રેસિડંટ લોકોની મુલાકાત લે છે. પ્રેસિડંટ ઉપરાંત તે દેશમાં રહેનારા કરોડપતીથી તે નિષ્કાંચન મજુર સુધી સર્વનો સરખો હક છે, જેને જોઇએ તે આ ઠરાવેલા વખતમાં તેને મળી આવે; અને પ્રેસિડંટે તે સઘળાનું યોગ્ય માન રાખવું જોઇએ. આ અને એવી બીજી ઘણી ચાલથી તે દેશની સત્તા એક વ્યક્તીમાં નહોતાં સર્વ જામપદોમાં સરખા પ્રમાણમાં બસે છે; એ વાત અધ્યક્ષને વારંવાર યાદ આવે છે. લોકોએ ચુંટી કહાડેલો માણસ દેશાધ્યક્ષને પદ બેસતાંજ પોતાનું મંત્રીમંડળ % પોતેજ નીમી લે

---

* એ મેહેલને વ્હૈટ હૌસ કેહે છે તેનો અર્થ શ્વેત મેહેલ થાય.

‡ વાડી સહિત બંગલો બાગ.

% એ મંત્રી એકંદર સાત હોય છે, તે આ પ્રમાણેઃ—સેક્રેટરી ઓફ સ્ટેટ, સેક્રેટરી ઓફ ધી ટ્રેઝરી, સેક્રેટરી ઓફ વાર, એટર્ની જનરલ, પોસ્ટ માસ્તર જનરલ, સેક્રેટરી ઓફ ધી નેવી, અને સેક્રેટરી ઓફ ધી ઇંટીરિયર.

છે. પ્રેસિડંટ જાતેજ પોતાના કામનો પોતે પ્રધાન હોવાથી તેના મંત્રીઓના પદમાં નાના મોટાનો ફેર નથી હોતો.

દેશાધ્યક્ષ ચુંટાવાની સાથે એક ઉપાધ્યક્ષ ચુંટવામાં આવે છે તેના કામની મુદ્દતે પ્રેસિડંટના જેટલીજ હોય છે, તેને દર વરસે નવ હજાર ડાલર પગાર મળે છે. અધ્યક્ષ પોતાના પદ ઉપર છતાં મરણ પામે કે પદચ્યુત થાય ત્યારે આ ઉપાધ્યક્ષને તેની મુદત પહોંચે ત્યાં સુધી અધ્યક્ષ કરે છે અને ઉપાધ્યક્ષે મરે કે પદચ્યુત થાય ત્યારે ઉપર કહેલા અનુક્રમ પ્રમાણે મંત્રીમંડળ માહેલા એકાદને મુદત પુરી થાય ત્યાંસુધી પ્રેસિડંટનો અધિકાર મળે છે.

એ મંત્રીઓને ચિટણીસ કહે છે. જેમકે લડાઇ ખાતાનો ચિટણીસ, જમદાર ખાતાનો ચિટણીસ વગેરે વગેરે, એ મંત્રીઓ કાયમના નથી હોતા તે અયોગ્ય ઠરે તો તેને ઠેકાણે બીજાની નીમણુક કરવામાં કશી અડચણ નથી હોતી. મંત્રી મંડળ જાતે કાયદા કરનારી સભાપાસે જતું નથી. પોતાને જે સૂચના કરવી હોય તે લખી મોકલે છે. પેહેલાં કાંગ્રેસની દરેક બેઠક વેળાએ પ્રેસિડંટ જાતે દ્દેસ્ય સભામાં હાજર રહી શરૂઆતનું ભાષણ કરતો હતો, તથાપિ કાયદા કરતાં તે અમલમાં આણનાર વ્યક્તિ ત્યાં ન હોય એ વધારે મહત્વનું છે એમ જણાઇ આવ્યા ઉપરથી એ ચાલ બંધ કરવામાં આવી છે. હવે કાંગ્રેસને કંઇ સૂચના કરવાની હોય તો તે પ્રેસિડંટ લખીને મોકલી દે છે. એકાદ વધારે ઓછી બાબત કરવી દેશને ફાયદા કારક છે એમ લાગે તો તે વાત કાંગ્રેસને જણાવવાનીએ તેને છુટ છે. દેશાધ્યક્ષની શક્તિ ઘણી મોટી છે એમ કહેવામાં આવ્યું છે. તેની જેટલી નિશા-

નીઓ છે તેટલામાં તેની પ્રતિષેધાધિકાર શક્તિએ મોટી છે. પ્રતિષેધાધિકાર એટલે મુખ્ત્યાર અને કારભારીઓની પસંદગી મેળવેલો કાયદાનો ખરડો અધ્યક્ષની મજુરીયત માટે તેની પાસે આવશે ત્યારે તે પોતાને પસંદ ન પડે તો યોગ્ય કારણ દેખાડીને પ્રેસિડંટે તેનો પ્રતિષેધ કરવો એટલે તે કાયદામાં પોતાની સંમતિ ન આપવાનો અધિકાર, પ્રેસિડંટે નાપસંદ કરેલો ખરડો કાયદો થતો નથી. અધ્યક્ષે બતાવેલું કારણ ખરૂં નથી એવું લાગે ત્યારે રાષ્ટ્રીય સભાના બંને ભાગના બે તૃતીયાંશ સભાસદોના મત તેને અનુકૂળ પડે તો ફરીથી તેનો વિચાર કરીને તે કાયમ કરવામાં આવે છે. એ પ્રમાણે એક રીતે અધ્યક્ષની શક્તી અમર્યાદ છતાં એ તેને હદમાં રાખવાનું દેશની શાસક સભાના હાથમાં છે.

પોતાનો દેશાધ્યક્ષ નિવડી કહાડવામાં અમેરિકન લોકોના હાથથી ઘણી ચુકો થતી નથી. આજસુધી જે પ્રેસિડંટો થઈ ગયા તે ઘણાખરા સારાજ થયા. વાશિંગ્ટન, આડમ્સ, જેફરસન, લિંકન, ગારફીલ્ડ જેવા કેટલાએક અધ્યક્ષ તો અતિશય સદાચરણી અને રાજ્યકાર્યજ્ઞતા ઈત્યાદિ ગુણોથી સર્વ પ્રકારે લોકપ્રિય દેશાધ્યક્ષ થવાને લાયક હતા. લિંકન અને ગારફીલ્ડ એ લક્ષાપતિ નહોતા, અને મોટા ઋષી કે રાજાના કૂળમાં ઉત્પન્ન થયેલાએ નહોતા. તેની મૂળની ગરીબી, વિદ્યાભ્યાસની અડચણ અને નિષ્કાંચનત્વ તથા એ સઘળા વિઘ્નોમાંથી ઉદ્યોગ અને સદાચરણને બળે પાર પડીને તેઓ:કશ્ચિત ગરીબ ખેડૂતના છોકરાના વિદ્વાન, શિક્ષક, વકીલ, યુનાઈટેડ સ્ટેટના દેશાધ્યક્ષ અને પોતાના અંગના સૌજન્યાદિ ગુણોથી અમર થયા; એ વાત મનમાં આવવાથી અમારૂં મન

આનંદાશ્ચર્યથી છક્ક થઇ જાય છે અને યુનાઇટેડ સ્ટેટસના સર્વ સાધારણ લોકોને જાતિ, કુળ, ધન, એ ત્રણ પ્રબળ શકતીનો આસરો લીધાવિના એ પોતપોતાની યોગ્યતાનું રૂપ ઉંચી પદવીએ ચઢી શકે છે, તે જાણિને તેના વિશે અમારાં હૃદયમાં પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય છે. દેશાધ્યક્ષ નીવડવામાં ભૂલ. થઇ એમ અમેરિકન લોકોને માલમ પડે તો તે દુરસ્ત કરવાના ઉપાય તેમને સુસાધ્ય છે. અધ્યક્ષના આચરણ તરફ અને કાર્ય પદ્ધતિ ઉપર સઘળાની નજર લાગેલી હોય છે. લોકોને ન ગમનારી એક બે વાત તેના હાથથી થઈ એટલે બસ; આખા દેશમાં વર્તમાન પત્રદ્વારાએ તે વગોવાય છે. જાહેર ઠેકાણાઓમાંના ભાષણોમાં તે બત્રીશીએ ચઢે છે. એના પછી અધ્યક્ષ નીમવો તે હાલના અધ્યક્ષ કરતાં વધારે નીતિમાન અને કાર્યદક્ષ હોવો જોઇએ એમ સર્વ લોકો બોલવા લાગે છે. એ સાંભળીને અનીતિ તરફ જેનું વલણ હોય એવો દેશાધ્યક્ષ ઘણું કરીને સાવધ થાય છે. અને નજ થયો તો, તેની મુદત પત્યા પછી તેની જગાએ બીજા કોઇને નીમવાનો પ્રયત્ન ચાલી રહે છે. યુનાઈટેડ સ્ટેટસના રાષ્ટ્રીય કાયદા વિરૂદ્ધ તેનું વર્તન હોય તો સાધારણ માણસની પેઠે રાષ્ટ્રીય ન્યાયસભા આગળ તેની તપાસ થઇને તેને પદભ્રષ્ટ કરવામાં આવે છે. અધ્યક્ષનું કામ કરવાની તેની મુદત વિત્યાપછી તે સાધારણ જાનપદ પ્રમાણે પોતાને દુરસ્ત લાગે તે કામ કરવા માંડે છે. કોઈ વકીલનો અને કોઇ ખેતીનો ધંધો કરે છે. કોઇ પોતાના મૂળના સંસ્થાનનો લોક નિયુક્ત પ્રતિનિધી થઇને રાષ્ટ્રીય સભામાં રહીને દેશની ચાકરી બજાવે છે.

જુના પ્રેસિડંટને "પેનશન" એટલે બેઠા પગાર મળતો નથી. તે પ્રસિડંટ છતાંએ અમેરિકન જાનપદ હોય છે. અને તે વેળાએ તેના સંસ્થાનનો ગવર્નર નીમવાનો વખત આવે તો સાધારણ જાનપદ પ્રમાણે તે સંસ્થાનમાં પોતાને મૂળ ઠેકાણે જઇને એ ચુંટણીમાં પોતાનું મત આપી આવે છે. તે પ્રેસિડંટ, માટે તેના મતનુ વજન જેમ્સ ખેડુત અથવા સામ્યુઅલ કોયલા વેચનારના કરતાં એક રતીપુરે વધારે ગણાતું નથી. તે આપણા શેહેરમાં આવ્યો વાસ્તે કંઈ વિશેષ કારણ હોવા વગર શેહેરની મ્યુનિસિપાલીટી મોટા સમારંભ કરીને ગરીબ લોકો પાસે લીધેલા પૈસાનો ગેરઉપયોગ કરતી નથી, તથાપિ તેનું યોગ્ય સન્માન કરવાને સર્વ લોકો ઘણા ઉત્સુક હોય છે. એ માનવ્યકતીનું નથી, પણ તેમાં જે લોક સત્તા વિરાજમાન છે તેનાજ માનમાં સમજવું. તે અગાડી પ્રેસિડંટ હતો માટે તેને કોઇ જોઇએ તે કરતાં વધારે માન આપતું નથી. પોતાને અધ્યક્ષ કરીને અમેરિકન જાનપદે સર્વોત્કૃષ્ટ માન આપ્યું વાસ્તે તેજ તેમનો આભારી હોય છે.

પ્રેસિડંટની ચુંટણી કરવાની તે સર્વ લોકો મળીને કરે છે. પણ તે પ્રત્યક્ષ રીતે નથી કરતા. દરેક સંસ્થાનને તેની લોક સંખ્યાના પ્રમાણમાં ઓછા કે વધારે પોતાના પ્રતિનિધી દેશ્ય સભામાં મોકલવાનો ઠરાવ હોય છે; તેજ પ્રમાણે ઓછા કે વધારે "ઇલેકટર્સ" એટલે ચુંટી કહાડનારાઓ નીમી શકાય છે. આ ઇલેકટર્સઓએ પોતપોતાના સંસ્થાનનું પ્રજામત મેળવીને વાશિંગ્ટન શેહેરમાં જવું, અને ત્યાં અમુક માણસને અમુક મતો મળ્યા એમ કહી આવવું; પછી જેને વધારે મત મળે છે,

તેને અધ્યક્ષ નીમે છે. દર ચાર વરસે એક વાર નવેંબર મહિનાની છઠી તારીખે પ્રેસિડંટની ચુંટણી થાય છે. અને ત્યારપછી ચાર મહિને એટલે માર્ચ મહિનાની ચોથી તારીખે જૂનો પ્રેસિડંટ નવા પ્રેસિડંટના હાથમાં પોતાનાં સર્વ કામ સોંપી આપે છે. તે વખતે નવો પ્રેસિડંટ 'હું ઇમાન ઇતબારથી યુનાઇટેડ સ્ટેટસના કાયદા અમલમાં આણીશ, અને પ્રમાણિકપણે દેશની સેવા બજાવીશ.' એવી પ્રતિજ્ઞા લે છે. પ્રેસિડંટની ચુંટણી કરતાં દર વેળાએ ૭ લાખ ડાલર એટલે આસરે અરાડ લાખ રૂપિયા ખરચ થાય છે. તથાપિ એ બધો ખરચ તેનેજ માટે થાય છે, એમ નથી. લોક પતિનિધી ચુંટી કહાડતી વેળાએ દરેક સંસ્થાનમાં પ્રેસિડંટ ચુંટી કહાડનારાઓ ચુંટી કહાડવા પડે છે. તેથી એકનો ખરચ બીજાના પેટામાં સમાઇ જાય છે.

યુનાઇટેડ સ્ટેટસમાંએ ઈંગ્લાંડની પેઠે કોઈ પણ બે રાજ્યકારસ્થાની મંડળીઓનું પ્રબળ હોય છે. એવી મંડળીઓ આજદીન સુધીમાં ઘણી થઈ ગઈ. કોઇ પણ એકાદ મહત્વની વાત લઇને તેને પાર પાડવા મથન કરવાનું તે મંડળીનું કામ છે. પચીસત્રીસ વરસ ઉપર રિપબ્લિકન મંડળી અસ્તિત્વમાં આવી; તેનો ઉદ્દેશ આફ્રિકાના હબશીઓને ગુલામગિરીમાંથી મુક્ત કરવાનો હતો. ડેમાક્રટિક મંડળીનો મૂળ શુભ ઉદ્દેશ વ્યક્તિમાત્રને સ્વતંત્ર રાખવાનો હતો તથાપિ એ મંડળીને હાલમાં સાહાકી આવેલી હોવાથી તેની બુદ્ધિ નાશ પામી છે, એમાં મોટી નવાઇ નથી. રિપબ્લિકન મંડળીને પણ હમણા ચાલીશી લાગેલી છે. હાલમાં વળી ત્રણ નવી મંડળીઓ નીકળી છે. તેમાં પ્રોહિબીશન એટલે મદ્યનિષેધક

મંડળી ઘણીજ મહત્વની છે. એ મંડળી ઉત્પન્ન થયાને ઘણાં વરસ થયાં નથી, તોય યુનાઇટેડ સ્ટેટસમાંહેના નીતિમાન સ્ત્રી પુરૂષોની મદદથી તે પ્રબળ થતી જાય છે. પાછળ જેવું ડેમ ક્રેટિક મંડળીનું ચલણ ચાલતું હતું, અને હાલમાં રિપબ્લીકન મંડળીની ફતેહ થઈ છે, તેજ પ્રમાણે અગાડી આ પ્રોહિબીશન મંડળીની મેહનત સફળ થઇને આ દેશ મધરૂપી ભયંકર શત્રુની જાળમાંથી છુટશે એમ ઘણા લોકોને આશા છે. વિચારની અને મતની સ્વતંત્રતા સઘળાનેજ હોવાથી કોઈ પોતાના વિરૂદ્ધ પક્ષની મંડળી ઉપર વેર રાખતુ નથી. દરેક મંડળીના અનુયાયી ખુલ્લી રીતે સાધક બાધક પ્રમાણો વડે પોતપોતાની મંડળીના પક્ષનું સમર્થન કરે છે; અને તે વેળાએ કોઈ કંઈ વધતુ ઓછું બોલે તો તેનો કોઇને ગુસ્સો લાગતો નથી. એકજ કુટુંબના માણસો એટલે ભાઇઓ ભાઈ, બાપદિકરા અને માદિકરી બધાંજ સ્વતંત્રપણે જુદી જુદી મંડળીના અનુયાયી છતાંએ તેમનામાં પ્રેમ અને પૂજ્યભાવ ઓછાં થતાં નથી. પ્રેસિડેંટ વગેરે રાષ્ટ્રીય સંસ્થાનિક અથવા સંસ્થાનિક અધિકારી નીમવાના તે કોઇપણ વિશેષ મંડળીના પસંદ કરેલા ઉમેદવારો હોય છે; પછી તે સાર્વજનિક મત લઇને જે બહુમતે પસંદ પડશે તે પછી ગમે તે પક્ષનો હોય તો પણ નિર્દિષ્ટ અધિકાર ઉપર નીમવામાં આવે છે.

યુનાઇટેડ સ્ટેટસની સરકારની ઉપજ.

યુનાઈટેડ સ્ટેટસમાં જે રાજ્ય વ્યવસ્થા શરૂ છે, તેના ધારા પ્રમાણે ગામનો ખરચ ગામમાં, પરગણાનો ખરચ પરગ-


ણુમાં અને સંસ્થાનનો ખરચ સંસ્થાનમાં ભોગવાય છે. આ દેશના વિસ્તારના પ્રમાણુમાં જે તેને દેવું છે તે ઘણુંજ થોડું છે. પુષ્કળ સંસ્થાનોને મુદ્દલે કરજ નથી ને સંસ્થાનિક ઉત્પન્ન સ- સ્થાનનો રાજ્ય કારભાર ચલાવી શકાય એટલું છે. યુનાઇટેડ સ્ટેટસના રાજ્ય માહેલા તમામ શેહેરોની મ્યુનિસિપાલીટીઓનું દેવું સત્તાવન્ન કરોડ પચાસ લાખ ડાલર છે. અને લોકસંખ્યાના પ્રમાણુમાં જોવા જઇએ તો દર માણસ દીઠ ૩૦ ડાલર એટલે એક અબજ પચાસ કરોડ ડાલર દેશને માથે દેવું છે. ઇ૦ સ૦ ૧૮૭૫માં એ દેશને મુદ્દલે દેવું હતું નહીં, એટલુંજ નહીં પણ ખજાનામાં પડી રહેલા પૈસાનું શું કરવું તેનો પણ તેના મારે- કોને રસ્તો સુઝતો નહોતો. ૧૮૬૧થી ૧૮૬૫સુધી એ દેશમાં જે ત્રાસદાયક જાદવાસ્થળી થઈ હતી, તેથીજ એ દેશને માથે કરજ દારી ચોંટી. ઇ. સ. ૧૮૬૬માં ત્રણ અબજનું દેવું હતું તેનું વ્યાજ ૧૪ કરોડ ૬૦ લાખ ડાલર દર વરસે ભરવું પડતું હતું પણ ઈ. સ. ૧૮૮૫સુધીમાં અડધો અડધ દેવું તો વાળી નાંખ્યું છે અને બીજા દશબાર વરસમાં ઘણું કરીને તમામ દેવું વળી રેહેશે એવો રંગ દેખાય છે. હાલમાં બે વરસે સત્તાવીસ કરોડનું દેવું વાળવામાં આવે છે. એ જોઇને માનીએ છીએ કે ઘણું ખરૂં દેવું વાળી દેવામાં આવ્યું છે. તેજ પ્રમાણે અમેરિકન જાદવીમાં સરકાર તરફથી લડેલા સિપાઇઓને તથા તેમની વિ- ધવાઓને સેંકડે પચીસ ટકા પ્રમાણે એકાં પગાર આપવામાં આવે છે. બ્રિટીશ સરકાર જેટલી ત્વરાથી પોતાનું દેવું વાળે છે, તેથી આઠગણી ત્વરાએ યુનાઇટેડ સ્ટેટસની સરકારે પોતાનું

દેવું અદા કરે છે. એ જોઇને મી૦ ગ્લાડસ્ટન એક ઠેકાણે એમ કહે છે કે, "ડહાપણ, સ્વાર્થત્યાગ, આત્મસયમન અને દીર્ઘદર્શીપણું એ ગુણો બ્રિટિશ સરકારમાં જેટલા છે, એથી આઠ ઘણા વધારે યુનાઇટેડ સ્ટેટસની સરકારમાં વસે છે. ઉપર૦ જણાવેલા જેવા ગૃહસ્થ સરખા રાજ્ય કાર્ય ધુરંધર પુરૂષ આ લોક નિયુક્ત સરકાર માટે આવી રીતે પોતાનો અભિપ્રાય આપે એ કાંઈ થોડા ઘણા વખાણ નહોય.

ઈ. સ. ૧૮૩૦માં આ સરકારને દર માણસ દીઠ સવા ડાલરની ઉપજ હતી. અને સને ૧૮૬૦માં દર માણસે પોણા બે ડાલર એટલે એકંદર પાંચ કરોડને સાઠ લાખ ડાલર ઉપજ્યા, એ ઉપજનો મોટો ભાગ પરદેશથી આવતા માલ ઉપરની જગાત અને સાર્વજનિક જમીનના વેચાણથી ઉત્પન્ન થયો હતો. સને ૧૮૬૧થી ૧૮૬૫સુધી ગુલામી વ્યાપારને નિમિત્તે અમેરિકન પ્રજા માંહોમાંહે લડી મુઈ, તેના સંબંધમાં થએલું ત્રણ અબજ ડાલરનુ દેવું વાળવા સારૂ ત્યારથી ઘણાં વરસો સુધી આ પ્રજાના માથા ઉપર પુષ્કળ કરો પડયા. સને ૧૮૬૬ના કરની વસુલ અને જમીનની ઉપજ મળીને ૫૬ કરોડ ૮૦ લાખ ડાલર ઉત્પન્ન થયા, સને ૧૮૬૧થી ૧૮૬૭સુધી દરવરસે ૪૦થી ૫૦ કરોડ ડાલરતો માત્ર કરથીજ ઉત્પન્ન થતા હતા. એની પેહેલાં દરમાણસે માત્ર પોણા બે ડાલરનો કર આવતો હતો, તે આ દેવાંને લીધે સત્તર ડાલર સુધી વધારવો પડયો. હાલમાં દેશનું દેવું જેમ જેમ ઓછું થતું જાય છે, તેમ તેમ જૂદા જૂદા કરો પણ માફ થતા જાય છે. સને ૧૮૮૩માં એની ઉપજ ૪૦ કરોડ ડાલરની હતી.

એમાંથી દેશના દેવાનું વ્યાજ પાંચ કરોડ ડાલર; ગુલામો બાબતની માંહોમાંહેની લડાઇ વેળાએ સરકાર તરફથી લડનાર સિપાઇઓને ઘેર બેઠાં પગાર આપવાના છ કરોડ સાઠ લાખ ડાલર; તરી અને રાહદારી લશ્કરના ખરચના ૬ કરોડ ચાલીસ લાખ ડાલર (એમાંથી એક કરોડ ડાલર બંદર તથા બીજા જળમાર્ગની દુરસ્તી કરવામાં ખરચ થયો હતો); અને સાઠ લાખ ડાલર અમેરિકન ઈંડિયન લોકોના ગુજરાન માટે આપવામાં આવ્યા હતા; યુનાઇટેડ સ્ટેટસની સરકાર ઈંડિયન લોકોને દરવરસે સાઠ લાખ ડાલર ધર્માદા આપે છે એમ કોઇએ સમજવું નહીં. તેમની પાસેથી જબરાઇથી કે છેતરીને છીનવી લીધેલી પુષ્કળ જમીનની કિંમતના બદલામાં જે થોડા પૈસા તેને આપવાના ઠરાવીને સરકારના ખજાનામાં સંઘરી રાખ્યા છે, તેનું વ્યાજ ૬૦ લાખ ડાલરથી વધારે ઉપજે છે. તેજ તેમના ગુજરાનને સારૂ તેમની જૂદી જૂદી જાતોને થોડું થોડું વેહેંચી આપવામાં આવે છે. તે તેને ચાલી રહે એટલું નથી, છ કરોડ સાઠલાખ ડાલર લોકોપયોગી સાર્વજનિક કામ માટે ખરચ થાય છે. (એ કામો તે અગાડી કહેવામાં આવશે.) દેશનો રાજ્યનો કારબાર કરનારી મંડળી એટલે યુનાઇટેડ સ્ટેટસનો અધ્યક્ષ, રાષ્ટ્રીયસભાના બે ભાગ (મુખ્તિઆરોની તથા કારભારીઓની સભા) અને ઉપાધ્યક્ષનો પગાર મળીને એકંદર ૨૦ લાખ ૫૪ હજાર ડાલર થયો. એ બાત્ર મોટા મોટા આંકડા છે. એ સિવાય પરચુરણ ખરચ બીજો ઘણો થાય છે.

આ પ્રમાણે યુનાઇટેડ સ્ટેટસની શાસન પદ્ધતિની સંક્ષેપ હકીગત છે. આ સાથે યુનાઇટેડ સ્ટેટસના નક્ષત્રાંકપતાકાનું ચિત્ર આપ્યું છે તે જુવો. આ દેશનો પેહેલા અધ્યક્ષ જોર્જ વાશિંગ્ટનની ઢાળ નક્ષત્ર તથા ધોળા અને રાતા પટાઓથી ચિત્રેલી હતી. તે ઘણી સુંદર હતી. પોતાના દેશનો ધ્વજ તે ઢાલ જેવો બનાવ વાનું અમેરિકન લોકોને લાગવાથી તેમણે વાશિંગ્ટનના સન્માનાર્થે તે ઢાળ ઉપરના ચિત્ર પોતાના ધ્વજ ઉપર કહાડ્યાં. એ ધ્વજની સુંદરતા બાબત શું કહું? આકાશ જેવા કાળા ભમર ઉપર શ્વેત તારાઓ અને ધોળા રાતા પટા પાડેલા છે. એવો સુંદર ધ્વજ બીજા કોઇએ દેશનો નથી. અને આટલી સુંદર સુ વ્યવસ્થાથી ચાલતો જાનપદ સુખધામ દેશપણુ બીજો કોઇ છે? સ્વચ્છ કાળા આકાશમાં આનંદી તારા જેમ સ્વતંત્રપણે ચારેમેર ફરતા રહીને આપણે પૃથ્વીના રેહેવાશીઓની આંખોને આનંદ પમાડે છે તેજ પ્રમાણે પૃથ્વીના આટલાંટિક અને પાસિફિક મહાસાગરનાં સ્વચ્છ કાળાં પાણીની વચ્ચે રહીને આ અમેરિકાનાં સ્વતંત્ર સંસ્થાનો પોતાનાં ભવ્ય શાંત તેજ વડે સર્વ દયાવંત માણસના અંતઃકરણને આનંદ આપે છે. આ વર્ણવેલો ધ્વજ જોતાંજ દેશની શાસન પદ્ધતિનું સ્વરૂપ ધ્યાનમાં આવે છે. એ વડે સંસ્થાનો અને ઉપસંસ્થાનો મળીને જૂદા જૂદાં પચાસ રાજ્યો પોતપોતાને ઠેકાણે સ્વતંત્રતા ભોગવતાં—પૃથ્વી, બુધ, શુક્ર ઇત્યાદિ ગ્રહો જેમ સ્વતંત્ર ગતિ સ્થિતીવાળા છતાં એ એક સૂર્યમંડળને અનુરોધે ચાલ્યા કરે છે તેમ—તે એક વાશિંગ્ટનની રાષ્ટ્રીય સરકારના અનુરોધથી ચાલે છે. આ સઘળા



યુનાઇટેડ્ સ્ટેટ્સની નક્ષત્રાંક પતાકા.



યુનાઇટેડ્ સ્ટેટ્સના શિક્કાપરનું ગરૂડ પક્ષી.

સંસ્થાનનું ક્ષેત્રફળ આપણા હિંદુસ્તાનના ક્ષેત્રફળ કરતાં અઢી ગણું મોટું છે. અને સંપત્તિતો અતિ મોટી છે. આવડો મોટો રાષ્ટ્ર આટલા થોડા વખતમાં સર્વ પ્રકારનાં વિઘ્નો અને વિપત્તિને ટક્કર મારીને જે શાસન પદ્ધતિને બળે પૃથ્વી ઉપરના સર્વ રાષ્ટ્રો કરતાં વધારે ઉન્નત અને સંપન્ન થઇને સરળપણે ચાલ્યા કરે છે, તેની મહાશકિતની યોગ્યતા કેટલી કહીએ? આ શાસન પદ્ધતિની ઉત્પાદ સર્વ સુખની ખાણુ, માણસ જાતની ખરી જીંદગીની શક્તિ જે સ્વતંત્રતા, તેની મૂર્તિ યુનાઇટેડ સ્ટેટસના દિલ્લી જેવા ન્યુયાર્ક બંદરમાં ઉભી રહીને પોતાના શાંત, પવિત્ર અને મનોહર તેજથી આખી દુનિયાનાં મનને મોહમાં નાંખીને આખા જગત ઉપર સ્વતંત્રપણાનો પ્રકાશ પાડવાને એક હાથમાં મશાલ અને જ્ઞાન આપીને માણુસ જાતના અજ્ઞાનનો નાશ કરવા સારૂ બીજા હાથમાં પુસ્તક લઇને ઉભેલી છે, તેનું અને સ્વતંત્રતા દેવીનું સિંહાસન તથા જ્ઞાન અને ઉન્નતિની વિહાર ભૂમિ જે યુનાઇટેડ સ્ટેટસ, તેના દર્શન કરી ગુલામગિરીનો નાશ થએલો ચાહાનાર માણુસનાં મન આનંદથી ઉભરાય છે. અને ત્યાં હોય છે ત્યારે તે માણુસ ઘડીએક પોતાની દુઃખી સ્થિતિ ભૂલી જઇ સ્વર્ગના સ્વતંત્ર સુખમાં તલ્લીન બની જાય છે. અને દુનિયાના સર્વ માણુસ જાતને આવી શાસન પદ્ધતિ, આવી સ્વતંત્રતા, આવો સંપ, અને બંધુ પ્રિતિ મેળવવા અંતઃકરણથી ચાહે છે, એમાં શી નવાઇ?

લોક સ્થિતિ.

એકાદ ચિત્રશાળામાં શિખનારા વિદ્યાર્થીઓના અભ્યાસને માટે એક માણુસ કે પદાર્થ એક ઠેકાણે મૂકીને, તેની આસપાસ તેમનો આખો વર્ગ બેસાડી તે પદાર્થ કે માણુસનું ચિત્ર કહાડવા કહે છે. તે વેળાએ કોઇ સામુ, કોઈ બાજુએ, કોઈ પીઠે, અને કોઇ તિરકસ ખૂણે બેશીને તે વસ્તુનું ચિત્ર કહાડે છે. ત્યારે તે વસ્તુ જે ઠેકાણેથી જેવી દેખાય છે, તેવું તેનું ચિત્ર કહાડવામાં આવે છે. આપણે જ્યારે વસ્તુની જમણી બાજુનું ચિત્ર દેખાય ત્યારે તેની ડાબી બાજુ દેખાતી નથી, અથવા આગલા ભાગનું જોઇએ તો પાછલો ભાગ દેખાતો નથી. આપણને ચિત્રમાં જે પદાર્થની જે બાજુ દેખાય તેજ ચિત્રકારના દીઠામાં આવી, બીજી બાજુ તેના દીઠામાં આવી નથી એટલુંજ તે ઉપરથી સમજવું. એકજ માણુસે એકજ વખતે સર્વ બાજુએ જોઇને કોઈ પણ પદાર્થનું ચિત્ર કહાડવું અસંભવિત છે. એજ પ્રમાણે એકાદ દેશના લોકની સ્થિતિનું વર્ણન કરવાની વાત છે. એક માણુસને લોક સ્થિતિનાં સર્વ અંગો દેખાતાં નથી વાસ્તે તે વાત વિષે એકનો વિચાર અચૂકજ છે એમ માનીને ચાલી શકાશે નહી.

ઇંગ્રેજ અને અમેરિકન લોકોએ હિંદુસ્તાનમાં મુસાફરી કરીને આપણા દેશની રીતભાત અને લોકસ્થિતિનાં વર્ણન કર્યાં છે. તે વાંચ્યાથી પરદેશી માણુસોને તે જે દેશમાં ગયા હોય તે દેશના માણુસો કેવી જૂદી તરેહનાં દેખાય, તે સારી પેઠે સમજાય એવું

છે. અમેરિકન લોકસ્થિતિ પણ એવાજ પ્રકારની છે. અને તેના અમુક આટલાજ પ્રકાર છે એવો અચળ સિદ્ધાંત કરીને ન કહેતાં અને જેવા લાગી તેવી કહેવાનો આ અધ્યાય અને આખા ગ્રંથનો ઉદ્દેશ છે.

અમેરિકન લોકસ્થિતિનું જે અંગ સર્વત્ર સ્પષ્ટ દેખાઈ આવે છે તે તે લોકોના વિચારનું, રાજ્યશાસનનું અને બીજી મોટી મોટી વાતોનું સાર્વજનિકપણું (સર્વ માણસને ફાયદકારકપણું) છે. હિંદુસ્તાન, ઇંગ્લાંડ અથવા બીજા જૂના દેશોમાં એક અમુક વર્ગની સવડ અને તેનેજ માટેજ સર્વ વાતો કરેલી હોય છે. તેનો સર્વ સાધારણ જન સમુદાયને લાભ મળતો નથી એવો પ્રકાર આ દેશમાં ઘણોજ થોડો હોય છે. અહીઆની રાજ્યશાસન પદ્ધતિનું સાર્વજનિકપણુંજ ઘણીખરી સઘળી વાતોના સાર્વજનિકપણાનું મુખ્ય કારણ છે. અહીં રાજા એટલે પ્રજાનો પાલક અને માલિક છે, પ્રજા અને બીજી સઘળીવાતો રાજાના સુખમાટેજ પૃથ્વી ઉપર પેદા થઈ છે. એવું કોઇ સમજતું નથી; કારણ અહીં પ્રજાજ રાજા અને જે કંઇ સર્વ પ્રજાનો હિતકારક તેજ રાજ્ય શાસન પદ્ધતિમાં હોતું જોઇએ એવું સઘળા સમજે છે. આ "લોકોનું, લોકોએજ ચલાવેલું અને લોકોનેજ માટે અસ્તિત્વમાં આવેલું" દેશમાં સર્વત્ર લોકોનાં મત લઇને ઘણે મતે જે સારૂં ઠરે તેજ અમલમાં આણવામાં આવે છે. લોક પોતાને જોઇએ તેને દશનો, સંસ્થાનનો અને ગામનો અધ્યક્ષ ચુંટી કહાડીને તેની યોગ્ય ઠેકાણે યોજના કરે

છે. લોકોજ પોતાને જોઇએ તેવા કાયદા ઘડે છે. રાજાની મરજી પ્રમાણે પ્રજા ઉપર મરજીમાં આવે તેવો કરનો બોજો નાંખીને મોજ કરનારાં લોકોને આ દેશમાં મનમાનતા પરાક્રમો કરવાની સગવડ મળી શકતી નથી.

અહીં ઉત્તમ મધ્યમ અને કનિષ્ટ એવા વર્ગ લોક સમાજમાં મુદલ નથી. જાતિભેદ અને જાતિમત્સર જોકે થોડો ઘણો સર્વત્ર છે, તોય તે આપણા દેશ માંહેલા અને બીજા જૂના દેશો જેમાં રાજાનું રાજ છે તેમાનાં જાતિભેદ જેવો સખત અને દેશને નુકશાનકારક નથી. હાલમાં છે તે જાતિભેદને દુર કરવાને જે પુષ્કળ ઉપાય યોજેલા છે, તેમાં સર્વ સાધારણ છોકરાંને નિશાળોમાં મફત મળનારી કેળવણી એ મુખ્ય છે. યુનાઇટેડ સ્ટેટસમા સર્વ રહેવાશીઓનાં છોકરાંને નિશાળોમાં શરૂઆતની કેળવણી મફત મળે છે. ત્યાં સર્વ છોકરાં એકજ જાતનાં, અને એકજ દેશના રેહેવાશીઓ સંબંધે પરસ્પર પ્રેમભાવ અને સભ્યતાથી વર્તતાં શીખે છે. તેમને પોતાના સમાજમાં એક જાતીનો મોટા અને અમુક એક જાતનાનીય, એવી કેળવણી ન મળતા આપણે સર્વ માણસ છીએ, આપણે એક બીજા જોડે મનુષ્યપણાથી વર્તવું જોઇએ એવી સમજણ આવવા જેવી કેળવણી મળે છે. આપણે આજ છેક ગરીબ લાચાર અવસ્થામા હોઇએ તોય પ્રયત્ન કરવાથી આવતી કાલે આપણા દેશના અધ્યક્ષનું પદ મળવાનો સંભવ છે; એવી દરેક છોકરાની ખાત્રી છે. તેમને પોતાની યોગ્યના પ્રમાણે પોતાના સમાજમાં ઉત્તમ કે મધ્યમ પદ મળશે એવી પક્કી ખાત્રી છે. કોઇપણ

પ્રકારની સ્થિતિને અને પદને જાતિનું કારણ નથી પણ માણસ માત્રની યોગ્યતા એજ ઉત્તમપણું કે મધ્યમપણું મેળવવાનું મુખ્ય સાધન છે.

શહેર અને ગામડાંના રસ્તાઓ, સભાગૃહો, વસ્તીગૃહો, પદાર્થના ભાવ ઈત્યાદિ બધું પ્રજાની સગવડ સારૂ કરેલું હોય છે. શેહેરો માંહેલા મોટા રસ્તા ઘણું કરીને ગોળ કે ચોખંડા પથરા અથવા ઇંટોથી ફરસબંધી કરેલા અને ઉપર લોઢાની ચીપો નાંખીને ઘોડા અને ગાડીઓને સસ્તા દરથી જ્યાં જવું હોય ત્યાં જવાની સવડ કરેલી હોય છે. શ્રીમંતી દાદથી પાંચ ડાલરના દરની બગીમાં બેસીને આ રસ્તા ઉપર જનારને લોકોના ધક્કા ઠીક ખાવા પડે છે, તેવા બે આના ભાડુ આપીને ચાર પાંચ મૈલની મુસાફરી કરનાર ગરીબોને ખાવા પડતા નથી એ એક આણીમેરના ઘણા લોકોની સોઇ તરફ લક્ષ આપીને કરેલી વાતનું ઉદાહરણ છે. માણસને રસ્તામાંથી જવા આવવાને કશી અડચણ ન પડે એવા પહોળા રસ્તા હોવાની ઘણી જરૂર છે. વાસ્તે આ દેશમાં દરેક શેહેરના રસ્તા ઘણા પહોળા કરેલા હોય છે. અને રસ્તાની બંને બાજુએ ધોરા ચણી લીપેલા હોય છે. તે પગ રસ્તાની તળે અથવા તો રસ્તાની વચ્ચે તળીએથી ગટરો બાંધીને ગામની મોરીઓનું પાણી જવાના રસ્તા કરેલા હોય છે. પગ રસ્તા એવા કરવાથી રસ્તાની વચમાં જ્યાં ગાડીઓ જાય આવે છે, ત્યાં માણસને ચાલવાની જરૂર રહેતી નથી. તેથી તેમના જવા આવવામાં અડચણ પડતી નથી. તેથી ઘેરથી કામ ઉપર જવા આવવાને વધારે વખત લાગતો નથી. તેજ

પ્રમાણે શેહેરમાંહેલી ગટરે ખુલ્લી ન હોવાથી બાળના દુર્ગંધ પાણીથી તેમને કંટાળો ખમવો પડતો નથી. + અહીંની મ્યુંનિસિપાલિટીયો આપણા દેશની સ્વરાજ્ય સંપન્ન વિધાચાર યુકત મ્યુનિસિપાલિટિયો જેવી ડાહી અને કર્તવ્ય દક્ષ નથી, એ યુનાઇટેડ સ્ટેટસના લોકોના મોટાં નશીબ સમજવાં જોઇએ. કારણ કે આપણી મ્યુનિસિપાલિટીનો વિદ્વાન વ્યવસ્થાપક કોઈ સાહેબ આવ્યો એટલે શેહેર શણગારવામાં અને રોસનાઈ કરવામાં રોકાય છે તેજ પ્રમાણે તે સાહેબ રહેતો હોય ત્યાં એકાદો ભભકાદાર બાગ

+ આપણા દેશમાં જેમ પુરૂષો ફાવે તે જગાએ રસ્તા ઉપર બેશીને ગંદકી કરે છે. તેમ ત્યાં કોઇ કરતું નથી. આ અત્યંત નિર્લજપણાની ચાલ બંધ કરવાને કોઇ ખટપટ કરતુ નથી એ મોટા આશ્ચર્યની વાત છે. બીજા બધા સામાજિક સુધારા પ્રમાણેજ એ સુધારો થવાનીએ ઘણી જરૂર છે. આબરૂદાર બઇરાં અને નાનાં છોકરાંને રસ્તે જતાં એવા ગંદા અને નિલાજરા પ્રકાર નજરે પડવા એ ઘણું ભયંકર અને નુકશાન કારક છે. આપણા દેશની મ્યુનિસિપાલીટીઓએ એવી જગા જોઇને ઘણી મોરીઓ બાંધવી જોઇએ, એમ લોકોને જરૂર જણાશેજ તો એ કામ સેહેજ થવા જેવું છે.

ગુજરાતના શેહેરોમાં એવાં કેટલાંક પેશાબખાના બાંધેલા નજરે પડે છે. તથાપિ એવા દુર્ગંધ યુકત હોય છે કે, તેમાં જવાથી સુગાળ માણસને વામીટ થયા વિના રેહેજ નહીં. તેથી એવી જગા કરીને ન કરી એ સરખું છે. બા. ક.

બનાવવામાં પુષ્કળ પૈસા ખરચે છે, તેથી શેહેરમાં સ્વચ્છતા રાખવાનો તથા સર્વ સાધારણ લોકોની જ્યાં ઘણી આવ જા હોય તેવે ઠેકાણે દીવાબત્તી કરવાના કામમાં ખરચ કરવાને તેમના હાથમાં પુરતા પૈસા નથી હોતા. તેથી સાધારણ પ્રતિના માણસને સ્વચ્છતાનું સુખ અને આરોગ્યતાનું સુખ તથા સગવડ મળવી જોઇએ તેટલી મળતી નથી. યુનાઇટેડ સ્ટેટસમાં એવો પ્રકાર બનવાનો સંભવજ નથી. અહીં નગરવાશી લોકો જે ઘર ઉપરનો કર આપે છે તે પોતાનીજ સોઇ માટે આપે છે. તે સુવડ જો તેને ન મળી તો તે સુધરાઇ ખાતાની ગરબડને માટે માત્ર વગોણું કરીને બેશી રહેતા નથી. પણ એક બે વાર સૂચના આપ્યાં છતાંએ જો વ્યવસ્થાપક મંડળી કર્તવ્ય તત્પર ન થઈ તો તો લાગલીજ તેને દૂર કરે છે. યુનાઇટેડ સ્ટેટસમા ગમે તે સાહેબ આવે તોય તેને નિમિત્તે મ્યુનિસિપાલીટીના ખરચથી શેહેર સણગારવાની ચાલ મુદલ નથી. વાસ્તે સાર્વજનિક રસ્તા ઉપર દીવા કરવાને તથા નિકો વગેરે સાફ કરવાને આપેલા પૈસા સાહેબના સન્માનાર્થે કમાનો બાંધવામાં અને નિશાનો ઉભાં કરવામાં ખરચી શકાતા નથી. મ્યુનિસિપાલીટીને લગતી એક આરોગ્ય રક્ષક મંડળી હોય છે. તે કોઇના ફરમાવ્યા વિના ચારે બાજુએ જઇને શેહેરની આરોગ્યતાની તપાસ રાખે છે. બજારમાં વેચવા મુકેલો ભાજીપાલો, માછલી, દૂધ, માખણ ઇત્યાદિ પદાર્થ ખાવા જોગ છે કે નહીં તે તપાસી જોવા તરફ તેની નજર વધારે હોય છે, તેમજ શેહેરના જે ભાગમાં કોઇ વિશેષ રોગ ઉત્પન્ન થયો હોય તે તરફની મોરીઓ વગેરે સાફ સૂફ છે

કે નહીં અને તે રોગ ઉત્પન્ન થવાના કારણો શોધી કહાડી તે રોગનો નાશ કરવાની ઘણી કાળજી રાખે છે. શેહેરમાં સાર્વજનિક બાગ અને હવાખાવાનાં ઠેકાણાં કરેલાં છે. તે બાગો અમુક એક વર્ગના રહેઠાણની નજીકજ જોઇએ એમ કંઇ નથી. જ્યાં જવાનું સર્વ લોકોને સોઇવાર પડે ત્યાં તે કરેલા હોય છે. ધનવાન લોકો પોતાને પરવડે ત્યારે જાતને ખરચે જોઇએ તેવાં ખાનગી બગીચા કે બીજા સુખના સાધનો બનાવી લે છે. તથાપિ સુખશાહખાનાં ગરીબ લોકોના પૈસા ખરચ કરીને ધનવાનોના ઘર આગળ શોભા આણીને સર્વ સાધારણ લોકોને અગવડમાં નહીં નાંખે. કોઇપણ પ્રકારની માહિતી મેળવવાને ઘણી મેહેનત કે ખરચ કરવો પડતો નથી. શેહેરો અને ગામોમાં પોલિસનો બંદોબસ્ત ઘણો સારો છે. આપણા દેશની પોલિસ પ્રમાણે ઘરમાં ચોરી કે રસ્તામાં મારામારી થતાં અપરાધિને નાશી જવાનો વખત આપ્યા પછી ધીમેથી ગરબડ થએલે ઠેકાણે જઇને સિપાઈ બહાદુરી બતાવવાની વિદ્યાથી આ દેશની પોલિસના માણસો હજી અજાણ્યા છે. કોઇ અજાણ્યા માણસને શેહેરના રસ્તા વગેરેની માહિતી પૂછવી પડે તો તે ઘણી અસભ્યતાથી કહેછે. દરેક બજારે, મોહોલે, ઘણી આવજાવાળા રસ્તા ઉપર, ગલી ગુંચીમાં અને રસ્તાઓનાં વળણ ઉપર પોલિસના સિપાઇઓ એકબીજાથી થોડે થોડે અંતરે પેહેરો ભરતા ઉભેલા હોય છે. સાર્વજનિક ઘોડાગાડીઓ ચલાવનારા, આગગાડીઓના ચાલક ટીકીટ લેનાર વગેરે માણસો સર્વ લોકો સાથે ઘણી સભ્યતાથી વર્તે છે. (આગગાડીની વ્યવસ્થા વિષે મારે વળી વધારે બોલ-

વાનું છે તે અગાડી આગગાડી માહિતી આપનાં બોલીશ) શેહે-રમાં જે વ્યવસ્થા છે તેઓમાં નળીના પાણીની વ્યવસ્થા ઘણીજ મહત્વની અને ઉત્તમ છે. શેહેરથી થોડે દૂર કે પાસેજ દરરોજ ઉપયોગમાં આવનારા પાણીનો સંગ્રહ કરી રાખેલો હોય છે. અહીં મીઠું પાણી ઘણું છે તેથી દુકાળ બિલકુલ પડતો નથી. જ્યાં પાણી એકઠું કરી રાખે છે તેને "વાટર રિઝર્વોયર" કહે છે તેમાંથી વરાળયંત્રને બળે શેહેરોના નળોમાં જાય છે. દિવસ-ના ને રાત કોઇ ભાગમાં નળમાં પાણી આવવાનું બંધ પડતું નથી. શેહેરમાં ઠેકાણે ઠેકાણે જનાવરોને અને જનાર આવનાર માણસોને પીવા સારૂ પાણી મળે માટે હોજ અને ફુંવારા બાંધેલા છે. કોઇ ઘર કે વખારને આગ લાગે તે ઓલવવાને પાસે પાણી જોઇએ વાસ્તે થોડે થોડે અંતરે રસ્તાના ખાંચા-ઓમાં પાણીના બંબા બાંધી મૂકેલા હોય છે. ઘરને આગ લાગી તો તે હોલવવાને જે સવડ છે તે ઘણી ઉત્તમ અને ધ્યાનમાં રાખવા જેવી છે. થોડા થોડા છેટા ઉપર "ફાયરસ્ટેશન" એટલે આગનાં થાણાં બાંધેલાં હોય છે તેમાં આગ હોલવવાના કામમાં ઘણા કાબેલ અને હિંમતવાન માણસો તેજ કામ સારૂ રાખેલા હોય છે. તેમને પગાર ભારે હોય છે. આપણી સરકાર જેમ લડાઇને નામે વધસ્થાનમાં માનુષ્યના પ્રાણનું બળીદાન આપવા સારૂ આપણી ઉપજ કરતાંએ વધારે ખરચ કરીને મોટું લશ્કર રાખે છે, તેવીજ રીતે યુનાઇટેડ સ્ટેટસની સ્થાનિક સરકાર લોકો-ના જાનમાલ બચાવવાને સારૂ આ અગ્ની સાથે લડનારૂં સૈન્ય તૈયાર કરી રાખે છે. તેની કવાયત, કામ કરાવાની ચપળતા,

અને વ્યવસ્થિતપણું ઘણું આશ્ચર્યકારક અને ઉત્તમ છે. તેમના ઘોડાઓને પણ પોતાનું કામ ઉત્તમરીતે કરતાં આવડે એમ શીખવવામાં આવે છે. આગ હોલવવાના કામમાં આવે એવી નિશરણીઓ, રબરના બંબા, પાવડા, કોદાળી, કોહાડા અને બંબામાંથી પાણી ઉંચે ચડાવવાને માટે જરૂરના ઘેરાળયંત્ર વગેરે પદાર્થ ઉંચકી લઇ જવાને સારૂ ઘોડા કામ લાગે છે. તે ઘોડાઓનો સામાન એવી ગોઠવણથી જગા ઉપર તૈયાર કરીને મૂકી રાખેલો હોય છે કે, તે ઘોડા ઉપર ઘાલતાં લગારે વાર લાગતી નથી, એટલુંજ નહીં પણ સૂચનાના ઘંટના ટકોરા સાંભળતાં સાથેજ ઘોડાજ પોતાની મેળે સામાન પાસે જઇને તે હલાવીને પોતાની પીઠ ઉપર ઉતારી લે છે. એવા તે શીખેલા હોય છે. તેમની અક્કલ જોઇને મનને મોટો ચમત્કાર લાગે છે. ગામ માંહે બે જૂદે જૂદે ઠેકાણે થોડા થોડા અંતર ઉપર આગના થાણાને સૂચવવામાટે યત્રના હાથા જડી દીધેલા હોય છે. તેને તાર જોડેથી તાર યંત્રના જેવું ઉપયોગીપણું તેમાં આણેલું હોય છે. તે કયાં છે તે દરેક ઘરના માલિકને જાણીતુ હોય છે. ડેક ઠેકાણાના ખુણા ઉપર અથવા પેટીમાં ચોહોડેલા છાપેલા નિયમ પ્રમાણે તે હાથો ફેરવવો કે દાબવો એટલે તેની સાથે જોડાયલો તાર હાલવાથી પાસેના આગના થાણા માંહે મૂકી રાખેલો સૂચનાનો ઘંટ વાગે છે. તે ઘંટના ટકોરા ઉપર કયાં આગ લાગી છે તે ઘર કયા મોહોલામાં છે .અથવા કયા રસ્તા ઉપર છે તે જણાઈ આવે છે પછી તે રસ્તાની પાસે આવેલા થાણા ઉપરના માણસો પાંચ સેકંડની માંહે. સઘળી

તૈયારી કરીને આગ સાથે યુદ્ધ કરવાને જોયતાં શાસ્ત્રાસ્ત્રથી સિદ્ધ થઇ ઘણી ઝડપથી સંકટમાં પડેલા માણસોને સહાય કરવાને જાય છે. જે ઘરને આગ લાગેલી હોય છે, તે ગમે તેવું ઊંચું અને આગ ગમે તેવી ભયંકર હો તોયે તે ઉપર ચઢીને હોલવવાને ડર ખાતા નથી કે આળસ કરતા નથી.

અહીંના લોકો કોઈ સંકટમાં પડ્યું હોય તો તેની મદદમાં જવાને આળસ કરતા નથી. રસ્તામાંના કાદવમાં ગટરમાં કોઈની ગાડીનું પૈડું ખુટી બેસે તો સારા ઉંચા પોષાક પહેરેલા પુરૂષો પણ કાદવ કે ગઠરમાં જઇને ગાડી બહાર કાઢવાને મદદ કરે છે. આપણા દેશના શ્રીમત શેઠીઆઓ એવે પ્રસંગે એ કામ આપણી જાતને અને પદને યોગ્ય નથી એવા વિચારથી શાંતપણે ચાલ્યા જાય છે.

કોઈ પણ દેશના લોકોની સ્થિતિનું ખરૂં સ્વરૂપ જોવું હોય તો મુંબાઈ કલકત્તા જેવાં મોટાં શેહેરનો નમુનો ન જોતાં ગામડા ગોડડાંના લોકોની અવસ્તા કેવી છે તે જોવું લાયક છે. હું અહીં આવી ત્યારથી શેહેરમાંજ રહીને ઘણો વખત કેહાડવો પડયો ખરો પણ ગામડાં ગોડડાંનીએ માહિતી મેળવવાને ઠીક સંધી મળી હતી. પેન્સિલ્વેનિયા, ન્યુયોર્ક, ન્યુજર્સી, કનેટીકટ અને માસચુસેટ્સ એ સંસ્થાનો જૂનાં અને ઇલિનોઇસ, આયોવા, નિબ્રાસ્કા, કોલરાડો, અને કયાલિફોર્નિયા એ સંસ્થાનો નવી તરેહની લોકસ્થિતિના નમુના છે.

નાના કસબાઓ અને ગામડાંઓમાં ઘણું ખરૂં આખું કુટુંબ પોતપોતાના ઘરમાં રહે છે, અને ઘરો જે જમીન ઉપર

બાંધેલાં છે તે જગા પણ તેમનીજ હોય છે. જમીનદાર અને આ-સામી અને તેનો પરસ્પર જોડે સંબંધ આ દેશમાં છેકજ નથી એમ નથી પણ તે ઘણો કવચિત્તજ. એકાદો માણસ ઘણી જ-મીનનો માલિક હોય અથવા મોટો ધનવાન હોય તેથી તેને સ-માજમાં મોટી પદવી મળતી નથી, તે એ હજારો જેવો એક અમેરિકનજ છે, અને તેની આબરૂએ એટલીજ સ્થાવર અથવા જંગમ માલ લેવા આપવાના કાયદાએ સપડભરેલા અને સેહેલા એ માટે દરેક વરનો કે જમીનનો માલિક જોકે પોતાના માલનો સ્વતંત્ર ધણી છે તોપણ તેને જાહાગીરદાર કે જમીનદાર કહેવામાં આવતો નથી. કારણકે ઈંગ્લાંડ, સ્કાટલાંડ વગેરે જૂના દેશોમાં-હેલા જમીનદારો ઉપર હંમેશનો આધાર રાખીને રહેનાર જેવો આસામીઓનો એક જૂદો વર્ગ છે, તેવો આ દેશમાં કોઈ ઠેકાણે નથી. પુષ્કળ જમીનનો માલિક પણ જાતેજ ખેતી કરે છે. તેના છોકરા નહીં તો મજુરો તેના કામમાં લાગે છે. થોડી જમીનના ખેડુતો પોતપોતાના ખેતરનું અને ઘરનું કામ કરી રહયા પછી ફાજલ પડેલા વખતમાં બીજા મોટા ખેડુતના ખેતરમાં કામ ક-રીને ચાર પૈસા પેદા કરે છે. એમ કરવાથી કંઈ પેલા શ્રીમંત ખેડુત કરતાં આની યોગ્યતા ઓછી થતી નથી તેથીજ આબરૂદાર ગરીબ ગૃહસ્થને મજુરી કરીને પૈસા મેળવવામાં કંઈ સંકોચ લાગતો નથી.

ઘરમાં આવા ગૃહસ્થોની બઈરી અને દિકરીઓજ સઘળ કામો કરે છે. ખેતરની કાપણીના દિવસોમાં કામ ઘણું હોય છે ત્યારે એકાદ બીજી મજુરણ એક બે મહિના કામ કરવાને રાખવી

પડે છે તેને આપણા દેશમાં અતિ નિકૃષ્ટ માનેલા ભંગીઓના કામથી તે સઘળાંમાં શ્રેષ્ઠ શિક્ષકનું કે ઉપદેશકના કામ સુધી જે જે વખતે જે જે કામો કરવાં પડે તે યથાસ્થિત કરવાની છુટ છે અમુક કામ કરવાથી કોઈની આબરૂ ઓછી થાય છે એમ લાગતું નથી, માત્ર તે કામ કોઇની આબરૂને હિણુ ન લાગતું હોવું જોઇએ.

એમ સર્વત્ર સઘળાં કામો કરવાની ચાલ છે, એમ અહીંના ગામડીઆઓ ગામઢારોના જેવા ગમાર દીઠામાં આવતા નથી. દરિદ્રિ અને ભિખારી જેવા દેખાતાં ફાંટા વસ્ત્રો પેહેરેલાં એવા લોકો ઘણુંજ થોડા ગામમાં કોઈ ઘણો ભભકાભરેલો પોષાક પેહેરીને ડોળ દેખાડે તો તેની ભણી કોઇ ઘણું ધ્યાન આપતું નથી. એકાદીવેળાએ કામને લીધે સાધારણ મેલાં લુગડાં પેહેરીને રસ્તે ચાલતો નજરે પડવાથી કોઇ અજાણ્યો માણસ તેને ગરીબ ધારીને તેને પાવલી, અડધો આપવા જાય તો તે મોટી બેઅદબી માનવામાં આવે છે.

નાના ગામડામાં ઘણા ગુન્હા નથી હોતા, દારૂ પીવો અને તમાકુ પીવો એ વિના બીજાં દુર્વ્યસનો દીઠામાં આવતાં નથી. ચોરીની બીક તો ઘણીજ ઓછી કોઈ કોઇવાર લોકો પોતાના બારણાને અંદરથી સાંકળ કે ખીલો દીધા વિનાજ ઉંઘી જાય છે અને બહાર જાય છે ત્યારે તાળુએ દેતા નથી. એક હજાર માણસની જ્યાં વસ્તી છે, એવા નાના ગામમાં એક અનાથાશ્રમ હોય છે તેમાં ઘણું તો પાંચ છ ઘરડાં ખોખરાં અથવા રોગ લાગવાથી કામ કરી શકતા ન હોય એવાં ગામ લોકોને ખરચે પો-

જોવામાં આવે છે. ગામડીઆઓમાં જેમ સર્વ પ્રકારનાં કામો કરવાની ટેવ છે તેમજ તેમને વિદ્યાનું વ્યસન પણ ભારે લાગેલું જણાય આવે છે હજાર માણસની વસ્તીવાળા દરેક ગામોમાં ઘણું કરીને એક સાર્વજનિક પુસ્તકાલય હોય છે, તેમાં નકામાં ન માલા પુસ્તકો ન રાખતાં હક્સલે જેવા મહા વિદ્વાનનાં રચેલાં, શાસ્ત્રીય, ઐતિહાસિક, કાયદાનાં ધર્મનીતિ બાબતના ગ્રંથો, કાવ્યો, (ગદ્ય અને પદ્ય) શિલ્પ, ચિત્રકળા, ગાયન, વૈદક, ઉત્તમ કાદંબરીઓ, યુરોપ અને આ દેશના પ્રસિદ્ધ અને લોકપ્રીય માસિક પુસ્તકો, અઠવાડીઆના અને રોજીંદા પત્રો વગેરે સર્વને વાંચવા મળે એવી સોઈ હોય છે. એવા ગામમાં ઓછામાં ઓછી એક હાઈસ્કૂલ અને નાના છોકરા સારૂં પાંચ છ પ્રાથમિક શાળા હોય છે; અહીં જેને લખતાં વાંચતાં આવડતું નથી એવું માણસ મળવું ઘણુંજ કઠણ. સવારે આપણે જે માણસને મેલા લુગડાં પહેરીને પોતાના ઘરમાં સુખે સગડીએ તાપતો પોતાની બાયડી કે છોકરી સાથે આનંદી વાત કરતો બેઠેલો કે 'સેંચ્યુરી' 'આટલાંટિકમંથલી' નહીં તો 'નાર્થ અમેરિકનરિવ્યુ' જેવાં માસિક પુસ્તક વાંચતો બેઠેલો છે એવું આપણી નજરે પડશે. તેના ઘરના બેસવાના ઓરડામાં એક વાદ્યયંત્ર છે, ટેબલ ઊપર એક બે વર્તમાન પત્રો અને ચોપડીઓ મુકવાની અભરાઈ ઉપર મિલ્ટન, ટેનિશન, લોંગફેલો, ગિબન, મેકાલે, અને બીજા પ્રસિદ્ધ વિદ્વાનોના તથા કવિઓના ગ્રંથો મુકેલા છે, તે ફક્ત શોભાને વાસ્તે નહીં; પણ તે કુટુંબમાં તેનો સારો શોખ હોય છે. તેથી તે ઉપર ચર્ચા થતી રહે છે. ભિંત ઉપર ઓછામાં ઓછાં પાંચ

છ ચિત્રો લટકાવેલાં હોય છે. કુટુંબના માણસોને પોતાના દેશની તથા બીજા દેશોમાં શી શી વાતો બને છે તેની સારી માહિતગારી હોય છે. તેની ધણીઆણી અને દીકરીઓ સવારમાં રાંધવાનું, ધોવાનું, વાસણ માંજવાનું, વગેરે ઘરના કામ કરતી હતા તે આપણે જોયું છે. બપોર અને સાંજનું જમવા ખાવાનું કામ અટપાયા પછી તેમાંની કોઇ મોજા ગુંથે છે કે ભરત ભરે છે, કોઇ મધુરૂ વાજું વજાડે છે, નહીતો ચીનાઇ પ્યાલા ઉપર અથવા પડદા ઉપર સુંદર ફુલો વગેરેનાં ચિત્રો કહાડે છે. કોઇક લાટિન વ્યાકરણનું પુસ્તક લઇને (કોઇ મોટી પાઠશાળામાં દાખલ થવાની પરીક્ષા આપીને ત્યાં અભ્યાસ કરવાની ઉમેદથી) રોજના પાઠ શીખે છે, એવું આપણા દીઠામાં આવશે. દરરોજ સવારે અને સાંજે ઘરધણી કે ધણીઆણી ધર્મ પુસ્તકના એકએ અધ્યાય વાંચીને ઇશ્વરની પ્રાર્થના કરે છે. અને મા પોતાના નાના છોકરાંને ધર્મ ગ્રંથમાંના અથવા ઈતિહાસમાંના અને બીજા પુસ્તકોમાંથી વાતો વાંચીને તેમના મન રંજન કરે છે. આપણા શરા પૂર્વજોએ કેટલાં દુઃખો ભોગવીને આપણને આ સ્વતંત્ર દેશ મેળવી આપ્યો, અને તેનું પરાક્રમ કેટલું હતું; અમુક એક લિંકન નાનો હતો ત્યારે કેટલો ગરીબ હતો તથાપિ તે ઉદ્યોગ અને સારા સ્વભાવથી કેવો આ દેશનો અધ્યક્ષ થયો ઇત્યાદિ ઐતિહાસિક વાતો માના મોઢામાંથી સાંભળીને નાનાં છોકરાંના હૃદયમાં દેશભકિત, મહત્વાકાંક્ષા, અને આપણે ઉદ્યોગ કરવાથી વાશિંગ્ટન, લિંકન, ગાર્ફિલ્ડની પેઠે આપણને પણ યશ અને ઉત્તમત્વ મળશે એવી આશા ઉત્પન્ન થાય છે. છોડીઓને

આથી નિરાશ થવું પડે છે એમ નથી. તેઓ પણ ઉત્તમ અને પ્રસિદ્ધ સ્ત્રીઓનાં ચરિત્રો સાંભળીને પોતે પણ કોઇ કોઇવાર તેના જેવા થઇ શકાશે એવી આશા રાખે છે. વખત મળે ત્યારે પોતાની મા વિદ્યાભ્યાસંગના ઉદ્દેશથી અથવા પરોપકાર વાસ્તે કે ધર્મ પ્રસારને માટે સ્થાપેલી એકાદી સભામાં જવા નીકળી તો તેની સાથે જઇને ત્યાં શું શું થાય છે તે જુવે છે તેને લીધે તેમને વિદ્યાની અભિરૂચિ અને પરોપકારની ઇચ્છા ઉત્પન્ન થાય છે, તેમને આપણા અહીંની પેઠે સામાજિક બાળવિવાહની રીતના જુલમથી થનારો માત્ર વિયોગ અને સાસરીઆનો તરાંદો વેઠવો પડતો નથી. આપણે તો બૈરાં માણસ તેથી આપણાથી કંઇ થશે નહીં, આપણે તો પરાધીનપણે આખી જીંદગી ગુજારવી જોઇએ, સ્વતંત્રતાનું સુખ આપણા નશીબમાં નથી. આવતી કાલે આપણો ધણી મરણ પામે તો લોકો આપણને બાળરાંડ કહીને આપણું અપમાન કરશે, સંતાપશે અને અપવાસ કરાવશે અને આપણી મરજી વિરૂદ્ધ કચાડ કષ્ટ કરવિશે, ગાળો ભેળો દેશે, હજામ પાસે આપણું માથું બોડાવી નાંખશે અને નિરાશીન ગણીને આપણો તિરસ્કાર કરશે; આ લોક અને પરલોકમાં આપણો વાલી કોઇ નથી, એવી નિરાશાની અને દુઃખની જવાળા અમેરિકન છોકરીઓના અંતઃકરણના અંકુરોને બાળી નાંખતી નથી! તે બાપડી અથવા પરાધીન છોકરી છે એવું જાણીને તેને કોઇ અપમાન કરતું નથી તેઓ પોતાના ભાઇઓની પેઠેજ મા બાપના લાડ અને હેતને પાત્ર છે. તેણીને તેમના ભાઇઓની પેઠેજ વિદ્યા, કળા અને શિલ્પ શીખવવાની સવડ હોય છે.

અને કોઈ નહીને કોઇ વાર તે પોતે પોતાની માલીકણુ, પોતાના ઘરની ધણીઆણી અને પોતાનાજ ઉપર આધાર રાખનારી સ્વતંત્ર અમેરિકન જાનપદ થઇ શકશે. એવી આશા તેમને હોય છે. એ આનંદકારક કુટુંબનું વર્ણન કરતાં મેં તે દેશમાં જે. પુષ્કળ કુટુંબો દીઠાં છે તે મારી આંખો આગળ મૂર્તિમાન ઉભાં રહ્યાં છે. તેમાંથી દાખલા તરીકે એક કુટુંબની વાત કહેવાથી બસ થશે.

ન્યુયાર્ક સંસ્થાનમાં ગિલ્બર્ટવિલ્ નામે એક નાનૂ ગામ છે. એક વરસ ઉપર હું તે ગામમાં ગઇ હતી. સને ૧૮૮૭ના મે મહિનામાં કાર્નેલ યુનિવર્સિટી માંહેના ઘણા વિદ્યાર્થીઓ સાથે મારે ઓળખાણ થઇ, તેમાંના એક વિદ્યાર્થીએ મને તેના ગામમાં જઇને ભાષણ કરવાનું આમંત્રણ કર્યું. છુટીના વખતમાં તેણે ઘેર જઇને બધી તૈયારી કર્યા પછી તેની માએ મારા ઉપર આમંત્રણ પત્ર મોકલ્યુ. હું તે ગામના સ્ટેશન ઉપર જઈ પહોંચ્યા પછી પેલો છોકરો જેનું નામ જોર્જ હતું તે પોતાની ગાડીમાં બેસાડીને મને ઘેર તેડી ગયો. તે ગામ-સ્ટેશનથી આશરે અડધો ગાઉ આઘું હતું. જોર્જની મા અને બહેન પોતાનાં બારણામાં ઉભાં હતાં અમે ત્યાં પહોંચ્યા કે તેઓએ મારી ગાડી પાસે આવીને ઘણા આદરસહિત મારૂં સ્વાગત કરી મને ઘરમા લઈ ગયાં. આણીમેર જોર્જે પોતાની ગાડીના ઘોડા છોડી મૂકીને પાસેના ખેતરમાં ચરવા સારૂ મુકી આવ્યો. સંધ્યાકાળે તેનો બાપ અને ભાઈ ખેતરમાંથી કામ કરીને ઘેર આવ્યા. તેનાં લુગડાં છેકજ મેલાં હતા. તેની મા રસોઈ કરવા બેઠી અને તેની બેન ટે-

બલ ઉપર થાળી વાડકા અને ચમચા વગેરે ગોઠવીને જમવાની તૈયારી કરવા લાગી. પછી સઘળી તૈયારી થયા પછી તે કુટુંબનાં સઘળાં માણસો હાથમોંડું ધોઈ સ્વચ્છ લુગડાં પેહેરી ટેબલની આજુબાજુ મેલેલી ખુરશીઓ ઉપર બેશીને જમ્યા. અહીંના લોકોમાં પુરૂષ પેહેલાં અને બાઈરાં પછી એમ જમવાનો ચાલ નથી. ધણી ધણીઆણી અને છોકરાં સર્વ સાથેજ જમે છે. છોકરી ... કરો કે બીજુ ગમે તે કોઈ માણસ ઉઠીને બીજીવાર પીરસવાના પદાર્થ માના હાથમાં લાવી આપે છે. ખાવાપીવાનું કામ પત્યા પછી બધાં જણ બેસવાના ઓરડામાં આવ્યા, મા, લખવાની ટેબલ ઉપર જઈને કાગળો લખવા બેઠી, બાપ અને ભાઈ, છોકરી વાજુ વગાડતી હતી તેની પાછળ ઉભા રહીને તેણીના મધુર સ્વર સાથે સ્વર મેળવી ગાવા લાગ્યા, પછી કેટલીએકવારે અમે આમતેમ બેચાર વાતો કરવામાં વખત કહાડયો.

બીજે દહાડે સવારે ઘરધણી, જ્યાર્જ અને તેનો ભાઈ કચારીમાં જઈને કામ કરવા લાગ્યા અને જોર્જની મા તથા બેહેન ઘરકામમાં નિમગ્ન થયાં, જમ્યા પછી બે વાગને અમારી સભા ભરાવાની હતી તે ત્યાંની ધર્મપ્રસારાર્થે અને પરોપકારાર્થે સ્થાપન થએલી મંડળીની અધ્યક્ષ હતી તેજ આ અમારી સભાને અધ્યક્ષ સ્થાને બેસવાની હતી. ત્યાં તેણે ઉત્તમ ભાષણ કરીને સભાનું કામ સારી રીતે ચલાવ્યું. ઘરમાં તેને જેણે રાંધતાં દીઠી હોય તેને તો લાગે કે એણે જન્મ સુધીમાં રાંધવા વગર બીજુ કામ કર્યુંજ નહીં હોય પણ સભામાં તે ઉત્તમ કેલવણી પામેલી અને શિષ્ટાચાર તથા લોકરીતથી માહિતગાર તેણી માલમ પડી. તેનો

ધણી ખેતી કરે છે, ઢોર ચારે છે, ગાડી હાંકે છે, ખાતર નાંખે છે, લાકડાં ચીરે છે અને ઘાસ કાપે છે તથા શાકભાજીના ક્યારાની દેખરેખ રાખે છે. ખેતરમાં કામ કરતો તેને દીઠો હોય ત્યારે તે આજ કામનો પુરો વાકેફગાર હશે તે વગર બીજું કશું જાણતો નહીં હોય એવું લાગશે, પણ બપોરે ઘેર આવ્યા પછી તેજ ખેડુત તત્વજ્ઞાની વાતો કરે છે. ગ્રીક શબ્દનાં ઉચ્ચારણ, લાટિન અને ગ્રીક વ્યાકરણનો ધાડો સંબંધ, આર્નોલ્ડકૃત "લાઈટ ઓફ એશિયા" કાવ્યમાં અને ખ્રિસ્ત ચરિત્રમાં કેટલા સમાનતા છે, થિયાસફી અને તેના પ્રકાર ઉપર મારા વિચાર કેવા છે, ઈંગ્રેજી અને દેશી રાજાઓની શાસનપદ્ધતિમાં શો ફેર છે, ઇત્યાદિ વાતોના તે ચર્ચા કરે છે, છોકરાં ઘેર હોય છે ત્યારે પુરેપુરા ખેડુત, પણ તેજ છુટીના દહાડા ગયા પછી વિશ્વ વિદ્યાલયમાં શીખવા જઇ ચોથે વરસે છેલી પરીક્ષા આપીને અગાડી ધર્મોપદેશ કે વેપારી થશે. બીજો એક છોકરો વિદ્યાભ્યાસનું કામ પુરૂં કરીને ન્યુયાર્ક શેહેરમાં એક મોટા કામ ઉપર છે. ત્રીજો દીકરો ઘેર રહીને ખેતીનું કામ કરશે. એક દીકરી વિદ્યાભ્યાસ કરી રહીને પોતાની પસંદગીના માણસ સાથે લગ્ન કરી સ્વતંત્રપણે પોતાનો સંસાર ચલાવે છે. "મારી નાની દીકરી તેના ભાઇ સાથે કાર્નેલ વિદ્યાલયમાં જઈને શીખે તો સારૂં થાય. મારો જાર્જ કેટલાક દિવસ કામ કરી ખરચ જોગા પૈસા મેળવીને ફરીથી પાઠશાળામાં જઈ વિદ્યાભ્યાસ કરશે. મારી દીકરીએ તેમ કરશે એવી મને મોટી આશા છે. તેણીને જ્યાર્જ સાથે ત્યાંનો અભ્યાસ કરવાની ઘણી હોંસ છે." એમ બોલતા આ હેતાળ માને પોતાના બન્ને છોકરાં વિષે કેટલું

અભિમાન લાગ્યું હશે! અને અહાહા, તેણીએ પોતાની દીકરી દીકરાની પેઠેજ પાઠશાળામાં શીખવા જવાનું કહ્યું તે સાંભળતાં મને જે આનંદ થયો તેને માટે શું કહું! આપણા દેશના મા બાપો એમ ક્યારે કહેશે? છોકરાં કરતાં છોકરીની લાયકાત અને સામર્થ્ય ઓછું છે એવા ખોટા વિચારો તેઓમાંથી ક્યારે દૂર થશે!

ત્રીજે દિવસે જાર્જને વિદ્યાલયમાં જવાની વખત આવી. માએ તેને ઘણાં ફળો અને લાડુ વગેરેનું ભાતું બાંધી આપ્યું. બેન ભાઇની સાથે ગાડીમાં બેશીને તેને આગગાડી સુધી પહોં-ચાડવા આવી. રસ્તે જતાં ભાઈ બેહેન આનંદથી ગાવા લાગ્યાં. તે નિષ્કલંક, અને ખરા આનંદનાં ગીતો ગાતાં જંગલમાંથી આ-ગગાડી તરફ જતાં ભાઇ બેહેનને જોઈ મને આપણા દેશના પ્રાચીનકાળના ઋષી બાળકોની વાત યાદ આવી. તે બંનેના સુખ અને આનંદની વાત શી કહું? બંને જણાને પોતાના જન્મનું સાર્થક થવાની આશા, બંનેને હક સરખા, યોગ્યતા એ સરખી-જને સાથે ઉન્નતીએ પહોંચવાના સઘળા રસ્તા મોકળા છે તે માં હેલી એક જાતી છોકરી છે વાસ્તે તેને પરતંત્રપણાથી ઉત્પન્ન થ-તી નિરાશાની સ્વપ્નામાંએ ખબર નથી બીજો પુરૂષ છે માટે ઉદ્ધતપણે વર્તીને શબ્દોથી કે કૃત્યથી પોતાની બેનને અપમાન આપતો નથી. બંને જણા ઉદ્યોગી અને મહત્વ ઈચ્છનારાં છે અને બંનેને સરખી સ્વતંત્રતા હોવાથી કષ્ટ વેઠીને તથા દીર્ઘ ઉદ્યોગ કરીને ગમે તે થાય તોપણ સરસ્વતી અને લક્ષ્મીની કૃપા સંપાદન કરે છે. જે દેશમાં એવું સ્ત્રી પુરૂષોનું તથા સર્વ મનુષ્ય

જાતનું સામ્ય છે તથા જેમાં સર્વે લોક પોતાની જીંદગીના, ધનના, સ્વતંત્રતાના અને વિવેક બુદ્ધિના માલિક છે, તે દેશ ઉન્નત અને તેમાંના રહેવાશી સુખી હોય એમાં મોટી નવાઇ નથી. સઘળાંજ અમેરિકન કુટુંબો ઉપર વર્ણવેલા કુટુંબ જેવા છે એમ નથી. "ગામ ત્યાં ઢેડવાડો હોયજ." એ કેહેવત અમેરિકનોને પણ લાગુ છે. કોઇ હલકા એશઆરામમાં નિમગ્ન થઇને ખોટી મોટાઇ માનનારા, કોઈ ગંભીર સ્વભાવના ઉદ્યોગી અને આત્મસંયમી, કોઈ સમાજના ચાલાક, કોઇ ગતાનુંગતિક, કોઇ અહંકારી, કોઇ નિરાભિમાની, કોઈ શઠ મુર્ખ, કોઈ ચાણાક્ષ, કોઇ કપટી, એવા સઘળા પ્રકારના અમેરિકન સમાજમાં નજરે પડે છે. તોપણ એકંદર રીતે સમાજ સ્વતંત્ર હોઇને કેવળ સ્વતંત્રના લઇજ જે ઉન્નતી લોકસમાજમાં હોવી જોઇએ તે ચિન્હો સર્વત્ર દીઠામાં આવે છે.

સમુદ્ર અથવા નદીના પ્રત્યેક બિંદુમાં જેમ સમુદ્રમાં અથવા નદીમાં હોનારા સર્વ ગુણો છે, તેમજ યુનાઇટેડ સ્ટેટસ જેવા સ્વતંત્ર રાષ્ટ્ર ઉત્પન્ન કરનારા સર્વ ગુણ દરેક અમેરિકન ગામમાં અને મંડળીમાં વિદ્યમાન છે. જે ઉત્તમ રાજ્યવ્યવસ્થા આ દેશની ઉન્નતીને કારણભૂત થએલી છે તે એના ગામમાં અને સમાજમા વિદ્યમાન હોનારા આત્મ શાસન*નું ફળ છે. અમેરિકન જાનપદને આત્મશાસનની અને રાજ્યવ્યવસ્થાની રીત જાણે ગોળ થુંથીમાંજ

* આત્મશાસન એટલે પોતાના ઉપરજ પોતાની સત્તા રાખીને લોકોના હકને જેથી કરીને ધક્કો ન લાગે એવી રીતનું વિચારપૂર્વક આચરણ તે.

પાઇ હોયની એવું જણાઇ આવે છે. નાના સરખા ગામમાં કે મોટા શેહેરમાં ગમે ત્યાં જાઓ ત્યાં તેમનો સંપ અને નિયમિત પણે કામ કરવાની રીત આપણા દીઠામાં આવશે. અમુક એક કામ કરવું જોઇએ એવું કોઇના મનમાં આવ્યું કે, પોતાની ઓળખા-ણુવાળા ચાર પાંચજણાને એકઠા કરીને તેને પોતાનો ઉદ્દેશ જ-ણાવવાનો અને બહુમતે જે યોગ્ય ઠરશે તે કરવાનો; પછી તે કામ ગમે તેવું નાનું હોયની, તે કરવાને મંડળી જોઇએ અને તે મંડળી ગમે તેવી નાના કામથી નથી હોતી, તેની વ્યવસ્થા રાખ-વાને ઓછામાં ઓછા ત્રણ અધિકારી તો હોવાજ જોઇએ. અને એક અધ્યક્ષ, એક સેકરેટરી અને એક ખજાનચી હોય. એત્રણ માણસો મળીને પણ એવી જાતની મંડળી બને છે, અને એ મંડળીએ કામ કેવી રીતે કરવું તે એક નિયમાવળીમાં પ્રતિપાદેલું હોય છે. એવી રીતે ઘણાં ખરાં બધાંજ મહત્વનાં કામો કરવાને મંડળીઓજ; મંડળીઓને પોતાના કામમાં યોગ્ય રીતે તત્પર ર-હેવાને નિયમો, તે નિયમો કરવા સારૂ મંડળીના તમામ માણસો-ના મત લેવાં, અને તે નિયમ એકવારના ઘણા મતથી સ્વીકાર્યા પછી તેને અનુસરીને ચાલવું એ જે આત્મશાસનાં મુખ્ય બીઆં જ્યાં ત્યાં સર્વ ઠામે છે અને તે બીઆંને ફણુગા ફુટીને સ્થાનિક રાજ્યરૂપી છોડ થયા, એ રોપાને તાલુકા રાજ્ય વ્યવસ્થારૂપ પુષ્કળ ડાળાં ફુટયાં, તેને સંસ્થાન વ્યવસ્થારૂપી ઉત્તમ ફુલો આવ્યાં, અને તેજ ફુલમાંથી યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય શાસન પદ્ધતિરૂપી આ દિવ્ય ફળ ઉત્પન્ન થયું છે. છોકરાંઓને ઘરમાંથી અને નિશાળમાં-થી એ પ્રકારના આત્મશાસનની કેળવણી મળે છે. ઘરમાં તેના

માબાપો નિમેલી રીતે સર્વ કામો કરે છે. નિશાળમાં છોકરાંઓને રમવાની વેળાએ કઈ રમત રમવી તે બહુમતે ઠરાવવાની અને વ્યવસ્થીતપણે વર્તવાની ટેવ પાડવામાં આવે છે. થાય તેટલું કરીને શક્તિ અનુસાર પોતાને જોઇતાં સર્વ કામો પોતેજ કરી લેવાં, અને જરા જેટલી વાતને સારૂ લોકને તસ્દી ન આપવી તથા લોકોની મદદ માગવી એવી સમજણ છોકરાનાં મનમાં સજડ ઠસાવવાને યત્ન કરે છે.

યુનાઇટેડ સ્ટેટસની રાજ્યવ્યવસ્થા એવા પ્રકારની છે કે વાશિંગ્ટન શેહેરની વડી સરકાર સંસ્થાનિક સરકારથી થાય એવા કામમાં હાથ ઘાલતી નથી અને તાલુકાની સરકારના હાથથી થવા થવા જોગ કામમાં સસ્થાનની સરકાર મદદ કરતી નથી અને જે કામ સ્થાનિક વ્યવસ્થાથી પાર પાડવા જેવાં છે તેમાં તાલુકાની સરકાર વચ્ચે આવીને ઘાલમેલ કરતી નથી. એ ઉત્તમ વ્યવસ્થા અમેરિકન લોકોને આત્મશાસનમાં હોશીઆર કરે છે. અને તેને લીધે એ લોકો સ્વાલંબી બન્યા છે. એ સ્વાલંબનનું બીજ દરેક કુટુંબમાં હોવું જોઇએ અને તે ત્યાં હોયતોજ હજારો અને લાખો કુટુંબો મળીને બનેલા દેશમાં સ્વાલંબન જેવો ઉત્તમ ગુણ હોય. અમેરિકન કુટુંબ વ્યવસ્થા રાષ્ટ્ર વ્યવસ્થાના જેવીજ છે. બઇરીએ કરવા જેવાં કામમાં ધણી પોતાનું ટહુ ગુસાડી દેતો નથી અને છોકરાંના હાથથી બનવા જેવાં કામમાં બાપો અગાડી પડને કરતાં નથી.

એમની સ્વદેશ ભક્તિમાં અને દેશાભિમાનમાં અહંપણાનું ભેળણુ ઘણું છે. ઇંગ્રેજ લોકો પોતાને સર્વ જાતોમાં શ્રેષ્ઠ કહે છે.

આ અમેરિકન લોકોના પૂર્વજ ઇંગ્રેજો હોવાને કારણે તેમનામાં ઇંગ્રેજી પૂર્વજોનું હુંપદ હોય એતો જાણે ઠીક છે; તથાપિ આ દેશ નવો, અને નવી જમીન ઉપર સઘળુંજ ઝટ વધે છે. એ નિયમ પ્રમાણે એમના આંહેનો અહંકાર ફળદ્રુપ જમીનમાં રોપાયાને લીધે ઘણોજ વધી ગયો છે અને એ લોકો "આપથી બેઠા સરદાર" થયા છે. પોતાના દેશની કોઈ વાતનું વર્ણન કરવું પડે તો એ લોકો બીજા દેશની કોઇ વાતનો તેની સાથે મુકાબલો કરીને પોતે તે સર્વ કરતાં ઉત્તમ કહેવાની જાણે ટેવજ પડી ગએલી છે. અ-મારાં કારખાનાં સર્વથી મોટાં, અમારો દેશ સર્વોત્તમ, અમારી શાસનપદ્ધતિ સર્વથી શ્રેષ્ઠ, અમારા જ્ઞાનતંતુની રચના, અમારો મેહ સર્વથી વધારે નાજૂક અને રળીઆમણો છે. એમ એક બે વાતમાં નહી પણ અમારૂં તેટલું બધુંજ સર્વોત્તમ કહેવાની કુટેવ સર્વમાં જાણીતી છે. ભજન મંદિરમાં ઉપદેશ સાંભળવા જાઓ ત્યાં ઉપદેશક કહે છે, અમારો ધર્મ, અમારો સમાજ કે અમારી સામાજિક રીત એજ સર્વોત્તમ, એકાદા જનરલ ગ્રાંટ જેવા સેના પતિએ લખેલું પુસ્તક વાંચો, તે કહે છે, અમારી સેના પૃથ્વી ઉપરના સર્વ દેશો માંહેલી સેના કરતાં વધારે યુદ્ધકુશળ. એકાદી સભામાં જાઓ, ત્યાં વક્તા પોતે પોતાના દેશના અને જાતના પવાડા ગાય છે. તેમને પોતાના પ્રતાપ તેજ આગળ બીજાં લો-કોનું કંઈજ દેખાતું નથી. સર્વ સાધારણ લોકોમાં નમ્રતાની ખોટ વધારે દીઠામાં આવે છે તોપણ એકંદરે અમેરિકન લોકો બીજા લોકોને યોગ્ય આદરમાન આપવાને પાછા હઠતા નથી; કારણકે આત્મશાસનની કેલવણી નાનપણથી તેમને મળવાને લીધે આત્મ

સન્માનનો ઉત્કૃષ્ટ ગુણ તેમનામા વિકાસ પામેલો છે; જે માણસને પોતાની આબરૂની કિંમત જાણીને તે રાખતાં આવડે છે, તેમને બીજાની આબરૂનીએ વધારે કાળજી હોય છે.

ગૃહ સ્થિતિ.

ઉપર સર્વ સાધારણ લોક સ્થિતિનું વર્ણન થયું- શેહેરમાં અને ગામ ગામોત્રામાંની ગૃહસ્થિતિ કેવી છે, તેને માટે હવે બે શબ્દો કહેવા જોઇએ. ઘરમા ગૃહિણી મુખ્ય છે એમ જો કે સાધારણ રીતે સર્વત્ર માનવામાં આવે છે તોપણ અમેરિકન ઘરમાં ગૃહિણી વિશેષે કરીને મુખ્ય મનાયલી હોય છે. અમેરિકન ગૃહિણી એ ખરે ખાતજ ઘરની લક્ષ્મી હોય છે. (એ નિયમને અપવાદ પણ છે) ગૃહિણીને રેહેવાસારૂ ઘર જરૂર હોવું જોઇએ. તેથી તેનું વર્ણન કરવા પેહેલાં અહીંના ઘરોને વાસ્તે એક બેકબે શબ્દો કહેલા કાબતલા ગણાશે નહીં. ગામડાં અને શેહેર માંહેલાં ઘરોની રચના અંદરના ભાગની ઘણીખરી સરખીજ હોય છે; તથાપિ બહારની બાજૂની રચના જૂદી જૂદી તરેહની હોય છે. શેહેરના ઘરો ઘણાખરાં પથરથી કે ઈંટથી બાંધેલાં હોય છે. ગામડાનાં અને નાના કસ્બાઓના ઘરો ઘણાંખરાં લાકડાના પાટીઆંની ફરેકાળના કરેલાં હોય છે. અહીં બાળવાના કામમાં જ્યાં ત્યાં બધેજ કોયલા કામમાં આવતા હોવાથી તથા બધે ઠેકાણે ઝાડ ઘણાં હોવાથી ઘર બાંધવાના કામમાં લાકડાંનો વાપર ઘણો થાય છે. ઘરનો પાયો ઈંટ કે પથરાથી બાંધીને

તેના ઉપર ઈમારત લાકડાંના પાટિયાં, પીડીયાં અને થાંભલાથી ઉભી કરેલી હોય છે. બહારથી ઘરની ભિંતો ફરેડીની બારણા વાળી બારીઓ જેવી દેખાય છે. માહેની બાજુએ પાટીયાં જડીને અથવા કાગળ ચોડીને અથવા છોલાણું કરીને તે ઉપર રંગદાર કાગળો મઢી લીધેલા હોય છે. એ કાગળો સારા ટકાઉ ઢાંકણની સાથે માંકણ વગેરે રહેવાની જરાએ જગા રહેતી નથી. ઘરને ઘણા બારી બારણાં હોવાથી ઘણું અજવાળું અને પુષ્કળ સ્વચ્છ હવા ઘરમાં દાખલ થઈને ચારેમેર પ્રસરે છે. બારીઓને મોટા મોટા કાચો જડેલા હોય છે. તેને લીધે શિઆળાના દીવસમાં બારીઓ બંધ કરવી પડે તોય ઘરમાં અંધારૂં રહેતું નથી. ઉન્હાળાના દિવસમાં મચ્છર મગતરાં ઇત્યાદિ જીવ જંતુઓના ઉપદ્રવ કેટલેક દરજે ઓછા કરવા સારૂ ઝીણા તારની ગુંથેલી જાળીઓવાળાં બારણા જડે છે. તેથી ઘરમાં હવા આવવાને અડચણ ન પડતાં મચ્છર અને માંખોનો ઉપદ્રવ ઓછો થાય છે. બારીઓને શોભા આણવાને તથા વધારે અજવાળું ઘરમાં ન આવે વાસ્તે નિરનિરાળા પ્રકારનાં જાળીદાર અથવા સાદાં કપડાંના પડદા ટાંગેલા હોય છે. તે જોઇએ ત્યારે આ કે પેલીમેર ખસેડી શકાય એવી ઉત્તમ યુક્તી કરેલી હોય છે. રસોડું અને દરવાજા બહારના ઓટલાનાં પગથીઆં શિવાય ઘરમાંહેની તમામ જમીન ઉપર તથા દાદરો ઉપર ગલીચા અથવા સાદડીઓ પાથરેલી હોય છે. તેની તળેની ભોંય ઊપર પાટીઆં જડી લીધેલાં હોય છે. વરસમાં એક બે વાર ગલીચા અને સાદડીઓ કહાડીને સાફ કરવામાં આવે છે. સાધારણ ઘરમાં એક બેસવા ઉઠવાનો ઓરડો, એક

જમવાનો ઓરડો, એક રસોડું, એક પરોણાનો ઓરડો, અને દરેક માણસને સુવાને જૂદા જૂદા ઓરડા હોય છે. પોશાક ટાંગી મુકવાની ઘોડીઓ, પુસ્તકો મુકવાના કબાટો કે અભરાઇ-ઓ, ટેબલો, ખુરસીઓ વગેરે ઘણી સોઇ કરેલી હોય છે, ભોંયરામાં બળતણ, ભાજીપાલો, દૂધ વગેરે પદાર્થો મુકવામાં આવે છે. શેહેરનાં ઘરોમાં એક નહાવાનો ઓરડો હોય છે તેમાં જસતનાં પત્રાંનું એક લંબગોળ હોજ જેવું પાતેલું હોય છે. તેને નહાવાનું "ટબ" કહે છે. તેમાં એક ઉન્હા પાણીનો અને બીજો ટાઢાં પાણીનો એવા બે નળ હોય છે. ગરમ પાણીનો નળ રસોડાના ચુલા પાસેના નળાકૃતિ હાંડા સાથે જોડેલો હોય છે. તેને લીધે ઉપર પાણી ઉંચકી આણવાની મેહેનત અને ઊન્હા પાણીનો જૂદો ચુલો કરવો પડતો નથી. ગામડાંના ઘણા ઘરોમાં ન્હાવણી હોતી નથી. એને લીધે જે ગામડીઆંને દરરો-જ નહાવાની ટેવ હોય છે તેને ઘણી આપદા ભોગવવી પડે છે. ઘણું કરીને તો અહીંના તમામ લોકો દરરોજ નહાતાજ નથી. લોટા પાણી હાથ ધોવાની કથરોટમાં રેડી તેમાં કટકો પલાળીને પોતાનું શરીર લુછી નાંખે છે; અને કોઇ કોઈ વારજ નહાય છે ગામડીઆ લોકો મહિનેએકે નાહીને તૃપ્ત થાય છે. શિયાળાનાં દહાડામાં ઘરના ભોંયરામાં એક મોટી સગડી સળગાવે છે. અને તેની હુંફ આખા ઘરમાં રહે માટે સગડી સાથે લોઢાના નળ જોડીને તે દરેક ઓરડામાં દાખલ કરેલા હોય છે. અને તે મરજીમાં આવે ત્યારે ઉઘાડી કે બંધ કરી શકાય છે, તેને "રેજિસ્ટર્સ" કહે છે.

આ દેશના ઘણાખરા શેહેરોમાંના અને ગામડાંમાંના ઘરોમાં તથા રસ્તા ઉપર "ગ્યાસ"ના દિવા સળગાવે છે. આ દેશમાં બાળવાના કામમાં ઉપયોગી "ગ્યાસ" એટલે ખનિજવા પુષ્કળ છે. પિટ્સ્બર્ગના નામના શેહેરમાં અને બીજા કેટલાએક ગામોમાં તો આ જ્વાળાગ્રહી વાયુ વડે રાંધવું, યંત્રો ચલાવવા ઘરમાં હુંફ આણવી તથા ઘરમાં અને રસ્તામાં રોશની વગેરે કામો થાય છે. જે નાના નાના ગામડામાં જ્વાલાગ્રાહિ વા તૈયાર કરવાના કારખાના નથી. ત્યાં ખનિજ વા (ગ્યાસતેલ)નો ઉપયોગ કરે છે. પશ્ચિમ તરફનાં નવાં વસેલાં શેહેરોમાં વીજળીના દીવા કરે છે. અને પૂર્વભણીનાં ઘણા જૂનાં શેહેરોમાંએ કોઇ કોઇ ઠેકાણે વીજળીના દીવા સળગાવેલા જોવામાં આવે છે.

ઘરમાં જમવાની વ્યવસ્થા યુરોપિયનના જેવીજ હોય છે. જમવાની ટેબલ ઉપર પાથરવાળુ લૂગડું, જમતા જમતા હાથ મોઢું લુછવાના ધોળા રૂમાલો, દરેક ઓરડીમાં રહેનાર માણસના હાથ પગ અને શરીર લૂછવાના વસ્ત્રો, અથવા ચાદરો, બિછાના ઉપર ચાદરો, તકીઆના ગલેફો, ઇત્યાદિ ઘરમાંજ ધોવાનો ચાલ છે. રંધવારી અથવા ચાકરડી અપને કોઇ કોઇ વાર ઘરધણીઆણી જાતેજ ધોબણ બનીને લૂગડાં ધુવે છે. અને તેના ઉપર ઇસ્ત્રી કરે છે. રંધવારી આયીરીશ જાતની કે હબશણ હોય છે. ઘણી ગરીબ એમેરિકન બઇરીઓ પણ લોકો-ને ઘેર રંધવાળી થઇને રહે છે. આપણા અહીંની પેઠેજ ત્યાં પણ ચાકરો ઉપર આધાર રાખનારા માણસો ઘણાંજ થોડા બુદ્ધિવાન અને વિચારી ઘરધણીઆણી પોતાની જાતેજ સઘળાં

કામો કરતાં શીખે છે. અને તે ચાકરડીઓને કામ કરવામાં મદદ કરે છે. તથાપિ અનાડી ઘરધણીઆણીઓ અહીં ઘણી છે. ઘણી જણીઓને તો રાંધતાંએ આવડતુ નથી; તેથી અત્રે રાંધણ શાળાઓ કહાડેલી છે. શેહેરમાં ઘરમાંડીને ઘણો ખરચ થતો હોવાથી ઘણા લોકો ભાડે રહે છે. એક મહિને ૨૫—૩૦ ડાલર આપવાથી એક માણસને સાધારણ રીતે સારો મુકામ મળે છે. ભાડે રાખનારના ઘરમાં એક અલાયદી ઓરડી રેહેનાર ભાડુતને આપ્યા ઉપરાંત જમવા ખાવાનુ તેના કુટુંબના બીજા માણસોની પેઠે થાય છે. સંભાવિત માણસને બચરવાળ અને સુસ્વભાવના કુટુંબમાં રહેવાનુ બની આવે છે. અહીંઆ સારા આબરૂદાર બઇરાંઓ ગરીબાઇને લીધે એવાં ભાડુતો રાખીને પોતાનો ગુજારો કરે છે. મધ્યમ વર્ગના ઠીક પૈસાદાર કુટુંબમાએ એવાં એવાં ભાડુત રાખવાની ચાલ છે. વિશેષમાં મોટા વસ્તીમાં રહેવા સારૂ વધારે ખરચ થવાની સાથે ત્યાં ગૃહસુખ મુદલે મળતું નથી.

આશરે બે વરસ સુધી હું ફિલાડેલ્ફિયામાં એક બાઇનુ ઘેર એમ ભાડે રહી હતી. એ બાઇ સ્વભાવે ઘણી સારી છે. બધાંજ બઇરાં કંઇ એવા સારા સદ્‌ગુણી અને ઉત્તમ સ્વભાવના તે સાથે ઘર કામમાં કુશળ હોય છે એમ નથી, પણ આ બાઇની ઘર ચલાવવાની રીત જોવાથી અમેરિકની ઘણીખરી ગૃહિણીના નિત્ય કૃત્યની માહિતી મળે એમ છે. એ બાઇ દરરોજ સવારમાં સાડાપાંચ કે છ વાગે ઉઠીને સ્નાન (પોતાની લુછવું અથવા નહાવું) કરીને પોષાક પહેરીને ચોટલો વાળીને હેઠે આવે છે. (શેહેરમાંના ઘરોને ત્રણ ચાર માળ હોય છે.) ભોંય

તળીયે રસોડું જમવાનો ઓરડો અને બેસવા ઉઠવાનો ઓરડો હોય છે)અને રસોડામાં જમને નાસ્તાને વાસ્તે શા શા પદાર્થો કરવાના તે રંધવારીને કહે છે, અને જમવાનો ઓરડો વાળી ઝાડીને ટેબલ ઉપર છરી, કાંટા, ચમચા, રૂમાલ, રકાબીઓ, ચાના પ્યાલા પાણી પીવાના બિલોરી કાચના પ્યાલા વગેરે જ્યાં જોઇએ ત્યાં ગોઠવીને ખુરશીઓ પણ ગોઠવી દે છે, પછી કાન ઢંકી ટોપી પેહેરીને શરીર ઉપર શાલ કે કામળી ઓઢી હાથમાં છાબડી લઇને બજારમાં જાય છે; ત્યાંથી દરરોજ ઘરમાં વાપરવા માટે જોઈતો ભાજીપાલો અને ફળફળાદિ વેચાતું લઈ ઘેર આવે છે, સાત વાગતા તે જાતે અથવા રંધવારી એક ઘંટ વગાડે છે. તે સાંભળતાંજ ઘરના સર્વ માણસો બીછાના ઉપરથી ઉઠીને દાતણ પાણી કરીને લુગડાં પેહેરી તૈયાર થાય છે; સાડા સાત વાગતાં બીજો એક ઘંટ વાગે છે, તે સાંભળીને સઘળાં માણસો હેઠે આવે છે, અને આઠ વાગતાં નાસ્તાનું કામ અટોપાયા પછી પેલી રાંધનારી માળ ઉપર જઇને સઘળાની સુવાની ઓરડીઓમાં જઇને તે વાળીઝાડી તથા પથારીઓ દુરસ્ત કરીને હેઠે આવે છે. જોરિસાં ઘણુંકરીને પોતાની પથારી પોતેજ સાફ કરે છે અને ઓરડીઓ પણ તેજ સાફસુફ કરે છે, પણ ઘરમાં ભાડે રહેલા પુરૂષો કામની ઉતાવળને લીધે કહો કે, આળસથી કહો પણ તે કામ ચાકરડી ઉપર નાંખી જાય છે. એટલા અવકાશમાં બાઈ નાસ્તાની વેળાનાં એઠાં વાસણો વગેરે સાબુ અને ઉન્હા પાણીથી ધોઇ લુછીને મુકી આંડે છે. પછી બપોરના જમણ સારૂ શાકભાજી સમારીને બાઇ જમાખરચ તપાસવા બેશે છે. ત્યાર પછી

થોડીવાર વર્તમાનપત્ર વાંચે છે, અને બીજું કાંઇ કામ કરવાનું હોય છે તે કરે છે. પછી બજારમાંથી કંઈ આણવાનું હોય છે તે આણે છે. વળી તે રંધવારીને ઘણી મદદ કરે છે. એ રાંધણચોક ધોવાનું, કચરો વાળવાનું, એઠાં માજવાનું, એઠું જૂઠું કહાડવાનું, ઓરડાના પગથીઆં અને આંગણું સ્વચ્છ કરવાનું, સઘડીઓ અને ચુલો સળગાવવાનું વગેરે સઘળાં કામ કરે છે. એને દર મહિને સોળ ડાલર એટલે અડતાળીસ રુપિયા પગાર અને ખોરાકી આપવામાં આવે છે. સોમથી મંગળવાર સુધી ધોવાધાવાનો સપાટો ચાલી રહે છે, પરસાળમાં એ મોટું 'ટબ' મૂકી તેમાં ઉન્હું ખળખળતું પાણી રેડી સાબુ દઇને થોડીકવાર લુગડાં પલાળી રાખે છે, અહીં પથર ઉપર ઝીકીને લુગડાં ધોય છે, પછી તેને ગળીનાં પાણીમાં બોળીને સુકવે છે ને ત્યાર પછી તેમાં આર ભરીને કે વગર આરે ઇસ્ત્રી કરીને ઘડીઓવાળી દે છે, એવી રીતે દરેક ઘરમાં એક ધોબીગટો હોય છે.

બપોરના બાર ઉપર એક વાગે બપોરનું જમવાનું હોય છે. તે વેળાએ પણ ઘર માંહેના માણસોને જમવા બોલાવવા સારૂ ઘંટ વાગે છે, રસોઈ અહીંની રીત પ્રમાણે સારી હોય છે, બાફેલા બટાટા, કોબી, સલગમ, બીટ અથવા બીજી જે તરકારી તે વેળાએ મળતી હોય તે, માંસ અથવા માછલાં, ઈંડાં, લાવણ દાખલ લેટસ નામનો પાલો અથવા રાતા મુળા, ટમાટાં, કાકડીના દીવસમાં તેની ચીરીઓ કરીને ટેબલ ઉપર મુકે છે, આપણા અહીની પેઠે, શાકભાજી ને વઘારીને મસાલો નાંખીને રાંધવાનો ચાલ આહીં નથી. ટેબલ ઉપર જ મીઠું, મરી અને મરચાનો ભૂકો મૂકેલો હોય છે તેમાંથી જેને

જેટલો જોઇએ તેટલો તે લે છે, લાવણની કુમરમાં નાંખવા સારૂ સરકાનો સીશોએ રાખેલો હોય છે, તેમાંથી જેને જોઇએ તે લે છે કોઇ કોઇ વાર વેંગણ કે બટાટા ચરબીમાં તળે છે. એ સિવાય "કેક" નામનું પકવાન કરેલું હોય છે તે તથા કેટલીક જાતની છેલ્લીવારે ખીર પીરસવામાં આવે છે. ફળના દહાડામાં તે ફળો પણ પીરસે છે. જે માણસને માછલાં, માંસ, ઇંડા અને ચરબીમાં તળેલા પદાર્થો ખાવાનો કટાગો હોય છે, તેને જમવા ખાવાની અહીં મહા વીપત પડે છે. એવા માણસોને ઘણું કરીને દૂધ રોટલી અને ફળફળાદિ ઉપર નિર્વાહ કરવો પડે છે.

બપોરનું જમવાનું કામ પત્યા પછી બાઈ ફાટાં લુગડાં શીવે છે અથવા નવાં શીવીને તૈયાર કરે છે. દરેક ઘરમાં ઘણું ખરૂં એક શીવવાનો સંચો હોય છે. ટાઢના દિવસમાં તો તે પરોજ ઉપયોગી પડે સવારના પહોરમાં કે બપોરે લોક મળવા આવે છે. ઘરનુ કામ પત્યા પછી મળે તે વખતે બાઈ પુસ્તક કે વર્તમાનપત્ર વાંચે છે અને ભાંપણો સાંભળવા જાય છે. એ વગર વળી તે કેટલાંએક પરોપકારી કામમાં મદદ કરે છે. અહીં એક પતિત સ્ત્રીઓનું આશ્રમ છે. એ બાઇ તે આશ્રમની સ્ત્રીઓનું પોષણ કરનારી મંડળીની સેક્રેટરી છે. એ વિના તે બીજાં પુષ્કળ ધર્મા અને પરોપકારના કામમાં યથાશક્તિ પૈસાની અને અંગ મેહેનતની મદદ કરે છે અને કોઈ કોઇવાર દવાખાનામાં જઇને રોગીની સંભાળ લે છે.

જે કુટુંબમાં છોકરાં છૈયાં હોય છે, ત્યાં આયા સારી રીતે છોકરાંની સંભાળ લે છે. જ્યાં મા, બાપ અને છોકરાં સારી

રીતે વર્તીને પોતપોતાના કર્તવ્ય, કર્મમાં તત્પર હોય છે. એવાં અમેરિકન ઘર સુખનું ધામજ છે. સંધ્યાકાળે વાળુપાણીનું કામ આટોપાયા પછી છોકરાંને લઇને મા બાપ બેસવાના ઓરડામાં સગડી પાસે તાપવા બેઠા બેઠા સુખ અને ગમતની વાતો કરે છે. અને શબ્દો બોલે છે. તેમનો આ સમય ઘણા સુખનો હોય છે. છોકરાં "વહાલી મા" "પ્રિય બાપા" કહીને બોલાવે છે મા બાપ છોકરાને "મારા લાડકા" અથવા "કાળા" નું સંબોધન કરે છે તેમના બોલવામાં અપત્ય પ્રેમ હમેશાં વ્યક્ત હોય છે. ધણી ધણીઆણી એકબીજા સાથે બોલતાં "મારી પ્રિયા અથવા પ્રિયે" એવું સંબોધન લગાડ્યા વિના રહેતા નથી. આબરૂદાર ઘરમાં કદી કોઇ ખરાબ શબ્દો કે ગાળ મોઢે આણતા નથી. સમ ખાવા, ગાળ દેવી અને ભૂંડા શબ્દો બોલવામાં પાપ છે તથા એ આચરણ અસભ્યપણાનું છે એમ તે લોક સમજે છે. સાધારણ રીતે કોઇને કંઈ માંગવું હોય અથવા કોઇને કંઇ કામ કરવાને કહેવું હોય તો, "તમે કૃપા કરીને આટલું કામ કરશો કે?" "મેહેરબાની કરીને ફલાણું કામ કરો". અને કોઇએ કહેલું કામ કર્યા પછી જતી વેળાએ અથવા કોઇ મંગાવેલો પદાર્થ આણી આપ્યા પછી અને એવોજ બીજે પ્રસંગે "હું તમારો ઉપકાર માનુ છું" એમ ઘણી અદબથી કહે છે. બે માણુસો બેઠા કે ઉભા હોય તેની વચમાં ત્રીજો માણસ જતો નથી અથવા તેની પાસે થઇને જોતો નથી, અને એમ કરવાનો પ્રસંગ આવ્યોજ તો મને ક્ષમા કરો એમ કહેવામાં આવે છે. ઘરમાં ચાર માણુસો જમવા બેઠાં હોય તેમાંથી એકને વેહે-

લાં ઉઠી જવાની જરૂર પડે તો ઘરધણીની કે ઘરધણીઆણીની રજા માંગે છે. કોઇ કંઈ બોલ્યું તે પોતાના સાંભળવામાં ન આવે તો ફરીથી પૂછતાં "માફ કરજો આપે શું કહ્યું"? એમ કહે છે. છોકરાંને નાનપણથીજ એવા વિવેક કરવાની કેળવણી મળે છે તેથી ઘણો ફાયદો થાય છે.

આબરૂદાર લોકો કુટુંબમાં અને મંડળીમાં બઇરાં બાયડીઓનું યથાયોગ્ય સન્માન રાખે છે. પુરૂષો બાઇરાંઓને પુષ્કળ રીતે ઘણું માન આપે છે. તે કોઇ બાઈ સાથે-પછી તે ગમે તો હો તેની જોડે બોલવાનો પ્રસંગ આવે તો પેહેલા ટોપી ઉતારીને બાઇ સાહેબ કરીને બોલે છે. ઘરમાં કે મંડળીમાં સ્ત્રીઓની બેઠક અગાડી હોય છે. આગગાડી કે ટ્રામવે (સાર્વજનિક ઘોડાગાડી)માં ઘણી ભીડ હોય અને ત્યાં કોઇ બાઇ આદમી આવ્યું તો પુરૂષ પોતાની જગાએથી ઉઠીને બઇરાંનો વગ કરે છે-(સઘળાજ પુરૂષો એવો વિવેક કરે છે એમ નથી)-જુવાન અને શક્તિવંત સ્ત્રીઓ ઘરડાં અને અશક્ત માણસોને એવીજ રીતે માન આપે છે.

સમજણી અને આબરૂદાર બાઇઓ કોઇ સાથે લડતી નથી. ઉપર કહ્યું તેમ ગામ ત્યાં ઢેડવાડો છેજ એ કેહવત પ્રમાણે અહીંએ કજીઆ ટંટા તો હોય છેજ; પણ તે આપણા દેશની પેઠે ધાંધાંઘાંટ અને ગાળમેળના વરસાદ નથી હોતા. કોઇને કોઇ ઉપર ગુસ્સો આવ્યો તો તેઓ વચ્ચે વ્યવહાર ન રાખ્યો એટલે થયું. સાધારણ કજીઆની વેળાએ બોલવાનો શબ્દ બદલાયો કે થયું. હું તમારો ઉપકાર માનુંછું એમ નરમાશથી કેહવાને બદલે

વાર હું તમારો ઉપકાર માનુંછું એ લગારેક કઠોર અને ગુસ્સા ભેર કહેવાય છે. અણસુધરેલા અને અજ્ઞાન લોકોના કજીઆમાં અપશબ્દનો ભડમાર ચાલી રહે છે એટલુંજ નહીં પણ કોઇ કોઇ વાર બન્ને હાથ વપરાઇ પણ જાય છે.

કોઈ મળ્યા એટલે એકબીજાનો જમણો હાથ ઝાલીને પકડીને હલાવે છે અને વેળાએ કુશળ પ્રશ્ન પુછવામાં આવે છે તેનું ભાષાંતર કરીએ તો 'તમે કેમ છો?' એમ થાય છે, એની મતલબ એવી કે "તમારી પ્રકૃતિ કેવી છે?" દરેક વેળાએ એક બીજાને મળતાં એવો સવાલ કરવાની ચાલ હોવાથી તેનો જવાબ 'હું સારો છું' મારી પ્રકૃતિ ઘણી સારી છે, એમ થાય છે, એ જવાબ કંઈ હમેશ ખરો હોતો નથી તથાપિ ભાષા રૂઢી એવી કંઈ વિલક્ષણ છે કે, તેમાં ખરૂં ખોટું ચુંટી કહાડવાની સવડ થોડીજ હોય છે.

કોઈ સાથે મળવું થાય એટલે તેની જોડે કંઇએ બોલવુંજ જોઇએ વાસ્તે અહીંનાં માણસો પ્રથમ તો તે દિવસની ચર્ચા ઉપર ટીકા આરંભ કરવાનો આરંભ કરે છે. સુરજનો તડકો ખુલ્લો અને આકાશ નિરભ્ર હોય તો "અહાહા, આ દહાડો કેવો સારો છે?" એમ કહીને વખાણવાનો તથાપિ સર્વનેજ સંતોષ પમાડનારા દિવસો ઘણાજ થોડા હોય છે તેથી સઘળી વેળાએ અને સઘળાનીજ મરજી રાખવાનું કામ બિચારી દિનચર્ચાથી બનતું નથી. કોઇને વરસાદ ગમતો નથી, કોઇથી ટાઢ ખમાતી નથી, કોઇ ઉકળાટથી કંટાળી જાય, કોઇને વરસાદ ક્યારે પડે તેની ઉત્કંઠા લાગી રહી હોય, કોઇ ચાહે કે બરફ ક્યારે વરશે,

નદીઓ ક્યારી થીજી જાય અને અમે સ્કેટ રમવાને ક્યારે જઈએ એમ તલમલ થઇ રહી હોય વાસ્તે બિચારી દિનચર્ચાથી કોઇની ઇચ્છા પુરી પડાતી નથી. કેટલીક વાર તો તેના ઉપર નાખુશી બતાવવાની લોકોને આદત પડી ગઇ છે ખરી, તોય સ્વાભાવિક શોભાની ગુણગ્રાહકતા એ લોકોમાં ઠીક હોય છે, પ્રજા માત્રજ કંઈ એ વાતની માર્મિક અને રસજ્ઞ છે એમ નથી તથાપિ એકાદ સારી વસ્તુ જોઇને તેના વખાણ નહીં કરે; એવાં માણસ આ દેશમાં ઘણાંજ થોડાં મળી આવે છે.

કોઈ પરદેશી નવા માણસની મુલાકાત થાય ત્યારે તેને ઘણી બાબતો પુછવામાં આવે એ સ્વાભાવિક છે ને ઘણાં સંભાવિતપણાથી પુછવામાં આવે છે. અહીંના અને બીજા પશ્ચિમવાશી બઇરાં આપણે ત્યાં આવે ત્યારે આપણે તેને ઘણા અજાયબ તરેહના પ્રશ્નો કરીએ છીએ, તેમજ અમે અહીં આવ્યાં એટલે અહીંનાં બઇરાંએ તેવા પ્રશ્નો કરવાને ચુકતાં નથી.

નખરાં.

નખરાં એટલે ખરાં નહીં તે, એવો જો આ શબ્દનો મૂળનો અર્થ હોય તો અહીંના બઇરાંનાં પોષાકમાં અને સણગારમાં પુષ્કળજ નખરાં જણાઇ આવે છે, અહીંની સ્ત્રીઓ ઘણું કરીને સારી દેખાવડી, અને કેટલીએક તો જાતે પરમ સુંદર હોય છે, તેમને સ્વાભાવિક સૌંદર્ય કેટલું વહાલું છે તે એમના ઘરની રચના વગેરે જોતાં સેહેજ જણાઇ આવે છે. અસલનાવારાના ગ્રીક લોકની સ્વાભાવિક સૌંદર્ય ઉપરની પ્રીતિનું અનુકરણ રોમન લોકોએ

કર્યું અને તેનું ફ્રેંચ ઇંગ્રેજ અને બીજા યુરોપિયનો શીખ્યા. આ દેશના લોકોએ બધું તેમનુંજ અનુકરણ કરેલું છે એ તેમના શેહેરની, સાધારણ ઘરોની, મોટી મોટી ઇમારતોની અને દેવળોની રચના ઉપરથી સ્પષ્ટ દેખાય છે તોપણ સ્ત્રીઓના પોષાકમાં અને બીજી કેટલીક વાતમાં ઘણી સુંદરતા ન છતાં તેમાં દર વરસે પુષ્કળ ફેરફાર થાય છે. ફ્રાન્સ દેશમાં રાજાનું રાજ્ય હતું ત્યારે ત્યાંની મહારાણી આખા યુરોપખંડની સ્ત્રીઓને જૂદી જૂદી તરેહના પોષાક અને સણગાર સજવાના દાખલા દેખાડતી હતી. પારિસની મહારાણી તથા ત્યાંની બીજી શ્રીમંત નખરાંવાળીજ બઇરીઓ જે કરતી તે સર્વ માન્ય કરતું અને તે બધાંએ તેનું અનુકરણ કરવાની ચાલ હતી.

પચીસ વરસ પેહેલાં મારાં માબાપ પોતાના પરિવાર સહિત કુમરાથી વહાણમાં બેશીને મુંબઇ જતાં હતાં ત્યારે તેમને સદાશિવગઢમાં બે ત્રણ દિવસ થોભીને બીજા વહાણની વાટ જોવી પડી. અમે જ્યાં ઉતર્યાં હતાં તે ઠેકાણું ત્યાં નવીજ થયલી લોઢાંની સડકના રસ્તાની પાસે હતું અને તેની પેલીમેર થોડેક દૂર આગગાડીનું સ્ટેશન હતું. અમે ત્યાં ઉતર્યાં તે દિવસે બપોરે ત્રણ ઈંગ્રેજ બાયડીઓ તે સ્ટેશનના એક બાજઠ ઉપર આવી બેઠી. તેણીઓના ઘાઘરા એવા ફુલેલા હતા કે, તેમાંની એક બાઈ ઉભી કે બેઠી હોય તો તેનો ઘાઘરો ઓછામાં ઓછી ચાર પાંચ ગજ ઘેરાવાની જગા રોકી નાંખે. એવા વિચિત્ર પોષાકની ગુલાબી એ દેશની બાયડી તે પેહેલાં મેં કદીજ દીઠી નહોતી. તેને જોઇનેજ મને બહીક લાગી હતી, એટલામાં એક માણસે કંઈ પદાર્થના બ-

રેલી એક નાની ટોપલી તે બાઇઓ પાસે આણી ત્યારે તેમાની એક બાઈ ઝટ ઉઠીને તે ટોપલી લઈ પોતે બેઠી હતી તે બાજઠ નીચે મૂકીને પાછી બેઠી. તે જોઇને મને જે ડર લાગ્યો અને પેટમાં ધાસ્કો પડયો તે હવે જ્યારે યાદ આવે છે ત્યારે મને હસવું આવે છે પણ ત્યારે મારા મનની પક્કી ખાત્રી થઇ કે આ બાયડીઓ કોઈ ડાકેણો અથવા તો રાક્ષિશિણુ હોવી જોઇએ. એ લોકોના છોકરા કે બીજા પદાર્થો ચોરીને પોતાના ધાઘરામાં સંતાડીને લઇ જતી હશે અને કદાચિત કોઈ દહાડો હું મારાં મા બાપથી વિખુટી પડી તો મને પણ પોતાના ધાઘરાની માંહેની કોથળીમાં ઘાલીને લઇ જાય ખરી, એ વિષે મને મુદ્દલે સંશય રહ્યો નહીં.

એવી રીતે નાનપણમાં મને જે ફુલેલો ધાઘરાનો મોટો ડર લાગતો હતો, તે પારિસની માહારાણીની કલ્પનામાંથી ઉત્પન્ન થઇ કેટલાંએક વરસો સુધી આખા યુરોપખંડ માંહેના નાના મોટા, શ્રીમંત ગરીબ, વિદ્વાન અને અવિદ્વાન બાઇરિાં તેને ઘણો સોહામણો સમજીને પેહેરતી હતી. પારિસની મહારાણી ગર્ભવંતી હતી ત્યારે પોતાની આકૃતિમાં ફેરફાર થયલો લોકોની નજરમાં ન આવે વાસ્તે આ ફુલેલો ધાઘરો પહેરવાની શરૂઆત કરી. તે જોઇ એ કંઈ નવી શોભાયમાન રીત છે એમ સમજી તેના મૂળ કારણનો પુરો તપાસ ન કરતાં બધીજ નખરાંબાજ સ્ત્રીઓએ એવા ધાઘરા પેહેરવાની શરૂઆત કરી, એટલુંજ નહીં પણ નાની છોકરીઓએ પણ એજ પ્રકારની ધાઘરીઓ પેહેરવી માંડી. એ જોઇને એ રીતની પેદા કરનાર ફ્રેંચ મહારાણી પોતાના મનમાં

કેવી હસતી હશે! બીજી એક સુંદરી લગારેક ઠીંગણી હતી; તેણે પોતાના જોડાની એડી બે ત્રણ આંગળ ઉંચી કરાવીને પોતાનું ઠીંગણાપણું ઢાંકવાનો પ્રયત્ન કર્યો, તે જોઇને બીજી બઇરાંઓએ તે રીતનું મૂળ કારણ ન જાણતાં પોતાના જોડાની એડીઓએ ઉંચી કરાવી. ઉંચી એડીના જોડા પેહેરવાનો ચાલ અઘાપી ચાલે છે. સોનારૂપાંના કે બીજી જાતનાં ઘરેણાં લઇને અથવા તરેહવાર પોષાક પેહેરીને પોતાની સુંદરતા વધારવાને ચાહનાર માણસો કોઈ કોઇવારે સ્વરૂપને કરૂપ કરી નાંખે છે, એ નિયમ આપણા દેશને લાગુ છે, એટલું નહીં પણ તે સુધારાના શિખરે જઇ પહોંચેલા ઇંગ્લાંડ અને અમેરિકાના સ્વતંત્ર સ્થાનને પણ લાગુ પડે છે. ચીની બઇરાંના પગ બાંધીને તે નાના કરવાનો પ્રયત્ન કરતાં તે બાઇઓને કેટલું દુઃખ ભોગવવું પડતું હશે તે જાણીને અહીંનાં બઇરાંઓને તેની ઘણી દયા આવે છે. કોઇ કહે છે કે, ચીની લોકોનો આ ચાલ બઇરાંઓના ગુલામીપણાની નિશાની છે. કોઇ ધારે છે કે, ચીનાઓ ઉપર બૌધ અને કનફ્યુશી ધર્મનું કેવું માઠું પરિણામ થયું તેનું એ પ્રમાણ છે. બીજી જાતોની સારી માઠી ચાલ ઉપર ટીકા કરતાં તેમના મનમાં ઘણા તરેહવાર તર્ક આવે છે, પણ ઇસપનીતિની કથાના તાત્પર્ય પ્રમાણે પોતાનો વાંસો અને પોતાનો વાંક કોઇને માલમ ન પડે એ સ્વાભાવિક છે. અહીંના બઇરાંને પાતળી કંબર એ પોતાનું ભૂષણ લાગે છે તેથી "કારસેટ" નામે દેવ માછલાંના હાડકાં જોડે પોલાદની ચીપ ઘાલીને બનાવેલા વગર બોંયના બદનમાં વચ્ચેથી સાંકડી અને

ઉપર તથા હેઠલી બાજુએ ઢીલી ચોળીઓ પહેરીને પોતાની કમર પાતળી કરે છે. સાધારણ રીતે મજબૂત બંધાની અને સાધારણ કદવાળી જુવાન બાઈની કંમરનું માપ કુદરતી રીતે ઓગણચાલીસ કે ચાલીસ આંગળ હોય છે. તેને અહીંના બઈરાંઓ ઓગણીને ચોવીસથી ત્રીસ આંગળ જેટલી બનાવે છે. છોડી બારેક વરસની થાય એટલે તેને કારસેટ પેહેરવાની ટેવ પાડવામાં આવે છે. એ ચાલથી ઘણી બાઈઓથી ખુલાસાથી શ્વાસોશ્વાસ લેવાતો નથી. તેથી તેમના ફેફસાં બગડી જાય છે. કારસેટનું દબાણ પેટ ઉપર આવવાથી પ્લીહા અને અન્નાશય ઉપર દબાણ પડીને ગર્ભાશય ઉપર તેનું દબાણ થાય છે. તેથી તેમનાથી થવું જોઈએ તેટલું અન્ન પાચન થતું નથી, લાંબો શ્વાસ લઈ શકાતો નથી. પ્લીહા અને અન્નાશય તથા ફેફસાંના દરદો થાય છે. પ્રસવ કાળે કુદરતી વેદનાથી એમને વધારે કષ્ટ ભોગવવું પડે છે. અને બીજાં કેટલાં દુઃખ અને વેદના ભોગવવી પડતી હશે તે ઇશ્વર જાણે! એ વગર આકૃતિને તથા પોષાકને સુંદરતા આણવાની બીજી એક ચીજ છે. તેને "બસલ" કહે છે. એ બસલ જાડા તારો વણીને બનાવેલો હોય છે. તેની બે ચાર આકૃતિઓ હોય છે. તે ચણીઆની માહેથી કંબરે બાંધીને લટકાવ્યા પછી તે ઉપર ચણીઓ પેહેરે છે. તેથી તે પીઠપાછળ વધારે ફુલેલો જણાય છે. એ બસલમાં શી શી શોભા છે તે તો પેહેરનારીઓ વગર બીજા કોઈને ખબર નથી. એમની પેદાશ સૃષ્ટિ કર્તાએજ કરેલી લાગે છે કારણ કે સૂઢી હેવાને જન્મતી વેળાએ યુરોપીયન તથા અમેરિકન બઈરાંઓની પુઠે એક સ્વા-

ભાવિક બસલ બેસાડવાની કલ્પના ન આવી. બસલની ઉપર ને ચણીઆની માંહે બેત્રણ જાડાં લૂગડાં પહેરે છે. તેનો ચણીઆનો તથા બસલનો મળીને છ સાત પેર ભાર પેટ ઉપર પડે છે તેનું ફળ સારૂં થતું નથી. એતો કહેવુંજ નહી પડે. આ થંડા દેશમાં પગને જોડાથી રક્ષણ કરવું એ ઠીકજ છે; તથાપિ હોંશીલાં બઇરાં પોતાના પગ નાના કરવા માટે ઘણા સાંકડા જોડા પેહેરે છે તેને લીધે પગનો આકાર બગડી જઇને આંગળા ઉપર સોટા મોટાં આંટણના ગઠા બાઝે છે અને જોડાની એડીઓ ઉંચી હોવાથી ચાલતાં ચાલતાં શરીરનો ભાર આખા પગનાં તળીઆં ઉપર સરખો ન પડતાં તે પગના આંગળા ભાગ ઉપર પડે છે. તેને લીધે અંગુઠા અને આંગળાંના નખને પણ ઇજા થાય છે. નાના ગામો કરતાં શેહેરોમાં એવાં નખરાં કરવાનો ચાલ વધારે હોય છે. શ્રીમંતોની ઠાઠમાઠવાળી તરેહ જોઇને ગરીબ બઇરાં તેનું અનુકરણ કરે છે. ગરીબ અને ધનાઢ્ય સ્ત્રીઓ પોષાકના પદાર્થ ખરીદ કરવામાં ઘણા પૈસા ખરચી નાંખે છે. હાથે પેહેરવાના ચામડાંનાં મોજાં એવાં સાંકડાં હોય છે કે તે પેહેરતાં ઘણો વખત લાગવાની સાથે તે હાથમાં હોય છે ત્યાં સુધી ગોળ લાકડાના કટકા જેવા દેખાય છે. તે ઓ કોઇ ઠેકાણે જમવાને, ફરવાને, અથવા કોઇને મળવા જાય ને ત્યારે ઉન્હાળો હોય અને શરીર ઉપર ઘણો પરસેવો થતો હોય ત્યારે એ હાથે મોજા પેહેરીને બહાર જવું જોઇએ; એવી રૂઢી છે.

હમણાં અંહીંઆં "ડ્રેસરિફોર્મ" એટલે પોષાકમાં સુધારો કરવાની શરૂઆત થઇ છે. ઘણી જાણકાર અને શારીર શાસ્ત્રજ્ઞ

સ્ત્રીઓ પોતાના પોષાકના ધાટમાં સુધારો કરે છે. એ સુધરેલી તરેહના પોષાક શાસ્ત્રીય રીતે તૈયાર કર્યાની સાથે શરીરને સુખ દાયક છે એટલુંજ નહી પણ તે શરીર ઉપર પેહેરેલા છતાં ગમે તે કામ કરી શકાય છે. તે પેહેર્યાથી ફલાણું કામ તો નહી થાય એમ આ પોષાકથી બનતું નથી. એ પોષાક સુધારક બાહરાંઓ સ્વદેશ અને પરદેશમાંના બાઇરાંઓના નખરાંદાર પોષાકો દૂર કરીને શરીરની સ્વાભાવિક આકૃતિ અને પ્રકૃતિ બગાડે નહીં એવો અન્તઃકરણથી ઉદ્યોગ કરે છે. જાપાનના ઉપલા વર્ગના લોકોએ યુરોપના સદ્દગુણોની સાથે દુર્ગુણોનુંએ અનુકરણ કરવાનો ઝપાટો ચલાવ્યો છે. ત્યાંનાં બૈરાંઓએ પોતાનો અસલ પોષાક છોડીને યુરોપિયન બાહરાં જેવાં લુગડાં પેહેરવાની શરૂઆત કરી છે. ફ્રાન્સેસ બાઈ વિલર્ડની રજા લેવા સારૂ અહીંથી નીકળતીવેળાએ હું તેને ઘેર ગઈ હતી, ત્યારે તેણીએ મને કહ્યું કે, “તમે જ્યાં જાઓ ત્યાં વિશેષે કરીને જાપાનમાં બાઇરાંઓના નખરાંદાર પોષાક દૂર કરે ને પ્રકૃતિ બગાડે નહીં એવો આગ્રહ કરજો, એજ મારૂં તમને આખરનું કહેવું છે. આપણે લોકસમાજને ઉપયોગી પડવું એવો આપણો હેતુ હોવાથી આપણે બધાંએ આપણા પોતાના પોષાકમાં સુધારો કરવો જોઇએ.”

સખત ટાડ અથવા સખત તાપથી માથાનોબચાવ કરી સેવો એજ ટોપી પેહેરવાની મતલબ છે એવું, અહીંની ઘણી ખરી સ્ત્રીઓ વિસરી ગઇ છે. અને ટોપીઓ હવે એક પ્રકારનું શોભાભૂષણ થઇ પડયું છે. રંગીત રેસમી લુગડું, રેશમી કે

મખમલની દોરીઓ અને લૂગડાંનાં બનાવટી ફુલોથી ટોપીઓને શણગારે છે. વળી ખુબસુરત પંખીઓની પાંખ અથવા મારેલાં આખાંને આખાંજ પક્ષીને તેના શરીરમાં પરાળ ભરીને ટોપીઓ ઉપર શીવીલેવાની ચાલ છે. થોડાં વરસ પહેલાં પારિસ શેહેરની એક બદનામી બાઇરી લોકોનું ધ્યાન પોતાની ભણી લગાડવાસારૂ એક આખું પક્ષી ટોપી ઉપર ચોંટાડીને નાટકશાળામાં ગઇ, તે જોઇને એ એક નવી તરેહ નીકળી છે, એમ સમજીને આબરૂદાર બાઇરાંઓએ પણ તેના કારણની તપાસ નહીં કરતાં પોતાની ટોપીઓ ઉપર સુંદર પક્ષીઓ શીવવાની ચાલ પાડી. આ દુષ્ટ ચાલથી લાખો અને કરોડો સુંદર પક્ષીઓના પ્રાણના ભોગ થઇ ને વાઘરીઓ તેના વેપારથી પોતાનાં પેટ ભરે છે; અને સંસારીઓ પોતે શું કરે છે તેનો વિચાર ન કરતાં એ વેપારને ઉત્તેજન આપે છે. એને લીધે બિચારાં પક્ષીઓનો જીવ જાય છે. એટલુંજ નહીં; પણ તેને ઘણી પીડા ભોગવવી પડે છે. તેના સુંદર પીછાનો રંગ ફીકો ન પડે વાસ્તે તે લગાર જીવતાં હોય ત્યારે તેની ચામડી ઉખેડી કહાડે છે. આ ક્રૂરપણાનું તથા બિચારાં પક્ષીઓના કષ્ટનું વર્ણન કોનાથી થઇ શકે? એક વરસ પેહેલાં લંડનની એક દુકાનમાંથી ત્રણ મહિનામાં ૪૦૪,૪૬૪, વેસ્ટઇંડિઝ બેટનાં અને બ્રાઝીલનાં પક્ષીની ચામડી અને ૩૫૬૩૮૯ આપણા હિંદુસ્તાનના સુંદર પક્ષીઓની લાસો વેચાઇ ગઇ. એવી જાતની દુકાનો યુરોપમાં અને અમેરિકામાં હજારો હોવાથી તેમાં દર વરસે કેટલાં અસંખ્ય કરોડ પક્ષીઓનાં મુડદાંનો વેપાર ચાલે તેની ગણત્રી કોઇ કરશે? એ વગર કેટલાં

અસંખ્ય પક્ષીઓનાં બચ્ચાંનો નકામો નાશ થયો હશે તે તો જુદોજ. મા બાપ ચારો લેવાને ગયાં છે એટલામાંજ કોઇ દુષ્ટે તેનો જીવ લીધો; આણીમેર માળામાં બેચાર બચ્ચાંઓ ભુખથી વ્યાકુળ થઇ ચાંચ ઉઘાડીને કરૂણા સ્વરે ચીં ચીં કરીને માને હાંક મારે છે. પણ તેને જવાબ દેવાને મા જીવતી નથી; તેને પુરી પાંખ ફુટેલી ન હોવાથી જાતે બહાર જઇને ચારો શોધીને ખાઇ શકતાં નથી, તેથી આરડી આરડીને એક બે દિવસે પ્રાણ છોડે છે! અરે! તેની એવી સ્થિતિ થાય ને જેની આંખમાં આંસુ ન આવે એવો પથરો આ દુનિયાના માણસ જાતનું કલંકજ છે એમ કહેવાયા વિના રહેવાતું નથી. પંખીઓ ચોઢેલી ટોપીઓ પેહેરેલી ઘણીખરી સ્ત્રીઓને તે ચાલથી દુનિયાને શું નુકશાન છે તથા પક્ષીઓને શું દુઃખ ભોગવવું પડે છે તે માલમ હોત તો ખચિત એ રીવાજ છોડીજ દીધો હોત. હમણાં પશ્ચિમના દેશોમાં "ઓડુબોન્" નામે મંડળી સ્થાપન થઇ છે. પક્ષીઓનું સંરક્ષણ કરવાનો તેનો ઉદ્દેશ છે. તેની મેહેનતને આશાનુરૂપ યશ આવે એજ અમારી પરમેશ્વર પાસે પ્રાર્થના છે.

ગાલ તથા નખને ગુલાબી રંગ ચોળીને તથા સફેદ ભૂકો ચોળીને શોભા લાવવાનો એ નખરાંનો પ્રકાર છે. ઘડપણથી અથવા જુવાનીમાં કંઇ રોગથી માથાના નીમાળા ખરી પડે ત્યાંરે ખોટા નીમાળાની ટોપી અને અંબોડો બાંધીને માથાને શોભાવવાની હસ્ત તો જગ જાહેર છે. વાળ ગુંછળીઆળા દેખાવા સારૂ રાત્રે સુવાની પેહેલાં શિંગડાની છોલ અથવા કાગળના વીંટા જોડે વાળ લપેટીને પાણી ચોપડી તથા તપાવેલા ચીમટા વડે વળ

દીધેલા કેસ દાબીને ગુચ્છળીઆળા બનાવે છે. અને કોઈ કોઇ તો તેલ અને મધાર્ક ચોપડી ને તુર્કી સિપાઇની પેઠે કપાળ ઉપર ચટીપટી કરે છે.

મધ્યમ વયે દાંત પડવા માંડે ત્યારે તેની જગા ઉપર મોટા દાંત બેસાડવાની ચાલ આપણા દેશમાં પણ કોઇ કોઈ ઠેકાણે છે. અહી કૃત્રિમ દાંત મોઢામાં બેસાડવા એટલે "वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्याति नरो पराणि" એના જેવું થાય છે. અહીના કુશળ કારીગરોએ કૃત્રિમ દાંતને આબેહુબ ખરા દાંત જેવા ઉત્તમ બનાવી દીધા છે. કોઇ સુંદર તરૂણીના દાંત વાંકાચુકા હોય તો તે દંતવૈદ્ય પાસે જઇને પોતાના દાંત ઉખેડી કઢાવીને તેની જગાએ બીજા સુંદર બનાવટી દાંત બેસાડીને ખુશીથી શોભા આણે છે. "તમારા દાંત ખરા છે કે?" એવા પ્રશ્ન મને કંઇ થોડા ઘણાએ પૂછ્યા નથી. ફિલાડેલ્ફિયાની એક ઘરડી બાઇની તો મારૂં મોઢું ઉઘાડીને તે માંહેનું તાળવું તથા બીજા ભાગો તપાસ્યા પહેલાં મારા દાંત ખરા છે એ વાતની ખાત્રીજ થઇ નહીં. એ લોકો અતિશય માંસ ખાય છે તેને લીધે કે કેમ તે કોણ જાણે પણ તેમના દાંતો મૂળથીજ મજબૂત ન હોવાથી વહેલા પડે છે. તેથી કૃત્રિમ દાંતનો ઉપયોગ ઘણો થાય છે. તે માત્ર મોઢાંને શોભા આણવા માંજ નહીં પણ ચીવટ અને મજબૂત પદાર્થ ચાવીને ખાવાને પણ કામ લાગે છે.

બઇરાંની પેઠે ભાયડાઓમાંએ કેટલાંક નખરાં દીઠામાં આવે છે, પણ પુરૂષો ઉપર ઉપરથી છેકજ સાદા અને ભોળા દેખાવા-

નો પ્રયત્ન કરે છે. નખરાં કરનારા પુરૂષો ઘણું કરીને જુવાનીઆ પૈસાદારના છોકરા છે. ગરીબ છોકરાઓ પણ શ્રીમંત અને ઉડાઉ લોકોનાં નખરાં અને પોષાકની તરેહ જોઇને મોટા હોંસથી તેનું અનુકરણ કરે છે. દરરોજ દહાડામાં ત્રણ ચાર ચાર પોષાક બદલવા, જૂદી જૂદી તરેહના પોષાક પહેરવા, માથે ટોપી લગાર વાંકી પેહેરવી, મૂછ ઉપર હાથ ફેરવ્યા કરવો, હાથમાં પાતળી સોટી, ભભકામાં ચાલવું, તેમજ બોલવું વગેરે કેટલાક પ્રકાર પુરૂષોનાં નખરાંમાં સમાય છે. પુરૂષને પોષાક યુરોપિયન તરેહનો એક રંગી (ઘણું કરીને કાળા કે ભૂરા રંગનો અને તેજ રંગની ટોપી) અને સાદો હોય છે તે પેહેરીને કામ કરવાને અડચણ બીલકુલ પડતી નથી. તે ઉદ્યોગી અને આઠે પહોર સઘળા પ્રકારનુ કામ કરનાર માણસને સોઈ પડતો હોય છે. ધર્માચાર્યોનો પોષાક સાધારણ લોકોના પેહેરવેશથી લગાર જૂદી તરેહનો હોય છે; એટલે તેના અંગરખા ધુટણ નીચે પહોંચે એટલા લાંબા હોય છે. જ્યાફત વગેરેમાં જતી વેળાએ પહેરવાનો પોષાક કિંમતી લુગડાં હોય છે તેમાંનો કેટલો દેખાવ સારો હોય છે અને કેટલોએક નઠારો દેખાય છે.

યુનાઇટેડ સ્ટેટસના પુરૂષોમાં બે વ્યસનનો ઘણો ફેલાવો થયલો છે. તેમાંનું એક દારૂ પીવાનું અને બીજું બીડી પીવાનું, જે એંગ્લો સેક્શન જાતમાંના અમેરિકન લોકોમાંથી ઘણાખર ઉત્પન્ન થાય છે. તેમનાપૂર્વજ ઘણા અસલના વારાથી "બીર" નામનો દારૂ પીતા હતા. ત્યાર પછી નવા નવા ઘણી જાતના દારૂ ઉત્પન્ન થવા લાગ્યા તેમ દારૂનું વ્યસન પણ વધતું ચાલ્યું.

આ યુનાઇટેડ સ્ટેટસનું રાજ્ય સ્વતંત્ર થયું ત્યારથી અહીં આ-વીને રહેવા સારૂ યુરોપમાંહેલી ઘણુકરીને બધી જાતો આ સ્વતંત્ર દેશ તરફ ખેંચાઇ આવે છે. દર વરસે લાખો માણસો આ દેશમાં વસુવા સારૂ આવે છે. એમાં જર્મન, ઇટાલિયન અને આઇરિશોની સંખ્યા વધારે છે. એ લોકો દારૂ પીવાના કામમાં ઘણા પ્રખ્યાત છે. યુનાઇટેડ સ્ટેટસમાં તેમનો ભરાવો ઘણો થવાથી તેમનું જોઇને મૂળના વતનીઓમાં એ દારૂનું વ્યસન ઘણું વધી પડયું છે. એ બે વ્યસનનું જોર કેટલું છે. તે હેઠળ બતાવેલા યુનાઇટેડ સ્ટેટસના વાર્ષિક ખરચના આંકડા ઉપરથી સેહેજ સમજાશે. એ લોકો દર વરસે નીચે લખ્યા પ્રમાણે ખરચ કરે છે.

	રૂ. કરોડ.	લાખ.		રૂ. કરોડ.	લાખ.
ધર્મપ્રસાર માટે.	૧	૬૫	જોડા અને મોજા પેહરવામાં.	૫૯	૧૦
ધર્માચાર્યના પગાર સારૂ.	૩	૬૦	લોઢુ અને બીજી ધાતુ ખરીદવામાં.	૭૮	૮૦
વિદ્યાપ્રસારને માટે.	૨૮	૮૦	માસ ખાવામાં	૯૦	૯૦
ચા કાપી પીવાના.	૪૩	૫૦	અનાજ ખાવામાં	૧૬૧	૫૦
શાકેર, ગોળ ખાવાં માટે.	૪૬	૫૦	તંબાકુ ખાવાપીવામાં	૧૪૭	
			દારૂ પીવામાં.	૨૭૦	

દારૂથી લોકોની તંનદુરસ્તીની અને આખા દેશની ખરાબી થતી જોઇને લાખો અમેરિકન સ્ત્રીઓ અને પુરૂષો મદ્યપાન નિષેધ કરે છે. હાલમાં અમેરિકન લોકોમાં નાના પ્રકારની અનીતિ ફેલાયલી છે તે ઘણુંકરીને ઉપર બતાવેલાં બ વ્યસનમાંથી ઉત્પન્ન થઈ છે એમ કહેવામાં કશી ચીંતા નથી.

જાતિભેદ અને જાતિમત્સર.

"ખાખરો ગમે ત્યાં જાય તોય તેને પાંદડાં ત્રણજ આવે" અથવા "વાલની રતી ત્રણ ને તે ત્રણેનાં મો કાળાં" એ કહેવત પ્રમાણે મનુષ્ય પ્રાણી ગમે ત્યાં જાય અને ગમે તેવી સ્થિતિમાં હોય તો પણ તેનામાં રહેલા ગુણ દોષોમાં ઘણો ફેરફાર થએલો દેખાતો નથી. અમેરિકાના સ્વતંત્ર સંસ્થાનો ત્યાંની સંપત્તિ, વિદ્યા, અને સુધારાને માટે પ્રસિદ્ધ છે તે બરાબર છે. તથાપિ જાતિભેદ અને જાતિ મત્સર એ જે સર્વ સુધારાનાં તથા સભ્યતાનાં આડવેરી તે આ દેશમાંથી બીલકુલ નાશ પામેલા છે એમ નથી.

એ લોકોના પૂર્વજ જ્યારે ઇંગ્લાંડથી અહીં આવ્યા ત્યારે તેમણે પોતાની જોડે ત્યાંના પોતાના જૂના ચાલ પોતાની સાથે આણ્યા. અને એ દેશ સ્વતંત્ર થયો ત્યારે "સર્વ ઇશ્વર સૃષ્ટ માણસો સમાન છે" એ તેમના સ્વતંત્ર નીતિસૂત્રને અનુસરીને જૂના ઇંગ્રેજી જાતિભેદના રિવાજોમાં ઘણા ફેરફાર કરવા પડયા. તથાપિ સને ૧૮૬૧ સુધી આ નીતિસુત્ર સર્વનેજ લાગુ પડયું નહોતું. હબસી જાતના માણસોને ઢોરની પેઠે વેચાતા લેવા આપવાનો જે તેનો સંપ્રદાય હતો; તેને લીધે તે જાત ગોરી જાતના માણસો કરતાં જન્મથીજ નીચ છે એવી તેમની સમજણ થઇ ગઇ હતી. હબશી જાત ગુલામીપણામાં હતી ત્યારે તેમની જોડે એક પંક્તીએ બેશીને ખાવા જમવામાં, તેમની જોડે લગ્ન સંબંધ કરવામાં વગેરે બાબત ઘણો નિષેદ્ધ માનવામાં આવતો હતો; તે હજી સુધી તેમનો તેમજ છે. નિગ્રો દાસ

મુક્ત થયા ખરા તથાપિ તેમની જાત વિષે ગોરાઓના મનમાં જે તિરસ્કાર ઉત્પન્ન થયો હતો તે હજી સુધી તેવોને તેવોજ છે. હું આજ સુધીમાં સેંકડો ઠેકાણે જમવા વગેરે ગઈ, તથાપિ ત્યાં હબશીઓ ગોરાઓની પંગતે બેશીને જમતા હોય એવું કોઈ ઠેકાણે મારા દીઠામાં આવ્યું નથી એટલુંજ નહીં, પણ દેવના પવિત્ર મંદીરમાં ઉપાસનાની વેળાએ પણ હબશીઓ ગોરાઓની જોડે બેઠેલા ઘણા કવચિતજ જોવામાં આવ્યા. નિગ્રો જાતના ભજન મંદીરો જૂદાંજ હોય છે. અને તેમના ઉપદેશકોએ ઘણું કરીને તેમની જાતના હોય છે અને તે ગોરી મંડળીમાં ઘણા ખરા કદીએ જોવામાં આવતા નથી.

નિગ્રો જાતના માણસો ગુલામીપણામાંથી છુટયાને હજી પુરાં પચીસ વરસ થયાં નથી. એટલામાં તેમણે પોતાના ઉદ્યોગ વડે પોતાની જાતની જે ઉન્નત સ્થિતિ કરી નાંખી છે. તે જોઈને તેમના આ દીર્ઘ પ્રયત્ન અને સ્વાલંબન વિષે શાબાશી આપ્યા વિના રહેવાતું નથી. પચીસ વરસ પહેલાં હબશી માણસોને લખવા વાંચવાની મના હતી. તે જન્મ્યા તેવાજ ઢોરની પેઠેજ મોટાં થવું અને ઢોરની પેઠેજ વેચાણ લે તે માણસની જીંદગી સુધી સેવા ચાકરીને આખરે ઢોરની પેઠેજ મરવું. કાયદાની નજરમાંએ તે માણસ નહોતાં. માણસના કોઈ પણ હક્ક તેમને નહોતા. મનુષ્ય સમાજમાં સામાજીક બંધનને મજબૂતાઈ આણનારો સર્વથી પવિત્ર જે વિવાહ તે પણ કાયદાસર રીતે કરવાનો તેમને હક્ક નહોતો. પણ ધન્ય છે વિલ્યમ લોઈડ ગ્યારિસન, ઇલિઝાબેથહેરીટ લુક્રેશિયામાટ અને વેંડલ ફિલપ્સ

જેવા કેટલાએક સજ્જનોને! કે તેમણે નાના પ્રકારના કષ્ટ, વિપત્તિ અને વિરૂદ્ધ લોકમતથી ઉત્પન્ન થતી પીડાઓ ભોગવીને યુનાઇટેડ સ્ટેટ્સનું પ્રજામત હબશી જાતિને દાસ્ય મુક્ત કરવાના કામમાં અનુકૂળ કરી લઇને સર્વ માણસ જાત ઉપર જે ઉપકાર કર્યો છે, તે કદીએ ફેડાવાનો નથી. ઇ○ સં○ ૧૯૬૫માં દાસ્ય મુક્તી થઇને અમેરિકન યાદવી સમી ગયા પછી આજ સુધીમાં સજ્જનોની મદદ વડે તથા પોતાના પરાક્રમથી અમેરિકન હબ-શીઓ પશુત્વમાંથી નીકળીને મનુષ્યત્વ પામ્યા છે. તેની જાત ભાંહેલા માણુસોમાંથી હવે કોઇ શિક્ષક, કોઇ ઉપદેશક, કોઇ વકીલ, કોઇ વૈદ્ય, વેપારી અને કોઇ તો યુનાઇટેડ સ્ટેટસની દેશ્ય સભામાં કારભારીઓ થયા છે. હાલમાં યુનાઇટેડ સ્ટેટસના ગોરા જાનપદને જે જે હક્ક છે તે બધા આ કાળા હબશીઓને એ મળેલા છે. અને ભવિષ્યમાં કાળાંતરે હમણાં જેવો કાળા ગોરાઓ વચ્ચે પંકતી ભેદ રાખવામાં આવે છે તે એ નાશ પામશે એવાં સુચિન્હો જણાઇ આવે છે.

સાધારણ અમેરિકન લોકો અમેરિકામાંના મુળના રહેવાશીઓ જે રાતા ઇંડિયનો તેમનો એ ઘણો દ્વેશ કરે છે. યુનાઇટેડ સ્ટેટસની સરકારે જૂદી જૂદી જાતની ઇંડિયન લોકો જોડે કોલ કરાર કરેલા છે તે કરાર પ્રમાણે ચાલતી હોય એમ જણાતું નથી. તેમને માટે જૂદી રાખેલી જમીન કોલકરારની પ્રતિજ્ઞા તોડીને તેની પાસે ખુચાવી લીધી, અને "ઉલટો ચોર કોટવાલને દંડે" તે પ્રમાણે પોતે ચોખ્ખા બનીને બિચારાં ઇંડિયનોનેજ ચોર બનાવ્યા પણ હાલમાં કેટલાએક સજ્જન અમેરિકનો આ પોતા-

ના દેશ બંધુઓની ઉન્નતી કરવા સારૂ મથન કરે છે. લોકોમાં આબરૂ જવાની બીકે યુનાઇટેડ સ્ટેટસની સરકારે પોતાના ખજાનામાં જમે રહેલા ઇંડિયન લોકોના પૈસાથી ઇન્ડિયન છોકરાએ, સારૂ બે ચાર ઉદ્યોગશાળાઓ સ્થાપેલી છે. તે માહેલી વર્જિનિયા સંસ્થાન માહેલું "હામ્ટન ઇન્સ્ટિટયુટ" પેન્સિલ્વનિયાની "કાર્લાઇલ ઇન્ડિયન સ્કૂલ" અને ફિલાડેલ્ફિયાનું "લિંકન ઇન્સ્ટિટયુટ" ઘણી સારી રીતે ચાલે છે. ઇન્ડિયન લોકોને અમેરિકન જાનપદનો કોઈ પણ હક્ક નથી, એટલુંજ નહીં પણ તેમને યુનાઇટેડ સ્ટેટસની સાધારણ અદાલતમાં કોઈના ઉપર ફરીયાદ માંડવાનોએ હક્ક નથી. જૂદી જૂદી જાતિના ઇન્ડિયન લોકોએ અમુક અમુક ઠેકાણે રહેવું એમ ઠરાવીને તેમને જગા મુકરર કરી આપેલી છે. તેમને "ઇન્ડિયન રેઝરવેશન" કહે છે. તે હદની બહાર કોઈ ઇન્ડિયન આવ્યો કે, તે અમેરિકન શિકારી માણસની બંદુકનાં ભોગ થઈ પડે કે હુકમ વગર પોતાના ઠેકાણાથી બહાર આવવા માટે ન્યાયાધીશની જાળમાં ફસાઇને શિક્ષા ભોગવે. એ રેઝરવેશનમાં યુનાઇટેડ સ્ટેટસની સરકાર તરફથી ઇન્ડિયન લોકો ઉપર દેખરેખ રાખવાને એક એક આડતિઓ રાખવામાં આવે છે. તે "ઇન્ડિયન એજંટ" કહેવાય છે એ એજંટો આપણા દેશના પોલિટીકલ એજંટ કે રેસિડંટ જેવાજ ઇન્ડિયન લોકો ઉપર એક છત્રે રાજ કરનાર સર્વ સત્તાધારી માણસો હોય છે. યુનાઇટેડ સ્ટેટસની સરકાર તે રેઝરવેશનના ઇંડિયન લોકોને ખાવાપીવાને જોઇતા પદાર્થો પુરા પાડવાનું કામ તેમને સોંપી દે છે. આ માણસ જે કરે તે પૂર્ણ

દિશા અને જે કહે તે વેદ વાક્યજ. એ ઇંડિયન એજંટોમાં પ્રમાણિક માણસ બહુજ થોડા હોય છે. તેમનાથી બિચારા ઇંડિયનોના ઘણા હાલ હવાલ થાય છે. ઇંડિયન લોકો તેમની અજ્ઞાનતાથી કે જાતિસ્વભાવથી ઘણા સહનશીલ હોય છે. તે સહેજ વાતમાં પોતાનું પોકરાણ સરકારના કાન ઉપર લઈ જતા નથી; અને કદાચિત જાય તો ત્યાં તેની દાદ લેવાનો સંભવ ઘણોજ થોડો હોય છે. દયાળુ લોકોના કહેવા ઉપરથી સાધારણ લોકમત કોઇ કોઇ વાર ઇંડિયનોના લાભમાં થાય ત્યારે લોક લજ્જાની બીકે સરકાર તેમની ખરી સ્થિતિ શી છે તે જાણવા સારૂ "કમિશનો" નીમે છે. એવાં કમિશનમાં સારાં નિષ્પક્ષપાત સ્ત્રી પુરૂષો હોય છે. તેમણે આજ સુધીમાં ઇંડિયનો ઉપર કેટલો જૂલમ થાય છે તે અમેરિકન જનપદના ધ્યાનમાં આવવા સારૂ પુષ્કળ પરિશ્રમ કર્યા છે, અને તેમાં કેટલીએક ફળ પ્રાપ્તીએ થઈ છે. કેટલાંએક દયાળુ સ્ત્રી પુરૂષોએ મળીને ઇન્ડિયન લોકો-ના કલ્યાણ સારૂ એક સભા સ્થાપન કરેલી છે. તેની શાખા આખા દેશમાં ઘણે ઠેકાણે છે. ઇંડિયન લોકોનું ખરૂં કલ્યાણ કરનારા લોકોમાં હેલેનહંટ નામની બાઇ શ્રેષ્ઠ હતી એમ કહેવું જોઇએ. તેણીએ ઐતિહાસિક પ્રમાણો ઉપરથી તથા પ્રત્યક્ષ અનુભવ ઉપરથી ઇન્ડિયન લોકોની ખરી સ્થિતિ કેવી છે, તેથી અમેરિકન જનપદને જાણીતા કર્યા પેહેલાં તેઓ વિષે કોઇને એ ખરી માહિતી નહોતી. હેલેનહંટને યુનાઈટેડ સ્ટેટસની સરકારે ઇન્ડિયન કમીશનર નીમેલી હતી. ત્યારે તેણીએ પાંચ છ વરસ સુધી ઘોર અરણ્યમાં તે જંગલી માણસોના સહવાસમાં રહીને

તેમની ખરી સ્થિતિનું વર્ણન કરીને "એ સેંચુરી ઓફ ડિસ્-આનર" નામનું પુસ્તક લખ્યું. તે વાંચ્યાથી યુનાઇટેડ સ્ટેટસની પ્રજાની આંખો ઉઘડી. વળી એને કાદંબરી રૂપે ઇન્ડિયન લોકોની માઠી સ્થિતિનું વર્ણન કરીને 'રમોના" નામનું એક પુસ્તક લખ્યું. તેણીએ ઇન્ડિયન લોકોના ભલા સારૂ જે શ્રમ લીધો તે હવે કેટલેક અંશે સફળ થતો જાય છે. આલિસ ફ્લેચર નામની તેનાજ જેવીજ બીજી બાઇ "વિને બેગો તથા ઓમહા" નામની બે ઇંડિયન જાતોના ભલા સારૂ અવિશ્રાંત શ્રમ કરે છે. તેના અને તેના મિત્રોના ઉદ્યોગને જશ આવીને આ બે જાતિને યુનાઇટેડ સ્ટેટસની સરકારે તેમના "રેઝરવેશન' માંહેની જમીન ઉપર ખેતી કરવાનો હક્ક આપ્યો છે. તે લોકો હવે સારી ખેતી કરવા લાગ્યા છે. અને બીજાં ધંધાએ કરવા મંડ્યા છે. વળી કેટલાંએક વરસ પછી તેમને લખતાં વાંચતા તથા સાધારણ ધંધા આવડવા માંડીને માણસ સમાજમાં જે વાતો અને નિયમ અવશ્ય હોવા જોઇએ. તે સમજવા માંડશે ત્યારે આ દેશના જાનપદના સર્વ હક્ક તેમને આપવા એવો ઠરાવ થયો છે. "ઇન્ડિયન ટેરિટોરી" નામના ઉપસંસ્થાનમાં "ચેરાકી ઇંડિયન" નામની એક જાત છે. તેમાંના માણસોએ પોતાની બુદ્ધિ અને ઉદ્યોગ વડે પોતાની જે હાલત સુધારી નાંખી છે, તે જોઇને આશ્ચર્ય લાગે છે. તેમણે પોતાના રેઝરવેશનમાં યુનાઇટેડ સ્ટેટસની રાજ્ય શાસન પદ્ધતિના નમુના પ્રમાણે એક શાસન પદ્ધતિ સ્થાપીને પોતાના નાના સંસ્થાનને યુનાઇટેડ સ્ટેટસના અમેરિકન સંસ્થાનના જેવુંજ બનાવી દીધું છે. આ

ઇન્ડિયન જાતિના એક માણુસે પોતાની ભાષા લખવા સારૂ મૂળાક્ષરો કલ્પીને ભાષા લેખનની પદ્ધતિ શરૂ કરી છે. વળી આ ઉંચ સ્થિતિ પામેલાં ચેરોકી લોકોએ પોતાની જાતના ગુલામો વેચાતા લેવાની ચાલ બીલકુલ બંધ કરી નાંખી છે. અને તેમણે તમામ જંગલી ચાલો છોડી દીધા છે. તથા પોતાના લોકોમાં, વિદ્યાનો પ્રસાર થવા સારૂ ઘણું ધ્યાન દીધું છે. આ ચોરોકી લોકોની પેઠે બીજી ઈંડિયન જાતના લોકો પણ પોતાની ઉંચી સ્થિતિ કરવાને ઉદ્યોગ કરે તો તેઓ ઝટ સુધરી જશે.

જાપાની લોકો પોતાના દેશમાં વસીને યુનાઇટેડ સ્ટેટ્સના જાનપદ બને તો કંઈ ચિંતા નહી એમ અમેરિકન લોકોને લાગે છે; તથાપિ ચીનાઓનો તેમને મોટો કંટાળો છે. ચીના લોકો આ દેશમાં આવી રહે છે ત્યારે જાપાનીઓની પેઠે સ્વદેશનો પોષાક છોડી દઇને અમેરિકન જેવો પોષાક પહેરતા નથી, તથા પોતાની ચોટલી કાપી નાંખતા નથી. વળી પોતાના લાકડાના તળીઆના જોડામુકી દઇને અમેરિકન ચામડાના જોડા તેઓ પહેરતા નથી. અને એવાંજ બીજા ક્ષુદ્ર કારણો ઉપરથી અમેરિકન લોકો ચીના લોકોનો દ્વેષ કરે છે. એ આ સભ્ય કહેવડાવનારી સ્વાતંત્ર્ય પ્રિય જાતિને મોટું લાંછન છે. ચીના લોકો ઘણા ઉદ્યોગી છે અને તે દૂર દૂરના પરદેશોમાં જઇને કામ ધંધા કરે છે. તે ઘણા મિતાચારી અને મિતવ્યયી હોય છે. તેઓ યુરોપિયનોની પેઠે ઉડાઉપણે ખરચ કરતા નથી. અને એક ઘણા કામની ચારઘણી મજુરી લેતાએ નથી. હલકા મનના પશ્ચિમના લોકોને એ કારણોથી તેમની અદેખાઇ આવે. તેઓ

કહે છે કે આ ચીની લોકો ધંધાની કીંમત ઘણી હલકી કરી નાખે છે. તે ઘણા હલકા સ્વભાવના, મેલા, અને ખરાબ નીતીના હોવાથી અહી આવીને અમારી નીતિ બગાડે છે વગેરે વગેરે ચીનાઓમાં લગારે સદ્‌ગુણ નથી અને તે માત્ર અવગુણની ખાણ હોવાથી તેમનો સ્પર્શ કે સહવાસ હોવાથી આપણી નીતિ બગડશે એમ ઘણા પશ્ચાત લોકોને લાગે છે. એને લીધે તેઓ માંહેના કેટલાએક દુષ્ટ સ્વભાવના માણસો ચીનાઓ ઉપર ઘાડ વેર રાખે છે, તેઓ પોતાનાથી થાય તેટલું કરીને ચીનાઓને સંતાપે છે, કોઇ તેમના ઘરબાર લુટે છે, કોઇ તેમની કતલ કરે છે. કોઇ તેમના વિષે ખોટા વિચારો પોતાના જાતભાઇઓમાં ભરવાનો ઉદ્યોગ કરે છે બે વરસ પેહેલાં કેટલાએક નીચ નજરના માણસોએ ઉત્તર સંસ્થાનમાં રેહેનારાં ચીનાઓની ઘણીજ દુરાવસ્થા કરીને કેટલાકને જીવથી મારી નાંખ્યા. તથાપિ અહીં એવા બધાજ અનાડી છે એમ નથી. કેટલાક સમજણવાળાઓએ છે તે ગરીબ નિરૂપદ્રવી ચીનાઓની દયા લાવીને બને છે તેટલું તેમનું કલ્યાણ કરે છે. કેટલાએક શોધક અનુભવી ગ્રંથકારોએ પુસ્તકો અને નિબંધો લખીને ચીના લોકો બીલકુલ નઠારા નથી, પણ તેમાં કેટલાએક ગુણ પણ છે એમ સિદ્ધ કરી દેખાડયું છે. અને કેટલીએક ચીનાઓના કલ્યાણ સારૂ મંડળીઓએ સ્થાપન થઇ છે.

આયરિશ, જર્મન, સ્કાંડિનેવિયન, ઇટાલિયન, રશિયન, ઇત્યાદિ જાતિના લોકો પોતાના દેશની રાજ્યસત્તાના જૂલમથી અથવા દરિદ્રતાથી કંટાળીને આણીમેર આવે છે. તેનોએ બંણાબરાને

ઘણો દ્વેષ આવે છે, તથાપિ તે ચીનાઓ જેટલા છેકજ અળખા-
મણા લાગતા નથી. કેમકે તેમની ચામડીનો રંગ અને આકૃતિ
આ ઈંગ્રેજી લાલાશ રંગ અને આકૃતિ સાથે ઘણાંખરાં મળતાં
છે. એકબીજા ઉપર દોષારોપ મૂકવાની ટેવ તેઓમાં છે. રાજ્યમાં
કંઈ ફિસાદ થયો એટલે કોઈ કહે છે કે આનું મૂળ કારણ આ
આયરિશ લોક છે દેશમાં મદ્યાદિક માદક પદાર્થની મોટી રેલછેલ
ઉડતી જોઈ કોઈ કહે છે. એનું કારણ આ જર્મન લોકો છે હો! કેમકે
એઓ બહુ પીએલ છે. અનીતિનો ફેલાવો નજરે પડતાંજ તે
એનો અકોહડો ચીનાઓના માથા ઉપરજ પડવાનો. જો કોઈ
ભાંડા સ્વભાવનો અધિકારી ચુંટાઈ ગયો તો હબશી જાતના લોકો
એ લાંચ લઈને પોતાના મતો આપ્યાથી આવો અધિકારી આ-
પણે નશીબે આવ્યાની બુમો પડી રહે છે. એવા જૂદીજૂદી ત-
રેહના જાતિ મત્સરો દીઠામાં આવે છે. તેનું કારણ એકબીજા વિષે
અજાણતા અને અજ્ઞાન મૂલક ખોટી સમજણ વિના બીજું કશું
એ નથી.

યુનાઇટેડ સ્ટેટસના સર્વ સાધારણ લોકોમાં એવો જાતિભેદ
અને જાતિ મત્સર માલમ પડે છે એ આ દેશના સંપ તથા સં-
પત્તિને મહાઘાતક છે એવું સમજીને ઘણા સમજુ માણસો તેનો
નાશ કરવાને મથે છે ઘણાએક સજ્જન નિગ્રો, ઈંડિયન, ચીના
વગેરે અતિશય તિરસ્કૃત માણસોને તે પોતાનાં જેવાંજ માણસો
છે એમ સમજે છે, એટલુંજ નહીં પણ આપણા જેવી કેળવણી-
ભણતર તેમને હોય તો તે સર્વ વાતમાં આપણી બરાબરી કરી શકે,
એવી આ સજ્જનોની ખાત્રી થઈ છે તથાપિ એકવાર પડી ગએલી

ચાલનો નાશ કરવાનું કામ રહેલું નથી. નિગ્રો વગેરે અગોર જાતો કનિષ્ટ પ્રતીની છે એવી સમજણ જાણે તેમના શરીરમાં જડાઇ જ ગઈ છે તોય અહીંનો જાતિભેદ અને જાતિ મત્સરને હિંદુસ્તાન માંહેલા જાતિભેદને દરજ્જે જઇ પહોંચવાનો ડર મુદ્દલે નથી. દહાડે દહાડે જેમ સુધારાની વૃદ્ધિ થતી જાય છે અને લોકોમાં જ્ઞાનનો વધારો થતો જાય છે, તેમ તેમ આ અજ્ઞાનરૂપિ જાતિ મત્સરનો નાશ થતો જાય છે. ધર્મ નીતિના અને વિદ્યાના દેશ હિતૈષી ઉપદેશકો નાના છોકરાને નિશાળમાં અને મોટાં માણસોને ધર્મસમાજમાં વાક્ય અને કરણીથી સદુપદેશ આપીને એકબીજા સાથે હળીમળીને ચાલીને તથા સર્વને સમાન ગણવામાંજ આપણું પોતાને તથા દેશને ફાયદો છે એવું તેમના મનમાં ઠસાવી દે છે તેથી દહાડે દહાડે જાતિભેદ અને જાતિ મત્સર ઓછો થઇને લોકોમાં પરસ્પર પ્રીતિ, સૌજન્ય અને સન્માન વધતું જાય છે. દક્ષિણના સંસ્થાનોમાં જ્યાં સર્વ સાધારણ લોકો હબસીને ગધેડાં જેવા અથવા તો પશુ જેવા ગણતા હતા ત્યાંએ વખત પ્રમાણે ચાલ રીત અને સમજ બદલાવા માંડી છે. પચીસ વરસ પેહેલાં કાળા અને ગોરા માણસો એક પંકતીએ બેશીને જમતા નહીં, એ ટલુંજ નહીં પણ હબશીને ગોરાની સાથે એકજ ડબામાં બેશીને મુસાફરી કરવાની પરવાનગી નહોતી. હવે હબશીઓ આગ માણસની સાથેજ ઘોડીની ગાડીમાં કે આગગાડીમાં બેશીને પ્રવાસ કરવા લાગ્યા છે. ગાડીમાં ઘણી ભીડ હોય અને એવામાં એકાદી હબશણ આવી પહોંચી તો શિષ્ટ ગોરો માણસ પોતે ઉઠીને તેને બેશવાની જગા કરી આપવામાં પોતાનું અપમાન થએલું સમજતો

નથી. કોઈ કોઈવાર આગગાડીના સ્ટેશન માંહેલા ભોજનગૃહમાં લોકોની ઘણી ભીડ હોયને બીજે કોઈ ઠેકાણે ખાલી જગા ન હોય તો કોઈ કાળા માણસનેએ ગોરાની સાથે જમવા બેસાડવામાં આવે છે.

સ્વભાવ.

સાધારણ રીતે અમેરિકન લોકોમાં જે ગુણ દીઠામાં આવે છે, તે એકંદર રીતે ઘણા સારા અને અનુકરણ કરવા જેવા છે એ લોક ઘણું કરીને સાચાબોલા તથા ધર્મનું સન્માન રાખનારા છે, તથાપિ ઘણાજ ધાર્મિક અથવા સત્યશીલ નથી. તેઓ પોતાનાં છોકરાં ઉપર ઘણું હેત રાખે છે. વળી પોતાના માબાપ ઉપર પણ તેમની ઘણી પ્રીતિ હોય છે. છોકરાનાં મા બાપો પોતાના ફરજંદોના હિત અને ઉન્નતિ થાય વાસ્તે ઘણી કાળજી અને શ્રમ લે છે. છોકરાંઓને ઉપયોગી વિદ્યાની કેળવણી મળવા માટે ગમે તેટલા પૈસા ખરચવાને અને પરિશ્રમ કરવાને પાછા હઠતા નથી. છોકરાં ઉપર જરૂર કરતાં વધારે સત્તા ચલાવીને તેમની સ્વતંત્રતાનું હરણ કરતાં નથી. તોય છોકરાં મા બાપનું યોગ્ય સન્માન કરવામાં ઊણું પડવા દેતા નથી છોકરા અને વિશેષ કરીને છોકરીઓ પોતાના મા બાપની સેવા કરીને તેનો અનુગ્રહ મેળવવાને ઘણાંજ ઉત્સુક હોય છે. મેં એવાં ઘણાં ઉદાહરણો દીઠાં છે કે, જ્યાં છોકરીને સારા શ્રીમંત અને વિદ્વાન તથા લાયક વરનું માંગુ આવ્યું છતાં તેને લગ્ન થવાથી આપણાં ઘરડાં મા બાપને છોડીને જવું પડશે, અને તે ઘરડાં ડોસાંઓની સેવા ચાકરી કરનાર કોઇ રહેશે નહી એવી બીકથી પોતે પરણવાની

ના પાડી. ઘણી જાણીઓએ ઘણા મોટા પગારની જગા લેવાની ના કહી, એવા સ્વાર્થ ત્યાગનાં ઉદાહરણો બાઈરાંઓમાં ઘણાં દીઠામાં આવે છે. પુરૂષ કામને બહાને પોતાના મા બાપને મૂકીને દૂર જતા અટકતા નથી; અને તેમને પાસે રાખી મુકવા તથા પોતાના લાભ ખાતર છોકરાની ઉન્નતિને હરકત કરવી એ ઈન્સાફ છે એવું અમેરિકન મા બાપોને લાગતું નથી. (વિલાયતમાં અભ્યાસ કરવા સારૂ કે બીજા કંઈ કામ વાસ્તે પોતાનાં છોકરાંને જવા ન દેનારા હિંદુસ્તાનના મા બાપોએ ઉપલી વાતો ધ્યાનમાં રાખવા જેવી છે. જે અતિ પ્રીતી વડે તેમને પોતાના છોકરાં પોતાનાથી આઘા ન જાય એમ લાગે છે, તે છોકરાંની ઉન્નતિની આડે આવનારી પ્રીતિ ન હોય પણ તે એકલપેટાપણાનો એક પ્રકાર છે.) અમેરિકન માબાપો છોકરાંની નાનપણમાં ઘણી સંભાળ રાખે છે. અને તેમને ભણાવી ગણાવીને કોઈ પણ ઉદ્યોગે લગાડી આપે છે. છોકરાઓ ઉદ્યોગ કરવા જેવડા થયા પછી માત્ર તેઓ નકામું લાડ લડાવતાં નથી વીશ વરશ પેહેલાં અમેરિકન લોકોમાં છોકરાઓને માલ મત્તા વેહેંચી આપવાનો કેટલોક પ્રકાર જંગલી લોકોના જેવો હતો. તે વખતે છોકરીઓને મા બાપની માલમિલ્કતનો હિસ્સો ઘણોજ થોડો હતો. પણ હવે દાયભાગને સંબંધે યુનાઇટેડ સ્ટેટસના કાયદા ઘણે અંશે સુધરવા માંડયા છે. છોકરી અને છોકરાને પોતાની દોલત સરખે ભાગે વેહેંચી આપવાની ચાલ ઘણીજ પ્રચારમાં આવવા માંડી છે. છોકરાંને સારી કેળવણી આપીને તેને કોઈ પણ ધંધે લગાડવા સુધીની ઘણું કરીને છોકરા વિષે મા બાપની

ફરજ હોય છે. છોકરાં મોટાં થઇને પોતાનો ધંધો સભાળી લેવાને શક્તિમાન થયાં એટલે મા બાપો તેમના વિષે ઘણી ફીકર રાખતાં નથી. હમણાં હમણાં યુનાઈટેડ સ્ટેટસના લોકોમાં સ્ત્રીઓ વિષે પૂજ્ય બુદ્ધિ વધતી ચાલી છે. તેનું પ્રમાણ એજ કે પેહેલા પુરૂષો બઇરાંઓને છેકજ અજ્ઞાન અને અયોગ્ય સમજીને મરતી વખત પોતાની માલમિલકતનું તથા નાનાં છોકરાંનું સંરક્ષણ સારી રીતે થાય તે સારૂ કોઈ પણ પુરૂષને તેમના કાયદાસર વાલી અને ટ્રસ્ટી નીમતા હતા પણ હવે મોટા મોટા શ્રીમંતો અને સાધારણ પ્રતીના પુષ્કળ લોકો પોતાની ઘણીઆણી ને કે બેહેનને પોતાનાં છોકરાની તથા પોતાની માલમત્તાની રક્ષક નીમવા લાગ્યા છે. ઘણા અનુભવી અને માહિતગાર અમેરિકન લોકોના કહેવા ઉપરથી એમ જણાય છે કે, એમાં પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે નીતિમાન હોય છે. સાધારણ રીતે સ્ત્રીઓ મર્યાદ શીળ, સદ્ગુણી અને પતિવ્રતા હોય છે. પણ ઘણા પુરૂષો પત્ની વ્રત પાળવું જોઇએ તેવું પાળતા નથીએમ સાંભળવામાં આવ્યું. એકંદર રીતે અમેરિકન લોકો દયાવંત, સભ્ય, ઉદાર, નીતિમાન્, ઉદ્યોગી અને ઉન્નતિશીળ છે એવો તેમના વિષે મારો અભિપ્રાય છે.

ઋતુમાન.

અમેરિકન લોકો આંગ્લો સાકસન જાતિની રીત પ્રમાણે વરસની ચારજ ઋતુ છે એવું માને છે, માર્ચ, એપ્રિલ, અને મે, એ વસંત, જૂન, જુલાઇ અને આગષ્ટ એ ગ્રીષ્મ, સપ્ટેંબર, અકટોબર અને નવેંબર એ હેમંત; અને ડિસેંબર, જાનેવારી અને

ફેબ્રુઆરીએ શિશિર. આ ચાર ઋતુમાં જમીનની સ્થિતિની તથા ઉષ્ણ શિતાદિ ગુણોની જેવી ઉલટ પાલટ થાય છે, તેજ પ્રમાણે લોકોના પેહેરવેશની, ઉત્સવોની, ઘરના રાચ રચીલાની અને ખાવાપિવાના પદાર્થનીએ ફેરબદલી થયલી જોવામાં આવે છે. દરેક ઋતુને આરંભ ઋતુને શોભનારા અને તેમાં અવશ્ય લાગનારા પદાર્થોનો દુકાનોમાં મોટો ભરગાજો હોય છે. વર્તમાનપત્રો, જૂનાં ઘરની પડેલી ભીંતો, વકીલોની ખૂણાઓ, અને દુકાનોની કેટલીએક બારીઓ જૂદા જૂદા પ્રકારની જાહેર ખબરથી ભરેલી હોય છે. આગગાડીનાં સ્ટેશનો અને ટ્રામ, ગાડીઓની છતો તથા પાસેની બારીઓને મથાળે નાના પ્રકારની જાહેર ખબરો ચોહોડેલી હોય છે અહીંના લોકોની જાહેર ખબર આપવાની છટા, અને લોકોના ગજવામાંથી પૈસા કઢાવાની યુક્તિ ઉત્તમ પ્રકારે સાધ્ય થએલાં છે. એકાદ પદાર્થ તરફ લોકોનાં મન ખેંચવા સારૂ તે વિષે કવિતા કરીને છાપે છે, રસીલી વાતો લખે છે, અથવા ઘણા ભભુકાદાર રંગના અક્ષરોથી તેનાં ફકત નામજ કાગળ ઉપર લખીને તે ભિંતો ઉપર ચોંટાડે છે વાડ ચોડેલાં લાકડાં ઉપર બારીઓમાં, ઘરના નળીઆં ઉપર અને ઝાડો ઉપર તેના નામ લખીને ચોહોડે છે. જાહેર ખબર આપવામાં પુષ્કળ ઘણો ખરચ થાય છે પણ તેથી નફો પણ થાય છે. હુ ફિલાડેલ્ફિયામાં આવી પહોંચી તે રાત્રે પ્રથમ અહીંની જાહેર ખબરનો નમુનો મારી નજરે પડયો. હું સાર્વજનિક ઘોડાગાડીમાં બેશીને જતી હતી ત્યારે મારી સામેની બારીને મથાળે મોટા અક્ષરથી છાપીને ચોડેલો કાગળ હતો તે ઉપરનું પેહેલું

વાક્ય વાંચીને જોયું તે આ પ્રમાણે—"જે પોતે પોતાને મદદ કરે છે તેને ઇશ્વર મદદ કરે છે." ‡ એ વાક્ય વાંચીને મેં મારા મનમાં કહ્યું "આહાહા! આ દેશના લોક કેટલા નીતિમાન હશે યાર! રસ્તામાં જતાં આવતાંએ પણ લોકોને સારી વાત યાદ આવે ને નીતિની અભિરૂચિ લાગે વાસ્તે આવાં નીતિમાન વાક્યો લખીને સર્વ લોકો વાંચી શકે એવા હેતુથી આવી જગ્યાએ મુકેલાં હશે." તેજ ડિંગ પત્ર ઉપરનું બીજું વાક્ય વાંચ્યું ત્યારે એ મારા વિચારના ખરાપણા વિષે લગાર સંશય ઉત્પન્ન થયો તે વાક્ય આ—"સપોલિયો" (એ નામનો સાબુ) પોતાને મદદ કરી લેવાનું ઉત્તમ સાધન છે!" વર્તમાન પત્રો અને માસિક પુસ્તકોની જાહેર ખબરમાં સપોલિયો જેવા સેંકડો પદાર્થ વિષે ઘણાં ચટકદાર પદો, અને પ્રેમિઓનો સંવાદ અને ઘણી ગમતની વાતો લખેલી હોય છે. †

---

‡ "પ્રયત્ને પરમેશ્વર" એ ઉપલા વાક્યનું રૂપાનતર છે.

† અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે તે એ કે અહીંના વર્તમાનપત્રોમાં અને જાહેર જગાઓમાં ભૂંડી અને બિભત્સ વાતો વિષે જાહેર ખબર આપવાની કોઇને છુટ નથી. આપણા દેશમાં એવો કશો બંદોબસ્ત નથી એ મોટી દલગીરીની વાત છે આપણાં વર્તમાન પત્રો ઘણી અવાચ્ય (ઉ. ધાતુ પૌષ્ટિક ગોળીઓની જાહેર ખબર જુવો) જાહેર ખબરથી ભરેલી હોય છે તેને વાસ્તે સઘળાએ સરમાવું જોઇએ. મોટા પ્રસિદ્ધ વર્તમાનપત્રના કર્તા સંભાવિત ગૃહસ્થો પોતાના પત્રમાં એવી ખ

દરેક ઋતુને આરંભે નવો પોષાક પેહેરવાની અને ઘર માં હેની ચીજ વસ્તુ ઉલટપાલટ કરીને વ્યવસ્થા કરવાની ધમાલ ચાલી રહેલી હોય છે. નાની મોટી દુકાનોમાંથી સામાન વેચાતો લેવાને આવેલાં બૈરાંની ગર્દી થઇ રહેલી હોય છે અહીઆં બઇરાં-જ ઘરમાં જોયતો સામાન ખરીદ કરી લાવે છે. દુકાનોમાંથી ભાવ કરવાની ઘણી ચાલ નથી ઘણા ખરા સર્વ પદાર્થોની કિંમત ઠરાવેલી હોય છે. તે મુજબ વેચાય છે. પણ અહીં ભાવને બદલે બીજુ એક એવું દુઃખ દુકાનદારોને નશીબે ચોંટેલુ હોય છે, તે કયું એમ પુછશો તો કહું છું કે માલ પસંદ કરવાનું તે છે. કોઇ પણ માલની સારી પરીક્ષા કર્યા વિના લેવો ન જોઇએ એ વાત ખરી તોય એકાદ નાની સુની ચીજ માટે તે વેચનારને પચીશ પચાસ ફેરા ખવડાવવા, બારતેર તાકાની ઘડીઓ ઉકેલાવવી, અને સન્તર દુકાને ભટકવું એમાં વેચનાર અને ખરીદદાર બનેને ફાયદો નથી. પણ કંટાળી જઇને વખત ફોગટ ગુમાવવા

રાગ જાહેર ખબરો દાખલ કરે છે એ જોઇને સખેદાશ્ચર્ય લાગે છે એ વર્તમાનપત્રો કુલવાન સ્ત્રીઓ અને કુમળાં બાળકોના જોવામાં ને વાંચવામાં આવે છે. વિશુદ્ધ મનના પુરૂષોના વાચવામાં પણ તે આવે છે, તેને લીધે કેટલા સજનોનાં મન ખિન્ન અને કેટલાં બાળકોનાં મન દુષિત થતાં હશે તેનો સુમાર કહાડવો કઠણ છે આપણા દેશ માંહેલાં નીતિમાન માણસો એનો બંદોબસ્ત કેમ નહીં કરતાં હોય આપણી મોટા મોટા નામવાળી નીતિ પ્રસારક મંડળીઓ શું કરે છે ? વર્તમાનપત્ર કર્તા જેવા લોકહીત

માં આવે છે. એ વિના લોકોને પણ તેથી હરકત થાય. છે. આ દેશના દુકાનદારો તથા તેના ગુમાસ્તા અને ગુમાસ્તિણને તકીઆ સાથે કે ભિંત સાથે અઠીંગીને બેશીને માલ વેચવાનો નથી દુકાનો માંહેલા માલના કબાટો અને કડેરાની આગલી બાજુએ એક ઉચું ટેકણ હોય છે. તેની પાસે ઉભા રહીને તેઓને માલ વેચવાનું કામ કરવું પડે છે. જે પુષ્કળ બઇરાંઓ દુકાનમાં ચાકરીએ રહે છે તેમને કોઈ કોઈવાર દશ દશ કલાક સુધી બેસવાનુ મળતું નથી એવે ઠેકાણે જઇને નાના સુના જહાંગેરને વાસ્તે તે બાઇ પાસે પચાસ ફેરા ખવડાવવા એ કેટલું ખોટું અને ત્રાસદાયક છે, તે ઘણા જણાંના ખ્યાલમાંએ આવતું નથી તેહેવાર અને વરસગાંઠને દહાડે મિત્રો અને સગાં વહાલાંને કંઇ પરાર્થ ભેટ આપવાની ચાલ છે. તેહેવારના દિવસોમાં સઘળી દુકાનો સારા સારા માલથી ભરપુર હોય છે.

કરવાનું બાનું રાખનાર ગૃહસ્થો–તેમાંનાએ પરમધાર્મિક અને સંભાવિત ગણાનારાઓએ એવી જાહેર ખબરોને પોતાના પત્રમાં જગા આપીને, અલ્પજ્ઞ બાળકોના મન ઉપર માઠી વાતોની અસર કરનારી તથા આપણા ભાવી વંશાંકુરધરને અનીતિની વાતોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરાવીને તેના નાશનો માર્ગ ખુલ્લો કરી આપવો એ કેટલું લાછનારપદ છે વારૂ ? તેમણે એકાદો સરકારી કાયદો થઇને તેની જાળમાં સપડાવા પેહેલાં પોતાની મેળેજ પોતાના પત્રમાં ભૂંડી જાહેર ખબરો અને અવાચ્ય શબ્દોને જગા ન આપવી એવો ઠરાવ કરીને તે પ્રમાણેનું આચ

ઉન્હાળો.

સર્વ ઋતુઓમાં વસંત ઋતુ શ્રેષ્ઠ માનેલી છે. (એનું સંક્ષેપ વર્ણન અગાડી એક ઠેકાણે આપેલું છે) ઈ૦ સ૦ ૧૮૮૬ ના માર્ચ મહિનામાં હું અમેરિકાના સંયુકત સંસ્થાનમાં પહોંચી ત્યારે શિઆળો ઊતરીને વસંતઋતુનો પ્રારંભ થયો હતો. તેને લીધે ત્યાંની ટાઢનું ખરૂં સ્વરૂપ મારા દીઠામાં આવ્યું નહી. માર્ચ મહિનાના છેલ્લા બાગમાંથી તે આખા એપ્રીલ માસમાં ઘણીવાર વરસાદ આવે છે. અને કોઇ કોઇ વાર બરફ વરસે છે. મે મહિનાથી સપ્તેંબર મહિના સુધી અત્રે સખત ગરમી પડે છે. કોઇ કોઇ વારનો પારો એકસો દશ અંશ સુધી ચડે છે પણ એવા દિવસ ઘણાજ થોડા. સાધારણ ઉન્હાળાના દહાડામાં આસરે હેંસીથી પંચાસી અંશ સુધી ગરમી પડે છે. અત્રે ઘરો અને તેમાંની બધી ગોઠવણ શિઆળાને માટે કરેલી હોવાથી આપણા ત્યાંના ઉન્હાળા કરતાં અહીંની એ મોસમ ઘણી સખત લાગે છે એ વગર આ લોકોના રીત રીવાજ

રણ કરીને દેખાડવાથી સરકાર પાસે દરેક વાત વિષે કાયદા માગવા વિરૂદ્ધ લોકોને ઉપદેશ કર્યાનું કંઈ પણ સાર્થક થશે.

નિર્ણય સાગર પ્રેસના માલિક સ્વર્ગવાશી જાવજી દાદાજી એ પોતાના પ્રેસમાં એવા નીતિ ભ્રષ્ટ શબ્દોવાળું લખાણ નહી છાપવાનો ઠરાવ કર્યો હતો અને તેજ પ્રમાણે તેનું વર્તન હતું એવી અમારી પોતાની અને તેમાંથી નીકળનાર પુસ્તક વાંચનારની ખાત્રી છે બા. કર્તા.

આપણાથી કેવળ જૂદા હોવાથી અમને ઘણી અડચણ પડતી હતી.

ફિલાડેલ્ફિયા શેહેરમાં હું જે બાઈના ઘરમાં ભાડે રહી હતી ત્યાં એક રમુજી વાત બની ગઈ. હું ત્રીજે માળે મારી ઓરડીમાં હોઉં અને ત્યાં ગમે તે કરૂં તો કોઈ તેમાં અટકાવ કરતું નથી એ વાત ખરી; તથાપિ જમવા ખાવાની વખતે હેઠળ ચાર માણસોમાં જતાં મારે ઘણી સાવધગીરીથી ચાલવું પડતું. એક દિવસે ... માસમાં પવન બંધ થઈ જઇને ઘણો ઉખાળો થનો હતો. ત્યારે બપોર પછી જ્યાં ત્યાં ઘરમાં ચુપકી પથરાઈ હતી તેથી મેં રોજના જેવી સાવધગીરી ન રાખતાં રસોડામાંથી પવાલું પાણી આણવાને સારૂ હું અડવે પગે હેઠે ગઈ. કર્મ ધર્મ સંયોગે જે વાત ન થવી જોઇએ તે આ વેળાએ બની. હું પાણી લઇને માળ ઉપર જાઉં છું એટલામાં વૃદ્ધ ડાક્ટર બ—મારી સામે આવી લાગ્યા! પછી પૂછવુંજ શું! મારા અડવા પગ જોઇને તે બિચારા બુઢાના મનમાં ગમે તે લાગ્યું હોય, પણ તેનું મોઢું છેક ઉતરી જઇને એકાદા ભયભીત થએલા અથવા કંઇ નિર્લજ્જપણાનું આચરણ જોઈ સાશ્ચર્યથી ડીંગ થએલા માણસની પેઠે તેનો ચેહેરો જણાવા લાગ્યો. તેથી હું તેના મોઢા ભણી વધારે વાર ન જોતાં મારી ઓરડી ભણી સરકી ગઇ!

બે ત્રણ ઘડી પછી હું બેઠી બેઠી કંઇ વાંચતી હતી, ઉપર કહેલો બનાવ મારા ધ્યાનમાંથી ખસવા માંડ્યો હતો એટલામાં કોઇએ મારી ઓરડીનું કમાડ ઠોક્યું એટલે મેં કહ્યું "અંદર આવો."

એમ કહેતાંજ એક બારેક વરસનો છોકરો બારણાં ઉઘાડી-ને અંદર આવ્યો. એ છોકરો અમારા વૃદ્ધ ડા. બ-નો દોહિત્ર હતો તે મને એક નાની ચીઠી આપીને ચાલ્યો ગયો. મેં તે ચીઠી ઉઘાડીને વાંચી તેમાં આ પ્રમાણે લખેલું હતું.

"તમારા દેશમાં સઘળાંએ મોજા કે જોડા પેહેર્યા વગર જ્યાં ત્યાં ખુલ્લે પગે જવા આવવાની ચાલ છે, તે હું જાણું છું પણ અમારા દેશમાં તેમ કરવાનું મર્યાદાશીલપણું મનાતું નથી. તમને ખુલ્લે પગે ચાલતા જોઈ મારા કુટુંબના માણસોને સખે-દાશ્ચર્ય લાગે છે. તમે હવે આવો ત્યારે પગમાં મોજા કે જોડા પેહેરીને આવવાની મેહેરબાની કરવી"

તમારી બેહેનપણી **મિસેસબ.**+

એ પછી મેં આ દેશમાં રહું ત્યાં સુધી કદીએ ઉઘાડે પગે કોઈની સામા જવાનો અપરાધ ન કરવાનો ઠરાવ કર્યો.

ઉન્હાળામાં આપણા દેશની પેઠે અહીંઆ એ માંખો, મગતરાં, ઇત્યાદિ જંતુઓ ઉભરાઇ ઉડે છે. ન્યુજર્સી સંસ્થાનમાં ડાંસ આપણા મિરજાપુર અને કલકત્તાના ડાંસ કરતાં કોઇપણ રીતે ઉતરતા નથી. ચિકાગો શેહેરની પાસે મિચિગન સરોવર

+ મારા આ દેશમાં આવ્યા પછી મીસેસ-બ-નો એક પત્ર મારા ઊપર આવ્યો હતો. તેમાં તેણે મને હવે તમે જોડા પેહેરો છો કે નહીં એમ પૂછ્યું છે.

ઉપર "લેક્મ્સેક" નામનું ગ્રીષ્મ વિહાર છે. ‡ ત્યાં મારે ત્રણ ચાર દિવસ રહેવું પડ્યું. આખો દહાડો અને રાતના પેહેલા ત્રણ પહોર ઉકળાટતો કહે મારૂં કામ અને વાયરાનુંતો નામજ નહીં, તેમાં વળી ડાંશે જે પ્રલય માંડ્યો હતો તે અવધીજ સને ૧૮૮૨માં આસામ પ્રાંત છોડ્યા પછી અંધકુપ નર્કનાં દર્શન મને થયાં નહોતાં તે સને ૧૮૮૭ના વરસમાં મિચિગન સરોવરને તીરે ફરીથી થયાં. શ્રીમદ્ ભાગવતના પાંચમાં સ્કંધમાં આ નરકનું વર્ણન એવું કરેલું છે કે, "જે કોઇ માણસ મચ્છરાદિ કીટકને દુઃખ દે છે તેને આ નરકમાં નાખે છે. ત્યાં અંધારામાં પડીને તે માણસને લગારે ઉંઘ આવતી નથી, અને વિશ્રાંતિએ મળતી નથી. ડાંસ, મચ્છર, માંખો અને માંકણ ઇત્યાદિ જે પ્રાણીને તેને દુઃખ દીધું હતું તે કરડી કરડીને પોતાનું વેર લે છે." આ નરકના દર્શન કરવાની જેની મરજી હોય તેમણે મીર્ઝાપુર, કલકત્તા, આસામ વગેરે પ્રાંતોમાં જવું. આપણો મહારાષ્ટ્રીય દેશ એ ગુણમાં હિંદુસ્તાનના બીજા પ્રાંતોથી ઉતરતો છે એમ તો નથી ઘણા દિવસ પછી અમેરિકા જેવા પારકા દેશમાં આ અમારા જુના સગાં વહાલાની મુલાકાત થઇ, ત્યારે જ મને તેમની ખરી યોગ્યતા જણાઈ આવી. "रुधिरादानादुदितं दुनोति कर्णै क्षगन् मशकः? !" એ કવિ ઉક્તિનો અ

‡ ઉન્હાળામાં હવા બદલવા સારૂ અથવા વિશ્રાંતિ સેવા સારૂ જ્યાં લોકો જાય છે તે જગા, જેવું કે, સિમલા, મહાબળેશ્વર, માથેરાન, તિથલ, હજીરા વગેરે સ્થળો.

થું મને એની પેહેલાં સ્પષ્ટ રીતે કદીએ સમજાયો નહોતો. માંખ વગેરે જંતુઓનો જો કે આ દેશમાં એવો ઉપદ્રવ છે ખરો, તોય અમેરિકાના શાહાણા લોકો તેનો નાશ કરવાની ઘણી તદ્બીરો કરીને પોતાનો બચાવ કરે છે. ઉન્હાળાની શરૂઆત થઇ એટલે ઘરનાં બારણાં બારીઓને તારનાં કમાડ બનાવીને જડે છે. તેથી ઘરમાં માંખી મગતરાં પેસતાં ઘણું ખરું બંધ પડે છે. એ મહિનાના સુમારમાં જનાહિની અને દાદર ઉપરની સેતરંજીઓ, સાદડીઓ અને ગલીચા વગેરે કહાડીને ધોઈ નાખતા તથા ઘર અને દાદરો વાળી ઝાડી સાફ કરીને ભિંતોને નવા કાગળો ચોડવાની જ્યાં ત્યાં ધમાલ ચાલી રહેલી હોય છે.

જુન, જુલાઈ અને આગષ્ટ એ ત્રણ મહિનામાં વિદ્યાખાનાં માંહેલા સર્વ માણસોને છુટી મળે છે. અને ઘણા સરકારી કામદારોને ઉન્હાળામાં કેટલાએક દિવસ છુટી મળે છે. ઉદ્યોગી લોકો પણ આ દહાડામાં કેટલોક વખત વિશ્રાંતિ લે છે. ગર્ભશ્રીમંત નિરૂદ્યોગી માણસોને તો આખું વરસજ છુટી હોય છે, તેમને પણ આ દિવસોમાં ઘર છોડીને કોઈ પણ ઠેકાણે હવાખાવા જવાનું મન થાય છે. છુટીનાં દિવસોમાં જેની પાસે થોડાઘણા પૈસા હોય છે તે લોકો પોતાના કુટુંબ સાથે કે એકલાજ આજુબાજુ નજીકમાં કે આઘેના કોઈ ગ્રીષ્મ વિહારમાં જઈ રહીને ચાર દહાડા ત્યાંની ગમત ભોગવે છે. આ ગ્રીષ્મવિહારમાં જઇને રહેવાનો મુખ્ય હેતુ કેટલાક દહાડા કામકાજ અને સંસાર ચિંતાને એક બાજુ ઉપર મુકીને વિશ્રાંતી લેવાનો છે. તથાપિ બીજા કેટલાએક સારા હેતુથી પડેલા ચાલોની પેઠે એ ચાલપણ એક જાતનો જુલમીજ

થઈ પડયો છે, એમ કહ્યા વગર રેહેવાતું નથી. આ વિહાર સ્થ-ળમાં વિશ્રાંતિ તો મૂળેજ દેખાતી નથી. એને એક જાતના મેળાનું નામ શોભે છે, સારગોટા, કેપમે, નિયાગરા, શટોકવા, લેકમ્લેક, ઇત્યાદિ રમણીય અને પ્રખ્યાત સ્થળોમાં આ ઉન્હાળાના ત્રણ મહિનામાં લોકોની ઘણી ગર્દી હોય છે. જ્યાં ત્યાં "બૉલ" ગા-યન, તમાસા, ગ ૈ, અને મિજમાનીઓની રેલછેલ ઉડી રહે છે. દરેક ઠેકાણે ઉતારૂની સવડ સારુ નાની મોટી વિશીઓ હોય છે.

અમેરિકન વસતિગૃહ (વિશી)નો ઠાઠ જોઇને આપણે અચં-બો લાગ્યા વિના રહેશેજ નહીં. ચિકાગો, ન્યુયોર્ક, ફિલાડેલ્ફિયા, બોસ્ટન ઇત્યાદિ શેહેરોનાં વસતિગૃહો જાણે ઇંદ્રભુવન જેવાં છે. ચિકાગો માંહેલું "પામર હોસ" નામે એક પ્રસિદ્ધ વસતિગૃહની ઇમારત અને તેમાંના સુના રૂપા તથા બિલોરી સામાનની કિં-મત સાઠ લાખ રૂપિયાથી વધારે છે. તેમાં પંદરશેં સોળશે મા-ણસો વાસો રહી શકે છે અને તેની સેવાચાકરી કરનારા પાંચશે છશે સ્ત્રી પુરૂષો હોય છે, તે જુદાંજ. એ વિશીને લગતું એક ગાડીખાતું છે તેમાં ચારસેં પાંચસે ઘોડા છે, બસે અઢીસે ગાડી-ઓ, તથા બગીચો, ગાડીવાન, હલકારા અને સિપાઇ કેટલા છે તેની સંખ્યા અને તેના પગાર વગેરેની ગણત્રી કરતાં આપણને નવાઈ લાગે છ. એવાં વસતિગૃહો આ દેશમાં ઘણાં છે. શ્રીમંત અને મધ્યમ પ્રતિના લોકો આવી વિશીઓમાં રહે છે ત્યાં હમેશ રહે-વાથી કોઇને સુખ કે વિશ્રાંતિ મળે છે, એમ તો સુદલે નથી પણ ગમે તે કરીને આપણું નામ એકવાર વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થાય એટલા માટેજ ઘણા લોકો પોતાના ગજા કરતાં વધારે ખરચ ક-

રીને નિદાન એક અઠવાડિયા સુધીએ કોઈ પ્રખ્યાત વિશામાં જઈ રહે છે. ધન્ય માણસની મહત્વત્રાકાંક્ષાને ! ઉપર કહેલા પ્રકારનાં વસતિગૃહમાં રહેનારને દરરોજ એક માણસને ઓછામાં ઓછા ત્રણ ચાર ડાલર ખરચ થાય છે. સાધારણ ઓરડીનું ભાડું પાંચ છ ડૉલર અને ઉત્તમ ઓરડીનું ભાડું દશેક ડાલર હોય છે. એ વગર લુગડાંની ધોળાઈ અને ગાડી વગેરેનો ખરચ થાય છે તે જૂદોજ.

ચિકાગો શેહેરમાં રહેનારી એક મારી બેનપણીએ મને સારા ટોગામાં આવીને એક અઠવાડિયા સુધી પોતાની જોડે રહેવા આગ્રહ કર્યો; તેથી સને ૧૮૮૭ના આગષ્ટ મહિનામાં હુ તેની જોડે ત્યાં ગઇ. સારટોગા ખરેખરૂં ઘણું રમણિય તથા તેની આજુ બાજુનો દેખાવ અતિ સુંદર છે. ત્યાં ઘણા શ્રીમંત લોકોના બંગલા અને સુંદર વાડીઓ છે. ત્યાં આવી રહેલા લોકોના મનરંજનને સારૂ દરરોજ બપોરે બાગમાં મધુર વાજું વાગે છે. હજારો બાઇરાં, પુરૂષો અને ગભરૂ છોકરાંઓ ઉત્તમ શૃંગાર સજીને હવા ખાવા અને ગમત મેળવવા બહાર આવે છે. સારા ટોગામાં પાણીના કેટલાએક ચમત્કારિક ઝરા છે તેના તરેહવાર ધાતુ મિશ્રિત પાણીનો સ્વાદ સોડાવાટર જેવાં વિલક્ષણ હોય છે. તે ઝરાનું પાણી ઘણુ ગુણકારી કહેવાય છે. અજીર્ણ, ક્ષય, દમ ઇત્યાદિ ગમે તે રોગ એ ઝરાનાં પાણીથી સારાં થયાં છે. આપણા ત્યાંના એક ધનવાન માણસને દરરોજ ગંગાજીના પાણી વગર બીજું પાણી ન પીવાનો નેમ હતો. તેથી તે પોતાની ન્ાતમાં પુષ્કળ બ્રાહ્મણ ચાકર રાખીને

પોતાને જોઈતું ગંગાજળ સેંકડો ગાઉ ઉપરથી મંગાવતો હતો એમ સાંભળવામાં આવે છે. અમેરિકાના ધનવાન અને નખરાંખોર માણસો સારાટોગા વગેરેના ઝરાનું પાણી સેંકડો ગાઉ ઉપરથી અણાવીને તે વાપરે છે. પણ જેમ ગંગાકાંઠે રહેનાર માણસ તે નદી હલકી ગણીને બીજા કોઇ પુન્યકાર્યક નદીનું સ્નાન કરવા સારૂ જાત્રાએ જાય છે તે પ્રમાણે સારાટોગા પાસે રહેનારા નખરાંખોર લોકો ત્યાંના પાણીનું મહત્વ ન લાગીને તુર્કી જર્મની ઇત્યાદિ દૂરના દેશોનું નામીચું પાણી મંગાવીને પીએ છે. સારાટોગાના ઝરાનું પાણી પીનારાઓને અજીર્ણ, ક્ષયરોગ, અથવા લોહીવિકાર થતો નથી એમ તો નથીજ; તથાપિ એકાદ વાતનું કોઇએ થોડું એક માહાત્મ વધાર્યું કે હજારો માણસો તેની પાછળ તુનતુની વગાડી ને તે મહત્વ ગાવા મંડે છે, મતલબ કે ગત નું ગતિકતા સર્વત્ર છે.

સારાટોગામાં હતી ત્યારે એક દહાડો સવારે નાસ્તો કરવાની પેહેલાંજ મારી ચિકાગોવાળી બેહેનપણી મને હવા ખાવાને તેડી ગઇ. તે દહાડો ઘણું શાંત અને પ્રસન્ન છતાં સવારે ઓસ પડેલો હોવાથી બાગમાં સર્વ ઠેકાણે લીલી વરીઆળીના જેવો દેખાવ થઇ રહ્યો હતો. બાગમાં ફરતાં ફરતાં અમે એક ઝરાના કાંઠા ઉપર આવી પહોંચ્યા તેની આજૂ બાજૂ દોઢ હાથ ઉંચી ભિંત ચારેમેર બાંધી લીધેલી અને અંદર જવા સારૂ એક બારણું હતું અને તે બારણામાં એક છોકરો બેઠેલો હતો. દરેક માણસ પાસે ત્રણ આના બાકુ લઇને અમને વાડામાં દાખલ કર્યા. ત્યાં ઘણા બાયડા બાઇરાં અને છોકરાંઓ દરેક પ્યાલા પાણીના

બે આના આપીને તે પીને ઓડકાર ખાતા હતા. મારી બેનપણી- એ બે પવાલાં પાણી પીને મને પીવાને કહ્યું, તથાપિ મેં તે પાણી પીવાને ના કહી ત્યારે તે અજાયબ થઇને બોલી, " કેમ તમે આ ગુણકારી પાણી પીતાં નથી, એ પિવાથી લોહી સાફ થઇને અજીર્ણ વિકારે ઝટ સારો થશે." મેં કહ્યું, હા, બેન તે વાત ખરી, પણ એકેકો માણસોએ પોતાનાં મોઢામાં ઘાલીને પોતાના લાળથી પવિત્ર કરેલા પવાલાને ધોઇને સાફ કર્યા વિના તે વડે લોકો પાણી પીએ છે અને તેવુંજ પવિત્ર પાણી મારે ભાગે પણ આવશે. એવું ફક્ત મનમાં આવતાંની સાથેજ મારી મુરજી નાશ પામી. હવે એ તીર્થ પ્રાશન કરવાની કશીએ જરૂર નથી.

હેમંત ઋતૂ.

યુનાઇટેડ સ્ટેટસ દેશ એવો સુંદર છે કે, કોઇ પણ ઋતુ- માં તેની શોભા ઓછી થતી નથી દરેક ઋતુ પોતાના સ્વભા- વિક ગુણથી સૃષ્ટીને કોઇ પણ રીતે એકાદા વિશેષ ભૂષણથી ભૂષિત કરે છે. તથાપિ જેનામાં શિશિર ઋતુની ઘણી સખત ટાઢ અને ગ્રીષ્મ ઋતુમાં પડનારો સખત તાપ નથી એવી જે માણસ જાતને સુખ કારક હેમંત ઋતુ આવે છે ત્યારે આ દેશની સુવર્ણ ભૂમિની સુંદરતા ઘણીજ મનોહર અને અવર્ણનિય શોભાથી ભરેલો હોય છે. જ્યાં ત્યાં ઝાડનાં પાંદડાનો રંગ બદ- લાયલો હોય છે. શિશિર ઋતુના આરંભમાં ઝાડનાં બધાં પાંદડાં ખરી જાય છે. તેની પેહેલાં હેમંતની આખરના ભાગમાં જો કોઇ સૃષ્ટી સૌંદર્યનો ભોકતા આ દેશનાં જંગલમાં ફરશે, તો

તેને મારા કહેવાની ખાત્રી થશે. અહીંઆ મેપલ નામે ઝાડની ઘણી જાતો છે, તેમાં સિલ્વર મેપલ નામે એક જાત છે તેનાં પાંદડાં હેમંત ઋતુમાં લાલ સુરખ હોય છે: તેમજ બીજાંએ ઘણાં ઝાડો છે. તેના નામો હું જાણુતી નથી. એક નામના ઝાડનીએ ઘણી જાતો છે. તેનાં પાંદડાંને જુદા જુદા ઘણાં સુંદર રંગો આવે છે. ન્યુયાર્ક સંસ્થાન માંહેલા આડિરોડાક પર્વત તથા પેન્સિલ્વેનિયાના આલીધાની પર્વતની હાર ઉપરના જંગલને હેમંત ઋતુની જે શોભા આવે છે તે સવર્ણુનીય છે. ઘણાએક હોંશીલા લોકો હેમંત ઋતુની આ શોભા, જોવા સારૂજ ખાસુખાં આ પર્વતની મુસાફરી કરે છે. મને પણ કામ પ્રસંગે આ સુંદર પ્રદેશમાંથી આગગાડીમાં બેશીને જવાનું બની આવ્યું હતું. આલીધાની પર્વતમાંથી સ્કવેહાના નામની નદી વહે છે. આ નદીનો રસતો સર્પગતી જેવો છે અને તેના બંને કાંઠા ઉપર મેપલ જેવાં પુષ્કળ ઝાડો ઉગેલાં છે. તેમાં મનાકંચકથી[*] વાટર ગ્યાપ સુધી અને ત્યાંથી એ આગળ એ કેટલાએક ગાઉ સુધી તો એ વનં શોભાની પરમાવધિજ થએલી છે. ફોટોગ્રાફની કળાથી માણસની આકૃતિ આબેહુબ પાડી શકાય છે. તેજ પ્રમાણે ઝાડોને અને વનનો રંગ પડી રહે એવી એકાદ યુકતી હોત તો તે બાગની હેમંતની શોભા કેવી હોય છે તેની કલ્પના જેણે એ જોઇ નથી તેવાઓના મનમાં લાવવાને બની આવત. એમ ધા-

[*] મનાકંચક અને વાટરગ્યાપ એ બને આગગાડીના સ્ટેશનો છે.

રો કે, આપણે જાણે એક રાજાના જેવી સુંદર ગાડીમાં મખમલથી મઢેલી ખુરશી ઉપર બેશીને આ બાગમાંથી ધીમે ધીમે જાઇએ છીએ. તે દિવસે સૂરજનો પ્રકાશ નિરભ્ર છે. તો પણ એક બે નાના વાદળાં આકાશમાં ફરતાં દેખાય છે સામે, આસપાસ અને પછવાડે જ્યાં જાઇએ ત્યાં ઉંચા ઉંચા પહાડોનાં શિખરો આકાશ સાથે વાત કરતાં ઉભેલાં છે. તેના ઉપર તરેહવાર જાતના દેવદારનાં ઝાડ ઈંદ્રનીલમ જેવા પોતાના રંગથી પર્વતને જાણે નીલમેઘથી આ વરણ ઘાલીને ઢાંકે છે; તેમાં ઠેકાણે ઠેકાણે નાનાં નાનાં રત્નોની પેઠે ભૂર્ન, મેપલ, ઓક અને બીજાં ઝાડો તથા તરેહવાર વેલા અને છોડવા પોતાના પાંદડાના, રાતા, પીળા, લીલા, જાંબુડાં, અને પીળચરા એવા તરેહવાર રંગોથી તે વનભૂમિને ચિત્રવિચિત્ર કરે છે. બાજુએ પર્વતની હાર માંહેલા ડુંગરોની તળેટીમાંથી સ્ફાટિક સરખા સ્વચ્છ પાણીની નદી ખળ ખળ વહી રહી છે. તેમાં સૂર્ય કીરણના પ્રતિબિંબ પડીને તે પાણીમાં કોઇ કોઈ ઠેકાણે પીગળેલાં રૂપાનો પાટ વેહેતો હોય એવો દેખાવ નજરે પડે છે. એ દેખાવ જોતા આપણા પુરાણોમાં વર્ણવેલા મેરૂપર્વત ઉપર આવેલા નંદક અથવા પ્રદેશ ...નમાં આવ્યા છીએ એવી કલ્પના સેહેજ મનમાં આવે ‖ છ. યુનાઈટેડ સ્ટેટસનાં આબાલ વૃદ્ધ

‖ આને મળતો કંઇક દેખાવ રજપૂતાના માળવા રેલ્વેમાં મુસાફરી કરતાં ચોમાસાનો એક વરસાદ થઇ ગયા પછી એટલે આગષ્ટ માસમાં ચોરલ અને પાતાલ પાણીના સ્ટેશનોની વચ્ચે આગગાડીમાંથી દેખાય છે. બા.૧ ક.

રહેવાશીઓ એવી ઋતુ શોભા જોવાને ઘણા ઉત્સુક હોય છે. એ ઋતુમાં આ વન શોભા સિવાય બીજી એક વાત તે લોકોની ખુશીમાં વધારો કરનારી થઈ પડે છે. તે વાત તે ખેતરોની કાપણી અને ફળોની લણણી કરવાની છે. ઍપલ્ (સફરજન) અને બીજાં પુષ્કળ જાતના ફળોના ઢગલે ઢગલા ખેડુતના ઘરમાં ચારે મેર પડેલા જોઈને છોકરાંઓની ખુશીનો પાર રહેતો નથી. અને એ વેળાએ એ દરેક ખેડૂતના ઘરમાં આનંદજ આનંદ હોય છે. નવેમ્બર મહિનાની આખરે "થ્યાંકસ્ ગિવ્હિંગ્" એટલે આભાર માનવાનો તેહેવાર કરવામાં આવે છે. તે દિવસે નવાં કાપી આણેલા અનાજના કણસલાં, ભાજીપાલો અને ઘણા ફળ ફળાદિથી ભજન મંદીરો શણગારીને મધુર સ્વરથી ગીતો ગાઈને નાના મોટા સર્વ માણસો પરમેશ્વરની સ્તુતી કરે છે અને અનાજનો પાક ઉતાર્યો માટે ભકિતપૂર્વક તેનો આભાર માને છે. તે વેળાનો દેખાવ ઘણો મનોરંજક અને જોવા જોગ થઇ રહે છે. % હેમંતનો ઉત્તરનો ભાગ એટલે નવેમ્બર મહિનો અને શિશિરનો પ્રથમ ભાગ એટલે ડિસેંબર એ બે મહિનામાં આ દેશમાં પુષ્કળ વરસાદ પડે છે. એજ અહીં વર્ષાઋતુ કહીશું તો ચાલશે. એ સિવાય શિયાળામાં, વસંત ઋતુમાં અને ઉન્હાળામાંએ પણ વચે વચે વરસાદનાં માવઠાં થાય છે.

% એજ મોસમ અને મતલબના એવાજ તેહેવારે અન્નકોટ અને દેવદીવાળીના છે. બા. ક.

શિયાળો.

હહહ ! હુહુ, ઉહુહુ !! હાથપગ અકડાઈ ગયા, ડાચાં કકડવા લાગ્યાં, બોલતાં બોલતાં જીભ ચોંટી ગઇ. નદીના* પાણી ઉપર માણસો આનંદભેર ચાલવા લાગ્યાં, ઘણી ધારવાળા ચપ્પુથીએ માંખણ કાપતાં મેહેનત પડવા લાગી. દુધ પીવાનું મુકીને કોઇ કોઇવાર દુધના ગાંગડા ચાવવાનું નશીબે આવવા લાગ્યું ! એ બધો ટાઢનો પ્રભાવ. યુનાઇટેડ સ્ટેટસ જેવા મોટા દેશનું સઘળું—જ બોડું. ઉન્હાળાના દિવસમાં ઉકળાટને લીધે જીવ આકળવિકળ થઈ જાય છે. કોઇ કોઇવાર શરીરે એટલો પરસેવો પડે છે કે જાણે હમણા આખા શરીરનું પાણી થઈ જશે કે શું ? પણ એકવાર શિયાળો આવ્યો એટલે ઉન્હાળો કેવો હતો તે મુદલ કોઇ જાણે જાણતુંજ ન હોય એવું દેખાય છે. સફેદ સાદા ઝીણાં લૂગડાં જેવા સ્વપ્નાની અગત્ય કલ્પનાની પેઠે ક્યાંને ક્યાં નાશી જઇને તેની જગાએ જાડાં ઉનના ડગલા અને બદન, ધાબળી, બેવડા અસ્તરના જોડા, ચામડાના પેરણ, સુવાળા ચામડાંના અસ્તરવાળા ડગલા,* કાનઢંકી ટોપીઓ, પગના મોજાં નેહાથના મોજાં ઈત્યાદી શીતપ્રાવરણો સર્વત્ર દેખાવા માંડે છે. જેણે આ દેશમાં આવીને ઉત્તર પ્રદેશમાં રહીને શિયાળાનો પ્રભાવ જોયો નથી, તેમને અહીંની કડકડતી ટાઢની કલ્પના કરવાનેએ બનશે નહીં. ટાઢના દિવસમાં કોઇ કોઇવાર ઉષ્ણતામાપક યંત્ર માંહેલો પારો શૂન્યની* હેઠે દશકે વીશ અંશ સુધી હેઠો ઉતરે છે. નદી, ઝરા, અને તળાવો તમામ ઠરી જઇને તેમાના પાણી પથ્થરા જેવાં થઈ થાય છે.

અહીંના શેહેરીઓ અને કેટલાએક ગામડીઆ લોકો સુદ્ધાં સિવાના પાણીને ઠેકાણે બરફ કેટલો વાપરે છે, તેનો સુમાર કહાડવો કઠણ છે. શિયાળામાં નદી અને તળાવો ઠરી જાય છે ત્યારે ઉન્હાળામાં લોકોને વાપરવા સારૂ બરફ સંઘરી રાખે છે. દરેક મોટી નદી અને તળાવને કાંઠે જ્યાં માણસની ઘણી જા આવ નથી તેવી જગોએ બરફની વખારો બાંધેલી છે. આ વખારોનો આકાર ચોખુણીઆ બંગલા જેવો અને તેને બારણાં હોતાં નથી માત્ર તેના પાટીયાંની ફરેકાળની ઉપલી બાજુએ છાપરાંની પાસેજ બેચાર નાની નાની બારીઓ હોય છે. અને તે બારીઓ જોડે નિસરણીઓ મુકેલી હોય છે. પછી યોગ્ય વખત આવે નદીના ઠરી ગએલા પાત્રમાંથી આસરે ગજ લાંબા પહોળા અને હાથ દોઢ હાથ જાડાં-બરફના ચોરસાં કાપી કહાડીને તે યુકિતથી પેલી વખારોમાં લાવીને ભરે છે. ઉન્હાળાના દિવસોમાં બરફ પીગળી ન જાય માટે તજવીજથી લાકડાના વેહેરમાં દાટી દે છે કે જેથી તાપ અને પવન લાગતો નથી. પછી ઉન્હાળામાં એ વખારમાંથી બરફ કહાડીને સેંકડો અને હજારો ગાડાં ભરીને શેહેર માંહેના લોકોને વેચાતુ આપે છે. દરરોજ સવારમાં બરફના વેપારીઓ પોતપોતાના ગાડામાં ઘાલીને રાતબ બાંધેલી હોય તે પ્રમાણે ઘરાકને ઘેર આપી આવે છે કોઇને ઘેર એક તો કોઇને ઘેર બે અને કોઈને ઘેર અડધયું તો કોઇને ઘેર પા એમ જેને જેટલાં ચોસલાં જોઇએ તેટલાં તેને આપવાં પડે છે. દરેક ઘરમાં એક પીવાના પાણીની ગોળી હોય છે, તેમાં અર્ધી ગોળી સ્વચ્છ પાણી ભરીને તેમાં બરફના મોટામોટા કટકા મુકી રાખે છે, તેથી ઉ-

ન્હોળામાં બધાંને પીવાનું થંડુ પાણી મળે છે. એ પાણી મોઢામાં જોકે ઘણું મીઠું લાગે છે ખરું, તથાપિ સાચવીને તથા કાળજીથી પીતાં જો ગટગટ પીવાજ માંડયું તો તે ઘણું નુકસાનકારક થઈ પડે છે. ઉન્હાળાના તાપથી વ્યાકૂળ થએલાં માણસો તરસને લીધે પેલું થંડુ પાણી ગટગટ પીએ છે તેથી તેનું પેટ ટાઢું થાય છે અને તરસ છીપે છે ખરી, પણ તપેલાં આંતરડાં ઉપર આ ઘણાં ટાઢા બરફના દ્રવનું પરિણામ ઘણું માઠું થાય છે, માટે બનતાં સુધી બરફનું પાણી ન પીવાય તેમજ સારૂ, અને તેમ કરવાનું ન બને તો પાણીનો ઘુંટડો ભરીને તે પાણી મોઢામાં થોડીવાર રેહેવા દઇને લગાર થંડક ઓછી થયા પછી ગળવું, એમ કરવાથી નુકસાન થવાને ઘણી બીક રહેશે નહીં.

જાનેવારી અને ફેબ્રુઆરી એ બે મહિનામાં રસ્તા ઉપર ચાલવાની મોટી પંચાયત પડે છે. જેને એ વાતની ખબર નથી એવું એકાદ માણસ, ઘરમાંથી બહાર નીકળતાં રસ્તાની બાજુ ઉપરના પગવાટ કેવી ચકચકતી અને સ્વચ્છ છે જે જોઈ મનમાં મલકાતું એક બે ડગલાં ચાલે છે એટલામાંજ તેનો પગ લપસીને હેઠે પડે છે। એવી વખતે કોઇ પાસે હોય છે તો તે ઘણી દયા લાવીને "અરેરે, તમે ભૂલથી લપશી પડયા, કંઇ વાગ્યું બાગ્યું તો નથીની?" એમ પુછે છે. તથાપિ પથરા ઉપર અફળાઇને શરીરને ઘણી ઇજા થઈ હોય તોય તે બિચારો થોડોક ગભરાઇને– જાણે કંઈ થયું નહીં હોય એવે ચહેરે—"છી છી બિલકુલ નહીં" એમ કહેશે। શિયાળાના દહાડામાં રસ્તા ઉપર એવા ઘણા બનાવો બનતા જણાય છે. કેટલાએક લોકોની ટેવ એવી વિલક્ષણ હોય

છે કે, તેને લપ્સી પડવાની ઘણી શરમ લાગે છે–જોકે તેમાં શરમાવા જેવું કશુંએ નથી, તથાપિ અંગ સ્વભાવ ઘણો બળવાન હોય છે તે હેઠે પડતાંની સાથેજ ઝટ ઉઠીને કોઇએ પોતાની ભણી જોઇને હસશે, માટે આજુબાજુ ન જોતાં વેહેલો વેહેલો ત્યાંથી સટકી જાય છે તેવારે તેનો ચહેરો ઘણોજ વિલક્ષણ થયેલો દેખાય છે.

ચાલુ વરસનાં (ઈ. સ. ૧૮૮૮ના) માર્ચ મહિનામાં ફિલાડેલ્ફિયાથી ન્યુયોર્ક શેહેરમાં ગઈ હતી, તે વેળાએ આકાશ નિરભ્ર હતું અને ખુલ્લો તડકો પડયો હતો તથા ઘણો ઉકળાટ થતો હતો આગલે દિવસે હવા લગારેક બદલાઇને થોડો વરસાદ થયો હતો, રેવરેંડ ડાકટર હીબર ન્યુટને મને બોલાવ્યાથી તે દહાડે બપોરે મેં તે જગાના મોટા ભજન મંદિરમાં ભાષણ કર્યું, ત્યાં સ્ત્રી પુરૂષોની ઘણી ભિડ થઈ હતી. એજ શેહેરમાં વળી બે ઠેકાણે ભાષણ કરીને (મેં આરંભેલા કામની મદદ વાસ્તે) બે મંડળીઓ સ્થાપીને બુધવારે સવારે કંઈ જરૂરના કામ, સારૂ બૉસ્ટન શેહેરમાં જવાનો મારો વિચાર હતો. બીજે દહાડે સવારે હું ઉંઘમાંથી જાગીને જોઉં છું તો મારી બારીના બારણાના કાચ વિલક્ષણ દેખાવા લાગ્યા. તેના ઉપર કંઈ ધોળો જેવો લેપ થઇને તેમાં સુંદર વેલ બુટ્ટાદાર ચિત્રવિચિત્ર નકશી કહાડેલી હોય એવું જણાતું હતું. એ ચમત્કાર શો છે તે હું પાસે જઇને જોઉં છું તો રસ્તા, ઘરનાં છાપરાં, બારી બારણાં વગેરે ચાંદરણા કરતાં એ ધોળી સ્વચ્છ વરસેલા બરફની કણીકણથી આચ્છાદિત થએલી દેખાવા લાગ્યાં. કાલેજે ન્યુયાર્ક મારી દ્રષ્ટીએ પડયું હતું, તે આજે બીલકુલ બદલાઇ ગયુ, એ એ શેહેર

એકજ છે તે ઓચિંતું તે. કોઈ માનેએ નહીં. મ્યાડિસન્ અવેન્યુ, ફિફ્થ્ એવન્યુ વગેરે સુંદર પોહોળા રસ્તા બરફના તુષારથી. બારાઇને છેક સાંકડા થઈ ગયેલા જણાવા લાગ્યા. એ તુષાર વૃ-ષ્ટિનો વેગ વધારવા સારૂજ કે જાણે કેમ તેનો કોણ જાણે પણ તે. દહાડે પવન જોરમાં વહાતો હતો અને ઉષ્ણતા માફક યંત્ર-નો પારો ચાર અંશ ઉપર આવ્યો હતો. ટાઢનો કહે કે મારૂં કામ. નળ માંહેનાં પાણી ઠરી જવાની તૈયારીમાં હતાં. સવારે નાસ્તાની વખતે રંધવારીએ મને રોજના ધારા પ્રમાણે પીવા સારૂં પવાલું ભરીને દૂધ આણી આપ્યું, તે મોઢામાં લઇને પી વાની પેહેલાં સાકરના ગાંગડાની પેઠે ચાવીને ખાવું પડ્યું. ટાઢને લીધે ફૂંકવાની ફૂંક પણ નહીં જેવી થઈ ગઈ. બરફ વરસવાથી રસ્તામાં લોકોનું જવા આવવાનું બંધ પડ્યું. ગામમાં કોઇએ દુ-કાન ઉઘાડી નહોતી. કોઇ કમનશીબ માણસ કે પશુ આ ભ-યંકર વૃષ્ટીમાં સપડાયો તો તે જીવતો ઘેર પહોચશે કે નહીં તે-નો સંશય થવા લાગ્યો. રસ્તેથી હરરોજ જનારી ટ્રામગાડીઓ, બગીઓ, જમીનની તળીએથી જનારી રેલવે ગાડીઓ સર્વ બંધ પડી ગયાં ! તુષાર પડતાં મુદ્દલે અવાજ થતો નથી. કોઈ ઉણું ~~ઝીને~~ આંકની ચારણીથી લોટ ચાળતું હોય તે જેમ ધીમેથી પ ડે છે. અને તેના પડવાનો શબ્દ કોઇને કાને પડતો નથી. તે પ્રમાણે તુષાર પણ કોઇ ન સાંભળે એમ પડે છે. તેના ઘણા આકાશમાં હેઠે આવે છે ત્યારે તે સફેદ જાઇના ફુલની નાજુક પાંખડીની પેઠે નાચતું કુદતું પડે છે. સપાટાબંધ ઉડી આવતી રેતીની સાથે પીંછાની કટકી જેવું રળીઆમણું દેખાય છે. કાગા

કે ભુરા રંગના લુગડાં ઉપર થોડો તુષાર પડવા દઇ જોઇએ તો તેની આકૃતિ ઘણી સુંદર અને વિચિત્ર દેખાય છે. એ વાતે ઘોળાચંદની જેવા બરફથી ઢંકાઈ ગએલી જમીન, ઝાડ બામટાં, મેદાનો, રસ્તા અને ઘરનાં છાપરાં કેવાં રળીઆમણાં અને ચમત્કારિક જણાય છે, તે જેણે જોયું નથી; તેને સાંભળવાંથી સમજાશે નહીં. તે સુંદર દેખાવનું વર્ણન કરવાને સારૂ એકાદ કાળીદાસ, શેકશપિયર અથવા સાક્ષાત્ સરસ્વતી દેવીજ હોયતો તે કરી શકે. આરાં જેવાં અલ્પમતિ માણસે તેનું વર્ણન કરવા માડવું એ કેવળ મુર્ખાઈ છે.

આ બરફની કણુકણ આટલી સફેત સુંદર અને અતિશય લાજાળુ સ્ત્રીની પેઠે કરીએ ગડબડ કે અવાજ ન કરતાં સોકો ન જાણે એમ પૃથ્વી ઉપર આવે છે તોય એનું પરાક્રમ કેટલું ભયંકર છે તે જેણે જોયું હોય તે કદીએ ભૂલતું નથી. આ અણુ કણનો એક કણ જો હાથ ઉપર પડે છે તો તે છેક નાના મસુરની દાળ કરતાં મોટો નથી હોતો અને રાઇના ફુલની પાતળી પાંખડીના એક ચતુર્થાંશ કરતાં જાડીએ નથી. એ કણ હાથ ઉપર પડતાંજ શરીર માંહેલી ગરમીને લીધે પીગળી જાય છે, તેનો ભૂકો કરવાને આપણા આંગળાંનીએ જરૂર પડતી નથી એ ઉપરથી જોશો કે એ પદાર્થ કેટલો હલકો અને નાજૂક છે વારૂ? પણ એજ અણુ જેવા કણની વૃષ્ટી થઈ એટલે યઃકશ્ચિત નાના નાના પુષ્કળ કણ મળીને શું કરે છે તે જણાઇ આવતાં વાર લાગવાની નથી. તેણે ન્યુયાર્ક શેહેરમાં અને તેની આસપાસ મહાપ્રલય કરી મૂકયો. એણે અગ્નિ, પાણી, વરાળ અને વાયુ

ઈત્યાદિ મહાભૂતો પાસે કામ કરાવનારા અમેરિકન માણસોની અક્કલ ગુમ કરી નાંખી આગગાડીના પેલા મહાવેગવાન વરાળના ઘોડાઓને રસ્તામાંજ ખુટી બેસાડયા. રસ્તામાં જતાં આવતાં માણસો, ઘોડા બળદો ઉપર પડીને તેમને ગુંગળાવી માર્યા. આગગાડી અને પુલોનો વિધ્વંસ કર્યો. અને બીજુ શું શું કર્યું. તેનો સુમાર કહાડી શકાતો નથી. શેહેરમાં એટલો તુશાર પ્રલય થયો કે, તેને લીધે દૂધ કોલસા, વગેરે અતિ જરૂરના પદાર્થો કોઈ જગાએ જડવાની સવડ રહી નહીં. બોસ્ટન અને ન્યુયાર્કની વચ્ચેનો આગગાડીનો રસ્તો બંધ પડ્યો, તારના થાંભલા પડીને તારો તુટી જવાથી એ બંને શેહેરોમાંથી શા સમાચાર બને છે તે કોઈ જાણી શકયું નહીં, સોમવારે ન્યુયાર્ક શેહેરમાં આમ બરફ વૃષ્ટી થઈ, એ સમાચાર સમુદ્રમાં નાંખેલા તાર મારફતે ઈંગ્લાંડ જઈને ત્યાંથી હબશીના ડાબા કાનની પેઠે બોસ્ટન શેહેરમાં જઈ પહોંચ્યા! બોસ્ટન અને ન્યુયાર્ક શેહેની વચ્ચે આવતી જતી પચાસ ગાડીઓ બે ત્રણ દિવસ સુધી રસ્તામાંજ અટકી પડી. કેમકે રેલ્વેની સડક ઉપર બરફના ઢગલાને લીધે ઈનજિનથી અગાડી ચાલી શકાયું નહીં, તેમાંની કેટલીએક ગાડીઓ રસ્તામાંજ પડીને ભાંગી જવાથી ઘણા માણસો મુવાં. પેનસિલ્વેનિયા નામના સ્ટેશનથી ન્યુયાર્ક શેહેરને મધ્ય ભાગે આવવાને કેટલાએક લોકોએ દરગાડીના પચાસ ડાલર (આશરે ૧૫૦ રૂપીઆ) ભાડું આપવું પડયું બુધવારે મારે એક સભામાં જવાનું હતું. મારા મુકામથી તે ઠેકાણું આસરે પા ગાઉ હશે ત્યાં જવા સારૂ મારે ૧૦ ડાલર (ત્રીસ રૂપીયા) ગાડી ભાડું

આપવું પડયું. બૃહસ્પતવારે "ગ્રાંડસેન્ટ્રલ" નામે આગગાડીના સ્ટેશન ઉપર જઇને પૂછી જોતાં માલમ પડયું કે, બોસ્ટનશેહેર-નો રસ્તો હજી ખુલ્લો થયો નથી. એ દિવસે મારે એક ઘણા જરૂરના કામ સારૂ અમારી મંડળીના સ્થાપકોને મળવા જવાનું હતું, ગાડીએ જવાની સવડ નથી એમ જોઇને સમુદ્રમાં વહાણ ચાલે છે કે નહીં તેની તપાસ કરી; તથાપિ તે માર્ગ પડેલો હોવાથી પાછા ફિલાડેલ્ફિયા જવાનો ઠરાવ કર્યો.

ન્યુયાર્ક અને ફિલાડેલ્ફિયાની વચ્ચે સો મૈલનું છેટું છે ત્યાં ફનાવગી ગાડીમાં પહોંચતાં સવા બે કલાક લાગે છે. તથાપિ સોમવારથી બૃહસ્પતવારે સવાર સુધી બરફ વરસ્તો હોવાથી તે રસ્તો બંધ પડવાથી તેના ઉપર પુષ્કળ અકસ્માત થયા હતા. અમારી ગાડી સવારના અગીઆર વાગતાં ન્યુયાર્કથી નીકળી, તે રાતના આઠ વાગેતા સુધી ફિલાડેલ્ફિયામાં જઇ પહોંચી નહીં. અમારી આગળ તથા આજુ બાજુનો તમામ પરદેશ તુષાર-આચ્છાદિત હતો તેના ઉપર સૂરજનો તડકો પડવાથી સઘળાં માણસોની આંખોએ તેજ મારવા લાગ્યું. ગાડી અગાડી ચાલવાને ઘણી અડચણ હતી હજારો માણસો રસ્તા ઉપર પાવડા વડે બરફ ખોદીને બાજુએ કરવાના કામમાં ગુંથાયા હતા. અમારી ગાડીને બે મોટા ઇનજિનો જોડેલાં હતાં, અમારી સામે આવીને ન્યુયાર્ક જનારી ત્રીશ ગાડીઓ અટકી પડી હતી તે તેણીમેર ચાલી ગઇ, તે દરેકને બે કે ત્રણ ઇંજિનો જોડેલાં હતાં, તોય આવા સુત્રામય અરણ્ય જેવા તુષારના પથરામાંથી ગાડી સેહેલથી જઇ શકતી નહોતી. રસ્તાની બન્ને બાજુએ બરફના ઉંચા ઢગલા

પડેલા હતા. કોઇ કોઇ વાર અમારી ગાડીની અરધીએક તાર તુષારના ઢગલાથી અદૃશ્ય થતી હતી. કોઈ કોઇ ઠામે જ્યાં પવન ઘણા જોરમાં વાતો હતો તેની આસપાસના પરદેશમાં દશ દશ ફુટ જાડા બરફના ઢગલા પડીને તેની તળે ઘર, ખેતરો, અને ક્યારા દબાઇ ગયા હતા.

આ વાતને બે ચાર દિવસે હું ફિલાડેલ્ફિયામાં આવી પહોંચ્યા પછી મારી એક બેહેનપણીનો પત્ર આવ્યો. તેમાં તેણે લખ્યું હતું કે, પૂર્વ પરદેશમાં જો કે એવી જાતના તોફાનો કવચિત બને છે. પણ પશ્ચિમ અને ઉત્તર તરફ જે બરફનાં વાદળો આવે છે, તેના પ્રમાણમાં એ તોફાન કંઇ નથી! ત્યાંતો ઉષ્ણતા માપક યંત્રનો પારો શૂન્યની હેઠે સાઠ અંશ સુધી ઉતરે છે. અને બરફના ઢગળા પચીસ ત્રીસ ફુટના ઉંચા થઇ જાયછે. એવા ઉત્પાતની વેળાએ કંઇએ આશ્રય લેવાની જગા ન હોવાને લીધે પશ્ચિમના ખુલ્લાં મેદાનમાં રહેનારા લાખો ઢોરઢાંક આ કડકડતી ટાઢના સપાટામાં સપડાઇને મરી જાય છે. ગયા અને તેના આગળા વરસમાં હેંસીલાખ કરતાં વધારે ઢોરો એવી રીતે ટાઢથી કકડીને મરણ પામ્યાં. તે બિચારાં ગરીબ પ્રાણીઓ જે આપદા ભોગવવી પડી હશે, તેની માત્ર કલ્પના કરવાથીજ શરીર ઉપરનાં રૂવાટાં ઉભાં થાય છે. એ શિવાય દરવરસે તેણીમેર કેટલાં હજાર માણુસ અને બીજાં પશુ પક્ષી મરતાં હશે, તે કોનાથી કહેવાશે.

આ પ્રમાણે અહીંનો શિઆળો જો કે અતિભયકર છે, તોય તેનાથી લોકોને ફાયદો કરી લેતાં આવડે છે. નદીઓ કરી

ગઈ એટલે કેટલાક લોક બરફ સંઘરી રાખી ને તેનો વેપાર કરેછે. તેમજ લાખો સ્ત્રી પુરૂષોને "સ્કેટ" ‡ તથા "ટોબાગન" ¶ નામના ખેલો ખેલવાને મળે છે. કેટલાએક અતિશય થંડા પરદેશમાં મુખ્યત્વે કરીને કેનેડામાં, આનંદી લોકો બરફના મોટાં મોટાં ચોસલા અને ઇંટો કાપી તેના મોટા મોટા કિલ્લા બાંધે છે, એકાદી નદી અથવા સરોવરને કાંઠે સારી જગામાં બરફની ઇંટો ગોઠવીને ભિંતો બનાવે છે. ચોના કેળવેલા કાલની જગાએ પાણીનો ઉપયોગ કરે છે. એટલે ભિંત બાંધતી વેળાએ એક એક ઉપર એક બરફની ઇંટો ગોઠવીને તેના ઉપર પાણી રેડે છે.

---

‡ "સ્કેટ" સ્કેટ નામના પાવડાં પગમાં પેહેરીને ઠરેલી નદી કે તલાવના પાત્ર ઉપર સરીને તરેહવાર ગતી કરીને રમે છે. એ પાવડાંને તળીએ વચ્ચે લગ ટોચથી તે વચલા આંગળાં સુધી ચપટાં ધારવાળો લોઢાંનો પટો જડેલો હોય છે. એ સ્કેટ પહેરીને એક ઠેકાણે ઉભા રહી શકાતું નથી.

¶ ટોબાગન—એ ખેલ મૂળ તો અહીંના ઇંડિયન લોકોનો છે. ઘણો બરફ પડે છે ત્યારે એકાદ ઉંચી જગા ઉપરથી સપાટ ઉતરતા ઉપર થઇને હેઠે સરી પડવામાં ઘણી ગમત પડે છે. આ દેશમાં એવા ઢળતા ધોરા કે કડેરા ઉપરથી છોકરાઓ લપસી પડીને ગમત મેળવે છે. ત્યાં એવી ગમતને ટોબાગની લસરણ કહે છે. એ ટોબાગન લાકડાંનાં બનાવેલાં હોય છે. તેને પૈડાં હોતાં નથી. રેવા (નર્મદા) નદીમાં ફરતી સપાટ નાવડી જેવું હોય છે.

તે પાણી ટાઢથી ઠરી જાય છે. તેથી ભિંત ઘણી મજબૂત થાય છે. એવી રીતે મોટાં મોટાં બરફના કિલ્લા બાંધીને તેમાં રોશની કરે છે. તે પછી કેટલાએક માણસો સામ સામી ભાલ બાંધીને સિપાઈઓનો વેષ લઇને અમસ્થી લડાઇ કરે છે. આ લડાઇમાં દારૂગોળાને બદલે ઉત્તમ અને ચમત્કારીક દારૂખાનાનો ઉપયોગ કરે છે. રાતની વેળાએ આ હિમ પ્રદેશમાં રોશની કરીને તે ઉપર આતસબાજી ફોડે છે. ત્યારે તેની શોભા અતિ મનોહર અને અવર્ણનીય દેખાય છે. એ ગમત જોવા સારૂ ઘણે આઘે આઘેથી હજારો સ્ત્રી પુરૂષો અને છોકરાં ત્યાં આવીને ભેગાં થાય છે સેન્ટપાલ અને માન્ટરીઓલ એ બે શેહેર, હિમ પ્રાસાદને સંબંધે પ્રસિદ્ધ છે.

ઇ. સ. ૧૮૮૮ના જાનેવારીની આખરના ભાગમાં હું ફિલાડેલ્ફિયાથી ઇંડિયાના સંસ્થાનની રાજધાની ઇંડિયના પોલિસ નામના શેહેરમાં ગઈ હતી. તે શેહેર ફિલાડેલ્ફિયાથી આસરે બારસેં તેરસેં મૈલ ઉપર પશ્ચિમે છે. તેણીમેર જવાનો માર્ગ ઘણોજ રમણીય છે. ફિલાડેલ્ફિયાથી નીકળ્યા પછી સેંકડો ગાઉ સુધી અલિઘાની નામના પર્વતના ખોળમાંથી જવું પડે છે. આ અલિઘાની પર્વત હિમાલયના હેડલાણ જેવો પરમ સુંદર અને ભવ્ય છે. તેના ઊપર ઉંચા દેવદાર, ઓક, ભૂર્જ અને બીજા ઘણાં ઝાડો છે. જ્યાં ત્યાં ઝાડી જંગલ પોતાની સ્વાભાવિક શોભાના પૂર બાહારમાં દેખાય છે. સસ્કવેહાના નામની મોટી નદી સર્પગતિથી આ પર્વતમાંથી નીકળે છે. આગગાડીનો રસ્તો ઘણો ખરો આ નદીના કાંઠા ઉપરથીજ ગએલો છે. તેને નીચે

આ રસ્તે મુસાફરી કરનારાને પૃથ્વીની સંપૂર્ણ શોભા જોવાને મળી આવે છે. મેં બે વાર આ રસ્તે મુસાફરી કરી. તેમાંની એકવારની વેળાએ શિયાળો હોવાથી ચારે તરફ બરફ પડીને આલ્પિસની પર્વતનાં શિખરોથી તે તળેટી સુધીનો તમામ પરદેશ સફેત ચકચકતો થઇ ગયેલો દેખાતો હતો, આ ચાંદરીણાથી એ સફેત અને સૂર્ય પ્રકાશથી ઝગઝગી રહેલો હિમાચ્છાદિત પર્વતનો મનોરંજક દેખાવ જેણે જોયો છે તેની પોતાની આંખોનું સાર્થક્ય થએલું લાગે છે.

ફેબ્રુઆરી મહિનાની શરૂઆતમાં કનેક્ટીકટ સંસ્થાન માંહેલા હાર્ટફર્ડ નામના શેહેરની પાસે ફાર્મિંગટન નામે એક ગામડું છે. ત્યાં હું એક છોકરીઓની નિશાળ જોવા ગઇ હતી. એ ગામ આગગાડીના રસ્તાથી ઘણુંજ આઘું છે. ત્યાં જવા સારૂ તે વખતે ચારપૈડાની ગાડી નહોતી પણ સ્લે નામે એક વગર પૈડાનું વાહન હતું. તેમાં બેશીને હું તથા મારી બેનપણીએ ફાર્મિંગટનનો રસ્તો લીધો. જમીન ઉપર બરફ પડેલું હોય છે ત્યારે તે કંઇક રેતીને મળતું હોવાથી તેના ઉપર પૈડાંવાળી ગાડી ખેંચવાને ઘોડાઓને ઘણી મેહેનત પડે છે. પણ વગર પૈડાનું સ્લે ખેંચવાનું ઘણુંજ સેહેલ હોય છે. એવા સ્લે ઉપર બેસીને જવા-માં ઘણી ગમત થાય છે. અહીંના નાના મોટાં સર્વ માણસ સો વાહનનો ઉપભોગ કરવાને ઘણા આતુર હોય છે. ફાર્મિંગટન ને રસ્તે જતાં આજુબાજુની સર્વ જગા સુશોભિત થએલી અમારી દ્રષ્ટીએ પડી. સામા દેખાતા પર્વતો, ઝાડ ઝાંખરાં અને

ઘરનાં છાપરાં એ સર્વ જાણે શિત નિવારણાર્થેજ સ્વેત તુષારનું આવરણુ ઓઢી પોઢીને સુનેલા છે એમ લાગતું હતું.

એકંદર રીતે અહીંઆનો શિતકાળ સશક્ત માણસોને ઘણો સુખદાયક હોય છે.

આ દેશના તેહેવારો.

નવું વરસ 'પહેલી જાનેવારી' વાશિંગ્ટનનો 'જન્મદિવસ, ખ્રિસ્તની પુણ્યતિથિ, "ડેકોરેશનડે", "ઇંડિપેન્ડેન્સડે" "થેંક્સ, ગિવિંગડે" અને ખ્રિસ્ત જયંતી એ યુનાઇટેડ સ્ટેટસના રાષ્ટ્રીય તેહેવારો મનાય છે. એ તેહેવારોને દહાડે તમામ દુકાનો, કચેરીઓ, કારખાના, અને પાઠશાળો વગેરે બંધ રહીને સર્વનેજ છુટી મળે છે. બેસતું વરસ એટલે જાનેવારીની પેહેલી તારીખ. એ સામાજિક તેહેવાર ઘણો જૂનો અને આ લોકોએ પોતાના પૂર્વજો પાસેથી લીધેલો છે. ખ્રિસ્તની પુણ્યતિથિ એટલે ઇસ્ટર અને ખ્રિસ્તજયંતી એ દિવસો ખ્રિસ્તિધર્મ સ્થાપકના સન્માનાર્થે પવિત્ર માનવામાં આવે છે. ફેબ્રુઆરીની બાવીસમી તારીખ જાર્જ વાશિંગ્ટનનો જન્મ દિવસ છે. પાછલા સૈકામાં અમેરિકન લોકોએ આપણો દેશ સ્વતંત્ર છે એમ સર્વને કહીને ઇંગ્લાંડની સાથેનો પોતાનો સંબંધ તોડી નાંખ્યો ત્યારે તેમને ઇંગ્રેજો સાથે લડાઇ થઇ, તેમાં વાશિંગ્ટને ઇંગ્રેજો સાથે લડીને તેમને હરાવ્યા અને પોતાના દેશને જીતાડી આપ્યો. તેથી અમેરિકન લોકોએ ખુશી થઇને તેને પોતાના દેશનો અધ્યક્ષ બનાવ્યો, અને તે આ દેશનો પિતા છે એમ સર્વને લાગ્યું. તેના બાના-

થૈ તેનો જન્મ દિવસ સર્વ લોકો પોતાને ફાવે તેવી રીતે ઉત્સવ કરીને પાળે છે; અને સભાઓમાં વાશિંગટનની સ્તુતીનાં ભાષણો થાય છે. "ડેકોરેશનડે" એટલે સમાધ્ય સણુગારવાનો દિવસ, એ તેહેવારનું વર્ણન અમારી એક ઠેકાણે કરેલું છે.

"ઇંડિપેન્ડન્સડે" એટલે સ્વતંત્રતાનો દિવસ, તે જુલાઇ મહિનાની ચોથી તારીખે આવે છે. ઇ. સ. ૧૭૭૬ના સાલમાં જુલાઇ મહિનાની ચોથી તારીખે અમેરિકાની જુની વસ્તીના તેર સંસ્થાનો સ્વતંત્ર થઇને ઇંગ્રેજી રાજ્ય જોડે અમારે કોઇ પ્રકારનો સંબંધ નથી એવું જાહેર કર્યું. તે દિવસથી અમારો દેશ સ્વતંત્ર છે એવું લોકોને કહીનેજ માત્ર બેશી ન રહેતાં; ઇંગ્લાંડ જેવા બળવાન રાજ્ય સાથે ટક્કર લઇ તેમને પરાજિત કરીને પોતાની સ્વતંત્રતા રાખી. આ દેશમાં એ તેહેવારનો દિવસ મોટા મહત્વનો મનાય છે. દેશ માંહેલા દરેક શેહેર, કસ્બા અને ગામડા માંહેના સર્વ લોકો ઘણા અભિમાનથી એ તેહેવાર પાળે છે. સાર્વજનિક સભાગૃહોમાં દેશની આ સ્વતંત્રતાના મહાત્મ્ય તથા દેશના યશ ગવાય છે. અને સ્વદેશાભિમાન ઉપર ભાષણો થાય છે. જ્યાં ત્યાં યુનાઇટેડ સ્ટેટસના નક્ષત્રાંક પતાકા ઉભા કરેલા દીઠામાં આવે છે. જાહેર જગાએ બજારમાં વગેરે ઠેકાણે રોશની કરવામાં આવે છે તથા આતશબાજી છોડવામાં આવે છે. છોકરાંઓને ખાવાની અને ફટાકા ફોડવાની ગમત પડી રહે છે. જુલાઇની ચોથી તારીખને આ દેશની દીવાળી કહીએતો ચાલે. આપણા દેશની દીવાળીનો ખરો અર્થ સઘળાઓને વિ-

સારે પડી ગયો છે. કૃષ્ણે કાર્તક † વદ ચૌદસને દહાડે નર્કાસુરનો વધ કરીને પ્રાગ જ્યોતિષપુરનું રાજ્ય જિતિને પદાંક્રાંત કર્યું તેનો એક રાજકારણી તેહેવાર મનાયો હતો. હવે દિવાળી ધર્મ સંબંધી તેહેવારમાં ગણાય છે. આપણી દીવાળીને જોકે રાજકારણ તેહેવાર માંનીએ તોય તેમાને આ ચોથી જુલાઈમાં અસમાન જમીનનું અંતર છે. દિવાળીને દહાડે એક સ્વતંત્ર રાજાનો વધ કરીને તેના છોકરાને પોતાના ખંડિયા રાજાઓની હારમાં બેસાડી તેની સ્વતંત્રતા ખુંચી લીધી હતી. અને જુલાઇની ચોથી તારીખનો એક જૂમલી, લોભી દેશની ગુલામગિરીમાં રહેવું નહી એવો નિશ્ચય કરીને એક નાના સરખા દેશે પોતાની સ્વતંત્રતા મેળવી લીધી; એ રાષ્ટ્રમાં જે કોઈ રહેવા આવશે તેને–(કંઈ નહીં તોય નામનું તો)–તેને સ્વાતંત્ર્ય આપવાની પ્રતિજ્ઞા કરેલી છે.

હું ફિલાડેલ્ફિયામાં હતી, ત્યારે ત્યાં એ પર્વતની ધામધૂમ મારા જોવામાં આવી હતી. ત્યાંના ઇંડિપેન્ડેન્સ હાલ એટલે સ્વતંત્રતા દેવી ગૃહમાં ઘણા સારા વકતાઓએ દેશ-ભક્તિ ઉપર ઉ-તમ વ્યાખ્યાનો આપ્યાં. શેહેરમાં સર્વ ઠેકાણે નક્ષત્રાંક * પતાકા

† ગુજરાતમાં જે આસોવદ ૧૪ એટલે કાળીચૌદસ કે નરક ચતુર્દશી કહે છે ને તેજ દક્ષિણમાં તથા વરાડ વગેરે ઠેકાણે કારતક વદ ૧૪ કહેવાય છે એટલે તે પ્રાંતમાં પુનમીઆ મહીના ગણવામાં આવે છે. અને માસ બેસતાં પહેલું વદ ને પછીનું પખવાડીયું સુદ છે. બા. ક.

ઉડતા હતા. મોટી મોટી દુકાનોનાં બારણાં અને બજાર બાહેની મોટી મોટી ઈમારતોના દરવાજા રાતા રંગથી રંગ્યા હતા. કાળા અને ધોળા બેળા રંગના ધ્વજા સરખાં કપડાં, તોરણો વગેરે બાંધીને શણગારવામાં આવ્યું હતું. રાત્રે ઠેકાણે ઠેકાણે રોશની કરવામાં આવી હતી તથા સ્કુઇલ્કિલ નદીના પૂલ ઉપરથી નદીમાં ચિત્ર વિચિત્ર અને ઉત્તમ પ્રકારની આતસબાજી ફોડવામાં આવી હતી. ફેયર માઉંટ પાર્ક નામના સાર્વજિનક બાગમાં ઘણે આઘે આઘેથી બાયડા બઈરાં અને છોકરાં મઝાહ જોવા સારૂ આવ્યાં હતાં. આ હજારો માણસના ટોળામાં સઘળેજ આનંદ, ઉત્સુકતા અને પ્રસન્નતા પથરાઈ રહી હતી.

નવેંબર મહિનામાં "થેંક્સ ગિવિંગડે" એટલે આભાર માનવાનું પર્વ કરવામાં આવે છે. આ મહિનામાં સર્વ ધાન્યની કાપણી થઇ જ્યાં ત્યાં ફળ ભાજી અને ધાન્યના ઢગલે ઢગલા પડયા હોય છે. દેશનો અધ્યક્ષ નવેંબર મહિનાનો એકાદ સવડ પડતો દહાડો ઠરાવીને પોતાના દેશના જાનપદને "તમે ફલાણે દિવસે આભાર માનવાનું પર્વ પાળો અને મારી જોડે ઈશ્વરની પ્રાર્થના કરીને, તેણે આ વરસે આપણા દેશ ઉપર જે ઉપકાર કર્યો અને આપણને જે પુષ્કળ ધાન્યનો જથો આપ્યો તેને માટે ઘણા નમ્રભાવથી પરમેશ્વરનો આભાર માનો." એવું જાહેરનામુ લખીને પ્રસિદ્ધ કરે છે. તે પરથી ઠરાવેલે દિવસે સર્વ દુકાનો અને કચેરીઓ બંધ કરવામાં આવે છે. દરેક દેવળ અને ભજન મંદિરમાં અબાલ વૃદ્ધ સ્ત્રી પુરૂષો પરમેશ્વરની આરાધના કરવાને જાય છે. તે દિવસે ગરીબ ગુરબાંને ઘણી ખેરાત કરવામાં

આવે છે. આ બધા તેહેવારના દિવસમાં કેઇ ઘણા જણાને જમવા ખાવા તેડતું નથી. પણ કોઇ કોઇ વાર પોતાનાં સગાં વહાલાં અને મિત્રોને જમવા સારૂ તેડે છે. દરેક કુટુંબનાં માણુસો પોત પોતાના ઘરમાં સારૂં સારૂ કરીને જમે, બહાર ફરવા હરવા અને તમાસા જોવા જાય અને તે દિવસ ખુશીમાં ગુજારે એ આ તેહેવારો કરવાની રીત છે.

આ સાર્વજનિક તેહેવારો વગર બીજા વળી ઘણા તેહેવારો છે. નિરનિરાળા મનના લોકો પોત પોતાની સમજણ પ્રમાણે પોતાના તેહેવારો પાળે છે. રોમન કયાથોલિકપંથના લોકોમાં પુષ્કળ સાધુસંતની પુણ્યતિથી અને જયંતીઓ પવિત્ર માનેલી છે. લાખો આયરિશ લોકો ઇંગ્રેજોના સંતાપથી ત્રાસપામીને દેશ છોડી આ સ્વતંત્ર દેશમાં આવી રહ્યા છે. તે સ્વર્ગની તથા પોતાના પંથના પર્વને દહાડે મોટા ઉત્સવો કરે છે. તેમના કુળદેવ સંત પ્યાટ્રિકને જન્મ દિવસે તે પોતાના દેશનો લીલો ઝુંડો પોતાના ઘર ઉપર ઉભો કરે છે. જર્મન, સ્કાંડિનેવિયનૂ, ફ્રેંચ, રશિયન, ઇટાલિયન ઇત્યાદિ જે યુરોપની અસલ ટોપીઓવાળી જાતો અહીં આવીને વસી છે તેઓ એનીજ રીતે પોતપોતાની તેહેવારો પાળે છે.

તેહેવારના દિવસોમાં જેમ આપણા દેશમાં લાડુ, વેડમી, વગેરે પક્વાનો કરવાનો ચાલ છે તેમ ત્યાં પણ તેમની તરેહના પક્વાનો બનાવવાનું ધાંધલ મચી રહે છે. પણ તેમના સપરમાં દહાડામાં અતિશય જીવહિંસા થાય છે. આપણે જેમ બાગ અને વાડીઓમાં શાકભાજી અને ફળફળાદિ ઉછેરીને સપરમા

દહાડા સારૂ સંગ્રહી રાખીએ છીએ કે તેમ અહીનાં લોકો તુર્કી ફુક્કટ અને સાદા કુકડા વગેરે ઉછેરે છે તુર્કી કુકડાનું માંસ ઘણું ઉત્તમ છે એમ એ લોકોની સમજણ છે.* કોઈ પરોણો ઘેર આવે તે દિવસે એક બે આંખાતે આખાજ તુર્કી કુકડા શિજવીને પરોણાને ઉત્તમ જ્યાફત આપે છે. અહીના તમામ વસ્તીને માંસ ખાવાનો ચાલ હોવાથી અગણિત જીવની હીંસા થાય છે મધ્યદેશ એટલે ઇલિનોઇસ્ આહાયો, અને મિઝુરી સંસ્થાનની પશ્ચિમે મોટાં મોટાં આવેલાં છે અને તેમાં ઘણી માણસની વસ્તી નથી તેમાં કેટલાક વેપારીઓ ઢોર અને ડુક્કરના મોટા ક્યારા બનાવીને હજારો ગાઉ ઉપરના ઘેહે

* સુમારે બે હજાર વરસની પહેલાં આપણા દેશમાં બ્રાહ્મણ સુદ્ધાં માંસ ભક્ષણ કરતા હતા. શ્રોત્રિય બ્રાહ્મણ જમાઈ અથવા રાજા ઘેર પરોણો આવે ત્યારે તેની પરોણાચાકરી કરવા સારૂ બરાવ, નિરોગી અને કુમળા વાછરડો, પાડી કે પાડો મારવાની ચાલ હતી શ્રાદ્ધને દહાડે માંછલાં અને બીજા પ્રકારનું માંસ બ્રાહ્મણને ખવાડવાથી અમુક વરસ સુધી પિતૃની તૃપ્તિ થાય છે. એવાં સ્મૃતિ વચનો છે. હાલમાં એ ઉત્તર હિંદુસ્તાનમાં પચ ગૌડ જાતીના કેટલાએક બ્રાહ્મણ ઘેટાં કે બકરાં મારીને પોતાના પરોણાની મેમાનદારી કરે છે. બંગાળી બ્રાહ્મણો બકરાં અને બીજું અનિષિદ્ધ માંસ ખાય છે. બુદ્ધના ઉપદેશથી આપણા દેશમાં જીવહિંસા મોટે ભાગે બધ પડી છે તોય અદ્યાપિ પુષ્કળ લોક મગ તોપ માંસ ખાવાને આઘુંપાછું જોતા નથી.

રોમાં આહાલની ચાલતી શાકભાજીનો ભરગાજો કરે છે. એ નિર્દય કસાઇઓ પોતાના કજ્યા ભરવાની ધુનમાં બિચારાં ઢોરોના દુઃખસુખ તરફ લગારે ધ્યાન લગાડતા નથી. મધ્ય દેશના મેદાન માંહેલાં લાખો ઢોરો ઉન્હાળાનો સખત તાપ, ચોમાસાંની સરદી અને શિયાળાની કડકડતી ટાઢ અને બરફથી હરી જઇને અતિઘણું દુઃખ પામીને મરણ પામે છે. તેમને કંઇ શાળામાં બેસવાની કે ઉભા રહેવાની સુદ્ધાએ ગોઠવણ કરેલી હોતી નથી. ન્યુયાર્ક અને માસચુસેટસ્ સંસ્થાન માંહેલી મુંગાં પ્રાણી-ઉપર દયા લાવનારી જે મુખ્ય મંડળી છે તેમણે પોતાનાથી બની શકે તેટલો પ્રાણીઓના ઉપર પડતા જુલમો ઓછા થવાને પ્રયત્ન કરે છે. તેમણે આપેલી પ્રમાણસિદ્ધ માહિતી ઉપરથી એવું જણાય છે કે, ગયાં બે વરસમાં હુશી લાખ ઢોરો પશ્ચિમનાં ખુલ્લાં મેદાનમાં ટાઢ અને બરફથી કડકડીને મરી ગયાં. આયવા અને નિબ્રાસ્કા એ સંસ્થાનોમાં મુસાફરી કરતાં મેં ઉન્હાળાના દિવસમાં ઢોરોની જે દુર્દશા દીઠી તે ફક્ત સાંભરી આવવાથી શરીરમાં કંપારો આવે છે. મેદાનમાં કોઇએ ઠેકાણે એકે ઝાડ નથી. તેમાં સેંકડો ઢોર ચરે છે. બપોરી વેળાએ સખત તડકો પડે છે ત્યારે બિચારાં ઢોરોને છાંયડે બેસવાની જગા નથી એકાદ ઠેકાણે કોઇ નાનું ખાબોચીયું વરસાદના પાણીથી ભરાયલું હોય છે તેમાં કેટલાંક ઢોરો જઇને ઉભાં રહે છે. નાના નાના કુમળાં વાછરડાંઓ ઉન્હાળાનો સખત તડકો ખમાતો નથી તેથી કોઇ વાડ પાસે જઇને તેના ચાર આંગળ પહોળા છાંયડામાં ડોકી રાખીને બેઠેલાં છે. કોઇ ઠેકાણે એક નાના ઝુંપડાની આજુબાજુએ દશવીશ ઢોરો પેલા

ક્ષુપત્રાના લગારેક પડેલા છાયડામાં ડોકી રાખીને ઉભેલાં છે જ્યારે વાડ, ઝાંડ્યામડું અથવા પાણીનું ખાબોચીયું નથી હોતું ત્યાં તે બિચારાં સખત તડકામાં ઘાસ ઉપર આમતેમ તરફડતાં દીઠામાં આવે છે તથાપિ ત્યાર પછી તેની જે અવસ્થા થવાની છે તે મનમાં આવતાં આ તેમનો વનવાસ સ્વર્ગ સુખ જેવો છે એમ કહ્યા વિના ચાલતું નથી. આ સેંકડો ને હજારો નહીં પણ લાખો ઢોર જે ગૌચરણમાં ચરે છે તે માત્ર માણસના પેટની ઝાળી સમાવવા સારૂજ! એ ગોચરો આ અમેરિકન લોકના ભાજીપાલાની વાડીઓ છે ત્યાં ઢોર, મેંઢા અને ડુકરોની વંશવૃદ્ધિ થાય છે અને ઠરાવેલી વેળાએ ત્યાંથી એ જીવતી હાલતી ચાલતી શાકભાજી આગગાડીના ડબામાં ભરીને હજારો ગાઉપર મોકલી શકાય છે. એમ કોઈવાર પાંચ પાંચ છ છ દિવસ સુધી કેદ કરેલાં પ્રાણીઓને કશુંએ ખાવા પીવાનું મળતું નથી પણ ગાડીમાંથી ઉતાર્યા પછી થોડુંક ખાવાનું નાંખીને તેમને ખાટકીઓને હવાલે કરે છે. એ ખાટકીઆનાં વધસ્થાનો મેં બીલકુલ જોયાં નથી અને જોવાની ઇચ્છાએ નથી, તથાપિ મેં જે તેનું વર્ણન વાંચેલું છે તે ઉપરથી તે પ્રત્યક્ષ નરક, અને ત્યાંના કસાઇ અને એ ક્રૂર વેપાર કરીને પેટ ભરનારા લોક માનુષ રાક્ષસથીએ નિરાળા, એટલે 'के मैं न जाना महे'* એ વર્ગ માંહેના હોવા જોઇએ એમ લાગે છે.

"* એ કોણ હશે એ હું જાણતી નથી.

આ દેશના લોકો એકંદર રીતે જોતાં ઘણા હેતાળ અને દયાવાન છે–તથાપિ આ માંસ ભક્ષણની ટેવથી કે બીજા કોઈ ગમે તે કારણથી કહો, તેમને માણસ વિના બીજા પ્રાણીઓના સુખ દુઃખની દરકાર કોઇ કરતું નથી. એક બે વરસ ઉપર મે "ज्ञाल चांद मेवा" નામનું મુંબાઇ માંહેલા અમેરિકન મિશન મંડળીથી પ્રગટ થતાં માસિક પત્રમાં એ સુંદર નિબંધ વાંચ્યાનું મને સાંભરે છે તે નિબંધને જોડેલું એક ચિત્ર હતું, તે ચિત્રમાં એક બાઇ અને તેનાં છોકરાં ગાયને પંપાળે છે અને મુઠી–મુઠી ચારો ખવરાવે છે એમ દેખડાવ્યું હતું તે નિબંધમાં તે લખનારે એક વાકય ઘણા અભિમાનથી લખ્યું હતું, તેની મતલબ એવી કે, હિંદુસ્તાનમાં ઢોરો અને બીજાં પ્રાણીઓને લોકો ઘણુંજ દુઃખ દે છે; પણ અમેરિકન લોકો તેને ઘણા પ્યારથી પાળે છે. એમાં થોડી સાચાઇ છે ખરી, પણ એનું કહેલું સર્વત્રજ સરખું લાગુ પડે એમ નથી. આપણા દેશમાં બિચારા બળદ અને ઘોડાને ઘણું દુઃખ વેઠવું પડે છે એ વાત ખરી પણ તેના ઉપર કોઇ મમતા કરતુ નથી એમ નથી. ગામડાંઓમાં અને કોઇ કોઇ ઠેકાણે શેહેરોમાં જે કબિલદાર લોકોના ઘરમાં દુઝણી ગાયો છે તે ઘરનાં બૈરાં છોકરાં સુદ્ધાં ઢોર અને વાછરડાં ઉપર પોતાના કુટુંબ જેટલું હેત રાખે છે. ‡ વેપારી, ગોવાળીઆ અને ખાટકી

‡ સુરતમાં, વડોદરામાં અને અમદાવાદમાં કેટલાક વૃદ્ધ બ્રાહ્મણોને પોતાના ઘરનું રુ૪ા છોડીને ઢોરની ચાકરી કરતાં અમે દીઠા છે. બા. ક.

આ ઢોરો ઉપર જુલમ ગુજારે છે એ ઘણુંજ ખોટું છે. તેથી એવા પડતો જુલમ અટકાવવાને સર્વ જણાએ શ્રમ કરવો જોઇએ, તથાપિ એવો જુલમ અમેરિકામાં નથી. એવું કોઈ કહે, તો તે ખોટું છે. અહીંના શેહેરોના બજાર માહેના તથા કારખાનાવાળા ગામોમાં જેમણે ક્રૂર ગાડીવાનોના ઘોડાની દશા જોઇ હશે તેમને તો નિદાન અહીં પશુ ઉપર જુલમ ગુજારવાની ચાલ નથી એમ લાગવાનું નથી.

પચીસ વરસ ઉપર ન્યુયાર્ક શેહેરમાં હેનરીબર્ગ નામનો દયાવંત માણસ મુગાં પ્રાણીઓ ઉપર દયા લાવીને લોકોને ઉપદેશ કરવા લાગ્યો. તે વેળાએ મુગાં જનાવરો ઉપર લોકો જે જુલમ ગુજારતા હતા તેનું વર્ણન થઇ શકવું અશક્ય છે. હેનરીબર્ગ જ્યારે જનાવરો તરફથી બોલવા લાગ્યો ત્યારે ઘણા લોકો તેની મશ્કરી કરવા લાગ્યા કોઇ કહે એને ગાંડું લાગ્યું છે. કેટલાએક ધર્માભિમાની લોકે કહ્યું કે, આ પાખંડી, ધર્મશાસ્ત્ર વિરૂદ્ધ બોલે છે. અમારા ધર્મ શાસ્ત્રમાં એવું કહ્યું છે કે પરમેશ્વરે માણસને સઘળા જનાવરો ઉપર આધિપત્ય આપ્યું તેથી તે માણસના ઉપયોગ સારૂજ પેદા કરેલાં છે. એવું જ્યારે ધર્મશાસ્ત્રથી પુષ્ટી મળે ત્યારે પછી પુછવુંજ શું? બધા લોકોએ મુગાં જનાવરનું ઉપરાણું કરનાર બિચારા હેનરીને પજવવા માંડ્યો! તે ન્યુયાર્કના રસ્તામાંથી જતો આવતો હોય ત્યારે સેંકડો લોકોએ તેના ઉપર પથરા માર્યા, તેના શરીર ઉપર કચરોપુંજો અને કાદવ વગેરે નાંખીને પોતાના મતનું સમર્થન કર્યું. પણ હેનરીબર્ગ ઘણો હિંમતવાળો અને દૃઢનિશ્ચયી માણસ હતો. તેના ઉપર ઘ-

ઘણાં વિઘ્ન આવ્યાં તોય હાથમાં પકડેલા કામથી દુર થયો નહીં. એમ કેટલાએક વરસ સુધી તેણે મેહેનત કરીને પશુ ઉપર જુલમ ન થાય એવી મતલબનો કાયદો કરાવી લીધો. એક દિવસે સાંજે ન્યુયાર્ક શેહેર જાણે ઉંઘમાંથી જાગ્યું હોય એમ થયું. એ શેહેરના રસ્તા ઉપરથી જતી આવતી પાંચશેં ગાડીઓને કોઇએ અટકાવી રાખીને તેને જોડેલા ઘોડાઓની તપાસ કરી તેમાંથી જે ઘોડા માંદા, લંગડા કે ઘણા અશક્ત માલમ પડ્યા તે તેના માલિકને પુછ્યા વિનાજ છોડી દીધા. ત્યાર પછીજ હેનરીબર્ગ કોણ છે, અને મુગાં પ્રાણીઓ ઉપર ગમે તે રીતે દુઃખ દેવાનો તેના માલિકનેએ અધિકાર નથી એ સર્વેના જાણવામાં આવ્યું, અને દયાળુ હેનરીબર્ગની મેહેનત સફળ થઇ. અમણા અહીંના લોકોના વિચાર મુગાં પ્રાણીઓને અનુકુળ થયા છે. માસચુસેટસની "ભુતદયા પ્રસારક" મંડળી એ કામમાં ઘણો શ્રમ લે છે. એ મંડળીનો પ્રમુખ જોર્જ ટી. એંજલ ઘણો ઘરડો છે, તોએ ફક્ત ધર્માર્થે મુગાં પ્રાણીના ભલાં માટે રાત દિવસ ઘણી મેહેનત કરે છે. તેના તથા બીજાં કેટલાંએક સજ્જન સ્ત્રી-પુરૂષોના ઉદ્યોગથી એ દેશ માંહેલા મુખ્ય મુખ્ય શેહેરોમાં એ મંડળીની સ્થાપના થઇ છે. પશુ અને પક્ષીઓ ઉપર જુલમ ન થાય માટે પુષ્કળ કાયદા થયા છે. છોકરાંઓમાં ભુતદયાનો પ્રસાર થાય વાસ્તે "બ્યાંન્ડસ ઓફ મર્સી" એટલે દયાનું જુથ સ્થાપન થયું છે. આજદિન સુધીમાં એવા છ હજાર ટોળા અસ્તિત્વમાં આવ્યા છે, અને તેમના હાથથી એ કામ ઘણું સપાટાબંધ ચાલી રહ્યું છે. આ-

પણ્ આ દેશમાં એવી મંડળીઓ હોવાની ઘણી જરૂર છે. અને છોકરાંને નાનપણથી પરોપકાર, ભૂતદયા, અને સઘળી વસ્તુનો સદુપયોગ કરવો એ શિખવવું જરૂરનું છે.

એવી રીતે મુગા જાનવરના હિતને સારૂ સજ્જનોનો પ્રયત્ન સર્વત્ર ચાલી રહેલો છે. તોય મનુષ્યેતર પ્રાણી ઉપર હજી એ પુષ્કળ જુલમ ગુજરે છે. નખરાંખોર સ્ત્રીઓ પોતાની ટોપીઓને સણગારવા સારૂ વરસમાં અસંખ્ય ખુબસુરત પક્ષીઓનો ભોગ લે છે. "અરે, પશુ પક્ષીઓ તો માણુસના ઉપયોગ સારૂ બનાવ્યા છે ત્યારે અમે તેનો મરજી પ્રમાણે ઉપયોગ કેમ ન કરીએ?" એવું ધર્મ શાસ્ત્રનું પ્રમાણુ દેખડાવનારા ઘણા લોકો આ દેશમાં મળી આવે છે. જીવતી મરઘીને વેચાતી લઈ ઘેર શાક રાંધવાને લઈ જતાં તેના પગ બાંધીને ડોકી નીચે લટકતી અને પગ ઉપર કરીને ઝુલતી લઇ જતાં તે પ્રાણીને કેટલું દુઃખ ભોગવવું પડતું હશે તે માણુસને બીલકુલ જણાતું નથી. એક દહાડો હું ફિલાડેલ્ફિયાના રસ્તા ઉપર ઉભી રહીને ગાડીની રાહ જોતી હતી, તેવામાં એક તેર ચૌદ વરસનો છોકરો જીવતી કુકડીના પગ હાથમાં પકડીને નીચે ટીંગાતી ડોકીએ મારાથી કેટલે છેટે ઉભો હતો તેને મેં દીઠો, ત્યારે મે તેની પાસે જઇને કહ્યું, "ભાઈ, તું આ કુકડાને માથું ઉંચુ રાખીને કેમ ઝાલતો નથી?" તેનો તેણે જરાર હશીને જવાબ દીધો, "તેના પગ પકડવાનું ઠીક પડે છે" ત્યારે મેં કહ્યું, "હ એમ કે? મને લાગે છે કે કોઈ તારા પગ પકડીને તને ઉંચો ટાંગી રાખે તો તને સારૂં લાગે વારૂ કેમ એ મારૂં અનુમાન ખરૂં છે કે ખોટું?" એ સાંભળીને છોકરો

ઉચર્યો, અને મારી શરમને લીધે તેણે એક પળવાર તેનું ડોકું સીધુ કર્યું. તે દિવસે સાંજે હુ મારે મુકામે ગઈ અને ત્યાં તે વાત કહી. તે સાંભળીને એક જુવાન મેહેતીજી બોલી:–" કૂકડાંને ઉંધાં ટાંગી મૂકવાની રીત છે અને તેજ બરાબર છે. " પણ એ વાતનો લગાર સંશય આવ્યો, કારણ કે ઉલટાં ટાંગી મૂકવાં એ સારૂં છે કે માઠું એ વિષે કૂકડાનો મત શો છે તે અમે તેને પુછી જોયું નથી. (આપણા દેશમાં એ કૂકડા, બતક વગેરેને ઉલટાં પકડવાનો નિર્દય ચાલ છે તે કહેવાની જરૂર નથી) જમવાના ઓરડામાં કોઈ કોઇ વાર ભિંતો ઉપર ચિત્રોને બદલે મરેલા મોર કે કબૂતરનાં મુડદાં માહે વરાળ ભરીને ઉલટાં ટાંગી મેલે છે. અને તરતજ પકડીને ખુટી સાથે ટાંગેલાં લોહી વેહેતાં માછલાં અને શિકારમાં મારી આણેલાં સસલાં કે હરણનાં ચિત્રો કહાડીને દિવાલ ઉપર ટાંગવાની રીત છે, તે સારી નથી એમ તો કહેવુંજ નહીં પડે. એવાં નિર્દયતાનાં ચિત્રો જોવાથી છોકરાંના મન ક્રૂર થાય છે. કોઈ કોઇવાર છોકરાનાં અને મોટાં માણસના ખેલ પણ ઘણા ક્રૂરપણાના હોય છે સુંદર તરૂણ સ્ત્રીઓ, કુમળાં છોકરાં, જુવાન પુરૂષો અને ખાધેર વયના વિદ્વાન ગૃહસ્થોએ મનોરંજનાર્થે માછલાં પકડવાને જાયછે. એક પાતળી સોટી અને લાંબી દોરી બાંધીને તેને છેડે જે લોઢાની આંકડી બાંધેલી હોય છે, તેમાં માંસનો કટકો ઘોંચે છે. એવી દોરીએ બાંધેલી આંકડીઓને ગલ કહે છે. તે પાણીમાં નાંખતાં બિચારાં ભૂખ્યાં માછલાં માછલી તે માંસ ખાવાની આશાએ પેલો આંકડી સાથનો માંસનો કટકો ગળી જાય છે, એટલે પેલી

આંકડી તેના ગળામાં પેસાઇને તેનો જીવ જાય છે. અને પછી "અહાહા! મારા ગલમાં માછલું આવ્યું": એમ ખુશી થતો પેલો નિર્દય આદમી તેને પાણીમાંથી કહાડીને તેના અંતઃકાળનાં તરફ-ડીઆ જોઇ પોતાની આંખોને ટાઢક વાળે છે! એ તેમનો ક્રૂર ચાલ જોઇને અહીંનો કોઈ દયાળુ બુદ્ધ દેવનો ઉપદેશક જઇને તે-મના મનનું વલણ ફેરવી નાંખે તો ઘણું સારૂં થાય, એમ લા-ગ્યા વિના રેહેતું નથી. *

એમેરિકન લોકામાં મનરંજન કરવાના ઘણા પ્રકારો છે. એ લોકો ઘણું કરીને ઘણા ઉદ્યોગી અને મહેનતુ છે. ત્યારે તેમને કામ કરી રહ્યા પછી થોડી મનરંજન કરવાની જરૂર છે. લાનૂટેનિસ્ નામનો ખેલ અહીનાં સ્ત્રી પુરૂષોને ઘણો વહાલો છે.

---

* હિંદુસ્તાન અને અમેરિકા, એ પૃથ્વીની બને બાજુએ એકબીજાથી ઉલટી દિશાએ આવેલા છે, તેથી અમેરિકન લોકોને આપણે ઉલટા એટલે નીચે માથું અને ઉપર પગ કરીને ચાલતા હોઇએ એમ લાગે છે. અને તેજ પ્રમાણે અમેરિકન લોક ઉલટા ચાલે છે એમ લાગતું આપણને સ્વાભાવિક છે. આપણા દેશમાં ભૂતદયાનો પ્રકાર અમેરિકન લોકોથી ઉલટો છે. તેઓ મનુષ્યેતર પ્રાણીને પીડે છે. આપણે તેને સારૂ પાંજરાપોળ બાંધીએ છીએ, ગૌશાળા સ્થાપીએ છીએ, માકણ, મચ્છર, ચાંચડ અને કીડીઓ ઉપર ઘણી દયા લાવીને તેને માણસનાં લોહીથી પોષીએ છીએ. સાપને દૂધ પાઇને તેની પૂજા કરીએ છીએ પણ માણસના જીવ વિષે આપણને કશુંએ લાગતું નથી. પડોશના ઘરમાં કોઇ

ટાઢમાં અને વસંતઋતુમાં એ ખેલથી લોકોના આખાં શરીરને સારી કસરત મળે છે. મરહટ્ટા બૉલબૅટ નામે રમત રમે છે, જે આપણા ગીલીદંડાને મળતી છે. તે તથા કુસ્તી કરે છે અને હોડીઓના હલેશાં મારવાની રમત રમે છે. ટાઢના દિવસોમાં નદી કે તળાવના ઠરી ગએલાં પાણી ઉપર સ્કેટ નામની રમત રમવાનો ચાલ છે જે વિષે પાછળ એક ઠેકાણે કહી ગયા છીએ. એ વિના ઉત્સવ અને બીજી છુટીને દિવસે બાયડા બચ્ચાં મળીને નાચવા તથા ગાવાનો ચાલ છે. સ્ત્રી પુરષોએ ફેશાને

મરી જાય છે ત્યારે આપણે બારણાં ઢાંકીને બેશીએ છીએ. કોઈ ઠેકાણે કોલેરા વગેરે રોગથી આપણો પડોશી પીડા ભોગવતો હોય ત્યારે તેની બરદાસ્ત કરવાને અણગમો થાય છે. આપણો સ્ત્રી વર્ગ તરેહવાર રોગના ભોગ થાય છે. પણ ઇંગ્રેજોની તાકીદ વગર આપણે તેમને સારૂ દવાખાનું કહાડતા નથી. આપણે ગાયને માતા સમાન સમજી તેને પગે પડીએ છીએ. પણ આપણા બચ્ચરાં અને આપણા છોકરાંઓની આયાને મરત માર મારીએ છીએ. આપણા રાજા અને ઠાકોરો ઇંગ્રેજોના ખાઈ પીને મસ્ત થએલાં છોકરાંઓને તથા ઇંગ્રેજ અધિકારીઓને મિજબાની આપવામાં લાખો રૂપીઆ ખરચ કરે છે; પણ ગરીબ અનાથ બાળકોને સારૂ અનાથ ગૃહો તથા ગરીબ નીરૂદ્યોગી લોકોના ગુજરાન સારૂ ઉદ્યોગશાળા સ્થાપવાની કલ્પના તેમના મનમાં આવતી નથી! ત્યારે જુવો ભૂતદયા કોની ઉંચા પ્રકારની આપણી કે અમેરિકન લોકની?

પરમેશ્વરે આપેલી ગાયન રૂપી બક્ષીસનો ઉત્તમ ઉપયોગ કરીને આનંદ પામવું એ સારૂં છે; પણ તેમની નાચવાની રીત સારી નથી. શેહેરોમાં અને નાના નાના ગામડામાંએ નાટકશાળાઓ હોય છે. એ લોકોને નાટક જોવાની ઘણી હોંસ હોય છે. કોઈ કોઈ વાર ગાયનશાળાઓમાં ગાયનનો સમારંભ થાય છે. તે વેળાએ ઘણી સારી વ્યવસ્થા રાખેલી હોવાથી ઘણા આબરૂદાર સ્ત્રી પુરૂષો ત્યાં જઈને ગાયન અને વાદ્ય સાંભળે છે. સાંજની વેળાએ અથવા ફાવે ત્યારે આબાલ વૃદ્ધ સ્ત્રી પુરૂષો સાર્વજનિક બાગોમાં જઈને સ્વચ્છ હવા ખાય છે. અમેરિકન લોકો નાટક અને બીજા ખેલો જોવાને ઘણા ઉત્સુક હોય છે ખરા; તોય આપણા અહીંના કેટલાક નિરૂદ્યોગી માણસની પેઠે માત્ર નાટકો જોવામાંજ પોતાના પૈસા અને જીંદગી બરબાદ કરતા નથી. તેઓ તેમનો ધંધો ઉદ્યોગ કરી રહ્યા પછી નવરાસની વેળાએ ગમતને સારૂ રમત રમે છે અને કામની વેળાએ અંગ નમાવીને કામ કરે છે.

વિદ્યા વ્યાસંગ.

ચીન દેશનું સ્વરાજ્ય એશિયા, યૂરોપ, આફ્રિકા, અને આસ્ટ્રેલિયા એ પાંચે ખંડ માંહેલાં સઘળાં રાજ્યોથી પ્રાચીન હોવાની સાથે આજ ચાર હજાર વર્ષો થયાં ટકેલું છે. મિશ્રી, હેલ્લેણી, રોમ, હિંદુસ્તાની ઇત્યાદિ પ્રાચીન રાજ્યો નાશ પામ્યાં. તેમાંનાં કેટલાંએક પરદેશી દુસ્મનોના પગ નીચે ચંપાયાં છે; કેટલાંએક બળવાન પરરાજ્યના શુકનને તાબેદાર થઇ પડયાં છે, અને

કેટલાંએકના તો નામ વિના બીજી કશી નીશાની રહી નથી, પણ ચીન દેશ અદ્યાપી સ્વતંત્ર છે તથા તેમાં સ્વરાજ્ય છે. કોઇ કોઇવાર જોરાવર પશ્ચિમના શત્રુઓ આગળ જો કે તે દેશને ડોકુ નમાવવું પડે છે, તોય તેને પોતાની પ્રજાની અને દેશની ઉન્નતી કરીને પશ્ચિમના દેશો સાથે ટક્કર મારવાનુ બળ આણવાની શક્તી છે; અને તે પ્રમાણે તે પોતાનો સુધારો પણ કરી લે છે. અમેરિકન, ઇંગ્રેજો અને બીજા યુરોપિયન લોકો ચીનાઓનો ગમે તેટલો અનાદર કરે, મશ્કરી કરે, કે નિંદા કરે તોય તેમને ચીનાથી ડરીને ચાલવું પડે છે. આજદીન સુધી ચીનાઓને પરચક્રની બ્હીક રાખવાનું કારણ નથી. હાલના નવા કાળમાન પ્રમાણે નવી મનુષ્ય સ્થિતીને પડનારો કેટલોક ફેરફાર કરીને જો ચીન પોતાના દેશને માંહેથી મજબૂતી આણે તો બહારથી આવનારી આફતથી તેને કશોએ ગેરલાભ થવાનો નથી એવું ખાસ દેખાય છે. તે દેશને એટલી મજબૂતી, એટલું સ્થાઇકપણું અને એટલું મહત્વ આવવાનું કારણ કયું? "વિદ્યા હશે તો જાતિભેદ રહેશે નહી" એવું ચીના લોકોનો ગુરૂ કન્ફ્યુશસ કહેતો હતો. તેના ઉપદેશ પ્રમાણે ચીનાઓએ અમુક જાત શ્રેષ્ટ છે, એમ ન માનતાં માણસની વિદ્યા અને સુનીતિ એજ તેની ખરી શ્રેષ્ટતાનાં કારણ છે એવું સમજીને અમીર ઉમરાવ અને વિશેષ જાતને હાથે કારભાર ન સોંપતાં જેની જેવી વિદ્યા અને વર્તણુક હોય, તેને તેવી યોગ્યતાનો અધિકાર આપવાની ચાલ છે. તેને લીધે ચીનાઓમાં ગરીબ અપ્રસિદ્ધ અને નીચ કૂળમાં જન્મેલા માણુસને સુદ્ધાં વિદ્યા અને નીતિમાનપણાથી મોટી

યોગ્યતાએ ચઢવાની આશા હોય છે. ચીન માંહેલી પુરૂષ જાતિમાં વિદ્યાની કીંમત છે. ત્યાંના સાધારણ મજુર અને કારીગરને પણ લખતાં વાંચતાં આવડે છે. જેને લખતાં વાંચતાં આવડતું નથી એવા પુરૂષો ઘણાજ થોડા મળી આવે છે. એવી રીતે વિદ્યા ઉપર જે દેશનો રાજ્ય કારભાર સ્થાપેલો છે, તે જોરાવર કેમ ન હોય ? જેના રેહેવાશી સતત ઉદ્યોગ ધંધો કરવામાં તત્પર છે અને જે કદીએ આળસુ ભીખારીઓને લાડ લડાવતા નથી, જે વિદ્યાને ચહાય છે તેમના દેશમાં સ્વરાજ્ય હોય એમાં નવાઇ નથી; તે ન હોય એ મોટી ચમત્કારીક વાત ગણાય. પ્લુટાર્ક નામના ઓક વિદ્વાને કહ્યું છે કે, ન્યુમાને બાંધેલી ન્યાયરૂપી સુંદર ઇમારત પડી ગઇ, કેમકે તે વિદ્યારૂપી પાયા ઉપર બાંધેલી નહોતી. ,, જેમાં બીજી સર્વ વાતો સારી છે. એવા રાજ્યની પડતી થવાનું કારણ બીજું શું ? તેની રાજનીતિને વિદ્યાનો મજબૂત પાયો આધાર ભૂત નહોતો, એનાથી તેને પડવાનું બળવત્તર કારણ બીજું કયું જોઇએ ? જે દેશમાં થોડાએક લોક વિદ્યા શીખે છે. અને તે પણ એક બે નીવડી કહાડેલીજ જાતો હોય–અને જ્યાં બાકીના લાખો અને કરોડો માણસો અજ્ઞાનના અંધકારમાં દટાઇ રહ્યાં હોય, તેમને ઉંચી પદ્વી મળવાની ફક્ત આશા કરવી એ ફોગટ છે. એવો દેશ પાયમાલ ન થાય એજ મોટી નવાઇ ગણાય.

ચીના પ્રમાણેજ યુનાઇટેડ સ્ટેટસના રાજકાર્ય ધુરંધરોને તથા નીતિના ઉપદેશકોને વિદ્યાની યોગ્યતા જણાઇ ગઇ છે. રાજ્યના સર્વ રેહેવાશીઓને કંઇ નહી તો લખતાં વાંચતા તો

આવડતું જોઈએજ તેના વગર આપણું સ્વરાજ્ય ટકશે નહીં એવું તેઓ સારી પેઠે સમજે છે. અને હમણા તો તેમને સ્ત્રીઓનેએ પુરૂષોની પેઠેજ વિદ્યા મેળવવાના રસ્તા ખુલ્લા કરી આપવાની જરૂર. જણાવવા લાગી છે. એ વાતમાં તેઓ ચીનાઓ કરતાં ચઢતા છે. સ્ત્રી શિક્ષણનું મહત્વ કેટલું છે, તે ધીમે ધીમે ચીનાદિક સર્વ દેશોને જણાઇ આવશે. યુનાઇટેડ સ્ટેટસનું બળ તૈયાર લશ્કરમાં તોપમાં કે તરવારમાં નથી; પણ તે દેશના રેહેવાશીઓની વિદ્વતામાં અને ઉદ્યોગ પ્રિયતામાં છે.

પિયોરિટન પંથના લોકો પોતાના દેશમાં સ્વતંત્ર વિચાર થી ધર્માચરણ કરવાનું બનતું નથી એમ જોઈને અટલાંટિક મહાસાગર ઓળંગીને અમેરિકામાં વસવા ગયા, ત્યારથી તેમણે પોતાનાં છોકરાંઓને વિદ્યા શિક્ષણ અવશ્ય મળવું જોઈએ એમ સમજીને નિશાળો સ્થાપિ. ચારસેં વરસ પેહેલાં માર્ટીન લૂથરે ખ્રિસ્તી લોકોને રોમન કેથોલિક ભટોની ગુલામીમાંથી છોડવવાનો પ્રયત્ન કર્યો. ત્યારથી યુરોપમાં સર્વ સાધારણ માણસને થોડી ઘણી વિદ્યા હોવાની જરૂર છે એ વાત માન્ય થવા લાગી. કપટી ભટોએ કરોડો ભોળા માણસોને ફસાવીને પાખંડની સાંકળોમાં સીકડી લીધા, તેનું કારણ અજ્ઞાન છે એવું સમજીને લુથરે સર્વ સમજી શકે એવી ભાષામાં બાઇબલનું ભાષાંતર કરીને, તે સધળાએ વાંચવું અને સ્વતંત્રપણે પોતાના વિચાર પૂર્વક ધર્માચરણ કરવું એવો ઉપદેશ કર્યો. ધર્મોપદેશકો કરતાં શિક્ષકોનું પદ વધારે મહત્વનું છે. એવું સમજીને લૂથરે કહ્યું હતું કે, " હું જો ઉપદેશક ન હોત તો ખચીત શિક્ષક

થયો હોત." 'સ્વતંત્ર વિચારથી ધર્માચરણ કરવા સારૂ લોકોને ધર્મ પુસ્તક વાંચવાની શક્તિ હોવી જોઇએ; અને કાયદેસર વર્તણુક રાખવાને દેશના કાયદા શા અને કેવા છે તે વાંચીને સમજી લેવાની શકતી હોવી જોઇએ.

પિયોરિટન પંથી લોકોએ અમેરિકામાં આવી રહ્યા પછી થોડે વરસે પોતાની વસ્તીના જે જે ગામોમાં પચાસ અથવા તેથી વધારે કુટુંબો હોય, ત્યાં દર પચાસે કુટુંબોએ એક શિક્ષક હોવો જોઇએ એવો નિયમ કર્યો. તે શિક્ષકે તે કુટુંબોનાં છોકરાં અને ચાકરોને લખતાં વાંચતાં શીખવવું અને તે ગામવાળાઓ-એ પેલા શિક્ષકનું ગુજરાન ચલાવવું એવો કાયદો કર્યો. એ પછી બીજી પસાયત બાળાઓએ માસચૂસેટસના રેહેવાશીઓનું ઉદાહરણ લઇને જોત પોતાની વસાયતમાં એવાજ કાયદા કર્યા. ઈ. સ. ૧૬૬૫માં માસચૂસેટસના લોકોએ પોતાના સંસ્થાનમાં સઘળે ઠેકાણે મફત ભણાવવાની નિશાળો સ્થાપીને ત્યાંના સર્વ રેહેવાશીઓએ પોતાનાં છોકરાં તથા પોષ્ય વર્ગને તે નિશાળોમાં શીખવા મોકલવાં જોઇએ એવા નિર્બંધ કર્યો. તે પછી બીજા સંસ્થાનિકોએ પણ એવાજ કાયદા કર્યા. તથાપિ દક્ષિણ માંહેલા વર્જિનિયા સસ્થાનની સ્થિતિ તે કરતાં જૂદી હતી. મફતની નિશાળો નહોતી અને છાપખાનાએ નહોતાં. સર્વ લોકોમાં વિદ્યા હીનતાનું પરિણામ તે અને તેવીજ બીજી બાબતોમાં ઘણું માઠું થયું તેનો ઈતિહાસ પ્રસિદ્ધ છે.

યુનાઇટેડ સ્ટેટસનું કેળવણી ખાતું જોકે સરકારી છે, તોય રાષ્ટ્રીય સરકાર સાથે તેનો કશો સંબંધ નથી. દરેક સંસ્થાનિક

સરકાર પોતપોતાનાં જાનપદ અને તેમનાં છોકરાંને વિદ્યા આપવાની જવાબદારી લે છે. અને પોતાને સોઇ પડે તેવી રીતે નિશાળો તથા વરિષ્ટ વિદ્યાલયો વગેરે સ્થાપીને તેનો ખરચ ચલાવે છે. એવી રીતે સઘળાં સંસ્થાનો તથા ઉપસંસ્થાનોમાં જૂદાં જૂદાં કેલવણી ખાતાં છે. આડત્રીસ સંસ્થાનો માંહેલાં અડત્રીસ સંસ્થાનોમાં શિક્ષક તૈયાર કરવા સારૂ મોટી મોટી અડાવન પાઠશાળાઓ (ટ્રેનીંગ કોલેજો) છે. ત્યાં શીખીને તૈયાર થયલા મેહેતાજીઓ અને મેહેતીજીઓ દેશ માંહેલી તમામ સરકારી અને ખાનગી નિશાળો માંહેના છોકરાંઓને શીખવે છે. પોતાના જાનપદને તથા તેનાં છોકરાંને વિદ્યા મળવાની જરૂર છે અને તેનો ખરચ કહાડવો એ સરકારનું કામ છે એવું સમજીને પ્રજાસત્તાક રાજ્ય સ્થાપન થતાંજ યુનાઇટેડ સ્ટેટસની સરકારે વિદ્યાને ઉત્તેજન આપવાના નિયમ કર્યા. ઇ. સ. ૧૭૮૫માં એટલે સ્વતંત્રતા મેળવવા સારૂ આ દેશને ઇંગ્રેજો સાથે ચાલતી લડાઇ બંધ પડતાંજ યુનાઇટેડ સ્ટેટસની દેશ્ય સભાએ દરેક સંસ્થાન માંહેલી સાર્વજનિક જમીનનો સોળમો ભાગ વિદ્યાખાતાનો ખરચ ચલાવવા સારૂ જુદો રાખી મુકવાનો નિર્બંધ કર્યો. ઇ. સ. ૧૮૪૮માં રાષ્ટ્રીયસભાએ નવો કાયદો કરીને વિદ્યાને વધારે ઉત્તેજન આપવા સારૂ બીજા છ કરોડ હેંશી લાખ એકર જમીન (૬,૮૦,૦૦,૦૦૦) સત્તાવીસ સંસ્થાનો વચ્ચે વેહેંચી આપી એ વિના પુષ્કળ સંસ્થાનિક વિદ્યાલયો સ્થાપન કરવાને બીજી અગણિત જમીન આપી છે તે જુદીજ. ઇ. સ. ૧૮૬૨માં સઘળાં સંસ્થાનોમાં ખેતીવાડી

અને ઉદ્યોગ ધંધાની કેળવણી આપવાની નિશાળો સ્થાપવા સારૂ વળી બીજી પુષ્કળ જમીન આપવામાં આવી. ઈ. સ. ૧૮૮૬ સુધીમાં રાષ્ટ્રીય સરકારે સંસ્થાન તથા ઉપસંસ્થાન માંહેલા કેળવણી ખાતાંના ઉપયોગ સારૂં આપેલી જમીન સાત કરોડ હેંશી લાખ (૭,૮૦,૦૦,૦૦૦) એકર એટલે ઈંગ્લાંડ, સ્કાટલાંડ અને આયર્લાંડ એ ત્રણ દેશ મળીને બનેલા ભૂ ભાગ કરતાંએ વધારે હતી. લોકોને કેળવણી આપવાના કામમાં જર્મની યુરોપના સર્વ દેશોમાં પેહેલે નંબરે છે. ત્યાં દર વરસે દશ કરોડ પાંત્રીસ લાખ (૧૦,-૩૫,૦૦,૦૦૦) રૂપિયા કેળવણી આપવાના કામમાં ખરચાય છે. બ્રિટનના સંયુક્ત રાજ્યની યોગ્યતા એ કામમાં જર્મનીની જોડે આવે છે. ત્યાં દર વરસે દશ કરોડ બે લાખ પંચોતેર હજાર રૂપિયા (૧૦,૦૨,૭૫૦૦૦) કેળવણીના કામમાં ખરચાય છે. યુનાઇટેડ સ્ટેટસની સરકાર દર સાલ સત્તાવીસ કરોડ નેવું લાખથી અઠાવીસ કરોડ હેંસી લાખ (૨૮,૮૦,૦૦,૦૦૦) રૂપિયા સુધીનો ખરચ કરીને પોતાના જનપદને કેળવણી આપે છે. એજ સરકારના લસ્કરી ખાતાંનો ખરચ વરસ દહાડે ચૌદ કરોડ દશ લાખ રૂપિયાનો છે. બ્રિટનના સંયુક્ત રાજ્યના લસ્કરી ખાતાનો દર વરસે તેંતાળીસ કરોડ પાંત્રીસ લાખ (૪૩,૩૫,૦૦,૦૦૦) રૂપિયા ખરચ થાય છે. એ ઉપરથી બ્રિટીશ સરકાર ફક્ત સંયુક્ત રાજ્યના લસ્કર માટે, યુનાઇટેડ સ્ટેટસની સરકારને તેજ કામ માટે થતા ખરચ કરતાં ત્રણ પટ કરતાંએ વધારે ખરચ કરે છે, અને યુનાઇટેડ સ્ટેટસની સરકાર ગ્રેટબ્રિટનની સરકારને કેળવણીખાતાં પાછળ થતા ખરચ કરે છે તે કરતાં અઢી કે પોણાત્રણ ઘણો

વધારે ખરચ કરીને લોકોને કેળવણી આપે છે, એમ જણાઈ આવશે. યુરોપ માંહેલી રાજ્યસત્તાનો જીવ લશ્કરમાં છે, અને યુનાઇટેડની પ્રજાસત્તાનું બળ અને પ્રાણ વિદ્યામાં છે. એજ એ આકાશને પાતાળ જેટલા તફાવતનું કારણ છે. જ્યાં લશ્કરી ખાતાંના ખરચ કરતાં વિદ્યા ખાતાંનો ખરચ વધારે એવો દેશ આખી પૃથ્વીમાં એકજ છે અને તે આ પ્રજાસત્તાક રાજ્યનો દેશ છે.

સાર્વજનિક સરકારી વિદ્યાશાળામાં ધર્મ સંબંધી શિક્ષણની એટલે જૂદા જૂદા પંથોનાં વિશેષ મતો શીખવવાની મનાઈ છે. દરરોજ સવારે નિશાળના કામની સરૂઆત થવા પહેલાં મુખ્ય મેહેતાજી કે મેહેતીજી બાઈબલનો થોડોએક ભાગ વાંચે છે, પણ તેના ઉપર વિવેચન કરવામાં આવતું નથી. કડવા રોમન કયાથોલિક પંથના લોકો વગર બીજા સર્વ લોકો પોતાનાં છોકરાં અને સાધારણ લોકોને વિદ્યા મળે એવું ચહાય છે. રોમન કયાથોલિક પંથના ધર્મગુરુઓ અસલથીજ વિદ્યાથી બીએ છે. કારણ વિદ્વાન લોક આંધળાની પેઠે આપણો ઉપદેશ માનશે નહીં, એવી તેના પક્કી ખાત્રી હતી. પણ યુનાઈટેડ સ્ટેટસના સાધારણ રોમન કેથોલિક પંથી લોકોને એ હમણાં હમણાં વિદ્યા પસંદ પડવા લાગી છે. તેઓ પણ પોતાનાં છોકરાંને સરકારી નિશાળોમાં મોકલે છે ત્યાં કોઈ તેનું મત શું છે તેની પંચાયત કરતું નથી તેથી રોમન કેથોલિક પંથનો વડો ધર્મગુરૂ પોપ પોતાની શિષ્ય મંડળીને આ ધર્મ બહારની સાર્વજનિક કેળવણી ન લેવાને આજ્ઞા પત્ર મોકલેલું તોપણ નિષ્ફળ થતું ચાલ્યું છે. વિદ્યા સરખા અમૃતમય પાંચ પકવાનથી ભરેલી થાળી ભૂખ્યા માણસના મોઢાં

આગળ મુકેલી હોય "તું એમાંથી ખાઇશ નહીં" એવું જો કોઈ તેને કહે, તો તે તેનું કહેવું પેલો ભૂખ્યો માણસ કેમ માનશે વારૂ ?

યુનાઇટેડ સ્ટેટસની સરકાર પોતાની ગાંઠના પૈસા ખરચ કરીને લોકોને વિદ્યા શીખવે છે, એવું ઉપર કહ્યું છે, પણ અહીંની સરકાર એટલે પ્રજાએ ચુંટી કહાડેલી શાસક મંડળી, અને તેની ગાંઠના એટલે જાનપદ પાસેથી મેળવેલો કર તે કામમાં વાપરવાનો. આપણા ઇંગ્રેજ રાજશાસિત દેશમાંએ પ્રજા વિદ્યા ખાતાનો ખરચ ચલાવવાને કર આપે છે પણ તેમના તે પૈસા ખરચ કરવા બાબત સરકાર પ્રજાનો મત લેતી નથી એટલુંજ નહીં પણ પ્રજા પાસે કર લેવાનો તે લઇને વળી તેમની પાસે છોકરાંને શીખવવા બદલ દર મહિને ગુરૂ દક્ષિણા (ફી)એ લે છે. ઇ. સ. ૧૮૮૦માં યુનાઇટેડ સ્ટેટસના સરકારી વિદ્યાખાતાનો જે ખરચ થયો, તેમાંના ચાર પંચમાસ ખરચ કરના પૈસાથી વસુલ થયો અને બાકી રહેલો એક પંચમાંસ શાળા સંબંધી જમીન વેચીને કે ગણોતે આપીને મેળવ્યો હતો. આ દેશના જાનપદ વિદ્યાખાતાના ખરચ સારૂ કર આપવો પડે તે ઘણા સંતોષથી આપે છે. એ ઉપરથી તેમની વિદ્યા વિષે કેવી અભિરૂચી છે તે સારી રીતે જણાઈ આવે છે.

સરકારી નિશાળો વગર બીજી હજારો ઉપલાં ધોરણો શીખવનારી નિશાળો બીજા સ્વતંત્ર લોકોએ સ્થાપેલી છે તેનો ખરચ ભણનારાંઓએ આપેલી ફી અને ઉદાર માણસોએ કરેલી બક્ષીસોથી ચાલે છે ને કેટલીએકને સરકાર તરફથી મદદ પણ મળે છે. ઘણીએક વરિષ્ટ શાળાઓને સરકાર તરફથી અધિકાર મળેલો

હોવાથી તેની વ્યવસ્થાપક મંડળીઓ પોતપોતાના વિદ્યાર્થીઓને યોગ્ય પદ્વીઓ આપે છે; એ વરિષ્ટ વિદ્યાલયની યોગ્યતામાં પુષ્કળ તાર તમ્ય છે. એક ઠેકાણે જે વિદ્યાલયને વિશ્વ વિદ્યાલયનું નામ આપેલું છે, તેજ પ્રકારના વિદ્યાલય બીજી જગાએ વરિષ્ટશાળામાં ગણાય છે. હારવર્ડ, કલંબિયા, કોર્નેલ, પ્રિન્સ્ટન, મિચિગન, ઓબર્લિન એવાં કેટલાંકએક વિદ્યાલયો વરિષ્ટ પ્રતીનાં વિશ્વવિદ્યાલયો કહેવડાવે છે. બીજાં વિશ્વવિદ્યાલયોની યોગ્યતા એના જેટલી નથી. આ દેશમાં પ્રાથમિક શીક્ષણની સાર્વજનિક શાળાઓ સાથે ઉપલાં ધોરણની નિશાળો, વિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયો મળીને ત્રણ હજાર પાંચસે પચાસ છે અને તેમાં આસરે પાંચ લાખ વિદ્યાર્થીઓ શીખે છે તેમાંના ત્રણસે ચોસઠ વરિષ્ટ વિદ્યાલયો અને યુનિવરસિટીઓ છે, તેમાં અભ્યાસ કરતાં સ્ત્રી પુરૂષોની સંખ્યા ઓગણસાઠ હજાર પાંચસે ચોરાણું છે.

ગયા વસ્તીપત્રક ઉપરથી એવું માલમ પડે છે કે, ઈ. સ. ૧૮૮૦-૮૧માં સરકારી અને ખાનગી વિદ્યાલયો મળીને યુનાઇટેડ સ્ટેટ્સમાં એક લાખ હેંશી હજાર સાતસે પચાસ (૧,૮૦,૭૫૦) નિશાળો હતી અને તેમાં કેળવણી આપનારા શિક્ષકોની સંખ્યા બે લાખ તોતેર હજાર હતી, તેમાંથી એક લાખ ચોપન હજાર ત્રણસેં પંચોતેર (૧,૫૪,૩૭૫) સ્ત્રીઓ હતી! ("સ્ત્રીઓની સ્થિતિ" એ વિષયમાં આ દેશની સ્ત્રીઓની વિદ્વત્તા વિષે માહિતીમાં વિસ્તારથી આપેલી છે) યુનાઇટેડ સ્ટેટ્સની સરકારના લશ્કરની સંખ્યા પચીસ કે ત્રીસ હજાર કરતાં વધારે નથી; પણ અજ્ઞાનપણા સાથે યુદ્ધ કરીને તેને જીતવાના કામમાં રાત્ર દિવસ

પ્રયત્ન કરનાર શિક્ષકોનું લશ્કર આસરે પોણાત્રણ લાખનું છે. ત્યારે આ દેશની ભાગ્યદશાની સદ્દોવિત ચઢતી કેમ ન થાય વારૂ ! એ ભવ્ય સેના જે દેશના વૈભવ અને જે જાતની સ્વતંત્રતાનું રક્ષણ કરવાને કંબર બાંધીને તૈયાર છે, તે દેશ અને તે જાત પૃથ્વી માંહેલા સર્વ દેશની માળામાં સર્વોત્તમ રત્નની પેઠે ઝગઝગે એમાં નવાઈ નથી. હું ઈ. સ. ૧૮૮૬ના સાલની શરૂઆતમાં ફિલાડેલ્ફિયામાં પહોંચી, ત્યારે માત્ર બે ત્રણ મહિનાજ અમેરિકામાં રહેવાનો મારો વિચાર હતો. તથાપિ પ્રસંગવશાત તે શેહેરની સાર્વજનિક નિશાળો જોવા ગઈ ત્યારે તેની વ્યવસ્થા, શીખવવાની શૈલી, શિક્ષકોની યોગ્યતા વગેરે જોતાં મને એટલો તો સંતોષ લાગ્યો કે, એ દેશમાં કેટલોક વખત રહીને એમાંના વિદ્યાખાતાની તથા શિક્ષણ સંરણીની માહિતી કરી લેવાનો ઠરાવ કરીને ત્યાંજ રહી. એ ઠરાવ પ્રમાણે ગયાં પોણાત્રણ વરસમાં હું જ્યાં જ્યાં ગઈ ત્યાંની ઘણીખરી પ્રાથમિકશાળા અને વરિષ્ટશાળા જોઇને શિક્ષણકળાની માહિતગારી મેળવી લેવાનો રીવાજ રાખ્યો. યુરોપ માંહેલા જર્મની, ઇંગ્લાંડ વગેરે મોટા મોટા દેશોમાં ઉંચી કેળવણી આપવાની પદ્ધતિ ઘણી સારી હશે, તથાપિ સાર્વજનિક સાધારણ કેળવણીના કામમાં યુનાઇટેડ સ્ટેટ્સની યોગ્યતા સર્વથી વધારે છે એમ કહી શકશે. અહીંઆની મેહેતીજીઓ ઘણું કરીને મર્યાદાશીળ, નિરહંકારી, આત્મસંયમી, ઉદ્યોગી, નિગ્રહીપણુ મમતાળુ અને નિશાળનો ઉત્તમ બંદોબસ્ત રાખનારીઓ છે તેમને પોતાની પદ્દીનું અને પોતાની નિશાળનું અભિમાન હોય છે; અને પોતાની નિશાળની લાયકાત વધારવાને સારૂ રાત્ર દિવસ મેહેનત કરે

છે. પોતાની શિષ્ય મંડળીને ભમ દેખાડીને જ્યાં ત્યાં જૂલમના રામરામ કરાવી લેવા કરતાં છોકરાંની પ્રીતિ મેળવીને તેમને સારી રીતે કેળવીને તેમના માબાપ પાસેથી વધારે સન્માન મેળવવામાં જ વધારે આબરૂ છે એવું તેઓ સમજે છે. બાઈઓને હાથે કેળવણીનું કામ આવ્યું ત્યારથી અહીંની ઘણીખરી નિશાળોમાંથી છોકરાંઓને સખત શિક્ષા કરવાનું બંધ પડયું છે. કેળવાયલા બઈરીઓ છોકરાંને માર માર્યા વગર તેમની પાસે ઉત્તમ કામ કરાવે છે તથા પોતાની આજ્ઞા પળાવે છે. કાન આમળવા, ચુંટીઓ દેવી; સોટીઓ મારવી, અંગુઠા પકડાવવા, અને પાટલા ભરવા ઈત્યાદી ક્રૂર શિક્ષા આ દેશની મેહેતીજીઓને બીલકૂલ માહિતજ નથી. કોઈ કોઈ ઠેકાણે નિશાળ જોવા જતાં ત્યાંનો એકાદ જીદ્દી છોકરો શિક્ષા ભોગવતો મારી નજરે પડયો તેની શિક્ષા એકાદ ઉંચી ખુરશી ઉપર પા કે અરધો કલાક ગુપચુપ બેશી રહેવાની છે. મોટામાં મોટી શરીર શિક્ષા કહીએ તો છોકરાંને કેટલીકવાર સુધી એક ખુણામાં ઉભો કરી મુકવાની છે. શિક્ષકોની પાઠ શીખવવાની છટા એવી તો કંઈ ઉત્કૃષ્ટ અને મનોરંજક છે કે. તે શીખવાને છોકરાં ઘણાં ઉત્સુક હોય છે, છુટી વિતીને નિશાળો ક્યારે શરૂ થશે, એવા ઉદગાર ઘણાં છોકરાંઓના મોઢામાંથી નિકળતા મારા સાંભળવામાં આવ્યા છે. શિક્ષકોનું શિક્ષણ એમ છોકરાંઓને પસંદ પડતું હોવાથી છોકરાં પાઠ શીખવાનું મુકીને એક ઉંચે ઠેકાણે હાથપગ જોડીને બેશી રહેવું એ મોટી શિક્ષા છે એમ લાગે એમાં નવાઈ નથી. એકાદ પાઠ શીખવાનું મૂકીને અમથું બેશી રહેવું પડશે, અને નિશાળનાં સર્વ છોકરાં આપણી ત-

૨૬ આંગળી દેખડાવશે અને મનમાંને મનમાં હસશે એ ડરને લીધેજ ઘણાક મસ્તીખોર છોકરાં ઠેકાણે આવે છે-તથાપિ અમેરિકામાંએ કેટલાક તોછડા સ્વભાવના મેહેતાજીઓ અને કેટલાંએક ઠોઠ છોકરાં છે એ વાત ભૂલવી ન જોઇએ.

સાધારણ શરૂઆતની કેળવણી આપનારી નિશાળોમાં લેખન, વ્યાકરણ, ઇંગ્રેજી વ્યાકરણ યુનાઇટેડ સ્ટેટ્સનો ઇતિહાસ, અંકગણીત, ભૂગોળ, નકશા તથા ચિત્રો કહાડવાં, શિવણકામ, વ્યાયામ, આરોગ્ય રક્ષણ વિદ્યા એટલા વિષયો શીખવવામાં આવે છે કોઇ કોઈ ઠેકાણે શિક્ષકની મરજી પ્રમાણે કેટલાંએક શાસ્ત્રય વિષયોએ શીખવે છે. વરિષ્ઠ શાળાના અધ્યત્વના વિષયો આપણા અહીંની ઇંગ્રેજી હાઇસ્કૂલ અને કાલેજો વગેરેના જેવાજ છે, માત્ર આપણા અહીંના જેવી ગોખણપટ્ટી ત્યાં નથી! સ્ત્રીઓની શાળામાં સાધારણ બીજા વિષયો સિવાય, ગાયન, વાદ્યવાદન, શિવણ, ચિત્ર લેખન અને બીજાં ઉપયોગી કામો શીખવે છે. સાર્વજનિક પ્રાથમિક શાળાઓમાં છોકરા અને છોકરીઓ એકઠાંજ શીખે છે અને વરિષ્ટ શાળાઓમાં પણ ઘણો ખરો એવોજ નિયમ છે. પણ કોઇ ઠેકાણે છોકરા અને છોકરીઓની નિશાળ જુદી છે. ઉત્તમ પ્રતિનાં વિશ્વ વિદ્યાલયોમાં એ સ્ત્રી પુરૂષોને એકઠાં અને એકજ પ્રકારની કેળવણી આપવાની ચાલ પડતી જાય છે. ઓબર્લિન, મિચિગન, કાર્નેલ અને બીજી પુષ્કળ યુનિવરસિટિઓમાં સ્ત્રીઓ પુરૂષની બરાબરીની કેળવણી લે છે, એને લિધે વિદ્યાર્થીઓને ઘણા ફાયદા થતાની સાથે

સમાજમાં નીતિમતાનો વધારો થાય છે. પહેલાં જે વિદ્યાલયમાં માત્ર પુરૂષોનેજ કેળવણી અપાતી હતી, તે ઠેકાણે બઈરાંઓનો પ્રવેશ થવાથી વિદ્યાર્થી વર્ગોમાં મર્યાદશીળપણું વધીને અશિષ્ટ વ્યવહારનો નાશ થયો છે અને થાય છે. આ દેશના શિક્ષકોમાંની વિદ્વાન શિરોમણિ મોટા વિદ્યાલયના પ્રિન્સીપાલે પોતાના વર્ષોનાં આ વાતના અનુભવ મેળવીને, હમણાં પોતાનું સ્ત્રીઓને અનુકૂળ મત આપ્યું છે. મિચિગન, કાર્નેલ, ઓબર્લિન વગેરે વિદ્યાલયના અધ્યક્ષ અને અધ્યાપકોએ આ વાતને પુષ્ટી મળે એવો મત પ્રદર્શીત કર્યો છે. ઇ. સ. ૧૮૮૪ની શાલમાં હર્વાર્ડ કોલેજનું ઐતિહાસિ વૃતાંત લખતાં હામ્પ્ટનની ઉત્કૃષ્ટ ઉદ્યોગશાળાના પ્રસિદ્ધ પ્રિન્સિપાલ જનરલ આર્મસ્ટ્રાંગ એમ કહે છે કે:—

"નીતિમતાની દુર્બળતા શરીરમાં બળ આણવાનો માર્ગ આ છે કે અનુકૂળ સ્થિતિમાં હોય એવી એકાદ વસ્તુને અફાળી જોયા પ્રમાણે હમેશ તેની પરીક્ષા કરતાં રહેવી જોઇએ. બે જાતિના પરસ્પર જાતે સંબંધ વિષે એમના મન માંહેલો માઠો વિચાર દૂર કરીને તેની જગાએ સારી સમજણ ભરીને તેને સારે રસ્તે લગાડવાની જરૂર છે. તે માત્ર કલ્પિત વાતો કહીને મોઢાનો ઉપદેશ કરીનેજ નહીં પણ પ્રત્યક્ષ દૃષ્ટાંત બતાવીનેજ કેળવણી આપીએ તોજ તે ઉપયોગમાં આવે. બે જાતિને (સ્ત્રી પુરૂષને) વેગળાં વેગળાં રાખ્યાથી તેમને અગાડી પોતાપોતામાં વ્યવહાર રાખવાનો જ્યારે પ્રસંગ આવે ત્યારે તેમનામાં વધારે અક્કલ હોતી નથી. તેમ કરવું કોઇએક છોકરાંને પાણીથી બીલકૂલ આઘા રાખીને તરવા સીખવ્યા જેવું છે. નિશાળમાં

સારો બંદોબસ્ત રાખીને એકાદ જાતિના છોકરા અને છોડીને એકત્ર કેળવણી આપવી એ નીતિની નજરે જોતાં ઠીક નથી, એવું જો કોઈના અનુભવમાં આવે તો તેણે તે જાતિની ઉન્નતી-ની આશા છોડી દેવી, એજ સારૂં. તે જાત અનીતિમાન થશે અને નાશ પામશે; એજ તેના નશીબમાં લખેલું છે. સ્ત્રીપુરૂષોને એકઠાં કેળવણી આપવા સારૂ નિર્મળી, નીતિમાન શિક્ષકને કીંમતી શાળાગૃહો હોવાની જરૂર છે એ વાત ખરી; તથાપિ એકાદી મનુષ્ય જાત શરીર મન અને નીતિમત્તા એ ત્રણે વાતમાં જોરાવર બનીને કાયમ રહે એવો જો આપણો ઉદ્દેશ હોય તો સભ્યપણું, ધાર્મિક આચરણ, અને કુટુંબના માણસોનો પરસ્પર વ્યવહાર એ એકત્ર કરવાથીજ તે ઉદ્દેશ સફળ થવાનો સંભવ છે. એવિના નહિં. જે ઠેકાણે સ્ત્રીઓને તથા પુરૂષોને સરખો હક્ક તથા પોત પોતાની યોગ્યતા દેખાડવા જેવા પ્રસંગ મળશે, તે ઠેકાણે આ એકઠી નિશાળો છે. અને તે ઠેકાણું એકબીજાની ઓળખાણ કરવાનું સારૂ સાધન છે. હામ્પટનનો અમારો અનુભવ ભાવી જુવાન સ્ત્રી પુરૂષોના પરસ્પર થનારા નાના તરેહના સંબંધ વિષે ઉંડો વિચાર કરવાનું કારણ થાય છે. અને નીતિ સંપન્ન કુટુંબ હોય તે પ્રમાણે એક બીજા સાથે વ્યવહાર રાખીને સ્ત્રી પુરૂષોએ એકજ ઠેકાણે અભ્યાસ કરવો, એ વાત અમને દિવસે દિવસે વધારે ઉત્તમ લાગે છે.

કેટલાંક વરસ પેહેલાં સાર્વજનિક અને સ્વતંત્ર શાળાની વ્યવસ્થા તપાસનારી મંડળીઓમાં સઘળા પુરૂષોજ હતા, તથાપિ છોકરાંને શિક્ષણ આપવાના કામમાં બઇરાંઓની ઘણી જરૂર છે

અને પોતાનાં બચ્ચાંને નીતિ વગેરેની કેળવણી કેવી-શી રીતે મળે છે, અને તે જોઇએ તેવી છે કે નહી, શિક્ષક નિતિમાન છે કે નહીં ઇત્યાદિ વાતની કાળજી છોકરાંની માને વધારે હોય છે એવું સમજીને વિચારવંત સ્ત્રી પુરૂષોએ કેટલાએક સંસ્થાનોમાં વિદ્વાન બઇરાંઓને શાળાઓના, વ્યવસ્થાપક અને પરિક્ષક કરેલાં છે. અને એ વ્યવસ્થાપક બાઇઓ વિદ્યા ખાતામાં ઘણો સુધારો કરે છે. સ્ત્રીઓને વિદ્યાખાતામાં અને બીજા સર્વ ખાતાઓમાં પુરૂષની બરાબરીનું કામ કરવાને તથા તે ખાતાઓની વ્યવસ્થા કેવી જોઇએ તે વિશે પોતાનો વિચાર જણાવવાની તક મળવાથી તે તે ખાતાઓની વ્યવસ્થામાં સુધારો થઇને દેશ આખાનું હિત થશે એવો વિચાર સાધારણ રીતે સર્વત્ર મજબૂત થઇને તે પ્રમાણે ઝટ કામો થવા માંડશે એવો રંગ દેખાય છે. ઇશ્વર કૃપાથી તે સફળ થાઓ. કારણ દેશનું ભલું થવાનું તે સમાજ રૂપી ગાડાનું એક પૈડું એક તરફ અને બીજું ગમે તે દિશામાં ચાલવાથી ન થતાં બંને પૈડાં બરોબર અને એકજ માર્ગે ચાલવાથી થશે, એ ઉઘાડુંજ છે. પુરૂષ એટલા જ્ઞાની અને તેમનેજ સર્વ બાતોનું ઉત્તમ જ્ઞાન છે એ વિચાર ખરા નથી. કેટલાંએક વરસ પેહેલાં અમેરિકાના મૂળના રેહેવાશી માંહેલી એક કોનેસ્ટોગા નામની જાતના (જેની સાથે મહાત્મા વિલિયમપેને હમેશા કાયમ રહેનારો દોસ્તીનો કરાર કરેલો છે તે) લોક પોતાના આગેવાન થઇને દરબારમાં બોલવા સારૂ બઇરાંઓનીજ યોજના કરતા હતા. તે ચાલ તે વેળાના ઇંગ્રેજ પુરૂષોને ઘણી નવાઈ ભરેલી લાગી અને તેઓને પુછયું "તમે

બઇરાંઓને બોલવા સારૂ સભામાં કેમ મોકલો છો ?" તેમનો પેલાઓએ જવાબ દીધો, " કેટલાએક બઇરાં કેટલાએક પુરૂષો કરતાં વધારે જ્ઞાની હોય છે." બસેં ત્રણસેં વરસ ઉપર એક જંગલી જાતને જે સત્ય સ્પષ્ટપણે માલિમ હતું, તે અમેરિકન જેવી સભ્ય શિરોમણી જાતનો ફક્ત હાલમાંજ જણાવવા લાગ્યું છે, તથાપિ તે અમેરિકન પ્રજાના લક્ષમાં હજી સુધી પૂર્ણપણે આવ્યું નથી. અહીંઆના કેળવણી ખાતામાં અને બીજી ઘણી બાબતમાં દિવસે દિવસે વધારે સુધારો થતો જઇને તેમા ઉત્તમતા પ્રાપ્ત થવા લાગ્યું છે, તેનું કારણ મુખ્યત્વે કરીને જે તે ખાતોનો સુધારો કરવાને કેળવાયલી અને સભ્ય સ્ત્રીઓ રાત દિવસ મેહેનત કરીને અંતઃકરણથી તેની કાળજી રાખે છે, તે છે. અહીંના નિષ્પક્ષપાત વિચારવંત પુરૂષો આ વિચારને ટેકો આપનારા છે.

આ દેશના સઘળા ગોરા રેહેવાશીઓમાં જેને સાધરણ રીતે લખતાં વાંચતાં આવડતું નથી, એવા લોકોની સંખ્યા ઘણીજ થોડી સેંકડે નવાણું મરદો અને સેંકડે એકાણું સ્ત્રીઓને લખતાં વાંચતાં આવડે છે. લખતાં વાંચતાં આવડનારી સ્ત્રીઓની સંખ્યા પુરૂષો કરતાં લગારેક ઓછી છે, તેનું કારણ કંઈ બઇરાંની અક્કલ અને મગજની કમતાઈ નથી. તથાપિ તેઓને સાધારણ વિદ્યા શિખવાનો માર્ગ મોકળો થતાં હજી સાઠ વરસ થયાં નથી. અને ઉપલા દરજ્જાની કેળવણી મળવા લાગ્યાને તો હજી ત્રણ દાયકાએ પુરા નથી, તે છે અને પુરૂષને વિદ્યા શિક્ષણ મળવાનો રસ્તો તો એ રાષ્ટ્ર સ્થાપન થયાની પેહેલાં સેંકડો વરસ-

થી ખુલ્લોજ હતો. એટલા થોડા (પચાસ સાઠ વરસમાંજ) વખતમાં બઇરાંઓએ તરેહવાર વિપત્તિ ભોગવીને, લોકાપવાદ અને હજારો વિઘ્નો સાથે ઝુઝીને વિદ્યામાં પુરૂષોની બરાબરી કરવા એટલી મજલે આવી પહોંચ્યાં એ ઉપરથી તેમની બુદ્ધિની તિવ્રતા, દિર્ઘ ઉદ્યોગીપણું અને અડગ ધૈર્ય કેટલાં ચોખાં છે તે જણાઈ આવે છે. ઈ. સ. ૧૮૭૧ના વરસમાં સ્ત્રીઓને મધ્યમ. અને વરિષ્ટ કેળવણી મળવાસારૂ સ્થપેલી નિશાળોની સંખ્યા એકસો પંચોતેર હતી, અને તે ઈ. સ. ૧૮૮૦માં બસે સત્તાવીસ સુધી વધી ગઈ; ને ત્યારપછી ગયાં આઠ વરસમાં બીજી સેંકડો વરિષ્ટ શાળાઓ સ્ત્રીઓનેજ માટે સ્થાપવામાં આવેલી છે. એ ઉપરથી પ્રસંગ મળેથી વિદ્યા શીખવા માટે બયરાં કેટલાં ઉત્સુક હોય છે, તે સમજાશેજ. એ ઉત્તમ સ્ત્રી શિક્ષણના વધારાથી યુનાઇટેડ સ્ટેટસના પ્રજાસત્તાક રાજ્યને કેટલું તેજ અને કેટલી દૃઢતા આવી ને આવશે, એનો માત્ર અડસટ્ટો એ કોનાથી થશે? ઈ. સ. ૧૮૮૦ના વરસમાં નિશાળોમાં વિદ્યાની જૂદી જૂદી શાખામાં શીખનારા માણસોની તપશીલ આ પ્રમાણે હતી:—

દેશના સમગ્ર રહેવાશીઓ માંહેલા દર પાંચ માણસે એક નિશાળે જઇને પ્રાથમિક કિંવા સાધારણ કેળવણી લે છે. દર બારસેં પંચાવન માણસે એક માણસને મધ્યમ દરજ્જાની કેળવણી મળે છે. દર આઠસેં બેતાળીસ માણસમાં એકને કાલેજ અને યુનિવર્સિટી માંહેલું ઉત્તમ પંકિત શિક્ષણ મળે છે; દર એક હજાર આઠસેં અડતાલીસ માણસે એક માણસને વેપાર ધંધાની

કેળવણી આપવામાં આવે છે; દર ચાર હજાર ,ત્રણસે એકવીસ માણસે એક શાસ્ત્રીય વિદ્યાનો અભ્યાસ કરે છે; દર નવ હજાર પાંચશે અડસઠે એક માણસ ધર્મ શાસ્ત્ર શીખે છે. દર સોળ હજારે એક માણસ કાયદાનો અભ્યાસી છે. એ ઉપરથી અમેરિકન લોકોને વિદ્યાની કેવી ભડાસ લાગેલી છે અને વિદ્યાનાં પ્રમાણમાંજ આપણા દેશની ચઢતી કે પડતી થશે તે તેમના મનમાં કેવો મજબૂત વિચાર બંધાયો છે તે ખૂલે ખૂલ્લું જણાય છે.

કેટલીક મુદતથી કેટલાંક વિચારવંત સ્ત્રી પુરૂષોએ છોકરાને સાક્ષર કરવાથીજ વિદ્યા આપ્યા જેવું થતું નથી; પણ વિદ્યા સફળ થવા સારૂ વિદ્યાર્થીને પુસ્તકી જ્ઞાનની સાથે ઉદ્યોગ હુનરની કેળવણીએ આપવી જોઈએ, ત્યારેજ કેળવણીને ખાતે ખરચ થતા કરોડો રૂપિયા તથા લાખો માણસની મેહેનતનું સાર્થક્ય થશે, એવું સમજીને સાધારણ નિશાળોમાં ઉદ્યોગ ધંધાની કેળવણી આપવાની શરૂઆત કરેલી છે. જર્મની માંહેલા મોટા મોટા તત્વવેત્તા અધ્યાપકોનુએ એજ મત હતું. ફ્રોબેલ નામના પ્રસિદ્ધ શિક્ષક "કિંડર ગાર્ટન" નામની શિક્ષણ પદ્ધતિનો ઉત્પાદક એમ કહે છે કે, માણસને બાળપણથીજ શિક્ષણ મળે, તે એવું હોવું જોઇએ કે, તે વડે માણસના હાથ, પગ બુદ્ધિ, દૃષ્ટિ, કાન અને વાચા, અને આખું શરીર તથા મન એ સરખાં ઉપયોગમાં આવીને તે સરખાજ પરિણામથી સબળ થાય. ધાવણાં બાળકો વસ્તુ જોઇને ઓળખવા માંડે, એટલે તેની જોડે બોલતાં, રમતાં વગેરેથી તેમને ઉત્તમ વલણ આપવા તરફ તથા

શારિરિક અને માનસિક શિક્ષણ આપવા તરફ મા બાપનું ધ્યાન હોવું જોઇએ. અને બાળપણથી એવું સર્વાંગ સુંદર શિક્ષણ મળવાથીજ માણસની ખરી ઉન્નતિ થનાર છે. વાસ્તે ફ્રોબેલ કહે છે કે, છોકરાની કેળવણી સર્વસ્વ તેમની મા ઉપર આધાર રાખે છે. માતાઓને જ્યાં સુધી કેળવણી અને નીતિજ્ઞાન મળશે નહીં ત્યાં સુધી તેમના છોકરાંની સર્વ સાધારણ સમતોળ અને ઉન્નતિ થશે, એવી આશા રાખવી ફોગટ છે.

માસચ્યુસેટ્સ સંસ્થાન માંહેલી પ્રખ્યાત મિસ્ ઇલિઝાબેથ પીબડી નામની મહામાન્ય ડોશીને આ દેશના લોકો "બાળશિક્ષણની માતા" કહે છે. આ સજ્જન ડોસીએ તરેહ તરેહવાર વિપત્તિ ભોગવીને અને વિઘ્નો તથા વિરૂદ્ધ લોકમત સાથે મથન કરી ઘણા વરસ સુધી દીર્ઘ પ્રયત્ન કરીને આ દેશમાં ફ્રોબેલની કિંડર ગાર્ડન" શિક્ષણ પદ્ધતિનો ફેલાવો કર્યો. આસરે બે વરસ ઉપર મારે એ બાઇ જોડે મુલાકાત થઈ હતી. તેની ઉંમર હાલમાં છ્યાશી વરસની પાસે પાસે છે અને શરીર પ્રકૃતિ છેક અશક્ત છે. જો કે તેનું શરીર ઘડપણને લીધે શિથિલ થઇ ગયું છે તોય તેના મન અને બુદ્ધિ તરૂણ છે. વિદ્યાશિક્ષણ વિષે બોલતાં તેનો ચ્હેરો ખુશી ભર્યો દેખાતો હતો તેણે મને પોતાના બાળપણનો અનુભવ કહ્યો. તેની મા ઘણી સુશીલ વિચારવંત અને પ્રેમાળ બાઇરી હતી. તેણીએ પોતાની છોકરીને ઘરમાંજ ઘણી ખરી કેળવણી આપી હતી. તે હેતાળ માડીના અનુગ્રહ વડેજ ઇલિઝાબેથ આજે મોટી યોગ્યતાએ ચઢીને આ દેશમાંહેલી વિદ્યારૂપી ઇમારત બાંધનારાઓ માંહેલી મુખ્ય માણસોમાં તેણી

ની ગણના થાય છે. પોતાની મા વિષે કહેતાં આ પીબડી ડોસીનું મોઢું આનંદથી પ્રફુલિત થયું અને તે લગાર વાર પોતાનું ઘડપણ વીસરી જઇને બાળપણમાં ગયા જેવું સુંદર દેખાવા લાગ્યું. ઇલિઝાબેથ પંદર સોળ વરસની હતી ત્યારથીજ પોતાનું ગુજરાન ચલાવવા સારૂ કામ કરવાનું તેને નશીબે આવ્યું ત્યારથી તે છોકરાંઓને વિદ્યાશિક્ષણ આપવા લાગી. ત્યારપછી કેટલેક વરસે તેના હાથમાં થોડાએક પૈસાનો સંગ્રહ થવાથી વળી પાછો સારો અભ્યાસ કર્યો, અને યુરોપ ખંડમાં જઇને ત્યાંની ઉત્તમ શિક્ષણ પદ્ધતિની માહિતિ મેળવી. જર્મની-માં જઇને તેણે ફ્રોબેલની પદ્ધતિનો અભ્યાસ કર્યો. ત્યારે તેની ખાત્રી થઇ કે, આ પદ્ધતિથિ છોકરાને નાનપણથી ઉત્તમ વલણ આપીને તેમની નિતિ, વિદ્યાશિક્ષણ અને તે વડે તેનાથી થતી તેમની ઉન્નતિનો પાયો મજબૂત કરવો ઘટે છે એ વગર હાલી પુસ્તક વિદ્યાથી કશો ફાયદો થવાનો નથી. ત્યારપછી તેણે સ્વદેશમાં આવીને સેંકડો ઠેકાણે આ વિષય ઉપર ભાષણો કર્યાં. હજારો બાઇઓને "કિંડર ગાર્ટન" પદ્ધતિની કેળવણી આપી; અને પોતે પણ છોકરાંઓને વિદ્યા શીખવી. હવે તેની મેહેનત નું સાર્થક થવા માંડયું છે. અને તેના જીવતાંજ તેના ઉદ્યોગના અમૃત ફળો તેના સ્વદેશી લોકોને ખાવા મળતાં જોઇને તેને સતોષ થાય છે. અને એને જોઇને મને પણ ઘણો આનંદ થાય છે. પોતાની મેહેનત સફળ થએલી જોવાની તક જેને મળે છે એવા મહાભાગ્યશાળી માણસો ઘણાજ થોડાં હોય છે. સેંટ લુઇસ, ફિલાડેલ્ફિયા, બોસ્ટન વગેરે પ્રખ્યાત વિદ્યા પીઠમાંના

સાર્વજનિક વિદ્યા ખાતામાં "કિંડરગાર્ટન" શિક્ષણ પદ્ધતિ ચાલુ થઇ છે. અને બીજા શેહેરોમાં એ ઝટ ચાલુ થશે એવાં ચિન્હો જણાય છે. સેંટ લુઇસિ મધ્યે આજ બાર વરસ થયાં એ પદ્ધતિ સાર્વજનિક વિદ્યાખાતામાં દાખલ થવાથી ત્યાંની સાર્વજનિક શાળા આ દેશની એવી બીજી બધી શાળાઓ કરતાં ચઢતા દરજ્જાની થએલી છે. ઇ. સ. ૧૮૮૭માં ચિકાગો શેહેરમાં . અને આ વરસે (૧૮૮૮માં) સાન્ ફ્રાન્સિસ્કો શેહેરમાં રાષ્ટ્રીય શિક્ષક સભા તરફથી નિશાળ માંહેલા ખરડા, ચિત્રો, નકશા વગેરે નિશાળીઆઓએ બનાવેલી વસ્તુઓનાં પ્રદર્શન ભરાયાં, તેમાં સેંટ્ લુઇસની નિશાળને પેહેલા નંબરનું ઇનામ મળ્યું. એ ઉપરથી ફ્રોબેલની પદ્ધતિ ઘણી ઉત્તમ છે અને તે સર્વ વિદ્યાના પાયાની જગાએ છે, એમ સઘળા સમજવા લાગ્યા છે. લોકોની સ્વતંત્ર નિશાળોમાં જેવો આ પદ્ધતિનો પ્રસાર થયો છે તેવો સરકારી નિશાળોમાં થયો નથી, પણ તેમાં એ વેહેલી દાખલ થશે એવું અનુમાન થાય છે. મિસ્ પીબડીની પાછળ પ્રોફેસર આડલર અને કર્નલ પાર્કર વગેરે શિક્ષકો પુસ્તકી વિદ્યાની સાથે ઉદ્યોગ શિક્ષણ આપવાની અગત્ય છે એ તત્વ પ્રમાણું સિદ્ધ કરી દેખાડવા લાગ્યા. ન્યુયાર્ક શેહેરમાં ડાક્ટર આડલરે એક ઉત્તમ શાળા સ્થાપેલી છે. તેમાં છોકરાંઓને બને પ્રકારની કેળવણી આપવામાં આવે છે અને તે તેમને ઘણી ગમે છે. કર્નલ પાર્કર ચિકાગો શેહેરની પાસે આવેલી "કુક કાઉંટી નાર્મલ સ્કૂલ"નો વરિષ્ઠાધ્યાપક છે, ને હજારો સ્ત્રી પુરૂષ શિક્ષકો એ કા-

કરાંને ઉદ્યોગ શિક્ષણ કેમ આપવું તે શીખવે છે. તેની પદ્ધતિ પણ પ્રશંસનીય છે.

અહીં ઉદ્યોગ શિક્ષણ કહ્યું છે તેનો અર્થ સુથારી, લુહારી વગેરે ધંધાનું શિક્ષણ સમજશો નહીં. એ પ્રકારનો ધંધો શીખવવાને ઘણીક સ્વતંત્ર અને સરકારી નિશાળો સ્થાપેલી છે, છોકરાંને લખતાં વાંચતાં શીખવતાંજ સાથે સાથે હાથવડે કામ કરતાં, આંખ વડે આકૃતિ વગેરે જોઇને તેનું ચિત્ર કહાડતાં અથવા પલાળેલી માટીનાં પુતળાં બનાવવામાં હથિઆરનો ઉપયોગ કરવા વગેરેનું શીખવીને તેના મગજની સાથેજ હાથપગ વગેરેના સ્નાયુઓ એમ મજબુત કરવાં એજ આ ઉદ્યોગ શિક્ષણનો અર્થ છે. એ વડે માત્ર સ્નાયુજ મજબૂત થાય છે એમ નથી પણ છોકરાંઓનું મનરંજન થઇ તેમને કયા પ્રકારના શિક્ષણની રૂચી વધારે છે તે સમજવાથી તેમને તેને લાયક ઠેકાણે મોકલીને તેમને જોઇએ તેવું વિદ્યાનું કે ધંધાનું શિક્ષણ આપવાનું ઠીક પડે છે. જે છોકરાઓને ગણિતમાં ગતિ થતી નથી તેઓને કદાચિત ચિત્રકળા કે નકશી કામ ઉત્તમ રીતે શીખવી શકાશે અને જેમને ચિત્ર કહાડતાં આવડતું નથી તેમને કદાચ ઉત્તમ પુસ્તક વાંચતાં આવડશે વગેરે બાબતો જાણી લેવાને એવી કેળવણી ઘણી જરૂરની છે, બોસ્ટન, ફિલાડેલ્ફિયા, ન્યુયાર્ક, ચિકાગો, સેન્ટ લુઇસ ઈત્યાદિ શેહેરોમાં એવી કેળવણી આપવાની સ્વતંત્ર નિશાળો સ્થાપેલી છે. માસચુસેટસ સંસ્થાન માંહેલા "કિવન્સી" ગામમાં એક મોટી૰નિશાળ છે તેમાંની શિક્ષણ પદ્ધતિ એવીતો કંઈ ઉત્તમ છે કે, તે વડે નાના મોટા છોકરાંઓને પુસ્તકી વિદ્યાની સાથે વ્યવહારિક જ્ઞાન મળીને

ઉદ્યાગની અભિરૂચી થાય છે તે પદ્ધતિનું "કિવન્સી મેથડ્" એવું નામ પડેલું છે. વર્જિનિયા સંસ્થાન માંહેલા હામ્ટન ગામમાં જનરલ આર્મસ્ટ્રાંગની મેહેનતથી એક ખેતીવાડીની નિશાળ સ્થાપન થઈ છે. તેમાં જંગલી ઈંડિઅન તથા ગુલામીપણામાંથી તરતના મુક્ત થએલા અરધા જંગલી નિગ્રો, એ બંને જાતના છોકરા, છોકરીઓને પુસ્તકી વિદ્યાની સાથે ઉદ્યોગ શિક્ષણ મળે છે. હામ્ટનની નિશાળ ખેતીવાડીની નિશાળ છે ખરી, પણ તેમાં બીજા એ ઉપયોગી ધંધા શીખવાય છે. ત્યાં શીખીને તૈયાર થએલાં છોકરાં જંગલી સ્થિતિમાંથી નીકળીને ફરીથી જન્મ લીધાની પેઠે શિષ્ટાચાર સંપન્ન અને ઉદ્યોગ પ્રિય બને છે. અને તે કોઈ પણ સભ્ય સમાજમાં જઈ રહેવાને લાયક હોય છે એ ઉપરથી પુસ્તકી વિદ્યાની જોડે ઉદ્યોગ શિક્ષણ હોય ત્યારે તે બંને એકઠી શક્તિનો પ્રતાપ કેટલો છે તે જણાઈ આવે છે.

છોકરાંઓ કેટલાંએક વરસ સુધી માત્ર નિશાળે જઈને આવેથીજ સંસારી કામોમાં કેળવાતાં નથી. નિશાળની કેલવણી આગલાં કર્તવ્યનું દિગદર્શન કરી આપે છે. અગાડી તત્વજ્ઞાન શીખનારને મૂળાક્ષરના પહિા જેમ અક્ષરનું ઓળખાણ કરાવીને જ્ઞાનના ભંડારનો દરવાજો ખુલ્લો કરી આપે છે તેવીજ તે શાળા માંહેની વિદ્યાથી વ્યવહારિક અને શાસ્ત્રીય જ્ઞાનના દરવાજા ખુલ્લા થાય છે. તે ઉઘડેલા દરવાજામાં પેશીને જ્ઞાનરત્નો શોધીને લેવા સારૂ માણસોએ સતત ઉદયોગી થવું જોઇએ, તે રત્નો મેળવી આપનારાં સાધનો જૂદાંજ છે; એ સાધનોમાં મુખ્ય કહીએ તો તે એ છે તે વર્તમાનપત્રોનું વાંચન અને પ્રાચીન તથા અર્વાચીન ગ્રંથોનું

પરિશીલન છે. અહીંના લોકોને નિશાળોમાં વિદ્યા મેળવવાની જે-વી સવડ છે તેવીજ નિશાળેથી ઉઠી ગયા પછી પુસ્તકાદિ વાંચન વડે ઘણી તરેહનું ઉપયોગી જ્ઞાન મેળવવાનાં એ સાધનો પુષ્કળ છે. પિપ્યુરિટન લોકોએ અહીં વસ્તી કર્યાની સાથેજ વર્તમાનપત્રો વાંચવાનો પ્રઘાત પડ્યો. તેઓ મૂળથીજ રાજકાર સ્થાની હતા, અને રાજ્યમાં થતી ચાલમેલ તથા નવી વાતો જાણવાની તેમને ઘણી હોંસ હતી. અગાડી અહીં રાજ્યાંતર થવાનો વખત આવ્યો ત્યારે ન્યુ ઈંગ્લાંડ પ્રાંત માંહેલા સ્ત્રી પુરુષો અને છોકરાંઓ પણ આપણા દેશમાં શી શી વાતો બને છે તથા લડાઈમાં કોનો જય અને કોનો પરાજય થયો, ફિલાડેલ્ફિયાની રાષ્ટ્રીય સભામાં કોણે કોણે કેવાં ભાષણ કર્યાં, ઈત્યાદિ વાતો જાણવાને ઘણી ઉત્સુકતા-થી વાટ જોતા હતા. આ દેશમાં, પહેલાં લખેલાં વર્તમાનપત્રો નીકળવા લાગ્યાં ને પછી છાપેલાં પત્રો નીકળવાની શરૂઆત થઈ પ્રજાસત્તાક રાષ્ટ્રમાં—જ્યાં દરેક માણસને **આ દેશ મારો** છે એના હિતાહિત સાથે આપણો ઘણો નિકટ સંબંધ છે, અને એમાં ચા-લના કાયદાકાનુન કરવામાં અને તેની ચડતી દશા જેથી થાય એવી નવી વાતો કરવામાં આપણો હાથ છે, એમ સારી રીતે સમજે છે. લોકોને દેશમાં બનતા બનાવો જાણીને પછી તેમાં અમારી આપણું કર્તવ્ય શું છે તેનો નિશ્ચય કરવાની ઉત્કટ ઈચ્છા હોય એ ઠીક છે. તેમને તે જરૂરની વાતો જણાવવાને વર્તમાન પત્રો જેવાં ઉત્તમ સાધન બીજાં નથી.

એ દેશમાં રશિયાના ઝારનો કે હિંદુસ્તાન માંહેલા લિટન જેવા સાહેબના રાજ્યમાં હોનારો "પ્રેસ એક્ટ" એટલે વર્તમાન

પત્રદ્વારાએ લોકોને પોતાના વિચાર ખુલ્લી રીતે જણાવવાની બંધી નથી. અને જ્યાં સુધી અહીં પ્રજાસત્તા હશે ત્યાં સુધી તેવી બંધી કદીએ થનારે નથી. સર્વ લોકોના સુખ દુઃખની વાતને, જેની સાથે નિકટ સંબંધ છે, એ બાબત જ્યારે લોકોએજ ખુલ્લી રીતે પોતાનો વિચાર જણાવવો ત્યારે તે જણાવવો તે કોણથી, જેને લોકો પાસે જૂલમથી જુહાર કરાવવાના છે, જેને પ્રજાના પેટ ઉપર પગ મૂકીને પોતાનુંજ ડોઝરૂં ભરવાની છે, એવાઓને જ "પ્રેસ એકટ" સરખા કુત્સિત કાયદાની જરૂર જણાય છે. આ દેશમાં જે તે પોતાનો મત ખુલ્લી રીતે કહે છે. પ્રેસિડેન્ટ ક્લીવલંડને આયાત માલ ઉપરની જગાત કહાડી નાંખવાનું લાગ્યું, પણ તે એકાદ રસ્તો ઝાડનાર કે મોચીને રૂચ્યું નહીં તો તે એ-કદમ પ્રેસિડન્ટ સાહેબની ભૂલ સુધારે છે અને મિ૦ ક્લીવલંડ પ્રેસિ-ડન્ટ છે, તેથી તેની ભૂલ કહાડી દેખાડવાને અચકાતો નથી. ઘેરઘેર રસ્તામાં, દુકાનોમાં, ગલીકુંચીમાં, શ્રીમંતોના મેહેલમાં અને ગરી-બની ઝુંપડીમાં જ્યાં જોશો ત્યાં દરરોજ નીકળનારાં, સપ્તાહિક, પાક્ષિક અને માસિક પત્રો લોકોના હાથમાં નજરે પડે છે. ભાડુતી ગાડીવાળાને કોઈ જણાએ ગાડી ઉભી રાખીને કોઈની વસ્તુ જો-વાની હોય ત્યારે તે લાગલોજ ગજવામાંથી કહાડીને વર્તમાનપત્ર વાંચવા માંડે છે. રંધવારેણ, મજુરણ, ઘોબી, દરજી, ભાડુવાળા, કોયલા વેચનાર, ધુમાડિયાં સાફ કરનાર વગેરે સઘળા લોકો વ-ખત મળે છે ત્યારે વર્તમાનપત્રો વાંચે છે. સવારે ને સાંજે તેઓ ઘેર જમવા આવે ત્યારે અથવા નાસ્તો કરતાં કરતાં એક હાથમાં વર્તમાનપત્ર લઈને વાંચતાં વાંચતાં ખાય છે. જે વાત સવારે કે

સાંજે ત્રણ હજાર ગાઉ ઉપર બને તે તાર મારફતે આ મોટા દેશના એક છેડાથી બીજા છેડા સુધી જઈ પહોંચીને તરત વર્તમાનપત્રની મારફતે છપાઈને બાહાર પંદર કલાકમાં તમામ પ્રજાને વાંચવા મળે છે. જ્યાં એકાદે સ્થાનિક વર્તમાનપત્ર નથી એવું ગામ કે ગામડું કવચિતજ મળે છે. એવાં વર્તમાનપત્રોની કિંમત પણ માફકસર એટલે એક પૈસાથી તે બે આના સુધીની હોય છે. સને ૧૮૮૮માં આ દેશમાં વર્તમાનપત્રો અને માસિક પુસ્તકો વગેરે મળીને એકંદર અગીઆર હજાર ત્રણસેં ચોદની સંખ્યા હતી. તેમાંના ચાર પંચમાંસ પત્રો રાજકારણી, સામાજિક અને વ્યાવહારિક વાતો પ્રસિદ્ધ કરતાં અને એક પંચમાંસ ઉદ્યોગ ધંધા અને શાસ્ત્રીય વિષય ઉપર નીકળનારાં માસિક કે સમાહિક પત્રકો હતાં, એવું માલમ પડે છે. ત્યાર પછીનાં આઠ વરસોમાં બીજાં સેંકડો વર્તમાનપત્રો અને માસિક પુસ્તકો નીકળ્યાં હશે.

ઉપર જણાવેલાં અગીઆર હજાર ઉપરનાં પત્રો માંહેથી દશ હજાર પાંચશે પંદર પત્રો અને માસિક પુસ્તકો ઈંગ્રેજી ભાષામાં નીકળતાં હતાં, એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. દેશમાં એકી રહીને એક ભાગના માણસને બીજા ભાગના લોકોના વિચાર જાણવાને ભાષાના ઐક્યની મોટી જરૂર છે. ફ્રેન્ચ, સ્કયાંડિનેવિયન, સ્પાનિયર્ડ, ડચ, ઈટાલિયન, વેલ્સ, બોહિમીયન, પોલ, પોર્ટુગીઝ, ઇત્યાદિ ઘણાખરા યુરોપિયન સર્વ જાતોના લોક આ દેશમાં આવીને રહે છે, તેઓ પોતપોતાના કુટુંબમાં પોતપોતાના દેશની ભાષા બોલે છે, અને સર્વ મળીને એક હજાર પત્રો જુદી જુદી ભાષામાં નીકળે છે, તથાપિ તેમને ઘણું કરીને બધાજ

વ્યવહાર ઈંગ્રેજી ભાષા બોલનારા સાથે રાખવો પડે છે. સાર્વજનિક નિશાળોમાં ઈંગ્રેજીજ શીખવે છે, રાજ્ય કારભાર ઈંગ્રેજીમાં ચાલે છે. વેપાર ધંધાનું કામકાજ અને હિસાબ કિતાબ વગેરે તમામ વાતો ઇંગ્રેજી ભાષાની મદદથી કરવી પડે છે, તેથી તેમને ઇંગ્રેજી ભાષા શિખ્યા વગર છુટકો નથી. અને જ્યાં ચારેમેર એજ ભાષા સંભળાય છે, ત્યાં તે શીખવાને ઘણી મેહેનત કરવી પડતી નથી. પૃથ્વી ઉપર સર્વત્ર જઈ વસનારા એકંદર દશ કરોડ લોકો ઇંગ્રેજી કુળમાં જન્મેલા છે અને તે ઈંગ્રેજી ભાષા બોલે છે. એ પ્રમાણું લઇને તે ભાષાના અભિમાની લોકો કહેવા લાગ્યા છે કે, ઈંગ્રેજી ભાષાજ તમામ પૃથ્વી ઉપરના લોકોની એક ભાષા થશે. એ વાત કેટલી ખરી પડશે તે કહી શકાતું નથી; તથાપિ એ ભાષાની વૃદ્ધિ કંઈ વિલક્ષણ છે એ વાત ખરી છે, હવે આપણા લોકોએ વાતનો થોડોએક વિચાર કેમ ન કરવો જોઇએ? આપણી રાષ્ટ્રીયસભા કલકત્તામાં, મદ્રાસમાં, મુંબઇમાં અથવા પંજાબમાં ભરી એટલે હિંદુસ્તાનના એક ભાગમાંથી ગએલા વક્તાની બોલી બીજા ભાગના લોકોથી સમજાતી નથી. પછી તે ઈંગ્રેજી ભાષામાં ભાષણો ઝુડે છે ને સર્વ સાધારણ લોકને શા કામનાં? આપણા દેશમાં ચાલતી સર્વ ભાષાઓનો નાશ કરીને તેની જગા ઉપર ઈંગ્રેજી ભાષા સ્થાપવી એ હિંદુસ્તાનને સમુદ્રમાં બૂડાવીને તેની જગાએ બ્રિટિશ બેટોને આણી મુકવા જેવુ છે. આપણા વિદ્વાન, વિચારવંત, લોકો, સ્વદેશની અને સ્વજાતિની ઉન્નતિ કરવાને ચાહે છે ત્યારે, આપણા દેશમાં સઘળાને સમજાય એવી એક ભાષા અને તે સ્વદેશનીજ ભાષા હોવાની જરૂર છે, એ વાત તેમના

ધ્યાનમાં કેમ આવતી નથી? ઈંગ્રેજી ભાષા જેમ હમણાં દશ કરોડ માણસની ભાષા થઇ છે, તેવીજ આપણા દેશમાં એ એક ભાષા છે. હિંદી ભાષા હિંદુસ્તાનમાંના ઘણા ખરા સર્વ લોકોને સમજાય છે. વ્રજ અથવા માથુરી, અવધ, પંજાબી અને મધ્ય પ્રાંતની ભાષાઓ હિંદી ભાષાની શાખા છે. માત્ર તેઓમાં થોડો થોડોજ ફરક છે. તે આપણા પુણાની મરાઠીમાં અને કોકણુ અને ખાનદેશની મરેઠી ભાષાના તફાવત કરતાં વધારે નથી. સંદરહુ કહેલી સઘળી શાખા મળીને હિંદી ભાષા હિંદી ભાષા આજસથી હિંદુસ્તાનના દશબાર કરોડની સ્વભાષા છે. આપણા પડોશી ગુજરાતીઓની ભાષાનો અરધી હિંદી અને અરધી મરાઠીથી બનેલી છે, ત્યારે હિંદી જેવી મહાન ભાષાને રાષ્ટ્રીય ભાષાનું રૂપ આપવાને હરકત શી છે‡? મુસલમાનોનુ રાજ્ય હતુ ત્યારે તેમણે ઉર્દૂ ભાષામાં સર્વ બોલવા ચાલવાનો વહીવટ રાખતો હતો. ઉર્દૂ ભાષા કંઈ જુદી ભાષા નથી. તેમાં અરધી હિંદી તથા કેટલીક આરબી, ફારશી, મરાઠી, કેનેડી વગેરે ભાષા માંહેલા શબ્દોનું મિશ્રણ છે. હિંદી ભાષા શીખવાને ઘણી મેહેનત પડે એમ નથી.

‡ આ મતલબની સૂચના દેશના વિદ્વાનોને કરવાને સારૂ સુરતના વતની અને હાલના અમદાવાદ જીલ્લાના દીપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર રા. સા. ગણપતરામ ગવરીશંકર શાસ્ત્રીએ એક ચોપાનિયું પ્રગટ કર્યું હતું. તેને આસરે ૨૦ વરસ થવા આવ્યાં છે—છતાંએ એ બાબત દેશના વિદ્વાનોએ લક્ષમાં લીધેલી જણાતી નથી એ દલગીરીની વાત છે. ભા. ક.

ઈંગ્રેજી પ્રમાણેજ હિંદીમાં પૃથ્વીની સર્વ ભાષાનો સમાસ થઈ શકે છે, તેથી તેનો વધારો થવાને કશી અડચણ નથી. હિંદી ભાષાનું વ્યાકરણ ઘણું સેહેલું છે તેમાં આરબી, ફારસી, સંસ્કૃત, ઈંગ્રેજી અને રાક્ષસી ભાષાના શબ્દો લઇને તેને હિંદીનું રૂપ આપી શકાશે. એવી અમોલિક સુંદર ભાષા આપણુને લભ્ય છતાં અને તે રાષ્ટ્રીય ભાષા કરવાનું એટલું સેહેલ છતાં, આપણા વિદ્વાન ભાઈઓ હિંદુસ્તાન માંહેલી સાર્વજનિક વાતોનો મનસુબો કરવાને તે સાત સમુદ્રની પેલીમેરથી આવેલી પ્રાચીન મિશ્રી ચિત્રલીપી જેવી સાધારણ લોકોથી ન સમજાય એવી ઈંગ્રેજી ભાષામાં શા વાસ્તે કરે છે તેનો ખુલાસો તેઓ કરશે કે? આપણી રાષ્ટ્રીય અને સાર્વજનિક સભાઓએ જો એ વાત મન ઉપર લીધી તો કન્યાકુમારીથી હિમાલય સુધી અને સિંધુ નદીથી તે મણીપૂરની પૂર્વ હદ સુધી તો સઘળા દુરદર્શી દેશહિતચિંતકો આપોઆપ હિંદી ભાષાનો પ્રસાર કરવાને મથન કરશે, વર્તમાન કર્તા અને ગ્રંથકારોને ઉત્તેજન આવશે. મદ્રાસીભાઇની પંજાબીભાઈ સાથે મુલાકાત થતાં તેઓ વચ્ચે પરસ્પર વાત કરતાં અડચણ પડશે નહીં અને આપણા દેવનગરી ઉર્ફે બાળબોધ અક્ષરથી નહીં લખાય એવી ભાષા દુનિઆમાં એકે નથી. આપણા દેશની સઘળી ભાષાનાં થતાં ઉચ્ચારણો આ વર્ણ માલિકામાં છે. તેથી આપણે જો તે બધી ભાષા માંહેલા શબ્દો લઇને હિંદી ભાષાનો ખીચડો બનાવીશું તોય તે દેવનગરી અક્ષરોથી લખી શકાશે. આવતી બેઠકમાં રાષ્ટ્રીયસભાએ આ વાતનો વિચાર જરૂર કરવો; એવી તેમને મારી વિનયપૂર્વક સૂચના છે.

યુનાઇટેડનાં સઘળાંજ વર્તમાનપત્રો સારાં અને તેમાં આવનારા સઘળાજ વિષય ઉત્તમ છે એમ નથી. જ્યાં સઘળાનેજ પોતપોતાના વિચાર લોકોને જણાવવાની છુટ છે. તેમાં સારી માઠી વાતનો ભેળ હોયજ. તથાપિ કોઈ જો વિચારપૂર્વક એ વાતની તપાસ કરશે તો તેને સારાનોજ જય થએલો જણાશે. સર્વ સાધારણ લોકોને ધર્મ સંબંધી, વ્યવહારિક, અને શાસ્ત્રીય વિષયોનું જ્ઞાન સેહેલથી થોડે ખરચે કરી આપવાનો જે વર્તમાનપત્રોનો ઉદ્દેશ તે અહીં ફળદ્રૂપ થયો છે. મોટા વજનદાર વર્તમાનપત્ર કર્તાઓ પોતાનાજ દેશની વાતો કહીને પોતાની તૃપ્તી કરી લેતા નથી. ન્યુયાર્ક હેરલ્ડ નામના પત્રના માલિકે આફ્રિકાખંડ માંહેલા અજાણ્યા પ્રદેશનો શોધ કરીને અજરામર કીર્તિ મેળવીને આવેલા પ્રસિદ્ધ પુરૂષ હેન્રી સ્ટાનલીને તે દૂરના અજાણ્યા ભૂખંડમાં મુસાફરી કરવા જેટલા પૈસા અને બીજી મદદ આપી ત્યારથી બીજાએ ઘણા વર્તમાનપત્રવાળાઓએ પોતાના ખબરપત્રીઓને દૂરદૂરના પ્રદેશોમાં મોકલી તેની મારફત નવી નવી વાતોનો શોધ કરાવી દુનિઆ ઉપર અગણિત ઉપકાર કર્યા છે. સેંચુરી, "હાર્પસ્ મ્યાગેઝીન" વગેરે અમેરિકન માસિકોના અતિ વિષયો, ગદ્દંના, ચિત્રકળા, અને છાપવાની ઉત્તમ કળા એ વાતોમાં આખા યુરોપનાં માસિક પુસ્તકો ઉપર ફતેહ મેળવી છે. યુરોપ માંહેલા આસ્ત્રિયા દેશમાં છાપવાની કળા સર્વોત્કૃષ્ટ કહેવાય છે; તથાપિ આસ્ત્રિયાના ઉત્કૃષ્ટ છાપખાનાના માલિકોએ સેંચુરી નામના અમેરિકન માસિક પુસ્તકના માલિકને, તેના છાપેલા કામના તથા ચિત્રકળાની ઉત્તમતા વાસ્તે

સાબાશી આપીને અમને તેની છાપવાની કળા સાધવાની યુક્તિ બતાવો એવી વિનંતી કરી હતી. સેંચુરી વગેરે માસિક પુસ્તકોમાં આવનારા નિબંધો ઘણા ઉત્તમ હોય છે. તે લખનારને તે પુસ્તકના માલિકો દરેક નિબંધને વાસ્તે સો બસો ડાલર એટલે ત્રણ ત્રણથી છ છસેં રૂપિયા આપે છે. તેમાં પ્રસિદ્ધ કરવાને માટે તૈયાર કરેલાં સારાં ઉત્તમ ચિત્રો કોરાવવાના કામ પાછળ સેંકડો રૂપિયા ખરચ થાય છે ત્યારે એવાં માસિક પુસ્તકો અને સમાહિક પત્રો ચલાવવાને લાખો રૂપિયાનો ભંડોળ હોવો જોઈએ, એ ઉઘાડુંજ છે. પણ આ મોટો ખરચ કરતાંએ તેના માલિકને ઘણો નફો થાય છે તેનું કારણ શું એમ પૂછશો તો તે લોકાશ્રય છે. સેંચુરી જેવા માસિક પુસ્તકના ગ્રાહક સવાલાખ કે લાખ કરતાં તો ઓછા નથીજ હોતાં † છાપવાનું કામ વરાળના જોરથી ચાલે છે. દર

† "સેંચુરી જેવાં પુસ્તકો મોટા માણસ સારૂ છે; પણ અહીંના લોક નાના છોકરાની ઉન્નતિને માટે ઘણી કાળજી રાખે છે. "સેન્ટનિકલસ" નામનું પ્રસિદ્ધ માસિક પુસ્તક નાનાં છોકરાં માટેજ પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેની કરનારી મિસેસ મેરીમેપસડાજ ઘણી વિદ્વાન છે અને મોટાં નામીચાં પત્રોના અધિપતિઓની બરાબરીની ગણાય છે. સેંન્ટનિકલસ જેવાં ભવ્ય, સચિત્ર, મનોરંજક, ગુઢશાસ્ત્રીય વિષયોને સેહેલા કરીને છોકરાંને બોધ આપનારાં પત્રો ઈંગ્લાંડમાંએ નથી એમ કહેવાય છે. એ વિના "હાર્પર્સયંગ પીપલ" "યુથ્સ કંપેનિયન" ઈત્યાદિ પુષ્કળ પત્રો છોકરાંને માટેજ પ્રસિદ્ધ થાય છે, તેમનાંએ ગ્રાહકો એકેક લાખ

મહિનાની સરૂઆતમાં યુનાઇટેડનાં દરેક શેહેરમાં અને યુરોપના મુખ્ય શેહેરોમાં એ પુસ્તકો વેચાય છે. આગગાડીમાં જતાં અને રસ્તા માંહેલી સાર્વજનિક ગાડીઓમાં બેસવાની જગાએ વર્તમાન [illegible] વેચનારા છોકરા પુસ્તકો અને સ્થાનિક વર્તમાનપત્રો લઇને આવે છે. ન્યુયાર્ક જેવા શેહેરમાં દરરોજ નિકળનારાં પત્રોના ગ્રાહક લાખો હોય છે એવો અહીં લોકાશ્રય મળે છે, ભાષા એક છે અને ઘણું કરીને સર્વને લખતાં વાંચતાં આવડે છે અને સઘળાને પોતાના દેશની દાઝ છે. એજ આ લોકાશ્રયની વિપુલતાનું કારણ છે. અહીં ગ્રંથકારોને તથા પત્રકારોને ઘણું ઉત્તેજન મળવાથી તે પોતાની ફરજ આસ્થાપૂર્વક બજાવે છે એમાં નવાઈ નથી. અને તેઓનું ચોખ્ખું કામ સર્વને પસંદ પડવાથી લોકો તેને ઉદાર આશ્રય આપે એમાંએ અજાયબી નથી પણ એ સર્વ બનતો બની આવવાને લોકોને પોતાના વિચાર સ્વતંત્રપણે જાહેર કરવાની હિંમત હોવા સાથે તેમના અંતઃકરણમાં સ્વદેશાભિમાન જાગૃત હોવાની જરૂર છે.

ઉપર છે. અહીંનાં ગ્રાહકો વખતોવખત વર્તમાનપત્રની કિંમત તેના માલિકોને પહોંચાડે છે. અહીં દરવરસે વર્તમાનપત્રો અને પુસ્તકો છાપવામાં વપરાતા કાગળોનું વજન આસરે એક લાખ સાત હજાર ટન એટલે ઓગણસાઠ લાખ ને બાણું હજાર સૂરતી મણ થાય છે. એવું એક ઉદ્યોગી માણસે હિસાબ ગણીને દેખાડ્યું છે. ગ્રેટબ્રિટનના જોડાયલા રાજ્યમાં એજ કામમાં ચોરાણું હજાર ટન કાગળો વપરાય છે.

વર્તમાનપત્રની પેઠેજ અહીં નિત્ય નવા ગ્રંથો પ્રસિદ્ધ થાય છે. જૂના ઈંગ્રેજી ગ્રંથ તથા અર્વાચીન લોકોએ રચેલાં પુસ્તકો, વિદેશી ભાષામાં લખાયલાં ઉત્કૃષ્ટ પુસ્તકોનાં ભાષાંતરો વગેરે ગ્રંથોની જુદીજુદી આવૃતિ નીકળે છે અને તેની કિંમત લોકોની શક્તીની બહાર હોતી નથી. એકજ ગ્રંથની પુષ્કળ આવૃતિઓ નીકળે છે; તેમાંની કેટલીક મોટી કિંમતની અને કેટલીએક છેક સોંઘી હોય છે. તેમાંની કોઈ મોટા અક્ષરની, કોઈ નાનાની અને કોઈ મધ્યમ કદના અક્ષરની હોય છે તેને લીધે ગરીબગુરબાંથી તે કરોડપતિ સુધીના સર્વ લોકોને તે પુસ્તક વાંચવા મળી શકે છે. નાના ગ્રંથો પ્રમાણેજ "એન સાયક્લો પીડિયા બ્રિટાનિકા"* જેવા પ્રચંડ ગ્રંથ સુદ્ધાં તેના વિસ્તાર અને કદના પ્રમાણમાં માફકસરની કિંમતે છાપીને વેચવામાં આવે છે. "બ્રિટાનિકા" નામનો બૃહત્કોષ દુનિયાના બધા બૃહત્કોષથી મોટો છે તેની કિંમત ઈંગ્લાંડમાં ઘણીજ મોટી છે, પણ તે અમેરિકામાં બસેં કે સવા બસેં રૂપિયાની કિંમતમાં મળે છે તેને લીધે આજ સુધીમાં તેની પુષ્કળ આવૃતિઓ થઇને તેની પચાસ સાઠ હજાર પ્રતો વેચાઈ

---

* આ બૃહત્કોષ ઇંગ્લાંડમાં ઓગણીસ પુસ્તકોમાં છપાયલો સને ૧૮૮૭ના જુલાઈમાં ગોકળદાસ તેજપાલના બોરડીંગ સુપ્રીનટેન્ડેટ મી. રતીરામ દુર્ગારામે મને દેખડાવ્યો હતો તે દરેક પુસ્તકના સો રૂપિયા કિંમત હતી એટલે એટલે ઓગણીસ પુસ્તકના એટલે ૧૯ પુસ્તકના ઓગણીસેં રૂપિયા હતા ક્યાં બસેં ને ક્યાં ઓગણીસેં ! બા. ક.

ગઈ છે. એક માહિતગાર ગૃહસ્થ કહે છે કે, ઈંગ્લાંડ કરતાં અમેરિકામાં "બ્રિટાનિકા"ની પ્રતો ચાર ઘણી વધારે ખપી ગઈ છે. આપલટન નામના પુસ્તક વેચનારે "અમેરિકન એન્સાયક્લોપીડિયા" નામનો બૃહત્કોષ તૈયાર કરાવીને પ્રસિદ્ધ કર્યો છે. તેની કિંમત બસે રૂપિયાજ છે, તેની આસરે એક લાખ પ્રતો ખપી ગઈ છે.

ઈંગ્લાંડમાં રચાઈને પ્રથમ પ્રસિદ્ધ થએલાં અહીંઆં અને અમેરિકામાં પ્રસિદ્ધ થએલા પુસ્તકો ઈંગ્લાંડમાં ઘણાં સોઘાં મળે છે. તેનું કારણ એમાંના એક દેશની સરકારે નોંધેલાં પુસ્તકો બીજા દેશમાં રસ્તામાં નાંખેલા માલ જેવાં ગણાય છે. બને સરકારોએ હજી સુધી પોત પોતાના દેશના ગ્રંથકારને બીજા દેશમાં પોતાનો આશ્રય આપવાના અને તેમના માલની ચોરોના હાથથી સાચવણી કરવા સારૂ કોલ કરાર થયા નથી. તેને લીધે ઇંગ્લાંડ અને અમેરિકાના પુસ્તક વેચનારાઓ બેધડક ધોળે દિવસે પોતાના પડોશીના આ ગ્રંથ રૂપી માલની ચોરી કરીને પોતાનું ભરે છે. આ બંને દેશના સમજણા માણસો આવા લુટારૂપણાની વિરૂદ્ધ ઘણી ચર્ચા કરે છે, તથાપિ એ બાબત કંઈ કાયદાસર બંદોબસ્ત થાય એવી બંને દેશોના પુસ્તક વેચનારાઓની મરજી જણાતી નથી.

અહીંના ગ્રંથકારો પોતાના ગ્રંથ ખપાવવા સારૂ રાજાશ્રય ઉપર આધાર રાખીને બેશતા નથી. અહીંનો લોકાશ્રય હજાર રાજાશ્રય કરતાં વધારે છે. ગ્રંથકારની જેવી યોગ્યતા હોય છે. તે

પ્રમાણે તેના ગ્રંથની ખપત થાય છે. એ લોક ગ્રંથ વાંચનના ઘણા ભૂખ્યા હોય છે. અહીં દર વરસે નવ કરોડ (૯૦૦૦૦૦૦૦) ડાલર એટલે હાલના ચાંદીના ભાવથી આસરે સત્તાવીસ કરોડ રૂપિયા કેવળ પુસ્તકો અને વર્તમાન પત્રો ખરીદ કરવામાં લોકો ખરચે છે. દરેક નાનામોટા કુટુંબોમાં તેમની આયપત પ્રમાણે થોડાં કે ઘણાં પુસ્તકો હોય છે. સાધારણ ગાડીવાન, ખેડુત અને મજુરોના ઘરમાં એ પુસ્તકોનો સંગ્રહ કરેલો હોય છે. મધ્યમ પ્રતિના અને શ્રીમંત લોકોના ઘરમાં તો એકેક નાની લાઇબ્રેરી (પુસ્તકાલય)જ હોય છે. એજ પ્રમાણે સાર્વજનિક વાંચન ગૃહોની અને પુસ્તકાલયની જ્યાં ત્યાં સમૃદ્ધિ હોય છે. જ્યાં એકાદે નાનું સાર્વજનિક પુસ્તકાલય નથી એવું એકે ગામડું શોધતાં જડે તોજ જડે. મોટાં મોટાં શેહેરોમાં તો પુષ્કળ મોટાં મોટાં પુસ્તકાલયો છે પ્રત્યેક ગામ માંહેલા વિદ્યા ઉપર પ્રીતિ રાખનારાં સ્ત્રી પુરૂષો ઘણા આવેશથી અને આસ્થા પૂર્વક પોત પોતાના ગામના પુસ્તકાલયો વગેરેની ચઢતી કરવાને મથે છે. આપણું ગામ એટલે આપણા દેશના જેવુંજ પૃથ્વીના સર્વ સ્થલ કરતાં ઉત્તમ છે એવું તેમને મોટું અભિમાન હોય છે. યુનાઇટેડ સ્ટેટસમાં આજદીન સુધીમાં તો વીસ હજાર પુસ્તકાલયો ફક્ત નિશાળોમાંજ છે. અને તે બધાના પુસ્તકની સંખ્યા સાડાચાર કરોડ (૪૫૦૦૦૦૦૦)ની જણાય છે. એ સિવાય વરિષ્ટ વિદ્યાલયોમાં બીજાં પાંત્રીસ લાખ (૩૫૦૦૦૦૦) પુસ્તકો છે. ફિલાડેલ્ફિયામાં, બોસ્તનસિટી, આસ્ટોર, કોંગ્રેશનલ ઇત્યાદિ પ્રચંડ પુસ્તકાલયોમાં મળીને બીજા કરોડો પુસ્તકો છે તેતો જૂદાંજ.

તેમાંના પુસ્તકોની સંખ્યા પાંચ કરોડ ઉપર છે એમ કહેવાય છે એ પુસ્તકાલયોમાંથી પુસ્તકો વાંચવા લઇ જનારાં સ્ત્રી પુરૂષોની સંખ્યા ઘણીજ મોટી છે એનો કહેવાની જરૂર નથી તથાપિ સારાં અને ગહન વિષયો ઉપર લખેલાં પુસ્તકો સઘળાંજ વાંચે છે. એમ નથી. વિદ્યાની અને સ્વાભાવિક અભિરૂચી પ્રમાણે માણસો સારાં કે માઠાં પુસ્તકો વાંચે છે. જેમને આખો દહાડો મેહેનત મજુરી કરીને કે કશુંએ કામ નકરતાં બેઠાં બેઠાં બગા- સાં ખાઇને કાળ કહાડવાનો હોય છે તેવા લોકોને કાદંબરીઓ (કલ્પિત કથા) વાંચવાનો મનસ્વી નાદ હોય છે. કેટલાએક લોકો ઉત્તમ કે મધ્યમ પ્રતિનાં પુસ્તકો વાંચીને પોતાની બુદ્ધિને જ્ઞાન ભંડાર માંહેલા રત્નો વડે શોભાવે છે. નઠારા બીભત્સ ગ્રંથો અને વિષયો પ્રસિદ્ધ ન થવા દેવા સારૂ અહીંના લોકો ઘણી મેહેનત કરે છે; અને તેમનો એ યત્ન ઘણો ખરો સફળ પણ થાય છે.

એકંદર રીતે અમેરિકન લોકોને વિદ્યાનો ઘણો ચાહા છે, અને જ્યાં સુધી યુનાઇટેડ સ્ટેટસમાં જ્ઞાન સુર્ય (વચ્ચે વચ્ચે સેતાન અર્થવા અરિષ્ટ અજ્ઞાનના વાદળાં પાછળ ઢંકાઇને પાછો નીકળીને દૃશ્ય થઇ) પોતાનાં તેજોમય કિરણોનો ચારે મેર વર- સાદ વરસાવીને, અજ્ઞાન અંધકારના નાશ માટે સતત ઉદ્યોગી રહેશે ત્યાં સુધી લોકોના મન ઉપર અને શરીર ઉપર દાસત્વનો અમલ બેસશે એવી બીક રાખવાની નથી.

ધર્મ મતો અને દાન ધર્મ.

ઇંગ્લાંડ દેશમાં "ચર્ચ ઓફ ઇંગ્લંડ" નામનું મત અને રાજાની સત્તા એકત્ર થએલાં છે. ઇંગ્લાંડના રાજા અથવા રાણી એ મતનાં હોવાં જોઇએ અને તે દેશની સર્વ પ્રજાએ તેમના ધર્મગુરૂ વગેરેનો ખરચ ચલાવવો જોઇએ પછી તેમનો મત સદરહુ મત સાથે મળતો હો કે ન હો; પણ સરકાર તેમની પાસે ઠોકીને કર લે છે અને "ધી ચર્ચ"ના ધર્માધ્યક્ષ તથા તેના ચેલાનું ભરણ પોષણ કરે છે. ઇંગ્લાંડ જેવા સુધરેલા દેશમાં લોકો પાસે આમ જબરદસ્તીથી ઝુંકાર કરવાની આ રીત વિલક્ષણ છે. સરકારનું પુરોહિતપણું કરવાને આપણા દેશમાં આવેલા બિશપાદિ ઇંગ્લીશ ચર્ચના ઉપાધ્યાયોનેએ હિંદુસ્તાનની ત્રીજોરીમાંથી મોટા મોટા પગારો મળવાનું કહેવાય છે. પછી તેમાં ખરૂં શું છે તે હું જાણુતી નથી. જો ખરૂં હોય તો એ એક ચમત્કારજ છે.

યુનાઇટેડ સ્ટેટસમાં ધર્મ મતનો તથા લોક સત્તાનો એક સંપ ન હોવાથી અત્ર સર્વ લોક પોત પોતાના વિચારમાં યોગ્ય લાગે તે પ્રમાણે ગમે તે મતનું ગ્રહણ કરીને તે મતના ધર્મ ગુરૂના તથા દેવળ વગેરેનો સઘળો ખરચ ચલાવવા સારૂ પૈસા આપે છે. તે પોતાની ખુશીથી આપે છે. સરકાર તેમની પાસેથી ધર્મ ખાતા બાબતનો જૂદો કર લેતી નથી. તો પણ અહીં ધર્મનું પ્રાબલ્ય ઇંગ્લાંડ કરતાં કોઇ પણ રીતે ઉતરતું નથી. ઇંગ્લાંડમાં ફક્ત "ઇંગ્લીશ ચર્ચ"ના મતનેજ મોટું માન મળે

છે; કારણ કે તે રાજ્ય મત પડયું; તે મતના લોકો બીજા મતના લોકોને "ડિસેંટર્સ" (વિરૂદ્ધ મતના) કહીને કડવું મોઢું કરે છે. અમેરિકાના સ્વતંત્ર સંસ્થાનમાં લૌકિક રીતે કોઇ પણ એક મતવાલા લોકોને વધારે અને બીજાને ઓછું માન અપાતું નથી. કારણ કે અહીં કોઇ પણ મત વિશેષે કરીને રાજાનુગ્રહને પાત્ર હોવાનું કોઇનાએ સાંભળવામાં આવ્યું નથી.

ઇંગ્લાંડના કેટલાએક લોકોનું કહેવું એમ છે કે, જો સરકાર ધર્મનો બંદોબસ્ત ન કરે તો સર્વ લોકો અધર્મી થશે. તથાપિ ઇંગ્રેજોનું એ કહેવું બીલકુલ ખોટું છે. કારણ કે ઇંગ્લાંડમાં દર એક લાખ માણસે એકસો ચુમાળીસ દેવળ છે ત્યારે આ દેશમાં તેટલીજ સંખ્યાએ એકસો એકયાશી દેવળો છે. એ ઉપરથી જ્યાં સરકારની મદદ નથી એવા યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રજાની ધર્મ બુદ્ધિ ઓછી છે એ કહેવું ખરૂં ઠરતું નથી.

ઇ. સ. ૧૮૮૦માં યુનાઇટેડ સ્ટેટસમાં ૯૨૦૦૦ ધર્મમંદીર હતાં તેમાંના ૮૦હજાર કરતાં એ વધારે દેવળો પ્રોટેસ્ટંટ મતના અનુયાયીનાં બાંધેલાં છે. અને બાકીનાં બાર હજાર રોમનકયાથોલિક પંથના લોકોનાં હતાં. એ સઘળાં મંદિરોની સ્થાવર જંગમ માલમતા મળીને પાંત્રીસ કરોડ ડાલર એટલે એક અબજ કરતાં વધારે રૂપીઆની કીંમતની હતી જૂદા જૂદા મતના લોકોના ધર્મગુરૂઓની એકંદર સંખ્યા ૭૭,૦૦૦ છે. સો દોઢસો વરસ ઉપર આ દેશમાં ઘણો મત ભેદ હતો માસચુસેટ્સના પ્યુરિટન પંથી લોકો બીજા મતના લોકોનો ઘણો દ્વેષ કરતા હતા. તેમણે કવેકર મતના લોકોને ઘણા સંતાપ્યા. પોતાનાથી જુદા મતની

ઘણીક બાયડીઓ ઉપર ડાકેણનો આરોપ આણીને તેમને જીવતીજ બાળી મૂકી; કોઇને ફાંસી દીધા કોઇને તુરંગમાં નાંખ્યા કોઇને ધોરી રસ્તા ઉપર ઢોરોની પેઠે ચાબૂક વડે માર માર્યા, અને કોઇની માલમિલકત છીનાંવી લઇને દેશપાર કરી દીધા. ઈ. સ. ૧૭૦૫માં વર્જિનિયા પ્રાંતના શાસકોએ એવો ઠરાવ કર્યો કે, જે કોઈ એક પરમેશ્વરમાં ત્રણ વ્યક્તી એકઠી મળેલી છે અને બાયબલ ઈશ્વર પ્રણીત ગ્રંથ છે એ વાત કબુલ ન કરે, તેને ત્રણ વરસની કેદખાનાની શીક્ષા મળશે. અને તેજ સખસ ફરીને તે વાતનો નકાર કરશે તો તેને સરકારી કામ વગેરે મળવા ને ઘણી અડચણ પડશે.

અરાડમાં સેંકડાની આખરમાં ઈંગ્લાંડ જોડે પોતાનો રાજ્યકિય સંબંધ તોડી નાંખીને તે સ્વતંત્ર થવાની મેહેનત કરતા હતા ત્યારે તેમણે પોતપોતાના મત વિરોધને એક બાજૂએ મૂકી દઇને એકસંપ કર્યો. આપણે આ વખત એકસંપથી નહી રહીએ તો આપણા દેશ ઉપર ઈંગ્રેજી રાજસત્તા અને "ધીચર્ચ"ના મતનો શિક્કો આપણા ઉપર ચોંટી રહેશે એવા ભયને લીધે અમેરિકન લોકોએ મત વિરોધને પાછળ નાંખીને સર્વે જણે એક સંપથી ઈંગ્રેજો સામે ટક્કર મારીને સ્વતંત્ર બન્યા. એજ કારણને લીધે એ લોક મત વિરોધ મૂકી દઇને એકસંપથી હજીએ વર્તે છે અને ભવિષ્યમાંએ વર્તશે. આ દેશમાં મત સંબંધી દુરાગ્રહ નથી એમ તો નથી. તોય અહીં સર્વને ધર્મ સંબંધી વિચારમાં સરખુ સ્વતંત્રપણું હોવાથી કોઈ એકબીજાના મત બાબત ઘણી ખોજ

અને વાદવિવાદ ન કરતાં પરસ્પર સારો વ્યવહાર રાખે છે તેને લીધે ધર્મ મતોમાં વિરોધ હોવા છતાંએ વ્યવહારમાં તેમને દોસ્તી હોય છે. એવા દાખલાઓ આ દેશમાં ઠેકાણે ઠેકાણે દીઠામાં આવે છે. તેવા ઈંગ્લાંડમાં દીઠામાં આવશે નહીં. કોઈ ઠેકાણે એકાદી ધર્મ વિચારને માટે સ્થાપેલી સભા ભરાવાની હોય તેમાંના સભાસદો પોતાથી વિરોધ મત ધરાવનારા મિત્રમંડળને પણ બોલાવે છે. તેમને મિત્રીના અનુરોધથી તેમના નોતરાને નકારાતું નથી. એવી રીતે પરસ્પર વિરોધ મતોના લોકોનો સમાગમ થઈ એકબીજાના વિચારો જાણી લેવાની તક સહજ મળે છે, અને વિરૂદ્ધ મતના લોક બાબત જે કેવળ અજ્ઞાનતાનો દ્વેષ હોય છે તેનો મોટે ભાગે નાશ થાય છે. એ મોટા મહત્વની વાત સઘળાએ ધ્યાનમાં રાખવા જેવી છે. પરસ્પર વિષે અજ્ઞાન એ બે માણસોમાં વિરોધ અને ટંટો ઉભો કરવાનાં કારણો માંહેલું એક છે. બીજું એક કારણ દોષદર્શીપણાનું છે. અહીંના લોકો સ્વદેશ માંહેલા અને સ્વધર્મ માંહેલા નિરનિરાળા મતના લોકોના મતના દોષ શોધવાનું કામ મોટે ભાગે છોડી દેવા લાગ્યા છે. યુનાઈટેડ સ્ટેટસમાં ઘણાખરા સર્વ લોકો ખ્રિસ્તી છે, અને તેમાં રોમન ક્યાથોલિક અને પ્રોટેસ્ટંટ એવા મુખ્ય બે ભેદ છે તે સિવાય તેમાં પેટા ભેદ પુષ્કળ છે. તેમાં મતભેદ હશે તોય ધર્મભેદ નથી. તે મતભેદ દેશના કોઈપણ કામમાં આડો આવતો નથી ‡ એકજ

---

‡ આપણા દેશના લોકોએ આ વાતનો વિચાર જરૂર કરવો જોઇએ, આપણા લોકોનાં મત અને ધર્મ નિરાળા છે, તોપણ

કુટુંબમાં ધણી ધણીઆંણી અથવા છોકરાં અને તેના મા બાપ જૂદાં જૂદા મતનાં હોનારાં જણાય છે; તોય તેઓમાં પરસ્પર વિષે હોનારાં સ્વાભાવીક પ્રેમમાં કશી અડચણ આવેલી હોય છે એમ નથી.

દેશહિતનાં કામમાં અને લોકહિતનાં કામમાં આપણે એકસંપ થઈ શકીશું અને તેમ થવાની જરૂર છે. કોઈપણ ધર્મ કે મતના અવલંબનથી પરલોકમાં અમે એક વિશેષ ઉત્તમ ઠેકાણે જઈશું અને આપણાથી જૂદા મતના અને પરધર્મી પાડોશીઓ જૂદે ઠેકાણે જશે, એવી આપણી સમજણ હોય તોય તે પરલોક પુરતીજ હોવી જોઇએ. આ દુનિયામાં તો આપણે બધાને એકજ ઠેકાણે રહેવાનું છે. સુરજનો પ્રકાશ, વરસાદ, વાયરો, પૃથ્વી ઈત્યાદિ ઉત્તમ ઈશ્વરી પ્રસાદ આપણનેજ માત્ર મળે છે અને બીજા મતના કે ધર્મના લોકોને નથી મળતો એવું તો આપણા જોવામાં કે સાંભળવામાં આવતું નથી. ત્યારે જે આપણા અન્ય ધર્મી અને અન્ય મતાવલંબી બાઇ બેહેનો ઉપર ઇશ્વરની દયા આપણા ઉપર છે તેના કરતાં લગાર ઓછી હોય એવું તો આપણે દેખતાજ નથી ત્યારે આપણે તેમની જોડે સંપથી સભ્યતાથી અને હેતથી કેમ ન વર્તીએ? દેશહિત અને પ્રજાહિતને સારૂ આપણે બધાજ એક મત શું ન થઇએ? હિંદુ, મુસલમાન, પારસી, ખ્રીસ્તી શૈવ, વૈષ્ણવ, જૈન, બુદ્ધ, શિયા, સુન્ની, એપિસ્કોપલ, પ્રેસ્બિટીરીયન, મેથડિસ્ટ, એકેશ્વરવાદી, અનેકેશ્વરવાદી, નિરેશ્વરવાદી એ બધાઓએ મત દૂષ એક બાજુએ વીંટાળી મૂકીને પોતપોતામાં એકસંપ કરીને દેશની સેવા કરવી જોઇએ.

યુનાઇટેડ સ્ટેટસનું રાજ્ય સ્થાપન થયું ત્યારથી તે આજ સુધી કોઈ પણ ધર્મ મતને રાષ્ટ્રીય સરકાર તરફથી, વિશેષ આશ્રય આપવામાં આવ્યો નથી. અને ભવિષ્યમાંએ આપવામાં નહીં આવે, વૈદક, ખેતી અથવા સાધારણ વેપાર ધંધા સાથે જેટલો સરકારનો સંબંધ છે, તેટલોજ તે ધર્મ મતો સાથે છે, તે કરતાં વધારે નથી. કોઈ માણસના કે સમાજના ધર્મ મતમાં બીજા લોકો હાથ ઘાલવા માંડે અને તેમાં ઉથલ પાથલ કરવા લાગે તેથી તે માણસ અથવા સમાજને કંઈ ત્રાસ અથવા નુકશાન ખમવું પડે ત્યારેજ તેમ ન થવા સારૂ સરકાર ધર્મ સંબંધી વાતમાં હાથ ઘાલે છે. તેમજ એકાદ ધર્મનાં મતો દેશના કાયદાની વિરૂદ્ધ હોય તો સરકાર લોકોને તે મત પ્રમાણે આચરણ કરવા દેતી નથી. દાખલો કે મોર્મન પંથના લોકોનું એક મત એવું છે કે એક પુરૂષે એકજ વખતે ઘણી બઈરીઓ સાથે લગ્ન કરવાં એ રીવાજ યુનાઇટેડ સ્ટેટસના રાષ્ટ્રીયકાયદાની વિરૂદ્ધ છે વાસ્તે તે અને એનાં જેવાંજ બીજા એક બે મતો ચાલવા દેવા નહીં એવો રાષ્ટ્રીય સરકારનો ઠરાવ થયો છે.

ઇંગ્લાંડ માંહેલી ઇંગ્લીશ મંડળી એ નામના મતમાં એવી ચાલ છે કે, ઉપાધ્યાયે ધર્માધિકારનો વેપાર કરવો ત્યાંના લોકો લસ્કરી ખાતાના અને બીજા કેટલાએક ખાતાના અધિકાર એમ રીતે વેચે છે. એવું સાંભળવામાં છે. એ ધર્માધિકારની હરાજી દેશને અને લોકની ધર્મબુદ્ધિને ઘણી નુકશાન કારક છે. જે વધારે મૂલ આપે તેને તે અધિકાર મળે છે. પછી તે હરાજીમાં ખરીદી

લેનાર માણુસ ગમે તેવી યોગ્યતાવાળો કેમ નથી હોતો. એકાદો પૈસાદાર માણુસ કોઇ એક મોટી ધર્મગુરૂની જગા વેચવા કહાડી કે તે વેચાતી લેશે અને પોતાના હાથ તળે એક બે ઉપાધ્યાને ચાકરીમાં રાખીને પોતે મોજ મારશે. આ રીત આપણા અહીંના દેવળો અને મઠોના મહંતો જેવી છે. એવું કહેવામાં ખોટું નથી. એથી ઇંગ્લીસ મંડળીમાં અયોગ્ય પ્રેસ્બિટરો ઘણા હોય છે. એ ઉપરથી ત્યાં સઘળાજ ધર્મ ગુરૂઓ એવા છે એમ હું કહેતી નથી. પણ ત્યાં પુરોહિતત્વ હરાજીમાં વેચાણ લઇને ચલાવનારા લોક છે એટલુંજ મારૂં કહેવું છે. ગામડા ગામમાંનો ધર્મોપદેશક સારો મળે તો તેનું ધન ભાગ્ય સમજવું જોઇએ!

એમેરીકામાં એવું ઉપાધ્યાત્વ વેચવામાં આવતું નથી. અહીં તો ધર્મગુરૂઓ પણ મતોથી ચુંટવામાં આવે છે. તેને લીધે અહીંના ધર્મગુરૂઓ ઘણાખરા વિદ્વાન, સદાચરણી, કર્તવ્ય દક્ષ, જોઇનેજ ચુંટી કહાડવામાં આવે છે. એ ઉપરથી અહીંઆના બધાજ ધર્મગુરૂ ગુણની ખાણ છે એમ સમજશો નહીં, ધર્મગુરૂઓ નકારા લાગે છે તેમને લોકો કહાડી મૂકે છે. અત્રેના ધર્મગુરૂઓ વિદ્વાન અને સજ્જન હોવાથી લોકોને ધર્મની અભિરૂચી વિશેષ હોય છે અહીંના દેવળ વગેરેની વ્યવસ્થા દેશ માંહેલી બીજી વ્યવસ્થાની માફક સરળતાથી ચાલે છે. દરેક ભજનાલયની વ્યવસ્થાપક મંડળી હોય છે તે દેવળોનો તમામ કારભાર ચલાવે છે. યુનાઇટેડ સ્ટેટ્સ મધ્યે ગમે ત્યાં જાઓ અને ગમે તે કામ જુઓ

ત્યાં લોકોની અવસ્થા લોકમતથીજ થાય છે. ધર્મ સંબંધી વ્યવસ્થામાં પણ તેમજ છે. ઈંગ્લાંડમાં બીજો પેલો અનર્થ હોય છે કે ત્યાં દરેક ચર્ચની સ્થાવર મિલકત ઘણી હોય છે; દેવળને હસ્તકે જમીન કરી આપેલી હોય છે. તે જમીનની ઉપજ થવા સારૂ લોકને સ્વાધીન કરેલી હોય છે. પછી તે રાખનારો ધણી આ પવિત્ર જમીનનો ગમે તેવો ઉપયોગ કરે કે પાપ કર્મ કરે માત્ર તે જમીનના પૈસા ઉત્પન્ન થયા એટલે થયું. એ જમીનોમાં દારૂ ગાળવાના કારખાના અને પુષ્કળ પીઠાં છે જે પૈસા લોકોના તારણ માટે વાવરવાના તે તેમના મારણથીજ મેળવવા, એ કેવું આશ્ચર્ય છે! અમેરિકામાં દેવળને હસ્તક જમીન બહુ થોડી છે. કેટલાંક વરસ પેહેલાં આ દેશમાંએ ઈંગ્લાંડની માફક દેવળના અંગની જમીન ફાવે તેમ ભાડે આપવાની ચાલ હતી. એક મેથડિસ્ટમનના દેવળના માળ ઉપર લોકો ઈશ્વરનું ભજન કરવા બેસતા હતા, તેજ દેવળનો ભોંયતળીઆનો ભાગ દારૂની વખાર કરવાને ભાડે આપેલો હતો. વળી એક ચમત્કારીક વાત એવી છે કે, આ દેશમાં આફ્રીકન ગુલામોનો વેપાર ચાલતો હતો ત્યારે એ ગુલામોને વેચીને મેળવેલા પૈસા લઈ દેવળનો ખરચ અને ધર્મ પ્રસાર ઈત્યાદિ સત્કૃત્યો કરવાને તેમને શરમ લાગતી નહોતી, તેઓમાં એવી સમજણ ઠસી ગઈ હતી કે, આફ્રિકાના કાળા લોકોને ઈશ્વરે ઢોરોની પેઠેજ આપણી મરજી પ્રમાણે ઉપયોગ કરવા સારૂ ઉત્પન્ન કર્યા છે. તેથી તેના વેચાણના ઉત્પન્ન થયેલા પૈસા ધર્મ કાર્યમાં વાવરીએ તોય શું થયું? આપણા દેશના બ્રાહ્મણાદિ ત્રણ વર્ગની એ એવી સમજણ હતી કે, શૂદ્ર જાતિ

ના મનુષ્યો અમારી સેવા કરવા સારૂ ઇશ્વરે ઉત્પન્ન કર્યા. અને અમારી સેવા કરવી એજ તેમની મુક્તિનું સાધન છે. માણસો જંગલી સ્થિતિમાં હોય છે ત્યારે તેમની એવી ખોટી સમજણ હોય છે. લોકો પાસે મરતા સુધી પોતાની ચાકરી કરાવીને તેમની મેહેનતના બદલામાં તેમને કંઈ આપવું નહીં, એટલુંજ નહીં પણ તેમને પોતાની ચાકરી કરવા દઈએ છીએ અને તેમ તેમની મુક્તિનો રસ્તો ખુલ્લો કરી આપીએ છીએ, એજ આપણો તેના ઉપર મોટો ઉપકાર છે એવું સમજવું એ જંગલીપણું નથી કે? તેજ પ્રમાણે મનુષ્ય રક્તનું વેચાણ કરી, તેના વડે ઉત્પન્ન થયેલા પૈસાનો ઉપયોગ બીજા લોકોના તારણ વાસ્તે, સ્વધર્મોપદેશ કરવાના કામની ઘોર રાક્ષસીપણાની ચાલે જંગલીજ છે. યુનાઇટેડ સ્ટેટસમાં હાલમાં એ ચાલ બંધ પડી છે એ ઘણી ખુશીની વાત છે.

અહીંઆં દેવળોના ખરચની પેઠે ઉપાધ્યાનો ખરચ પણ લોકોના દાન ધર્મ ઉપરજ ચાલે છે. પાંચસેં માણસો જ્યાં ઉપાસના કરવાને આવે છે, એવા દેવળના ઉપદેશકને દર મહિને સરાસરી બસેં ડાલરનો પગાર મળે છે. એ વગર દેવળની દેખરેખ રાખવાને જે માણસો નીમેલાં હોય છે, તેને એ મોટા પગાર આપવા પડે છે. દેવળમાં ખુરશીઓ, બાંકો, દીવીઓ, સાદડીઓ ગલીચા વગેરે ખરીદવાને ઘણો ખરચ થાય છે. (અહીંના ભજન મંદિરો સૌરાં સુશોભીત કરેલાં હોય છે.)

એ સઘળો ખરચ ચલાવવાને દેવળમાં આવનારા લોકો કે-

ટહુંક ઉપરાણું આપે છે. દર રવીવારે સવારે અને સાંજે ઉપાસનાનું કામ પત્યા પછી, દેવળના વ્યવસ્થાપકોએ નિમેલો માણુસ હાથમાં તબક લઇને દેવળમાં આવેલાં લોકોની આગળ ફરેછે; ત્યારે જેને જેટલી શક્તિ હોય તેટલા પૈસા તે ધર્મકૃત્યમાં વાપરવા માટે તબકડીમાં નાંખવા એવી ચાલ છે. પૈસા ઉત્પન્ન કરવાનો બીજો એક ઉપાય છે, તે જોકે મને પસંદ નથી તોપણ કહેવો તો જોઇએ. દેવળમાં જે ખુરશીઓ અને બાંકો અગાડી હોય છે, તેનું ભાડું ઠરાવેલું હોય છે. તે જે આપે છે તેને માટે રાખી મુકવામાં આવે છે. ઇશ્વર પ્રાર્થના મંદિરમાં એવો વેપાર થાય અને શ્રીમંતોનેજ ઉપદેશ વધારે સગવડથી સંભળાય એ બરોબર નથી એવી રીતેથી પણ મોટી કમાઇ થાય છે. આપણા દેશમાં ગયાદિક્ષેત્રોમાં પુરોહિતને જે વધારે પૈસા આપે તેના પિતૃ વધારે ઉંચ પદે પહોંચે છે, એવી ગાંડી સમજણ હોય છે; તેવીજ રીતનો આ પ્રકાર છે, એમ કહીશું તો ચાલશે. એ જગાઓ ભાડે લઇને બેસનારા લોકો બધાજ ધાર્મિક હોય છે-એમ બિલકૂલ સમજશો નહિ. દ્રવ્ય ખરચીને અગાડી બેસનારામાં એ લક્ષણ છે એમ મનાય છે. વાસ્તે મનમાં ભક્તિ ન છતાં એ, દેવળમાં જનારા ઘણા લોકો છે. અહીં માત્ર લૌકિકને સારૂ એ દાન ધર્મ કરનારા ઘણા લોકો છે. તેમને જો આપણા અહીંની પેઠે સરકાર મારફતે મોટાં દાન ધર્મ કરવાથી બારોનેટ જી, સી, એસ, આઇ; સી, એસ, આઇ; સી, આઇ, ઇ, ઇત્યાદિ લાંબી લચક પદવીઓ સરકારમાંથી મળતી નથી, પણ વર્તમાનપત્રોમાં તેમની ઘણી પ્રસિદ્ધિ થાય છે. વળી એટલા ઉપાયોથી

એ દેવળનો તમામ ખર્ચ નીકળતો નથી. વાસ્તે અહીંના બૈરાંઓ નાના પ્રકારના ઉપાયો યોજીને ધર્મના ખરચ સારૂ પૈસા એકઠા કરે છે. દેવળમાં આવનારા લોકોમાંહેલા બેતૃતિયાંશ બઇરાં હોય ય છે દેવળોમાં થતા ખરચના અર્ધા ઉપર પૈસા બઇરાંઓથી મળે છે. મને લાગે છે કે બઇરાં ન હોતતો આ ધર્મ મંડળો ચાલત કે નહિ, એનો સંશય છે. પુરાણીઓના પેટની કાળજી બઇરાંને હોય છે, તેટલી મરદોને હોતી નથી. આપણાં દેશનાં બઇરાં કથા સાંભળવા કે દેવદર્શને જાય છે ત્યારે તે ખાલી હાથે નથી જતાં. પૈસા, સોપારી, ફુલ, ફળ, નહીતો આખરે મુઠી ચોખાએ પુરાણિકો આગળ લાવીને મુકે છે. (પુરૂષો દેવળમાં જાય છે ત્યારે ઘણું કરીને ખાલી હાથે ઘંટ વગાડીને પોતાને સંતોષ માને છે) એવી રીતે ઘણા ખરા સઘળાજ ભટો અને પુરાણિકોનો ગુજારો બઇરાંએ કરેલાં દાન ધર્મથીજ ચાલે છે તોપણ વેદાંતી, ધાર્મિક પુરાણી લોકોને કહે છે કે, બઇરી જાતજ ઘણી નઠારી હોય છે. સૃષ્ટીમાં ખોટું નામે જે કંઈ છે, તે સઘળું એકઠું કરીને પરમેશ્વરે તેને બનાવ્યાં છે. એ પુરૂશોના પગની બેડી છે. અને ધર્મના નાશનું કારણ છે, મુક્તિ મેળવવાની ઇચ્છા પ્રાપ્ત કરી લેનારાઓને તેનું મોઢુંએ જોવું નહીં, એમને શાસ્ત્રાધ્યનનો અધિકાર ન હોવો જોઇએ, તેમણે વેદ વાંચવા ન જોઇએ, ઉપદેશ કરવો નહીં. આ દુનિઆમાં પુરૂષના નાશનું કારણ જો કંઇ હોય તો તે સ્ત્રીઓજ છે. એ પુરાણીકોના આચરણમાં અને ઉપદેશમાં કૃતઘ્નતાની હદ વળી એમ કહેવાઈ શકાશે! પેહેલાં અમેરિકામાંએ બઇરાંના સંબંધમાં પુરૂષોના વિચાર એવા ખો-

રા અને વિલક્ષણ હતા. તે કેહેતા હતા કે, બઇરાંઓએ કદી ઉપદેશ કરવો નહીં. કેટલાએક લોકોની સમજણતો અહીં સુધી પહોંચી ગઇ હતી કે, બઇરાંઓએ પ્રાર્થનાંનાં ગીતોએ ગાવાં નહીં, એ વિચારો હજી સુધી તદન નાશ પામ્યાં નથી પણ ઘણા ઓછા થયા છે. યુનાઇટેડ સ્ટેટસ માંહેલા ૭૭૦૦૦ ધર્મોપદેશકોમાંની ... સ્ત્રી ધર્મોપદેશકો છે. ૨૦ વરસ ઉપર ૪—૫ પણ નહોતી. તે વખતે બઇરાં ઉપદેશ કરે એ મહા ખોટું સમજાતું હતું.

બીજા સઘળા દેશ માંહેલા ખ્રિસ્તી લોકોની પેઠે એ લોકો પણ આદિતવારને પવિત્ર સમજે છે. આદિતવારે ઘણેખરે સર્વ ઠેકાણે વેપાર ધંધો કરવાનું બંધ હોય છે. જે સંસ્થાનમાં રવીવારે વેપાર રોજગાર બંધ થતો નથી ત્યાં તે બંધ થવા સારૂ ઘણા ધાર્મિક લોક ખટપટ કરે છે. રવિવારને દહાડે સર્વ સરકારી કચેરી તથા સાર્વજનિક અને સ્વતંત્ર નિશાળો અને કારખાના બંધ હોય છે. તે પવિત્ર દિવસે ધાર્મિક સ્ત્રી અને પુરૂષો દેવળમાં જઇને ઈશ્વરની આરાધના કરે છે. ધર્મ પ્રસાર કરવો તે એ આપણા ધર્મનો ભાગજ છે એમ તેઓ માને છે. પોતાના દેવલોમાં એ લોકો સર્વને આવવા દે છે. નિશાળોમાં જોકે છોકરાઓને ધર્મની કેળવણી આપવામાં આવતી નથી તોપણ ઘણાખરા લોક પોતાના છોકરાંને ઘરમાંજ દરરોજ ધર્મ સંબંધી શિક્ષણ આપે છે છોકરાંને દેવળમાં એકઠા કરીને બાયબલમાંનાં કેટલાક વાક્યો વાંચીને ધર્મોપદેશ કરવામાં આવે છે, છોકરાં, તથા મોટા માણસોને પણ ધર્મોપદેશ કરવામાં આવે છે. છોકરાં તથા મોટા મા-

ણુસોને ધર્મોપદેશ કરવા શારૂ દર રવિવારે દેવળો વગેરેમાં જે શાળાઓ ભરવામાં આવે છે, તેને "સન્ડે સ્કૂલ્સ" (આદિત્યવારી નિશાળ કહે છે.) આ દેશમાં વસવા આવેલા લોકોનેએ ધર્મોપદેશ કરીને સન્માર્ગે વાળવા ભણી અહીંના ધર્મી લોકો ઘણુ ધ્યાન રાખે છે જે મંડળીઓ એવી રીતે ધર્મ પ્રસાર કરે છે તેને "હોમ્ મિશન્સ" કહે છે. એ કામમાં રાતદહાડો તન અને મનથી ધર્મ પ્રસાર કરનારાં સ્ત્રી પુરૂશોની સંખ્યા ઘણી મોટી છે. ખ્રિસ્તી ધર્મ સિવાય માણુસની સદ્ગતિ થતી નથી. એવું તેઓ સમજે છે, તેથી એ લોક પરદેશમાંએ સ્વધર્મનો પ્રસાર કરવાને ઘણા પૈસા ખરચે છે. આ દેશમાંહેના સેંકડો સ્ત્રી પુરૂષો પોતાનાં ઘરબાર અને સુખ સગવડ વગેરે છોડીને માત્ર ધર્મને વાસ્તેજ પરદેશના લોકોનું કલ્યાણ કરવા સારૂ દૂર દૂરના મુલકોમાં ગયા છે. આસરે સોવરસ પહેલાં અમેરિકાના કેટલાએક મીશનરી લોકો આપણા દેશમાં આવ્યા. તે વેળાની કંપની સરકાર તેમને પોતાના રાંજ્યમાં ધર્મોપદેશ કરવા નહોતી દેતી. બંગાળામાં અને મદ્રાસ ઇલાકામાં તેમની દાદ લાગી નહીં ત્યારે પછી તેઓ મુંબઇ આવ્યા ત્યાંએ એમને રહેવા દેવાનું સરકારના મનમાં નહોતું, તો પણ આપણા ધર્મનો પ્રસાર કરવાને આવેલા નિરૂપદ્રવી લોકોને આપણા રાજ્યમાંથી કહાડી મુકીશું તો તો લોકો આપણુને શું કહેશે. એવી શરમને લીધે ઇંગ્રેજ સરકારે તેમને મુંબઇમાં રહેવા દીધા. મુંબાઇની હવા તેમને માફક આવતી નહોતી. સરકારપણ તેને ઘણી અનુકુળ નહોતી અને ત્યાં

ના લોકોને તેનો દ્વેશ કરીને ઘણુ પજવતા હતા આ પરદેશમાં તેમનો ધણીધોરી કોઇ નહોતો અને તેમનો સ્વદેશતો ઘણો આઘો પડયો હતો સ્વદેશમાં જવા આવવાના સાધનો હમણાં જેવાં વિપુળ અને સુલભ નહોતાં એટલી હરકતો છતાંએ તેમણે પ્રોત્સાહનું કામ ચાલુ કર્યું. હાલમાં હિંદુસ્તાનપર તેમની ૩૦-૩૫ ટોળીઓ છે. "પૃથ્વી ઉપરના સર્વ પ્રાણીઓને તમે મારા વર્તમાન કહો" એમ ખ્રિસ્તનું કહેવું છે તેને અનુસરીને એ તેમને ઉપદેશ કરે છે. એવા ધર્મ પ્રસારના કામમાં નાણાંની મદદ કરનારા સઘળા શ્રીમંતજ છે, એમ કોઇનું સમજવું હશે તો તેમની ભૂલ છે. એ કામમાં ગરીબોની ઘણી મદદ છે. અહીંઆ શ્રીમંતોને ધર્મની આસ્થા વિશેષ નથી શ્રીમંતોમાં આસ્થાવાળા છે ખરા, પણ ઘણાજ થોડા. ન્યૂયાર્કમાં "ઇટાલિયન ઑપેરા હાઉસ" નામે મહા મોટી નાટકશાળા છે તે અહીંના ૭૦ પૈસાદારોએ મળીને બાંધેલી છે. તેનો એકંદર ખરચ અઠાણુ લાખ ડાલર થયો છે અને તેમાં દરેકે ૧,૪૦,૦૦૦ ડાલર આપેલા છે! તેઓ મોજશોખ સારૂ ખરચ કરે છે, ધર્મ પ્રસાર સારૂ ખરચ કરનારતો ગરીબોજછે.

જે લોક ખ્રિસ્તી નથી તેઓ અનંત કાળના નરકમાં જશે એમ આલોકોની પાકી સમજણ છે છતાંએ આ કામમાં તે લોકો માત્ર ૫૫ લાખ ડાલરજ ખરચે છે. યુનાઇટેડ સ્ટેટસમાં આજ ઓછામાં ઓછાં એક કરોડ માણસ ધર્મ મંદિરમાં જઇને ધર્મોપદેશ સાંભળે છે, તે બધા કોઇને કોઇ પણ ખ્રિસ્તી સંપ્રદાયના અનુયાયી છે. તેમની દોલતમાં દર વરસે આસરે એકત્રીસ કરોડ

ડાલરનો વધારો થાય છે આખા યુનાઇટેડસ્ટેટસની સંપત્તિનો એ-
ક પંચમાંસ એટલે ૮,૭૨૮,૪૦૦,૦૦૦, ડાલર (૨૬,૧૮,૫૨,૦૦,
૦૦૦ રૂપિયા)ની દોલત તેમના હાથમાં છે. એવા ધનાઢ્ય લોક
દર વરસે માત્ર ૧,૬૫,૦૦,૦૦૦ રૂપિયાજ ધર્મ પ્રસારના કામમાં
ખરચ કરે છે. એ ધર્મ ખરચ તેમુની સંપત્તિનો આશરે એકસો
ઓગણસાઠમો (૧૫૯)અંશ છે અને એમાં શ્રીમંત લોકો કરતાં
ગરીબોનો, ને તેમાંએ ગરીબ બાઇરાંઓનો અંશ વધારે છે. એ
રકમ ભેગી કરવા સારૂ અહીંઆની સ્ત્રીઓ ઘણીજ મહેનત કરેછે.
આ દેશમાંના એક કરોડ માણુસો દર વરસે ૯૦ કરોડ ડાલરનો
(૨૭૦ કરોડ રૂપીઆનો) દારૂ પીએ છે અને ૧૪૭ કરોડ રૂપી-
યાનો તમાકુ પીએ છે. એ ઉપરથી ધર્મ કરતાં તમાકુ અને દા-
રૂનુ માહાત્મ આ દેશમાં ઘણુંજ છે એમ જણાય છે અને એ
વાત ઘણી માઠી અને શોચનીય છે. આટલી મદ્યનિષેધક અને
નીતિ પ્રસારક મંડળીઓ આ બંને વ્યસનોનો આ દેશમાંથી નાશ
કરવાને ઘણી મહેનત લે છે. તેમની ફતેહ થઇ સુરા પિશાચની
અને તંબાકુ રૂપી રાક્ષસ તથા અનીતિના ફાંસામાંથી આ રળી-
આમણાં દેશને મુક્ત કરે એવી પરમેશ્વર પાસે અમારી પ્રાર્થનાછે.

આપણા દેશના ધાર્મિક માણસો જે માંગે છે તેને આપે
છે. અનાથોને આપવું સારૂં છે, પણ પાત્રાપાત્ર જોવું જોઇએ,
એમ આપણા દેશમાં થતું નથી; તેથી જ્યાં જોશો ત્યાં ભિખા-
રીપણું પ્રસર્યું છે, અપાત્રને કરેલુ દાન વ્યર્થ જઇને ઉલટું
દાતાને પાપ લાગે છે. એમ આપણા નિતીમાન પૂર્વજો કહી ગયા

છે તથાપિ તેનો વિચાર કોણ કરે છે? જાણેકે એક લઠ્ઠો નિરંજન વેરાગી છે. તેને કોઈએ પૈસો આપ્યો, તો તે જઇને તે પૈસાનો ગાંજો પીશે. ગાંજાના વ્યસનથી તેનો પોતાનો તો બિગાડ થયોજ છે, તથાપિ તેનાથી છોકરાં અને બીજાં માણસને એ વ્યસન લાગશે. કારણકે એવા સાધુ સંતનું અનુકરણ કરનારા ઘણાં હોય છે! ત્યારે એવી રીતે અપાત્રે થએલા દાન ધર્મથી દેશમાં આળસ અને દુરવ્યસન ફેલાઇને દેશની પડતી દશા થાય છે મે જાતે ઘણાં ક્ષેત્રો દીઠાં છે. તે ક્ષેત્રમાંહેલા પંડયા વગેરેને કરેલો ધર્મ અપાત્રેજ થાય છે તેઓ પોતાના યજમાનોને ભિખારી બનાવી દેછે જે ધર્મ વગેરેનો ભય બતાવીને પોતાના યજમાન પાસે વધારે હરણ કરે તે તીર્થોપાધ્યાય વિદ્વાન, મોટો ચાલાક અને ડાહ્યો ગણાય છે. આ દેશના લોકની દાન ધર્મ કરવાની રીત આપણા દેશના લોકોથી તદન નિરાળીજ છે. અહીં કોઈ રસ્તામાં ભીખ માગતાં ફરતા નથી. લોકમત અને દેશના કાયદા ખુલ્લી રીતે ભીખારીઓની વિરૂદ્ધ છે. કોઇ બારણામાં ભીખ માગવા આવે તો તેને કોઇ ભીખ આપતું નથી. આંધળાં, પાંગળાં, અશક્ત ઘરડાં ખોખરાં માણસો કોઇ કોઇવાર આગપેટી, બૂટ બાંધવાની સુતળી, આરસી, વગેરે સેહેજ કીંમતની જણસો લઇને રસ્તામાં બેઠેલા હોય છે કોઇ ધરમાત્મા તેની પાસેથી એક બે નજીવા પદાર્થ લઇને તેની બેચાર પૈસા વધારે કિંમત આપે છે. જે માંગે છે તેને આપતા નથી. એટલા ઉપરથી તે લોક દયાળુ નથી એમ સમજવું નહીં એ લોકો પાત્ર જોઇને દાન કરવાને

ઘણી કાળજી રાખે છે. ગામડામાંના અને મોટાં મોટાં શેહેરોમાંના લોક પોતપોતાના ગામના અનાથ, વ્યંગ અને કામ કરવાને અશક્ત માણસોનું પ્રતિપાલન કરવા સારૂ જોયતા પૈસા ઉઘરાણુ કરીને ઉત્પન્ન કરે છે. એ વગર દાનધર્મને સારૂજ ગામના રહેવા-શીઓને થોડોક કર પણ આપવો પડે છે. તે તેઓ રાજીખુશીથી આપે છે. એવા કરથી ઉત્પન્ન થયલા પૈસા તે તે જગાઓની દાન ધર્મ વ્યવસ્થાપક મંડળીઓને સ્વાધીન કરવામાં આવે છે. એવી જે મંડળીઓને સ્વાધીન કરવાંમાં આવે છે તે મંડળીઓને "બો-ર્ડસ ઓફ ચૅરિટીસ્" કહે છે એ મંડળીના વ્યવસ્થાપકો લોક-મતથી ચુટી કહાડવામાં આવે છે. તેઓ ઘણા સંભાવિત, પ્રમા-ણિક અને ધાર્મિક હોવા સાથે પોતાનું કામ લક્ષ પૂર્વક અને ઘ-ણી આસ્થાથી કરનારા હોય છે. બીજી સભાઓની જે વ્યવસ્થા હોય છે તેવીજ દાન સભાની હોય છે. દેશમાં ધર્મખાતે ખરચ થાય છે તેમાંના અરધા પૈસા લોકો તરફથી મળે છે અને અરધા સરકાર તરફથી મળે છે. જેઓ ખરેખરા વ્યંગ અને પોતાનું પેટ ભરવાને અશક્ત હોય છે તેમને માટેજ એ પૈસા ખરચવામાં આવે છે.

આપણા દેશમાં પુષ્કળ લોકો એવા છે કે, તેઓ પોતાના ઘરબાર છોડીને કદીએ જતાં નથી. અહીંના લોકોનો પ્રકાર એ-થી ઘણોજ નિરાળો છે. એ લોક વેપારનો અને ઉદ્યોગનો શોધ કરવા સારૂ ગામે ગામ ફરે છે. બીજે ગામ કે પ્રાંતમાં ગયાથી તેને કદાચ દારિદ્ર આવે છે. એ વગર યુરોપથી અત્રે વસવા આવેલા લોકોમાંએ ઘણું દારિદ્ર હોય છે. તેમને ઉદ્યોગ ધંધો

મળતો નથી એવી રીતે પુષ્કળ લોક દારિદ્રના સંકટમાં પડીને આખા દેશમાં ફરતા ફરે છે. ભીખારીઓએ તરેહતરેહના હોય છે. એ લોકો ક્યાં રહે છે શું કરે છે તેમની સ્થીતિ કેવી છે વગેરેનો શોધ કરનારા ઘણા ધાર્મિક માણસોએ અહીં છે. તેમાં સ્ત્રીઓ વધારે છે. તે સજ્જન માણસો એ કામ માત્ર નિરપેક્ષ બુદ્ધિથી મેહેનત કરે છે: એ છતાંએ કોઈ કોઈવાર તેમાં ગોંટાળો થાય છે તેનો ઉપાય નથી. કોઇપણ કામ હાથમાં પકડીએ તો તેમાં આરંભમાં કે આખરે થોડી ઘણી ભૂલ પડ્યા વગર રહેતી નથી. ભૂલી જવું એ માનવી સ્વભાવનો ધર્મ છે. જે કામ કરશે તે ભૂલે કરશે આપણા દેશના ઘણાએક લોક પોતે કાંઈ કામ કરતા નથી અને કોઇએ એકાદ કામનો આરંભ કર્યો તો તેની ચુકો કહાડવાને જાણે આંખોમાં તેલ ઘાલીને તૈયારજ હોય છે. અમેરિકન લોકો એવા દોષો કહાડીને છાનામાના બેશી રહેતા નથી; કોઇ જગાએ કશો ગેરબંદોબસ્ત નજરે પડે તો તે સુધારવાને ઉપાયો કરીને, લોકોપયોગી કૃત્ય કરનારા માણસોને ઘણું ઉત્તેજન આપે છે. આ દેશમાં દરિદ્રીઓને મદદ કરવાના બે પ્રકાર છે; તેમાંનો પેહેલો–નિરાશ્રિતને આશ્રય આપવો–એટલે જેને અન વસ્ત્ર ન હોય તેને આપવાં. બીજું કામ એ કે–જેને પેટપુર અન્ન વસ્ત્ર મળતાં નથી એવાની સ્થિતીની તપાસ કરી તેમની વ્યવસ્થા કરવી. એટલે તેમના ઉપર શો જુલમ થાય છે, તેમનો હક્ક શો છે, વગેરેની તપાસ કરીને જુલમી લોકોથી તેમનો બચાવ કરવાનું છે.

ભાંગ, ગાંજો, અફીણ અને તંબાકૂ વગેરે વ્યસનમાંથી છેકજ અશક્ત થઇને આળશુ બનેલા વેરાગી અને એના જેવા શક્તિ છતાંએ અનુદ્યોગી હોનારા લોકોને અવિચારે ધર્મ કરવાથી આપણા દેશમાં દારિદ્ર ઘણું વધેલું છે. ત્યારે એવાઓને દાન આપવું એટલે દુર્વ્યસનને મદદ આપીને પાપનો પોટલો બાંધવા જેવું છે, માટે તેમ ન કરવું. જેને કામ કરવાની થોડી ઘણીએ શક્તિ છે તેમને યુનાઇટેડ સ્ટેટસમાં કશુંએ દાનધર્મ મળતું નથી. તેમના ધર્મ માંહેલું એક અમૂલ્ય વાક્ય "જેને ખાવું છે તેને કામ કરવું જોઇએ" એવું છે. આપણે અહીંઆ આળશનું તો પુછવું શું, જેને તેને બેશીને ફોગટ ખાવાનું મળે છે. શરીરે રાખ ચોળી, જટા વધારી, ગળામાં માળા ઘાલીને ટીલો તાણ્યો અથવા ભગવાં પેહેર્યાં એટલે થયું તેને સાધુ સંત કહીને લોકો ફોગટ ખવરાવે છે. % ભીખ માંગવી અને માંગે તેને તે આપવી એ આપણા લોકો ધર્માંગ સમજે છે. એકાદ માણસ સારો કમાઉ નીકળ્યો કે, તેને ઘેર સગપણ શોધી કહાડીને પુષ્કળ ખાનારા મળે છે, તથાપિ તેનો વાંકો દિવસ આવતાં સર્વ પલી જાય છે અને ખાવા મળેલા કોઇ કામ આવતાં નથી!

% "ટોપીમાં ત્રણ ગુણ, નહિ વેરો, નહીં વેઠ;
બાવા બાવા સૌ કરે સૂખે ભરે પેટ.

એ કેહેવતમાં વેરાગીઓ ઉપર કટાક્ષ છે. પણ સમજ્યા છતાં બધ કરતા નથી એ મોટી અચંબાની વાત છે.

ભા. ક.

અહીં તેમ નથી; સર્વ લોકો યથાશક્તિ ઉદ્યોગ કરે છે. ગરીબ નાના છોકરાઓએ પણ હાથમાં વર્તમાન પત્રો લઇ, એમાં આજ ફલાણી ખબર છે એવી બૂમો પાડતા વેચતા ફરે છે. કોઇ શિયાળામાં રસ્તા ઉપરનો બરફ કહાડે છે. નિરાશ્રીત વિધવાઓ એ કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. તેનાં નાના છોકરાં અનેક કામો કરીને પોતાની માને મદદ કરે છે, અહીંઆ ભીખને પણ ઉદ્યોગનું રૂપ આપે છે. જિપ્સી નામના લોકો છે તે આપણા દેશના વાઘરી જેવા માગનારા છે. પણ તેઓ વાજા વગાડી લોકોને ખુશ કરે છે. કેટલાક ભીખારીઓ આપણા મદારીઓની પેઠે વાંદરાં અને રિંછ નચાવીને લોકોના મન રંજન કરે છે. અહીંની ધર્મશાળાઓ અનાથ ઘરડાં માણસો તથા બાળકોને રાખવા માટે છે. ત્યાંએ તેમને લાયકનું કામ હોય છે. આ દેશમાં ક્ષય રોગી ઘણા છે દારૂ પીવો અને તંબાકુ પીવો એ આ રોગના મૂળ કારણોમાંહેનાં મૂખ્ય છે, એવું છતાંએ આ લોકો એ બ્યસનો છોડતાં નથી! આપણા લોકો આ બે વ્યશનનું ઝપાટાબંધ અનુકરણ કરીને છેક ક્ષીણ શક્તિ થતાં જાય છે. આપણા રાવસાહેબ નાજૂક બનવાનું અને આ વખત રાવસાહેબ મળશે નહીં, તેમનું માથું દુઃખે છે એમ કહેવડાવવાનું કારણ એ દારૂ છે! આ વ્યશનથી ઘરમાં ઘણું તોફાન, બહાર અપ્રતિષ્ઠા અને પૈસાની ખરાબી થાય છે. અને જમ લોકમાં વહેલું જવુ પડે છે; એવું છતાંએ આપણા લોકો આ દુર્વ્યસનમાં મગ્ન થાય છે. ધન્ય છે આપણી અનુકરણેચ્છાને, અહીંઆ બંને વ્ય-

શનથી અનેક લોકો રોગી થયા છે. કોઇ કહે છે અમારી પ્લીહા બગડેલી છે! કોઇ કહે છે અમને ખાધુ પચતું નથી! કોઇ કહે છે શક્તિ નથી. એવા દારૂ અને તંબાકૂના વ્યસનમાં નિમગ્ન થયેલા અનેક લોકોનાં શરીર ઘણા રોગોના, અને વિશેષતઃ રાજક્ષયના નિવાસ મંદીરો થઇ પડયાં છે એવા રોગીઓની ધર્મશાળા એક એ છે. આ દેશમાં ધર્મશાળામાં જવું એ ઘણીજ શરમની વાત સમજે છે. "હું મરીશ પણ ધર્મશાળામાં જઇશ નહી" એવા ઉદ્‌ગાર કાઢનારા અને તે પ્રમાણે કરનારા લોક આ દેશમાં ઘણા છે. પિસ્તોલ ખાઇને મરે પણ અનાથ ગૃહમાં ન જાય એવા લોકો પણ અહીં કેટલાક છે. એવા રોગીઓ પાસે પણ ધર્મશાળામાં હલકાં હલકાં (ફુલના ઝાડોને પાણી પાવા જેવાં) કામે કરાવે છે. અહીં સર્વત્ર આત્મ સમાન પોષાય છે. બીજાની કમાઇ આપણે ન ખાવી, એમ તેઓ અંતઃકરણથી ચાહે છે. આ દેશમાં કોઇ કોઇને મફત પૈસા આપતુંએ નથી, ને કોઇ લેતુંએ નથી. આપણે ત્યાં આત્મસમાન અને સ્વાભિમાન શો પદાર્થ છે તે તો ઘણા ખરા જાણતાએ નથી. કોઇ કંઇ મફત આપે છે તો ખુશીથી લે છે અને કહે છે કે એટલાથી જે દહાડા ગયા તે ખરા! દેવુ કરશે, દેવું નહીં વળે તો બીજે અવતાર વળાશે; તથાપિ દેવું વાળવાને બીજે અવતાર લેવો પડશે તેની દરકાર નથી!

યુનાઇટેડ સ્ટેટસમાં પરદેશથી ભિખારી આવે છે તે ઘણા છે. અહીંના રહેવાશીઓમાંથી ૧/૮ પરદેશી છે. તેમાંના અપરાધિઓમાં સેંકડે ૩૦ પરદેશીઓ છે. એના જે કારણો છે તેમાંનું

મુખ્ય એ છે કે પારકા લોકોને ઉતાવળો ધંધો રોજગાર ન મળવાથી તેઓ વગર ભાડાના ઘરમાં જવાનો ઉદ્યોગ કરે છે. જેને સર્વ સાધારણ લોકે આશ્રય આપવો જોઇએ. એવા વિકલાંગ માણુસો અહીં ઘણાજ થોડા છે. કારણકે પરદેશમાંથી વસવા આવનારા લોકો અશક્ત હશે તોજ પોતાનો દેશ છોડીને અહીં આવશે. ગ્રેટબ્રિટનને આયર્લાંડના જોડાયલા રાજ્યમાં દર હજારે ૩૩ જણને લોકાશ્રય આપવો પડે છે. અને યુનાઇટેડસ્ટેટસમાં એક હજારે પાંચ એટલે દર બસેં માણુસે એક અથવા સેંકડે અરધા માણસને આશ્રય આપવો પડે છે. એ ઉપરથી અહીં કેટલું દારિદ્ર ઓછું છે અને ઉદ્યોગ કેટલો છે તેનું અનુમાન થાય છે. હુ ધારૂં છું કે આપણા દેશમાંતો એવા ભિખારીઓનું પ્રમાણ સેંકડે દોઢસો હશે! યુનાઇટેડ સ્ટેટસમાં હાલમાં ઘણા લોકો બહારના છે. એટલે ખરેખરજ ત્યાં અનેક જાતો છે. વળી અહીંઆ જેને ગુલામો કરીને વેચતા હતા; તે હબસી જાતના લોકે ઘણા છે. જેને લોકાશ્રય આપવો પડે એવા લોકો અથવા ભિખારીઓ એ હબશી જાતિમાં ઘણાજ થોડા છે. સ્વતંત્રતા નહોતી એવા લોકોને તે મળતાંજ તે કેવા ઉદ્યોગી બને છે, તેનું આ હબશી ગુલામો ઉત્તમ ઉદાહરણ છે. એ જાતમાં હાલમાં ઘણા જણા તરેહ તરેહના ધંધા ચલાવનારા છે. કોઈ વકીલ, કોઈ બારીસ્ટર, કોઇ વેપારી, કોઇ કંઇ ને કોઈ કંઇ એવી રીતે સર્વે જણા ઉદ્યોગે લાગી ગએલા છે. ગુલામગિરીમાંથી મુક્ત થયાને હજી પુરાં પચ્ચીસ વરસ થયાં નથી. એટલામાં તેણે દરેક કામમાં બીજા લોકોની બરાબરી કરી મુકી છે. લોકોને સ્વતંત્રતા આપવાથી

શા ફાયદા છે તેનું આ મૂર્તિમંત ઉદાહરણ છે. હબસીઓને ગુલામીપણામાંથી મુક્ત કરીશું તો દેશમાં મોટો અનર્થ થશે. તેઓ દેશનું સત્યાનાશ વાળી મૂકશે, દારિદ્ર વધશે, ચોરીઓ ઘણી થશે શાંન્તી ઓછી થશે, એવું ગુલામી વ્યાપારના હિમાયતીઓ પ્રતિપાદન કરતા હતા. તથાપિ તેમના કહેવા જેવું કશુંએ બન્યું નથી એ જોઇને ઘણો આનંદ થાય છે. અશક્ત છતાં કામ બની શકતું નથી. એવાઓને કામ કરવાનું કહેવાની આપણી ફરજ છે એમ સમજીને અહીંની ધર્મ મંડળીઓ તેને કંઇ પણ કેલવણી આપેછે ઇંગ્લાંડમાં જે ભિખારીઓ બાબતનો ખરચ થાય છે તેનો ત્રીજો ભાગ એટલે આશરે એક કરોડ દેંસી લાખ ડાલર આ દેશની ભિખારીઓને વાસ્તે ખરચ થાય છે. અહીંઆ ભિખારીઓ ઓછા હોવાનું કંઈ કારણ છે તે એકે, નવા દેશમાં ઉદ્યોગ કરનારા લોકો હોય છે તેજ વસવા આવે છે. વળી અહીંઆં ખેતી થાય એવી જમીન જોઇએ તેટલી ઓહોળી છે તેને લીધે ઉદ્યોગ ઘણો છે. અને ઉદ્યોગી માણસ ગમે ત્યાં અને કોઈ પણ વખતે અપવાશી મરતો નથી. અહીંઆ આળસુની પ્રતિષ્ટા નથી "જો હશે મારો હરી તો લાવશે થાળ ભરી" એમ કહીને સાધુ સંતપણાને બહાને આળસુ રહેનારને અહીં તો અપવાશીજ મરવું પડે.

પેહેલાં આસ્ત્રિઆ, જર્મની તથા ઇંગ્લાંડના અપરાધીઓને વહાણમાં ભરીને યુનાઇટેડસ્ટેટસમાં મોકલતા હતા, તથાપિ હાલમાં ભિખારી બાબત તથા અહીં વસવા આવનારને સંબંધે અહીંની રાષ્ટ્રીય સરકારે ઘણા સખત કાયદા કરેલા છે. તેમાં એવી

જાતના અપરાધી, આળસુ, નિરૂદ્યોગી અને ભિખારી લોકોને દે-
શમાં આવવા ન દેવા એવો નિર્બંધ છે. પારકા લોકો અહીં રહે-
વા આવે છે તેના સંબંધમાં શા શા કાયદા છે તેની તપાસ હું
કરતી હતી. ત્યારે અહીંના લોકે મને કહ્યું કે, તે સંબંધી ખબર
મેળવીને તમારે શું કરવું છે? તમારા દેશ માંહેલા ભિખારી નિ-
રૂદ્યોગી લોકોનું અહીં આવવું અમને ફાયદાકારક નથી એ ઉપ-
રથી આપણી દરિદ્રતા અને આળસાઈનો ડંકો ક્યાં સુધી પહોંચે-
લો જણાય છે! તેઓ કહે છે કે, તમારાં ત્યાંના ઉદ્યોગી માણ-
સો અહીં આવે તો ચિંતા નથી. મેં પણ તેમને ધીરજ આપી
કે, તમે કહો છો તેમજ થશે. આળસુઓ આવશેજ કેમ? કોઈ
આળસુ માણસ પરદેશમાં અહીં આવ્યો તો તેને જાતે કામ ક-
રીને પોતાનો ગુજરો કરવાની શક્તિ નથી અને તે કામ કરવાને
ચહાતોએ નથી એમ જાણુતાંજ આ લોકો તેમને ગાંસડે પોટલે
પાછો ઘેર જવાની ફરજ પાડશે.

અહીંઆ વિકલાંગ માણસો એટલે આંધળાં, મૂંગાં, લંગડા,
લૂલા, ઇત્યાદિ માણસો ઘણાં થોડાં છે. એમતો ઉપર કહી ગયાંજ
છીએ. દર ૨,૭૨૦ માણસમાં એક આંધળો, ને દર ૨૦૫૪ મા-
ણસે એક મુંગો મળી આવે છે. આંધળાને ભીખ આપવી એતો
ઠીક છે તથાપિ તેને કંઈ કેળવણી આપી યથાશક્તિ ઉદ્યોગે લગા-
ડ્યાથી દેશનું દારિદ્ર ઓછું થઈને લાભ થશે. અહીં આંધળાઓને સારૂ
અનેક નિશાળો છે, દરેક સંસ્થાનમાં ઓછામાંઓછી ૨—૩ નિશા-
ળોતો હોય છેજ. તેનો ખરચ સ્થાનિક સરકાર ચલાવે છે. નિશા-

ળામાં આંધળાઓને સ્પર્શેંદ્રિયની મારફતે વિદ્યા શીખવેછે. આંધળાઓ ને સાંભળવાની અને લાગવાની શક્તિ ઘણી તિક્ષણ હોય છે તેનું સર્વ જ્ઞાન એજ ઈંદ્રિયોમાં આવેલું હોય છે. અને તેમની બુદ્ધિ ઘણી ગ્રાહક હોય છે. આંધળાં વણવાનું અને બીજાં ઘણાં કામો કરે છે. તેણે બનાવેલી વસ્તુઓમાંની કેટલીક મેં સાથે આણેલી છે. તેને ભૂગોળ શીખવે છે. તેઓને હાથ ફેરવવાથી ભૂગોળનું જ્ઞાન થાય એવા ગોળા અને નકશા બનાવેલા હોય છે. તેઓને ગણિત પણ શીખવે છે. કિંડર ગાર્ટનની પદ્ધતિએતો અંધ શિક્ષણમાં અવધીજ કરી મૂકેલી છે. આંધળામાં ઘણા ગવૈયા છે× અને વાજાં વગાડનારાએ ઘણા છે. મેં એક ભજનાલયમાં એક આંધળાએ વાજું વગાડેલું સાંભળ્યું હતું અને તે ઘણું ઉત્તમ લાગ્યું હતું. અહીંના માબાપો છોકરાંઓની આંખોની ઘણી સંભાળ રાખે છે. આપણા દેશની માતાઓ પોતાના છોકરાની આંખોમાં તેલ મુકે છે, મેશ આંજે છે, અહીં તેમ કરવામાં આવતું નથી. બહેરાં મુંગાઓનીએ નિશાળો ઘણી છે. તેને કેળવણી આપવાના કામમાં એ આ દેશના કલ્પનાવાળા લોકે પરાકાષ્ટા કરી મુકી છે! ન્યૂયાર્કમાં તેમની એક નિશાળ છે. તેમાં ૫૦૦ વિદ્યાર્થીઓ છે. તેમનુ શિક્ષણ જોઇને મને ઘણોજ ચમત્કાર લાગ્યો. તે નિશાળમાં એક બહેરો મુગો અને આંધળો છોકરો હતો. નિશાળ બતલાવનારાએ

× આપણા દેશમાં આંધળાંઓને વાસ્તે સાધારણ કામો મનાય છે, કે "આંધળો ગાય કે દળે" પણ નડીઆદમાં અમારી ન્યાતતો એક આંધળો રૂપિયા પરખતો હતો. ભા. ક.

તે છોકરાને મને બતાવ્યો અને તે છોકરાના હાથની આંગળીઓ-ની ઇસારતથી પેલા ભોમીયાએ તેને કહ્યું કે, આ કોઇ બાઈ હિંદુસ્તાનથી તને જોવા આવી છે, તેથી તારે તેની સાથે વાત કરવી હોય તો કર. એમ જાણતાંજ ટાઇપ રાઇટર નામના યંત્રદ્વારે મારે સંબંધે બેચાર વાક્યો કાગળ ઉપર તેણે લખી આણ્યાં. તે કાગળ દેખાડનારે મને આપ્યો તે મેં સાચવી રાખેલો છે. તેમાં તે છોકરાએ મારૂં અને મારા દેશનું નામ અને મારો આ દેશમાં આવવાનો ઉદ્દેશ એ બધું સંક્ષેપમાં લખીને હું અહીં આવી તેને માટે તેમાં ખુશાલી જણાવી હતી. એ જોઇને હું તો છક્કડ થઇ ગઇ. દુનિયામાં જો કંઇ અદ્ભુત ચમત્કાર હશે તો આજ છે એમ તે વખત મને લાગ્યું ! એ વગર ત્યાં અનાથ–બાળકગૃહો તથા ઉદ્યોગશાળા ઘણી છે. ગાંડાં જેવા છોકરાંનીએ શાળા છે. અશક્ત, અનાથ વગેરે લોકોને વાસ્તે નિરનિરાળા પ્રકારનાં ગૃહો શિક્ષણાલયો મળીને ૪૩૦ છે. આંધળાં તથા મુગાં બેહેરાંની નિશાળો ૫૬ અને ગાંડાંઓની ૩૦ નિશાળો છે. અને તે નિશાળના શિક્ષકો ઘણી જ કાળજીથી અક્કલ વાપરીને પોતાના શિષ્ય વર્ગોને શીખવે છે.

તુરંગની વ્યવસ્થા બરાબર રાખવાને શ્રમ કરવો, તેમાંનાં માણસોની ખબર અંતર લેવી, તેમને ઉપદેશ કરવો વગેરે કામો ધર્મ સંબંધીજ છે એમ ત્યાંના લોકો માને છે. આપણા દેશમાં તુરંગમાં પડેલાં માણસને આપણી સાથે કશો સંબંધ નથી એમ સમજે છે. એટલુંજ નહીં પણ આપણે તેની સાથે સંબંધ રાખીશું તો આપણી ગેરઆબરૂ ગણાશે એમ લોકોની સમ-

જાણુ હોય એમ મને લાગે છે. વાસ્તે તેમની ખબર અંતર લેવા સારૂજ ખામૂખા કોઇ કારાગ્રહમાં જતું નથી. તુરંગમાં જનારાં બધાંજ માણસો છેક અપરાધી હશે એમ તો કહી શકાતું નથી. (અને હોય તોય શું થયું? આપણે કેદખાનામાં જઇને તેમની ખબર અંતર કેમ ન લઇશું) નિરપરાધી માણસોનેએ તેમાં જવાનો પ્રસંગ આવેછે. આપણુને પણ તેમાં નહીંજ જવું પડે એમ ખાત્રીથી કોનાથી કહેવાશે? મેં હજી સુધી હિંદુસ્તાનની તુરંગો જોઇ નથી. મને અહીંની તુરંગોની પેહેલાં લગારે કલ્પના આવતી ન હોતી, પણ તે કોલ્હાપૂર પ્રકરણ બન્યા પછી રા. આગર કરના "ડુંગરીની તુરંગના ૧૦૧ દિવસ" ઉપરથી આ. વી. ૫૦ વરસ પેહેલાં યુનાઇટેંડસ્ટેટસમાં કેદીઓની ઘણી દુર્દશા હતી. ઘણાખરા કેદીઓને ભોંયરામાં અથવા ખાણોમાં ગોંધી મૂકવામાં આવતા. ગળામાં સાંકળો, અને હાથમાં બેડીઓ પેહેરાવીને નાના છોકરાંને સુદ્ધા, એમ દુઃખ દેતા હતા. મતલબ કે ત્યાં સર્વત્ર અવ્યવસ્થા અને યાતના ઘણીજ હતી. પણ હમણાં ધાર્મિક અને સજ્જન સ્ત્રી પુરૂષો તેમાં જવા લાગ્યાથી તે તુરંગો આપણા દેશ જનાનખાના જેવી થઈ છે. મેં અહીંની તુરંગો જોઇ છે. તે ઘણી સ્વચ્છ હોય છે. અને તેમાં આગનો ઉપદ્રવ ન થાય એવી ગોઠવણ કરેલી હોય છે. કેદીઓને સદુપદેશ કરવામાં આવે છે. ત્યાં તેમને વાસ્તે પુસ્તકાલયો છે. અને ફુલના ઝાડનાં કુંડા વગેરે હોય છે. દર રવીવારે તેમને પ્રાર્થના કરવાની છુટી મળે છે. મા બાપ તરફની સારી કેળવણી ન મળવાથી તે

અના ઉપર આવી વખત આવી એવું સમજીને સજ્જન લોકો તે અના ઉપર દયા કરે છે. એવા લોકોની ઘણી મંડળીઓ છે. છોકરાંઓને સારૂ ઘણાં સુધારણાં ગૃહો છે. એવું પેહેલવેહેલું ગૃહ સ૦ ૧૮૨૪માં સ્થપાયું ને સને ૧૮૭૪માં એવાં ૩૪ ગ્રહો આછળ ૮૦લાખ ડાલર ખરચ થયો હતો. એ પચાસ વરસમાં એમાં મળીને ૯૧૪૦૨ છોકરાં સુધરીને તેમાંના આશરે ૭૦૦૦૦ છોકરાં ઉદ્યોગી અને સંભાવિત નીકળ્યાં, આ ગૃહોમાં તેમને નીતિની કેળવણી આપવામાં આવે છે. એક બીજાના દુર્ગુણની અસર ન થાય તેને વાસ્તે ઘણી કાળજી રાખે છે. અહીંના અપરાધીઓને દેહ દંડની શિક્ષા ઘણી થતી નથી. તેમને બેડી માત્ર હોય છે, ફાંસી દેવાને બદલે કેટલાંએક સંસ્થાનમાં વિજળીથી મારી નાંખવામાં આવે છે. મુદ્દત વિતીને કેદી છુટયા પછી તેને જનપદના સર્વ હકકો મળે છે.*

વળી અહીં જૂદાં જૂદાં ઘણાં દવાખાનાં છે. સામાન્ય દરદીઓને સારૂ એ પુષ્કળ છે. તેનો ખરચ સરકાર ચલાવે છે. તે સવ બીજા લોકોના ખાનગી ખરચથી ચાલનારાં દવાખાનાંએ ઘણાં છે ધાર્મિક લોકો તે માંહેના રોગીઓની બરદાસ્ત કરે છે, બાઈ બાઇ દવાખાના દરદીઓને મધુર ગાયન અને ભજનો ગાઈ

---

* આ દેશના ગામડાઓમાં ગમે તે કારણથી કેદ જઇ આવેલા માણસની હાજરી લેવાને બહાને જીવતા સુધી તાલુકાની પોલીસ અને પોલીસ પટેલો સતાવતા જોવામાં આવે છે.

ભા. ક.

તથા ધર્મ પુસ્તકો વાંચીને સંભળાવે છે. કોઇ કંઇ વાત કે ખબર અંતર કહે છે. કોઇ વૃ-તપત્રો વાંચી સંભળાવે છે. કોઈ મધુર વાજીંત્ર સંભળાવે છે. કોઇ તેમાં મીઠાઇ વેહેંચે છે. કોઈ સુવાસિક ફુલો આપે છે. અહીં ફુલો આપવાની રીત ઘણી ચાલે છે. એવાં ફુલો વેહેચનારી મંડળીને "ફ્લાવર મિશન" કહે છે. ફુલો આપવાની કલ્પના જે ધાર્મિક બાઇએ પ્રથમ કહાડી તેને મેં જોઇ છે. તે આજ આઠ દશ વરસ થયાં લકવો (અર્ધાંગવાયુ) થવાથી ખાટલે પડી છે. તોય તે એવા પ્રકારનાં પુષ્કળ ધર્મ કૃત્ય કરે છે. ખરેખરી દયા અહીંઆં છે. આપણા દેશમાં એ ખરી દયા હજી સુધી કોઇના જાણ્યામાં નથી. આપણે ત્યાંએ દરદીઓ ઘણા છે, અને તેમને સારૂ દવાખાના એ થાય છે. તેમાંના દરદીઓ પાસે જઇને તેમની સાથે મીઠાશથી બોલવું તેમની ખબર અંતર પુછવી. તેમને ફુલો આપવાં વગેરે કામ જો કોઈ કરે તો ઘણું સારૂં થાય. દારૂ પીવો, તંબાકુ પીવો, નાસ્તિકપણાની વાતો કરવી વગેરે આપણે અમેરિકન અને બીજા પશ્ચિમના લોકોનું અનુકરણ ઘણી હોંસથી કરીએ છીએ. તેને બદલે જો આપણે તેમના સારા ગુણ અને ચાલનું આસ્થાપૂર્વક અનુકરણ કરીએ તો આપણા દેશનું અને આપણું કેટલું હિત થશે વારૂ ?

સ્ત્રિઓની સ્થિતિ.

હું નાની હતી ત્યારે મને પણ બીજાં છોકરાંઓની પેઠે અદ્‌ભૂત વાતો સાંભળવાની ઘણી ગમતી હતી. આપણા દેશમાં

ચાલતી દંતકથા, ભારત, ભાગવત, રામાયણ, અદ્ભુત રામાયણ, જૈમિની અશ્વમેધ ઇત્યાદિ પુરાણ કાવ્યમાંહેલી ચમત્કરિક વાતો સાંભળવાની હોંસ કોને નહીં થાય? એ વાત સાંભળીને કોના અંગમાં સ્ફુરણ આવ્યું નહીં હોય? અને આપણને, પણ એવા મહત્કૃત્યો કરવાની શક્તિ આવે એમ કોને ન લાગે? તથાપિ પોતાની દુર્બળતા સર્વ વાતોનું અજાણપણું. ઉપાયહિનતા, ઇત્યાદિ વાતો મનમાં આવી એવાં મહત્કૃત્ય આપણાથી નહી બને એ વાતો માત્ર કલ્પેલી કાદંબરીઓ છે એવું જાણીને જેની નિરાશા નહિ થઇ હોય એવાં છોકરાં અને મોટાં માણસો ઘણાંજ થોડાં મળી આવશે. કલ્પિત કાદંબરી અને ચમત્કારિક વાતો વાંચવાની જ્યારે આપણે આટલી પસંદ પડે છે અને આટલી હોંસ ફુટે છે ત્યારે ખરેખરા બનાવોની હકીગત વાંચવાની હોંસ કેમ નહિ હોય? સહેસ્રાર્જુન તુલ્ય મહા નદીના પ્રવાહનો રોધ કરનારૂં બળ જેતામાં છે એવા સતમુખ, સહસ્રમુખ રાવણ સરખા અજય્ય રાક્ષસનો વધ કરનાર સીતાદેવી ખરેખરજ મારી નજરે પડશે, એ વાત સાત વરસ પહેલાં મારા મનમાંએ આવી નહોતી. તથાપિ કાળ ક્રમે કરીને અદ્ભૂત વાત મારા દીઠામાં આવી, અને તેની હકીગત સંક્ષેપમાં લખીને મારા દેશી ભાઇ બહેનોને નજર કરવાની આ તક પ્રથમ મારે ભાગે આવી તેથી મને ઘણો આનંદ થાયછે.

પ્રથમ ઈંગ્રેજ વિદુષી બાઇ હારીએટ માર્ટિનોએ "અમેરિકન સમાજ" એ વિષય ઉપર રચેલું પુસ્તક કેટલાએક મહિના ઉપર મારા દીઠામાં આવ્યું. હારિએટ માર્ટિનો ૧૮૪૦માં અમેરિકામાં

આવીને અહીંની સમાજ સ્થિતિ જોઇને પાછી પોતાને દેશ ગયા પછી તેણે એ પુસ્તક રચ્યું, તેમાં આ ઇંગ્રેજ બાઇએ આ દેશની સ્ત્રીઓની હાલત વિષે બોલતાં કહ્યું છે કે તેમને (આ દેશની સ્ત્રીઓને) વરિષ્ટ શિક્ષણ મુદલે મળતું નથી અને તે મળવાના રસ્તાએ બીલકુલ બંધ છે. થોડું ગાયન, વાજીંત્ર વગાડવું, કામજોગ લખવું વાંચવું અને શિવણ કામ એટલુંજ તેમની વિદ્વત્તાની પરિશીમાં છે. તેમને કોઇ પણ જાતની સામાજિક અથવા રાજકિય સ્વતંત્રતા નથી. તેમને દૈવ્યયોગે વૈધવ્ય અથવા દારિદ્ર આવ્યું તો ઉદર નિર્વાહ ચલાવવા સારૂ શિવણ કામ **રંધવારી પણું**; હલકી ચાકરી (ગૃહસ્થના ઘરમાં) અને તેવુંજ કોઇ બીજું કામ અથવા પુનર્વિવાહ અને મરજી વિરૂદ્ધ લગ્ન કરવાં એ વિના ગત્યંતર નથી. એ દેશના કાયદામાં સ્ત્રીઓનું અસ્તિત્વ મુદલે ઓળખવામાં આવ્યું નથી. **તેઓ માત્ર બીજા વેચાતા લીધેલા ગુલામ પ્રમાણે પુરૂશોની બંદી છે.** રાજ્ય કારણી વાતોમાં અને **કાયદાની નજરમાં એ વાતને અપવાદ નથી.** સમાજમાં એકાદ બીજો અપવાદ મળી આવે ખરો પણ તે એ ઘણો કવચિત્તજ. હ્યારિએટ માર્ટિનોએ એવી પુષ્કળ વાતો પોતાના પુસ્તકમાં લખી રાખી છે, તે બધી ઘણા મહત્વની છે. પણ જગા અને વખતના અભાવને લીધે અહીં તે બધી ઉતારી શકાતી નથી. "તે કેવળ વેચાણ લીધેલા દાસ પ્રમાણે પુરૂષોની બંદી છે." એ એક વાકયમાં પચાસ સાઠ વરસ ઉપર આદેશની સ્ત્રીઓની સ્થિતિ કેટલી શોચનિય અને ભયંકર હતી તે વાત સાં

રી પેઠે ડસે છે, એવી સ્થિતિમાંથી જેણે પોતાનો ઉદ્ધાર કરી લેવાનો પ્રયત્ન કર્યો તેમની હિંમત શ્રમ સહિષ્ણુતા, અને દીર્ઘોદ્યોગનું વર્ણન કરવા સારૂ એકાદી સરસ્વતીજ પૃથ્વી ઉપર પેદા થવી જોઇએ; મારાજેવી અલ્પમતિ અબળાથી તેનું યથાર્થ વર્ણન થશે નહીં. આજ સુધી પરોપકારી અને દયાળુ લોકે મોટમોટાં સંકટ વેઠીને જે (દાસોનું દાસ્યમોચન, મદ્ય નિષેધક મતનો પ્રસાર ઇત્યાદિ) મોટાં મોટાં કૃત્યો કર્યાં, તે સર્વ કરતાં એ સ્ત્રિઓના ઉદ્ધારનું કૃત્ય ઘણુંજ કઠણ હતું. કારણ ગુલામોને વેચાણ લઈ મજુરી આપ્યા વિના તેમની પાસે કામ કરાવવું અને તેનું આ લોક ને પરલોકના સુખને અટકાવવું, એ ઘણું નિંદ્ય અને ક્રૂર કર્મ છે. એ વાત ઉઘાડી છે. મદ્યપાનાદિક વ્યસનથી માણસની શારિરીક અને માનસિક સ્વાસ્થ્યાની હાનિ થાય છે તે સર્વને જણાય છે. એ વાતથી થનારાં અનિષ્ટો સઘળાંને પ્રત્યક્ષ દેખાવા જોગાં છે. તથાપિ સ્ત્રિઓનાં દાસત્વથી ઉદ્ભવનારાં અનિષ્ટો સેહેજમાં ધ્યાનમાં આવતાં નથી. તે અંતર્ગૂઢ હૃદય રોગની પેઠે બહાર ન જણાતાં અંદર અંદરથી માણસ જાતનું કાળજું બાળી નાંખે છે. સ્ત્રિઓ ગુલામગીરીમાં નથી, તેમની સ્થિતિ જેવી જોઇએ તેવી છે એમ ઘણું કરીને સર્વનેજ લાગે છે. સ્ત્રીઓ ઉપર કશો જુલમ થતો નથી, અને તેમની સ્થિતિ હમણાં છે તેથી જૂદી હોવી ન જોઇએ. એ સમજણ સર્વના મનમાં એવીતો મજબૂત બેશી ગઇ છે કે, એની ખરાબી વિષે માત્ર કલ્પનાએ કોઇને સુઝવી અસંભવિત લાગે છે. વળી વધારે ચમત્કારતો એ છે કે, ખૂદ સ્ત્રીઓને

એ આપણી સ્થિતિ જેવી જોઇએ તેવી છે, એમ લાગે છે. પહેલાં અમેરિકામાં, આફ્રિકાના સિદ્દિઓ ગુલામ હતા, ત્યારે તેમાંના ઘણાઓના મનની સ્થિતિ એવીજ હતી. આપણે ગુલામગિરીમાં છીએ તોએ તેમાં આપણે સુખ છે. આપણે બધી રીતે દિન હિન છીએ અને આપણે જેના આશ્રયમાં છતાં તે મારે કે તારે તોએ તે વગર આપણો છુટકો નથી. એવી સમજણ બંધાઇને તેમણે જોકે ગમે તેટલું અપમાન કર્યું તોય તે નીચી મુંડીએ સહન કરે છે, એવી સ્થિતિ માણસને પ્રાપ્ત થઇ તે ગુલામગિરીની પરમાંવધી થઈ કહેવાય. જેવો યોગ્ય અભિમાન અને સ્વાતંત્ર્યેચ્છા એ પરમેશ્વરે માણસ જાતને આપેલી બે અમુલ્ય બક્ષીસોનો નાશ થાય છે, તે ગુલામગિરી કેટલી ભૂંડી છે તેનું માત્ર અનુમાને થઈ શકતું નથી?

"કોઈ પણ જાતિ કે ધર્મ માંહેલી સ્ત્રીઓની સ્થિતિ ઉપરથી તે જાતિના મહત્વની અને તે ધર્મની યોગ્યતાની પરીક્ષા કરવી." એવું ઘણા પશ્ચિમના જ્ઞાની વિદ્વાનોનું મત છે તે ખરૂં છે. સ્ત્રિઓ જાતે પુરૂષો કરતાં કમજોરની સાથે સ્વભાવે સહનશીલ હોય છે; તેને લીધે તેના કુદરતી હક ઝૂંટાવી લઈને તેમને પોતાને જોઇએ તેવી સ્થિતિમાં રાખવાને પુરૂષોને ઘણું સહેલું પડે છે. તથાપિ નીતિની નજરે જોતાં અંગબળ એ ખરૂ બળ નથી. આપણો પાડોશી દુર્બળ છે વાસ્તે તેના હક છીનવી લેવા એ મોટા સજ્જનપણાનું લક્ષણ નથી. પ્રાચીન અને અર્વાચીન કાળના અરધા કે આખા જંગલી માણસોમાં ઘણું કરીને શરીર

બળને મુખ્ય માનેલું જણાય છે. "બળીઆના બે ભાગ" એજ તેનો ધારો; અને ન્યાય અન્યાયનો વિચાર કરતાં ઉપલી કહેવત પ્રમાણે જેના કાંડામાં જોર હોય તેણે એકાદનું રાજ્ય ઝૂંટવી લઇને, તે પોતે રાજા બને છે. પ્રાચીન કાળમાં શુરા યોધ્ધાઓને દેવતાઇ માન આપવાની જે ચાલ હતી અને હજીએ છે તેનો ઉદ્ભવ પણ આજ નીતિમાંથી થએલો છે. એ નીતિના ઉપાસકોને શાંતી કરતાં યુદ્ધની મીઠાસ વધારે લાગે છે. શસ્ત્ર અને બાહુબળની મદદથી જે સિદ્ધ થાય તેજ સિદ્ધાંત અને તેજ ન્યાય એમ માનવામાં આવે છે; તથાપિ કોઈ પણ દેશમાં જ્ઞાનની અને સૌજન્યની જેમ જેમ ઉન્નતિ થાય છે તેમ તેમ શરીર બળની મોટાઈ ઓછી થતી જઈ લોકો બાહુબળથી બુદ્ધિબળને શ્રેષ્ટ માનવા લાગે છે, અને અરણ્ય પંડીતના લઠ્ઠ શાસ્ત્રી ન્યાય કરતાં શિષ્ટાચાર સંમત, યુક્તાયુક્ત વાતને ઉંચ્ય પદ આપે છે. એવા લોક કોઇ આપણાથી કમજોર વાસ્તેજ તેની માલમિલકત અને હક છીનવી લેવાને ન્યાય કહેતા નથી. દુર્બળનું રક્ષણ કરવું, કોઇએ આપણો અપરાધ કર્યો તોપણ તેનું ભૂંડું ન કરતાં ક્ષમા કરવી, શરીરમાં ઘણું બળ હોય તોય ઉદ્ધતપણે ન વર્તતાં નમ્રપણે ચાલવું, એને ન્યાય કહે છે. એ પ્રમાણે જેમ જેમ જ્ઞાન વધે છે અને લોકોની ઉન્નતિ થતી જાય છે તેમ તેમ તેઓમાં સૌજન્ય અને સુનીતિ વધતી જાય એ સ્વાભાવિકજ છે. એ કારણને લીધે સ્ત્રી જાતને કમજોર માનીને તેમના ઉપર જોઇએ તેવો અમલ ચલાવવાની ચાલ છે તે જંગલી છે, અને માણસ જેમ જેમ સુ-

ધરતો જાય છે, તેમ તેમ સ્ત્રીઓની દુર્બળતા ભણી ન જોતાં, તેમના ગુણને વધારે વધારે માન આપીને તેમને ઉંચપદે ચઢાવે છે. બીજી બાબતોની પેઠેજ સ્ત્રિઓ વિષે પણ તેમનું નિકૃષ્ટમત બદલાઇને તેમના મનમાં પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે. વાસ્તે એ- એકાદ દેશ માંહેલી સ્ત્રીઓની સ્થિતિ ઉપરથી તેમની ઉન્નતિની પરિક્ષા સેહેજ થઇ શકે છે.

ઈંગ્લાંડની અને તેજ દેશમાંથી અહીં આવેલા અમેરિકન લોકની સામાજિક સ્થિતિ સર્વોત્તમ છે; કારણ તેમની સ્ત્રીઓને સર્વત્ર ઘણું માન મળે છે અને તેઓમાં સ્ત્રીને પુરૂષની બરાબર ગણે છે. એમ તે દેશના લોકો કહે છે. અને જે ખ્રિસ્તી ધર્મના અભિમાની છે, તેઓ કેહેછે કે, સ્ત્રીઓને ઉત્તમત્વ આવ્યુંછે તે ખ્રિસ્તી ધર્મને લીધેજ; કારણ, બીજા ધર્મના લોકોમાં સ્ત્રીઓને બીલકૂલ માન મળતું નથી. કોઇ જાતિના લોકે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો કે લાગલીજ તેમાંની સ્ત્રીઓની ઉન્નતિ થાય છે. એ બંને વાતમાં ઘણી સાચાઇ છે, તથાપિ એમાં અસત્યનો અંશ ઘણો છે એમ વિચાર કરતાં માલુમ પડે છે. ખ્રિસ્તી કહેવડાવનારી સઘળીજ જાતના લોકોમાં સ્ત્રીઓની સ્થિતી એકજ પ્રકારની છે એમ નથી; રશિયન, ઇટાલિયન, ગ્રીક ફ્રેન્ચ, સ્વિસ્, ફિનિશ, ઈંગ્લિશ, અમેરિકન, ઇત્યાદિ સર્વ લોક ખ્રિસ્તી છે; તથાપિ તે જાતિનાં બૈરાંની હાલતમાં ઘણો તફાવત છે. આપણે એકાદ ધર્મના અનુયાયી કહેવડાવવું અને તે ધર્મનાં આચરણ કરવાં એ બંને વાતો કેવળ જૂદી છે.

અમેરિકાના યુનાઇટેડસ્ટેટસના ઘણાખરા બધા લોકો પોતાને ખ્રિસ્તી કહેવડાવે છે, તથાપિ તે બધા ખ્રિસ્તના ઉપદેશ પ્રમાણે આચરણ કરતા નથી. ખ્રિસ્તે જે ધર્મનો ઉપદેશ તથા જે ચાલનો પ્રસાર કર્યો, તેમાં તેણે બઇરાંને એક અને મરદને બીજો એવો ભેદ બિલકુલ રાખ્યો નથી; તથાપિ તે સમદર્શીપણુ અહીંના સર્વ લોકને માન્ય નથી. સ્ત્રીઓની યોગ્યતા જાણવામાં અને તેમને વર્તાવવામાં કોઇને ખ્રિસ્તનું, કોઇને પૌલસનું કોઇને મોશેનું અને કોઇને શેતાનનું મત ગ્રાહ્ય છે. એમ આચરણ ઉપરથી જણાય છે. પણ તે બધાજ પોતાને ખ્રિસ્તિ મત માનતા કહેવડાવે છે. ખુદ ખ્રિસ્તનો અને તેને અનુસરીને ચાલનાર પૌલસના ખ્રિસ્તી ધર્મમાં કહેવાય છે કે, ખ્રિસ્તીઓમાં સ્ત્રિ પુરૂષનો ભેદ છેજ નહીં. પણ સર્વ માણસો પરમેશ્વરના ફરજંદ છે; તથાપિ હાલમાં આ દેશમાં ચાલતા ઘણાએક મતમાં બૈરાંઓ મરદથી જૂદાં જણાય છે. તેમને ધર્માસન ઉપર ચઢીને મરદની પેઠે ઉપદેશ કરવાનો અધિકાર અને સંસ્કારાદિ ધર્મ કૃત્યો કરાવવાનો અધિકાર નથી. તેઓના લગ્ન પ્રસંગે "હું મારા ભરતારની આજ્ઞાપાળીશ" એવી પ્રતિજ્ઞા લેવી પડે છે. ધણી. સ્ત્રિના માથાનો મુગટ છે, એમ ધર્મોપદેશક (પુરૂષ)નું કહેવું છે. વાસ્તે હાલમાં ઈંગ્લાંડમાં અને અમેરિકામાં સ્ત્રિઓની જે સ્વતંત્રતા, ને જે ઉંચ પદ તથા પ્રતિષ્ઠા પ્રાપ્ત થઇ છે, તે આપણા ધર્મ વડેજ એવું બધા ખ્રિસ્તી કહેવડાવનાર લોક કહે છે, તે ખોટુ છે, જે ધર્મ વડે સ્ત્રિઓને એ શ્રેષ્ટ પદ મળ્યું તેને આ જૂદા જૂદા મતના

લોકોએ "આપણો" એવું વિશેષણ ન લગાડતાં ".સદ્ધર્મ" અથવા "ખ્રિસ્તનો ધર્મ" (ચલતો ખ્રિસ્તી ધર્મ જૂદા જૂદા મતના લોકની વલણ પ્રમાણે બદલાતો જાય છે. તેને એક મીણના ગોળા પ્રમાણે દાબી દાબીને અને ગુંદી ગુંદીને લોકમતને અને પોતાને પસંદ પડે તેવી આકૃતિ કરવાની જૂદા જૂદા મતોના ધર્માચાર્યની અસલથી ચાલતી આવેલી ચાલ છે.) એ ભટાઓએ ખ્રિસ્તી ધર્મના કેટલાક જૂદા જૂદા આકાર કર્યા અને તેના અર્થ કેવા કેવા બદલ્યા છે તે આ દેશના ગુલામોના તથા સ્ત્રિઓના ઇતિહાસમાં ઠીક જણાઇ આવે છે.

આસરે બસેં વરસ ઉપર જે એક કવેકર નામે સંપ્રદાય નીકળ્યો છે, તેમાંના લોકોમાં ફક્ત ધર્મની બાબતમાંએ એવો ભેદ રાખેલો નથી. તેમના મનમાં સ્ત્રી અને પુરૂપ એ બંને ઉપર પરમેશ્વરનું સરખું હેત છે. મરદ હો કે સ્ત્રી હો, જેની જેવી યોગ્યતા હશે, તે પ્રમાણે પરમેશ્વર તેના હૃદયમાં પ્રેરણા કરે છે વાસ્તેજ જેને ઇશ્વરી પ્રેરણા થઇ કે તેણે કે તેણીએ ઉપદેશ કરવો એવું તેમનું મત છે. તથાપિ બીજી બાબતોમાં કવેકર સુદ્ધાં સ્ત્રિઓને પુરૂષો કરતાં ઓછી યોગ્યતાની ગણુતા હતા. ઈ○ સ○ ૧૮૪૦માં લંડનમાં "પૃથ્વીની દાસ્યનિષેધક સભા" મળી, ત્યાં અમેરિકાથી લુક્રેશિયા માટ અને બીજી કેટલીક આગેવાન સ્ત્રીઓ "અમેરિકન દાસ્યનિશેધક સભાની" પ્રતિનિધિ થઇને ગઇ હતી, તે સભામાં કવેકર મતનાં ઘણા લોકો હતા અને જોસેફ સર્જ નામનો પ્રખ્યાત કવેકર ગૃહસ્થ સભાધ્યક્ષ હતો તોય તેણે એવી

પરોપકારી કૃત્યમાટે મળેલી સભામાં, જે સ્ત્રીઓએ દાસ્ય નિરોધક સભાની સેવામાં તન મન ધન સર્વ અર્પીને પોતાનો જીવ સુદ્ધા જોખમમાં નાંખ્યો, તેમને પ્રતિનિધિ પદ આપવાની ના પાડી, એનું કારણ શું એમ પૂછતાં, "બ્રિટિશોની ચાલ" એવો જવાબ મળ્યો. કાલે (મે ઇ૦ સ૦ ૧૮૮૮માં) ન્યૂયાર્ક શેહેરમાં મેથડિસ્ટ મંડળીઓએ પોતપોતાના પ્રતિનિધિ મોકલ્યા હતા. તેમાં પાંચ પ્રસિદ્ધ સ્ત્રીઓ પ્રતિનિધિ થઇને આવી હતી. તથાપિ તેમને એ સભામાં બેઠક મળી શકી નહીં. તેનું કારણ તે બાઇરાં હતાં એટલુંજ બીજું કંઇજ નહીં. અહીં એ વાત લક્ષમાં રાખવાની છે. તે એ કે મેથડિસ્ટ સંપ્રદાયનાં લોકોમાં બે તૃતિયાંશ બાઇરાં છે અને તેમનાજ શ્રમથી એ મંડળીના ઘણા ખરા અંગ્રેજ આચાર્યોનું ગુજરાન અને મંડળીનાં ધર્મ કૃત્ય થાય છે. બીજા સંપ્રદાયની મંડળીઓને એ વાત લાગુ પડે છે. ધર્મ અને પરોપકારનાં કામ કરવામાં તેને માટે પૈસા ભેળા કરવાનું કામ ઘણુંખરૂં સ્ત્રીઓને માથેજ પડે છે તેઓ પોતાના ઘરનું કે ગુજરાન ચલાવવા સારૂ લીધેલું કામ કરીને બચેલા વખતમાં કપડાં શીવીને ભરત ભરીને, ચિત્રો પાડીને અથવા ચમત્કારીક સુંદર વસ્તુઓ બનાવીને ઘેર ઘેર ફરીને લોકોના મનમાં દયા ઉત્કેરીને એમ થાય તેવા ઉપાયો કરીને ધર્મદાન સારૂ અને પરોપકારાર્થે પૈસા અને વસ્તુઓ એકઠી કરીને કરોડો રૂપીઆ ભેગા કરે છે. પછી તે પૈસાનો વિનિયોગ કેમ કરવો તે બદલ મત આપવાનું તે માત્ર પુરૂષોએજ, અને તે ધર્મ કૃત્યની વ્યવસ્થા કરવા સારૂ ઠરેલી મં-

ડળીના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ વગેરે સઘળા પુરૂષજ, ચિટનીશી અને એવાં બીજા મહેનતના અને કંટાળા ભરેલા સર્વે કામ કરનાર બાઈરિં હોવાનાં, મેથડિસ્ટ મંડળીનો આ ઇનસાફ, આ ઓગણીસમાં સેંકડાના સુધારાના સ્વચ્છ સૂર્ય પ્રકાશનો કેવો સુંદર દેખાવ છે! કંગ્રિગેશનલ, કવેકર, યુનિટેરિયન, યુનિવર્સલિસ્ટ, અને મેથડિસ્ટ, સંપ્રદાયની એક આગળ વધેલી શાખા, એવી કેટલીક મંડળીઓ વગર બીજાં સંપ્રદાયની ખ્રિસ્તી મંડળીઓમાં બાઈરાંને દેવળમાં ઉપદેશ કરવાની છુટ નથી. કારણ કહીએતો માત્ર બઇરાં માટે! પૌલસે, કરીંથવાશીઓને લખેલા પત્રમાં એક ઠેકાણે "તમારાં સ્ત્રી મંડળીને ચૂપ રાખો" એમ લખેલું છે; વાસ્તે બૈરાંને–પછી તે ગમે તેવાં શુદ્ધ હોય વિદ્વાન હોય વક્તૃત્વ સંપન્ન અને ગુણવંતાં હોય મરદો કરતાં ઉપદેશ કરવામાં સોગણાં ઉત્તમ હોય પણ બૈરાં એટલોજ માત્ર તેમનો દોષ; એને લીધે ધર્મોપદેશ કરવાની તેમને ઇશ્વરી પ્રેરણા થઇ તોય તમે મોઢું ઢાંકીને મુંગા રહો એવો પુરૂષો હુકમ કરે છે.

અમેરિકન સ્ત્રિઓની સુદશાનો ઉદય થવા લાગ્યા ને હજી સાઠ વરસ પુરાં થયાં નથી પણ એટલા થોડા અવકાશમાં તેના ઉદ્યોગ અને દીર્ઘ પ્રયત્નનાં પુષ્કળ ઉત્કૃષ્ટ ફળો તેમને મળવા લાગ્યાં છે. હારિએટ માર્ટિનોએ જે વેળાએ અહીંનાં બૈરાં વિશે એમ લખ્યું હતું કે, તે કેવળ બીજાનાં વેચાતા લીધેલા ગુલામો પ્રમાણે પુરૂષોની બંદી છે. રાજ કારણી બાબતોમાં અને કાયદાની નજરમાં એ આ સિદ્ધાંતને અપવાદ નથી. તેવી વેળાએ પણ

એકાદ બીજી બાઇરીએ પોતાની જાતિને અપમાન કરેલું જોઇને એ અન્યાય છે એમ અમેરિકન સમાજને જણાવવાને પ્રયત્ન કર્યો હતો, સો વરસ પહેલાં પ્રખ્યાત રાબર્ટ લીની બ્હેને વર્જિનીયા સંસ્થાનમાં અને જાન્ આડમ્સની ધણીઆણીએ માસચ્યૂસેટસ સંસ્થાનમાં સરકારી કામદારોને એમ ખૂલ્લું કહ્યું હતુ કે સ્ત્રિઓ-ને રાજકારણી બાબતોમાં પોતાનો મત આપવાનો અધિકાર નથી, ત્યારે તે કર પણ આપશે નહીં. તથાપિ ત્યારે એ વાત ઉપર કોઇએ વિશેષ લક્ષ આપ્યું નહોતું અગાડી ઇ૦ સ૦ ૧૮૩૦માં આ દેશમાં દાસ્ય વિરોદ્ધિ મતનો પ્રાદુર્ભાવ થવા લાગ્યો, ત્યારથી સ્ત્રિયોની સ્થિતિના સુધારાને સારૂં રૂપ અપાવા લાગ્યું ઇ૦ સ૦ ૧૮૩૨માં વિલ્યમ લોઈડ ગ્યારિસને પ્રથમ દાસ્ય વિરોધી મતનો આદુર્ભાવ થવા લાગ્યો, ત્યારથી સ્ત્રિઓની સ્થિતીના સુધારાનેસારૂ રૂપ આવવા લાગ્યું ઇ૦ સ૦ ૧૮૩૨માં વિલિયમ્ લોઇડ ગ્યારિ-સને પ્રથમ દાસ્ય વિરોધી મંડળી સ્થાપન કરીને તેણે તથા વેંડલ-ફિલિપસ્ અને બીજા કેટલાએક મોટા પ્રસિદ્ધ વકતાઓએ હ-બસી જાતનાં સ્ત્રી પુરૂષોને ગુલામ કરવાં ઉચિત નથી. આ વિ-ષય ઉપર તેમણે સેંકડો અને હજારો સભાઓમાં ભાષણ કર્યાં. તેમાં તેમણે આફ્રિકન લોકના ગુલામીપણા વિરૂદ્ધનાં જે પ્રમાણ બતાવ્યાં, તેજ સ્રીઓની દાસ્ય સ્થિતીને પણ લાગુ હતાં એ જાણીને કેટલીક હિંમતવાન સ્રીઓએ હબશી ગુલામોની જોડે પોતાની જાતિનીએ દયા ખાઇને સભાઓમાં ભાષણો કરવાનો નિયમ રાખ્યો.

ઇ૦ સ૦ ૧૮૩૨નાં વરસને સોનાનું વરસ કહેવું જોઇએ, તેમાં ગુલામોની ગુલામગિરીની બેડીને મોટો આચકો લાગ્યો અને તુટવાના ચિન્હો જણાવવા લાગ્યા. તેજ પ્રમાણે સ્ત્રિયોની દાસ્ય સ્થિતિ અને નીચપણાનું આદિ કારણ જે અજ્ઞાન તેને એ ક્ષય રોગ લાગું પડ્યો. એજ શુભ વર્ષમાં ઓહાયો સંસ્થાનમાંનાં ઓબર્લીન ગામમાં "ઓબર્લીન કૉલેજ" નામે એક મોટા વિખ્યાત વિદ્યાલયની સ્થાપના થઇ, તે વિદ્યાલયના સ્થાપકોએ કાળા ગોરા, પીળા ઇત્યાદિ ચામડીના રંગો અને સ્ત્રી પુરૂષ જાતના ઉપર વરિષ્ટ વિદ્યાદયધ્યન વિષે માણસની યોગ્ય યોગતા ઠરાવીને તારતમ્ય ન કરતાં જે કોઇને વિદ્યા શિખવાની હોંસ હોય તેને ઉદાર મનથી શિખવવાના નિયમો બાંધ્યા. આ દેશની સ્ત્રીઓનો સુદશાનો ઉદય થવાને હજીએ લાંબી મુદ્દત થઇ નથી. તો પણ હવે દિવસે દિવસે તેનો ભાગ્યરૂપી સૂરજ અધિક અધિક પ્રકાશવા લાગ્યો છે. અને અગાડી થોડાં વરસમાં તેમને પુરૂપ પ્રમાણેજ સર્વ હક મળીને આ યુનાઇટેડસ્ટેટસનો રાષ્ટ્ર પૂર્ણ લોકસત્તાક સામ્રાજ થશે, એવાં સુચિન્હો દેખાવા લાગ્યાં છે. સામાજિક અને રાજપ્રકરણીક બાબતોમાં દહાડે દહાડે સ્ત્રિઓનાં પગલાં અગાડી પડતાં ચાલ્યાં છે. ગયાં પચાસ સાઠ વરસમાં કઇ કઇ બાબતોમાં તેમના પગલાં આગળ પડયાં અને તેનાથી સમાજને શા શા ફાયદા થયા, અને હાલમાં તેમની સ્થિતી કેવી છે તેની માહિતી એ આ અધ્યાયનો પ્રતિપાદ્ય વિષય છે.

વિદ્યા.

ઉન્નતિનું આદિ કારણ વિદ્યા. એ વિદ્યા આ દેશનાં બઇરાં-ઓને થોડી ઘણી મળવા લાગ્યાને સાઠ વરસ થયાં. મેરી વુલ્સ્ટન ક્રાફ્ટ નામની ઈંગ્રેજ સ્ત્રીએ ઈંગ્લાંડની સ્ત્રિઓને ભણાવવી જોઇએ એમ પ્રસિદ્ધપણે કહેવા માંડ્યાને ફક્ત સો વરસ થવા આવ્યાં છે. ઇ૦ સ૦ ૧૭૯૨માં એ બાઇએ એમ ખુલ્લે ખુલ્લું કહ્યું કે આ વખતમાં ઈંગ્લાંડ માંહેની સ્ત્રિઓની ઉન્નતિને જે મોટો અટકાવ છે, તે વિદ્યાનો અભાવ છે. તેઓને વિદ્યાધ્યયન કરવામાં પ્રતીબંધ રાખવો લાયક નથી. ઇ૦ સ૦ ૧૭૯૯માં હાના મોર નામની બાઇએ ઘણા ગ્રંથો લખીને સ્ત્રિઓને વિદ્યા ભણવી જરૂરની છે એમ પોતાનો અભિપ્રાય પ્રસિદ્ધ કર્યો. ઇ૦ સ૦ ૧૮૦૯માં સિડનીસ્મિથે સ્ત્રિ કેળવણીની તરફેણમાં પોતાના વિચાર ગ્રંથ રૂપે લોક સમાજ આગળ આણ્યા. ઇ૦ સ૦ ૧૭૮૯થી ઇ૦ સ૦ ૧૮૦૯ સુધીનાં વીસ વરસો પશ્ચિમની સ્ત્રિઓની કેળવણીના ઇતિહાસની પ્રસ્તાવના કહીશું તો ચાલશે. એ વીસ વરસમાં કેટલાંક સ્ત્રિપુરૂષોનાં મનમાં સ્ત્રી કેળવણી ચારે મેર ચાલુ થવાની ઇચ્છાનો અંકુર ફુટીને તે દિવસે દિવસે મજબૂત થવા લાગ્યો.

ઇ૦ સ૦ ૧૮૧૯ના વરસમાં એમા વિલાર્ડ નામની અમેરિકન બાઇએ પ્રથમ પોતાની દેશી બહેનોને કેળવણી આપવાનો પ્રયત્ન કર્યો. એ વરસે તેણે ન્યૂયાર્ક સંસ્થાનના કાયદા બાંધનારી મંડળી ઉપર અરજી મોકલીને, એ મંડળીએ સ્ત્રિઓને સારૂ નિશાળો સ્થાપવી એવી વિનંતી કરી. તે દિવસથી અમે-

રિકન સ્ત્રિઓને ઉંચી કેળવણી મળવાના ઇતિહાસનો આરંભ થયો એમ કહી શકાશે. પણ તે વખતથી કંઇ સ્ત્રીઓને ઉંચી કેળવણી મળવા લાગી નહોતી ઇ૦ સ૦ ૧૮૩૧ સુધી ઘણાખરા બધાજ સ્ત્રિ શિક્ષણના પક્ષપાતી 'સ્ત્રીઓને સાધારણ કેળવણી મળવી જોઇએ; વરિષ્ટ શિક્ષણથી તેમને ફાયદો ન થતાં ઉલટું તેનાથી તો સ્ત્રીઓની સ્વાભાવિક નમ્રતા તથા સૌંદર્ય અને સમાજ માંહેનું તેનું ઉપયોગીપણું જતાં તે ઉદ્ધત નિર્લજ્જ અને વિચાર શૂન્ય થશે' એમ કહેનારા હતા. ઇ૦ સ૦ ૧૮૩૨ માં ઓહાયો સંસ્થાનના ઓબર્લિન વિદ્યાલયમાં સ્ત્રિઓને પુરૂષની બરાબરીનું વરિષ્ટ શિક્ષણ આપવાની શરૂઆત થઇ. ઓબર્લિન વિદ્યાલયના સ્થાપનારાઓએ સ્ત્રીઓની કમી યોગ્યતા બાબતના ચાલતા આવેલા જંગલી વિચારોને હડસેલી કહાડીને દુનિયાને ઉત્તમ દાખલો દેખાડ્યો. માસચુસેટ્સ સંસ્થાનની રાજધાની બોસ્ટન શહેર યુનાઇટેડ સ્ટેટ્સનું પ્રાચીન વિદ્યાપીઠ ગણાતું હતું. બોસ્ટનના વિદ્વાનો સઘળામાં ઉત્તમ ઉન્નતિમાં, લોક કલ્યાણ વગેરે કામમાં તેમના પણ સર્વથી આગળ હોવાનાજ એમ લોકો માને છે. પણ ચમત્કાર એ છે કે, એ શહેરમાં ઇ૦ સ૦ ૧૮૭૮ સુધી છોકરીઓને સારૂ એકે પાઠશાળા સ્થપાઇ નહોતી. અમેરિકા માંહેલા સર્વોત્કૃષ્ટ વિશ્વ વિદ્યાલયના મુગટ મણી ગણાનાર હાર્વર્ડ વિદ્યાલય (કેમ્બ્રીજ માસચુસેટ્સમાં) પુરૂષને સાટે સ્થાપન થઇ ઉત્તમાવસ્થા પામ્યાને સવાસો વરસો થયા પછીએ સંસ્થાનની છોકરીઓને સઘળાથી નિકૃષ્ટ શાળાગૃહમાં દાખલ થવાની

પરવાનગી મળી. એ વાત ધ્યાનમાં રાખીને સ્ત્રી કેળવણીના (છેક હમણા શરૂઆત થયેલા) ઇતિહાસનું વિવેચન કરીએ તો બાઇ- ડીઓએ આટલા થોડા કાળમાં વિદ્યારૂપી મેદાનમાં કેવડું મોટું પરાક્રમ કર્યું છે તે જોઇને મન ચકિત થાય છે. હાલમાં યુનાઇ- ટેડ સ્ટેટસની સ્ત્રી કેળવણીને જે આટલી ચડતી કળા થએલી આપણી નજરે પડે છે. તે બિલકુલ વગર અડચણે થઈ એમ કોઇએ સમજવું નહી. સ્ત્રીઓએ એકાદું નવું પુસ્તક વાંચવા લી- ધું અથવા કોઈ નવી વિદ્યાની શાખામાં શીખવાનો પોતાનો વિ- ચાર લોકોમાં જણાવ્યો, કે ચારે મેર વર્તમાનપત્રોમાં ઉપદેશકો- ની વેદી ઉપર, વ્યાખ્યાનકારોની મુખશ્રીમાંથી, ધર્મસભાનાં જા- હેરનામાંમાં આડોશી પાડોશીને મોઢેથી ગાળભેળ, નિંદા, ટીકા કટાક્ષ મોઢું, કટાક્ષ, વિક્ષેપ, ઇત્યાદિનો વરસાદ થતો અને હજી- એ થાય છે. જેનામાં સ્વાભાવિક શુદ્ધતા હોઇને જેને સનાતન સત્યનું પીઠબળ છે. એવીજ સ્ત્રી પોતે માત્ર ઉપર કહેલી વજ્રસમ ઝડીનો પ્રહાર ખમીને, આજ સુધી હયાત રહેવાની આશા હતી. આ પચાસ વરસમાં સઘળા પ્રકારના નાના મોટા ધર્મચાર્યોએ, વૈદ્યોએ, શાસ્ત્રીઓએ, તત્વજ્ઞાનીઓએ, પુરૂષ શિક્ષકોએ, વિદ્યાલ યના અધ્યક્ષોએ, વર્તમાનપત્ર કર્તાઓએ અને લોક મત પ્રવર્તાવ નારાઓએ સ્ત્રીશિક્ષણ ધર્મશાસ્ત્ર, શારીર, તત્વજ્ઞાન, લોકરી- તિ અર્થશાસ્ત્ર ઇત્યાદિને અનુસારીને છે કે નહીં; અને એ ચા- લુ થવાથી દેશને નફો કે ટોટો થશે; એ વાતનો જુદી જુદી રીતે વિચાર કરીને કરી જોઇ. હવે તેઓને આ સત્ય

સાથે બાથ ભિડતાં મુશ્કેલ લાગે છે, તેથી ઘણી નાખુશી છતાંએ સ્ત્રીઓને થોડી ઘણી કેળવણી આપવામાં આવે તો ફિકર નથી એમ કહે છે.

યુનાઇટેડસ્ટેસના પશ્ચિમ ભાગમાં કાલરાડો નામે સંસ્થાન છે; તેમાં 'રાકી' નામે ભરાવ, ક્ષિલકૂલ પથરના અચળ પર્વતની ઉંચી હાર અનંતકાળથી અમેરિકન જમીન ઉપર પડી રહેલી છે. એ પર્વતની હારને ભેદીને આરપાર રસ્તો પાડી તેમાંથી જવું અસંભવિત દેખાય છે. એકાદ નાના વેહેળા જેવી નદીમાં એ પર્વતને ફોડવાની શક્તિ ક્યાંથી હોય! પણ જુવો કેવી નવાઈ છે! આર્કર્યાન્સસ નદી છાનીમાની રાકી પર્વતમાં રસ્તો પાડીને જવા નીકળી. તેનો દૃઢ નિશ્ચય જોઇને સમુદ્ર, સરોવર અને સપાટ જમીનમાં વેહેનારી મોટી નદીઓને સખેદાશ્ચર્ય લાગ્યું હશે. અને પેલા ગગનચુંબીત પાષાણ રાશીને તેની દયા આવી હશે. પણ આર્કર્યાન્સસ નદીએ કોઇનાએ બોલવા તરફ લક્ષ લગાડયું નહીં. તે છેક નાની દુર્બળ નદી હતી. પણ તેનો દૃઢ નિશ્ચય પર્વત સુધ્ધાને ઉંચકીને ફેંકી દેવાને સમર્થ હતો. તેણીએ પોતાના દીર્ઘ પ્રયત્ન વડે અને દૃઢ નિશ્ચયથી રાકી પર્વતને સુધ્ધાં હરાવ્યો. તે અભેદ્ય અખંડ પાષાણ રાશી જોડે ટક્કર મારીને સુકાયલી આર્કર્યાન્સસ નદીએ રાકી પર્વતની આરપાર જઇને પોતાની મરજી મુજબનો રસ્તો લીધો! શાબાશ આર્કર્યાન્સસ નદીને, શાબાસ અમેરિકન સ્ત્રીઓને; તેમણે આ નાની નદીની પેઠે પોતે નિર્બળ છતાં શાસ્ત્રનું, પૈસાનું, લોક મતનું અથવા ધર્મ સંપ્રદાયનું પીઠ

બળ ન છતાંએ માત્ર દીર્ઘ પ્રયત્ન અને દૃઢ નિશ્ચયના જોરે રાકી પર્વતથી શે ઘણા મોટા મજબૂત, અલંઘ્ય, અને અભેદ્ય હજારો વિઘ્નોને ટક્કર મારીને તેની આરપાર ભગદાળું પાડીને પોતાને જોઈતો રસ્તો શોધી કહાડ્યો; હું એક વાર વળી કહું છું કે, ધન્ય છે અમેરિકન સ્ત્રીઓને!

પચીશ તો શું પણ દશ વરસ પહેલાં સઘળાને મોંઢે સાંભળવામાં આવનારા અને તે કાળે સર્વ સંમત થનારા સ્ત્રી શિક્ષણ વિરૂધ્ધ તકરારને હવે ઘણીજ ઉતરતી કળા આવી છે' વિદ્યા શિક્ષણ મળવાથી સ્ત્રીઓ ઉદ્ધત થશે; ગૃહ કૃત્ય કરવામાં અને છોકરાંની સંભાળ લેવાને બેદરકાર બનશે, તેઓને રસોઈ કરતાં નહીં આવડે. ઉત્તમ વિદ્યા શીખીને વિદ્યાલયની પરીક્ષામાં પાસ થઈ, આરોગ્યતા સાથે અધ્યનની સમુદ્રમાંથી પાર પડવાને જોઇએ તેટલી શારીરિક, માનસિક અને અધ્યાત્મિક શક્તિ તેમનામાં નથી. તે વિદ્યા સંપન્ન થઇ ધંધા રોજગાર કરવા લાગ્યાથી પુરૂષોને ઘરમાં બેશી રહેવું પડશે; પુરૂષનો ધંધો રોજગાર જતો રહેશે; અને દુનિયામાં સર્વત્ર મહાપ્રલય થઇ જશે, ઈત્યાદિ આક્ષેપો હવે મરવા માંડીને તેમના મુડદાં છેક ઉંડા દટાઇ ગયાં છે. સદરહુ આક્ષેપો માંહેલા એકાદનું ભૂત વચ્ચે વચ્ચે લોક સમાજની આગળ ઉભું રહીને બીકણ માણસોને ભમાવી નાખે છે. પણ તેના માંસ હાડકાં, નશો અને મેદને જીંદગીની છેલી ઘડી હોવાથી તે ઝાઝીવાર ન ટકતાં શૂન્યમાં મળીને અદૃશ્ય થઈ જાય છે!

હાલમાં (૧૮૮૮માં) યુનાઇટેડસ્ટેટસમાં સ્ત્રીઓને ઉંચું

અને સાધારણ શિક્ષણ મળવાની જે સવડ છે. તેમાં વિદ્યાલયો એ મુખ્ય અને ઉત્તમ પ્રતિની સવડ સાથે, જ્ઞાનવર્ધક સભા, નિયમિત વ્યાખ્યાનો, પત્રવ્યવહાર મારફતે કેળવણી આપનારી મંડળીઓ અને કેટલાંએક વિદ્યાલયો માંહેની ઠરાવેલી પરીક્ષાઓ એ બીજા પ્રકારની સોઈ છે. ઇ૦ સ૦ ૧૮૮૬માં જે વિદ્યાલયોમાંથી સ્ત્રીઓને વાસ્તે વરિષ્ટ અને ઉપયોગી કેલવણી મળતી હતી તેની તપશીલ આ પ્રમાણે છે:—

માત્ર સ્ત્રીઓને વાસ્તે સ્થાપેલી વરિષ્ટ વિદ્યાલયો (કાલેજો)	૨૬૬
સ્ત્રી અને પુરૂષોને સાથેજ જ્યાં એકજ પ્રકારની ઉંચી કેળવણી મળે છે એવાં વરિષ્ટ વિદ્યાલય....	૨૦૭
પુરૂષોને વાસ્તે સ્થાપેલી પણ જ્યાં સ્ત્રીઓએ અભ્યાસ કરી શકે એવાં યંત્ર શાસ્ત્રી તથા કૃષિ વિદ્યા શીખવનારા વિદ્યાલયો........	૧૭
શાસ્ત્રીય વિદ્યાલયો (સાયન્સ કાલેજ)	૩
વૈદ્ય વિદ્યાલયો (મેડિકલ કાલેજ)	૩૬
એકંદર પાઠશાળાઓ.................................	૫૨૯
એમાંથી માત્ર સ્ત્રીઓ સારૂ સ્થાપેલાં વિદ્યાલયોમાં શીખવનારી વિદ્યાર્થિણી..................	૨૭૧૪૩
મરદ વિદ્યાર્થીની જોડે અભ્યાસ કરનારી વિદ્યાર્થિણી.	૮૮૩૩

એ બંને મળીને ઉત્તમ કેળવણીઅને શાસ્ત્રીય

ગ્રાન સંપાદન કરનારી વિદ્યાર્થિણી.........૩૫૫૭૬
એ વગર મધ્યમ કેળવણી જ્યાં મળે છે. એવી ઘ
ણીખરી રાષ્ટ્રીય પાઠશાળામાં છોડીઓને વિ
દ્યા મળી શકે છે, તેમાંના રાષ્ટ્રીય શિક્ષક વિ.
દ્યાલયો (ટ્રેનિંગ કાલેજો) ૧૧૭
સ્વતંત્ર (લોકોએ સ્થાપેલાં) શિક્ષક વિદ્યાલયો. ૩૬
એમાં શીખનારી વિદ્યાર્થિણીની કુલ સંખ્યા ૨૭૧૮૫ છે.

પ્રાથમિક અને સાધારણ દરજાની સાર્વજનિક નિશાળો અને દેશની ઘણીખરી તમામ હાઇ સ્કૂલોમાં છોકરા છોડીને સાથેજ એકજ પ્રકારની કેળવણી મળે છે.‡ સિત્તેર વરસ પે-

‡ ઇ૦ સ૦ ૧૮૧૮ના વરસમાં યુનાઇટેડસ્ટેટસમાં છોકરાના જેવીજ છોકરીઓને કેળવણી આપવાની શરૂઆતની નિશાળો સ્થાપન થઇ. ત્યારથી આજ આશરે સિત્તેર વરસમાં આ દેશની સ્ત્રીયોનાં પગ કેળવણીના કામમાં અગાડી પડતા જઈ હમણાં હજારો ઉત્તમ વિદ્યા બુદ્ધિ સંપન્ન સ્ત્રિયો આ દેશમા જવાહિરની પેઠે પોતાના ગુણો વડે પ્રકાશી રહી છે. પણ એટલા ઉપરથી અહીં બધેજ સ્ત્રીઓને પુરૂષો પ્રમાણે વિદ્યા શીખવાની સવડ છે, અને પુરૂષોને વાસ્તે નિર્માણ કરેલા વિદ્યા ગૃહો વગેરેને જેવો લોકો તરફથી ઉદાર આશ્રય મળે છે તેઓને સ્ત્રીઓનાં વિદ્યાલયોને એ મળે છે એમ કોઇએ સમજવું નહીં.

ઇ૦ સ૦ ૧૮૮૬માં પુરૂષોને વાસ્તે આજનાં વિદ્યાલયોની તપશીલ આ પ્રમાણે.

હેલાં છોડીઓ માટે શરૂઆતની કેળવણી આપવાની નિશાળો સ્થપાઇ ન હોતી, પણ પુરૂષોને તો ચારે માર્ગ ખુલ્લા હતા. પુરૂષોને વાસ્તે શરૂઆતનીજ માત્ર નહીં પણ વરિષ્ટ વિદ્યાલયો, વિશ્વ વિદ્યાલયો, અને શાસ્ત્રીય પાઠશાળાઓ વગેરેમાં ઉત્તમ વિદ્યા અને ઉદ્યોગ ધંધા સીખવાની સવડ હતી. સ્ત્રી કેલવણીને લોક વિચારની વિરૂધ્ધ ને બીજા ઘણા અટકાવો છતાંએ આજ

વીશ્વ વિદ્યાલયો અને વરિષ્ઠ વિદ્યાલયો મળીને....	૩૪૬
શાસ્ત્રીય વિદ્યાલયો........................	૯૦
ધર્મ શાસ્ત્રીય વિદ્યાલયો (બ્રહ્મગૃહ)...............	૧૪૨
કાયદા શીખવનારી શાળાઓ.................	૪૯
વૈદ્યક, દંત વૈદ્યક, ઔષધ ક્રિયા ઇત્યાદિ શીખવનારાં વિદ્યાલયો.	૧૭૫
એકંદર..	૮૦૨

એમાં શીખનારા વિદ્યાર્થીની સંખ્યા............૭૮૧૮૫

પુરૂષોનાં શાળા ગૃહો, તેની જમીન, શાળામાં જોયતાં સાહિત્ય ઇત્યાદિની કિંમત ૬,૨૩,૫૬,૬૩૮ ડાલર એટલે ૧૮,૭૦,૬૯,૯૧૪ રૂપિયા થતાની સાથે એ વિદ્યાલયોના નિભાવ સારૂ વ્યાજે વગેરે મુકેલી રકમ ૫૭,૭૮૨,૩૦૩ ડાલર એટલે ૧૭,૩૩,૪૬,૯૦૯ રૂપિયા છે.

વારસિક ઊપજ ૩,૨૭૧૯૫૧ ડાલર એટલે ૯૮૧૫૯૭૩ રૂપિયા છે.

બરાબરી કરવા લાગી છે. એ કંઈ થોડી નવાઇની વાત નથી. ઇ૦ સ૦ ૧૮૮૦ની વસ્તીની ગણત્રી ઉપરથી એમ જણાય છે કે, તે વરસમાં યુનાઇટેડસ્ટેટસમાં નિગ્રો જાત સિવાય સઘળા ગોરા અમેરિકન પુરૂષોમાં સેંકડે બાણું લખી વાંચી જાણે એવા અને આઠ જણ નિરક્ષર હતા ત્યારે ગોરી બાઇરીઓમાં સેંકડે નવ્યાશી લખી વાંચી જાણે એવી અને અગીઆર ગોરી નિરક્ષર માલમ પડી હતી. એ ઉપરથી સાધારણ કેલવણીમાં સ્ત્રીઓ સુધીમાં યુનાઇટેડ સ્ટેટસની સ્ત્રીઓ કેલવણીના કામમાં

એ આંકડા સાથે સ્ત્રી કેળવણીમાં ખરચાતા પૈસાનો મુકાબલો કરવાથી જણાશે કે એ બેમાં કેટલો તફાવત છે, જેમાં સ્ત્રીઓને ઉંચી કેલવણી મળે છે એવાં એકંદર વિદ્યાલયો ૫૨૯ છે તેની ઇમારત, જમીન અને શાળોપયોગી સાહિત્યો વગેરેની કિંમત ૩૫૨૮૨ ડાલર (૨,૮૯,૦૫,૮૪૬ રૂપિયા) છે અને તે વિદ્યાલયોનો ખરચ ચલાવવા સારૂ વ્યાજે મૂકેલી રકમ અને સ્થાવર મિલ્કત મળીને રકમ ૨૩,૦૬૬૧૯ ડાલર એટલે ૭૧,૨૯,૮૪૭ રૂપિઆની થવા જાય છે અને ૧,૩૬,૮૦૧ ડાલર એટલે ૪,૧૦,૪૦૩ રૂપિયાની વાર્ષિક ઉત્પન્ન છે.

ઇ૦ સ૦ ૧૮૮૬માં યુનાઇટેડસ્ટેટસની સ્થાનિક, સંસ્થાનિક અને દેશની સરકારે પુરૂષોના વિરષ્ટ શિક્ષણને મદદ આપવામાં ૧૬,૯૦,૨૭૫ ડાલર એટલે ૫૦,૭૦૮૨૫ રૂપિયા આપ્યા; પણ સ્ત્રીઓને ઉંચી કેળવણીના ઉત્તેજનાર્થે એક ફુટી કોડી સુધ્ધાંએ આપી નથી!

પુરૂષો કરતાં ઘણી પાછળ નથી એમ સિધ્ધ થાય છે.

ઇ૦ સ૦ ૧૮૨૧માં ટ્રોય સેમિનેરી નામની સાધારણ કેળવણી આપનાર સ્ત્રી વિદ્યાલયને મદદ સારૂ થોડા ઘણા આપવા સારૂ મિસેસ એમા વિલર્ડ નામની મોટા માનની બાઇએ ન્યૂયાર્કની સંસ્થાનિક સરકારને માગણી કરી હતી, પણ તે સરકારે આ ભલા કામમાં પૈસા આપવાની ના કહી. ત્યારે એ બાઇએ એક ખેદ સૂચક નિબંધ લખ્યો તેમાં એક ઠેકાણે કહ્યું કે, "આ (સ્ત્રી શિક્ષણના) કાર્ય સારૂ મને (અગ્નિ કુંડમાં પડીને) મરવાનો સુપ્રસંગ આવ્યો હોત તો હું તે ચિતાને આશીર્વાદ દેત; અને તે બળતાં લાકડાંને ખુશીથી ભેટત," આ વિલર્ડબાઇ જેવી સેંકડો મોટા મનની વિદ્યાત્સાહી બાઇઓએ સરકાર અને પ્રજા મન પોતાને આશ્રય આપતાં નથી એવું જોઇને, 'આ કાર્યમાં આપણે મરીએ તો ઘણું સારૂ, એવા કામમાં મરવું એ અમર થવા જેવું છે.' એમ કહીને સ્વજાતીની ઉન્નતિ સારૂ તન મન અને ધન ખરચ્યાં છે. તેમના દૃઢ નિશ્ચયરૂપી આર્કાન્સસ નદીના પ્રવાહે રોકી પર્વત જેવા અભેદ્ય અને અલંઘ્ય મહા વિઘ્નરૂપ પર્વત ભેદીને સ્ત્રી શિક્ષણનો માર્ગ ખુલ્લો અને નિરાપદ કરી નાંખ્યો. હાલમાં ઓબર્લિન કાલેજ,‡ વ્યાસર કાલેજ, મિચિગન યુનિવર્સિટી,‡ સ્મિથ કાલેજ, વેલ્સ્લિ કાલેજ, હાવર્ડ અને કસૂ, ઇંગ્લહમ યુનિર્સિટી, બ્રિનમાર કાલેજ અને કાર્નેલ યુનિવર્સિટી‡ વગેરે પુષ્કળ વિદ્યાલયોમાં સ્ત્રીઓને પુરૂષો-

‡ જે નામની આગળ ફુદડી મૂકેલી છે તે વિદ્યાલયમાં સ્ત્રી પુરૂષોને સાથે કેળવણી આપવામાં આવે છે

ની બરાબર અત્યુ-તમ વિદ્યા શિક્ષણ મળે છે. યુનાઇટેડસ્ટેટસ-માં સ્ત્રી કેળવણીની એટલી ચઢતી કળા થએલી છે. તે કંઈ વાતોથી મનમાં ધારવાથી અને ફોગટ વાદ કરવાથી અથવા નરમ ગાદી જોડે પીછાના તકીઆ સાથે અઢેલીને બેસવાથી થઈ નથી. અહીંની વિદ્યોત્સાહી સ્ત્રીઓએ અને કેટલાએક ઉદાર મનના મરદોએ તરેહવાર લોકાપવાદ સહન કરીને તથા અપાર કષ્ટ વેઠીને સતત પરિશ્રમ કરીને પોતાના દેશની સ્ત્રીઓને આ સોના જેવી તક આણી આપી છે.

પેહેલાં સ્ત્રીઓથી પુરૂષો જેવો વિદ્યાભ્યાસ થઈ શકશે કે નહીં એ વિશે ઘણાઓના મનમાં સંશય આવતો હતો. ઈ૦ સ૦ ૧૮૫૮માં માથ્યૂ વ્યાસર નામે અમેરિકન ગૃહસ્થે સ્ત્રીઓને સારૂ "વ્યાસર કાલેજ" સ્થાપવાનો વિચાર કર્યો, અને સ્કૉટલંડની રાજધાની એડીનબરો માંહેલા પ્રસિદ્ધ લોક હિત કર્તા વિદ્વાન, વિલિયમ ચેમ્બર્સ પાસે એ વિદ્યાલય સ્થાપવાના કામમાં સલાહ પૂછી. ત્યારે મિસ્તર ચેમ્બર્સે મિસ્તર વ્યાસરના મનોદય બાબત સખેદાશ્ચર્ય બતાવીને, એવી ઉ-તમ સલાહ આપી કે, તમે છોડીઓ વાસ્તે વરિષ્ઠ વિદ્યાલય સ્થાપવાની માથાફોડમાં પડશો નહીં. તેમ કરશો તો તમારે બચ્ચી-ત શરમથી માથું નીચું ઘાલવું પડશે. અને તમે ફસાઇ જશો. સ્ત્રીઓને સારૂ વિદ્યાલય સ્થાપવાને બદલે તમે આંધળા, બેહેરા મુંગા લોક સારૂ નિશાળ અથવા વિક્ષિપ્ત અને ગાંડા માણસ સારૂ એકાદ ધર્મશાળા સ્થાપશો તો ઘણું સારૂં થશે. હપણાં હમણાં મિસ્તર

ચેંબર્સ જેવા સંશયી વિદ્વાનોની સંખ્યા ઘણીજ ઓછી થવા માંડી છે. મિચિગન યુનિવર્સિટીમા સ્ત્રીઓને પુરૂષોની સાથે ઘણો સખત અને અતિ ઉત્તમ વિદ્યાભ્યાસ કરવાનું બને છે. એ વાત સાંભળીને આ યોજનાથી નુકસાન થાય છે કે નહી થાય છે. મરદોની સાથે તેમના જેવીજ કેળવણી લેવી બાઈરાંની પ્રકૃતિને માફક આવે છે કે નહીં અને પુરૂષોના જેવું ગહન શિક્ષણ બાઈરાંની બુદ્ધિગમે ગમ્ય છે કે નહીં, એ વાતની જાતે પરીક્ષા કરીને ઉંડી તપાસ કરી જોવા સારૂ યુરોપના જૂદા જૂદા ભાગમાંથી અને દક્ષિણ અમેરિકામાંથી ઘણી મંડળીઓએ પોતાંના દુતો યુનાઇટેડસ્ટેટસમાં મોકલીને એ બાબત પોતાની ખાત્રી કરી લીધી, હવે તેમણે એ વાતનો ઉંડો વિચાર કરી જોયો છે એવાં વિચારવંત સ્ત્રી પુરૂષોના મનમાં સ્ત્રી કેલવણી વિષે અને સ્ત્રીઓને ઉંચા વિદ્યાભ્યાસના ફાયદા ગેરફાયદા વિષે બિલકુલ સંશય રહ્યો નથી. સ્ત્રી શિક્ષણથી યુનાઇટેડસ્ટેટસને શા શા ફાયદા થયા છે અને સમાજની કેટલી ઉન્નતિ થઈ છે, તેનો વિચાર અગાડી કરવામાં આવેલો છે. આ ભાગ પુરો કરવા પેહેલાં ચાળી વરસ પેહેલાં સ્ત્રીઓના વિદ્યા શિક્ષણ બાબત લોક વિચાર કેવા હતા અને હાલમાં તેમાં કેટલો તફાવત પડયો છે તે દેખાડવા સારૂ અત્રે બે વાકયો ઊતારી લઉં છું ઇ૦સ૦ ૧૮૫૦ લોક મત પ્રવર્તક આગેવાનોએ કહ્યું હતું કેઃ—" સ્ત્રી શિક્ષણને કોઈ વાર વરિષ્ટ વિદ્યાતત્વનું રૂપ આપવામાં લાભ નથી. માત્ર વંઠેલ અસ્વભાવિક પ્રકૃતિનાં બાઈરાંજ વિદ્વત્તા મેળ-

ખવાની મહત્વાકાંક્ષાને પોતાના હૃદયમાં જગા આપશે. તથાપિ જોઇએ તેટલો પ્રયત્ન કરશે તો પણ તેથી કંઇ નિષ્પન્ન થશે નહીં; કારણ કે સ્ત્રીઓને પુરૂષ જેટલી માનસિક શક્તિ (બુધ્ધી) નથી, એ સૌ જાણે છેજ." અને ઇ૦ સ૦ ૧૮૮૦ના લોકમત પ્રવર્ત કહે છે કે:—"આની પેહેલાં જે વિદ્યાલયમાં માત્ર મરદો નેજ કેળવણી મળતી હતી, ત્યાં હવે સ્ત્રીઓને પુરૂષોની જોડે વિદ્યા શીખવવાની સવડ થાય છે, એ ઉપરથી આપણી સમાજની ભવિષ્યની સ્થિતિનું દિગ્દર્શન થાય. સ્ત્રીઓ માત્ર પુતળા જેવી અચેતન અને મરદો નચાવે તેમ નાચનારી નથી. પણ મને પોતાનું હિતાહિત શાથી થશે તે સમજવાની શક્તિ છે. પોતાને શું જોઇએ છે તે તેમનું તેમને કહેવાની છુટ સ્ત્રીઓને હોવી જોઇએ, એ આપણી ચાલને અનુસરતંજ છે."

પચાસ વરસ પહેલાં યુનાઇટેડ સ્ટેટસમાં સ્ત્રીઓ વાસ્તે સ્થાપન કરેલાં ચાર પાંચ વરિષ્ટ વિદ્યાલયો પણ અસ્તિત્વમાં આવ્યા નહોતાં, હાલમાં જ્યાં પુરૂષોની જોડે સ્ત્રીઓને વિદ્યાભ્યાસ કરવાની છુટ નથી. એવાં ઉત્કૃષ્ટ વરિષ્ટ વિદ્યાલયો અને વિશ્વ વિદ્યાલયો આખા દેશમાં ચાર પાંચે હશે કે નહીં તેનો શક છે. 'સ્ત્રી શિક્ષણ ઘણું ભયંકર અને અનર્થકારક છે; તેથી સમાજને નુકશાન થશે; સ્ત્રીઓ અસ્વાભાવિક અને ઉદ્ધત થશે; ને પછી ગૃહ સુખનો પૃથ્વી ઉપરથી નાશ થશે.' એવી ગાંડી સમજે કાળમાં સઘળાના મન ઉપર એકાધિપત્ય સ્થાપ્યું હતું ત્યારે દીર્ઘ દર્શી નિષ્પક્ષપાતી અને સુજ્ઞ સ્ત્રી પુરૂષોએ લોકમત

રૂપી મહા નદીના પ્રવાહમાં પોતાના વિચાર રૂપી નાંની હોડી ઓકાવીને તે પ્રવાહની ઉલટી દિશાએ લઇ જવાની મહા મેહેનત કરીને કહ્યું કે,—"મિસેસ્ (મેરી) સમર્ વિલ્ અને મિસેસ્ (ઇલિઝાબેથ બ્યારટ) બ્રાઉનિંગ જે કાળે ઉત્પન્ન થઇ છે, તે કાળમાં અસ્તિત્વમાં આવેલી માણસ જાતે સ્ત્રીઓને ઉત્કૃષ્ટ વિદ્યા સંપાદન કરવાની શક્તિ નથી, એમ બોલવું ભારે પડશે. આપણા વરિષ્ટ વિદ્યાલયોમાં પુરૂષોને જેવું ઉદાર ઉત્તેજક અને ચોખ્ખું શિક્ષણ મળે છે, તેવું સ્ત્રીઓનેએ મળવાની સવડ થવાથી લોક સમાજને મોટો ફાયદો થશે. ‡

હમણાં સ્ત્રીઓને ઉત્કૃષ્ટ વિદ્યા સંપાદન કરવાના ઘણા માર્ગો ખુલ્લા થયાથી, ઉપલા વિચારનું ખરાપણું લોકોને જણાવા લાગ્યું છે. સ્ત્રીઓની બુદ્ધિશક્તિ મરદો જેવી નથી. એમ કહેવાની હિંમત અધુરા ભણેલા અથવા અનુભવવિનાના માણસ વગર બીજા કોઇથી થતી નથી. અમેરિકા માંહેલા સર્વોત્તમ વિશ્વ વિદ્યાલયો માંહેલા કોલંબીઆ અને જાન્સ હાપકિન્સ એ બે વિશ્વ વિદ્યાલયે ઉદારપણાથી કહો કે નિરૂપાયે કહો—પણ એ ઉત્તમ પરિક્ષોત્તીર્ણ વિદુષીને પોતાના ભંડાર માંહેલી સર્વોત્તમ પદવી આપીને 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવો અદ્ભૂત ચમત્કાર કરી

‡ મિચિગન વિશ્વ વિદ્યાલયના પ્રસિધ્ધ વિદ્વાન અધ્યક્ષ પ્રેસીડેંટ જેમ્સ, બી. એંજલે ઘણાં વરસ ઉપર આ વિચાર લોક સમાજ આગળ રજુ કર્યો હતો.

દેખાડયો છે. જૂના કેંબ્રિજો† પાડેલી રીત પ્રમાણે ચાલનાર માસ ચુસેટસ સંસ્થાન માંહેલા નવા કેંબ્રિજની હાવર્ડ યુનિવરસિટીએ પોતાના ઘરની સરસ્વતી દેવીના અક્ષય સ્થળમાંથી કહાડીને પુરૂષની આગળ મેલવામાં આવનારાં અમૃત ફળો સ્ત્રીઓને આપવાની ના પાડી, ત્યારે કેટલીએક ઉદ્યોગી બાઇઓએ સ્વતંત્ર શાળા સ્થાપીને હાવર્ડની અંદર નહીં તો બહારજ બેસીને પણ તેજ અક્ષયપાત્રમાંનાં અમૃત ફળો મેળવવાનો પ્રયત્ન કરીને પોતાનો મનોરથ પાર પાડયો.

પુર્વ ભણી મિચિગન્ અને કૉર્ણેલ્ જેવા સર્વોત્તમ વિદ્યાલયોમાં સ્ત્રીઓ દાખલ થઇ છે; અને વેલસલે, સ્મિથ, વ્યાસર્ બ્રિનૂમાર્ જેવા ઉપલા વિશ્વ વિદ્યાલયો સાથે હરીફાઈ કરનારાં સ્ત્રીઓનાં વિદ્યાલયો સ્થાપન થયાં છે અને થાય છે. પશ્ચિમ સંસ્થાનમાંની ઘણી ખરી વરિષ્ટ પાઠશાળામાં અને યુનીવર્સિટીમાં સ્ત્રીઓને મરદોની જોડેજ અધ્યન કરવાની સવડ છે; તેથી જૂદાં વિદ્યાલયો સ્થાપવાની જરૂર રહી નથી. ઉંચી કેળવણીથી સ્ત્રિઓની શરીર સંપત્તિ અથવા સૌંદર્યની હાની થએલી હોય એમ કો-

† કેટલાએક વરસ પહેલાં ઈંગ્લાંડની કેંબ્રિજ યુનિવર્સિટીમાં સ્ત્રીઓને કેળવણી મળવાની બીલકુલ સવડ નહોતી હાલમાં કેંબ્રિજમાં સ્ત્રીઓને વાસ્તે "ન્યૂનહમ" અને "ગર્ટન" એવા બે વિદ્યાલયો સ્થાપન થયાં છે. તેમાં તેઓને ઉત્તમ કેળવણી મળે છે. હમણા સ્ત્રીઓને કેંબ્રિજ યુનિવર્સિટીમાં મરદોની સાથે તેમના જેટલો અભ્યાસ કરીને પરિક્ષા આપવાની માત્ર પરવાનગી છે. તે

ઈ ઠેકાણે જણાતું નથી. પ્રાથમિક અને મધ્યમ વિદ્યાલયોની વાતતો શી; પણ કોર્ણેલ, વ્યાસર, વેલ્સલે, સ્મિથ્ બ્રિનમાર ઇત્યાદિ વિદ્યાલયોમાં હજારો જુવાન સ્ત્રીઓ ઉંચી કેળવણીનું અધ્યન કરે છે. ત્યાં જઇને દરેક ઠેકાણે કેટલાએક દિવસ રહીને મેં આ અને બીજી વાતોની તપાસ કરી; તે ઉપરથી મારી ખાત્રી થઇ કે ઉંચી કેળવણી સ્ત્રીઓને સારી માફક આવે છે. તેનાથી તેના રૂપ લાવણ્યને હાનિ પહોંચતી નથી. તેમનો કોમળ મર્યાદશીલ સ્વભાવ બદલાઇને તે અસ્વભાવિક થતો નથી. આ વિદ્યાલયોમાંથી પદવીઓ મેળવી ગએલી ઘણી સ્ત્રીઓ પરણીને ઉત્તમ રીતે સંસાર ચલાવે છે. તેને કેળવણી મળી તેથી બાળબચ્ચાંની ને ઘર કામની બેદરકારી કરતી નથી. બહુ ભણેલી હોવાથી તેના ધણીને દુઃખો પડીને સંસારથી કંટાળવાનો પ્રસંગે આવ્યો નથી ને તેમના સંસારની પાયમાલીઓ થઇ નથી. ઉપલા વિદ્યાલયોમાં શીખી આવેલી ઘણી સ્ત્રીઓને ઘેર જઇને મેં તેમના ઘરની વ્યવસ્થા નજરે જોઇ અને તેમના ધણીઓને હકીગત પૂછી લીધી તો તે-

---

યુનિવર્સિટીના ચાલકોમાં હજી સુધી તેમના પૂર્વજોના જંગલી સ્વભાવનો થોડોએક અંશ બાકી રહેલો છે. તે સ્ત્રીઓને અધ્યન કરીને પરિક્ષા આપવાની પરવાનગી આપે છે પણ પરિક્ષામાં પાસ થયેલી સ્ત્રીઓ જેમણે વરસો સુધી કષ્ટ ભોગવીને મેળવેલી હક્કની પદવીઓ આપવાની ના પાડે છે! સુધરેલા ઈંગ્રેજો, છતાં એ કેંબ્રિજના વિદ્વાનની ઉદારતા અને શિષ્ટાચાર અપ્રતિમ છે ખરાં!

વા બધાજ ધણીઓએ સ્ત્રીઓને ઉત્તમ કેળવણી મળવી જોઇએ એમ તેમણે વારંવાર મને કહ્યું છે. એ જોઇને મને ઘણો સતોષ થયો. બે વરસ પહેલાં મિસ આલિસ ફ્રીમન બાઇ વેલ્સલે કૉલેજની અધ્યક્ષ હતી. તે એ હોદ્દા ઉપર કામ કરવા લાગ્યાની પહેલાં વરિષ્ટ વિદ્યાલયો તો શું, પણ નાની સરખી નિશાળનાએ અધ્યક્ષ બનીને તે સારી વ્યવસ્થા રાખવાનું કામ બઇરીંઓથી બનશે નહીં એમ દુનિયાં ધારતી હતી. પણ આલિસ ફ્રીમને છસેં જુવાન હોંસીલી તરૂણીઓ જેમાં ઉંચી કેળવણી લેતી હતી એવી મહા પાઠશાળાના અધ્યક્ષનું પદ લઇને પોતાનું કામ ઘણી સારી રીતે ચલાવીને દુનિયાને આશ્ચર્યમાં નાંખી તેની વિદ્વત્તાને યોગ્ય માન આપીને કોલંબીયા યુનિવર્સિટીના ચાલાકોએ (તેમની પરીક્ષા લઈ) આલિસબાઈને PH. D. ની પદ્દી આપી. (એ પદ્દી યુનિવર્સિટિની સર્વ પરીક્ષાઓમાં શ્રેષ્ટ છે. તેના વિષે કોઈ વેહેમી માણસને એવો વેહેમ રહયો હતો કે, આ મહાભારત પાઠશાળાની અધ્યક્ષણુ વિદ્યાધ્યનમાં જન્મ (૩૦ વરસ) કહાડવા પામી હોવાથી ઘર કામ કેવું હશે તે મુંદલે જાણતી નહીં હોય; તેને કોઈ ઠેકાણે વર મળશે કે નહીં એનોએ શક છે. તેને એકાદ વિદ્યાલયની કે મોટી સભાની સારી વ્યવસ્થા રાખતાં આવડશે, વિદ્યા શીખવતાં આવડશે, શાસ્ત્રીય વિષય લઇને તકરારમાં મોટા મોટા પંડિતો આવે તો ટક્કર મારી શકશે, એ બધું ખરૂં; પણ તે શા કામનું ? તે બઇરી થઇને તેનાથી ધણીનું ઘર ચલાવી શકાશું નહીં, ત્યારે વિદ્યા-

ધ્યનનુ ફળ શું થયું?" પણ ભાઇઓ, લગાર ધીમા પડો, આલિસફ્રિમન જેવી વિદ્વાન બાઇને ઘણી મળે છે અને એને મળ્યો છે. તે પણ સાધારણ વિદ્વાન જેવો નથી. આલિસફ્રિમન PH. D. હવે ઉત્તમ રીતે સંસાર ચલાવે છે. તેને મોટાં વિદ્યાલય વિષે બાબતોની પેઠે નાની સરખી ઘરગુતી વાતોનીએ વાકેફગારી છે, તેને છસે વિદ્યાર્થિણીના વિદ્યાલયના જેવીજ રીતે પોતાના ઘરનીએ સંભાળ લેતાં આવડે છે. આ વાતમાં હવે લગારે શક રહયો નથી! હવે આપણા આગલા (દોષજ શોધી કહાડનાર) મિત્રની આખર શી થઇ એમ પૂછશો તો "संशयात्मा विनश्यति। नायंलोकोऽस्तिनपरोन संशयात्मनः॥" એટલું કહીને આ ભાગ પુરો કરૂંછું.

સ્ત્રીઓના રોજગાર ધંધા.

ઈ. સ. ૧૮૨૮થી ૧૮૮૮ સુધી બનેલા અર્ધા સૈકડાનો સ્ત્રી શિક્ષણ સંબંધી ઇતિહાસ ઘણો ચમત્કારિક, ચિત્તવેધક, અને બોધક છે. આસરે સાઠ વરસ ઉપર મિસેસ એમા વિલર્ડે સ્ત્રીઓની શાળાને સરકાર તરફથી મદદ મળવાને વિનંતી કરીને ન્યુયાર્ક સુસ્થાનની કાયદા કરનારી મંડળીને એક અરજી મોકલી હતી એમ ઉપર કહ્યું છે, તેમાં તે બાઇએ તે કાળના લોકોની સમજણ પ્રમાણે સ્ત્રીઓને ઉંચી કેળવણી આપવાની જરૂર નથી, સાધારણ કેળવણીની માત્ર જરૂર છે એમ સ્પષ્ટ લખ્યું હતું. એ બાઇની આવી કરકસરભરેલી માગણી સુદ્ધાં ન્યુયાર્કની વિદ્વાન કાયદા કર-

નારી મંડળીને પસંદ પડી નહીં, તેમણે સાધારણ સ્ત્રી કેળવણીને પણ થોડું ઉત્તેજન આપવાની ના પાડી. એક મહા વિદ્વાન રાજ્યકાર્ય ધુરંધરે તો અગાડી પડીને મોઢેથી વચનો કહાડયાં, ને પોતાની કીર્તિ અમર કરી દીધી, તે શેઠજી બોલ્યા કે;—"સ્ત્રીઓને વિદ્યા હોવી ઘણી ભયંકર છે, વિદ્યા શીખતાંજ ઘરકામમાં તેઓ બેદરકાર બનશે, વાસ્તે સ્ત્રી કેલવણી સમાજને તથા દેશને ઘણી નુકસાનકારક છે."

કેટલાએકનો મત એવો હતો કે ગણિત વિદ્યા અને ન્યાય શાસ્ત્રના અધ્યનથી સ્ત્રીઓનાં મગજ બગડવાથી તેઓ રોગી થશે. શાસ્ત્રીય વિષયના અધ્યનથી ધર્મ ઉપરથી તેમનો વિશ્વાસ ઉડી જશે. ગ્રીક ભાષા શીખ્યાથી તો તેમના સ્ત્રીત્વનો નાશ થઈને પુરૂષોના જેવી ઢોંગી થશે. કોઇએ કહ્યું,–'બીજી સઘળી વાત ગમે તે હો; પણ સ્ત્રીઓ વિદ્વાન થવાથી પુરૂષોના સઘળા રોજગાર બુડી જશે. તેથી તેઓને નાના છોકરાં કેડે લઈને કે ઘરડાભાભાની પેઠે છોકરાને ઝોલીમાં નાંખીને હીંડોળવાનું કે રસોઈ પાણી કરવાનું કામ માથે આવીને ઘરમાં બેસી રહેવું પડશે, કારણકે ભણેલી બાઈડીઓ મરદોના સઘળા ધંધા હાથ કરી લેશે.' કોઈ વિચારવંત ગૃહસ્થ બોલ્યા કે.–છીઃ તે આપણો ધંધો છીનવી લેશે એવી બીક રાખવાની નથી. વિદ્યા શીખીને શાસ્ત્રીય જ્ઞાન મેળવી તેનો ઉપયોગ કરવાની અક્કલ તેમનામાં મુદ્દલ નથી. માથું હોય તોજ માથું દુખવાની બીક. ઉત્તમ વિદ્યા શીખવા સારૂ જોઈએ તેટલો મેંદુ સ્ત્રીયોનાં માથામાં હશે ત્યારેજ તેમને વિદ્વાન

થવાની બીક રાખવી પણ પેહેલાં તો તેના માથામાં મેંદુજ ક્યાં-થી આવવાનો * બીજા બુદ્ધિમાન અનુભવી ગૃહસ્થો બોલ્યા, "અરે, બઇરાંને વિદ્યા શીખવવાનો વખત તે ક્યાંથી મળશે? અને વારૂ, તે મળ્યો એમ થોડીવાર માનીએ તોય વિદ્યા શીખ્યા પછી બઇરાં તેનો ઉપયોગ શો કરી શકશે?"

એ સઘળી શંકા કેટલી ખરી કે કલ્પિત હતી, તે કહેવા બેસવામાં કંઇ માલ નથી. સો બરસ પેહેલાં યુનાઇટેડ સ્ટેટસમાં બઇરાંને સરકારી નિશાળોમાં શીખવવાનું કામ કરવાને મળતું ના હોતું, કારણકે નિશાળો માંહેલા ડોંગા છોકરાઓને વશ કરીને તે-મને સારૂં વલણ આપવાનું બળ બઇરામાં નથી, એમ તે વેળા પુરૂષોને લાગતું હતું. પણ ઈ. સ. ૧૭૮૯માં માસૂચુસેટસની કા-

---

* હાલનું યુનાઇટેડ સ્ટેટસનું સ્ત્રી શિક્ષણ પચાસ વરસ ઉપર કોઇના મનમાંએ આવ્યું નહીં હોય. ગણિત, ન્યાય શાસ્ત્રીય તત્વો, ગ્રીક ઇત્યાદિ શીખ્યાથી બઇરાં રોગી, બેદરકાર કે ડોંગા થઇ તેમનો સ્ત્રી સ્વભાવ પલટાઇ ભણેલી સ્ત્રીઓમાં ગૃહ પ્રીતિ-નો તથા અપત્ય પ્રેમનો ઘણો અભાવ થએલો કોઈ ઠેકાણે દી-ઠામાં કે સાંભળવામાં આવ્યું નથી. એતો પાછલા ભાગમાં કેહ-વામાં આવ્યુંજ છે. બઇરાંઓ ભણીગણીને હાલમાં સેંકડો ધંધા રોજગાર કરવા લાગ્યા છે એ વાત ખરી, પણ તેને લીધે મરદો-ના રોજગાર બૂડયા નથી, ઉલટું ગયા પચાસ વરસમાં યુનાઇટેડ સ્ટેટસનો ઉદ્યોગ સો ગણો વધીને દેશની વધારે આબાદી થઇ છે એ "ઉદ્યોગ ધંધા" નામના પ્રકરણમાં બતાવ્યું છે.

ગ્રહ્યા કરનારી પુરૂષ મંડળીએ—સ્ત્રીઓથી, નિશાળ શીખવી શકાશે કે નહીં તેની અમથી પરીક્ષા કરવા સારૂ કે ઓછો પગાર આપીને કામ કરાવી લેવા સારૂ એમ ગમે તે રીતે પણ એક નવો કાયદો કરીને સ્ત્રીઓ સંસ્થાનિક સરકારની સાર્વજનિક નિશાળોમાં શીખવી શકે એવો એક નિયમ કર્યો તે વેળાએ સ્ત્રીઓને "ક, ખ, ગ અને એકડે એક" એ વગર બીજું કશું શીખવતાં આવડતું નહોતું, કારણ વિદ્વાન, વિચારવંત, અને દયાળુ પુરૂષોની સ્ત્રીઓ ઘણું શીખ્યાથી તેમના શરીર બગડશે એવી બીકથી ઘણી સાવચેતીથી એક "સ્ત્રીઓનો અભ્યાસક્રમ" તૈયાર કર્યો હતો. એ પઠણક્રમ પ્રમાણે જેમણે અભ્યાસ કર્યો હશે, તેઓથી વ્યાકરણ શુદ્ધ ભાષામાં નાનો કાગળ લખતાં આવડતો હશે કે નહિ તે નિશ્ચયથી કહી શકાતું નથી. તો પછી તેઓ છોકરાંને ઉંચી કેલવણી સારૂ તૈયાર કરે અથવા જાતે ઉંચી કેલવણી આપે એ વાત તો આઘીજ રહી. આગળ જતાં સ્ત્રીઓએ પર્વતપ્રાય વિઘ્નો તથા વિરૂદ્ધ લોકમત રૂપી ઉંચો ચીનીકોટ પોતાને આડો આવેલો છતાં એ તેની બીકથી ઢીલા હાથપગ કરીને તે જોડીને બેશી ન રહેતાં, ઘેર બેઠાં બેઠાંજ પોતાના જ્ઞાનનો વધારો કર્યો. મેહેતીજીની યોગ્યતા, વજન અને સાધારણ કેલવણી આપવામાં તે કેવી ઉપયોગી છે તે લોકોને જાણમાં આવવા લાગ્યું ત્યારે આ મેહેતીજીઓ પોતાનું કામ ઉત્તમ રીતે બજાવે વાસ્તે તેમને "સ્ત્રીઓના પઠણક્રમ" કરતાં કેટલીક ઉંચી પ્રતીની વિદ્યા મળવી જોઇએ એવું સજ્જનોને લાગવા માંડયું. આગળ જતાં સ્ત્રીઓને ઉંચી

કેળવણી મળવા લાગી ત્યાર પછીએ સઘળેજ સવ પ્રકારના વરીષ્ટ વિદ્યાલયોમાના અધ્યાપકના હોદ્દા ઉપર ચઢવાના માર્ગ ખુલ્લા થ' યા નહોતા. પણ મિચિગન યુનિવર્સિટીએ પોતાના સરસ્વતી મં-દિરનાં સુવર્ણદ્વાર ઉઘાડીને સ્ત્રીઓને પુરૂષોની જોડે સરસ્વતી દે-વીના સિંહાસનની પાસે બેસાડીને તેની આરાધના કરવાને બો-લાવી ત્યારથી સ્ત્રીઓને તેમની લાયકાત પ્રમાણે શિક્ષક, અધ્યાપક વિદ્યાલયાધ્યક્ષ ઈત્યાદિ (પૂર્વે, માત્ર પુરૂષોને વાસ્તે રાખેલા) પદ ઉપર ચઢીને ઉ-તમ રીતે કામ કરી પોતાની કર્તૃત્વ શક્તિ અને બુદ્ધિ શક્તિ કેટલી છે, તે સપ્રમાણ સિદ્ધ કરી આપવાની તક મેળવી આપી. હવે બઇરાંઓને નિશાળનો બંદોબસ્ત રાખતાં અને છોકરાંને સારૂં વલણ આપતાં આવડશે કે નહીં, એવી શંકા કોઇના મનમાં આવતી નથી. યુનાઇટેડ સ્ટેટસની સ્થાનિક, સં-સ્થાનિક, રાષ્ટ્રીય સરકાર એ ત્રણેને બઇરાંનું આ કામ એટલું તો પસંદ પડયું છે કે, તેમણે ઘણીખરી સઘળીજ છોકરાંઓની પ્રા-થમિક અને મધ્યમ કેલવણી તેમનાજ હાથમાં સોંપી દીધી છે, અને ઉંચી કેલવણીએ હવે તેઓ હાથમાં લેવા લાગ્યાં છે. દેશની સાર્વજનિક (ઉ-તમ, મધ્યમ અને ઉતરતા દરજ્જાની. નિશાળો અને વિશ્વ વિદ્યાલયો) વિદ્યાશાળામાં એકંદર બે લાખ તોતેર-હજાર શિક્ષકો કેળવણી આપે છે તે માંહેલી એક લાખ ચોપન હજાર ત્રણસેં પંચોતેર સ્ત્રી શિક્ષકો છે એ વગર પુષ્કળ પ્રતિની સ્વતંત્ર અને સાર્વજનિક શાળાઓમાં સ્ત્રીઓ ગણિત, રસાયન, વનસ્પતિ, જ્યોતિષ, શારીર, દર્શનાનુ સાસન, સિદ્ધ પદાર્થ વિજ્ઞાન

ઇત્યાદિ ગહન શાસ્ત્રીય વિષયો અને તત્વજ્ઞાન સંબંધી બાબતોની અધ્યાપકો થઇ છે અને તે ઉત્તમ રીતે પોતાનું કામ બજાવે છે. કોઇ વિદ્યાલયના અધ્યક્ષ કોઇ ઉપાધ્યક્ષ કોઇ આખા શેહેરની નિશાળોની વડી, કોઇ વડી મેહેતીજી, કોઇ "ડીન" અને કોઇ નીત્યુપદેશક બનેલી છે કોઈ રાજનીતિ, તત્વજ્ઞાન, ઇતિહાસ, વ્યવહાર, શાસ્ત્રીય ઇત્યાદિ ગહન વિષયો ઉપર સુબોધ્ય ગ્રંથો લખે છે. કોઇ વિદુષી એકલા યુનાઇટેડ સ્ટેટસમાંજ નહીં, પણ યુરોપના પ્રાચીન વિદ્યા પિઠામાંએ અધ્યન કરીને તેમાંની વિદ્યા દિગવિજયની સાબાશી મેળવી છે. વ્યાસર કાલેજની જ્યોતિષ શાસ્ત્રાધ્યાપિકા પ્રોફેસર મેરિયા મિચેલ બાઇ કયારલાઇન હર્શેલ પેઠે જ્યોતિષ શાસ્ત્રમાં ઉચ્ચું જ્ઞાન મેળવીને નવાં નક્ષત્રો અને ગ્રહોની શોધ કરી રશિયન સરકારની સાબાશી અને તેની પાસે ઉત્તમ ઇનામ મેળવ્યું છે અને પશ્ચિમના જ્યોતિષશાસ્ત્રના જાણકાર મંડળમાં પોતાનું નામ અમર કરી મૂક્યું છે. પ્રોફેસર જેન. એમ. બ્યાંક્રાફટે "પાર્લામેંટ ઓફ પારિસ" નામે ફ્રેન્ચ રાજા નીતિના વર્ણનનો ગ્રંથ લખ્યો છે તે ગ્રંથ આજ જાન્સહાપકિન્સ, કોર્નેલ ઇત્યાદિ વિશ્વ વિદ્યાલયમાંના મહા પંડિતો તેમ તે રાજનીતિ વિષયમાં અતિ ઉત્તમ ગ્રંથ મનાયલો છે. મિચિગન યુનિવર્સિટીની પ્રોફેસર લુઇઝા રીડ્સ્ટોલેલ નામની પ્રસિદ્ધ બાઇએ સૂક્ષ્મદર્શન વિદ્યામાં એટલી તો પ્રવીણતા મેળવેલી છે કે, લંડનની "રાયલ માઇક્રસ્કોપિકલ સોસાઇટી" નામની મહા સભાના સભાસદોએ તેણીને પોતાની સભાની સભાસદ બનાવી છે. હાલમાં અમેરિકા-

માં જેટલી પ્રસિદ્ધ વજનદાર શાસ્ત્ર સંબંધી સભા છે તેમાં વિ-
દ્વાન સ્ત્રીઓને વિદ્વાન પુરૂષની બરાબરીની સભાસદોનાં પદ મળે
છે. સાઠ વરસ ઉપર ન્યુયાર્કના વિદ્વાન—પણ લગાર ટુંકી નજરની
કાયદા કરનારી મંડળીને 'આગળ અડધા સૈકામાં સ્ત્રીઓ વિદ્યાના
મેદાનમાં આવીને આવડું પરાક્રમ કરશે; યુનાઇટેડ સ્ટેટસના લ-
ક્ષાવધિ છોકરાંની કેલવણી અને તેમને દરરોજ ઉપદેશ આપવાનું
કામ અરધી કરતાંએ વધારે સ્ત્રીઓને સોંપી દેવામાં આવશે,
ઈત્યાદિ વાતનું ભવિષ્ય કોઇએ કહ્યું હોત તો તે ફકત ન્યુયાર્કના
રાજ્યકાર્ય ધુરંધરોનેજ નહીં પણ આખી દુનિયાંને તે માત્ર મૃગ
જળ સમાન અસંભવિત લાગ્યું હોત. કેળવાયલી સ્ત્રીઓ વિદ્યા
ખાતામાં જોડાઇ ત્યારથી યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય કેલવણીની
કેવી ચઢતી કળા થઇ છે તેનું વર્ણન અને પ્રસંસા જેટલી કરીએ
તેટલી થોડી છે. આજે જે કિંડર ગાર્ટન ઉર્ફે બાલોદ્યાન શિક્ષણ
પદ્ધતિ વડે હજારો અને લાખો બાળકોનું હિત થાય છે, અને
જે વડે કુમળાં બચ્ચાંઓના વાંસાપર, હાથપર અને મોં ઉપર
માર પડવાનું બંધ પડયું છે, તે આ દેશમાં મહા પ્રયાસે ચાલુ
કરવાનો યશ સ્ત્રીઓનેજ છે. ઇલિઝાબેથ પીબડીએ અને તેની શિ
ષ્યોએ કિંડર ગાર્ટન પદ્ધતિ હજારો બાઇઓને શીખવી, અને મિ-
સીસ્ મૅા, તથા મિસીસ્ ટામસન જેવી ધનવાન બાઇઓએ ઇલિઝા-
બેથ જેવી શિક્ષક બાઇઓને પૈસાની મદદ કરીને આ ઉત્તમ પ-
દ્ધતિને પ્રચારમાં આણવાનાં સાધનો મેળવી આપ્યાં. બોસ્ટનની
સાર્વજનિક સરકારે પોતાના સાર્વજનિક વિદ્યાખાતામાં કિંડર ગાર્ટન

કેલવણીને જગા અને પૈસા આપવાની ના કહી ત્યારે બોસ્ટન શેહેરની મહા પરોપકારી ધનવાન બાઇ મિસીસ્ષોએ પોતાના શેહેરમાં કિંડર ગાર્ટનનો ફેલાવો કરવા સારૂ મદદ આપવાનો નિશ્ચય કર્યો, ને એ શેહેરમાં ઘણી કિંડર ગાર્ટન શાળાઓ સ્થાપન કરી અને તેના ખરચ સારૂ તથા તેમાં વધારો થવા સારૂં દર વરસે છત્રીશ હજાર ડાલર (આસરે એક લાખ સાઠ હજાર રૂપિયા) ખરચવાનો નિયમ આજ બાર વરસ થયાં કાયમ રાખ્યો છે. હવે એ પદ્ધતિની યોગ્યતા સરકારના લક્ષમાં આવી છે અને તેણે કિંડર ગાર્ટન પદ્ધતિ સાર્વજનિક નિશાળોમાં દાખલ કરવાની પરવાનગી આપી છે. ન્યુયાર્કની પ્રસિદ્ધ પરોપકારી મિશેસ ઇલિઝાબેથ ટામ્સન દર વરસે દોઢ બે લાખ રૂપિયા બાળ કેળવણીમાં અને ઉદ્યોગ હુન્નરની કેલવણીમાં ખરચે છે, તેની ઉપજનો મોટો ભાગ છોકરાઓની કેલવણી પાછળજ ખરચાઇ જાય છે અને તે જાતે તો છેક સંન્યાસિના જેવી સાદી રીતે પોતાનો કાળક્ષેપ કરે છે. ઇલિઝાબેથ પીબડી, મિસીસ ષો, મિસેસ ટામ્સન ઇત્યાદિ કેળવાયલી બાઇઓ પોતાનાં તન મન ને ધન આ સત્કર્મમાં ખરચ કરે છે તેથીજ યુનાઇટેડ સ્ટેટસના વિદ્યા ખાતાની આવી ચઢતી કળા થઇ છે.

યુનાઇટેડ સ્ટેટસની કેળવાયલી સ્ત્રીઓ શિક્ષકનું કામ બે રીતે કરે છે, તેમાંની એક રીત વિદ્યાશાળામાં શીખવવું તે, અને બીજી રીત વર્તમાન પત્રદ્વારાએ લોકસમાજને નીતિશિક્ષણ આપીને તેમના વિચાર સુધારવાની છે. આશરે પચીસ વરસ થયાં

સ્ત્રીઓએ વર્તમાનપત્રકારોનો ધંધો કરવા માંડયો છે. તેની પહેલાં વર્તમાનપત્રોમાં જેને જે મરજીમાં આવે તે તેમાં લખવું એવી ઘણીખરી રીત ચાલતી વર્તમાન પત્રોમાં અશ્લીલ ભાષા વાપરવાનો ઘણો બાધ નહોતો. એ કેળવાયલી સ્ત્રીઓને ગમ્યું નહીં, કારણકે તે પત્ર નાનાં છોકરા અને છોકરીઓના હાથમાંએ વાંચવા જતાં હતાં, વાસ્તે તેમણે હળવે હળવે વર્તમાનપત્રનો એકેક ભાગ પોતાને હસ્તક લેવાનો પ્રારંભ કર્યો. એ રીવાજ હજીસુધી ચાલે છે અને તેથી ઘણો ફાયદો થયો છે. જે જે વર્તમાનપત્રોમાં સ્ત્રીઓનો ભાગ હોય છે, તેમાં સ્ત્રીઓની વિરૂધ્ધ, અન્યાયની વાત અથવા નીતિ વિરૂધ્ધ લેખન આવે તેને વાસ્તે ઘણી કાળજી રાખવામાં આવે છે, એ સિવાય તે પત્રને સ્ત્રીઓની મધુર ભાષા અને લેખનસરણીને લીધે તેમાં ઘણું મનોરંજકત્વ આવે છે. 'ન્યૂયોર્ક હેરલ્ડ્' 'ફિલાડેલ્ફિયા લેઝર' 'બોસ્ટન્ ટ્રાન્સ્ક્રીપ્ટ' 'બોસ્ટન હેરલ્ડ' અને 'ચિકાગો ઈંટર ઓશન' જેવાં મોટાં વર્તમાનપત્રોને સ્ત્રી લેખકોની મજબૂત સહાય છે. દરેક પ્રસિધ્ધ વર્તમાનપત્રમાં સ્ત્રી લેખકોને સારૂ નિરાળો ભાગ હોય છે. હવે વર્તમાન પત્રોમાં અશ્લીલ ભાષા ઘણુંકરીને આવતી નથી. આપણને અને છોકરાઓને શાની શાની જરૂર છે, છોકરા અને સમાજ સારૂ શું શું કરવું જોઇએ, અને કયા ચાલ બદલવા જોઇએ; પાઠશાળાઓમાં શિક્ષણક્રમ કેવી રીતનો હોવો જોઇએ, અને સ્ત્રીપુરૂષોને સરખો ન્યાય મળવા સારૂ કેવા કાયદા હોવા જોઇએ; ઇત્યાદિ વાતોનું વિવેચન સ્ત્રીઓ વર્તમાનપત્રોમાં કરી શકે છે. સ-

ષ્ટીના આરંભથી બળવાન પુરૂષોએ પોતાના શરીરબળની ધૂનમાં કર્તવ્ય જ્ઞાન શૂન્ય થઇને સ્ત્રીઓનાં મોઢાં બંધ કરી મૂક્યાં હતાં, તે હવે ઉઘડયાં છે; તે લોકસમાજના બુરા સારૂ નહિ પણ ભલા સારૂ ઉઘડ્યાં છે, એવી પ્રતિતીએ થાય છે.* હાલમાં સ્ત્રીઓ એકાદ મોટા વર્તમાનપત્રનો ભાગ લઇને સંતુષ્ટ ન રહેતાં તે સ્વતંત્ર વર્તમાનપત્રો કાઢવા લાગી છે. બઇરાંઓ જે જેમાં સવ કામ કરે છે, એવાં વર્તમાનપત્રો સેંકડો છે. 'બોસ્ટન વુમન્સ જર્નલ' 'ચિકાગો જસ્ટિશિયા' 'યુનિયન સિગ્નલ' 'બિઆટ્રીસ વીમેન્સ ટ્રીબ્યુન' 'વીમેન્સ વર્ક ફૉર વીમેન' 'ચિલ્ડ્રન્સ વર્ક ફૉર ચિલ્ડ્રન' 'સેંટ નિકલસ' 'વીમેન્સ મ્યાગેઝીન' એવાં પુષ્કળ પત્રો અને માસિક પુસ્તકો સામાજિક અને રાજકીય વ્યવહાર તથા સાર્વજનિક કેલવણીના સુધારાના કામમાં ઘણાં ઉપયોગી પડે છે. 'યુનિયન સિગ્નલ' નામના સપ્તાહિક પત્રનો વધારો ઘણો ચમત્કારિક રીતે થયો છે. છ સાત વરસ ઉપર પાંચ

---

* સ્ત્રી લેખકો સારૂં જેમાં એક ભાગ નિરાળો રહે અને તેમાં તે ઓળખે એવા એક વર્તમાનપત્ર કહાડવાનો અને તેમાં અમારા લાગતા વળગતા સ્ત્રી વર્ગ પાસે લખવાને પ્રારંભ કરાવવા વિશેનો વિચાર મુંબાઇ—ગીરગામમાં રા. રા. ચીમનલાલ હરિલાલ સેતલવાડ બી. એ. એલ્. એલ્. બી. તથા રા. રા. ત્રીભોવનદાસ કલ્યાણદાસ ગજ્જર એમ, એ, બી, એસ, સી, અને હું મળીને સને ૧૮૮૮ના નવેમ્બર માસની પાંચમી તારીખે કર્યો હતો, પણ ત્યારપછી કેટલી અડચણને લીધે હજી

છ બહેરાઓએ અઢી હજાર ડાલરનો ભંડોળ કરીને એ પત્ર કહાડયું. તે વેલાએ મધપાન નિષેધની બાબત લોકોને ગમતી નહોતી અને હજીએ ગમતી નથી. એ પત્ર સ્ત્રીઓની મધપાન નિષેધક મંડળીના માલકોએ કહાડયું છે. અને તે ઝામશે કે નહી એને માટે શક હતો, પણ હવે એ પત્ર લોકપ્રિય થઇ પડયું છે, એમ જણાય છે. હાલમાં તેનું ભંડોળ પચાસ હજાર ડાલર સુધી વધી ગયું છે અને ચાલીશ હજાર ઉપર તેના ઘરાકો છે. એ વર્તમાનપત્ર ચલાવનારા બહેરાંઓએ મદ્યનિષેધક મતના પ્રસાર વાસ્તે વળી બીજા ચાર પાંચ વર્તમાનપત્રો કહાડયાં છે. ઇ. સં. ૧૮૮૮માં એ મંડળીએ પાંચ કરોડ વીસ લાખ પૃષ્ટ જેટલો છાપેલો મજકૂર પ્રસિદ્ધ કરીને યુનાઇટેડ સ્ટેટસમાં મદ્યનિષેધના કામમાં ઘણી મદદ કરી છે. એજ વરસમાં છાપવાના કામ બદલ તેમને ત્રાણું હજાર ડાલર મળ્યા હતા. 'બોસ્ટન વીમેન્સ જર્નલ' પત્રને ચલાવવાની એ પંચાયત લાગતી હતી. કારણ કે તે

સુધી અમલમાં મૂકાયો નથી. ગુજરાતના રાજનગર અમદાવાદના અબળા ઇન્સ્ટીટયુશનના લાગતા વળગતાઓએ એ બાબત વિચાર કરવાનો છે. અને આપણા પારસીભાઇઓમાં આજ બે માસિક સ્ત્રી વર્ગથી લખાઇ બહાર પડે છે. તેઓ જો મન ઉપર લે તો સ્ત્રી લેખકોથી પોતાના વર્તમાનપત્રોને સણગારી શકે, પણ ચમત્કાર એ છે કે તેઓને પણ હજી એ વિષે વિચાર આવ્યો હોય એમ દેખાતું નથી.

બા. ક.

પુરૂષોની પેઠે સ્ત્રીઓને રાજકીય હક મળે એ મતનું પ્રતિપાદક છે. ત્રીસ વરસ ઉપર યુનાઇટેડ સ્ટેટસનાલોકોના વિચાર જેમ વિરૂદ્ધ હતા, તેવાજ તે આજ સ્ત્રીઓને રાજકીય હકકો મળવાની વિરૂદ્ધ છે. સ્ત્રીઓએ અવિશ્રાંત ઉદ્યોગ કરીને જેમ સ્ત્રી કેળવણી વિષે લોકમત ફેરવી નાંખ્યું છે, તેમજ તેમણે એ વાતના સંબંધમાં એ લોકમત ફેરવવાનો નિશ્ચય કરેલો છે; અને તે પાર પાડવામાં આવશે એવાં ચિન્હો દેખાય છે. કોઇ કોઇ ઠેકાણે વર્તમાનપત્ર કર્તાના ધંધામાં સ્ત્રીઓ પુરૂષો કરતાં એ વધારે લાયક જણાઇ આવે છે. હવે નિર્મળ મનના સ્ત્રી પુરૂષોનાં અને બાળકોનાં જૂદાં વર્તમાનપત્રો નથી. તેથી લાચારીએ ચીથરીઆ વર્તમાનપત્રો વાંચવાની તેમને જરૂરે રહી નથી.

સ્ત્રીઓએ જૂદા ધંધો કરવા માંડયાથી જે ઉપયોગીપણું આવ્યું છે, તેમાં સ્ત્રી વૈદ્યનો ઉપયોગ ઘણોજ મહત્વનો છે. અજ્ઞાની બઇરાંઓને પોતાની અને પોતાના છોકરાંઓની પ્રકૃતિની સંભાળ રાખતાં આવડતી નથી. એ તેમના અજ્ઞાનથી માણુસ જાતને ઘણું નુકશાન થાય છે. તેને સારૂ સ્ત્રીઓને વૈદું શીખવાની ઘણી જરૂર છે તથાપિ યુનાઇટેડ સ્ટેટસના લોકોના વિચાર એ સંબંધે ઘણા વિલક્ષણ હતા. ત્રીસ પાંત્રીસ વરસ ઉપર ફિલાડેલ્ફિયામાં સ્ત્રીઓને સારૂ એક વૈદ્ય વિદ્યાલય સ્થાપન થયું. તે વેળાએ લોકોએ તેના સ્થાપકોની ઘણી પૂંઠ પકડી. લોકો માનતા હતા કે, વૈદક શીખવાથી બઇરાંઓ બગડી જશે. તેમના નાજૂકપણાનો નાશ થશે. અને પછી ઘરકામમાં તે

નાલાયક બનશે. કોઇપણ વાતની વાકેફગારી નથી હોતી ત્યારે તે બાબત વિષે માણસના મનમા વિલક્ષણ તર્કો આવે છે. દુનિયાનાં અરધા કરતાં માણસો કોઇપણ બાબતની વાકેફગારી મેળવ્યા પેહેલાંજ તે વિષે પોતાનો મત આપવાની ઉતાવળ કરે છે. તેને બાકીના લોકોનાં મનમાં એ તે વિષે શંકાં ઉત્પન્ન થાય છે. તથાપિ તેજ જો અગાઉથી તે બાબતની માહિતી મેળવીને તે વિષે પોતાના સારા માઠા વિચાર આપે તો સેંકડો નવા ચાલૂ ન કરવાથી અને વાતો ઉપયોગમાં ન આણવાથી દુનિયાંને જે અતોનાત હાનિ થાય છે તે થાત નહીં, સ્ત્રીઓનું વૈદ્યાલય સ્થાપન્ન થયાને આજ ત્રીસ વરસ થયાં છે. હવે યુનાઇટેડ સ્ટેટસના લોકોને જણાયું છે કે, સ્ત્રી વૈદ્ય સમાજને ઘણી ઉપયોગી છે. એ દેશમાં આજદીન સુધીમાં એક હજાર ઉપર બઇરાં સનંદી વૈદ્ય છે. તેમની ઊપજ–ખરચ બાદ કરતાં, દરવરસે સો ડાલરથી પચાસ હજાર ડાલર સુધીની છે. હવે જ્યાં ત્યાં સ્ત્રી વૈદ્યાને લોકો ચહાય છે. દરદીની મહાવજત કરવામાં સ્ત્રીઓ જેટલી કુશળ છે, તેટલા પુરૂષ નથી. એમ લોકોને પકકો અનુભવ થયો છે.

એ સંબંધે લોક મતમાં કેવો ફેરફાર થયો છે, તેનો એક દાખલો આપું છું. વીસેક વરસ ઉપર "ફિલાડેલ્ફિયા કાઊંટી મેડીકલ અસોસિયેશન્" નામની પ્રખ્યાત પુરૂષ વૈદ્યાની મંડળીએ સ્ત્રી વૈદ્યને બહિષ્કાર કરીને તેમનું મોઢું જોવું નહિં, એવો ઠરાવ કર્યો હતો. તેનું કારણ તેમણે એવું કહ્યું હતું કે, સ્ત્રીઓના પવિત્ર મન વૈદક શીખવાથી અપવિત્ર થશે. અને તેઓ આ

સ્વભાવીક વર્તણુ કરવા માંડશે, સ્ત્રીઓના મગજનું વજન પુરૂષો-ના મગજના વજન કરતાં ઓછું હોવાથી તેમનામાં વૈદક જેવા શાસ્ત્રીય વિષયમાં જોઇએ તેટલી પ્રવિણતા નહિ આવે તેથી તેમના હાથથી ઘણા જનોની હાનિ થવાનો સંભવ છે. આ આપણા ભાઇઓએ ઉપર કહેલા બીજા બહાના વડે સ્ત્રીઓને બહિસ્કાર કરવા પેહેલાં, તેઓ પોતે યમરાજાના મોટા ભાઇ છે તે વાત ભુલી ગયા હોય એમ લાગે છે. આ જમના મોટાભાઇને હાથે જેટલા લોક મરે છે તેટલા આ જમની મોટી બેહેનોથી મુવેલા કોઇના સાંભળવામાં આવ્યા નથી. ઇ. સ. ૧૮૮૮માં આ "કાઉંટી મેડિકલ એસોસિએશન"નું ડાહોબાઈ ગએલું મગજ સારૂ નિર્મળ થએલું હોવું જોઇએ, એવી નિસાનીઓ જણાઇ આવી. તેણે સ્ત્રી વૈદ્યો ઉપરનો બહિષ્કાર કહાડી નાખ્યો એટલુંજ નહિ પણ તેમને હાથે પગે પડીને કાલાવાલા કરીને પોતાની પ્રખ્યાત સભામાં તેમને સભાસદ બનાવી. પચીસ વરસ જેમાં સ્ત્રી વૈદ્યો સભાસદ હોય એવી પ્રસિદ્ધ વૈદ્ય સભાઓ એકે નહોતી. હાલમાં જેમા સ્ત્રીઓ સભાસદ નથી, એવી ઉત્તમ વૈ સમાજ એકે શોધી જડતી નથી. વૈદક જેવા ગહન શાસ્ત્રીય વિષયમાં ઓછા મગજની સ્ત્રીઓની ગતિ છે કે નહીં, તે ઉપલી વાત ઉપરથી જણાઇ આવશે. યુનાઇટેડ સ્ટેટસમાં એક ઘણી વજનદાર વૈદ્ય સભા છે. તેણે નિમેલા વિષય ઉપર નિબંધ લખવાનો હતો. પરીક્ષાની વેળાએ ઉમેદવારો તરફથી લખાઇ આવેલા ચાર પાંચ નિબંધ માહેલો એક નિબંધ ઘણો ઉત્તમ ઠર્યો

અને તે લખનારને પાંચસે ડાલર ઈનામ આપવાનો ઠરાવ થયો. આ નિબંધ લખનારે એવી યુક્તિ કરી હતી કે, પોતાના નિબંધ ઉપર સહીને ઠેકાણે પોતાનું આખું નામ ન લખતાં પોતાના નામ તથા અટકના પેહેલા અક્ષરો માત્ર લખ્યા હતા. સ્ત્રી વૈદ્યો ઉપર આ સભાનો મોટો કટાક્ષ હતો. અને સ્ત્રી તરફથી આવો ગહન નિબંધ આવશે એવી તેમને કલ્પના સુદ્ધાં નહોતી. પણ ઈનામ આપવાનો ઠરાવ થયા પછી તેને ખબર પડી કે, ન્યૂયાર્ક શેહેરની રહેવાસી પ્રસિદ્ધ ડાકટર મેરી પટ્નમ્ યકોબી નામની સ્ત્રીએ તે નિબંધ લખેલો હતો. એ જાણ્યા પછી તે બિચારી પક્ષપાતી વૈદ્ય સભાને એક સ્ત્રીએ આવો નિબંધ લખ્યો અને આપણે તેને ઇનામ આપ્યું, એ વાત કબૂલ કરવાનું તેને ઘણુંજ કડણ લાગ્યું. પણ બિચારી કરે શું? ઠરાવ પ્રસિદ્ધ કરીને કામ ફસાયું હતું તેથી લાચારીએ ડા. યકોબીને ઇનામ આપવાનું તેને નશીબે આવ્યું.

ન્યુયાર્ક શેહેરમાં ન્યુયાર્ક ઈન્ફર્મરી નામનું વૈદ્ય વિદ્યાલય છે. તે આખા યુનાઇટેડ સ્ટેટસમાંના સરકારી અને સ્વતંત્ર એવા ઉત્તમ વૈદ્ય વિદ્યાલયમાં તેની ઘણી પ્રતિષ્ઠા માનવામાં આવે છે. તે વિદ્યાલયને સ્થાપનાર એક સ્ત્રી વૈદ્ય છે અને તે એ દેશના ઉત્તમ વૈદ્યમાં ગણાય છે એ કહેવાની તો જરૂર નથી. એ બાઈ જેનું નામ ડાકટર ઇલિઝાબેથ બ્લાકવેલ છે તે ઇ. સ. ૧૮૫૦ના સુમારમાં વૈદ્ય વિદ્યાનો અભ્યાસ કરી તથા ઘણો અનુભવ મેળવીને યુરોપમાંથી સ્વદેશમાં આવી ત્યારે સ્ત્રીઓ સારૂ રોગી

ભવનો સ્થાપવાની ઘણી જરૂર છે એમ તેની નજરમાં આવ્યું. કારણ મોટા સાર્વજનિક અને નામીચા પુરૂષ વૈદ્યોની દેખરેખ હેઠળનાં રોગી ભવનોમાં ઓછા મગજની મનાયલી સ્ત્રીઓને દરદીઓની માવજત કરવાનું અને શસ્ત્રક્રિયા વગેરે શિખવા જવાની પરવાનગી નહોતી. ઇ. સ. ૧૮૫૭માં આ ઉદ્યોગી બાઇ અને તેની બેહેનોએ મળીને પોતાનું પ્રખ્યાત રોગી ભવન, અને તેને લગતું એક વૈદ્ય વિદ્યાલય સ્થાપ્યું. તેના જેવી ઉદ્યોગી અને પરોપકારી સ્ત્રીઓ તેને મદદ કરવા લાગી. એનો દાખલો જોઇને બોસ્ટનની બાઇઓએ ઈ. સ. ૧૮૬૨માં "ન્યુઈંગ્લાંડ હાસ્પિટલ્ ફૉર ઉવીમેન ઍન્ડ ચિલ્ડ્રન" નામનું રોગી ભવન સ્થાપ્યું. વૈદક શિખીને નવી તૈયાર થએલી બાઇઓ અહીંઆ એ ન્યુયાર્ક ઇન્ફિર્મરીની પેઠે દરદીઓની માવજત શસ્ત્રક્રિયા વગેરે વાતનો પ્રયોગ કરીને તથા કરેલો જોઇને અનુભવ મેળવે છે. આપણી દેશી બેહેન ડાક્ટર આનંદીબાઇ જોશી ફિલાડેલ્ફિયામાં વૈદક શીખીને તૈયાર થયા પછી અનુભવ મેળવવા સારૂ એજ ન્યુઇંગ્લાંડ હાસ્પિટલમાં રહી હતી. બોસ્ટનની પાછળ ફિલાડેલ્ફિયાની સ્ત્રીઓએ ત્યાંની સ્ત્રીઓનાં વૈદ્ય વિદ્યાલયને લગતું એક બચ્ચાં અને છોકરાંને સારૂ રોગીભવન સ્થાપ્યું. ત્યાં પણ વૈદ્યક શીખીને તૈયાર થએલી સ્ત્રીઓને અનુભવ મેળવવાની સગવડ કરેલી છે. એજ પ્રમાણે ચિકાગો શેહેરમાં "ચિકાગો હાસ્પિટલ ફૉર ઉવીમેન ઍન્ડ ચિલડ્રન્" સાન ફ્રાન્સિસ્કો શેહેરમાં "પાસિફિક હાસ્પિટલ" અને મિનેઆપોલિસ શેહેરમાં

"નાર્થ વેસ્ટર્ન હાસ્પિટલ" એ સાત સ્ત્રીઓએ સ્થાપેલાં અને સ્ત્રીઓએજ ચલાવેલાં ઉત્કૃષ્ટ રોગીભવનો અને અનુભવ શાળા યુનાઈટેડ સ્ટેટસના ઉત્તર સંસ્થાનમાં ઉત્તર આકાશમાં પ્રકાશતા સપ્તર્ષીના તેજોમય તારાની પેઠે પોતાના અસાધારણ તેજથી નિરંતર પ્રકાશમાન થઈ પોતાની ભણી આશા રાખનાર સ્ત્રી પુરૂષના સમાજને આનંદ આપે છે. યુનાઈટેડ સ્ટેટસનો દાખલો જોઈને ઇંગ્લાંડની સ્ત્રીઓએ એવા પ્રકારનાં રોગીભવનો અને અનુભવ શાળાઓ સ્થાપન કરે છે એ ઘણી ખુશીની વાત છે. §

---

§ આપણા હિંદુસ્તાનમાં એ લેડી ડફરીને એક મોટું ફંડ એવાં સ્ત્રી રોગી અને બચ્ચાંઓની હાસ્પિટલ સારૂ ઉભું કર્યું છે તેમાં આખા દેશમાંથી હજારો અને લાખો રૂપિયા ભરાયાં છે અને ભરાય છે. તો પણ ગરીબ દેશી સ્ત્રીઓના ખાસ દરદને ખાસ સ્ત્રી વૈદ્યની અગત્ય જોવીને તેવી હજી કાયમ છે. તેવારે ગુજરાતના બીજાં શહેરોની વાતજ શી કરવી, પણ પરોપકારી મિશનરીઓ પોતાના ખાતામાં એવી સ્ત્રીઓ રાખીને પ્રજાનો આશીર્વાદ લેછે, સુરતના મિશન ખાતામાં એવી એક બાઇ હતી તે સુરતની સ્ત્રીઓને ઘણી પ્રિય થઈ પડી હતી અને મધ્ય પ્રાંતમાં મુસાફરી કરતાં ગયા જુલાઇ માસમાં ઈંડોરની રેસીડેન્સીમાં "કનેડીયન" મિશનને લગતી સ્ત્રી બાળકની હાસ્પિટલ આખા માળવાને આશીર્વાદ રૂપ થઈ પડી છે. અને તેનું મકાન બાંધવા વગેરેના કામમાં હોળકર સરકારે સારી મદદ કરી છે.

ભા. ક.

આજ સુધીમાં આ દેશમાં છત્રીસ વિદ્યાલયો (મેડિકલ્ કાલેજો) ફક્ત સ્ત્રીઓને માટેજ સ્થાપેલાં છે. તેમાં કેળવણી આપવાનું તમામ કામ સ્ત્રીઓજ કરે છે. મિશ્ર વિદ્યાલયોમાંએ પુષ્કળ સ્ત્રી વૈદ્યો શિક્ષકનું કામ કરે છે. એ ઉપરથી સ્ત્રીઓ વૈદક શીખીને બગડી જશે એવી જે યુનાઇટેડ સ્ટેટ્સના લોકો-ની સમજણ હતી તે હવે બદલાઇ ગઇ છે એવું સિદ્ધ થાય છે. સ્ત્રીઓ વૈદક શીખવા લાગી ત્યારથી તે વિષય જાણનારા લોકોને મનુષ્ય શરીર અને શારીરવિદ્યા એ ઘણી પવિત્ર વસ્તુ છે એમ લાગવા માંડયું છે. સ્ત્રીઓ શીખવા જવાની પેહેલાં વિદ્યા-લયોમાં શારીરશાસ્ત્ર શીખવતાં જે બિભત્સ પ્રકાર થવાની બુમો પડતી હતી તે હવે તદ્દન બંધ પડી ગઇ છે. વિદ્યાર્થિણી-ઓની મર્યાદશીલ અને ઘણી વખાણવા લાયક નીતિમત્તા આગળ શારીરશાસ્ત્ર સાથે ચેરાં કહાડનાર પુરૂષ શિક્ષકો અને વિદ્યાર્થીઓને પોતાની કૃતિની લાજ લાગવા માંડી છે. હાલમાં સ્ત્રીઓથી શારીર વિદ્યા શીખવવાની સરણી અને ભાષા એવી તો સારી થઇ છે કે, આઠ દશ વરસનાં નાના છોકરાંને તે શીખવીએ એવી લોકોને ઇચ્છા ઉત્પન્ન થઇ છે.

વળી બીજો એક ઉપયોગી ધંધો સ્ત્રીઓએ પત કરેલો છે. તે ન્યાય સભામાં વકિલાત કરવાનો છે. ઇ. સ. ૧૮૬૮માં સેંટ લુઇસ શેહેરની "શિંગટન્ યુનિવર્સિટી" એ સ્ત્રીઓને કાયદા શીખવવાની રજા આપી. પછી ઇ. સ. ૧૮૬૯માં આ દેશમાં પેહેલ વેહેલી સનંદી વકીલ આરાબેલાં માન્સ્ફીલ્ડ્ બાઇ સનંદ

મેળવીને વકિલાત કરવા લાગી. ત્યારથી ઘણી ખરી બધીજ મોટી યુનિવર્સિટીએ પોતાની પાઠશાળામાં સ્ત્રીઓને કાયદા શીખવાની પરવાનગી આપી છે. કાયદા જેવો ગહન વિષય સ્ત્રીઓને શીખવાનું બનશે કે નહીં એ બાબતે પુષ્કળ લોકોને સંશય હતો, પણ હવે દૂર થયો છે. ન્યાયની અદાલતોમાં સ્ત્રી વકીલના ઉત્તમ કામો, તેમ નીતિશુદ્ધ ન્યાયશાસ્ત્રનુસાર વાદ કરવાની રીત મોટા મોટા પુરૂષ વકીલોની બરાબરી કરવાની તેમની યોગ્યતા અને એ સઘળા કરતાં ઉત્તમ તેમનું મર્યાદશીલ સદ્વર્તન જોઇને હવે તેમની યોગ્યતા વિષે લોકોના મનમાં સંશય રહ્યો નથી. યુનાઇટિડ સ્ટેટસમાં સેંકડો સ્ત્રીઓ સનંદી વકીલ છે. તે અહીંના પુરૂષોની પેઠેજ નાની મંડળીઓ સ્થાપીને કામ કરે છે. એવી જાતની એક મંડળી તો ધણી ધણીઆણીનીજ છે એટલે તેમાં ધણીએ વકીલ છે અને ધણીઆણીએ વકીલ છે.

ન્યાયની અદાલતોમાં અનેક પ્રકારના સારા માઠા ટંટા આવે, તેમાં સ્ત્રીઓ વકીલાત કરવા માંડવાથી તેમની મર્યાદા અને આબરૂ કેમ રહે? એવી શંકા કહાડનારા પુષ્કળ લોકો હતા. તથાપિ શંકા કહાડનારાઓએ એ વાત ધ્યાનમાં રાખવાની હતી કે, ન્યાયની અદાલતોમાં માત્ર પુરૂષોનાજ કજીઆ આવતા નથી પણ ઘણા બઇરાંનાએ કજીઆ આવે છે. સ્ત્રી જાતીમાં પુરૂષોના જેટલાં અપરાધ કરનારા જો કે સાંપડતા નથી,—(એ વાત ઘણી અભિનંદનીય અને સ્ત્રી જાતિને ઘણી ભૂષણપ્રદ છે) તથાપિ તેમાંની કેટલીક બઇરીઓએ હોય છે. તેના સુખ દુઃખ

તેમની જાતનાં વકીલને જેવા સમજાય તેવી ચોખી રીતે પુરૂષો ને સમજાય નહિ. જ્યાં ચારેમેર પુરૂષો છે અને એક બઇરૂ નથી એવે ઠેકાણે બઇરૂં ગયું તો તેને કેટલી અગવડ પડે છે તે પ્રત્યેક વિચારવંત માણસને સમજાય એવું છે. જ્યાં સંભાવિત પુરૂષો છે. અને ન્યાય મંદીરમાં ન્યાયાધીશ વકીલ ઇત્યાદિ હોય છે ત્યાં અપરાધી સ્ત્રીઓને યોગ્ય ન્યાય મળવાનો સંભવ ઘણો છે. અનુભવથી એમ માલમ પડે છે કે, આ દેશની સ્ત્રી વકીલોના સ્વાભાવિક મર્યાદશીલપણામાં અને તેના માનમાં કશી કમતાઇ થતી નથી. સ્ત્રી વકીલ જ્યાં હોય છે ત્યાં એવી ન્યાય સભામાંની પુરૂપ મંડળી તેનું માન યોગ્ય રીતે રાખે છે એવુંજ નહીં પણ ન્યાય મંદિરમાં તપખીર સુંઘવી કે બીડી પીવી, અશ્લીલ ભલામણ કરવાં વગેરે અયોગ્ય વર્તન કોઇ ન કરે એવો સાધારણ નિયમ છે તે, સ્ત્રીઓ ન્યાય મંદિરમાં પેહલાથી વધારે સારી રીતે પાળવામાં આવે છે. કાયદા કાનુનમાં સ્ત્રીઓની વાકેફગારી કેટલી છે તે જેને જોવું હોય તેણે યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય ન્યાયસભામાં અને બીજી ન્યાયસભામાં તેમનું કામ જાતે જોયા વિના સમજાય એવું નથી. યુનાઇટિડ સ્ટેટસમાં આજ સેંકડો વરસોથી પુરૂષો વકિલાત કરે છે, અને સ્ત્રીઓને વકિલાતની પરીક્ષા આપવાની પરવાનગી મળ્યાને ફકત વીશ વરસો થયાં છે, એટલામાં તે બહાદૂર બઇરાંઓએ સેંકડો વરસથી વરિષ્ટ યોગ્યતાએ ચઢેલા પુરૂષ વકીલ મંડળની બરાબરી કરી છે. તેઓમાં ઓફાનેલ, કરન્ વેબસ્ટર અને કોટસ જેવા

પ્રસિદ્ધ વકીલો થયા નથી, પણ તે નહિં થાય એમ શા ઉપરથી કહી શકાય? મરદોમાંએ બધાજ એવા કયાં છે.

ચિકાગો શેહેરમાં ઇ. સ. ૧૮૬૮થી 'લીગલ્ ન્યુસ' નામનું કાયદા કાનુન સંબંધી એક માસિક પુસ્તક નીકળે છે. **મેરીયા બ્રાડબેલ** નામની બાઇ તેની કર્ત્રી છે. આખા યુનાઇ-ટેડ સ્ટેટ્સ માંહેના કાયદા કાનુન વિષે પુસ્તકો પ્રસિદ્ધ કરનારી જે મંડળીઓ છે તે બધામાં મોટી મંડળીની તે બાઈ અધ્યક્ષ છે. એ બાઇની દેખરેખ નીચે તૈયાર થએલો "બ્રાડબેલ એપેલેટ કોર્ટ રીપોર્ટસ" નામનું મહાભારત પુસ્તક સર્વત્ર પ્રસિધ્ધ છે. અને તેનો આ દેશના બધાજ વકીલો ઉપયોગ કરે છે. કયારો-લાઇન વ્હાઇટ નામની બીજી એક બાઈ "ચિકાગો લૉ ટાઇમ્સ" નામનું પાક્ષિક પત્ર પ્રસિધ્ધ કરે છે. તે તેની ઉત્તમતા વકીલ મંડળોમાં પ્રખ્યાત છે. સ. ૧૮૮૬માં મિચિગન યુનિવ-ર્સિટીમાં કાયદા કાનુન શીખીને તૈયાર થએલી અને શીખનારી બાઇઓએ મળીને 'એકિવટી કલબ' નામની એક સમિતિ સ્થાપી છે. તેનો ઉદ્દેશ ફકત યુનાઇટેડ સ્ટેટ્સ માંહેલી સ્ત્રીઓમાંજ નહીં પણ જ્યાં જ્યાં સ્ત્રીઓને વકિલાત કરવાનો અધિકાર છે એવા તમામ દેશોની સ્ત્રીઓ જોડે મૈત્રીનો સંબંધ સ્થાપિને એક બીજાને મદદ કરીને સ્ત્રીજાતની ઉન્નતિ કરવાનો છે. પુરૂષોને વકીલાત કરવાને આજ હજારો વરસ થયાં છે, તોએ તેમણે કોઈ ઠેકાણે જાતિભેદ ન ગણતાં સર્વ સાધારણ પુરૂષ જાતના ફાયદા સારૂ "એકિવટી કલબ" જેવી મંડળી સ્થાપન કર્યાનું

કંઇ સાંભળવામાં આવ્યું નથી. સુશિક્ષિત સ્ત્રીઓને કોઈપણ અધિકાર મળ્યો તો તેઓ તેનો સદ્ ઉપયોગ કરે છે તેનું એ એક ઉત્તમ ઉદાહરણ છે.

ચોથો ઘણો મહત્વનો ધંધો જે સ્ત્રીઓએ પકડ્યો છે, તે ધર્મોપદેશ કરવાનો છે. ખ્રિસ્તી ધર્મ સ્થાપન થયા પછી કેટલાંક વરસ સુધી, ખ્રિસ્તી સ્ત્રીઓને પુરૂષો પ્રમાણેજ ધર્મોપદેશ કરવાનો અધિકાર હતો. તે કાળે પરમેશ્વરે જેને પોતાની પવિત્ર શક્તિ આપીને ધર્મોપદેશ કરવાને કામે વળગાડ્યાં, તે પુરૂષ હો કે સ્ત્રી હો, ઇશ્વરે પેદા કરેલી નામે તે વ્યક્તિએ ધર્મોપદેશ કરવો એવો નિયમ હતો. ઈશુખ્રિસ્તે ઉપદેશેલો ખ્રિસ્તી ધર્મ ઘણો સહેલો અને તેના નિયમ સ્ત્રી પુરૂષને સરખાજ લાગુ પડતા હતા. ખ્રિસ્તનો દેવ પરમેશ્વર સ્ત્રીઓને અને પુરૂષોને તેમનો જાતિભેદ મનમાં ન આણતાં, સરખી રીતે પવિત્ર આત્મા આપે છે. તે માણુસ જેવો પક્ષપાતી નથી, વાસ્તે ધર્મોપદેશ કરવાનુ કામ ફક્ત મરદોને સોંપી દેતો નથી. તે યોગ્ય માણસને યોગ્ય બક્ષિસ આપે છે. કેટલીક સ્ત્રીઓને અને કેટલાક પુરૂષોને જુદી જુદી રીતે એ બક્ષિસ આપનો હોય છે. સૌજન્યાદિ ગુણ, કળા કૌશલ્ય, વિદ્વતા, દૈવીભાવ, એ બક્ષિસોમાંથી કેટલીક સ્ત્રી જાતિને અને કેટલીક પુરૂષ જાતને મળે એવો કંઈ નિયમ નથી તથાપિ ખ્રિસ્તી ધર્મ જ્યારે રોમન લોકો જેવા સ્ત્રી જાતને માનનારા લોકના હાથમાં ગયો, ત્યારે તેમણે પોતાની સારીમાઠી સમજણ ખ્રિસ્તી ધર્મમાં સામેલ કરી. રોમન ક્યાથોલીક આચાર્ય અને

સંન્યાસીઓ સ્ત્રીઓને સેતાન જેવી પોતાની દુશ્મન ગણતા હતા. તેમણે અને તેવાજ બીજા લોકોએ ઉપદેશકપણાનો સ્ત્રીઓનો હક્ક છીનાવી લીધો. ધર્મોપદેશ કરવા વિષે તેમને પરમેશ્વરની પ્રેરણા છતાંએ પક્ષપાતી પુરૂષોની બંધીને લીધે સ્ત્રીઓને આજસુધી મૌન ધારણ કરીને પુરૂષો કહે તે ચુપચુપ સાંભળવું પડતું હતું. પણ આ ઓગણીસમાં સેકડામાં જ્ઞાનના પ્રકાશથી પુરૂષોએ પોતાની ભુલ જોવા માંડી સ્ત્રીઓને ધર્મોપદેશ કરવાનો અધિકાર હોવો જોઇએ, એમ ઘણાખરા ખ્રિસ્તી દેશના પુષ્કળ નિષ્પક્ષપાતી ધર્માચાર્ય કહેવા લાગ્યા છે. યુનાઇટેડ સ્ટેટસમાં એકસો પાંસેટ સ્ત્રીઓ જુદા જુદા મતની સનંદી ધર્મોપદેશક છે. આ દેશના લોકોને એવો અનુભવ થતો જાય છે કે, ઘણે પ્રસંગે સ્ત્રી ઉપદેશકથી જેવી સેહેલી રીતે ધર્મપ્રસારનું કામ થાય છે, તેટલું પુરૂષ ઉપદેશકોથી થતું નથી. એ અને બીજાં કારણોથી, આપણા દેશમાં સ્ત્રી ઉપદેશકો પુષ્કળ હોવી જોઇએ એવી ઇચ્છા આ દેશના લોકસમૂહમાં વધતી ચાલી છે.

"ફ્રોનોગ્રાફી" એટલે લઘુ લેખન નામનો વળી એક ધંધો સ્ત્રીઓએ હાથમાં લીધો છે. તેમાં તે એટલી તો હોંશિયાર થઇ છે કે, હાલમાં યુનાઇટેડ સ્ટેટસમાં મોટાં મોટાં પ્રખ્યાત વર્તમાનપત્ર કર્ત્તા અને વકીલો સ્ત્રી લઘુલેખકને ઘણા ભાવથી પોતાની કચેરીમાં મોટા જોખમનાં કામો આપે છે. આ રોજગાર કરનારી સ્ત્રીઓને સાધારણ મેહેતાજી કરતાં ઘણી મોટી કમાઇ હોય છે.

એ સ્ત્રીઓ વરસ દોઢ વરસ લઘુ લેખનની પદ્ધતિ શીખીને થોડીએક ઉમેદવારી કર્યા પછી રાષ્ટ્રીય સભામાં અને જ્યાં નામીઆ વકતાનાં ભાષણો થાય છે, તે ઠેકાણે જઇને તે વ્યાખ્યાનો અક્ષરે અક્ષર ઉતારી લે છે. તેમને એ કામ વાસ્તે પાંચથી વીસ ડાલર સુધી ફી મળે છે.

સને ૧૮૪૦માં હ્યારિએટ માર્ટિનો નામની ઇંગ્રેજ વિદ્વાન બાઈ આ દેશમાં આવી ત્યારે આ દેશની સ્ત્રીઓને સાત હલકી જાતના ધંધા કરવાની છુટ હતીઃ— ૧ છોકરાને મૂળાઅક્ષર અને બારાખડી લખતાં શીખવવી. ૨ શીવણકામ, ૩ ભોજનગૃહ ઉઘાડવાં અને ચલાવવાં, ૪ કોઇને ઘેર ચાકરી કરવી, ૫ છાપખાનામાં ખીલા જોડવા, ૬ પુસ્તકો બાંધવાના કારખાનામાં પુસ્તકના છાપેલાં પાનાં વાળીને ટાંકા મારવા; ૬ ગિરણી (મીલ) માં હલકા પ્રકારનાં કામ કરવાં. પણ હવે તે કાળ ફેરવાયો છે. સ્ત્રીઓ વિદ્યા સંપન્ન થઈ છે, સારે જેને એથી કેટલાક ઉંચા ધંધા કરવાની શક્તિ છે, તે એ ધંધો કરીને સંતોષ માની બેશી રહેતાં નથી. યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય સરકાર અને સંસ્થાનીક સરકાર જો કે તેને વધારે સહાય અને ઉત્તેજન આપતી નથી; તોપણ તે પોતાની તીક્ષ્ણ બુદ્ધિ, દૃઢ નિશ્ચય, અને દીર્ઘ ઉદ્યોગીપણાના ગુણની મદદ વડે પરમેશ્વરે તેને આપેલી કલ્પના શક્તિને પ્રફુલ્લિત કરે છે. ઈ. સ. ૧૮૮૦ની વસ્તીની ગણત્રી ઉપરથી સમજાય છે કે, એ દેશમાં સ્ત્રીઓ જૂદા જૂદા ત્રણસે

પ્રકારના ધંધા કરતી હતી, ફક્ત એક માસચ્યુસેટસ સંસ્થાનમાંજ બે લાખ એકાવન હજાર એકસો અઠ્ઠાવન બઇરાંઓ બસે ચોર્યાસી જાતના જૂદા જૂદા ધંધા કરે છે. તેના ઉત્પન્નનો અડસટ્ટો દોઢસો ડૉલરથી ત્રણ હજાર ડાલર સુધી છે.

કોઇ કોઇ એમ કહે છે કે સ્ત્રીઓમાં કલ્પના શક્તિ નથી. કેમકે તેમનાં મેંદુ ઓછાં છે. આજ સુધીમાં જેટલી કલ્પના નીકળી તે બધી પુરૂષોએજ કહાડેલી, બઇરાંમાં કલ્પના શક્તિ નહોતી તેથી એમ થયું છે. તે ઉપર અમારૂં કહેવું એમ છે કે, બઇરાંએ કલ્પના ન કહાડી તેનું કારણ તેના મગજની કમતાઇ નથી પણ તેની કલ્પના શક્તિ ખીલવવાને તેમને કોઇએ અવસર અને ઉત્તેજન આપ્યું નહોતું. કોઇ કોઇ ઠેકાણે એમ પણ બન્યું છે કે, બઇરાંએ જાતે કલ્પના કહાડીને પોતાની સ્વાભાવિક ઉદારતા વડે તે પુરૂષોને નામે પ્રસિદ્ધ થઇ યુરોપિયન ગાયક વાદ્ય વાદક **બેથોવ્હન**ની બેહેને ઘણાં ઉત્કૃષ્ટ અને લોકોત્તર માધુર્ય યુક્ત રાગ અને રાગણી બનાવીને પોતાના ભાઇને નામે પ્રસિદ્ધ કરી દીધી. ને તેથી બેથોવ્હનની કીર્તિ અજરામર થઇ છે, પણ આ રાગરાગણી તેની બેહેને બનાવી છે એમ થોડાકજ જાણે છે, તેમજ જ્યોતિષ શાસ્ત્રી **વિલ્યંમ હર્શલની** બેહેન **ક્યારોલાઇને** પુષ્કળ ગ્રહ શોધી કહાડયા છે. પોતાનો ભાઈ જ્યોતિષ શાસ્ત્રનું પરિશીલન કરતો હતો ત્યારે તે બાઇએ પોતાની અલૌકિક ગણીત શાસ્ત્રની વાકેફગારીને લીધે તેને ઘણી મદદ કરી. એ તેની મહા મેહેનત અને નિશ્વાર્થ

મદદથી વિલ્યમ હર્શલની કેવી પ્રસિદ્ધિ થઈ; તે કયારોલાઈન હર્શલને તેણીના ભાઈના જશનો ભાગ દુનિઆએ આપ્યો નથી. એથોબ્હનની બેહેન જેવી બાઇઓએ પોતાની કલ્પના અને શોધ પોતાના સંબંધી કે ઓળખીતા પુરૂષને નામે પ્રસિદ્ધ થવા દીધા; તેનું કારણ એક તો તેમની સ્વાભાવિક ઉદારતા; અને બીજું એમ કે પાછળા કાળમાં બઇરાંએ કોઇ કલ્પના કહાડી કે બીજું કંઇ કામ કર્યું, ને તે લોકોમાં પ્રસિદ્ધ થયું તો તે ઘણું શરમ ભરેલું છે. એવી જંગલી સમજ ઘણા ખરા બધા દેશોના લોકોમાં હતી અને આપણા દેશમાં તો હજીએ છે. યુનાઇટેડ સ્ટેટસમાં હમણાં કોઇ ઠેકાણે સ્ત્રીઓએ કહાડેલી કલ્પનાને થોડું થોડું ઉત્તેજન મળવા લાગ્યું છે. એટલામાંજ તેમણે ઓગણીસસેં પાંત્રીસ નવી કલ્પના અને શોધ કરીને યુનાઇટેડ સ્ટેટસની સરકાર પાસે તે બદલ પોતાનો હક્ક નોંધાવ્યો છે. એ કલ્પના કંઈ નાની સુની નથી, પણ જેમાં તે કાઢનાર સ્ત્રીઓના ગહનશાસ્ત્રીય વિષયનું જ્ઞાન સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. દાખલો કે:—શને ૧૮૪૫માં એક બાઇએ **અંતર્જલ દરદર્શક** યંત્ર શોધી કહાડયું. તેવીજ રીતે એકે સમુદ્રમાં પ્રવાસ કરનારા લોકો સારૂ **પ્રાણ** રક્ષક કવચ અને પ્રાણ રક્ષક ત્રાપા બનાવ્યા. વળી એકે **બાષ્પોત્પાદક** યંત્ર નિર્માણ કર્યું. બીજી એકે આગગાડીના વરાળ યંત્રમાં સુધારો કર્યો. એકે શેહેરમાં ચાલતી આગગાડીનો અવાજ આછો થાય એવી તદબીર કહાડી. બીજી એકે પાણીની રેલ આવીને

ખેતરો ન તણાઇ જાય એવી યુક્તિ કરી. વળી એકે અપ્રવર્તક વિજળીનો છેડો (Non-inductive electric cable) બનાવ્યો. વહાણ ઉપર ધાન્ય ચઢાવનારૂં યંત્ર, કણુસલામાંથી દાણા અને ગોતર જૂદું કરવાનું યંત્ર, કાપણી કરવાનું યંત્ર ઇત્યાદિ ઘણા ઉપયોગી યંત્રો સ્ત્રીઓએ બનાવ્યાં છે; એ ઉપરથી સ્ત્રીઓમાં કલ્પના શકતી નથી એમ કહી શકાતું નથી.

ચીનમાં અને હિંદુસ્તાનમાં કોઈ કોઇ ઠેકાણે સ્ત્રીઓ ખારવાનું કામ કરે છે તે ઘણાના જાણવામાં હશે. યુનાઇટેડ સ્ટેટસમાં સાધારણ સ્ત્રીઓમાં વહાણ ચલાવવાનું કામ કરવાનો ચાલ નથી તથાપિ આગળ જતાં અહીંની સ્ત્રીઓ એ ધંધો કરવા માંડશે એમ જણાય છે. હડસન અને મિસિસિપી નામની મોટી નદીઓ ઉપર ચાલનારી જે પુષ્કળ આગબોટો છે, તે માંહેલી કેટલીક ઉપર નૌકાશાસ્ત્ર જાણનારી સ્ત્રીઓ નૌકાનાયક (કૅપટન) છે, અને તે શાસ્ત્રીય રીતે ઘણી કાબેલીયતથી પોતાનું કામ ચલાવે છે. હવે સ્ત્રીઓ નથી કરતી એવા ધંધા યુનાઇટેડ સ્ટેટસમાં ઘણા મળી આવશે નહીં. આ ચાળીસ વરસમાં જૂદા જૂદા ધંધા કરવાની છુટ મળી ત્યારથી તેમનો ધંધો રોજગાર વધતો ચાલ્યો છે. હાલમાં એ દેશમાં જેટલા ખેડુત છે તેમાં સેંકડે સાત બઇરાં જાતે પોતાની ખેતી કરનારા છે. શિલ્પકળા ઉપર નિર્વાહ કરનારા લોકોમાં સેંકડે સોળ સ્ત્રીઓ છે. છ લાખ કરતાં વધારે સ્ત્રીઓ શિલ્પકળા ઉપર પોતાનો ગુજારો કરે છે.

એ વગર સ્વતંત્ર વ્યાપાર કરનારાં અને દુકાનદારની ગુમાસ્તી કરનાર બાઇઓ સાઠ હજાર ઉપર છે. તાર યંત્રનું કામ કરનારી, આગ ગાડીની ટિકિટો વેચનારી અને ટપાલખાતામાં કામ કરનારી હજારો બાઇઓ છે અને લોકોના ઘરમાં રાંધવા સીંધવાનું તથા ઘર કામ કરીને રહેનારી સ્ત્રીઓની સંખ્યા તેર લાખ સાઠ હજાર જેટલી છે.

સ્ત્રીઓના કાયદાસર હક્ક.

યુનાઇટેડ સ્ટેટસમાં સર્વ વાતનો એટલો સુધારો થએલો છે, તોપણ કાયદાએ સ્ત્રીઓને ઘણોજ થોડો હક આપેલો છે; એ જોઇને સર્વેદાશ્ચર્ય લાગે છે. યુનાઇટેડ સ્ટેટસના સામાજિક નિયમો ઘણા ખરા બધાજ પ્રાચીન ઈંગ્લીસ કાયદાને અનુસરીને થએલા છે. મોઝાનાનિયમ અને રોમન કાયદા એ ઈંગ્રેજી કાયદાનો પાયો છે. એ વાત ધ્યાનમાં આવી એટલે હાલના અમેરિકન કાયદામાં સ્ત્રીઓને એટલી હલકી કેમ મનાય છે તેનો ખુલાશો થાય છે. પશ્ચિમ પ્રાંત માંહેલા નવાં સંસ્થાનમાં સ્ત્રીઓ વાસ્તે કરેલા કાયદામાં ઘણો ફેરફાર થએલો છે. તે સંસ્થાન માંહેલા પરણેલા પુરૂષો પોતાની ધણીઆણી જોડે જે (પોતાના) રહેતો હોય છે તે ઘર તેનું નથી, પણ તેની ધણીઆણીનું છે એવું કાયદામાં ઠરાવેલું છે. પણ પૂર્વ બાજુના બધાં સંસ્થાનોમાં બઇરાંને ધણી મુવા પછી તેના ઘરમાં ચાળીસ દિવસ કરતાં વધારે દહાડા ભાડું આપ્યા વગર રહેવાની પરવાનગી નથી

મેઈન પ્રાંતમાં દયાળુ વિદ્વાન પુરૂષોએ દુઃખસાગરમાં ડુબેલી વિધવાની દયા લાવીને તેને તેનું દહાડા વગર ભાડે પોતાના મરનાર ધણીના ઘરમાં રહેવાની વ્યવસ્થા કરી છે! હમણાં કેટલાંક સંસ્થાનમાં પરણેલા બાઈરાંઓએ જાતે મેળવેલી માલ મત્તાનો મરજી પ્રમાણે ઉપયોગ કરવાનો હક્ક મળ્યો છે. તેમણે ઘરમાં રહી લોકોના કપડાં સીવી, ચિત્રો કહાડી વગેરેથી પૈસા પેદા કર્યા તો તે ઉપર તેનો હક્ક હોતો નથી. પણ ઘરની બહાર મજુરી કરીને મેળવેલા પૈસા માત્ર તેના એમ કાયદો કહે છે. કેટલાએક સંસ્થાનમાં બાપ અથવા ભાઈએ આપેલી સ્થાવર જંગમ માલમતા ઉપર અને ધણી મુવા પછી તેની જંગમ મિલકતનો ત્રીજા ભાગ ઉપર પરણેલી બઇરીનો પૂર્ણ હક્ક છે. પણ ઘણા સંસ્થાનોમાં તો તેને બાપે આપેલા અથવા જાતે પેદા કરેલા માલ ઉપર તેનો હક્ક નથી અને ધણીની માલમ-તા ઉપરે તેને મુદલે હિસ્સો મળતો નથી.

ન્યુયાર્ક અને બીજાં ઘણાં સંસ્થાનમાં તો પોતાના નાના છોકરાં ઉપરે હક્ક હોતો નથી. બાપે જીવતાં કે મરતી વેળાએ ઇચ્છાપત્રક (વીલ) કરીને પોતાના છોકરાં પોતાની મરજીમાં આવે તેને સોંપી દીધાં હોય તેને શિક્ષા થતી નથી. પોતાની ધણીઆણીની મરજી વિરૂદ્ધ તેનાં પેટનાં છોકરાં લોકોને આપી દેવાનો અધિકાર ધણીને છે. તે ગાંડો હોય અને તેણે પોતાનું ઇચ્છાપત્રક કર્યું ન હોય તોજ માત્ર મા પોતાના નાના છોકર પોતાની પાસે રાખી શકે છે. પ્રતિષ્ઠિતપણે કાયદાસર રીતે પરણેલાં

ઓ પુરૂષના છોકરાંને કાયદો તેના બાપના છોકરાં કહે છે, માનો તેના ઉપર લગારે હક્ક નથી. અવિવાહિત અને કસબણનાંજ છોકરાં માત્ર તેની માનાં ગણાય છે. એ ત્રણ વરસ પહેલા એક આબરૂદાર બાઇના નિર્દય ધણીએ તેનાં કુમળાં બાળકોને તેણીની ઇચ્છા વિરૂદ્ધ લોકોને આપી દેવાનો પ્રયત્ન કર્યો; ત્યારે તેણે પોતાના છોકરાં પોતાની પાસે રહેવા દેવા સારૂ નાચારીએ માન આબરૂને એક બાજુએ મૂકીને, સરકારી ઇન્સાફની કચેરીમાં " એ છોકરાં મારા પરણેલા ધણીનાં નથી." એવા ખોટા કસમ ખાધા. ત્યારે તે છોકરાં તેને મળ્યાં. સભ્ય ગણાતા દેશના કાયદા બઇરાંની લાજ શરમ, માતૃપ્રીતિ અને ઇશ્વરે આપેલા નસર્ગિક-ની કેવી પાયમાલી કરે છે તે જુવો! એવા કાયદા કરનાર પુરૂષો માણસ રૂપી રાક્ષસતો નહીં હોય; પણ "ते के न जानीमहे" એ વર્ગ માંહેલા હશે એમ લાગે છે. કયાન્સસ્, ન્યૂજર્સી અને આગ્રેવા આ ત્રણ સંસ્થાનોમાં માત્ર મા પોતાનો હક્ક છોકરાં ઉપર કરી શકે છે.

કેટલાએક વરસ પેહેલાં માસચૂસેટસ તથા બીજા સંસ્થાનોમાં બઇરાંની લાસો તેના ધણીની લાસની જોડે દાટવાનો હક બઇરાંઓને નહોતો. હવે એ કાયદો બદલાયો છે. સ્ત્રીઓનાં લગ્ન થતાંની સાથેજ તે ધણીની બંદી થાય છે. ધર્માચાર્યની આગળ "અમે અમારા ધણીની આજ્ઞા માનીશું" એવી પ્રતિજ્ઞા કરે છે. તેમના બાપે કે ભાઇએ તેમને આપેલી સ્થાવર જંગમ માલમેત્તા, તેના શરીર ઉપરના દરદાગીના વગેરે તમામ તેના ધણીના

હાથમાં જાય છે. § કેટલાંએક વરસ ઉપર તો બઈરીએ પેહેરે-લાં લૂગડાં ઉપરે તેનો હક્ક નહોતો, પણ હાલમાં કાયદાએ ધણીને પોતાની ધણીઆણીનો પોષાક વગેરે વેચવાની કે ધરેણે મૂકવાની મનાઈ કરી છે.

વિવાહ અને લગ્ન સંબંધ તોડવાનો કાયદો યુનાઈટેડ સ્ટેટસના જૂદા જૂદા સંસ્થાનોમાં જૂદા જૂદા પ્રકારનો છે. એને લીધે સામાજિક વ્યવસ્થામાં ઘણી ગરબડ થાય છે. આ દેશના સજ્જનોએ, વિશેષે કરીને સ્ત્રીઓની મદ્યનિષેધક સભાએ તથા તે પક્ષના સમર્થકોએ વિવાહ સંબંધી કાયદો આખા દેશમાં એક જ પ્રકારનો, ન્યાયને અનુસરતો હોવો જોઇએ, તેને વાસ્તે ઘણી મેહેનત ચલાવેલી છે.

---

§ અમેરિકન લોક સમાજમાં તેની પ્રાચીન જંગલી સ્થિતિ નિશાનીઓ હજી સિલક રહેલી છે. તેમાં વિવાહિત સ્ત્રીની ઘણીજ પરતંત્રતા એ શ્રેષ્ઠછે, એમ કહીશું તો ચાલશે. અમેરિક-ન પુરૂષો આપણા દેશના પુરૂષો જેવાજ નિર્લજ છે. તે કહે છે કે, "અમે આખો દિવસ કામ કરી મરીમથીને સંસાર ચલાવી-એ છીએ અને અમારાં બઇરાં ખાઇપી જાય છે" મરદો દરરો-જ આઠ દશ અને ઘણું થયું તો બાર કલાક કામ કરે છે, પણ બઈરાંને પુરૂષોની સેવા ચાકરી, છોકરાંની સંભાળ, ઘરકામ વગેરે કરવામાં દરરોજ સોળ સત્તર કલાક વગર જંપે કામ કરવું પડે છે. મોલ મજુરી, ખેતી અને બીજા ધંધા કરનારા

યુનાઇટેડ સ્ટેટસના જાનપદ વગેરેને પોતાના જેવી યોગ્યતાના બારપંચોથી ઇન્સાફ મેળવવાનો ધારો છે. તથાપિ સ્ત્રીઓને તેની સમાન યોગ્યતાની સજાતિય પંચ પાસે ઇનસાફ મેળવવાનો હક્ક નથી. પુરૂષ–પછી તે બઇરિાં કરતાં સો ઘણો મૂર્ખ, દુર્વ્યસની, અથવા ગમે તેવો હોય–રાષ્ટ્રીય અને સંસ્થાનિક કાયદા કરવામાં પુરૂષોનું મત લીધા વગર કાયદા કરનારી મંડળીથી સું કંચાં કરી શકાતું નથી. પણ સ્ત્રી ગમે તેટલી વિદ્વાન બુદ્ધિમાન, વિચારવંત અને નીતિવાન હોય, તોય તેને રાષ્ટ્રીય અને સંસ્થાનિક રાજ્ય વ્યવસ્થા બાબત પોતાનો મત આપવાનો અધિકાર નથી. વાસ્તે કાયદાની નજરે જોતાં પુરૂષો સ્ત્રીઓ કરતાં ઘણા ઉત્તમ છે; માટે તેમણે પંચની જગાએ બેસીને બઇરાંના

પુરૂષોનાં બઇરાં ઘરકામ તથા છોકરાં છૈયાની સંભાળ લઇને પોતાના ધણીની સાથે કામ કરીને વળી જૂદા જૂદા ધંધા કરવામાં પુરૂષને મદદ કરે છે તે જૂદીજ. એમ છતાં એ કુટુંબના ઉત્પન્ન ઉપર બૈરાંનો હક્ક નથી, તેને એક બે પૈસા ખરચવા જોઇએ તો ધણીના કાલાવાલા કરી, તેના સેંકડો પ્રશ્નોના સમાધાન પૂર્વક ઉત્તર આપીને તેની પાસે ભીખ માંગી લેવી પડે છે. પણ જો તેને આપવાની ના કહી તો તેનાથી કાયદા પૂર્વક અને લોક સમાજ આગળ પોતે શ્રમ કરીને સંપાદન કરેલા માલ ઉપર પોતાનો હક્ક જણાવી શકાતો નથી એટલુંજ નહીં પણ ઉલટો તેનો ધણી તેના ઉપર પોતે કેટલો ઉપકાર કરે છે તે કહી દેખાડે છે અને લોક સમાજ (પુરૂષ સમાજ) કહે છે કે,

કજીઆની તપાસ કર્યાથી, તે ઇનસાફ ફરીઆદી બાઇની યોગ્યતાના પંચે કરેલા ફેસલા જેવો થતો નથી. હાલમાં એક વાયોમિંગ ઉપસંસ્થાન સિવાય યુનાઇટેડ સ્ટેટસના બીજા કોઈ પણ ભાગમાં સર્વસાધારણ અમેરિકન જાનપદને મળનારો મોટો હક્ક બઇરાંને તે બાઈ માણુસ છે, એટલાજ કારણથી મળતો નથી. તોપણ અહીંના ઉદ્યોગી બઇરાં પોતાને રાજ્યકીય હક્ક મળે તે સારૂ પ્રયત્ન કરે છે; અને તેમનો. તે પ્રયત્ન કાળક્રમે કરીને સફળ પણ થશે, એવાં સુચિન્હો જણાઇ આવે છે.

સંહત* પ્રયત્ન, રાષ્ટ્રીય સમાજ.

યુનાઇટેડ સ્ટેટસના પ્રજાસત્તાક રાષ્ટ્રની સ્થાપના થઈ ત્યારે બેંજામિન્ ફ્રાંકલિને આ દેશના મુખ્ય શિક્કા ઉપર "એપ્લુરિ-

---

પુરૂપ ઘણો પરિશ્રરમ કરી પૈસા કમાઇને બઇરીને ખોરાકી પોષાકી પુરી પાડે છે! આહહા! મરદોનો બઇરાં કેટલો ઉપકાર માને છે! બઇરી ઘરમાં ન હોય તો તે જેટલું કામ કરે છે તેટલું કામ કરવાને નિદાન ત્રણચાર ચાકર તો રાખવા પડે; તેને પગાર આપવો પડે; ચાકરો કંઇ ધણીનું ફોગટ ખાતા નથી. માલિકો તેમના ઉપર ઉપકાર કરે છે એમ કહી શકાતું નથી, પણ ઘરની બઇરી દશ ચાકર જેટલું કામ કરે તોય ધણી તેને ખવરાવે છે એ તેના ઉપર ઉપકારજ છે!

* પુષ્કળ માણસો એકઠાં મળીને એક ચિત્તથી કરેલો પ્રયત્ન. સંહત–જોડાયલું, સંયુકત.

યુસ્ ઉનુમ્" એટલે "ઘણા મળીને એક" એ વાક્ય લખવાની સૂચના કરી. હમણા આપણે યુનાઇટેડ સ્ટેટસના જે ભાગમાં જઈએ ત્યાં ઉપલું વાક્ય રાષ્ટ્રીય શિક્કા ઉપર લખેલું આપણી નજરે પડે છે. એટલુંજ નહીં; પણ આ દેશના લોકની કૃતિમાં પગલે પગલે એ વાક્ય આપણા દીઠામાં, સાંભળવામાં અને અનુભવમાં આવે છે. યુનાઈટેડ સ્ટેટસના રાષ્ટ્રનું બળ તોપખાનામાં, શિલેખાનામાં અથવા અગણિત લશ્કરમાં નથી. પણ આ દેશની પ્રજાની વિદ્વતામાં અને ઉપલા વાક્ય પ્રમાણે "ઘણા મળીને એક" એ સત્યમાં છે. સ્ત્રીઓ અભણ અને સાધારણ લૌકીકાનુભવ શૂન્ય હતી, ત્યારે તેમને ઉપલા સત્યની ખબર નહોતી. તેથી તેમના હાથથી લોકોના હિતનાં મહત્કાર્યો બની આવતાં નહોતાં. તેઓ જેમ જેમ વિદ્યાસંપન્ન અને બહુ દર્શી થવા લાગી, તેમ તેમ એ સનાતન સત્ય તેમના અંતઃકરણમાં ઉદય પામીને દહાડે દહાડે તે વધારે પ્રકાશવા લાગ્યું.

પોતાની ચઢતી કળાને માટે આખી પૃથ્વીમાં પ્રસિદ્ધ થયેલા યુનાઇટેડ સ્ટેટસમાં પચાસ વરસ ઉપર એક પણ મહત્વની સ્ત્રીસભા નહોતી. તેણીઓ પોતપોતાના ઘરમાં બેશીને અથવા કોઇ પડોશણને ઘેર ચોકમાં કે ઓટલે એકઠી થઇને ગપ્પો મારતી કે દેવળના, ધર્મગુરૂના કે ગરીબ ગુરબાની મદદ સારૂ શીવણ કામ કરતી હતી. એથી વધારે મહત્વનું કામ સ્ત્રીઓ કરી શકશે એવું કોઇના ખ્યાલમાંએ નહોતું આવ્યું. પુરૂષોને

તો શું પણ સ્ત્રીઓને એ સ્ત્રી જાતિની યોગ્યતા શક્તિ અને બુદ્ધિમતા કેટલી છે; તે મુદ્દલેજ માહિત નહોતું. પંચાસ વરસ ઉપર ઈંગ્લાંડમાં સાધારણ વિદ્યાની ઉન્નતિ થવા સારૂ "બ્લુ-સ્ટાકિંગસ્ ક્લબ" નામની વિદ્યોત્સાહી સ્ત્રીઓની મંડળી સ્થાપન થઇ; ત્યારે તેમનો ઉદ્દેશ સાંભળીને આખી દુનિયાને હસવું આવ્યું. "બ્લુસ્ટાકિંગસ્ ક્લબ" એ વાક્ય સર્વત્ર ઉપહાસ રૂપ થઇ પડયું. આબરૂદાર ગણાતી સ્ત્રીઓને સભાનું નામ અને સભામાં જઇને વિદ્યોન્નતિની વાત કરે છે; એ સાંભળીને મહા માઠું લાગતું હતું સ્ત્રીઓએ સભામાં જવું અને સભામાં બોલવું એ ઘણું દુષ્કર્મ છે એમ સર્વને લાગતું હતું. પણ આ પ્રકાશીત સૈકાના તેજ આગળ ઉપલી સમાજનો અંધકાર ઘણા દિવસ ટક્યો નહીં. પેલી ફ્રાન્સેસ વિલર્ડ (એને અમેરિકન સરસ્વતી કહીએ તો ચાલે) બાઇએ એક ઠેકાણે કહ્યું છે કે, "આ અદ્ભુ સ્તુત્ય ઓગણીસમાં સતકમાં પુષ્કળ અદ્ભૂત (શાસ્ત્રીય) શોધ કરવામાં આવ્યા; તથાપિ તે સઘળામાં સ્ત્રીઓને સ્વતઃનો શોધ લાગ્યો તે ઘણો ચમતકારિક છે." અમેરિકન સ્ત્રીઓએ ગયા ચાલીસ વરસમાં નાના મોટા જથા બંધાઇને પોતાના, સમાજના અને દેશના હિત વાસ્તે જે સંહત પ્રયત્ન કર્યો તેની હકીગતનું વિવેચન કરતાં ઉપલી વાતનું પ્રત્યંતર થાય છે. ઇ. સ. ૧૮૪૯ માં લુક્રેશિયામાટ, ઇલિઝાબેથ, કે. ડી. સ્ટાંટન ઇત્યાદિ પાંચદશ હિંમતવાન, ઉન્નતિશીલ અને વિદ્વાન સ્ત્રીઓએ પ્રથમ એક મહત્વનો સ્ત્રીસમાજ સ્થાપિને સ્ત્રીઓને પુરૂષની બરાબરીનું

વિદ્યાધ્યન, રોજગાર ધંધો વગેરે કરવાનો તથા રાજ્યકીય હક્ક મેળવવાનો પ્રયત્ન ચલાવ્યો. તે દહાડાથી અમેરિકન સ્ત્રીઓનો સંહત પ્રયત્ન આરંભાયો એમ કહીશું તો ચાલશે. એ પછી ઇ. સ. ૧૮૬૯ સુધીમાં એકાદ બીજો સ્ત્રી સમાજ સ્થપાયો હશે પણ તેને એકાદ મહત્વનું કૃત્ય કરીને રાષ્ટ્રીય સમાજનું રૂપ ધારણ કર્યાનું સાંભળવામાં આવ્યું નથી. ઇ. સ. ૧૮૫૮નાં સાલ સુધી માત્ર યુનાઇટેડ સ્ટેટસમાંજ નહીં પણ આખી પૃથ્વીમાં કોઈ પણ ઠેકાણે "સ્ત્રીઓનો રાષ્ટ્રીય સમાજ" અસ્તિત્વમાં આવ્યો નહોતો. એ મિતી સુધી સ્ત્રીઓથી રાષ્ટ્રીય સમાજ સ્થાપન્ન થઇ, તેમાં સરળતાથી સઘળાં કામો ચલાવી શકાશે, એવી કલ્પના પણ કોઇના મનમાં આવી નહોતી. ઇ. સ. ૧૮૬૦માં યુનાઇટેડ સ્ટેટસમાં મોટી લડાઇ ઉડવાનાં ચિન્હો દેખાવા લાગ્યાં. હબશી લોકોની ગુલામગિરી બાબત દક્ષિણ અને ઉત્તર તરફના સંસ્થાનના લોકો વચ્ચે તકરાર ઉત્પન્ન થઇ, તેને લીધે બંને ભાગમાં વૈરાગ્નિ ધુમાવા લાગ્યો ને ઈ. સ. ૧૮૬૦-૬૧માં દક્ષિણ સંસ્થાનના રહેવાશીઓએ પોતાના દેશબંધુ ઉત્તર તરફના લોકોપાસે લડાઇ માંગી. ત્યારથી ઇ. સ. ૧૮૬૫ સુધી બંને ભાગો વચ્ચે લડાઇ રૂપી અગ્નિનો ભડકો ઉડયો, તેને લીધે અમેરિકન કુટુંબોમાં સર્વત્ર એક એકજ હાહાકાર વર્તાઇ ગયો. આ જાદવાસ્થળીથી પ્રથમ દુઃખદારિદ્રતા રૂપી હલાહલ વિષ ઉત્પન્ન થયું ખરૂં, પણ તેની પછી તરતજ અમૃત અને ચિંતામણી સરખાં ચમત્કારિક અને તેજઃપુંજ બે મહા રત્ન ઉત્પન્ન થયાં.

પ્રેસિડંટ લિંકને ઉ-તર સંસ્થાનના આગેવાન થઇને આફ્રિકન ગુલામગિરીને પ્રાણાંતશિક્ષાનો દંડ આપી દક્ષિણ તરફના લોકોનું બંડ તોડવા સારૂ સશકત યુદ્ધક્ષમ અમેરિકન પુરૂષોને સ્વેચ્છક સેનામાં દાખલ કરી, પોતાના દેશની લાજ રાખવાને બોલાવ્યા, ત્યારે ઊ-તર તરફના તે લોકો લડાઇને માટે બીલકૂલ તૈયાર નહોતા. પ્રેસિડંટ લિંકનના તેડાંને માન આપી સૂરા ઔદીચ્ય (ઉ-તર તરફના) પુરૂપ લડાઇના મેદાન તરફ ચાલતા થયા. ત્યારે તેઓને પેહેરવા સારૂ એક રંગી યુદ્ધોપયોગી વસ્ત્રો (સુરવાળ, બદન અને મોજાં વગેરે) નહોતાં તે અને યુદ્ધપયોગી બીજો સામાન પુરો પાડનારી મંડળીએ નહોતી. લડાઈ શરૂ થઇ, ત્યારે સૈનિકોને પહેરવાને લૂગડાં જોઇએ, એવું સાંભળતાંજ ઉ-તર તરફના સંસ્થાન માંહેલા ઘણા ખરા સઘળાંજ ગામોનાં બૈરાં ભજનાલયમાં ભેળાં થઇ, લૂગડાં શીવવા લાગ્યાં. તેમણે પ્રથમ ત્રણ મહિના સુધી પોતાના લશ્કરી સિપાઇઓને જોયતાં વસ્ત્રોનો ભરગાળો કરી આપ્યો. એ પ્રસંગે ઘણાએ એકઠાં મળી કામ કરવાથી કેવું રૂપ આવે છે; તેનાથી સમાજને અને દેશને કેટલો ફાયદો થાય છે, તે સ્ત્રીઓની જાણમાં આવ્યું.

ત્યારપછી કેટલીકવારે એ લડાઇએ મોટું રૂપ પકડીને જ્યાં ત્યાં લડાઇજ લડાઇ થઇ રહી. ત્યારે ઉ-તરના સંસ્થાનોમાં એક "ક્રિશ્ચિયન મિશન" મંડળી સ્થાપવામાં આવી. લડાઇમાં રોકાયલા સિપાઇઓને ધર્મોપદેશ કરીને, મરણ સમયે તેમના જીવને મુકતી માર્ગે લગાડવા સાર કટલાએક ધર્મોપદેશકો મોકલી

ને યોદ્ધાઓને પરલોક સુખ પ્રાપ્તીમાં મદદ કરવાનો આ મંડળી-નો હેતુ હતો. એ મંડળીને ખરચ કરવા જોયતા પૈસા એકઠા કરવાનું કામ બઇરાંઓને માથે પડયું. અને મંડળીના અધ્યક્ષ ઉપાધ્યક્ષ વગેરે પદવીઓ પુરૂષોએ લીધી. બઇરાંઓએ નાના પ્રકારનાં કબાડ કષ્ટ કરીને કરોડો રૂપીઆ ભેળા કરી મંડળીને ચર્ણે અર્પણ કર્યાં, તે લઇને આ ધાર્મિક મંડળીએ યોદ્ધાઓને ધર્મોપદેશ કરવા માટે સેંકડો ઉપદેશકોને યુધ્ધ સ્થળે મોકલી દીધા; મંડળીનો ઉદ્દેશ ઘણો સ્તુત્ય હતો, એમાં સંશય નથી. તથાપિ લડાઇના મેદાનમાં જખમી થયેલા, ભુખ તરસથી વ્યાકૂળ થઇ અંતઃકાળની વેદના ભોગવતા સિપાઇઓને ધર્મોપદેશ સાંભળવામાં મીઠાશ શી લાગે? પણ તેમના જીવને પરલોકીક કરવાને ગયેલા ધર્માચાર્યને યોધ્ધાઓના ક્ષણભંગુર દેહની યાતના કમી કરી તેમના ઐહિક હિત કરવાનું જ્ઞાન નહોતું. આપણો હાથ કે પગ જખમી થઇ દરદ થતું હોય ત્યારે આસપાસ માવજત થવાની જરૂર વેળાએ ધર્મોપદેશ કરનાર ભટજી મહારાજનો બબડાટ આપણાથી ખમાશે નહીં, તેવીજ રીતે લડાઇમાં જખમી થયેલા યોધ્ધાઓને ખ્રિસ્તી ભટોનો લવારો કેમ રૂચી શકે? તો-પણ એમાં મોટી ભૂલ થઈ એમ કહી શકાતું નથી. એ વાત ધ્યાનમાં આવીને ભૂખ, તરસ અને જખમથી વ્યાકુળ સિપાઈ-ઓને માવજત થવા સારૂ એક સ્વતંત્ર મંડળી સ્થાપવાની જરૂર છે; અને તે મંડળીએ લડાઇના મેદાનમાં જખમી થએલા માણસોની સેવા ચાકરી કરવા સારૂ સ્ત્રીઓને મોકલવી એમ

ઘણાં સ્ત્રી પુરૂષોને લાગવાથી, તેમણે "સેનીટરી કમિશન નામની મંડળી સ્થાપન કરી.

આ મંડળી ઉભી થઈ અને તેની શરૂઆત કરીને પાર પાડવાનું મહત્કાર્ય કંઇ આશ્ચર્યકારકજ હતું, પણ તેને પીઠબળ આપીને અવલથી અંત સુધી તેમાં જોઇતી દરેક સામગ્રીનો સંગ્રહ કરીને, તેની વ્યવસ્થા રાખનારી અમેરિકન સ્ત્રીઓનું પરાક્રમ જોઇને તો આખી દુનિયા છકજ થઈ ગઇ. એ મંડળીએ સેંકડો નહીં પણ હજારો સ્ત્રી પુરૂષો જખમી થએલા સિપાઇઓની બાવજત કરવા સારૂ લડાઇની જગાએ મોકલ્યાં, પોતાના લશ્કરના અને દુશમન તરફનાએ કેટલાએક અનાથ લાચાર જખમી સિપાઇઓને વખતો વખત ખવરાવવા પીવરાવવાની યોગ્ય વ્યવસ્થા કરીને લડાઇના મેદાનોમાંજ દવાખાનાં સ્થાપન કર્યાં; મુવેલા સિપાઇઓની લાસો દટાવી, અસહાય ગરીબ માણુસોનેએ યોગ્ય મદદ કરી. એવાં એક બે નહીં પણ સેંકડો કામો કરવા સારૂ તે મંડળીને અગણિત પૈસા અને બીજો સામાન જોઇતો હતો તે કયાંથી લાવવો? સરકારી ખજાનામાં તો પૈસા નહોતા, અને આ મંડળીનો મહાભારત ખરચ ચલાવવા જોગા પૈસા કોઈ એકના હાથમાંએ નહોતા અને હોય તોપણ તેટલા એકદમ આપવાની ઉદારતા કોઇમાં નહોતી. એવી વેળાએ સદરહુ મંડળીની કામ કરનારી પેટા મંડળી માંહેલી આગેવાન સ્ત્રીઓને પૈસા એકઠા કરવાની એક સારી યુક્તિ સુજી આવી. મેરી એ૦ લિવરમોર અને બીજી એક બે બાઇઓએ મળીને એ યુક્તિ ઉપયોગમ

આણવાનો વિચાર કર્યો અને ઇલિનોઇસ તથા બીજા સંસ્થાનો માંહેલા પુષ્કળ લોકોને વિનંતી પત્રો મોકલીને પોતાનો ઉદ્દેશ અને તે પાર પાડવાને શા ઉપાય કરવાના તે જણાવ્યું. થોડા વખતમાં ઉત્તર સંસ્થાનના સઘળા વર્ત્તમાનપત્રોમાં એવી વાત પ્રસિદ્ધ થઇ કે, ચિકાગો શેહેરમાં કેટલીક ઉદ્યોગી બાઇઓ એકઠી થઇને એક જાત્રાનું બજાર ભરવાની છે. પરઉપકારી લોકોએ મોકલેલા પદાર્થો ભારી કિંમતે વેચીને તેમાંથી પેદા કરેલા પૈસા આ બાઇઓ "સેનીટરી કમીશન"ના ખરચ સારૂ આપશે, જે પરોપકારી સ્ત્રી પુરૂષોને આ સત્કૃત્યમાં મદદ કરવાની ઇચ્છા હોય તેમણે ચિકાગો શેહેરમાં અમુક બાઇને સરનામે પોતાની પાસે હોય તેવી ઉપયોગી જણસો મોકલવી.

આ જાત્રાનાં ઉત્પાદક બઇરાંએ એવું અનુમાન કર્યું હતુ કે આપણે એ કામ સરળતાથી પાર પાડીશું તો એ જાત્રાના બજારમાંથી થોડામાં થોડા પચીસ હજાર ડાલર જેટલો નફો થશે. એ સાંભળીને વિદ્વાન ગૃહસ્થો અને વ-ર્તમાનપત્રવાળાઓ હસ્યા અને બોલ્યા કે, એ પચીસ હજાર ડાલર મેળવવાની અક્કલ તો આઘી રહી, પણ તેમણે આ જાત્રાનો બજાર આરંભ્યો છે તેથી તેઓની મશ્કરી ન થાય એટલેજ બસ. કોઇ અતિ તિરસ્કાર સૂચક ચેહેરાથી હસીને બોલ્યા, અમુક દિવસે ચિકાગોમાં બટાટા-ની હુંડી પાકવાની છે, પણ તે શૂરી અને ઉદ્યોગી બાઇઓએ લોકોની મશ્કરી અને નિંદા તરફ બિલકુલ ધ્યાન આપ્યું નહીં. તેમણે પોતાને ઠેકાણે થયો તેટલો પ્રયત્ન રાત દીવસ કરીને પોતા-

નો ધારેલો ઉદ્દેશ પાર પાડવાને કામે લાગ્યાં. ઇલિનોઇસનાં અને બીજા પુષ્કળ સંસ્થાનોનાં બઇરાંઓએ શીવેલાં લુગડાં, ચમત્કારિક પદાર્થો, તરેહ તરેહના મુરબ્બા, અથાણાં, અને પકવાન ઇત્યાદી જીનસો ચિકાગો શેહેરમાં મોકલી દીધી. પછી ઠરાવેલે દિવસે એ જાત્રાનો બજાર ઉઘડ્યો. ચિકાગો શેહેરની આસપાસ રહેનારા કેટલાએક શિષ્ટ ખેડુતોએ આ પરોપકારી બાઇઓનો ઉપહાસ કરનારાઓના મોઢામાં શાકર નાંખવાને કે શું તે તો કોણ જાણે-પણ પોતાની છાબડીમાં ભાજીપાલો, ફળફુલ અને બટાટા વગેરે પદાર્થો ભરીને મોટા ઠાઠથી જાત્રાના બજારમાં આણી મુકયાં. બુદ્ધિમાન વ્યવસ્થાપક સ્ત્રીઓએ તે બજારની વ્યવસ્થા ઘણીજ ઉત્તમ રાખી. હજારો જોનારાઓમી ટોળીઓ ત્રિવિધ આશય મનમાં ધારીને એ જાત્રામાં ગઇ, પણ ત્યાં જતાંજ બજારની સુવ્યવસ્થા, તેના ઉત્પાદકોનું સભ્યપણું વગેરે જોઇ સાનંદાશ્ચર્ય પામીને કોઇને કોઇ પદાર્થ વેચાતા લઇને ઘેર ગયા. અ-જાત્રાના બજારની સમાપ્તિ થયા પછી લોકસમાજને માલમ પડયુ કે આ જાત્રા ભરવાનો સર્વ ખરચ કહાડતાં તે વેચાયલા પદાર્થથી જે ઉત્પન્ન થયું, તે સદરહુ બજારના ઉત્પાદકોએ કરેલા અનુમાન કરતાં પાંચ ઘણું વધારે હતું, એ બજારમાંથી "સેનિટરી કમિશન" મંડળીની ઉદ્યોગી બાઇઓએ આસરે સવાલાખ ડાલર એટલે સરાંસરી પોણાચાર લાખ રૂપિઆ નફો કરીને તે પૈસા કમિશનના ઉપયોગ સારૂ મોકલી દીધા. એ પછી એ કમીશનની

મદદમાં ઘણે ઠેકાણે એવાં બજારો ભરવામાં આવ્યાં. ન્યુયાર્ક અને ફિલાડેલ્ફિયામાં છેલ્લાં એવાં બે બજારો ભરાયાં હતાં, તેમાં પેહલામાં દશ લાખ ડાલર એટલે ત્રીસ લાખ રૂપિયા અને બીજામાં બાર લાખ ડાલર એટલે છત્રીસ લાખ રૂપિયા નફો થયો હતો. બાઈડીઓએજ આ બજારની કલ્પના કહાડી, તેમણેજ શરૂઆતથી આખર સુધી તેની વ્યવસ્થા કરી; તેમાં વેચેલા પદાર્થ નાના મોટા ઘણાખરા બધાજ હજારો અને લાખો બાઈડીઓએજ તૈયાર કરીને મોકલ્યા. એ બાઈડીઓની કામ કરવાની લાયકાત, વ્યવસ્થાપણું, આ રાજપ્રકરણી બુદ્ધિ, દૂરદષ્ટિ અને દીર્ઘ પ્રયત્ન જોઇ આપણામાં જે એ સર્વ ગુણ છે એવું માનીને અભિમાન કરીને—બાઇડીઓમાં વ્યવહારિક અને લૌકિક કામો કરવાની અક્કલ નથી, એવું બડબડ કરનારા પુરૂષોએ પોતાના આંગળાં મોઢામાં ઘાલ્યાં અને બાઈડીઓની ખરી યોગ્યતા ઓળખનારા સજ્જનોએ તેમને સાબાશી આપી.

"સેનિટરી કમિશન" એ મંડળી એક પ્રકારની રાષ્ટ્રીય ઉપકારી મંડળી હતી; તેમાં પ્રથમ બાઈડીઓએ નાના મોટા હોદ્દા ઉપર રહીને પુરૂષોની બરાબરી કામ કરવાનો પ્રસંગ મળ્યો. આ મંડળીની મદદ વાસ્તે ભરેલા જાત્રા બજારથી જે અગણિત ફાયદા થયા અને મોટાં કામોની શરૂઆત થઇ ને પાર ઉતર્યાં તેથી ઘણાએ થોડું થોડું કામ કરીને એક વિચારથી સરળતાએ વ્યવસ્થાથી કામ કરતાં કેવા મોટા મોટા ઉદ્દેશો પાર પાડી શ-

કાય છે તે સત્ય સ્ત્રીઓને સારી રીતે માલમ પડયું. ‡ અને સ્ત્રીઓને વિદ્યા, સ્વતંત્રતા અને કામ કરવાની છુટ મળે તો તેના હાથથી કેવાં કામો પાર પડે છે તે જગતને જણાઇ આવ્યું. ઈંગ્લાંડની પ્રસિદ્ધ પરોપકારી મિસ ફલોરેન્સ નાઇટિંગેલ નામની બાઇએ ઇંગ્રેજી રીવાજનો હોઝળપડદો એક બાજુએ મૂકીને ક્રિમિઆની લડાઇમાં જઇ જખમી થયલા સિપાઇઓની સેવા ચાકરી કરી, યુદ્ધસ્થળે રોગીઓની સુવ્યવસ્થા રાખી દુનીઆની સર્વ દયાળુ બાઇઓને ઉત્તમ દાખલો દેખડાવ્યો. અમેરિકન બાઇઓએ નાઇટિંગેલનો દાખલો કેવી ઉત્તમ રીતે પકડયો તે ઇ૦ સ૦ ૧૮૬૦થી ૧૮૬૬ સુધીનાં પાંચ છ વરસનો અમેરિકન ઈતિહાસ વાંચ્યાથી સારી રીતે જાણ્યામાં આવશે. યુનાઇટેડ સ્ટેટસની ગુલામગિરીની લડાઇનો આરંભ થયો ત્યારથી તે પુરી થઇ ત્યાં સુધી ઉત્તર સંસ્થાનની સ્ત્રીઓએ પોતાના ઘરોની સંભાળ રાખતાં મરદોના ધંધા રોજગાર અને બીજાં કામો કરીને સાથે "ક્રિશ્ચિયન" અને "સેનિટરી"ની પરોપકારી સભાઓને ઉપયોગના અસંખ્ય પદાર્થો અને કરોડો રૂપીયા એકઠા કરીને આણી આપ્યા એટલુંજ નહીં; પણ સેંકડો અને હજારો પરોપકારી સ્ત્રીઓ રણુસ્થળે જઇને

‡ ગુજરાતનાં સ્ત્રી પુરૂષોને એ સત્ય અગાડી માલમ હતુ અને તે કોઈ ન્યાતીલાને ઘેર પ્રસંગોપાત જમણુવારમાં જણાઈ આવતું હતું તેનેજ જો આવે રસ્તે કોઇ દોરવનાર હોય તો ગુજરાતમાંએ એવાં કામ થઈ શકે એમ છે અને તેથી આ દેશમાં કહેવત ચાલે છે કે "ઝાઝા હાથ રળીઆમણા."

થાકયા, ભૂખ્યા, જખમી થએલા અને મરણોન્મુખ થએલા સિપાંઇઓની સંભાળ કરીને રાત દહાડો તેની સેવામાં હાજર રહી તેમણે ખરે બપોરે અથવા મધરાતે વેળા, કવેળા, તરસ, ભૂખ શરીર સુખ વગેરે સર્વ વાતો એક બાજુએ મુકીને તુંબળયુદ્ધ ચાલી રહ્યું હોય ત્યારે અને બીજી વેળાએ જ્યાં કોઇને કંઈ મદદ આપવાની જરૂર હોય ત્યા જાતે જઇને વખતસર સર્વને મદદ કરી. સેંકડો કરોડપતિ સ્ત્રીઓએ સુખસંપત્તીનું સ્થળ પોતાનું ઘર છોડીને લડવા ગએલા પોતાના દેશ બાંધવોનાં દુઃખ સમન કરવા સારૂ વનવાસ માથે હોરી લીધો, અને ત્યાં પોતાનો જીવ જોખમમાં નાખીને નાના પ્રકારનાં સત્કૃત્યો કરવામાં શરીર સંપન્તિ, સ્થાવર જંગમ માલમ-તા અને પોતાના અમૂલ્ય પ્રાણ પણ ખરચી નાખ્યા. ધન્ય છે આ સાધવી પરોપકારી માડીઓને !

ઈ૦ સ૦ ૧૮૬૫થી આજ સુધીમાં યુનાઇટેડ સ્ટેટસમાં ઘણા સ્ત્રી સમાજો સ્થાપિત થયા અને થાય છે. માત્ર યુનાઇટેડ સ્ટેટસ મધ્યેજ નહીં, પણ ઇગ્લાંડ, ફ્રાન્સ, જર્મની, ફિનલોડ, નાર્વે, ઇટાલી ઇત્યાદિ દેશોમાં સ્ત્રીઓના સ્થાનિક અને રાષ્ટ્રીય સમાજ સ્થાપન થયા છે. તેમના હેતુ પણ ઘણા પ્રકારના છે. એ સ્ત્રીઓના રાષ્ટ્રીય સમાજો ઉત્પન્ન થવાનું કારણ શું એમ પુછશો તો યુનાઇટેડ સ્ટેટસની માંહોમાંહેની લડાઈ વેળાએ સેનિટરી કમીશન વગેરે મંડળીઓ મારફતે જણાયલી બઈરાંઓની કામ કરવાની શક્તિ દુનિયાની નજરે પડી અને બઇરાંઓને આપણી ચોગ્યતા અને શક્તિ કેટલી છે, ઘણાએ મળીને એક વિચારે કામ

કરવાથી કેવાં મહાભારત કામો થઇ શકે છે તે જણાઇ આવવાનું છે ત્યારે સ્ત્રીઓએ આ નવાં લાગેલા શાસ્ત્રીય શોધનો સારો ઉપયોગ કરવાની શરૂઆત કરી. આ વીસપચીસ વરસમાં ઓછામાં ઓછી ત્રીસ ચાળીસ સ્ત્રીઓની રાષ્ટ્રીય સમાજ સ્થાપન થઈ ને તેમાંનાં કામોં ઉત્તમ અને સારા બંદોબસ્તથી ચાલ્યા કરે છે. અમેરિકાની માંહોમાંહેની લડાઇ સમાપ્ત થઇ સેનિટરી કમીશન વિસરજન થયા પછી યુનાઇટેડ સ્ટેટસમાં સેંકડો અને હજારો સ્ત્રીઓની નાની મોટી સભાઓ ઉભી થઇ. પચાસ વરસ ઉપર જે શબ્દનો ઉચ્ચાર કરવો શરમભરેલું ગણાતું, તે આજ સર્વત્ર સાધારણ થઇ પડયો છે. હાલમાં હજાર બારસે રહેવાસી જેમા વસે છે એવા ગામમાં પણ સ્ત્રીઓની એક બે સભા નહીં હોય એવું ગામ કવચિતજ મળી આવશે. નહાના ગામમાં અને મોટા શેહેરમાં જ્યાં જઇએ ત્યાં સ્ત્રીઓની "વિદ્યોત્તેજક" "પરસ્પર સુધારક" "ગરીબોની સહાયકારક" "મદ્યપાન નિષેધક" "નીતિ પ્રસારક" "મિત્રત્વ વર્ધક" "અનાથ રક્ષક" "બાળરક્ષક" "કેદીઓ ઉપર દયા લાવનાર" "પતિત બૈરાંનો ઉદ્ધાર કરનાર" "સંગીતોત્તેજક" "પરોપકારી" "ધર્મ સંરક્ષણી" "ક્રૌર્ય નિવારક" "શિક્ષણ સુધારક" "પ્રવાસિ મિત્ર" "કામ કરનાર બૈરાંની દેખરેખ રાખનારી" "બાળશિક્ષણ સુધારક" "રાજકિય હક્ક માગનારી" "સામાજિક ઉન્નતિ કરનારી" "સ્ત્રીઓની ઉન્નતિ કરનારી" "ધર્મ પ્રસાર કરનારી" "નિર્દોષાનંદ વર્ધક" એવી એક બે નહીં પણ સેંકડો નિરનિરાળી તરેહની સ્ત્રી સભાઓ મન વાચા અને કર્મથી સત્કર્મો

કરીને સમાજની અને દેશની ઉન્નતિ કરવાના કામમાં તત્પર છે. પચાસ વરસ ઉપર બૈરાં અજ્ઞાની હોવાથી સંહત પ્રયત્નની યોગ્યતા કેટલી છે તે ન જાણવાથી પોતપોતાને ઠેકાણે મનમાં આવે તેવી રીતે અલાયદી રહીને ધર્મ, પરોપકાર ઇત્યાદી કાર્ય કરતી હતી, તેથીજ તેમના હાથથી કોઈ મોટું કામ બન્યું નથી. હવે અજ્ઞાનનું રાજ જઇને, જ્ઞાનનો મનવંતર થરૂ થયો છે. ઘણાએ એકઠાં મળીને એકબીજાની સલાહ લઇને એક વિચારથી સંહત પ્રયત્ન કરવાથી ઘણા મોટા ફાયદા થાય છે તે બઇરાંઓએ જાણ્યું છે. હવે બઇરાંઓ યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય ઉન્નતિના સત્કૃત્યમાં પુરૂષોની સરખી ભાગીદાર થાય છે. સ્થળ સંકોચને લીધે મારાથી અત્રે ઘણી સ્ત્રી સભાનું વર્ણન થઇ શકતું નથી, તોપણ તેમાંની કેટલીએકનું સ્વરૂપ અને તેણે કરેલાં મોટાં મોટાં કૃત્યનો સંક્ષેપે વિચાર કરીએ. ‡

---

‡ આ ઠેકાણે જે સંક્ષેપ વૃત્તાંત કહ્યો છે તે સઘળી સભા, સ્વતંત્ર અને જુદા જુદા ઉદ્દેશથી સ્થાપેલી છે, તોપણ તેનો એકબીજા સાથે એટલો નિકટ સંબંધ છે કે એક સભાએ હાથમાં પકડેલું એકાદું મહત્વનું કામ પાર પાડવાને બીજી સ્ત્રી સભાએ હસ્તે પરહસ્તે મદદ ન કરી હોય એવો દાખલો મળવો કઠણ છે. એને લીધે અમુક એક સત્કૃત કરવાનો પૂર્ણ જશ અમુકનેજ મળે એમ નિશ્ચયથી કહી શકાતું નથી. અમેરિકન સ્ત્રી સભા એકાદ કામ કરવાનો બધો જશ આપણે ન મળ્યો વાસ્તે બીજી સભા-

કોઈ પણ દેશમાં જઇને જુવો તો સ્ત્રીઓજ ધર્મની અને નીતિની રખેવાળ હોય છે એવું દીઠામાં આવે છે. પવિત્ર ધાર્મિક આચરણ, ધર્મદાન, ઈશ્વરભક્તિ, ધર્મ રક્ષણને માટે સર્વ ત્યાગ કરવું, વગેરે કરીને સર્વ દેશ માંહેલી અને સર્વ જાતી માંહેલી સ્ત્રીઓ સ્વધર્મનું રક્ષણ કરે છે. આણીમેર ચાળીસ વરસમાં ખ્રિસ્તી ધર્મી દેશો માંહેલાં બાઇરાંઓનો એ અમુલિક ગુણ ઉઘાડો થયો છે, તેમને સ્વવિવેકાનુસાર સ્વતંત્રપણે ધર્મકૃત્ય કરવાની તક મળવાથી દુનિયાનું ઘણું હિત થાય છે. આસરે પચીસ વરસ ઉપર આ દેશમાં સ્ત્રીઓની મિશનરી (ધર્મ પ્રસારક) મંડળી પ્રથમ સ્થાપન થઇ. હવે ઘણાખરા સઘળા ખ્રિસ્તી પંથના લોકોમાં બાઇરાંની ધર્મ પ્રસારક મંડળીઓ સ્થપાયલી છે તે બધી મંડળીઓની મળીને આસરે પંદર લાખ બાઇઓ તે મંડળીઓની સભાસદો છે. દર વરસે વીસ લાખ ડાલર (૬૦ લાખ રૂપિઆ) કરતાં વધારે વર્ગણી આપીને પોતાના પ્રતિનીધીની અને અધ્યક્ષની મારફતે ધર્મ પ્રસારમાં અને નિરાશ્રિતને મદદ કરવામાં તે પૈસાનો ઉપયોગ કરે છે. એ બધી સ્ત્રીઓની મિશન મંડળીઓ દર

ઓની અદેખાઈ કરતી નથી એટલુંજ નહીં; પણ તે સર્વદા એકમેકને સહાય કરવાને તૈયાર હોઈ એકબીજાની ફતેહ બદલ અને કૃતાર્થ માટે પરમાનંદ પામે છે એ તેમને શોભા આપનારૂં છે.

આ ઉત્તમ દાખલો આપણા દેશના સભાચાલકોએ ગ્રહણ કરવા જોગ છે.

ભા. ક.

વરસે ધર્મોપદેશ ઉપર વર્ત્તમાનપત્રો અને માસિક પુસ્તકોની સવાલાખ કરતાં વધારે પ્રતો છાપીને સર્વત્ર લોકોને વાંચવા આપે છે. એ સિવાય કોટયાવધિ નાના નાના ધર્મોપદેશ ઉપર પત્રકો છાપીને ચારેમેર વેહેંચે છે. એ મંડળી માંહેની સ્ત્રીઓ વરસમાં પાંચ લાખ સભા ભરીને તેમાં ધર્મ ઉપર ભાષણો કરે છે, નિબંધો વાંચે છે અને નામિચા વક્તા અને વિદ્વાનો પાસે ભાષણો અપાવે છે. ઉપલી મંડળીના અને સભાનાં સઘળાં કામો બઈરાંજ કરે છે. તેમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, ચીટનીસ, વ્યવસ્થાપક, વક્તા, ઉપદેશક, ખજાનચી, વર્ત્તમાનપત્ર કરતી, માસિક પુસ્તકો ચલાવતી ઇત્યાદિ સઘળા હોદ્દા બઈરાં ચલાવીને તેમાંનું સર્વ કામ તેઓજ કરે છે. તેઓ માત્ર પોતેજ ધર્મ કૃત્ય કરીને બેશી રહેતી નથી, પણ પોતાના નાના છોકરા અને છોકરીઓને બાળપણથી આ ધર્મ પ્રસારાર્થે ઉદ્યોગ કરનારી સભામાં તેડી જઈને તથા ઘણી વેળાએ છોકરાંઓ માટેજ છોકરાંઓની સભા ભરીને તેમને ધર્મ કૃત્યો અને પરોપકાર કરવાની અભિરૂચી લગાડે છે. તેની જોડે પુષ્કળ જણો એકઠા મળીને એક વિચારે કંઈ કરવાથી તે કામને કેટલું બળ આવે છે, અને એકબીજા સાથે સ્નેહથી વર્તીને એકબીજાનું સન્માન રાખવાથી આપણને કેટલું સુખ થાય છે, તેની છાપ છોકરાંનાં કુમળાં અને નિર્મળ મન ઉપર સારી રીતે બેશે છે. સ્ત્રીઓની મિશનરી મંડળીનું વર્ણન કરતાં એક પરમ પ્રતિષ્ઠીત અમેરિકન વિદુષીએ એવું કહી દેખડાવ્યું કે,—

"પચીસ વરસ ઉપર આપણી દેશી સ્ત્રીએ સભામાં ભા-

પણ કરવું, નિબંધ વાંચવા, સભાધ્યક્ષના પદ ઉપર બેસવું, ધર્મોપદેશ કરવો, વર્તમાન પત્રો ચલાવવાં ઇત્યાદિ કામો કરવા કરતાં ચંદ્રલોકની મુસાફરી કરી આવવાનું તેમને વધારે સેહેલું લાગત."

આ સ્ત્રીઓની પ્રચંડ ધર્મ પ્રસારક સમાજો અસ્તિત્વમાં આવી ત્યારથી તેમને હળવે હળવે પોતાની યોગ્યતા અને શક્તિ કેટલી છે તે વધારે વધારે સમજવા લાગ્યું છે. પેહેલાં બીજા દેશોમાં ધર્મ પ્રસાર કરવા સારૂ માત્ર પુરૂષ ઉપદેશકોજ મિશન મંડળીના દૂત બનીને જતા હતા, તે જો પરણેલો હોય તો માત્ર તેની બઈરી પોતાના ધણી જોડે જઈ શકતી હતી. પણ તેને ધર્મોપદેશ કરવાની પરવાનગી અને ફુરસદ નહોતાં, તે વખતે બઈરીથી શુદ્ધ ધર્મોપદેશ થઈ શકે નહીં એમ સર્વ માનતાં હતા. તો પછી તેઓને એકલ ડોકલ દૂર દેશમાં જઈને ધર્મ પ્રસાર કરવાની વાત તો આઘીજ રહી. હાલમાં મથાળા હરકતા ખ્રિસ્તી મંડળમાં જોકે સ્ત્રીઓને ધર્માચાર્યની દીક્ષા આપતા નથી, તોય તેમાંની સેંકડો અવિવાહિત અને વિધવા ભણેલી ધાર્મિક બાઈઓ એકલ ડોકલ પણ જઈને સ્વદેશમાં અને પરદેશમાં હજારો ગાઉ ઉપર ત્યાંની ગરીબ અને શ્રીમંત સ્ત્રીઓ અસત્ય અને અજ્ઞાનની જાળમાંથી છોડવવાના સત્કૃત્યમાં એક નિષ્ઠાથી તત્પર હોય છે. તેમની દેશ સ્ત્રીઓની ધર્મપ્રસાર મંડળી ઓ આ ધર્મપ્રસારક બાઈઓનો ખરચ ચલાવે છે. તેણે સ્થાપેલા છોકરા અને છોકરીઓની નિશાળોનો ખરચ ચલાવીને તેની

સંભાળ કરે છે અને તેને જોયતી સર્વ પ્રકારની સામગ્રી અને મદદ મોકલે છે.

સ્ત્રીઓના ટોળાં.

એવી રીતે ધર્મપ્રસારને સારૂ સ્ત્રીઓના સમાજ સ્થાપન થવા લાગ્યા પછી, કેટલીએક વિદુષી દૂરદર્શી બાઇઓને સ્ત્રીઓનાં, "ટોળાં" ઉભાં કરવાની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થઇ. સભા અને ટોળાં ઘણું કરીને એકજ પ્રકારનાં છે, તથાપિ તે એમાં એક મહત્વનો ભેદ છે. સમાજ અથવા સભા એટલે કોઇપણ એક મુખ્ય ઉદ્દેશથી સ્થાપેલી મંડળી; તે ઉદ્દેશ પાર પાડવાનું જેમને પરવડતું હોય એવા એક વિચારની વ્યકતીથી તે મંડળીમાં સભાસદ થઇ શકાય છે. "ટોળું બાંધવામાં એવો એકજ ઉદ્દેશ હોતો નથી. નિરનિરાળા પ્રકારનાં તરેહવાર મતના લોકનો સમાવેશ તે ટોળામાં થઇ, એકજ ટોળાથી ઘણા પ્રકારના કાર્ય થઈ શકે છે. તેમાંના સભાસદોનાં મત અને વિચાર કરવાની રીતી નિરાળી હોવાથી ટોળામાં જે વાતોની ચર્ચા થાય છે, એક બાબતમાં ઘણાનાં ઘણા મતો સાંભળીને દરેક સભાસદને બહુદર્શન પ્રાપ્ત થાય છે, સ્ત્રીઓને એ જાતનું બહુદર્શન મળવું જરૂરનું છે, એવું જાણીને કેટલીએક ઉદ્યોગી અમેરિકન બાઇઓએ વીસ વરસ ઉપર "સરોસિસ્" નામનું પહેલું વહેલું સ્ત્રીઓનું એક ટોળું સ્થાપન કર્યું. "સરોસીસ" શબ્દ હેલ્લેણી (ગ્રીક) ભાષાનો છે,

અને તેનો અર્થ સમુદાય અથવા પુષ્કળનું એકઠાપણું (સંભુમેળા) એવો થાય છે. એ ટોળું સ્થાપન થયું ત્યારે ઘણા જણા ધારતા હતા કે એ શા કામનું ? સ્ત્રીઓની મિશનરી સભા છે તો પછી એ શા કામનું ? એ સમુદાયે દાખલો લેવા જોગ બીજું ટોળું અગાડી એકે નહોતું. "સરોસીસ"ના ઉત્પાદકોએ આ ટોળાનો અમુક એકજ હેતુ છે એવું કોઇને ખુલ્લી રીતે કહ્યું નહીં, તો પણ તેમના મનમાં આ ટોળાના હાથથી એક મહત્કાર્ય કરાવવાનું હતું. તે વખતે સ્ત્રીઓને પુરૂષોના જેવું વ્યવહાર જ્ઞાન નહોતું, અને પુષ્કળ જૂદા જૂદા વિચારના બઇરાંઓનું એક બીજા સાથે આવજા ન હોવાથી તેણીઓ પોતપોતાના ઠેકાણે બેશીને કુવાના દેડકાની પેઠે ટુંકી બુદ્ધિના, દુરાગ્રહી, અને દોષ શોધી કહાડીને લોક ઉપર ટીકા કરવામાં તત્પર હતાં. બહુ સમાગમ બહુ વિધ મતનું જ્ઞાન થવાથી આ અજ્ઞાન મુલક દુરાગ્રહથી નાશ પામીને બઇરાં એક વિચારે ચાલી સેહેલથી ઘણાં પ્રકારનાં સત્યકૃત્યો કરી શકશે, એ સત્ય સરોસિસના સ્થાપકોને માહિત હતું, સરોસિસની સ્થાપના થયા પછી ટોળાથી ઉત્પન્ન થનારા ઘણા ફાયદા સર્વની નજરમાં આવ્યા. સરોસિસે ઝટ જ્ઞાન વર્ધક, મૈત્રી વર્ધક, પરોપકાર વર્ધક, અનાથ રક્ષણી ઇત્યાદિ તરેહવાર પ્રકારનું જંગી વિશ્વરૂપ ધારણ કર્યું, એ ટોળાએ ન્યૂયાર્ક શેહેરમાંનાં, અનાથ તજી દીધેલાં છોકરાંની અવસ્થાની તથા તેમનાં સ્થાપેલા અનાથ ગૃહની સ્થિતિની તપાસ કરીને તે બાબતની હકીગત લખીને પ્રસિદ્ધ કરી. એજ ટોળાએ

એ અનાથ ગૃહનો સુધારો કરીને બીજાં બે નવાં અનાથ બાળ રક્ષકગૃહસ્થાન કરવાનું શ્રેય લીધું. તેણેજ ન્યુયાર્ક શેહેરના કારખાના વગેરેમાં કામ કરવા રહેલાં બઇરાંઓની સ્થિતિનો તપાસ કરીને કોઇ પણ કારખાનાના માલિક પોતાની ચાકરડીઓને કેવી રીતે વર્તાવે છે અને તે કામ કરનાર બાઇઓની હાલતમાં શા શા સુધારા કરવા જોઇએ, તે લોક સમાજને જાહેર કર્યું તેથી તે ચાકરી કરનારી બાઇઓનું ઘણું કલ્યાણ થયું. એજ ટોળાએ પ્રથમ ન્યુયાર્ક યુનિવરસીટીના અને કલંબીયા વિદ્યાલયના ચાલકોને અરજી મોકલીને, તે વિદ્યાલયમાં સ્ત્રીઓને પણ મરદોની પેઠે અધ્યન કરવાની પરવાનગી મળે એવી વિનંતી કરી. એ ટોળાએ જે શેંકડો મહત્વના અને લોકહિતનાં કામો કર્યાં, તેનું વર્ણન સ્થળ સંકોચને લીધે અહીં થઇ શકતું નથી. "સરોસિસ" ટોળામાં ધર્મમત, રાજકારણી વાતો અને સ્ત્રીઓના રાજપ્રકરણી હક્ક એ ત્રણ વાતની ચર્ચા કરવાની મનાઇ છે. કારણ કે એ ટોળું સઘળા પ્રકારની સભ્ય સ્ત્રીઓને જ્ઞાન આપવાના તથા પરોપકાર કરવાના હેતુથી સ્થાપવામાં આવેલી છે, તેથી ધર્મ પ્રકરણની વગેરે ભાષણ કરતાં તે ટોળાના સદસ્યમાં એક બીજા જોડે વિરોધ ન પડે, વાસ્તે એવી વ્યવસ્થા કરેલી છે. પણ સરોસિસના સદસ્યને ઉપર કહેલી ત્રણ બાબતમાં મિઠાસ લાગતી નથી એમ કોઇએ સમજવું નહીં. "ન્યુ ઈંગ્લાંડ વુમન્સ કલબ" "ન્યુ સેંચુરી કલબ" વગેરે પુષ્કળ ટોળાં સરોસિની દિકરીઓ છે. તેમાં તે વિષયોની ચર્ચા થાય છે. એટલુંજ

નહીં; પણ તેને સર્વ મતની સ્ત્રીઓને પોતાના સમાજમાં બો- લાવીને નિઃસ્પૃહપણે ભાષણ કરીને પોતાના વિચારો પરસ્પર જણાવીને કોઇનો કોઇ જોડે વિતુષ્ટ ન આણતાં ઉન્નતિશીલ મતોનો સર્વત્ર પ્રસાર કરવાનું મહાવ્રત લીધેલું છે.

આ સભા અને ટોળાં કેવળ પુરૂષની કૃતિનું અનુકરણ છે, એવું કોઈ કોઇ ગામડિયાં કહે છે. પણ મેં યુનાઇટેડ સ્ટેટસમાં જોયલા કેટલાએક સ્ત્રી સમાજ સાથે અને ટોળાં સાથે પુરૂષોનો લગારે સંબંધ નથી. બાઇરાઓની ધર્મ પ્રાસરક, મદ્યનિષેધક, સભા અને ટોળાની ઉત્પત્તિ, સ્થિતિ અને વૃદ્ધિ સ્ત્રીઓના હાથથીજ થઈ છે અને થાય છે. પુરૂષોના ટોળા તેટલાં માત્ર રાજ પ્રકરણી વિષયોની ચર્ચા કરનારાં, શુષ્ક વાતોનું વિવેચન કરનારા કે અગરપાટા ‡ નહી તો ગેડી દડાની * રમત રમીને કે એવાજ ઉપાયથી મનરંજન કરવાના હેતુથી સ્થાપેલાં હોયછે. પરોપકાર; વિદ્યોન્નતિ, અનાથ રક્ષણ, પરદુઃખ પરિહાર વગેરે વગેરે કરવા તરફ તેમનું વધારે વલણ હોતું નથી. આ પુરૂષો- ના ટોળામાં સભ્ય સ્ત્રીઓનો પ્રવેશ ન હોવાથી, તેમાં મદ્યપાન, અશિષ્ટ રીતના ભાષણ ઇત્યાદિ અપાયકારક વ્યસનોનો સુકાળ હોય છે. એવું મેં ઘણાને મોઢે સાંભળ્યું છે, એ ખરૂં હોય તો સ્ત્રીઓના ટોળામાં પુરૂષોના ટોળાના અનુકરણનો લેશ માત્ર નથી એમ કહેવાને મને ઘણો સંતોષ અને અભિમાન લાગે છે.

‡ લાંટેનિસની રમત. * ક્રિકેટની રમત.

સરોસિસની સ્થાપના થયા પછી તરત વળી એક ઘણાજ મહત્વના પ્રસિદ્ધ ટોળાની સ્થાપના થઈ. તેનું નામ "વુમન્સ કાંગ્રેસ" છે. એ ટોળું સ્ત્રીઓની વિદ્યા વૃદ્ધિને સારૂ ઘણો શ્રમ લે છે.; તેથી તેને "સ્ત્રીઓની ઉન્નતિ સારૂ સ્થાપેલો સમુદાય પણ કહે છે. યુનાઈટેડ સ્ટેટસ માંહેલી અનેક ઠેકાણાની ઉત્તમ વિદુષી, વિચારવંત, અનુભવી અને વિદ્યોત્સાહી સ્ત્રીઓ આ ટોળાની સભાસદ છે. ઘણી જગા ઉપર આ ટોળાની વ્યવસ્થાપક મંડળીઓ સ્થપાયલી છે અને તે દરવરસે એકવાર ઠરાવેલે ઠેકાણે એ સમુદાય એકઠા મળે છે. તે વેળાએ વિદ્વાન સન્નારીઓ જૂદા જૂદા રાજપ્રકરણી, સામાજિક સુધારો, લોકસ્થિતિ, વિદ્યા કળા, શાસ્ત્રીય વિષય, કાવ્ય, ઇતિહાસ ઈત્યાદિ ગહન વિષયો ઉપર પ્રૌઢ અને વિચાર પૂર્વક નિબંધો લખી આણેલા હોય છે, તે વાંચે છે અને ભાષણો કરે છે. તેમાંના સભાસદોની વિદ્વતા, પ્રતિષ્ટિતપણું અને મહત્વતાને લીધે યુનાઇટેડ સ્ટેટસમાં તે ટોળાનો મોટો મોભો છે. "ન્યુ ઇંગ્લાંડ વુમન્સ કલબ" નામની વળી એક પ્રખ્યાત બાઇરાંઓની ટોળી બૉસ્ટન શેહેરમાં છે. તેનો ઉદ્દેશ પણ "વુમન્સ કાંગ્રેસ" ની પેઠે વિદ્યા વૃદ્ધિ કરવાનો છે. એ વિદ્યાવર્ધક ટોળી માત્ર પુસ્તકી વિદ્યાનો પ્રસાર કરતી નથી; તે સ્થાપન થયાની સાથેજ તેના સભાસદોએ, સ્ત્રી જાતમાં આજે શી શી વાતની ખોટ છે. તે દૂર કરવાના શા શા ઉપાય કરવા જોઇએ, એ બાબત પરસ્પરના વિચાર લઇને વ્યવહારિક કામો કરવાનો અને શીખવાનો નિશ્ચય કર્યો. વ્યવહાર

જ્ઞાન, અને સભાની તથા સમાજની વ્યવસ્થા પદ્ધતિ શીખીને તેનો ઉપયોગ તેણીઓએ સ્વદેશમાં નિરનિરળા કામમાં રોકાયલી સ્ત્રીઓની સ્થિતિ સુધારવામાં અને તેમનું દુઃખ દૂર કરવાના કામમાં કર્યો છે અને કરે છે. ફિલાડેલ્ફિયા શેહેરમાંહેલી "ન્યુ સેંચુરી ક્લબ" નામની સ્ત્રીઓની ટોળી ઉન્નતિ શીલતા અને પરિહારકતાના અમોલિક ગુણ ઉપરથી ઘણી પ્રખ્યાતિમાં આવી છે. આ ટોળીના પ્રયત્નથી એક "વર્કિંગ વુમન્સ ગિલ્ડ" નામની મંડળી સ્થાપન થઇ છે. જૂદા જૂદા રોજગાર ધંધા કરનારી સાતસેથી વધારે બઇરાંઓ એ ટોળીના સભાસદ છે. કારખાનામાં, દુકાનોમાં વગેરે ઠેકાણે કામ ધંધો કરીને પોતાનું ગુજરાન ચલાવનારાં બઇરાંજ આ મંડળીમાં સભાસદ થઇ શકે છે, મંડળીના સભા ગૃહમાં દરરોજ સાંજે એક બે કલાક જૂદા જૂદા વિષયોની કેળવણી આપવામાં આવે છે. રોજ ૭ કે સાત વર્ગોમાં સેંકડો સ્ત્રીઓને પોતાને જોઇએ તે વિષય શીખવાની સવડ કરેલી હોય છે. પાક ક્રિયા, સિવણ કામ, ભરતકામ, વણવું અને વ્યાપાર શીખવાની હોંસ થોડી ઘણી સર્વ સ્ત્રીઓમાં હોય છે. પણ આ મંડળીના સભાસદોના મોટા ભાગને જેની વધારે મિઠાસ લાગે છે, તે વિષય એ તો કાવ્ય, ઇતિહાસ અને ભાષા છે. એ મંડળીમાં એક વિશેષ વર્ગ છે, તેને "શ્રવણ મનન વર્ગ" કહે છે, તે વર્ગ માંહેલાં બઇરાં તત્વજ્ઞાન ઇત્યાદિ સર્વ ગહન વિષયોનું શ્રવણ અને મનન કરીને તેની વ્યવસ્થા કરે છે. ત્યારે વિદ્વાન સાંભળનારને તેમની ગહન વિચાર કરવાની શક્તિ

અને ઝીણી બુદ્ધિ જોઇને આશ્ચર્ય લાગે છે. "ન્યુ સેંચ્યુરી ક્લબ" જેવી ઉપોગી ઉપકારી સ્ત્રીની ટાળીએ આવી જાતની મંડળી સ્થાપવાનું મન ઉપર લીધું તેથીજ મહેનત મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવનારી સ્ત્રીઓને વિદ્યા, સત્સમાગમ, અને અગવડને વંખતે આશ્રા મેળવવાની સવડ થઇ છે. અમણા "ન્યુ સેંચુરી ક્લબ"નું ઉદ્દારણ જોઇને બીજે ઘણે ઠેકાણેની આબરૂદાર કેળવાયલી સ્ત્રીઓએ કામ કરનારી સ્ત્રીઓની ઉન્નતિ સારૂ, અને અનાથ, અંજાણી જુવાન સ્ત્રીઓના કલ્યાણ અને નિતિ રક્ષણ સારૂ "વાર્કિંગ વુમન્સ ગિલ્ડ" જેવી પુષ્કળ મંડળીઓ સ્થાપેલી છે. તેને કામ કરનારી સ્ત્રીઓનું અને લોક સમાજનું કેટલું ભલું થાય છે. એનું ઉદ્દાહરણ કોનાથી ન લેવાય એવું છે.

બોસ્ટન શેહેરમાં "વુમન્સ એજ્યુકેશનલ એન્ડ ઇંડસ્ટ્રિયલ યુનિયન" એટલે સ્ત્રીઓની વિદ્યા વર્ધક સમિતિ નામની એક સભા છે, કેળવાયલા, અનુભવી અને આબરૂદાર કુટુંબની સ્ત્રીઓ આ મંડળીની સભાસદ છે અને તેઓ વારાફરતી સભાગૃહમાં આવીને તેનું કામ તપાસે છે, હાલમાં એ મંડળીના ચાર ખાતાં છે, અને અગાડી જરૂર પડતાં વળી જોઇશું તેટલા ખાતા જોડી શકશે.

"પરોણાચાર ખાતું" એ ખાતાના બ્યવસ્થાપકો દર અઠવાડિએ એકાદ મિત્રમંડળીને આ સભાના સભાસદોને તથા તેનઃ હિતેચ્છુને પોતાના સભાગૃહમાં તેડીને તેમને માન આદરમાન સાથે પરોણા ચાકરી કરે છે. એ વેળાએ ત્યાં બધાનેજ

વગર તેડે ત્યાં જવાની છુટ છે. નિયમિત વ્યવસ્થાપક મંડળી સિવાય કેટલીક જાણકાર સભ્યસ્ત્રીઓ આ સભાની મદદ માંગવા આવનારી સ્ત્રીઓની અડચણ વગેરેની તપાસ કરીને સભાની શક્તિઅનુસાર તેને સાહાય કરે છે. ધંધા ખાતામાં ગરીબ અને ધંધો કરનારી બાઇઓએ બનાવેલા પદાર્થ લઈ તે સારી કિંમતે વેચીને તે પૈસા તેને આપવાની ગોઠવણ કરેલી છે. તેમાં સાતસે કરતાં વધારે સ્ત્રીઓ કંઇને કંઇ પદાર્થ જાતે તૈયાર કરીને આણી આપે છે. ગયે વરસે આ ખાતામાં આસરે ૨૬ હજાર ડાલર એટલે ઇકોતેર હજાર રૂપિયાની કિંમતનો માલ વેચવામાં આવ્યો હતો. "કામધંધાના" ખાતામાં ચાકરી કે મજુરી મેળવવાની ઇચ્છા રાખનારીને અથવા શિક્ષક પદ મેળવનારીઓને વાસ્તે યોગ્ય કામ શોધી કહાડીને તથા ચાકરીએ વળગાડવાની વ્યવસ્થા કરેલી હોય છે. એ ખાતામાં "નાસ્તાની જગા" નામે એક પેટાખાતું છે, તેમાંથી માફક દરે ખાવા પિવાના પદાર્થો ખરીદી શકાય છે. ચાકરડી, મજુરેણ ઇત્યાદિની પાસે કામ કરાવીને તેમને પૈસા ન આપનારા કેટલા જણાઓ ઉપર તેના "રક્ષક ખાતા" આગળ ફરીઆદ લઇ જવાથી તે ખાતું બઇરાંઓને ઇનસાફ અપાવે છે. એ સંમિતીનું રક્ષક ખાતું બૉસ્ટન શેહેરમાં સર્વત્ર પ્રસિદ્ધ છે એટલુંજ નહિ; પણ અન્યાયી લોકોને એ ખાતાનો ઘણો મોટો ધાક છે. વિદ્વાન અને પ્રખ્યાત પરોપકારી વકીલો આ ખાતાં તરફથી ન્યાયની અદાલતોમાં ગરીબ બઇરાંઓના મુકદમા મફત ચલાવે છે. કોઇ અન્યાયી માણુસ કામ કરાવીને પૈસા આપતો

નથી ત્યારે બૉસ્ટનના આ "રક્ષકખાતા" આગળ હું મારી ફરીઆદ કરીશ એટલું તે સાંભળતાજ પેલા લૂચ્ચા માણસના હાંજા ગગડી જઈ લાગલો ઠેકાણે આવે છે.

આ મંડળીના નમુના ઉપર સ્થાપેલી વળી પુષ્કળ મંડળી યુનાઇટેડ સ્ટેટસમાં સેંકડો ઠેકાણે છે. તેને "વુમન્સ એકસચેંઝ" કહે છે. તે સર્વ સ્ત્રીઓજ ચલાવે છે, અને સ્ત્રીઓએ કરી આણેલી વસ્તુ સારી કિંમતે વેચીને, ગરીબ, કામ કરીને ગુજરાન કરનારી અને નિરાશ્રિત બાઇઓને મદદ કરવાનો તેનો ઉદ્દેશ હોય છે. કોઈ કોઈ ઠેકાણે એવા એકસચેંઝને લગતુ એક આશ્રય હોય છે, તેમાં પરગામથી શેહેરમાં કામ કરવા સારુ આવેલા બઇરાં રહે છે. આ આશ્રમસ્થાન ઉપર તે ગામની સભ્ય વજનદાર સ્ત્રીઓની દેખરેખ હોય છે અને તેની વ્યવસ્થા સઘળી સ્ત્રીઓની મંડળીના હાથમાં હોય છે. એની તરફથી આ દેશમાંહેની રોજગાર ધંધો કરનારી સ્ત્રીઓને ઘણી મદદ મળે છે.

"યંગ વુમન્સ ક્રિશ્ચન એસોસિએશન" એટલે જુવાન સ્ત્રીઓની ખ્રિસ્તી મંડળી નામની એક ઉત્કૃષ્ટ પરોપકારી મંડળી એ દેશમાં છે. તેની શાખા ઘણુાખરાં સર્વ શેહેરોમાં છે અને તેમાં લાખો જુવાન સ્ત્રીઓ તેની સભાસદ છે. તરુણ સ્ત્રીઓમાં ખ્રિસ્તી ધર્મની ચર્ચા અને પ્રસાર કરવો, અજ્ઞાન સ્ત્રીઓને ધર્મોપદેશ કરીને સત્માર્ગે લગાડવી, તથા ધંધો કરીને નિર્વાહ કરનાર સ્ત્રીઓને સારે ઠેકાણે સાધારણ ભાડે રહેવાની જગા

મળે એવી તજવીજ કરવી; અને તેને કોઇ પણ પ્રકારનું ભાષાજ્ઞાન, શાસ્ત્રીયજ્ઞાન અથવા ઉદ્યોગ ધંધા વિષે વાકેફગારી મેળવવી હોય તેમણે વિદ્યા શિક્ષણનો બંદોબસ્ત કરી આપવો, એવા કેટલાએક ઘણા સ્તુત્ય અને મહત્વના ઉદ્દેશ સાધવા સારૂ આ સભા ઉભી થઇ છે, અને તે હેતુ રીતે પાર પડતાં જાય છે.

ઇ. સ. ૧૮૪૮માં ન્યુયાર્ક સંસ્થાન માંહેલા સેનેકાફાલ નામને ઠેકાણે કેટલીએક ઉદ્યોગી સ્ત્રીઓએ મળીને સ્ત્રીઓના રાજકારણી હક્ક સાંભળનારી એક મંડળી સ્થાપેલી હતી, એમ પાછળ કહેવામાં આવ્યું છે. સ્ત્રીઓના હક્કનું રક્ષણ કરવા સારૂ સ્થાપન થએલી એ પ્રકારની એજ પેહેલી મંડળી હતી. એનાજ અનુગ્રહથી તથા દાખલા લઇને બીજી સઘળી સભાઓ અસ્તિત્વમાં આવેલી છે. એની સ્થાપના થઇ તે વારે આખી દુનિયાએ તેના સ્થાપકોની વીટંબણા કરી. તેની ભણીથી બોલવા ગએલી સ્ત્રીઓને સભ્ય કહેવડાવનારા લોકે છાણનો માર માર્યો; ગાળો ભેળો દીધી. મસ્કરાં વર્તમાન પત્રોએ તેના અકાળ વિકાળ ચિત્રો કહાડીને દુનિયાંને હસાવી. સમાજના આગેવાનોએ અને લોકમત પ્રવર્તકોએ તેમને ધિક્કારિને હાંકી કહાડયાં; ધર્મોપદેશકોએ તેમને ધર્મબાહ્ય, પાંખડી, દુષ્ટ, ડાકેણો, સેતાનની માશીઓ દુ:શીળ ઈત્યાદિ પોતાની સભ્યતાને શોભનારી ગાળો ભેળોથી તે સ્ત્રીઓની સંભાવના કરી. પણ કાળ અને પ્રજામત એટલા પ્રતિકૂળ હતાં, તોય તે સ્ત્રીઓએ પોતાનો દૃઢ નિશ્ચય છોડયો નહી. પો

તાના જન્મનું સુખ અને તન મન ધન અર્પીને જેને માટે તેમણે આટલો સ્વાર્થ ત્યાગ કર્યો હતો તે સ્ત્રીઓની હરકતે કેટલાએક વેઠીને સ્ત્રી જાતિની ગુલામગિરીનો નાશ કરવાનો દીર્ઘ પ્રયત્ન ચલાવ્યો. હમણા એ મંડળીને રાષ્ટ્રીય સમાજનું રૂપ આવ્યું છે. તેની શાખાઓ આખા દેશમાં સેંકડો ઠેકાણે છે. તેનું મુખ્ય સ્થળ બૉસ્ટન શેહેરમાં છે. આ મંડળીની તરફથી ઘણે ઠેકાણે સત્પાહિક, પાક્ષિક અને માસિક પત્રો અને પુસ્તકો ચાલે છે. સ્ત્રીઓના રાજ પ્રકરણી હક્કની રાષ્ટ્રીય મંડળી તરફથી "વુમન્સ જર્નલ" નામનું એક પ્રસિદ્ધ સાપ્તાહિક પત્ર બોસ્ટન શેહેરમાં નીકળે છે. એ મંડળીનું અનુકરણ કરીને ઇંગ્લાંડ, કેનેડા, આસ્ત્રેલીઆ, ફ્રાન્સ, ડેન્માર્ક, ફિન્લાંડ ઇત્યાદિ દેશોની સ્ત્રીઓએ એવી મંડળીઓ સ્થાપી છે. યુનાઇટેડ સ્ટેટસની સ્ત્રીઓના હક્ક સંભાળનારી રાષ્ટ્રીય મંડળીના પ્રયત્ન દેશ માંહેલા સ્ત્રીઓ સંબંધી જુદા જુદા કાયદામાં ઘણા સુધાર અને ઉન્નતિ થાય છે. ક્યાનસાસ સંસ્થાનમાં સ્ત્રીઓને મ્યુનિસિપાલીટી સંબંધી સર્વ મહત્વના રાજકરણી હક્કો મળેલા છે. વાયોમિંગ નામના ઉપસંસ્થાનમાં સ્ત્રીઓને પુરૂષના જેટલા સર્વ રાજકરણી હક્કો મળ્યાની સાથે તેનું શું પરિણામ સર્વત્ર દીઠામાં આવે છે (ક્યાનડા, આસ્ત્રેલીયા માંહેનું ઇંગ્રેજી રાજ્ય અને ઇંગ્લાંડમાંએ કુમારી અને વિધવા સ્ત્રીઓને મ્યુનિસિપાલીટીના હક્ક મળ્યા છે) આ મંડળીનો પ્રયત્ન પુષ્કળ અંશે સફળ થવાની સાથે અગાડી થોડા વખતમાં તે પૂર્ણ રીતે ફળ-

દુપ થશે એવા સુચિન્હો' દેખાવા લાગ્યાં છે. ચાળીસ વરસ ઉપર સેનેકાફાલમાં સ્થપાયલી આ મહત્વની સ્ત્રી સભાએ બાઇરાં-ઓની ચઢતી કળાને પગલે પગલે આડ આવનારી જે દુર્ભેદ્ય ચાલાનો કોટ જે લોક સમાજે સ્ત્રી સમાજની આસપાસ ચણી લઇને તેમને કેદમાં પૂરી હતી, તે કિલ્લાની ભિંતમાં નાનું બાકોરું પાડીને તેમાંથી બહાર પડવા સારૂ આ ભયંકર કોટમાં-થી થોડો રસ્તો સ્ત્રીઓએજ કરી આપ્યો તે રસ્તે હવે હજારો સ્ત્રીઓનાં ટોળે ટોળાં તે કોટની બહાર પડીને દાસ્યમુક્ત થાય છે અને અગાડી થશે. આ સભાને સાર્વરાષ્ટ્રીયત્વ આવ્યું છે. ઇ. સ. ૧૮૮૮માં માર્ચ માસની આખરે (આજથી નવ વરસ ઉપર) "અમેરિકન વુમન સફ્રેજ એસોસિએશન"ના બોલાવ્યાથી દશબાર સભ્ય દેશોની સ્ત્રીઓ વાશિંગટન શેહેરમાં આવી હતી. તે વેળાએ ઉપલી સભાએ ભરેલી સાર્વરાષ્ટ્રીય સ્ત્રીઓની મંત્ર સભામાં દરેક દેશમાં એ સભાની શાખા સ્થાપન કરવાનો ઠરાવ થઇ, કોઇ કોઇ ઠેકાણે તે અમલમાંએ આવ્યો છે. એ સાર્વ રાષ્ટ્રીય મંત્રસભા સ્ત્રિયોને રાજકારણીજ હક મેળવી આપવા સારૂ સ્થાપેલી નથી, કોઇ પણ કામ સારૂ કોઇપણ ઠેકાણે સ્ત્રીઓની સમાજ હોય, તે સઘળાએ પરસ્પર સાથે મૈત્રીનો સંબંધ રાખીને, એક બીજાને પોતાના વિચારો જણાવવા અને વખત આવે એક બીજાને મદદ કરવી. પરસ્પરને ઉત્તેજન આપવું અને સર્વ દેશમાંહેલી સ્ત્રીઓમાં મૈત્રીનો સંબંધ સ્થાપવો; એવા ઘણા મહત્વના અને વખાણવા લાયક ઉદ્દેશ

પાર પાડવા સારૂ **સાર્વરાષ્ટ્રીય સ્ત્રિયોની મંત્રસભાએ અવતાર લીધો છે.** એ વિષે વધારે માહિતી અગાડી એક ઠેકાણે આપી છે; તેથી અહીંઆં એના વિષે વળી વધારે કંઇ કહ્યું નથી આ દેશમાં વળી પુષ્કળ સ્ત્રી સભાઓ ઘણા મહત્વની છે. તે સર્વની હકીગત લખવા બેસું તો પુસ્તકનું કદ ઘણું વધી જાય, વાસ્તે તે વિષે લખતી નથી. તો પણ, આ દેશની સ્ત્રીઓની, મદ્યનિષેધક મંડળીની થોડીએ માહિતી ન આપુ તો આ નિબંધ અધુરો ગણાય, તેથી અહીંઆ તે મંડળીની થોડી હકીગત આપું છું.

સને ૧૮૮૭ના નવેંબર મહિનામાં **ટેનસી** સંસ્થાન માંહેલા ન્યાષવિલ નામના ગામમાં, યુનાઇટેડ સ્ટેટસની સ્ત્રીઓની રાષ્ટ્રીય મદ્યનિષેધક મંડળીનો ચૌદમો વાર્ષિક મહોત્સવ થયો. તે પ્રસંગે ત્યાં જવા સારૂ મને એ મંડળીના અધ્યક્ષે આમંત્રણ કર્યું હતુ, તે મોટા ઉત્સવ અને સર્વ સંસ્થાન માંહેલી પ્રમુખ સ્ત્રીઓનો સમાગમ જોવા સારૂ હું ખામુખાં બે હજાર મૈલ જેટલે દુર ન્યાષવિલ મુકામે ગઇ હતી. તે ગામમાં એક અઠવાડિયા પર્યંત સ્ત્રીઓની એકજ ગીર્દી થઇ રહી હતી. ત્યાં એ દેશના સઘળા સંસ્થાન માંહેલી સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીની પ્રતિનિધી થઇને આસરે ત્રણસેં આગેવાન સ્ત્રીઓ આવી હતી. એ સિવાય તે સમારંભ જોવા સારૂ બીજાં પુષ્કળ સ્ત્રી પુરૂષો અહીં આવ્યાં હતાં.

ટેનસી સંસ્થાન આ દેશના દક્ષિણ બાગમાં ગણાય છે,

એ ભાગમાં ઉત્તર ભાગમાં છે તેટલું સ્વાતંત્ર્ય, વિદ્વત્તા, અને ઉદ્યોગીપણું સ્ત્રી વર્ગમાં હોય એમ કોઇ ઠામે નજરે પડતું નથી, કેટલાંક વરસ ઉપર તો તે ભાગમાં સ્ત્રીઓએ સભામાં ભાષણ કરવું એ કોઇને પસંદ નહોતું, અને સ્ત્રીઓની સભા આ વાક્ય કોઈના સ્વપ્નામાંએ આવ્યું નહોતું. ત્યાં હજી સુધી હોવો જોઇએ તેવો સ્ત્રી જાતનો ઉત્કર્ષ થયો નથી. તેમને ઊંચી કેળવણી મળવાના સાધન નથી. જ્યાંધવિલ તરફ જતાં વચ્ચે કેંટકી સંસ્થાન માંહેલા લૂઇવિલ નામના શેહેરમાં રહીને, ત્યાંના લોકોના આગ્રહ ઉપરથી મારે એક સભામાં ભાષણ કરવાનો પ્રસંગ આવ્યો; તે પ્રસંગે હું જે દેવળમાં ભાષણ કરનાર હતી તેના આચાર્યે મને વેદી ઉપર બેશવાનો આગ્રહ કર્યો. હું ત્યાં બેસવાની હતી પણ તે ગામની કેટલીક આગેવાન સ્ત્રીઓ મારી જોડે વેદી ઉપર બેસે એવો મારો મનોદય હતો, તથાપિ તે બાઇઓએ કહ્યું, "અરે, અમે જન્મમાં કદી એવું કામ કર્યું નથી તે હવે અમારાથી કેમ થશે ?" મેં કહ્યું "બાઇઓ, આની પેહેલાં કદી તમે વેદી ઉપર બેઠા નથી તો હવે તે કરવાની શરૂઆત કરતાં હરકત શી છે ? તમે એકવાર આવીને મારી સાથે બેસો તો ખરાં; પછી તેથી તમને કંઇ અવગુણ થાય તો બીજીવાર તેમ ન કરશો એટલે થયું." ત્યારે હા ના કરતાં પાંચ છ બાઇઓ મારી જોડે વેદી ઉપર બેસવાને કબુલ થઇ; અને મારૂં ભાષણ પુરૂં થાય ત્યાં સુધી તેઓ ત્યાં બેઠી હતી, તોપણ તેથી કંઈ તેમને નુકશાન તો ન થયું એતો કહેવુંજ

નહીં પડે. તે દક્ષિણ ભાગની સ્ત્રીઓ જોકે પડદેપોષ નથી. તો પણ તેમાંની થોડીઓમાંજ જોઇએ તેટલું સ્વતંત્રપણું અને સભાધૃષ્ટપણું નજરે પડે છે.

ઉપર કહ્યા પ્રમાણે ન્યાપવિલ મુકામે યુનાઇટેડ સ્ટેટસની સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીનો વાર્ષિક મહોત્સવ થશે એવું સાંભળીને તે વિષે ત્યાંના ઘણા માણસોએ ઘણા પ્રકારના તર્ક કર્યા. એ મંડળી શી અને કેવી છે, તે કોઇને સારી રીતે માલમ નહોતું, ઘણાઓને એમ લાગ્યું કે, એ કંઇ ઝટાપટીનો ખેલ તથા અર્ધો ગાંડો અને અર્ધો ડાહ્યો સ્ત્રી સમાજ યુક્તિ શૂન્ય કલ્પનાનો એ ઢોંગ હશે. કેટલાએક દેવળના આચાર્યએ કહ્યું અધર્મનું કૃત્ય હશે, આ બાઇઓ બાઇબલની આજ્ઞાનું ઉલંઘન કરીને સ્ત્રીજાતને ન શોભનારાં કામ કરે છે.' તેથી પોતાના દેવળમાં તેમને સભા ભરવાની પરવાનગી આપતા નહોતા. આખરે ત્યાંના એક સાર્વજનિક પુસ્તકાલયના સભા મંડપમાં ઉપલી સ્ત્રીઓની સભા ભરવાનો ઠરાવ થયો ન્યાપવિલ સ્થાનિક સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીએ ભગીરથ પ્રયત્ન કરીને ત્યાંના બઇરાંઓને આ મહોત્સવમાં મદદ કરવા બોલાવી આણ્યાં અને ઉદાર મનની બાઇઓએ આઘેથી આવેલી બાઇઓને પોતાને ઘેર ઉતારો આપીને સારી રીતે તેમનો આદરસત્કાર કર્યો.

નવેમબર મહિનાની સોળમી તારીખે સવારે અદ્ભુત મહોત્સવનો પ્રારંભ થયો. સભા મંડપમાં સાતસેં ખુરશીઓ અરધ ચંદ્રકારે ગોઠવી હતી. વધારે ખુરશીઓ માંડવાની તે સભાગૃહમાં

જગા નહોતી. સામા ભિંત ઉપર નિરનિરાળી સંસ્થાનના પતાકા અને દરેક સંસ્થાન માંહેલી સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીના પાલવ પદ લખીને ભરગચીથી ભરીને સીવી લીધા હતા. રંગબેરંગી નિશાનો ટાંગીને મકાન શોભાવ્યું હતું. જ્યાં અધ્યક્ષ અને બીજી આગેવાન સ્ત્રીઓ બેસવાની હતી ત્યાં અને તેની આસપાસ યુનાઇટેડ સ્ટેટસનુ નક્ષત્રાંક નિશાન (પતાકા), ફુલે અને તરેહવાર ઝાડનાં પાંદડાનું તોરણ બાંધીને વેદી સણગારવામાં આવી હતી.

સવારના નવ કલાકને સુમારે સભા મંડપ સ્ત્રીઓના મંડળથી ભરાઇ ગયો. ત્યાં પ્રેક્ષક સમુદાયમાં ઘણા મરદોએ આવ્યા હતા. પછી અધ્યક્ષ ફ્રાન્સેસ ઇ. વિલાર્ડે સર્વને એકાગ્ર થવાની ઇસારત કરીને સભાના કામનો પ્રારંભ કર્યો. તે પ્રસંગે કેટલીક પ્રમુખ સ્ત્રીઓએ જે ઉત્તમ ચિત્ત વેધક પ્રાર્થના કરી. જે મધુર ભજનો ગાયાં, જે હૃદય દ્રાવક ઉપદેશ કર્યો, અને ફ્રાન્સેસ બાઇએ જે અપ્રતિમ, ચિન્તવેધક, મહાર્થ સંપન્ન અને સર્વાંગ સુંદર ભાષણ કર્યું, તે સઘળાનું યોગ્ય વર્ણન કરવા સારૂ એક મહાકવી ત્યાં હાજર હોવાની જરૂર હતી.

એ પેહેલા દિવસની સભા વિસર્જન થવાની પેહેલાં તે ગામ માંહેલા આચાર્યોનાં મતો બદલાઇને તેમણે "અમારા મંદિરમાં આવીને સભા કરો, અમારા ઉપર એટલી મહેરબાની કરશોજ" એમ આગ્રહ કરીને આ અપૂર્વ સ્ત્રીમંડળને આમંત્રણો મોકલ્યાં. પ્રેક્ષક મંડળી માહેલા પુરૂષોએ તે મંડળીને

મશ્કરી કરવાનું છોડી દઇને તેમને વિષે પોતાની પૂજ્ય બુદ્ધિ પ્રદર્શિત કરવાની શરૂઆત કરી. આગળ આ અઠવાડિયું પુરૂ થાય તે દરમ્યાન તે મંડળી માંહેલી આગેવાન સ્ત્રીઓએ દરરોજ છ સાત ઠેકાણે જઇને સવારે બપોરે અને સાંજે ભાષણ કરવાં, ઉપદેશ કરવો વગેરે કરતાંએ તે લોકો તૃપ્ત થાય નહીં તે અઠવાડિયામાં જે ઠરાવો કરવામાં આવ્યા; પાછલા વર્ષમાં બનેલા કામનો જે વૃતાંત વાંચવામાં આવ્યો અને જે સર્વોત્કૃષ્ટ સભાકાર્યની પદ્ધતિ લોકોના દિલમાં આવી; તેની સર્વ સુંદરતા અને સર્વોત્તમ વ્યવસ્થા જોઇને ઇંગ્રેજી પાર્લામેંટ અને યુનાઇટેડ સ્ટેટસની કોંગ્રેસને પણ આ મદ્યનિષેધક મંડળીની અદેખાઈ લાગ્યા વગર રહેત નહીં તે પ્રસંગે ફ્રાન્સેસ ઇ. વિલર્ડ બાઇનું સભાપંડિત્ય, નેતૃત્વશક્તિ, સભાચાલકપણું, ઉત્કૃષ્ટ વ્યવસ્થા રાખવાની ચતુરાઇ અને પાર્લમેંટના પ્રાચીન નિયમોનું અસાધારણ જ્ઞાન એ જેમના જોવામાં આવ્યું, તેને એ બાઈ સરસ્વતી, રાજનીતિ અને શાસનશક્તિ એ ત્રણ દેવીની એક મૂર્તિ છે એવું લાગ્યા વગર રહ્યું નહીં હોય!

નવેંબરની ચોવીસમી તારીખે સવારે આ મહોત્સવની સમાપ્તિ થઈ. તે વેળાએ ત્યાં મળેલા સ્ત્રી સમાજને રજા આપતાં ન્યાસવિલના આગેવાન પુરૂષોએ અને આચાર્યોએ સ્ત્રીઓ વિષે પોતાના વિચાર કેવા બદલાયા, અને આ મંડળીના સભાકાર્ય અને ઉત્તમ વ્યવસ્થા, તેના સદુપદેશ, અને સર્વોપકારી નીતિ જોઇને પોતાને કેટલું સાનંદાશ્ચર્ય લાગ્યું, એમ કહીને ઘણી

સ્તુતિ કરી, ઘણા સન્માન સાથે આ યુનાઇટેડસ્ટેટ્સની સ્ત્રીઓની રાષ્ટ્રીય મદ્યનિષેધક મંડળીને રજા આપી; અને આવતે વરસે ફરીથી આ મંડળ અહીં આવવાનો આગ્રહ કર્યો.

એકંદર રીતે આ ઉત્સવ સર્વનેજ મોટો આનંદનો થયો. એવો અદ્‌ભુત, મનોરમ્ય, અને ભવ્ય દેખાવ મેં મારી જીંદગીમાં દીઠો નહોતો. તે જોઈને મારા જન્મનું સાર્થક્ય થયું એમ લાગ્યું. ગયા માર્ચ મહિનાની આખરે વાશિંગટન શેહેરમાં મળેલા સાર્વ રાષ્ટ્રીય સ્ત્રીઓના સમાજ વગર બીજી કોઇ પણ મંડળીથી કે ઉત્સવથી એ મહત્સમાજની બરોબરી કરાશે નહીં.

સ્ત્રિયોના ક્રૂસેડ.

સુરારાક્ષસી અને તેના ભાઇ તમાકૂએ લોકોના ઘરમાં જબરાઇથી પ્રવેશ કરીને મોટો ઉત્પાત માંડેલો હતો, જે તે "હું મરદ, અમે તે કરીએ તોય ચિંતા નહિ; મદ્ય પિવાથી શ્રમનાશ થાય છે, તમાકૂ ખાવા અને પિવાથી માથાના જ્ઞાન તંતુને વિશ્રાંતિ મળે છે. ઔષધ અથવા અન્ન પચનાર્થે થોડોએક મદ્ય પિયે તો કંઈ ફીકર નથી. તેને શાસ્ત્રધાર છે વગેરે કપોળ કલ્પિત કારણો કહીને જોઇએ તેટલો મદ્ય પીને અગર માદક પદાર્થ ખાઇને પોતાના પૈસાની ધુળધાણી કરી નાંખવા લાગ્યા જમદાર અને મનુષ્યના સર્વ નાશના કારણો જે સૅડિકાલયો (પીઠાં) તે ચારેમેર વધવા લાગ્યાં. તેના રંગ બેરંગી સીસાની

ગોઠવેલી હારો જોઇને પુરૂષોનાં મન તલમલ થવા લાગ્યાં, લોકોની નરડી સોસીને પોતાની તુંમડી ભરનાર ઇજારદારોએ જુવાન, વૃદ્ધ અજ્ઞાન અને સજ્ઞાન એવા અગણિત લોકોને જૂદી જૂદી રીતે ભુલ થાપ આપીને પોતાનો વેપાર વધારવાના હજારો ઉપાય શોધી કહાડ્યા. તેના ફાંદામાં પડીને દહાડે દહાડે વધારે પુરૂષો પોતાનું સર્વસ્વ મુકીને, સુખ, સંભાવિતપણું અને કેટલીકવાર જીંદગીને એ જોખમમાં આણુવા લાગ્યા. તેથી કરીને બિચારાં બાઇરાં અને તેમના ધાવણાં કુમળાં બચ્ચાંની ઘણીજ દુર્દશા થવા લાગી. કેટલીક હજાર પતિવ્રતા બાઇઓ પોતાના ધણીને આ દુર્વ્યસનમાં સર્વ રીતે ડુબતો જોઇ, મનમાં ને મનમાં બળવા લાગી. પોતાના જીવથીએ વહાલા છોકરા ધર્મને નીતિને તથા આ લોક અને પરલોકના સુખનો ત્યાગ કરીને મદિરાને નાદે લાગી અનંત નરક વાસમાં જાય છે, એવું જોઇ કેટલીક લાખ માતાઓનાં કાળજા દુઃખથી બળવા લાગ્યાં. તો-પણ તે બિચારીઓ મુગે મોઢે તે સર્વ દુઃખો ભોગવવા લાગી. ધર્મશાસ્ત્ર અને લોક રીતે, એ બંનેમાં લોક સમાજના શાસકોએ બાઇરાંએ, ઘરમાં રહીને ચુપચાપ સર્વ વાત સાંભળ્યા કરવાની આજ્ઞા આપી છે; તે સ્ત્રીઓએ શિરસામાન્ય કરીને ચુ કે ચાં ન કરતાં, અસહ્ય, અનંત યાતના અને માનસિક દુઃખો આજ સુધી ખમ્યા કીધાં. તથાપિ દુનિયામાં સર્વ વાતની હદ હોય છે. આપણા ઉપર અતિશય જુલમ થાય છે; એવું જોઇને પેટ ઘસ-ડતો કીડો પણ કોઇ વાર સ્વસંરક્ષણ માટે શત્રુ સાથે લડાઈ

કરવાને તૈયાર થાય છે; ત્યારે મનુષ્ય પ્રાણીને, અને તેમાંએ બઇરાંએ કેટલી ધીરજ ધરીને જુલમ સહન કરવાની ટેવ હોય તોય તેમના ઉપર થનારા જુલમ અમુક હદ સુધી પહોંચ્યા પછી તેમનાથી તે જુલમનો અટકાવ કર્યા વિના રહેવાતું નથી. એવી વખત આવે છેજ. એમાં મોટી નવાઇ નથી–ઓહાયો સંસ્થાન માંહેલા બઇરાંના આગણામાં એવો એક પ્રસંગ આવીને ઉભો રહ્યો. તેવારે તેમણે પોતાનો ઓઝલપડદો અને ચુપકી એક બાજુએ મૂકી દઇને, જે પીડાવાળાએ તેમના ધણી અને દીકરાને નિર્દયપણે પોતાની જાળમાં ફસાવ્યા હતા, તેમની સાથે મથીને પોતાના બાળ બચ્ચાં અને વહાલાઓનું રક્ષણ કરવાનો નિશ્ચય કર્યો. સેંકડો કુલીન, સહનસીલ અને ગુણવંતી બાઇઓએ કંબર બાંધીને, પીડાવાળાની વિરૂદ્ધ ચલાવેલી ક્રુસેડને પોતાની મદદ આપી; અને શત્રુનો પરાભવ કરીને આપણા બાળબચ્ચાં અને ઘરનું રક્ષણ કર્યા વગર રણમાંથી પાછીપાની કરવી નહીં, એવી પ્રતિજ્ઞા કરી. આ તેમની લડાઇમાં તેમણે કોઇનાં માથા કાપ્યાં નહીં, કોઈને ફસાવીને તેમના મોઢામાંથી કોળીઆ કાઢી લીધ નહીં; કોઇનો રકતપાત કર્યો નહીં; કઠોર શબ્દ કહીને કોઇના કાળજાં બાળ્યાં નહીં; બંદુક, તરવાર તોપ વગેરે પ્રાણનાશક શસ્ત્રો લઇને કોઇને ભય બતાવ્યો નહીં; તોય તેમનું નામ સાંભળતાંજ અધર્મી, પરપીડક, પરસ્વાપકહારક, દારૂ વેચનારાનાં અને તેમના પક્ષપાતિઓનાં હાડ થરથરવા લાગ્યાં; તેમનો શાંતિ લક્ષણ ધ્વજ જોઇને સેતાનનેએ કંપારી છુટી; અને

તેમના મધુર સદ્યુક્તિ ઉપદેશપરના શબ્દો સાંભળીને સેતાનના કિલ્લા પાયામાંથી હલમલને પડવા લાગ્યા. અગીઆરમા અને બારમાં સેકડા માંહેલા ક્રુસેડ † યુદ્ધો આ ઓગણીસમાં સેંકડા માંહેલા અદ્ભૂત અપ્રતિમ બાઇઓના શાંતિમય ક્રૂસેડ આગળ ઝાંખા પડે છે. એની અને તેની બરાબરી કદીએ થઇ શકશે નહીં. પાછલા જંગલીપણાના કાળ માંહેલા પુરૂષોના ક્રુઝેડનો ઉદ્ધેશ લોકોનાં ગળાં કાપીને માણસના લોહીની ધારા પૃથ્વી ઉપર પાડી ધર્મના નામને કલંક લગાડનારો હતો. ઓગણીસમા સેંકડાનો બઇરાંઓનાં ક્રુઝેડનો ઉદ્દેશ લોકોના જીવ બચાવીને, તેઓને નરકમાંથી ખેંચી કહાડી તેમના ઘરમાં સર્વત્ર સુખ, શાંતિ અને આનંદની સ્થાપના કરવાનો હતો. ઇસવીસનના અગીઆરમા અને બારમા સેંકડા માંહેલા પુરૂષોના ક્રૂઝેડે લક્ષાવધિ માણુસોનો સંહાર કર્યો; ત્યારે ઓગણીસમા સેંકડાના આ બાઇઓના ક્રૂઝેડે કરોડો માણુસોને મોતના મોઢામાંથી ખેંચી કહાડવાના ઉપાયો યોજયા. તે જંગલી ક્રૂઝેડે શાંતિરાજ

---

† ક્રુસેડ=ક્રૂસના નામથી ચાલેલી લડાઇ, અગીઆરમાં સેંકડાના આંખરના ભાગમાં મુસલમાનોએ યરૂશાલમ કબજે કરી ને સ્પેન ઇત્યાદિ ખ્રિસ્તી રાજ જીતી લેવાનો મનસુબો કર્યો, ત્યારે ખ્રિષ્તી ધર્માભિમાની લોકોએ સ્વધર્મ રક્ષણુ સારૂ મુસલમાનો જોડે જે લડાઇઓ કરી તેનું નામ ક્રૂસેડ છે. એ ઇસવીસનના તેરમા સેંકડા સુધી આસરે બસેં વરસ ચાલી હતી.

ખ્રિસ્તીના ધર્મને વટાળ્યો, ત્યારે આ અર્વાચીન કૂસેડ સોના જેવા તે પવિત્ર ધર્મને સોહાગાથી અજવાળીને ચકચકિત કર્યો.

ઇ સ. ૧૮૮૩ના ડિસેંબર મહિનાની ૨૪મી તારીખે આ ચમત્કારિક "કૂસેડ" નો પ્રથમ ઉદ્ભવ થયો. ઓહાયો સંસ્થાન માહેલા હિલ્સબરી નામે ગામમાં કોઇ ડાયો લુઇસ નામનો ગૃહસ્થ વ્યાખ્યાન આપવાને આવ્યો. તેણે ત્યાંની "વાશિંગ્ટન કોર્ટ હૌસ" ની વકતૃત્વ સભા આગળ ચોવીસમી તારીખે સાંજે "આપણી દિકરીઓ" એ વિષય ઉપર ભાષણ કર્યું, એ પ્રસંગે તેણે મદ્ય અને બીજા કેફી પિણાં તથા તમાકુ ઇત્યાદિ પદાર્થનો ઉપયોગ કર્યાથી માણસને કેટલું નુકશાન થાય છે તે કહીને પોતાના અનુભવમાં આવેલી એક વાત કહી. તેની મા ઘણી ભાવિક અને સદ્ધર્માભિમાની હતી. તેને દુરવ્યસનથી દુનિયાની કેટલી ખરાબી થાય છે તે જાઇને ઘણું દુઃખ લાગતું હતું. ડાયોનો બાપ દારૂને નાદે લાગીને પોતાનું સર્વ ખોઇ બેઠો હતો. મિસીસ લુઇસે તેને પોતાના સુખ અને સંસારની રાખ થયેલી જોઈ, પોતાના ધણીનો ઉદ્ધાર કરવાનું મન ઉપર લીધું; અને પોતાના ગામમાંહેલાં માણસોના આ દુર્વ્યસન છોડાવવાનો એક નવો ઉપાય તેણે શોધી કહાડયો. તેણે પોતે પોતાની કેટલીક સોબતણોને સાથે લઇને, દારૂ વગેરે કેફી પદાર્થો વેચનારાની દુકાને જઇને, ત્યાં ઈશ્વરની પ્રાર્થના અને ઉપદેશ કરીને આવો નીચ નાશકારક વેપાર છોડી દે એવું તે દુકાનદારોને કહીને તેઓના કાલાવાલા કર્યા. એમ કરતાં તેનો આ સદુદ્યોગ સફળ થયો; તેના ગામના આ કેફી ચીજના

બજારદારોએ પોતાની દુકાનો બંધ કરી. એ વાત કહીને ડાયો લુઇસ સભામાંહેલી બાઇઓને ઉદ્દેશીને બોલ્યો, " બાઇઓ તમે જો એમ કરશો તો તમારો સદુદ્યોગ સફળ થયાવિના રહેશે નહીં. મને લાગે છે કે, એક અઠવાડિયાની અંદર અહીંનાં સઘળા દારૂનાં પીઠાં બંધ થશે. હવે તમારે જો એ કામ કરવાનું છે તો જે બાઇઓ આ કામની આગેવાની લે છે તેમને તમારી સંમતી આપવી " લુઇસનું બોલવું સાંભળતાંજ સભા માંહેલી પચાસ બાઇઓ આ કામમાં અમારી સંમતિ છે એવું જણાવવાને સારૂ ઉઠીને ઉભી થઈ. તે પછી પોતાની આસપાસ બેઠેલા મદ્યપાન વિરોધિ પુરૂષો ભણી વળીને લુઇસ બોલ્યો;—" હવે આ સ્ત્રીઓએ એ કામ કરવાનું હાથમાં લીધું તો તમારામાંથી કેટલાજણ તેને મદદ કરશે તે જોઉં ? " તે ઉપરથી સાંઠ સીત્તેર જણા ઉઠીને ઉભા રહ્યા. એવી રીતે એ કામ કરવાનું ઠર્યા પછી ખ્રિસ્ત જયંતી એટલે તારીખ ૨૫મી ડીસેંબરે આ મહત્કૃત્યને વાસ્તે સવારે એક સભા ભરવાનો ઠરાવ થયો.

આગલી રાતના થયેલા ઠરાવ પ્રમાણે તારીખ ૨૫મી ડિસેંબરની સવારના દશ કલાકે તે જગાના પ્રેસબિટેરિયન પંથી લોકોના દેવળમાં લોકોનો મોટો જમાવ થયો, અને એક પદ ગાઇને પ્રાર્થના થયા પછી ડાયો લુઇસ અને તેની માની વાત કહીને બાઇડાંઓમાં કામો કરવાની કેટલી શકિત છે, અને તેમનું સહિષ્ણુત્વ, દીર્ઘોદ્યોગ અને પ્રેમાળ સ્વભાવ એ તેમને એવા પ્રકારના કામો પાર પાડવાના કેવાં સાધનો છે. એવું કહીને

આસરે એક કલાક સુધી ભાષણ કર્યું, તે થઈ રહ્યા પછી ત્યાં એકઠા થયેલા માણસોને ડાયો લુઇસની સુચનાં પસંદ પડી અને તેજ સવારે "બાઇરાંઓના ક્રૂસેડ" નો આરંભ થયો.

એ "ક્રૂસેડ" મંડળીમાં બીજી મંડળીઓની પેઠે નિયમો કરીને અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, ચીટનીસ, અને ખજાનદાર ચુંટી કહાડવામાં આવ્યાં. તે સર્વ બાઇરાંજ હતા એ તો કહેવાની જરૂર નથી. તે સ્ત્રી સમાજ માંહેલા એક લશ્કરને લડાઇમાં મોકલવામાં આવ્યું. તે લશ્કરમાં બાવન બાઇઓએ બીડું ઝડપ્યું ને એક નવો સંશપ્તક ‡ વર્ગ ઉભો કર્યો. આ દૃઢ નિશ્ચય વાળા ટોળાએ દરેક ઇજારદારની દુકાને જઇને, ત્યાં પરમેશ્વરની પ્રાર્થના, ઉપદેશ અને વિનવણી કરીને તેઓ પાસે તે દારૂ વેચવાનો દુષ્ટ ધંધો છોડાવીને બીજો એકાદ સારો ધંધો કરવાને પ્રવૃત્ત કરવા, એવો ઠરાવ કર્યો. ઉપલી સંશપ્તક મંડળીને મદદ કરવા સારૂ એક "જવાબદાર મંડળી" ની સ્થાપના કરી. તે વર્ગમાં સાડત્રીસ પુરૂષોએ મળીને ક્રૂસેડની બાઇઓને જે કાંઈ પઇસાની વગેરે મદદ જોઇએ તે આપવાની જવાબદારી પોતાને માથે લીધી. એવી રીતે સર્વ તૈયારી થયા પછી એ મંડળી નીતીને તેણે વિનંતી પત્રો લખવા, એવી સુચના કરી. અને તે વિનંતી પત્રો મદ્ય વગેરે માદક પદાર્થો વેચનાર લોકો તરફ મોકલવાનો ઠરાવ થયો.

---

‡ સંશપ્તક = "આપણે એકતો દુસ્મનનો પરાભવ કરવો નહી તો ત્યાં મરવું પણ લડાઇમાંથી ડરીને નાશવું નહીં એવા કસમ લેનાર યોદ્ધા.

ઉપલી મંડળીએ હિલ્સબરીની મિસેસ ઈ. ટામશન નામે બાઇને સેનાપતિપણું આપી શત્રુ ઉપર હુમલો કરવાનો બેત ઠરાવ્યો. આ પહેલા યુધ્ધનો વૃત્તાંત ટામશન બાઇએ જાતે લખી રાખેલો છે તે આ પ્રમાણે:—

"ઇ. સ. ૧૮૭૩ના ડિસેંબર મહિનાની ૨૫મી તારીખે, સવારે અમારી "ટોળી" હળવે હળવે બીતી બીતી, રાબર્ટવાર્ડ નામના ઇજારદારના પેહેલા દરજ્જાના પીઠા પાસે ગઇ. આ પીઠાની આખ્યા ગામમાં સર્વ ઠેકાણે પસરેલી હતી અને તેને જોતાંજ અમારાં માંહેલા કેટલાકનાં મોઢાં સુકાઇ ગયાં; અને કેટલીએક તો થર થર કાંપવા લાગી. રાબર્ટવાર્ડને અમે તેની દુકાને જવાનાં છીએ એવી ખબર હોવી જોઇએ, એટલુંજ નહિં પણ અમારો ત્યાં જવાનો હેતુ પણ તેણે જાણેલો હોવો જોઇએ, એમ લાગે છે. તેણે મોટી સભ્યતાથી પોતાની દુકાનના બારણા ઉઘાડીને અમારી આગતા સ્વાગતા કરી. અને પ્રસન્ન વદને અમે સર્વ અંદર જઇએ ત્યાં સુધી બારણા ઉઘાડાં રાખ્યાં; પછી બારણા બંધ કરીને તે પોતાની જગા (બાર એટલે દારૂ વેચવા સારૂ મુકવાના ઠેકાણું)ની પાછળ જઇને ઉભો રહ્યો. ત્યારપછી અમારી ટોળીના પ્રમુખે (ખુદ ટામશન બાઇએ) તેને ઉદ્દેશીને કહ્યું, "વારૂ મિસ્તર વાર્ડ, આ જમાવ ઘણો ચમત્કારિક છે, એવું તમને લાગે છે નહિં વારૂ? તે ગમે તેમ હો, પણ અમારો અહીં આવવાનો ઉદ્દેશ શો તે તમે જાણતાજ હશો." એટલા વખતમાં રાબર્ટ ઘણો ગભરાવા લાગ્યો હતો તે બોલ્યો, "ડાયો લુઇસ સાથે એક

બે વાતો કરવાની છે." મિસેસ ટામસને કહ્યું—"છીઃ ડાયો લુઇસને અમારા હેતુ સાથે કશો સંબંધ નથી" અમણા અહીં આવેલા બાઇરાંઓમાંથી કેટલાંક બાઇરાંના દુઃખ અને ચિંતાથી સુકાઇ ગએલા ચેહેરા તમે ધ્યાન દઇ જોશો, તો તમારા આ અપવિત્ર વ્યાપારથી પરિણામ શો થયો છે તે જાઇ અમે આજ અહીં આવ્યાં તેની તમને નવાઇ લાગશે નહીં. અમારો અહીં આવવાનો હેતુ તમને બીવડાવવાંનો અથવા તમારી નિર્ભર્ત્સના કરવાનો નથી. અમારા હૃદય અને અમારા ઘરો જે વડે ઘણા નુકસાન પામે છે, એવો આ તમારો ધંધો તમે છોડી દેશો તો અમે અમારા પરલોકવાશી મિત્રોના અને ત્રાતાના નામથી તેની પ્રેરણા પ્રમાણે તમને ક્ષમા થવા તથા દેવ તમારા અપરાધની ક્ષમા કરે વાસ્તે પ્રાર્થના કરવાને અહીં આવ્યા છીએ.

એ સાંભળી તે બિચારો રાબર્ટવાર્ડ છેકજ ગભરાઈ ગયો, એ સંધી સારી છે એવું જોઇને ટામસનબાઈ પોતાની સોબતણો બણી જોઇને બોલી. "આપણે પ્રાર્થના કરીએ આવો" એ સાંભળી સર્વ બાઇઓએ તરત ધુટણીએ પડીને પ્રાર્થનાની શરૂઆત કરી. રાબર્ટ પણ આ પવિત્ર ટોળાંની સાથે પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો. ત્યારપછી તે સઘળી બાઇરીઓએ મળીને એક ભજન ગાયું. જે બિચારાં બાઇરાંના ધણીઓ અને માતાના દીકરાઓ આ પીઠને લીધે પાયમાલ થઇને તેમના સુખનો નાશ થયો. તેથી કરીને આ દુકાનનું નામ સાંભળતાંજ મહા ત્રાસ ઉપજતો હતો. તે બાઇઓ આજ પ્રેમાળ મનથી આ ઠેકાણે આ

વાને "ભૂલા પડી કરસ્તે ચઢેલા ભાઇઓને ઇશ્વર સત્માર્ગે લાવે, અને આ દુનિયાને તારનાર તેમને પોતાના કરી લે;" એવી પ્રાર્થના કરે છે. "દેવ દયાળુ છે" એ ખોટું નથી, તેની અલૌકિક પ્રતીનો મહિમા કેટલો અને તેની ક્ષમાનું મહત્વ કેટલું છે તેનું વર્ણન થઇ શકે એવું નથી. ડાયો લુઇસનું કહેવું ખરૂં પડયું. આ અદ્દભૂત સંશામકના મહા પ્રયત્નથી એક અઠવાડિયામાં હિલ્સબરી માંહેલાં તમામ પીઠાં બંધ થયાં !

હિલ્સબરીના ક્રુસેડનું વૃતાંત સાંભળીને યુનાઇટેડ સ્ટેટસની બીજી ઘણી બાઇઓએ તેનું અનુકરણ કર્યું. તથાપિ એવા ક્રુસેડ સદા નીભી શકે એમ ન જણાયાથી કેટલીક વિચારવંત સ્ત્રીઓએ મળીને સતંત પ્રયત્ન કરવાનું મન ઉપર લીધું. ઇ. સ. ૧૮૭૪ માં શટોકવા નામના ગ્રીષ્મવિહારમાં આ ક્રુસેડમાં ફતેહમંદ થયેલી કેટલીક સ્ત્રીઓ એકઠી થઇ હતી. તેમણે મદ્યપાનના વ્યસનનો નાશ કરવાને સતત પ્રયત્ન કરવાના ઇરાદાથી, "**ખ્રિસ્તી સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળી**" સ્થાપન કરી. એ દેશ માંહેલી ઉદ્યોગી, નીતિમાન અને સતી સ્ત્રીઓના ઉદ્યોગથી એને ઝટ રાષ્ટ્રીય સમાજનું સ્વરૂપ આવીને થોડાજ દિવસમાં તેણે **યુનાઇટેડ સ્ટેટસની સ્ત્રીઓની રાષ્ટ્રીય મદ્યનિષેધક મંડળી એવું** નામ ધારણ કર્યું.

આ મંડળીની શાસન પદ્ધતિ યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય શાસન પધ્ધતિનું પ્રતિરૂપ છે. સ્થાનિક મંડળી, પ્રાંતિક મંડળી, સંસ્થાનિક મંડળી અને રાષ્ટ્રીય મંડળી એવા એના ચાર રૂપો છે.

તેમની કારભાર કરવાની રીત પણ ઘણી સુંદર છે. સ્થાનિક મં-ડળીમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, ચીટણીસ, ખજાનચી, અને વ્યવ-સ્થાપક મંડળી તથા સભા સંબંધી વિશેષ કામો કરનારી પેટા મંડળી એટલા વિભાગ પાડેલા છે. દર વરશે સ્થાનિક સભાનો વાર્ષિક સમારંભ થાય છે, ત્યારે મંડળીના અધિકારીઓની ચુંટણી થઇને તેઓ કામની શરૂઆત કરે છે. એજ પ્રમાણે પ્રાંત્રિક સંયુક્ત મંડળીઓના વાર્ષિક સમારંભ થાય છે ત્યારે તેમાંની અધિકારીણી સર્વનાં મત લઇને ચુંટી કહાડવામાં આવે છે. એવીજ રીતે સંસ્થાનિક અને રાષ્ટ્રીય મંડળીની અધિકારીણીઓ દર વરસે સર્વનું મત લઇને ચુંટી કહડાય છે. આખા યુનાઇટેડ સ્ટેટસમાં આ મંડળીની શાખા દશ હજાર કરતાં વધારે છે અને તેમાં આસરે અઢી લાખ સ્ત્રીઓ સભાસદ છે. સ્થાનિક મંડળીઓ પોતપોતાને ઠેકાણે સ્વતંત્ર છે. તોય તેને મજબૂતી આવવા સારૂ તથા બીજી મંડળીઓ જોડે ઐકયતા અને મૈત્રી રાખવા માટે તેને પોતાના કેટલાએક મહત્વના અધિકાર પ્રાંતની મુખ્ય મંડળીને આપવા પડે છે; તેમજ પ્રાંતની મંડળીને પોતાના કેટલાક અધિકાર સંસ્થાનિક મંડળીને અને સંસ્થાનિક મંડળીઓને પોતાના કેટલાએક અધિકાર રાષ્ટ્રીય મંડળીને આપવા પડે છે. તેથી તેઓમાં સ્વતંત્રતા અને એકસંપ રહેવા સાથે તેમાં મજબૂતી આવે છે. એ મંડળીની કારભાર ચલાવવાની રીત સરળ અને વ્યવસ્થાસર કામ ચલાવવાની રીત અને કાયદાસરપણું ઘણાં વખાણવા જોગ અને યુનાઇટેડ સ્ટેટસની સાસન પધ્ધતિ

પ્રમાણે ચમત્કારિક છે. સ્ત્રી જાતિમાં રહેલી નાના પ્રકારની શક્તિ નિરનિરાળી વ્યક્તિ માંહેલી વરાળ પ્રમાણે જ્યાં ત્યાં વીખરાઇ પડીને, અનિયમિત તથા કાર્ય કારણ શૂન્ય હતી, તે આ મંડળીમાં આવીને સહંત થયાથી વરાળ યંત્રમાં એકઠી થએલી વરાળની પેઠે તરેહવાર કામો બજાવતી બની છે. તે વડે સ્ત્રીઓને કોઇ કાળે ન જણાયલું યોગ્ય સ્વાભિમાન તથા શાસકપણું, કાર્ય કરિતા અને નેતૃત્વ એ ગુણો યુનાઇટેડ સ્ટેટસની સ્ત્રીઓમાં અસાધારણ અને આશ્ચર્યકારક રીતે વૃદ્ધિ પામે છે. એના પ્રસાદથી નિરનિરાળા મતની અને જુદી જુદી જાતની સ્ત્રીઓમાં જે હાનિકારક મતભેદ અને જાતિદ્વેષ હતો તે નાશ પામીને તેની જગાએ નિષ્કપટ મૈત્રી અને ભગિની પ્રેમ વધતાં જાય છે.

સર્વ સુધરેલા દેશમાં જેટલી મંડળીઓ છે તે સર્વમાં એ મંડળી શ્રેષ્ઠ અને મહત્વની છે એમ કહેવાને મને કશો સંકોચ લાગતો નથી. આ મંડળીએ હાથમાં નથી લીધું એવું સત્કૃત્ય દુનિયામાં ઘણું થોડુંજ છે. એના સમાન મમતાળુ હૃદયમાં કોઇને વિષે દયા નથી એવો દાખલો કોઇ ઠેકાણે નથી, અને એ મંડળીમાં છે તે સૌર્ય, ગાંભીર્ય, ધૈર્ય અને ક્ષમા એ ગુણો એકલા પરમેશ્વર વગર બીજા કોઇનામાં આવી પૂર્ણ રીતે પ્રાપ્ત થયા નહીં હોય. આ દેશમાં અને બીજા ઘણા દેશોમાં જે ખ્રિસ્તીઓના મિશનરી મંડળો છે તે કાંઇ થોડા ઘણા મહત્વનાં નથી. તેમણે કરોડો રૂપીઆ ખરચીને અને સઘળી રીતે સ્વાર્થનો ત્યાગ

કરીને, પારકા લોકોને સદ્ધર્મ માર્ગે લાવવાનો ઉદ્યોગ કર્યો અને ચલાવ્યો છે, તેથી કરીએ એટલાં થોડા તથાપિ તે મંડળોમાં નાના પ્રકારના મતભેદ હોવાથી તેમાં હોવો જોઇએ તેટલો સંપ ન હોવાથી તેમના હાથથી આ મદ્યનિષેધક મંડળીના હાથમાં છે, તેટલાં સુકૃત્યો થતાં નથી. સ્ત્રીઓની ખ્રિસ્તી સભામાં માત્ર "એવંજલિકલ્" કહેવડાવનારાં મતનોંજ સમાવેશ થાય છે. બીજા મતના મનુષ્યને તેમના ભણી મદદ મળતી નથી. બીજી જેટલી જ્ઞાનવર્ધક અને પરોપકારી મંડળીઓ છે તેઓ પોતપોતામાં ઘણી પરોપકારી તથા લોકોપયોગી હશે તોય તેનાથી આ મંડળીની બરાબરી થઈ સકશે નહીં; કારણ કે તેમની સખ્યા થોડી અને તેના ઉદ્દેશ પણ હદમાં હોય છે, તથાપિ સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીના ઉદ્દેશ ઘણા અને ઘણા મહત્વના છે. એમાં મત વિરોધ નથી; સર્વ મતની અને સર્વ જાતની અને સર્વ પ્રકારની સ્ત્રીઓ એમાં મળીને સંપથી કામ કરે છે. એની સ્થાનિક, સંસ્થાનિક, રાષ્ટ્રીય અને સાર્વ રાષ્ટ્રીય ક્રમવાર સાખા, એના ઉત્તમ સર્વ માન્ય અને સઘળા પાળી શકે એવા સેહેલા પણ દ્રઢ નિયમ, એની અલૌકિક, સર્વ પ્રકારની રાજ્ય વ્યવસ્થા કરતાં ઉત્તમ તથા સર્વત્રને એકઠાં જોડી રાખનારી અસાધારણ વ્યવસ્થા. એ બાબત વિચાર કરીએ જોઇએ તો એ મંડળી આ કાળની ઇશ્વરી સૃષ્ટી માંહેલા અદ્ભૂત ચમત્કારનું શિરોભૂષણ છે એમ કહ્યા વગર રહેવાતું નથી. હાલમાં એ મંડળીનાં ચાળીસ પીસતાળીસ ખાતાં છે અને એણે જુદાં જુદાં કૃત્યો કરવાનાં હાથમાં લીધેલાં છે તેની યાદી આ પ્રમાણે છેઃ-

૧ જૂદે જૂદે ઠેકાણે આપણી મંડળીના પ્રતિનિધિ, વક્તા સ્ત્રીઓ મોકલીને મદ્યનિષેધક મંડળીઓ સ્થાપવી.

૨ સાર્વ રાષ્ટ્રીય સ્ત્રીઓની મદ્યપાન નિષેધક મંડળીઓ સ્થાપન કરવા સારૂ સર્વ દેશોમાં આડતીઆ મોકલીને અથવા પત્ર વ્યવહાર ચલાવીને ઉપલું કામ કરવું.

૩ યુનાઇટેડ સ્ટેટસમાં આવી વસેલા પરદેશીઓમાં મદ્યપાન નિષેધક મતનો પ્રસાર કરવો.

૪ ઉત્તર અને દક્ષિણના સંસ્થાનોમાં વસતા અને થોડા વખત પહેલાં ગુલામગિરીમાંથી છુટા થએલા હબશી જાતના લોકોમાં, મદ્યપાન નિષેધક મતનો, વિદ્યાનો અને નીતિનો પ્રસાર કરવો.

૫ જુવાન સ્ત્રીઓમાં નીતિમાનપણાનો અને મદ્યપાન નિષેધક મતનો પ્રસાર કરવો.

૬ નાનાં છોકરાંને નીતિ, અને મદ્યપાન મત શીખવીને તેમની ઉન્નતિ કરવી.

૭ મદ્ય અને બીજા માદક પદાર્થનું સેવન કરવાથી તે કરનારના વંશને વંશપરંપરાને કેટલું નુકશાન થાય છે, તે લોકોને સમજાવવું.

૮ આરોગ્ય રક્ષણ વિદ્યા શીખવીને આરોગ્યતા સાથે મદ્યપાન વર્જન સાથે કેવો નિકટ સંબંધ છે, તે લોકોને સમજાવી દેવું.

૯ વિદ્યા શિક્ષણમાં શા શા ફેરફાર કરવા જોઇશે, તેનો

વિચાર કરીને સર્વ છોકરાંઓને રાષ્ટ્રીય સાર્વજનિક શાળાગૃહમાં મદ્યપાન અને માદક પદાર્થનું સેવન કરવાથી કેવો અનર્થ થાય છે, એ વિષે શાસ્ત્રીય શિક્ષણ અપાય એવો પ્રયત્ન કરવો.

૧૦ વરિષ્ટ શાળામાં અને વિશ્વ વિદ્યાલયોમાં ઉપર કહ્યા પ્રમાણેનું શિક્ષણ મળે એવો પ્રયત્ન કરીને આ વિદ્યાલયોમાં શીખનારા જુવાન સ્ત્રી પુરૂષોમાં મદ્યપાન નિષેધનો પ્રસાર કરવો.

૧૧ નાનાં છોકરાંઓ સારૂ બાલોદ્યાન અથવા "કિંડર ગાર્ટન" શાળાઓ સ્થાપીને તેને ઉત્તમ બાળ કેળવણી આપીને તેમને સારૂં વળણ આપવું.

૧૨ આદીતવારની, એટલે દર રવીવારે છોકરા અને મોટાં માણસોને ધર્મ શિક્ષણ આપવા સારૂ સ્થાપેલી જે નિશાળો છે, તેની ઉન્નતિ અને વૃદ્ધિ કરીને તેમાં મદ્યપાન નિષેધક મતનો પ્રસાર કરવો.

૧૩ મદ્યપાન વર્જક મતનો પ્રસાર કરનારા ગ્રંથ, વર્ત્તમાન પત્રો, માસિક પુસ્તકો અને નાના મોટાં પત્રકો છાપીને પ્રસિદ્ધ કરવાં.

૧૪ ભૂંડા, અશ્લીલ અનીતિ ઉપર અને માદક પદાર્થ સેવનને ઉત્તેજન મળનારા ગ્રંથો, પત્રો, પુસ્તકો વગેરે પ્રસિદ્ધ ન થવા દેવા માટે પ્રયત્ન કરવો.

૧૫ મેહેનત મજુરી કરીને પેટ ભરનારા, મહેનતુ અને ઉદ્યોગી લોકોને મદ્યપાન વર્જ કરવાથી શા ફાયદા છે, તે તેમને સમજાવવા.

૧૬ પાર્લામેંટના નિયમોના નમુના પ્રમાણે સભા, સમિતી

અને મોટી મંડળીઓ સ્થાપવાની, ચલાવવાની વગેરે રીત શીખવવી, તથા સભાના સાધારણ અને વિશેષ નિયમ શા છે, તે બાઇરાં અને છોકરાંને સમજાવવા.

૧૭ સ્ત્રી અને પુરૂષોની મદ્યપાન વર્જક મંડળીઓ સ્થાપીને તેમાં વ્યવસ્થા રાખીને, તેમને તે વિષે કામ કરતાં શીખવવાં.

૧૮ તમાકુ, અફિણ, ભાંગ ઇત્યાદિ માદક પદાર્થ સેવન કર્યાથી કેવો અનર્થ થાય છે, તથા મનુષ્ય ઉપર, શરીર ઉપર તેનું કેવું માઠું પરિણામ થાય છે, તે લોકોને સમજાવવું.

૧૯ ઔષધોમાં મદ્યાર્કયુકત પ્રવાહી પદાર્થવાળા ઓસડનો ઉપયોગ ન થાય એને સારૂં પ્રયત્ન કરવો અને મદ્યાર્કયુકત ઔષધો આપવાની જરૂર નથી એવું શાસ્ત્રીય અને રસાયનિક પ્રયોગ કરીને પ્રમાણ સિદ્ધ બતાવી આપવું.

૨૦. સર્વત્ર સદ્ધર્મ પસાર કરવો.

૨૧ પુષ્કળ ઠેકાણે લોકોને ધર્મ પુસ્તક વાંચીને સંભળાવવું ધર્મ ગ્રંથોમાં મદ્યપાન નિષેધ કરેલો છે, એવી લોકોને સમજણ આપવી.

૨૨ નાના મોટાં બંધીખાનામાં પડેલા કેદીઓના સમાચાર લેવા, તેમને ધર્મ, નીતિ, અને મદ્યવર્જનથી થનારા ફાયદા વિષે કેળવણી આપવી, તુરંગમાંહેના અને પોલીસ સ્ટેશનોમાંહેલા કેદીઓ તથા અનાથ ગૃહમાં રહેનારાં માણસોની બરદાસ્ત કરીને, તેમને સહાય કરવી.

૨૩ આગગાડી ઉપર અને આગગાડીના સ્ટેશન ઉપર

વગેરે ઠેકાણે કામ કરનારા મજૂરો અને કામદારોને મળીને, તેમને મદ્યપાન વર્જકમતની માહિતી આપવી; અને તેમને ધર્મ તથા નીતિ શીખવીને તેની આત્મિક ઉન્નતિ કરવી.

૨૪ ખારવાઓ તથા નૌકાસેનામાં કામ કરનારા અને જમીન ઉપરના લશ્કરના સિપાઇઓને ધર્મ, નીતિ શીખવીને મદ્યપાન ત્યાગ કરવાથી થનારા ફાયદા સમજાવવા.

૨૫ ધર્મ મંદીરોમાં "પ્રભુ ભોજન" નામના સંસ્કાર વેળાએ મદ્યાર્કયુક્ત દ્રાક્ષા રસનો ઉપયોગ ન થવા દેવાનો પ્રયત્ન કરવો.

૨૬ ખ્રિસ્તી મંડળોમાં વિશેષ પ્રાર્થનાને માટે ઠરાવેલા અઠવાડિયામાં એક વિશેષ દિવસે મદ્યપાન વર્જક સભાના કામના ઉત્કર્ષને માટે સર્વ ખ્રિસ્તી મંડળોએ પરમેશ્વરની પ્રાર્થના કરવા બાબત પ્રયત્ન કરવો.

૨૭ નીતી સંબંધી શુદ્ધતા લોકોમાં વધે, તેને સારૂ પ્રયત્ન કરવો.

૨૮ મોર્મનપંથી બઇરાંઓમાં નીતિ, ધર્મ અને મદ્યપાન નિષેધક મતનો પ્રસાર કરવો.

૨૯ યુનાઇટેડ સ્ટેટસના લોકોએ આદિતવારે વેપાર અથવા દુષ્કૃત્યો ન કરતાં, તે દિવસ પવિત્ર માનીને તે દહાડે ઇશ્વરનું ભજન કરવામાં વખત કહાડવા વિષે પ્રયત્ન કરવો.

૩૦ સંભાવિત સ્ત્રીઓને ઘેરે ઘેર જઇને, ત્યાં નાની નાની સમિતીમાં મદ્યપાન નિષેધક મતનો પ્રસાર કરવો.

૩૧ દવાખાનામાં, રોગી ભવનોમાં અને બીજે ઠેકાણે

જ્યાં જ્યા રોગી, દુ:ખી અથવા ઘરડાં માણસો હોય તેમને ફુલો અને બીજાં આનંદ પમાડે એવાં પદાર્થો લઇ જઇને આપવા.

૩૨ જ્યાં જાત્રા કે મેળા ભરાય છે તે જગાએ મદ્યપાન નિષેધક મતનો પ્રસાર કરવો; અને તરેહ તરેહનાં મદ્યોના તેમાં વેચવા સાટવાનું કામ ચાલે છે. તે ન થવા દેવાનો પ્રયત્ન કરવો.

૩૩ યુનાઇટેડ સ્ટેટની જૂદી જૂદી સંસ્થાનિક સરકારોને અરજ કરીને દેશમાંના દારૂનો વેપાર બંધ કરવાનો પ્રયત્ન કરવો.

૩૪ નીતિ પ્રસારના અને મદ્યપાન નિષેધના કામમાં મદદ થવા સારૂ સ્ત્રીઓને કાયદા કરવા વગેરે રાજકારણી હક્ક મળે, એવો પ્રયત્ન કરવો.

૩૫ પતિત સ્ત્રીઓનો ઉદ્ધાર કરીને, તેમને કાંઇપણ ઉદ્યોગ શિક્ષણ આપીને સન્માર્ગે લગાડવી; અનાથ નિરાશ્રિત સ્ત્રીઓ કામકાજે રહેલી હોય, ત્યાં કોઇ તરફથી તેમના ઉપર જૂલમ થતો હોય અથવા તેમનો જન્મ બગડવાનો સંભવ હોય, તેમનુ સંરક્ષણ કરવું, બીભત્સ અને અશ્લીલ ગ્રંથો તથા ચિત્રો પ્રસિદ્ધ ન થવા વિષે પ્રયત્ન કરવો અને સમાજિક શુદ્ધતાનો જેથી કરીને સર્વત્ર પ્રસાર થાય એવા તરેહવાર ઉપાયો કરવા.

૩૬ ચીકાગો શેહેરમાં યુનાઇટેડ સ્ટેટસની સ્ત્રીઓની રાષ્ટ્રીય મદ્યપાન નિષેધક મંડળીએ સ્થાપન કરેલા દવાખાનાની અને

રોગી ભવનની ઉન્નતીના અને તેના ઉપયોગીપણામાં વધારો કરવાના ઉપાયો કરીને ત્યાં મદ્યપાન વર્જક મતનું વૈદ્યક શીખવીને સ્ત્રીઓને તૈયાર કરવી.

૩૭ સર્વ દેશોમાં શાંતિ સ્થાપન થઇને કોઇમાં એ તકરાર કે ઊંચા મન થતાંજ તેમણે એકબીજા જોડે લડાઇ ન કરતાં તરાહિત દેશોએ કરેલા ફેંસલા પ્રમાણે પોતાની તકરાર મટાડવી. એ બાબત જૂદા જૂદા દેશાધ્યક્ષોના મન ફેરવીને યુદ્ધ કરવાની ક્રૂર અને રાક્ષસી ચાલ બંધ કરવાનો પ્રયત્ન કરવો.

૩૮ નિરનિરાળા શેહેરો માંહેલી અને ગામો માંહેલી પરોપકારી મંડળીઓને મદદ કરવી.

એ આડત્રીસ મુખ્ય કામોની સાથે બીજા પાંચ છ પરચુરણ કામો સ્ત્રીઓની મદ્યપાન નિષેધક મંડળીના હાથમાં હોય છે. તેના નામો અહીં ગણાવેલા નથી.

આ ચાલીસ પીસ્તાળીસ ખાતાના કામો કરવા સારૂ ઠામ ઠામ પેટા મંડળીઓ નીમેલી છે. તે સર્વની દેખરેખ રાખનારી એક અધિકારીણી હોય છે, એ અધિકારીણીએ દરવરસે દરેક સંસ્થાનમાં અને ઉપસંસ્થાનમા એ ખાતાના સંબંધમાં શું શું કામ કર્યું તેની માહિતી ટુંકામાં લખીને સ્ત્રીઓની રાષ્ટ્રીય મદ્યપાન નિષેધક મંડળીની મુખ્યા અધિકારિણીને મોકલવી. એમ જૂદા જૂદા પ્રકારની હકીગત આ મહાસભાના વારસીક વૃત્ત પુસ્તકમાં છાપીને પ્રસિદ્ધ થાય છે. જૂદા જૂદા ઠેકાણાની મંડળીઓનો ખરચ ચલાવવા સારૂ મંડળીના દરેક સભાસદને અરધો ડાલર

એટલે આસરે દોઢ રૂપીયો દરવરસે વર્ગણી આપવી એવો ઠરાવ છે. એ વિના પુષ્કળ ઉદાર સ્ત્રીઓ અને ગૃહસ્થો ભારે ભારે રકમોની બક્ષીસ પણ કરે છે.

આ મંડળીએ હાથમાં લીધેલા કામની તથા દરેક શાખામાં તેણે શું શું કર્યું છે તેની હકીકત ટુંકામાંએ આપવા જતાં એક જુદું પુસ્તક લખવું પડે, વાસ્તે તેમ કરવાની માથાફોડમાં પડતી નથી. એ મંડળીના સઘળાજ કામો ઘણાં મહત્વનાં છે, તથાપિ તે સર્વમાં એક અતિશય મહત્વનું છે તેનું વર્ણન કરવું જોઇએ. યુનાઇટેડ સ્ટેટસમાં મોટા માણસો પ્રમાણેજ નાના છોકરાંને પણ ઘણાએ એકઠાં થઇ સંપથી કામ કરવાની કેળવણી મળે છે એમ ઉપર કહેલું છે. આ દેશમાંના મોટા માણસોની પેઠેજ નાના છોકરાંનીએ સભાઓ સ્થપાઇને તે સભાની મારફત કંઇ વિશેષ કામ કરવાની ચાલ છે. ભૂતદયાનું, વિદ્યોન્નતિનું, પરોપકારનું, ધર્મ-પ્રસારનું વગેરે હજારો કામ કરનારી નાના છોકરાંઓની સભાઓ આ દેશમાં છે, તેમાં લક્ષાવધી છોકરી અને છોકરા પુષ્કળ પ્રકારના સારાં કામો કરે છે તેમાંથી યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય ખ્રિસ્તી સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીના પ્રયત્નથી જે છોકરાંઓની મદ્યનિષેધક મંડળીઓ સ્થાપવામાં આવેલી છે, તેની સંખ્યા દોઢ હજારની પાસે પાસે છે અને તેમાં છોકરાં અને છોકરી મળીને આશરે દોઢ લાખ બાળકો તેના સભાસદો છે! તે બધા પોતપોતાની આયાના અથવા પોતાની મેહેતીજીની મદદથી આ ઉત્કૃષ્ટ મંડળીનું કામ સારી રીતે ચલાવવાની સાથે તે છોકરાંઓએ અમે

મદ્ય કદિ પીશુ નહીં એવી પ્રતિજ્ઞા કરેલી છે. તે પાળવાની શક્તિ અને દ્દઢ નિશ્ચય તેમના હૃદયમાં ઉત્પન્ન થાય તે માટે સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીઓ અચળ ઉદ્યોગ કરે છે. રવિવારની ધર્મ શિક્ષણની શાળાઓમાં આ સ્ત્રીઓના પ્રયત્નથી મદ્યનિષેધને સંબધે કેળવણી છોકરાંઓને આપવામાં આવે છે. આ મંડળી માંહેલા ચોત્રીશ હજાર છોકરાંઓએ અત્રે દારૂ નહીં પીએ એવા કસમ લીધેલા છે. આ અસાધારણ દીર્ઘોદ્યોગી બાઇઓએ આજ સાત વરસથી સતત પ્રયત્ન કરીને યુનાઇટેડ સ્ટેટસના સાડત્રીસ સંસ્થાનોની સરકાર તરફથી સાર્વજનીક નિશાળોમાં છોકરાંઓને મદ્યનિષેધને સંબધે શાસ્ત્રીય શિક્ષણ મળે એવી મતલબના કાયદા કરાવી લઇને તે અમલમાં આણ્યા. એ સઘળા સંસ્થાનોની સાર્વજનિક નિશાળોમાં જેને મદ્યનિષેધને સંબધે શાસ્ત્રીય શિક્ષણ મળે છે, એવા છોકરાંની સંખ્યા પાંસઠ લાખ (૬૫૦૦૦૦૦) ઉપર છે. શાસ્ત્રીય રીતે કેળવણી આપીને દારૂ અને બીજા કેફી પદાર્થોના સેવનથી માણસના શરીર ઉપર કેવા માઠા પરિણામ થાય છે ને વિષે ઉદાહરણ સાથેની માહિતગારી જે લક્ષાવધિ છોકરાંઓને મળે છે, તેનું કંઇ નહિ ને કંઇ પણ જાથુનું શું પરિણામ તેમના મન ઉપર થશેજ. જે મોટાં માણસો મદ્યપાનના વ્યસનમાં નિર્મગ્ન થઇ ગયાં છે, તેમને ઉપદેશ કરવાથી વિશેષ ફાયદો થવાનો નથી એવું સમજીને આ શાણી અને દુરદર્શી સ્ત્રીઓએ ભાવિ પ્રજાના સુધારા સારૂ છોકરાંઓને ઉત્તમ કેળવણી મળવી જોઇએ વાસ્તે અશ્રાંત પ્રયત્ન ચલાવેલો છે.

મેઈન અને આયોવા સંસ્થાનમાં આજ ઘણા વરસથી ત્યાંની સંસ્થાનિક સરકારે મદ્યનિષેધનો કાયદો કરીને દારૂ ગાળવાની તથા દારૂ વેચવાની મનાઈ કરેલી છે; તથાપિ મદ્ય વેચનારાઓની કાવાદાવા ભરેલી રીત આગળ સરકારનો કશો ઉપાય ચાલતો નથી. છાની રીતે ત્યાં દારૂનો વેપાર ચાલે છે. આસરે એ વરસ ઉપર ક્યાન્સસ સંસ્થાનનાં શહરાંઓએ મ્યુનિસિપાલિટીને સંબંધે ઘણા મહત્વના રાજકીય હક્ક મેળવ્યા. ત્યારે તેમણે પેહેલવેહેલો જે મહત્વના કામમાં પોતાના મતનો ઉપયોગ કર્યો-તે તે સંસ્થાનમાંથી મદ્યનો વેપાર તદ્દન બંધ કરવાનું છે. એ-માંની અરધાથી વધારે સ્ત્રીઓ મદ્યનિષેધક મંડળીની સભાસદ હતી તેમણે છાની રીતે એ કોઈ જગાએ મદ્યનો વેપાર ન થાય તેને સારૂ ખટપટ ચલાવી. સ્ત્રીઓનું પીઠબળ ન મળવાથી મેઇન સંસ્થાનના પુરૂષોથી પચીસ છવીસ વરસમાં જે કામ થયું નહીં, તે સ્ત્રી પુરૂષોની સંયુક્ત શક્તિથી ક્યાન્સસ સંસ્થાનના લોકોએ એ વરસની અંદરજ ઘણું ખરૂં પાર પાડ્યું. યુનાઇટેડ સ્ટેટ્સની રાષ્ટ્રીય શાસક સભામાં ક્યાન્સસ તરફથી ગએલો એક કારભારી (સેનેટર ઇંગલ્સ) એમ કહે છે કે, || 'ક્યાન્સસમાં દારૂ પીને લ-

|| Prohibition in Kansas.—Senator Ingalls, in the Forum for August, thus speaks of "Prohibition in Kansas." "Kansas has abolished the saloon. The open dram—shop traffic is as extinct as the sale of indulgences. A

ચડીયાં ખાતો માણુસ એ એક કદી ન બનનારી નવાઇની વાત થઇ પડી છે. દારૂની દુકાનો અને નાના નાના પીઠાંઓએ કેવળ જૂના પડેલી ઇમિરતોના ખંડેરની શોધ કરનાર પ્રાચીન તત્વ વેત્તાનેજ માલમ હશે.' કયાન્સસની સ્ત્રીઓએ જ્યારે કેટલાએક રાજકારણી હક્કો મળ્યા, ત્યારે તે સંસ્થાન માંહેલા એક ગામના કેટલાએક કુચેષ્ટાખોર પુરૂષોએ—(સ્ત્રીઓને રાજકારણ હક્ક આપવા વાજબી નથી; તેમનાથી રાજકારણી મહત્વના કામો થઇ શકશે નહીં; એવું ઉદાહરણ સાથે સિદ્ધ કરી બતાવવા સારૂ)—એક કુબીલદાર બાળબચ્ચાવાળી બાઇને પોતાના ગામની મેયર (Mayor એટલે એકાદ શેહેર કે ગામમાં સંસ્થાનના કાયદા અમલમાં આણીને રાજ્ય કારભાર ચલાવનાર મુખ્ય અધિકારી) બનાવી આ બાઇને મેયર કરનારા માણસોને તે બાઇ પદારૂઢ થઇ તેને બીજેજ દહાડે એમ જણાઇ આવ્યુ કે, સ્ત્રીઓને રાજ્યકારભાર ચલાવતાં અને કાયદા અમલમાં આણતાં નહીં

---

drunkard is a phenomenon The bar-keeper has joined the troubadour, the crusader, and the mound-builder. The brewery, the distillery, and the bonded warehouse are known only to the archoeologist." It seems incredible that among a population of 1,700,000 people, extending from the Missouri River to colorado and from Nebraska to Oklahoma, there is not

આવડે, એવું આપણું અનુમાન ભુલ ભરેલું હતું. તે બાઇએ મેયરનો અધિકાર હાથમાં લેતાંજ, ગામ માંહેલા નાના મોટા દારૂ વેચનારા પીઠાં, જુગાર રમવાની જગાઓ, અને એવાજ પ્રકારના ગેરકાયદે કૃત્ય કરનાર ઠેકાણાઓની તપાસ કરીને તે બંધ કરી નાંખ્યાં. ગામમાંહેલા બહરા અને સજ્જન પુરૂષોએ તેને એવા છાના ઠેકાણાઓ શોધી કહાડવાના કામમાં ઘણી મદદ કરી તેનો કારભાર તે ગામના લોકોને ઘણોજ પસંદ પડેલો છે અને તે ઘણા બંદોબસ્તથી સારી રીતે પોતાનો અધિકાર ચલાવે છે. યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય ખ્રિસ્તી સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીના સભાસદોને કેટલાક વરસ પેહેલા સ્ત્રીઓને રાજકારણી હક્ક મળવાની જરૂર નથી એમ લાગતું હતું. પણ આ પંદર વરસમાં તેણે કરેલા અણહદ પરિશ્રમથી જે ફળ ઉત્પન્ન થવું જોઇએ તે થયું નહીં. તેનું કારણ કહીએ તો માત્ર રાજ્યકીય હક્કનો અભાવ હતો, એવું તેમના અનુભવમાં આવ્યું છે. દારૂનો વેપાર

---

a place which the thirsty or hilarious wayfarer can enter, and, laying down a coin, deman his glass of beer. This does not imply that absolute drouth prevails everywhere, or that 'social irrigation' has entirely disappeared. But the habit of drinking is dying out. Temptation being removed from the young and the infirm, they have been fortified and redeemed.

કરનારા ઘણા ખરા બધાજ મરદો છે. તેમણે કરોડો રૂપિયા એ વેપારમાં મેળવ્યા છે, તેમના અનુયાયીએ ઘણા પુરૂષોજ છે. તે બધાઓને રાજકારણી હક્ક છે, તેઓ મદ્ય નિષેધક કાયદા કરવાના સંબંધમાં ચાલેલા આ સ્ત્રીઓના પ્રયત્ન નિષ્ફળ થાય, એવી રીતે પોતાનો મત આપે છે. જ્યારે જ્યાં વધારે મત તેણીમેરજં કાયદાનું જોર હોય, કાયદા કરવામાં તો સ્ત્રીઓના પક્ષમાં શુન્ય, અને પુરૂષોના, તેમાં દારૂ વેચનારા અને દારૂ પીનારા પુરૂષોને કાયદા કરવાના હક્કની સાથે પૈસાનુંએ જોર છે. તેમાંથી કેટલાએક સ્ત્રીઓને મળ્યા વિના તેમનાથી આ મદ્યરાક્ષસ ને જેર થઇ શકવાનો નથી એવું ઘણા પુરૂષો તથા સ્ત્રીઓને લાગવા માંડયું છે. વાસ્તે સ્ત્રીઓને રાજકારણી મળે તે વાસ્તે તેઓ ઘણી મેહેનત કરે છે.

યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીની મહામાન્ય અધ્યક્ષ બાઈ મિસ ફ્રાન્સેસ ઇ. વિલર્ડની કલ્પેલી કાર્ય કારણુ શકિત વડે તથા તેની બેનપણીઓની મદદથી એક

The liquor—seller, being proscribed, is an out law, and his vocation disreputable. Drinking, being stigmatized, is out of fashion and consmption of intoxicants has enormously decreased. Intelligent and conservative observers estimate the reduction at 90 percent; it cannot be less then 75."

સાર્વ રાષ્ટ્રીય સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળી સ્થાપન થઇ છે. ઇ. સ. ૧૮૮૩માં વિલર્ડબાઇના મનમાં એ કલ્પના ઉત્પન્ન થઇ, અને તેના સંબંધમાં સર્વ વિચાર કરીને તે કઇ રીતે પાર પાડવું તે બાબતની કલ્પના પરિપક્વ દશામાં આવ્યા પછી ઇ. સ. ૧૮૮૪ માં આ **સાર્વ રાષ્ટ્રીય સ્ત્રિઓની મદ્યનિષેધક મંડળી** સ્થાપન થઈ છે. મિસેસ મેરી ક્લેમેંટ નામની હિંમતવાન, પરાક્રમી અને દૃઢ નિશ્ચયવાળી બાઇ આ મંડળીની દૂતી થઇને સર્વત્ર મદ્યનિષેધક મંડળીઓ સ્થાપવાના હેતુથી પૃથ્વી પ્રદક્ષિણા કરવાને નીકળી, તે પેહેલી હવાઇ બેટમાં ગઇ, પછી આસ્ટ્રેલિયા, જાપાન, ચીન, સિલોન, હિંદુસ્તાન, માડાગાસ્કર અને આફ્રિકા ઇત્યાદિ દેશોમાં જઇને સેંકડો મદ્યનિષેધક મંડળીઓ સ્થાપન કરી. ત્યાર પછી તે યુરોપના સર્વ દેશોમાં જવાની હતી. તે એકલી નિરાશ્રિત બાઈ આ મહત્કૃત્ય માટે નીકળી, ત્યારે તેના હાથમાં પૈસા નહોતા, સાથે કોઇ માણસ નહોતું, પણ તેનો પરમેશ્વર અને તેનો આ સતકર્મ કરવાનો દૃઢ નિશ્ચય તેની સાથે હતા, તેથી તે જ્યાં ગઈ, ત્યાં તેને મદદ મળતી. તેથી હાલમાં ઘણા ખરા ' સભ્ય દેશોમાં સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીઓ સ્થાપન થઇ છે. યુનાઇટેડ સ્ટેટસની સ્ત્રીઓનો ઉત્સાહ તથા કામ કરવાની હોંશીઆરી જોઇને ઇંગ્લાંડની સ્ત્રીઓના શરીરમાં એ આવેશ આવ્યો તેમણે "બ્રિટિશ વોમન્સ ટેમ્પરન્સ એસો- સિએશન્" નામની રાષ્ટ્રીય સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળી સ્થાપી છે, તેના હાથથી પુષ્કળ સત્કર્મો થાય છે. કેનેડામાં એ એક

રાષ્ટ્રીય સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળી છે. § તેણે તે દેશમાં દારૂ વેચાય લેવાય નહીં એ માટે ઘણી મેહેનત કરે છે. § આસ્ત્રેલિયા, હવાઇ બેટ, મેડાગાસ્કર અને આફ્રિકા ખંડમાંએ એવી સભાઓ છે. મારી હિંદુસ્તાનવાસી બેહેનો, તમે પાછળ કેમ પડી રહી છો ? આપણા દેશમાં એવી એક રાષ્ટ્રીય મંડળી જરૂર હોવી જોઇએ. આ સાર્વ રાષ્ટ્રીય સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળી તરફથી એક મોટી અરજી સર્વ દેશોના શાસકો ઉપર જવાની છે. "તમે પોત પોતાના દેશમાં મદ્યનો તથા માદક પદાર્થનો વેપાર બંધ કરો:" એવી સઘળા દેશોની સ્ત્રીઓ રાષ્ટ્ર શાસકોને વિનંતી કરનાર છે. આપણા હિંદુસ્તાનની સઘળી સ્ત્રીઓએ એ અરજી ઉપર સહીઓ કરવી જોઇએ. વળી તે અરજી ચારેમેર ફેરવીને તે ઉપર સહીઓ લેવાનો પ્રયત્ન સઘળાએ કરવો. આ મહત્કૃત્યને સીધી કે આડકતરી રીતે મદદ નહીં કરે એવા જૂદા સ્વભાવના માણસ આપણા હિંદુસ્તાનમાં એક પણ નહો, એવી મારી તો

§ આ મંડળીને એક શાખા મધ્ય પ્રાંતના મુખ્ય શેહેર ઇંદોર કાંપમાં છે. તેના પરિશ્રમથી હાલમાં ત્યાં એક સ્ત્રી બાળકોનુ રોગી ભવન સ્થાપવામાં આવ્યું છે, તથા મદ્યવર્જક મતનો પ્રસાર કરવા સારૂ હિંદી ભાષામાં છુટા પત્રકો અને ચોપાનિયાં લોકોમાં મફત વહેંચે છે. અને ત્યાંની મિશન મંડળીના માણસો ઘણા મીલનસાર છે તેથી ત્યાંની પ્રજા તેના ઉપર ઘણો પ્રેમ રાખે છે એવી મે સને ૧૮૯૩ના જુલાઇ માસમાં તેણીમેર પ્રવાસ કરતાં નજરે નજર જોવાથી ઘણો સંતોષ થયો હતો.

ભા. ક.

જગન્નિયંતા પાસે પ્રાર્થના છે. હાલમાં આ સાર્વ રાષ્ટ્રીય સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીને અધ્યક્ષસ્થાને મિસ ફ્રાન્સેસ ઇ. વિલર્ડ બાઇ છે. તેના અધ્યક્ષપણા નીચે આજ કંઇ નહીં તોય દસ લાખ બાઇરાં આખી પૃથ્વી ઉપર મદ્યનિષેધને સંબંધે ઉદ્યોગ કરે છે. એ મદ્યનિષેધક મંડળી સર્વ દેશ માંહેલી **સ્ત્રીઓનો સંયુકત લોકસત્તાક રાજ્ય** છે. એ સ્ત્રીઓ પોતાની ઉજવળ પાટીના ‡ પવિત્ર બંધનથી આ શાંતિની અને પ્રીતીની નિશાની વડે આખી પૃથ્વીને મૈત્રીના બંધનથી બાંધી એકસંપ કરે છે. સર્વ દેશોની સ્ત્રીઓમાં શાંતિ, પ્રીતિ અને મૈત્રી જેવા અમૂલ્ય અને સર્વ સુખના મૂળનો પ્રસાર કરે છે. હજારો વરસ થયાં જેના હાથમાં હથિયારો છે, જેના શરીરમાં બળ છે અને જેઓ સમાજના ચાલાક અને શાસક છે એવા પુરૂષોથી રાજાના રાજવડે ને વિદ્યાના દિગ્વિજય વડે જે મહત્કૃત્ય થયું નહીં, તે આ અજ્ઞાન અબળા કહીને ધિક્કારી કહાડેલી બાઇરાંઓએ કર્યું. હે પરમેશ્વર તને ધન્ય છે! તું ગર્વીષ્ટોનો ગર્વ તોડી નાંખવા સારૂ દુનિયાએ ધિક્કારેલાં જ માણુસોને સાધનભૂત કરે છે, તારા હાથથી એકાદું તરણું એ વજ્ર જેવું અપાર શક્તિમાન થાય છે!

---

‡ યુનાઇટેડ સ્ટેટસના અને સાર્વ રાષ્ટ્રીય સ્ત્રીઓની મદ્યનિષેધક મંડળીના સ્ત્રી વર્ગની નિશાની ઉજવળ પાટી છે. તે પોતાની છાતી ઉપર ધારણ કરે છે; તેનો અર્થ તે બાઇઓ આ મંડળીનું પવિત્ર કામ અંતઃકરણથી તથા હૃદયની પ્રીતિ આપીને કરે છે અને સર્વ માણુસો ઉપર તેમની પ્રીતિ છે એવી એમાં ઉંડી મતલબ છે.

વેપાર ધંધા.

યુનાઇટેડ સ્ટેટસની રાજ્યવ્યવસ્થાની તથા સ્ત્રીઓની સ્થિતિની પાસે પાસેનો ઘણો મહત્વનો અને વિચાર કરવાલાયક વિષય ત્યાંનો વેપાર રોજગાર છે. યુનાઇટેડ સ્ટેટસને આજે જે એટલું મહત્વ આવ્યું છે. તે ઘણું ખરૂં તેના ઉદ્યોગ ધંધાથી આવ્યું છે. આ ઉદ્યોગ ધંધાનું સ્વરૂપ જણાવવાની પેહેલા તેને ઉત્તેજન આપનારી જે કેટલીએક વાતોછે, તેનો પ્રથમ વિચાર કરીએ તો અહીંની ઘણીખરી સર્વ વાતને સાર્વજનત્વ છે, તે તેના ઉત્કર્ષનું મુખ્ય સાધન છે. ગામોના રસ્તા, જવા આવવાનાં સાધનો એટલે ગાડીઓ, દુકાન માંહેલા પદાર્થ વેચવાની રીતિ, વિદ્યાલયો, વર્તમાનપત્રો, પુસ્તકાલયો, માહિતી મેળવવાનાં ઠેકાણા ઇત્યાદિ જરૂરની જે બાબતો તે છેક સેહેલી અને સર્વના ઉપયોગમાં આવી શકે એવી કરેલી હોય છે, એ તો પાછળ કહેવામાં આવેલું છે.

સરકારી લોકોપયોગી કૃત્યો.

યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય શાસનપદ્ધતિનું સ્વરૂપ જોતાં તે લોકોની સગવડ તરફ કેટલું લક્ષ આપીને કરેલી છે, તે તે વેળાએજ જણાઇ આવે છે. દેશનો કારભાર સરળતાથી ચાલવાથી રાજ્યમાં શાંતિ રહીને લોકોને સુખ થાય છે. અને સર્વ વ્યવહાર સારા ચાલે છે, એતો ખરી વાત છે. તથાપિ તેટલો દેશનો કારભાર ચલાવ્યાથીજ સરકારની પોતાની ફરજ અદા થઇ

એમ નથી. પણ જેથી કરીને સર્વ લોકોને વધારે સુખ અને સગવડ પ્રાપ્ત થાય એવાં લોકોપયોગી. કૃત્યો કરવાં એ પણ પોતાની ફરજ છે એવું સમજીને યુનાઇટેડ સ્ટેટસની સરકારે તેવા કરવાનાં કામો હાથમાં લીધાં છે. તેમાંના મુખ્ય મુખ્ય કામો વિશે અહીં ટુંકામાં કહુંછું.

કૃષિ વિદ્યા વિભાગ—આ ખાતામાં સરાસરી દશહજાર માણસો કામ કરેછે અને તેમાંના ઘણાખરા તો મફતજ કામ કરે છે. તે ખાતાનું વડુ કાર્યાલય વૉશિંટન શેહેરમાં છે, તેમાં જે લોકો મફત કામ કરે છે તેનું કર્તવ્ય એ છે કે, તેઓ જ્યાં રેહેતા હોય તે અને તેની આસપાસના ભાગમાં ખેતીની સ્થિતી કેવી છે; પરગામ અને પરદેશમાં માલની રવાનગી કરતાં ભાડુ શું પડે, તથા ખેતરમાં અને ખળીમાં પડેલા માલની કિંમત અને તેજ માલ શેહેરમાં આવ્યા પછી તેનો ભાવ; તેને ઠેકાણે ઉપયોગમાં આવનારા પદાર્થની તપસીલ અને તે કયે કયે ઠેકાણે આવે છે, ઇત્યાદિ વાતોની ખબર આપવી. તે ખબર મળ્યાપછી કૃષિવિદ્યા વિભાગના કાર્યાલય (ઓફીસ) તરફથી તે દર મહિને વાકયોના રૂપમાં પ્રસિદ્ધ થઇને મુખ્ય મુખ્ય ઠેકાણે વેપારીઓની સભાઓને તથા વર્તમાન પત્રવાળાઓ વગેરેને વેહેંચી દેવામાં આવે છે. તેને લીધે વેપારીઓને તથા વિશેષ કરીને ખેડુતોને ઘણી મદદ થઇ પડે છે (આ દેશના ખેડુતો આપણા હિંદુસ્તાનના ખેડુતો જેવા અભણ નથી હોતા, તેને લખતાં વાંચતાં આવડે છે. તેથી તેઓ પોતાની ખેતીમાં સુધારો કેમ કરવો

તથા તેને શાશા સાધનની જરૂર છે, તે તેઓ પુસ્તકો, વર્તમાન પત્રો અને ઉપર કહેલા વાક્યો વાંચીને જાણીતા થાય છે) ઉપર કહેલી ખબર જાણ્યાથી વેપારી અને ખેડૂત પોત પોતાનો માલ વેચવાનો છે તે કેટલી કિંમતનો છે. અને જે આપણે ખરીદ કરવાનો છે તેનો ભાવ શો છે, જૂદી જૂદી જગ્યાની મજૂરીનો દર શો છે તે જાણી લઇને પોતાનાં કામો સેહેલથી કરી શકે છે. યુનાઇટેડ સ્ટેટસના ખેતીવાડી ખાતા તરફથી નાના પ્રકારના બીયાં આખા દેશમાં વહેંચવામાં આવે છે. તે જ્યાં ત્યાં વાવીને કેવી જમીનમાં કયા પ્રકારનું ધાન્ય કેટલું અને શું કર્યાથી વધારે ઉત્પન્ન થશે, કઇ જમીનનો ગુણ કેવો છે. ઇત્યાદિ માહિતી ઘણી બારીકાઇથી મેળવીને છાપીને પ્રસિદ્ધ કરવામાં આવે છે. એજ પ્રમાણે જૂદા જૂદા પ્રદેશોમાં અનાજનો નાશ કરનાર કીડા, પ્રાણી અને પક્ષિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કેમ થાય છે, તેનો શોધ પ્રાણી શાસ્ત્ર, કૃષિ શાસ્ત્ર તથા રસાયન શાસ્ત્ર ઉત્તમ રીતે જાણનારા લોકો પાસે કરાવવામાં આવે છે. અને તેની માહિતી છાપીને દરેક ઠેકાણાની સ્થાનિક ખેડૂતોની મંડળીઓમાં વેહેંચી દે છે. વાશિંગટન શેહેરમાં આ ખાતાના ઉપયોગ સારૂ જે જમીન આપેલી છે, તેમાં સઘળા દેશોમાં અને સર્વ પ્રકારની હવામાં ઉત્પન્ન થનારાં ધાન્યના અને ફૂલો તથા કંદના બીયાં વગેરે વાવીને તે આ દેશમાં ઉગે છે કે નહીં તેની તપાસ કરી જોવામાં આવે છે. પછી તે આ દેશના કયા ભાગમાં સારી થશે તે જાણી લઇને તે ભાગમાં તેની વાવણી કરે છે. એવી

રીતે પરદેશમાંથી આણેલાં પુષ્કળ ફળો, મૂળ, ફૂલ અને ધાન્ય અહીં ઉત્પન્ન થઇને આ દેશના વૈભવમાં વધારો કરે છે. દાખલા માટે તેની એશિયામાંથી આણેલી નારંગી લ્યો. કેટલાક વરસ ઉપર એ નારંગી દક્ષિણ કાલિફોર્નિયામાં આણીને વાવી. તે હાલમાં તે પ્રાંતમાં ઘણી સારી માનવામાં આવે છે તેના વેપારથી તેણીમેરના બાગાયત કરનાર લોકોને ઘણો નફો થાય છે. સેરડી, ચહા ઈત્યાદિ પરદેશી પદાર્થ આ દેશમાં ઉત્પન્ન થશે, એવું આજ ખાતા તરફથી લોકોના જાણવામાં આવ્યું. હવે તેની ઉપજથી આખા દેશને મોટો લાભ થાય છે; આ ખાતાના અધિકારીઓ પરદેશમાંથી બિયાં મંગાવીને તે પોતાના દેશમાં વવરાવીને નિરાંતે બેસી રહેતા નથી. તથાપિ દરેક ધાન્યના ગુણ શા છે, તેમાં પૌષ્ટિક ગુણ કેટલો છે, તેમાં રોગ કયા કયા પ્રકારના છે. અને તે રોગ દૂર કરવાના ઉપાયો શા છે, આપણા દેશમાં ઝાડ કેટલા પ્રકારના છે. કઇ જાતના ઝાડનું લાકડું કયા કામમા ઉપયોગી પડે છે. એટલી વાતોની તપાસ કરીને તેની હકીગત છાપીને પ્રસિદ્ધ કરે છે. તેજ પ્રમાણે ઢોર, ઘોડા, ઘેટાં, ડુક્કર ઈત્યાદિ ઉપયોગી પ્રાણીનો સ્વભાવ જૂદી જૂદી જાતી તથા જાતિના સંયોગથી કેવી કેવી ઓલાદ ઉત્પન્ન થાય છે. તેમના રોગોનાં નિદાન અને તે દૂર કરવાના ઉપાય ઈત્યાદિ બાબતોની બધી હકીગત દેશના તમામ રહેવાશીઓને વાકેફ કરીને એ આખું દેશને અગણિત ફાયદા કરે છે.

અંતરીક્ષ વિદ્યા વિભાગ—કૃષિ વિદ્યા વિભાગની પેઠેજ

આ દેશની સરકારે આ અંતરીક્ષ વિદ્યા વિભાગ સર્વ લોકોના અને રાષ્ટ્રીય વેપારની મદદ સારૂ સ્થાપેલો છે. આ ત્રણ હજાર મૈલ લંબાઇ અને બે હજાર મૈલ પહોળાઈ વાળા વિશાળ દેશમાં અંતરીક્ષ વિદ્યા વિભાગની દોઢસો ઓફીસો (થાણાં) છે અને તેની મુખ્ય આફીસ વૉશિંટન શેહરમાં છે. ત્યાં ઉપલે દોઢસો ઠેકાણેથી હવામાન બાબતની અને આકાંશ માંહેલા બીજા ફેરફારની ખબરો દરરોજ બે વાર આવે છે. અહીં જ્યોતિષ વિદ્યામાં અને અંતરીક્ષવિદ્યામાં ઘણાં હોંશીઆર માણસોને સરકારે એ બાબતની માહિતી મેળવવા સારૂ નિમેલા છે. તે આ દોઢસો ઠેકાણાના હવામાન માંહેલા તમામ ફેરફારનું ટીપ્પણ કરીને તેની વ્યવહારોપયોગી હકીગત આ દેશને સર્વ ઠેકાણે મોકલે છે. એ ખબર તારની મારફત મોકલવામાં આવે છે. નાના મોટા શેહેરો અને ગામોમાં સર્વ પ્રકારના વેપારી લોકોની તથા ખેડુતોની હજારો સભા છે; તેની નાની મોટી આફીસોમાં, આગગાડીના સ્ટેશનો ઉપર અને તમામ બંદરોના ડક્કા ઉપર એ ખબર યથાસ્થિત રીતે સર્વ લોકો જાણે એવી ગોઠવણ કરેલી હોય છે. તેથી વેપારીઓને, આગગાડીઓ ચલાવનારાઓને, મુસાફરોને, વહાણ ઉપરના કામદારોને તથા ખેડૂતો, અને પુટકલ કામ કરનારા વગેરે સર્વ લોકોને આ દેશના કયા ભાગમાં કઇ વેળાએ હવામાં શા શા ફેરફાર થશે અને તે ફેરફાર સાથે આપણા કામને શો સંબંધ છે, તે જાણવામાં આવે છે, તેથી તે ફેરફારથી પોતાના કામને નુકશાન ન થાય એવા ઉપાય

ચોજવાને બીલકુલ આળસ કે વાર લાગતી નથી. સમુદ્ર કિનારા ઉપર અને નદી કિનારા ઉપરનાં મુખ્ય મુખ્ય બંદરોમાં એવીજ દિનચર્યાની માહિતી આપનારી આફીસો સ્થાપેલી છે. ત્યાંથી હવાના ફેરફારની ખબરો વૉશિંગટન શહેરમાં જાય છે; ત્યાં તે માહિતીને વ્યવહારોપયોગી કરીને યુનાઇટેડ સ્ટેટસની સરકારની નૌકા સેનાના મુખ્ય અધિકારી, સર્વ બંદરોમાં તે ખબર મોકલાવી દે છે. તેજ પ્રમાણે સમુદ્ર કિનારા ઉપર, મોટા સરોવરના અને નદીઓના કાંઠા ઉપર હોનારા વિકટ ઠેકાણું કે જ્યાં વહાણો ભાંગી જઇને માણસના જીવના જોખમ થવાનો સંભવ હોય છે ત્યાં પ્રાણરક્ષક થાણાં સ્થાપેલા છે. ત્યાં નાની નાની જીવ બચાવનારી હોડીઓ, તથા પાણીમાં ડુબેલા માણસને મદદ થવા સારૂ સર્વ સાધનો રાખેલાં હોય છે; અને ભર તોફાનની વેળાએ પણ દરિયામાં ભુસ્કો મારવાને ડરે નહીં એવા હોંશીઆર, હિંમતવાન અને અનુભવી પુરૂષોને મોટા પગાર આપીને બુડતાંને બચાવવા સારૂ રાખેલા હોય છે.

જેના વડે તોફાનમાં સપડાયલા લક્ષાવધી લોકોના જીવ બચ્યાં છે, તેવા પ્રાણ રક્ષક ખાતાંના જેવુંજ વળી એક ઘણું ઉપયોગી ખાતુ સરકારના ખરચથી ચાલતાં તે ઘણું ઉત્તમ કામ બજાવે છે. તેને **દીપગૃહ વિભાગ** કહે છે. યુનાઇટેડ સ્ટેટસની સરકારે ઇ. સ. ૧૮૮૦ સુધીમાં દરિયા માંહેલા ભયંકર ખડકો ઉપર નવસેં દીવાદાંડી બાંધી છે અને નદીઓના કીનારા ઉપર એક હજાર (૧૦૦૦) આકાશ દીવા સળગાવવાની જગાઓ

બાંધીને તેનો ખરચ સરકાર પોતાની ત્રીજોરીમાંથી ચલાવે છે. સમુદ્ર માંહેલી જૂદી જૂદી જગ્યાઓ કે જ્યાં ગયાથી વહાણ અફળાઇને ભાંગવાનો સંભવ છે ત્યાં લંગર કરેલાં વહાણો રાખીને તે ઉપર દીવા કરવાની ગોઠવણ કરેલી હોય છે. એવા સઘળાં વહાણો ઉપર રાતની વેળાએ અને ધુમસ પડી હોય તો દિવસે પણ દીવા કરવામાં આવે છે. તેનું અજવાળું આઘે સુધી જણાય છે. તે જોઇને જે ઠેકાણે એવો દીવો સળગતો દીઠામાં આવે ત્યાં કોઇ ભયંકર ખડક છે, એવું સમજીને વહાણવાળાએ પોતાનાં વહાણોને તેથી દૂર રાખે છે. એથી હજારો વહાણો ભાંગીને ડુબવાનો તથા લાખો માણસોને બુડી મરવાનો અવસર જઇને ઉગરે છે. દરરોજ હવામાનની અને અંતરીક્ષની પરીક્ષા કરીને ક્યાં તોફાન થવાનું છે અને ક્યાં નથી થવાનું, વગેરેની સર્વ માહિતી દરરોજ દરેક બંદરમાં વહાણોના ડક્કા ઉપર આપવામાં આવે છે, એકાદા ડક્કા પાસે તોફાન થઇને ત્યાં તરતાં વહાણો તેમાં સપડાવાનો સંભવ જાણતાંજ વાદળી નીશાનો ઉભાં કરીને નૌકા નાયકોને પોતપોતાના વહાણોને ડક્કા ઉપરથી આઘા લઇ જવાની સૂચના આપવામા આવે છે. આ સમુદ્ર ઉપરના, નદીના કે સરોવર ઉપરના બનનારા બનાવની, હવામાનની વગેરેની ખબર આપવાનું કામ આ દેશના નૌકા સેનાધિપતિનું છે. નદીઓ ઉપર આકાશ દીવાના સ્તંભો બાંધવા, નદી માર્ગો સારાં રાખીને તેને ઉત્તમ બનાવવા, સરોવર ઉપરના તથા નદીઓ ઉપરના ડક્કા અને સમુદ્ર ઉપરના બંદરો સુધારીને લો-

કોપયોગી કરવા ઇત્યાદિ કામો આ દેશના ખુશકી અને તરી સેના ખાતાને સોંપી દીધેલાં છે. આ દેશની સરકારની જે થોડી સેના છે, તેમાંના સિપાઇઓ અને અધિકારીઓને બેઠા ખવરાવવાનો ચાલ તે સરકારનો નથી. તે જે અન્ન ખાય છે, તેના બદલામાં અંગ વાળીને કામ કરવું જોઇએ. એ બંને લશ્કરોને ખૂબ જોરે લડીને લોકોના જીવ લેવાના પ્રસંગ ઘણા થોડા આવે છે વાસ્તે તેનો ઉપયોગ ઘણું કરીને લોકોપયોગી કામો કરવામાં અને લોકોના પ્રાણનું રક્ષણ કરવામાં થાય છે, એ વાત મોટી અભિનંદનીય અને યુનાઇટેડ સ્ટેટસના પ્રજા સત્તાક રાજ્યને શોભા આપનારી છે.

યુનાઇટેડ સ્ટેટસની સરકારે સ્થાપેલું નદી, સરોવર અને સમુદ્રના કિનારાની વગેરે મોજણી કરનારૂં ખાતું એ વેપારને સંબંધે ઘણું મહત્વનું છે. એ ખાતાના અધિકારી અને તેના મદદનીસ સમુદ્રકાંઠા, અખાતો, ઉપસાગરો, ખાડીઓ સરોવરો, નદીઓ, બંદરો વગેરના ગુણ અવગુણની સારી તપાસ કરીને કયે ઠેકાણે વેપાર અનુકૂળ છે, તેમાં ઉત્તમ મધ્યમ અને કનિષ્ટ પ્રતિના ક્યાં ક્યાં છે અને કયા પ્રતિકૂળ છે, કયાં શું કીધાથી તે બંદર અથવા ઠેકાણું વેપારના કામમાં ઉપયોગી પડશે વગેરેની સવીસ્તર માહિતી આપે છે. આ ખાતાના અધિકારી અક્ષાશ સાધવાની યુક્તિ શોધી કહાડી છે; મેકિસકોના ઉપસાગરમાંના ભરતી ઓટનું કારણ શું છે. તેની શોધ કરીને ત્યાં તે એકવારજ આવવાનું કારણ શોધી કહાડયું. સમુદ્રની અંદરનું મોટું વેહેણ

અને વમળમાં સપડાતા વહાંણોને કેમ મુક્ત કરવાં તે નૈકાનયનને અનકૂળ પડતાં શી રીતે કરી લેવાં, ઇત્યાદિ ઉપાયો શોધી કહાડી-ને સમુદ્ર ઉપરના વેપારને સારી મદદ કરી છે.

વાશિંગટન, શેહેરમાં રાષ્ટ્રીય સરકારની સનંદો તથા વિશેષ અધિકાર આપવાની કચેરી છે. ત્યાં આ દેશ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી તે આજ સુધીમાં જે નવા. નવા શોધ થયા, નવી યુક્તીઓ નીકળી, તરેહ તરેહની શિલ્પકળા દેખાડનારા નવા પદાર્થ અને હથિયારો વગેરે બનાવવામાં આવ્યા. તેના નમુના અને પ્રતિકૃતિ પ્રદર્શન સારૂ રાખીને, તેને માટે તેના નિર્માણ કર્તાને આ કચેરીમાંથી સનંદ અને વિશેષ અધિકાર આપવામાં આવ્યો છે અને આવે છે. તે સનંદો આપવામાં સરકાર પોતા-નો ભંડાર ભરવા તરફ લક્ષ રાખતી નથી. પણ સાધારણ દરથી તે આપીને શિલ્પી લોકોના હક્કનું રક્ષણ કરે છે. અને કળા કૌશલ્યને ઉત્તેજન આપે છે. વાશિંગટન શેહેરમાં જે સર્વોત્કૃષ્ટ જોવા જોગ સ્થળ છે, તે આ સનંદો આપવાની કચેરી છે. ત્યાં જઈને ઉપર કહેલી બનાવટોની વસ્તુના પ્રતિકૃતિના નમુના જોતાં યુનાઇટેડ સ્ટેટસના લોકોની કળાકૌશલ્યને અને તેમની કલ્પનાશક્તિને ધન્ય છે, એમ લાગ્યા વગર રહેતું નથી. આ દેશને સ્વતંત્રતા આવ્યા પછી આશરે પચાસ વરસ દેશમાં સુવ્યવસ્થા આવવાને તથા યુદ્ધ વગેરેથી થયેલો ખરચ પુરવા સારૂ લાગ્યાં, એટલી મુદતમાં ત્યાંના લોકોની કલ્પનાશક્તિનો, ઘણો વિકાશ થયો નહીં; તથાપિ ૧૮૩૬થી ૧૮૮૦ સુધીમાં

તેમની કલ્પનાશક્તિ ઘણા જોરથી વધી ગઇ. આ ૪૪ વરસમાં ત્રણ લાખ કરતાં વધારે નવી યુક્તિ કલ્પનાયંત્રો ઇત્યાદિ બદલ વિશેષ અધિકારની સનદો કચેરીમાંથી લોકોને મળી. ચાળીસ વરસ ઉપર આ કચેરીમાંથી દર વરસે પાંચસે છસેથી વધારે સનદો મળતી નહોતી તે આજે વરસ દહાડે ચોવીસ પચીસ હજાર જેટલી કલ્પના માટે સનદો આપવામાં આવે છે.

જુદા જુદા પ્રકારના શોધ તથા અનેક તરેહની માહિતીથી ભરેલાં વૃત્ત પુસ્તકો સરકારી ખરચે છપાઇને જે માંગે તેને મફત આપવામાં આવે છે. અને દેશની દરેક વજનદાર સભાને, પુસ્તકાલયોને, અને કચેરીઓમાં પણ મોકલવામાં આવે છે. વૉશિંગટનના સરકારી છાપખાનામાં કામ કરનારા માણસોના વારષિક લવાજમ વાસ્તેજ માત્ર એકતાળીસ લાખ ચાલીસ હજાર રૂપિયા ખરચ થાય છે. એ છાંપખાનામાં ચારસેં (કંપોઝીટર) ખિલા જોડનારા, પચાસ પ્રુફો તપાસનારા, અને દોઢસો છાપનારા, એમ છસેં માણસો રાત દહાડો બારે મહિના કામ કરે છે. ત્યાં છાપવાના કામમાં એક લાખ રીમ કાગળ વપરાય છે, અને વરસ દહાડે ઓછામાં ઓછા પંચોતેર કરોડ પૃષ્ટો જેટલી બીના છપાઇને બહાર પડે છે, અને કૃષિ વિદ્યા વિભાગ વૃત્તનું જે પુસ્તક આ છાપખામાં છપાઇને નીકળે છે, તેની ત્રણ લાખ કરતાં વધારે પ્રત દર વરસે મફત વહેંચી નાખવામાં આવે છે. એજ પ્રમાણે ભુગર્ભ વિદ્યા વિભાગ, ઓજણી ખાતું, મનુજ જાતિ વિભાગ, માછલાં ઇત્યાદિ જળચર પ્રાણી

વિદ્યા વિભાગ, રાષ્ટ્રીય પદાર્થ સંગ્રહાલયની માહિતી, આપનારૂં ઇત્યાદિ પુષ્કળ ખાતાં છે. યુનાઇટેડ સ્ટેટસની સરકારના પ્રજા ઉપયોગી કૃત્યનું આતો માત્ર દિગ્દર્શન થયું. તે કૃત્યના ફક્ત નામો અને તેની થોડી થોડી હકીગત આપવા જતાં પણ કેટલાએક પુસ્તકો લખવા પડે, વાસ્તે તેવી ભાંજગડમાં ન પડવું એજ ઠીક.

આ દેશના લોકો વેપારરોજગારમાં સર્વ શ્રેષ્ઠ થયા છે, અને એ દેશની રાજશાસન પદ્ધતિ અને સરકારનાં લોકોપયોગી કૃત્યો ઘણાં સાધનભૂત થયાં છેજ; એમાં શંસય નથી; તથાપિ તેમની શ્રેષ્ટતાનાં મુખ્ય સાધનો તો જૂદાંજ છે. ઉદ્યોગ પ્રિયતા, **સ્વાયલંબન, આત્મશાસન, અને સંહત પ્રયત્ન** એ જે સર્વ શ્રેષ્ટ તથા સુર્વ પ્રકારના વૈભવ તથા ઉન્નતિનાં મૂળ-પાયા તે આ લોકોમાં વસેલાં સર્વત્ર દીઠામાં આવેછે. એજ તેમની મોટાઇનાં મુખ્ય સાધનો છે. આ દેશને સ્વતંત્રતા મળીને એમાંના સ્વતંત્ર જાનપદ શાસનના ઇતિહાસનો આરંભ થયો, ત્યારે યુનાઇડસ્ટેટસ ઘણોખરો તમામ જંગલથી ભરેલો દેશ હતો. જે થોડીઘણી લોકોની વસ્તી હતી, તે આટલાંટિક મહાસાગરના કિનારા ઉપરજ હતી. અને તેમાં એ માણુસોની આવ જા અને આપ લૈ હોવું જોઇએ તેટલું નહોતું. એક ગામથી અથવા એક સંસ્થાનમાંથી બીજી જગાંએ જવાને સારા રસ્તા નહોતા. પ્રવાસ કરવો જાણે સર્વે દુઃખનું મૂળ ગણાઇને જેને પ્રવાસ ન કરવો પડે એજ સુ-

ખી. એવી આપણા લોકોની સમજણ હતી, ‡ તેનું મુખ્ય કારણ શોધવા જઈએ તો તે પ્રવાસની ગેરસોઇજ હતી, નદીઓ ને પૂલ નહોતા, ત્યારે વેહેળાઓ અને નદીઓ વગેરેને પૂર આવ્યાથી આડઆઠ દશદશ દહાડા સુધી એક કાંઠે વરસાદમાં પલળતાં ટાઢથી કડકડતાં અને કાદવમાં કહોતાં પડયા રહેવું પડતું. રસ્તા ઉપર ગાડાની એજ અવસ્થા; કોઈ ઠેકાણે ગાડી કાદવમાં કળી જાય, કોઈ ઠામે પથરા સાથે અફળાઇ અફળાઇને આંટો નીકળી જાય, અને કોઈ ઠેકાણે રેતીમાં અડી પડે ઈત્યાદિ. તે ઉપર વળી જંગલી જનાવરોનો, ચોરોનો અને દવ લાગવાનો ભય. વારૂ એટલી એ અડચણ શોષીને ગાડીવાન અને હમાલનું દુઃખ વેઠયાથી એ માણસનો છુટકો થતો નથી. અગાડી જે જે ગામમાં જઈએ ત્યાં ગામમાં પેસતાં અને ગામમાંથી બહાર નીકળતાં દરવાજામાં બેઠેલા જગાતદારોના ડોળા મુસાફરો તરફ લાગેલાજ હોય છે! પછી શું પુછવું? બાંધેલી ગાંસડી છોડવાની, છોડેલી બાંધવાની, દરેક પોટલી, દાબડી અને ચીંદરડીની તપાસ લેવાવાની, ગાંસડી ખોવાની, માલ અટકાવવાની એવા એક કે બે કંટાળા! મુસાફરને બિચારાને લાગે છે કે, જમદૂત મળે તો સારૂ, પણ આ જકાતદાર તો નજ જોઈએ! એવી બધી પ્રવા-

---

‡ पंचमेऽहनि षष्ठे वा शाकं पचति स्वे गृहे ।
अनृणी चाप्रवासी च स वारिचर मोदते ॥

महाभारत, वनपर्व.

સની જે ઠેકાણે અડચણો હોય ત્યાંના લોકોને 'અપ્રવાસી માણસ સરખું છે' એમ લાગે તેમાં નવાઈ શી? પણ અમેરિકન લોકોએ પોતાના સામાન્ય ઉદયોગ વડે એ સર્વ હરકતો આઘી કરી નાંખી, એમને જેટલી અડચણો આવી, તેટલેથી તેમનો ઉમંગ ભાગ્યો નહીં પણ સોગણો વધ્યો. ઇ૦ સ૦ ૧૮૩૩ સુધીમાં એમણે એક લાખ પંદર હજાર મૈલ લાંબી સડકો બાંધી, ને તે વખતમાંના વસ્તીવાળા ભાગોના સર્વ માણસને જવા આવવાના તથા માલ લઇ જવા લાવવાની સવડ કરી નાંખી. અને બે હજાર મૈલ લાંબી નેહેરો ખોદી. તે વેળાએ આટલો ઉદયોગ હતો, તોપે હાલના જેવી સુઘળેજ સવડ થએલી નહોતી, મ્યુનિસીપાલિટીઓની સ્થિતિ ઘણી નાદાન હતી, અધિકારીઓએ 'નોટીસ' આપ્યા પછી એ સિપાઇ મોકલ્યા વગર ઘરવેરાના પૈસા વસુલ થતાં નહોતા. ગામ માંહેલો કચરો કહાડીને સાફ કરવાનું કામ ઘણુંખરું ડુકર (ભૂંડ)ને સોંપી દેતા હતા. ગામોના રસ્તા ઉપર દીવા કરવાની ચાલ નહોતી. પિવાના પાણીની વ્યવસ્થા ઘણીખરી આપણા દેશના કસબા અને ગામોમાં હાલ—મુંબઈ, કલકત્તા, મદ્રાસ અને પુના ઇત્યાદિ શેહેરો સિવાય બીજે ઠેકાણે છે—તેવીજ હતી. કુવા, તળાવ અને ઘરનાં ટાંકાંઓમાં સંઘરી રાખેલું વરસાદનું પાણી પીને લોકો નિભાવતા હતા. એવી છેક સાધારણ વ્યવસ્થા હોવાનું કારણ ઉદયોગ ઓછો હતો એમ નહીં; પણ આપણા અહિંની પેઠે સર્વત્ર વસ્તી થએલા દેશમાં જે અડચણો કદી કોઇના સ્વપ્નામાંએ ન આવે, તે ત્યાં હતી.

ગામો વસાવવાનાં હતાં, સમાજ સંસ્થા કરવાની હતી, જંગલો કાપવાનાં હતાં, રસ્તાઓ બનાવવાના હતા, જવા આવવાના જળ માર્ગ અને સ્થળ માર્ગ શોધી કહાડવાના હતા. કામ કરવાને માણસો થોડાં તેથી તેની ખોટ પુરવાને યંત્રો શોધી કહાડવાનાં હતાં; એવી સઘળી અનિવાર્ય અડચણોને લીધે દેશોન્નતિનું કામ કેટલી મુદત સુધી મંદ ગતીથી ચાલ્યું હતું.

ઈ૦ સ૦ ૧૮૩૦થી ઉપર કહેલી અડચણ થોડી થોડી ઓછી થયા પછી ઉન્નતિનું કામ ઝપાટા બંધ ચાલવા લાગ્યું. હવે એ તમામ અડચણો દૂર થઇને, અમેરિકન લોકોના સર્વ ઉદ્યોગ ધંધાને પ્રચંડ રાક્ષસી રૂપ આવવા લાગ્યું છે. હવે યંત્રોજ, માણસનું તથા હાથી, ઘોડા, બળદ, ઉંટ, વગેરે મેહેનતુ જનાવરોનું કામ કરવા લાગ્યાં છે. આગ ઓલવવાના કામમાં, પાણી આખા શેહેરમાં નળ વાટે લઇ જવાના કામમાં, વર્ત્તમાનપત્રો છપાવવાના કામમાં, કાપડ તૈયાર કરવા વગેરેમાં જેમ યંત્રોનો ઉપયોગ થાય છે તેવોજ સાધારણ ઘરકામમાં એ પણ પુષ્કળ યંત્રોનો ઉપયોગ છે. એ લોકો થોડા વખતમાં અને થોડાં માણસોથી ઘણું કામ કરી શકાય એવા પ્રકારનાં યંત્રો પેદા કરવાનાં કામમાં ઘણાં પ્રસિદ્ધ છે, તેમના ઘણાખરાં સઘળાંજ કામો યંત્રની મદદથી કરવાની ચાલ પડી ગયેલી છે. લૂગડાં શીવવાના, જોડા અને પુસ્તકો બંધાવાના, ખીલા, ટાંકણીઓ, વાસણ, હથિયારો, બધોને કાપવાકુપવાના ઓજારો ઇત્યાદિ પદાર્થો. સંચાથી બનાવવાના, દિવાયંત્રથી સળગાવવાના, કાપડ, મોજા, બંદીઓ ઇત્યા-

દિ યન્ત્રોથી વણાવવાના, લોટ દળાવવાનું, ખેતરની કાપણી કરવાનું, ધાન્ય કાપવાનું ઘાસ કાપવાનું, અનાજની પુળીઓ બાંધવાનું, ભાત વગેરે વગેરે ધાન્ય કહાડી તેમાંથી અનાજ અને ફોતરાં જુદાં કરવાનું, લોટ દળાયા પછી તે ચાળીને તેનું થુલું, રવો અને લોટ જુદા કરવાનું, લાકડાં તાસવાનું, અને કાપીને તેના પાટીયાં પાડવાનું ઇત્યાદિ સર્વ કામો યંત્રની મદદથી કરે છે. યંત્રથી કામ કરવાની તેમની એ રીત કયાં સુધી પહોંચશે તે કહી શકાતું નથી. કેટલાંએક વરસ ઉપર જે કામો માણસના હાથ વિના બીજા કોઇ પણ સાધનથી થવાનું અસંભવિત સર્વેનેજ લાગતું હતું. તે કામો આજે યંત્રની મદદથી થતાં સર્વની નજરે પડે છે. ઘણું તો શું પણ મોટી મોટી દુકાનોમાંના વેચેલા માલની કિંમત નોંધનાર આગળ લઇ જવાનાં એ યંત્રો કરેલા છે. વરાળ યંત્રની મદદથી કુકડી વગેરેના ઇંડાં સેવીને તેના જીવતાં બચ્ચાં કરી શકે છે એ ઉપાયથી પુષ્કળ ઠેકાણે મરઘાંની ઉપજ થાય છે. એક ઉદયોગી માણસે ગણિત કરીને એવું અનુમાન કહાડેલું છે કે, યુનાઇટેડ સ્ટેટસમાં પદાર્થ નિર્માણ કરવામાં જે યાંત્રિક શક્તિનો ઉપયોગ થાય છે તે ચોત્રીસ લાખ દસ હજાર આઠસેં છન્નું (૩૪૧૦૮૯૬) ઘોડાની શક્તિ બરાબર છે. તેમાંના $\frac{૬૪}{૧૦૦}$ ચોસઠ સતાંશ વરાળની અને છત્રીશ સતાંશ $\frac{૩૬}{૧૦૦}$ પાણીની છે. આ બે મુખ્ય શક્તિએ યુનાઇટેડસ્ટેટસના યંત્રોના પ્રાણુસ્થાને રહીને કરોડો માણસોનું કામ ચલાવ્યું છે.

આપણા દેશના પુરાતન ગ્રંથોમાં જેને પંચભૂત કહ્યાં છે,

તે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, અને આકાશ એ બધાં આ અમેરિકન લોકોની ચાકરી કરે છે, એવું અનુભવમાં આવેલું છે. અહિં આટલાં યંત્રો છે તેમ, માણસની મેહેનતની કિંમત ઓછી નથી, પણ તે દહાડે દહાડે વધતી જાય છે. અહીં છેક સાધારણ મજુરને પણ ઓછામાં ઓછો દોઢ કે બે રૂપિયા દરરોજ મળે છે. એક ધંધામાં પોતાનું ગુજરાન થતું નથી એમ જણાતાંજ, તે માણસને બીજો કોઇ પણ ધંધો કરવાની મનાઈ નથી. આ દેશમાં જાતિભેદ અને વર્ગભેદ નથી એ તો અગાઉ કહેવામાં આવેલુંજ છે. બ્રાહ્મણનો છોકરો બ્રાહ્મણ, સુથારનો છોકરો સુથાર, અને લુહારનો છોકરો લુહાર, થવો જોઇએ, એવો બાધ ન હોવાથી દરેક માણસને પોતાનો ફાવતો ધંધો કરવાની છુટ છે. એને લીધે એમ બને છે કે, જે માણસ જે કામ કરવા લાયક છે તેજ તે કરે છે એવું હોવાથી ભળતા માણસને ભળતું કામ હાથ લાગવાનો સંભવ ઘણોજ ઓછો છે. પ્રેસિડંટ ગ્રાંટ યુનાઇટેડસ્ટેટસનો તેના નાયક થવાની પેહેલાં ચામડાં કમાવવાનો ધંધો કરતો હતો, પણ પછી આગળ જતાં તે મુખ્ય સેનાધિપતી અને દેશનો અધ્યક્ષ થયો હતો. પ્રેસિડેંટ ગાર્ફીલ્ડ ‡ પેહેલાં સાધારણ નિશાળનો મેહેતાજી હતો. પ્રેસિડેંટ લિંકન ખેડુતનો દિ-

‡ એનું મનોરંજક ચરિત્ર આ ભાષાંતર કરનારે કરીને વર્નાક્યુલર સોસાયટી ઉપર મોકલી આપ્યાથી હમણાં પ્રકાશમાં આવે છે અને તે પુસ્તકના આકારમાં બહાર પડવાની ગોઠવણ થએલી છે. ભા. ક.

કરે તો અવે તેણે છેકજ દારિદ્રાવસ્થામાં આવેલા કડિઆરાના કામથી તે શ્રેષ્ટ દેશાધ્યક્ષના કામ સુધીના બધાંજ કામો કર્યાં, અહીંઆ જે તે શિક્ષક, કારકુન અને વકિલ અથવા સરકારી નોકર થવાને ચહાતો નથી. આપણા દેશના સોની, સુથાર, લુહાર ઇત્યાદિ ધંધો કરનાર લોકોના અને બ્રાહ્મણના છોકરાઓ થોડું લખતાં વાંચતાં શીખ્યા કે; લાગલાજ "ચાકરી જોઇએ છીએ ચાકરી" એમ કહેવા માંડે છે. પણ તેને વાસણો ઘડવાનું, જોડા શીવવાનું લાકડાં છોલવાનું વગેરે કામો નીચ માણસના છે એમ લાગે છે. અહીં એથી છેક ઉલટી રીત છે અહીંના મોટાં મોટાં વીધાલયોમાંથી લાંબી લાંબી પદવીઓ મેળવીને બહાર પડેલા પુરૂષ અને અને સ્ત્રીઓ હાથ આવે તે કામ કરવાને આઘુ પાછું જોતા નથી. અહીં માણસના ઊધોગ અને શ્રમને માન છે, ચાકરીને એટલે આપણુ અહીના જેવી શ્વવૃત્તીને માન નથી. આં દેશના રસ્તો વાળનારા અને મોરીઓ સાફ કરનારાને જેટલું માન છે, તેટલુ આપણા દેશના પદ્વીઓવાળા રાવસાહેબો અને રાવબહાદુરો, રાજા સાહેબો અને નવાબ સાહેબો વગેરેનેએ નથી. ઈંગ્લાંડમાં એ પણ સાધારણ ઉદ્યમ કરનાર અથવા મેહેનત મજૂરી કરનારા માણસનો ઘણો અનાદર કરવામાં આવે છે. એવા માણસોની મુલાકત રાજા કે રાણી કરતાં નથી, એવું સાંભળ્યુ છે. હિંદુસ્તાનમાંતો ઉદ્યમ ધંધો કરનારી જાતના માણસોને નીચ માનેલાં છે. જે વડે દેશને સ્મૃદ્ધિ અને ઉન્નત સ્થિતિ આવે તેમનો અને ઉદ્યોગનોજ જ્યાં અનાદર થાય, ત્યાં તે વૈભવ રહે શાનો?

જે જે ગામોમાં યંત્રો અને કારખાના પુષ્કળ હોય છે, એવે ઠેકાણે દહાડે દહાડે ઉદ્યોગી લોકો વધારે વાસો કરે છે. તો-પણ આપણા મુંબઇ શેહેરમાં છે તેમ એકજ ઠેકાણે સર્વ માણુસો રહેવા આવીને ગીર્દી કરી નાખે છે એમ નથી. એક ઠેકાણે રહેતાં પોતાનું ગુજરાન ચાલતું ન હોય તો બીજે સેંકડો ઠેકાણે જવાના માર્ગ ખુલ્લાં છે. એ દેશ ઘણો મોટો છે અને તેમાં ઉદ્યમ પણ ઘણો છે. આ વિસ્તીર્ણ દેશમાં હજી સુધી વસ્તીએ ઘણી થઇ નથી તેથી નવે ઠેકાણે જઈ રહેવાને કશી અડચણ પડતી નથી. એવાં ઘણા કારણોથી માણુસને એકજ ઠેકાણે રહીને એકાદ શેહેરને દારિદ્ર આણવાનું કે અપવાશી મરવાનું કશું કારણ પડતું નથી. જે માણુસમાં કંઇ પણ કામ કરવાની શક્તિ છે, તે યુનાઇટેડ સ્ટેટસમાં ગમે ત્યાં જાય તોએ ભૂખે મરે નહીં, જેઓ આળસુ છે અને ઉદ્યોગ કરવાને આનાકાની કરે છે અથવા વ્યર્થ અભિમાન રાખીને અમુક કામ મળે તોજ કરૂં, નહીં તો ન કરૂં એમ કહે છે તો તેવા લોકો ભૂખે મરવા લાગે છે અને તેમની કોઇને દયાએ આવતી નથી.

કામકાજના અને વેપાર રોજગારની ઝાહોઝલાલીના સંબંધમાં મોટાં મોટાં શેહેરો માંહેલી માણુસોની વસ્તી, જગાની કિંમત અને ઘરો, દુકાનો તથા કારખાનાં ઈત્યાદિની સંખ્યા જે વધી જાય છે તે ઘણીજ આશ્ચર્યકારક છે. એ શેહેરોની આબાદીનાં એકબે ઉદાહરણો આપું છું. ઈ. સ. ૧૮૮૦માં યુનાઇટેડ સ્ટેટસ મધે જે પચાસ મોટાં શેહેરો વેપાર અને બીજાં મહત્વ-

ના વિષયોમાં ઘણું પ્રખ્યાત હતાં, તેમાંનાં પંદર નગરો ૧૮૩૦ સાલમાં તો અસ્તિત્વમાંએ હતા નહીં. તે બાંધવા સારૂ આ લખ્ખ રાખેલી પડત જમીન માત્ર હતી, પણ તે જમીન કંઈ સાફસુફ કરવામાં આવી નહોતી અને હવે તે નગરો એટલાં તો ભરભરાટીમાં આવેલાં છે કે તેમાંનાં છેક નાના શેહેરની વસ્તીએ ચાળીસ હજારથી ઓછી નથી. હાલમાં જે ચિકાગો નગરની વસ્તી સાત લાખ કરતાં વધારે છે, તે શેહેર ઈ. સ. ૧૮૩૩માં તો ભવિષ્યના પેટામાંજ હતુ. ત્યાં શેહેર બાંધવાનો વિચાર માત્ર થતો હતો અને ઇ. સ. ૧૮૩૪માં તે જગાએ ઘણી વસ્તી થઈ હતી. હાલમાં જેટલી જગા ઉપર તે શેહેર વસેલુ છે તેટલી જગા વેચાતી લેવા સારૂ તે વેળાએ જેટલા પૈસા બેસતાં હતાં તેટલાં પૈસા આજ એ શેહેરના મોટા રસ્તા ઉપરની છ ફુટ જગા વેચાતી લેવાને પડે એમ કહેવાય છે. જગ્યાની કિંમત એટલી બધી ત્યાં વધી ગઇ છે અને એ સઘળો પ્રતાપ માણુસની વસ્તીના વધારાનો તથા વેપાર રોજગારના વધારાનો છે. એ શેહેરમાં વેપાર રોજગારની કેવી ઉથલપાથલ છે તેનું અનુમાન અગાડી આપેલા આંકડા ઉપરથી થઇ શકશે. ચિકાગો શેહેરમાં ત્રણ વસ્તુનો વેપાર ઘણો મોટો છે. તેમાં એક ચીરેલાં લાકડાં, બીજું ધાન્ય અને ત્રીજાં પશુ. એમાં દર વર્ષે ચાર અબજ ફુટ ચીરેલાં લાકડાં, નેવું કરોડ ફુટ પાટીયાં, એક અબજ સાઠ કરોડ મણ દાણો, પચાસ લાખ ડુક્કરો, વીસ લાખ ઢોર અને દશ લાખ ઘેટાંનુ વેચાણુ થાય છે. એ વગર ત્યાંના લોઢાનાં અને પોલાદના

કારખાનાંએ કંઇ ઓછા મહત્વના નથી. ચિકાગો શેહેરમાં અને તેનાથી ત્રીસ માઇલ એક, એમ આગગાડીના રસ્તાની ઉપર નાંખવાના પોલાદી પાટા તૈયાર કરવાનાં બે કારખાનાં છે તેમાંથી પાંચ લાખ ટન વજનના પોલાદના પાટા દરેવરશે તૈયાર થઇને બહાર પડે છે. એટલા પાટા આપણી આખી પૃથ્વીની આસપાસ એક આગગાડીની સડક તૈયાર કરવાને પુરી પડે એટલી છે.

ચિકાગો શેહેરની પાસે પાસેજ સાન્ફ્રાન્સિસ્કો શેહેરનીએ વૃદ્ધિ એવીજ ચમત્કારીક છે. ઇ. સ. ૧૮૪૪માં જ્યાં હાલ સાન્ફ્રાન્સિસ્કો શેહેર છે તે ઠેકાણે ફકત પચાસ માણુસો જઇને રહ્યાં હતાં ત્યાં આજ અઢી લાખ માણુસની વસ્તી છે. સને ૧૮૪૭માં એ જગાએ એક મોટો મેહેલ બાંધવા સારૂ જગા ખરીદવાને સો ડાલર બેસતા હતા તેટલીજ જગા આજે ખરીદવા સારૂ બાર કે પંદર હજાર ડાલર બેસે છે. એ શેહેરમાં હાલમાં દશ કરોડ ડાલર એટલે ત્રીસ કરોડ રૂપિયાના માલનો વેપાર ચાલે છે. ન્યુયાર્ક શેહેરની સામાં હડસન નદીને સામે કાંઠે જર્સી સિટી નામે શેહેર છે. ઈ. સ. ૧૮૪૦માં તે શેહેરમાં ત્રણુ હજારને સીતેર માણુસની વસ્તી હતી, તે ઇ. સ. ૧૮૮૦માં વધીને એક લાખ વીસ હજાર સાતસે બાવીસ માણુસોની થઇ છે. તેજ પ્રમાણે બ્રુકલિન નામનું શેહેર ન્યુયાર્ક શેહેરની બીજી બાજુએ છે, તેપણ જર્સી-સિટીની પેઠે ન્યુયાર્ક શેહેરનું પરૂં ગણાય છે. ઇ. સ. ૧૮૩૦માં એ શેહેરની વસ્તી બાર હજાર માણુસોની હતી. તેજ ઇ. સ. ૧૮૮૦માં પાંચ લાખ છાસટ હજારની થઇ છે. ઓહાયો સંસ્થા-

નમાં ક્લીવ્હલાંડ નામનું શેહેર છે. તેની લોક સંખ્યા ઇ. સ. ૧૮૩૦ માં એક હજાર કરતાં વધારે નહોતી તે ઈ. સ. ૧૮૮૦માં એક લાખ સાઠ હજારની થઇ છે. વિલકાન્સિન સંસ્થાન માંહેલું મિ-ल्वोकी નામનું શેહેર ઇ. સ. ૧૮૩૪માં માત્ર બે ઝુંપડાંનું હતું તે ૧૮૩૫માં એક નાનું ગામડું થયું, અને ઈ. સ. ૧૮૮૦માં એક લાખ પચીસ હજારની વસ્તીવાળું આપણા અમદાવાદ શેહેર ના જેવું મોટું શેહેર બની ગયું. આજે તેમાં કરોડો રૂપિઆના માલનો વેપાર ચાલે છે. ઈ. સ. ૧૮૪૦માં હાલનું મિનેસોટા નામનું સંસ્થાન કેવળ નિર્જન અરણ્ય હતું. ઇ. સ ૧૮૪૮માં તે આખા સંસ્થાનમાં ફકત ૧૩૦૦૦ માણુસો રહેતાં હતાં. હાલમાં તેમાં દશ બાર લાખ માણુસોની વસ્તી છે. એ સંસ્થાન માંહેલા સેંટપાલ અને મિનેઆપોલિસ શેહેરની વસ્તીનો વધારો તો અત્યંત આશ્ચર્યકારક છે. ઇ. સ. ૧૮૮૦માં સેંટપાલ શેહેરમાં આસરે એકતાળીસ હજાર માણુસોની હસ્તી હતી, અને મિને-આપોલિસમાં સુડતાળીસ હજાર માણુસો રહેતાં હતાં. ઇ. સ. ૧૮૮૫માં એટલે પાંચ વરસની ટુંકી મુદતમાં પહેલાંની વસ્તી વધીને એક લાખ અગીઆર હજારની અને બીજાની એક લાખ ત્રીસ હજારની થઇ છે. મિનેઆપોલિસમાંથી દર વરસે સાડીબા-વન લાખ પિપો ઘઉંનાં દારૂનાં ભરાઇને આખી દુનિયામાં વેચા-વા સારૂ રવાને કરવામાં આવે છે. વળી એ શેહેરમાં દર વરસે જે પદાર્થો નિર્માણ થાય છે તેની કિંમત અરાડ કરોડ રૂપિયા કરતાં વધારે છે એમ કહે છે. અહીં ઈ. સ. ૧૮૮૪ના વરસમાં

બે લાખ બેતાળીસ હજાર નવસેં પંચ્યાશી આગગાડીના ડબા માલથી ભરાઇને આવ્યા અને તે કરતાં વધારે બહાર રવાને થયા. સેંટપાલ શેહેરના વેપારની ઝાહોઝલાલી પણ એવીજ છે. એજ પ્રમાણે ડ્યુલુથ, ઇંડિયાનાપોલિસ, કયાન્સસ, આલિધાની ઇત્યાદિ હાલમાં નવાં સ્થાપયલાં શેહેરોની વાત છે. હમણા યુનાઇટેડ સ્ટેટ્સમાં ફાવે ત્યાં જાઓ, એવા પ્રકારના શેહેરો ગંધર્વ નગરની પેઠે જો કે એક રાતમાં વૃદ્ધિ પામે છે, તોય તે દિવસ ઉગતાની સાથે અલોપ ન થતાં, જગાએ અચળ થઇને દહાડે દહાડે વધ્યાં જાય છે, એમ જણાઇ આવશે.

એ જે એટલી ઝપાટાબંધ વૃદ્ધિ થાય છે, તે અહીંના લોકોના ઉદ્યોગનું ફળ છે. અહીંના લોકોને આપણા લોકની પેઠે રસળતા રસળતા ફાવે ત્યારે કામ કરવાનો વખત નથી. એમને તો વખતની કિંમત સારી રીતે માલમ છે. આપણે અહીંઆના દુકાનદારો દુકાનમાં તકીઆ સાથે અઢીંગીને બેસીને નિરાંતે સોદો વેચે છે. કોઈ ઘરાક દુકાને સોદો લેવા જાય ત્યારે દુકાનદારને ત્રાજવું તૈયાર કરતાંજ અરધી ઘડી તો વહી જાય છે પછી તે ધીમેથી જાણે કોઇ તત્વજ્ઞાની ગૂઢ વિચારમાં નિમગ્ન હોય તેમાંથી એકદમ ધ્યાનમાંથી નિકળીને આપણી આ નાશવંત વસ્તુ જાણી બેદરકારીથી જોઇને ઘરાક તરફ નજર કરે છે, એવા ડોળથી તે પોતાના ઘરાકને સોદો આપે છે. તે વખત ભાવ ઠરાવવામાંએ કેટલોક વખત લાગે છે. એમ વખત ગુમાવવાની અને તકીઆ સાથે અઢેળીને કાળ કહાડવાની રીત યુનાઇટેડ

સ્ટેટસમાં હોત, તો આજ આ દેશનું નામ નિશાન આ પૃથ્વી ઉપર રહ્યું હોત કે નહીં તેતો ઈશ્વર જાણે!

વળી એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે, તે એ કે, એ લોકો દરેક કામ કરવા સારૂ સરકારના મોઢા ભણી જોઇને બેશી રહેતા નથી. આ દેશની સરકાર જો કે પ્રજાએ નિયુક્ત કરેલી સરકાર છે, અને કાયદાને અનુસરીને જે વાત કરવાને કહે તે સરકારે કરવીજ જોઇએ, તોય લોકોપયોગી કામ માટે ઘણું કરીને સરકાર પાસે ભીખ માંગવાની ભાંજગડમાં કોઇ પડતું નથી. નવાં કારખાના કાઢવા માટે, રસ્તા બાંધવા માટે, રેલવેની સડકો બાંધવા માટે, નેહેરો ખોદવા માટે, વહાણો બાંધવા માટે, અથવા એકાદી નાની દુકાન ક્હાડવા માટે ઈચ્છા થઈ તો એ લોકો ઘણા જણા એકઠા થઇને કામ કરે છે. એ દેશમાં દરેક કામ વાસ્તે દરેક **મંડળી** છે. લુગડાં શીવનારી, જોડા શીવનારી, રૂ પીંજનારી, કુંભાર કામ કરનારી, કાચ બનાવનારી, કલમો, સોયો, ટાંકણીઓ, દોરા વગેરે કરવા સારૂ મંડળીઓ, એમ સર્વે પ્રકારની મંડળીઓ છે. મને લાગે છે કે, "† **संभूय समुत्थान**" જે આપણા દેશમાં મન્વાદિ સ્મૃતીમાં અને કોશમાં માત્ર નામો-જ જોવામાં આવે છે, ને હાલમાં તે નામોએ ઘણાં ખરાં લોકો ભૂલી જવા લાગ્યા છે, તે આ દેશમાં જેટલું ઉન્નતિએ ચાને

† ઘણા જણાએ એકઠા થઇને વેપાર ઇત્યાદિ વ્યવહારિક કામો કરવાં, તેને સંસ્કૃત ભાષામાં "**संभूय समुत्थान**" કહે છે.

પૂર્ણ પણે પહોંચ્યું છે તેટલું તે બીજે કોઇ ઠેકાણે નહીં હોય. એવું નાનું કે મોટું કામ નથી કે, જેની વ્યવસ્થાપક એકાદી બીજી મંડળી ન હોય. દરેક કામની જેવી મંડળીઓ છે. તેવીજ એકેક પ્રકારનો ધંધો કરનારા લોકોનીએ મંડળીઓ છે અને તે ઘણી મોટી છે. ઉદાહરણ—ખેડુતોની, કાપડનો વેપાર કરવાની, સર્વ સાધારણ પદાર્થનો વેપાર કરવાની, જોડા તૈયાર કરવાની, તૈયાર કરેલાં લુગડાં વેચનારાની, લોટ વેચનારાની, માછલાં, ભાજી પાલો, વગેરે વેચનારાની, મધનો વેપાર કરનારાઓની' ઢોર, ઘોડા, મેઢાં અથવા ડુકરો વેચનારાની, હમાલોની, લુહારોની' સૂથારોની, કડીઆની, સલાટોની, દરજીઓની, સોનીની—(અહીં દરજી સોની વગેરેની જૂદી જૂદી ન્યાતો નથી પણ ધંધા પ્રમાણે દીધેલા નામો છે, એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ)—ઈત્યાદિ હજારો પ્રકારની મંડળીઓ છે. તે માંહેના લોકો પોતાના ધંધા દારી ભાઇઓને મદદ કરે છે. અરસ પરસ પોત પોતાનો અનુભવ કહે છે. પોતાનું કામ કઇ રીતે કરવાથી સારૂં, લોકપ્રિય અને ફાયદાકારક થશે, અને શું કરવાથી આપણા ઉપર પારકાઓની છાપ નહીં બેશે, ઇત્યાદિ વિચારવા જોગ વાતોની ચર્ચા કરીને બહુમતે પસંદ પડે તે કામ કરે છે. એને લીધે તેને ઘણું જોર આવે છે. એ લોકોમાં બે માણસની ટોળીથી તે લાખો માણસો તેના સભાસદ છે એવી મંડળીઓ પણ કામો કાંઇએ ગરબડ ન કરતાં સરળતાથી જોઇએ તેવી રીતે ચલાવી શકે છે. અહીંઆના સદેશા ચલાવનારા તાર યંત્રો, આગગાડીઓ,

નેહેરો, ગોદીઓ ઇત્યાદિ ઘણી ખરી સઘળીજ બાબતો સ્વતંત્ર લોકોએ સ્થાપેલી મંડળીઓએ કરેલી છે, તેમને. સરકારમાંથી યોગ્ય અધિકાર પરવાનો મળેલો હોય છે. એ મંડળીઓ એ તેમનું સ્વાલંબનનું ફળ છે. અને એમાંથી સર્વ લોકોને આત્મ શાસનના દરરોજના નવા નવા દાખલા મળે છે. ઉદ્યોગ પ્રિયતા, સંહત પ્રયત્ન,. સ્વાલંબન અને આત્મ શાસન એ ચાર વાતો પારસમણી જેવી છે. તે જે દેશના લોકોમાં ઉપલબ્ધ હોય, તેમણે જે વસ્તુને સ્પર્શ કર્યો તેનું સોનું થાય છે. અને એ તેમનો સ્પર્શ એવો કંઇ વિલક્ષણ જોરાવર અને ફળદાયક હોય છે કે, તે જે પદાર્થને સ્પર્સે તેનું સોનું થયા વગર હાથમાંથી છુટતુજ નથી !

એ દેશમાંહેલી રેલવે અને નેહેરો વગેરે જળ માર્ગો–(જે ઓ લોકોના અશ્રાંત ઉદયોગથી આજે રાજમાર્ગ જેવા સુગમ અને સુખ પ્રવાસ થએલા છે)–વેપારના કામમાં અત્યંત ઉપયોગી પડે છે. તેનો વિસ્તાર કેટલો છે એની કલ્પનાએ સેહેલથી થઇ શકતી નથી, આ મોટો દેશ આપણા હિંદુસ્તાનથી બમણા કરતાં વધારે–સરાસરી અઢી ઘણો છે. ઇ. સ. ૧૮૮૦ની વસ્તીની ગણત્રીના પત્રક ઉપરથી જણાય છે કે, એ દેશનો વિસ્તાર પાંત્રીસ લાખ સુડતાળીસ હજાર ત્રણુસે નેવું ચોરસ મૈલ હતો. આ દેશમાં એકકો કરાવનારાં જે પુષ્કળ સાધનો છે, તેમાં દેશની સ્વાભાવિક રચનાએ કંઇ ઓછા મહત્વની નથી. એક આલીસ્કા સંસ્થાન સિવાય બાકી ૨૫૪૦૦૦૦ ચોરસ મૈલ દેશનો ભાગ અખંડ છે. ઉત્તરે બ્રિટિશ અમેરિકા અથવા કાનડા, પૂર્વે આટ-

લાંટિક મહાસાગર, દક્ષિણે મેક્સિકોનાં સ્વતંત્ર સંસ્થાનો, અને પશ્ચિમે અરધી દુનિયાને ઢાંકનારો પાસિફિક મહાસાગર એવી આ અખંડ દેશની ચતુઃસીમાં છે. એના પૂર્વ અને પશ્ચિમના ભાગોમાં મોટા મોટા પર્વતો આવી રહ્યા છે અને વચગાળે ઘણું અરું સપાટ મેદાન છે. બંને તરફ પર્વતોમાંથી તથા ઉત્તર તરફના ઉંચા પ્રદેશમાંથી પુષ્કળ નદીઓ દેશના મધ્યભાગ તરફ વહેતી આવીને ઘણી ખરી દક્ષિણ તરફ મેક્સિકોના ઉપસાગરમાં પડે છે. ઘણી ખરી નદીઓ મધ્ય પરદેશમાંથી વહેતી હોવાથી જ્યાં ત્યાં જમીનને પુષ્કળ મીઠું પાણી મળવાથી તે ઘણી ફળદ્રુપ થાય છે. એ સિવાય એ નદિયો તે જાણે વેપારના ધોરી રસ્તા છે. તે વડે દેશમાં ને દેશમાં મોટો વેપાર ચાલે છે. અહીંઆની નદીઓએ ઘણી લાંબી લાંબી છે. આ દેશની બધી મોટી મોટી નદીઓમાં એ મોટી નદી કહીએ તો તે (મિસૂરી અને મિસિસિપી મળીને થએલી) મિસિસિપી નદી છે. એ સાડાચાર હજાર મૈલ લાંબી અને એનું પાત્ર સરાસરી ત્રણ હજાર ફુટ પહોળું છે. એમાં આસરે ૩૯૦૦ ઓગણ ચાલીસસે મૈલ સુધી આગબોટ જઇ શકે છે. એમાં મળનારી નદીઓ અને તેની શાખા મળીને વહાણ ચલાવવાના રસ્તાની લંબાઇ ૩૫૦૦૦ પાંત્રીસહજાર મૈલ છે એમ કહેવાય છે. મિસિસિપીને (આપણા રાતા ભાઇબંધોની ભાષામાં) શબ્દનો અર્થ "પાણીનો બાપ" એવો થાય છે અને આ મહાનદીનો મોટો વિસ્તાર જોતાં એ નામ અન્વર્થક છે એમ લાગ્યા વિના રહેતું નથી.

કાર્નીગી નામનો એક અમેરિકન ગ્રંથકાર એમ કહે છે કે, "યુરોપ ખંડની એક વોલ્ગા નદી બાદ કરતાં બાકીની તમામ નદીઓ એકઠી કરવાથી તેનો આકાર અને પાણીનું માપ આ મિસૂરી મિસિસિપી નદી જેવડું થશે. "આ મહાનદી આપણા દેશની ગંગાનદી કરતાં ત્રણ ઘણી મોટી છે. રાકી પર્વતની હારની પૂર્વે જે નદીઓ વહે છે તે સર્વ નદીઓની લંબાઇનો સરવાળો (૪૦,૦૦૦) મૈલ કરતાં વધારે થવા જાય છે, એટલે તેનાથી બમણા ૮૦,૦૦૦ મૈલ નદીકાંઠાનો પ્રદેશ છે. એ વગર રાકી પર્વતની પશ્ચિમ તરફ જે કોલંબિયા, સાકમેંટો, સાનવ્હાકીન ઇત્યાદિ મોટી નદીઓ હજારો ગાઉ સુધી દેશમાંથી વહેતી જઇને સમુદ્રને મળે છે. તે તો જુદીજ. વળી આ નદીઓનું એક બીજા જોડે જોડાણ કરીને વેપારની વૃદ્ધિ કરવા સારૂ યુનાઇટેડ સ્ટેટસમાં ઇ. સ. ૧૮૮૦ સુધીમાં સાડાચાર હજાર મૈલ લાંબી નેહેરો ખોદવામાં આવી છે, તેનો ૭૯૫૦૦૦૦૦ ડાલર ખરચ થયો છે. ફિલાડેલ્ફિયા, બાલ્ટિમોર, ન્યુઓર્લીન્સ, પોર્ટલંડ ઇત્યાદિ ઠેકાણા મોટાં મોટાં બંદરો ગણાય છે. તે સમુદ્રથી ઘણો આઘે નદીઓ કાંઠે છે; તેમાં દરવરસે હજારો આગબોટો જાઆવ કરે છે. ત્યાં મોટા મોટા ડકા બાંધીને મોટા વેપારની જગા બનાવેલી છે. એ દેશમાં જેમ નદીઓ મોટી છે તેમ સરોવરોએ ઘણા મોટાં છે. અમેરિકાના પાંચ મહાહ્રદ (સુપીરિયર, હ્યુરોન, મિચીગાન, ઇરી અને ઓંટારિયો)એ દરેક

મીઠા પાણીના સમુદ્રજ છે, ‡ એમ કહીશું તો ચાલશે, તેમાં પુષ્કળ આગબોટો અને સેંકડો વહાણોથી અપાર વેપાર થાય છે.

આ સરોવરોના કાંઠા ઉપરના ડ્યુલુથ, ટોલીડો, બફેલો, ચિકાગો ઇત્યાદિ મોટાં મોટાં શેહેરો ન્યુયાર્ક, બૉસ્ટન, ન્યુઓર્લીન્સ જેવાં મોટાં મોટાં ભવ્ય બંદરોની બરાબરી કરે છે. આગબોટ

‡ યુનાઇડ સ્ટેટસના મુખ્ય સરોવરોની લંબાઇ અને વિસ્તાર નીચે પ્રમાણે:—

	લંબાઇ મૈલ	વિસ્તાર ચોરસ મૈલ
કેયુગા સરોવર	૩૮	૧૦૪
જોર્જ સરોવર.	૩૬	૧૧૦
શાલ્ટલેક (ખારૂં) સરોવર.	૭૫	૨૪૦
ઓંટારિયો સરોવર.	૧૯૦	૬૩૦૦
ઇરી સરોવર.	૨૪૦	૯૬૦૦
હ્યુરોન સરોવર.	૨૫૦	૨૧૦૦૦
મિસિગન સરોવર.	૩૪૦	૨૨૦૦૦
સુપિરીયર સરોવર.	૪૬૦	૩૨૦૦૦

એ વિના સોળ સત્તર મૈલ લંબાઇનાં તથા દશ મૈલની અંદરની લંબાઇના સરોવરો આ દેશમાં પુષ્કળ છે, એક સાલ્ટલેક વગર બીજા બધાં સરોવરો મીઠા પાણીનાં છે અને તેમાં આખી પૃથ્વી ઉપરના તમામ મીઠા પાણીના જથ્થાનો એક તૃતીયાંશ ભાગ છે એમ કહેવાય છે.

અમેરિકન લોકની કલ્પનાથી ઉત્પન્ન થએલી છે તેનાથી આખી દુનિયાને ફાયદો થાય છે, જે પેહેલ વેહેલી આગબોટે આટલાન્ટિક મહાસાગર પાર કરીને નવા અને જુના મહાદ્વિપના રહેવાશીઓનો મેળાપ કરાવી દીધો તે અમેરિકામાંથી ગઇ હતી. આ આગબોટો વડે આ દેશનો વેપાર બીજા દેશો જોડે જોકે ઘણો ચાંલતો નથી. (કારણ કે તે ઘણોખરો બધોજ ઈંગ્લાંડે હાથ રેલે છે) તોપણ દેશમાંને દેશમાં જે વેપાર ચાલે છે તે ઘણો આશ્ચર્યકારક છે. એક ઓહાવો નદી ઉપરજ આગબોટ અને વહાણો વડે દર વરસે બે અબજ ચાળીસ કરોડ (૨,૪૦,૦૦,૦૦,૦૦૦) રૂપિયાની કિંમતના માલનો વેપાર ચાલે છે એવું સારા વાકેફગાર માણસથી માલમ પડયું છે. વળી આ દેશમાં અગણિત રેલવેઓ એ પણ એક વેપારનું મોટું સાધન છે. ઈ. સ. ૧૮૫૦ સુધી અહીંઆની રેલવે અને આગગાડીઓની સ્થિતિ ઘણી માઠી હતી અને તેથી મુસાફરોનેએ ઘણો કંટાળો આવતો હતો. હવે તે કંટાળો અને અડચણ તથા રેલવે સ્ટેશન ઉપર થનારો વિલંબ અને તે આગગાડીઓનું દીર્ઘસુત્રીપણું એ સર્વ જતું રહ્યું છે. ઇ. સ. ૧૮૩૦માં આખા દેશમાં ફકત તેવીસ મૈલ લોહ માર્ગ થયો હતો, પણ ઇ. સ. ૧૮૮૭માં એટલે અહીં રેલવેની શરૂઆત થયાને પચાસ વરસ પુરાં ન થયાં એટલામાંજ આ દેશમાં એક લાખ બેતાળીસ હજાર સાતસેં પાંત્રીસ (૧,૪૨,૭૩૫) મૈલ લંબાઇમાં રેલવે પથરાઇ જઇને આગગાડી ચાલુ થઇ છે. એમાંની ચોપન્ન હજાર બસેં હેંસી માઇલ લાંબી સડક તો ઇ. સ.

૧૮૭૩થી ૧૮૮૩ સુધીના દશ વરસમાંજ માત્ર તૈયાર થઇ છે. આખા યુરોપખંડની રેલવેની લંબાઇ યુનાઇટેડ સ્ટેટસની રેલવે ‡ ની લંબાઇ જેટલી નથી. ઇ. સ. ૧૮૮૭માં યુનાઇટેડ સ્ટેટસ સિવાય પૃથ્વીના બીજા તમામ ઠેકાણાની રેલવેની સડકો ૧,૫૦,૦૧૨ લંબાઇની હતી. યુનાઇટેડ સ્ટેટસમાં રેલવે જેટલો જલદીથી નિર્માણ થાય છે તેના પ્રમાણમાં જોઇશું તો બીજા બાર તેર વરસમાં આ દેશનો રેલવે પૃથ્વીના બીજા તમામ રેલવે કરતાં વધી જશે એવો રંગ જણાય છે. (ઇ. સ. ૧૮૮૦માં આખા હિંદુસ્તાનમાં મળીને બસેં તોહોતેર માઇલ લાંબી રેલવે નાંખવામાં આવ્યો અને તેની આગળ તૈયાર થએલી અગીઆર હજાર પાંચસેં માઇલ રેલવે તૈયાર થએલો હતો! એ ઉપરથી હિંદુસ્તાન યુનાઇટેડ સ્ટેટસ કરતાં કેટલો પાછળ છે તે સેહેજ ધ્યાનમાં આવવા જેવું છે!) એ જળમાર્ગ અને રેલવેઓ રાષ્ટ્રરૂપી શરીર માંહેલી રકતવાહિનીઓ જેવા છે. એ વડે આ રાષ્ટ્રના વેપારરૂપી જીવન રકતનો અખંડ પ્રવાહ ચાલ્યો જાય છે. આ બે સાધન વડે દેશના વેપારને જે અતિઘણી મદદ થાય છે તેનું અનુમાન થઇ શકતું નથી દર વરસે મોટાં સરોવરોમાંથી વહાણો અને

---

‡ સારા આધાર ઉપરથી માલમ પડે છે કે, ઇ. સ. ૧૮૮૦ માં આખા યુરોપખંડની રેલવેઓની લંબાઇ એક લાખ ચૌદ હજાર બસેં બાસેંઠ માઇલ હતી. ત્યારે યુનાઇટેડ સ્ટેટસની રેલવેની લંબાઇ યુરોપખંડના રેલવે કરતાં અઠાવીસ હજાર ચારસેં તોહોતેર માઇલ હતી એવી ખાત્રી થાય છે.

આગબોટો વડે જે માલ લઇ જવામાં આવે છે તેનું વજન બે કરોડ પંચાવન લાખ ટન એટલે એકોતેર કરોડ ચાળીસ લાખ (૭૧,૪૦,૦૦,૦૦૦) મણ; નદીઓ ઉપરથી વહાણ અને આગબોટ ઉપર ચઢીને જનારા માલનું વજન ત્રણ કરોડ ચાળીસ લાખ ટન એટલે પંચાણું કરોડ વીસ લાખ મણ (૯૫,૨૦,૦૦૦૦૦) અને દેશમાંને દેશમાં ગાડીઓ ઉપર સર્વત્ર જનારા માલનું વજન ઓગણીસ કરોડ દશ લાખ ટન એટલે આઠ અબજ ચૌદ કરોડ ને હેંશી લાખ (૮,૧૪,૮૦,૦૦,૦૦૦) મણ જેટલો થાય છે. આ જળમાર્ગ અને રેલવે વડે દેશમાંને દેશમાં થનારો યુનાઇટેડ સ્ટેટસનો વેપાર ગ્રેટબ્રિટનના સર્વ પરદેશો સાથે ચાલતા વેપારથી છ ઘણો વધારે છે! એમાં પરદેશી લોકોનો કાંટો બીલકુલ નથી.

આ દેશના આ વેપારને તથા દેશની ચઢતી કળાને ઘણોજ સાધનભૂત વળી એક આશ્ચર્યકારક પદાર્થ આ દેશમાં છે. તે કયો એમ પુછશો તો તે અહીંયાના તારયંત્રો અને તેનોજ પેટાભેદ ટેલિફોન છે. સાત લાખ સાઠ હજાર (૭,૬૦,૦૦૦) માઇલ લાંબા ટેલિગ્રાફના તારની જાળ આખા દેશ ઉપર અદ્‌ભૂત રીતે પથરાયલી છે। તે માનવ શરીર માંહેલી જ્ઞાનતંતુની જાળની પેઠે આ દેશના જ્ઞાનતંતુને ઠેકાણે ઉપયોગમાં આવીને ઘણું કારણુવાદી અને મહત્વનું દેશનું અંગ છે. બેનજામિન ફ્રાંકિલને વિજળીનો શોધ કર્યો ત્યારથી આ દેશના લોકોએ વિજળી પાસે અસંખ્ય કામો કરાવી લેવાનું જારી કર્યું છે. એ વિજળી ટેલિગ્રાફમાં તેના રાસદનું કામ કરે છે અને ટેલિફોનમાં દુવીનું કામ કરે છે, ગા-

ડીઓ ચલાવે છે, દીવા સળગાવે છે, યંત્રો ચલાવે છે, રોગ સારા કરે છે, અને ઢોળ ચઢાવે છે! તે નથી કરી શકતી એવાં કામો ઘણાંજ થોડાં હશે. દરેક મોટી દુકાનમાં, વખારમાં સાહુકારની અને સરકારી કચેરીમાં તથા મોહોટા સભાગૃહમાં તારયંત્રે જોડવેલાં હોય છે. તે વડે (આણીમેરની બાજુએ યંત્રની પાસે કોઇ બોલતું ન હોય તોએ) દુનિયાના કોઇ પણ ઠેકાણામાંથી મોકલેલી ખબર છપાઇને બહાર પડે છે! કયા ઠેકાણાની હવા અદલાઇ, દાણાનો, રૂનો, ધાતુનો અને નાણાંનો ભાવ કેવો છે. ઈત્યાદિ સેંકડો પ્રકારની ઉપયોગી ખબરો ટેલિગ્રાફ અને ટેલિફોન વડે મેળવવાને સેહેલું પડે છે.

દેશના વેપારની ચઢતી કરનારૂં વળી એક બીજું સાધન છે, તે એ કે, આ મોટા દેશમાં ગમેત્યાંનો માલ ગમે ત્યાં જાય તોય તે ઉપર જકાત મુદલે લાગતી નથી. આગગાડીઓ અને વહાણો વડે માલ ઘણાજ સસતા ભાડાથી મોકલી શકાય છે; અને ઠેકાણે ઠેકાણે તે ખોલીને દેખાડવાનો ત્રાસ અને જકાત આપવાનો ખરચ મુદલે ન હોવાથી સઘળાનેજ સાધારણ કિંમતે સેહેલથી મળતું હોવાથી વેચનારને તેનાથી ઘણો ફાયદો થાય છે બહાર દેશાન્તરથી આ દેશમાં આવનારા માલ ઉપર ઘણી ભારે જગાત પડે છે. આ દેશના કેટલાએક લોકોનું કહેવું એમ છે કે, એ આયાત માલ ઉપરની જગાત કહાડી નાખવાથી વેપારને ઘણું ઉત્તેજન મળશે. જ્યાં સુધી આ દેશમાં શિલ્પકળા ઉત્તમ દશામાં આવીને દેશ માંહેલા ઉદયોગ ધંધાની ચઢતી થઇ નહોતી

ત્યાં સુધી આયાત માલ ઉપરની જકાત ઘણી ફાયદાકારક હતી. કારણ જગાત હોવાને લીધે પરદેશી માલ દેશમાં મોઘો મળવાથી અને દેશી માલ સસ્તો મળવાથી ઘણા લોકો દેશી માલજ લે છે. યુનાઇટેડ સ્ટેટ્સનો વેપાર રોજગાર અને સિલ્પકળા હવે ઘણી ચઢતી કળાએ પહોંચ્યો છે. હવે આયાત માલ ઉપર જકાત હોવાનું ઘણું કારણ રહ્યું નથી, તોપણ અહીંના ઘણા ખરા લોકો એ જકાત કહાડી નાંખવાની વિરૂદ્ધ છે. વેપારમાં શું કે બીજા કશામાંએ શું, પરદેશી છાપ આપણા ઉપર બેસવી ન જોઇએ અને આપણે કોઇના ઓશીઆળા રહીને નહીં તેને વાસ્તે તેઓ ઘણી કાળજી રાખે છે. જે માલ પોતાના દેશમાં પુષ્કળ ઉત્પન્ન થઈને વેપારને સારૂ પરદેશમાં મોકલવામાં આવે છે, તેજ જાતનો માલ પરદેશમાંથી અહીં આવે તો તે વેચાતો લેવાને કોઇ પાછું જોતું નથી. એવા પદાર્થના વિનિયમથી કંઈ નુકશાન ન થતાં, ઉલટો ફાયદોજ થાય છે. તથાપિ કોઇપણ વસ્તુના વેપારને અથવા ઉપયોગને જ્યાં સુધી ચઢતી કળા આવી નથી. તે જરૂર કરતાં વધારે પરદેશમાંથી મંગાવીને એ લોકો દેશના ઉદ્યોગને તથા વેપારને નુકશાન પહોંચવા દેતા નથી. દરેક પદાર્થને સારૂ વિલાયત તરફ મોહું કરીને બેસનારા, વિલાયતવાળાઓના હાથથીજ પાણી પીનારા, સ્વદેશના વેપાર અને ઉદ્યોગની હાનિ કરીને વિલાયતી માલ વાપરનારા આપણા દેશના લોકે એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. વિલાયતથી આવેલી ચા લીધાથી

તથા ત્યના લુગડાં પેહેર્યાથી મારા દેશના ઉદ્યોગ ધંધાને નુકશાન થાય છે, તેથી હું તે ચા બીલકુલ નહીં પીયું તથા વિલાયતી કાપડ નહીં પેહેરૂં; જાડું મોટું જેવું દેશી કાપડ મળશે તેવુંજ પેહેરીશ, એવું અમેરિકન લોકોએ ન કહ્યું અને તેવી કૃતિ કરીને દેખડાવ્યું! તેથી આજે એ દેશને આટલી સંપતિ મળી છે. અને આપણે શું કર્યું? **આપણે આપણું સોનું આપીને વિલાયતી જશતનાં વાસણો લીધાં; આપણી શાળો બંધ કરીને વિલાયતી સોંઘું કાપડ પેહેરવા લાગ્યા, આપણે ઉત્તર ઇંડિયનોની પેઠે કાચના ઝળકતા રંગબેરંગી ખોટા ઝવેરાતથી ભુલીને કાચનાં નંગો અને મદ્ય ભરેલી કાચની બાટલીઓ લઇને આપણી રત્ન ભુમી પરદેશીઓને વેચી દીધા.** અને હવે તે મદ્યથી આપણો પ્રાણ જાય છે અને તે કાચના કકડા આપણાજ પગમાં ભોંકાઇને આપણને મોટા જખમો લાગે છે તેથી બુમો પાડીએ છીએ. તેથી આપણો દેશ એવી હીન અવસ્થાએ આવ્યો છે! યુનાઇટેડ સ્ટેટસ અને આપણો આ હિંદુસ્તાન એક બીજાથી ઉલટી દિશાએ છે, એ આ ઉપરથી સારી રીતે લક્ષમાં આવ્યા વિના રહેશે નહિ.

અહીં સુધી આ દેશના વેપાર રોજગારનો ઉત્કર્ષ થનારાં સાધનોનું થોડુંએક દિગદર્શન કર્યું. હવે આ અધ્યાયના પ્રતિપાદ્ય વિષય તરફ વળી એ ખેતી, શિલ્પકામ, અને ખાણો ખોદવી એવા આ દેશના વેપાર ધંધાના ત્રણ સાધારણ ભાગ થઇ શકે છે.

ખેતી એ યુનાઇટેડ સ્ટેટસના લોકોનો મુખ્ય ધંધો છે. એ દેશમાં બીજી સર્વ વાતોની પેઠે ખેતી એ પણ શાસ્ત્રની રીતે કરવામાં આવતી હોવાથી દિવસે દિવસે તેમાં વધારે ને વધારે ઉન્નતિ થતી ચાલી છે, તેનું કારણ આ દેશના ખેડુતો અક્ષર શત્રુ નથી પણ તેમાંના ઘણાખરાને લખતાં વાંચતા આવડે છે. તે ખેતી સંબંધી નીકળનારા પત્રો અને પુસ્તકો વગેરે વાંચે છે. અને તેની ઉન્નતિને સાધનભૂત શાસ્ત્રીય ક્રિયા અને રાસાયણિક પ્રયોગમાં આણે છે. "Epluribus unmu" (એપ્લ્યુરિબસ-યુનમ) એટલે ઘણા મળીને એક, આ નીતિવાકયોનો ઉપયોગ જેમ બીજી વાતોમાં છે, તેવોજ ખેતીમાંએ છે. આ દેશમાં ન્યાશનલ ગ્રાંજ એટલે એટલે "રાષ્ટ્રીય કૃષક સમિતિ" નામની એક સભા છે. એ રાષ્ટ્રીય કૃષક સભા જે નીતિના દૃઢ આધાર ઉપર ઉભી કરેલી છે, તેનાં મૂળ તત્વો શા છે, તે આપણને સદરહુ સભાના પ્રતિજ્ઞા વાકય ઉપરથી સમજાય છે. તે પ્રતિજ્ઞા આ પ્રમાણે છેઃ—"મુખ્ય વાતમાં એક મત્ય; અવાંતર અને સાધારણ વાતોમાં વિચાર સ્વાતન્ત્ર્ય અને સર્વ વાતમાં મૈત્રી હોવી, અમારા ધંધાની અને ધંધાદારી ભાઇઓની જેણે કરીને ઉન્નતિ થાય એવી બાબતોમાં ઘણી કાળજી રાખીને અને અમારામાં સરખી રીતે શ્રમ વિભાગ થઇને, સઘળાઓએ ન્યાયની રીતે આપણા શ્રમનું ફળ મેળવવા સારૂ અમે પ્રયત્ન કરીશુ." આ સભાની શાખા આ દેશના દરેક ગામમાં છે એમ કહીશું તો ચાલશે. આ સમિતિમાં પુરૂષો અને સ્ત્રીઓને સમાન યોગ્ય

[illegible]ની માનવામાં આવે છે. સમિતીના સંબંધમાં પુરૂષને જેટલો હક છે તેટલો બધો બઇરાંઓને એ આપેલો છે. આ સમિતીનો ઇતિહાસ લખનારો ગૃહસ્થ કહે છે કે, "આપણી સ્ત્રીઓને અન્યત્ર બેહેનોને ને ત્યાં જવાને બની આવે એવે ઠેકાણે અપવિત્ર વાતો અને અનીતિનો પ્રવેશ થશે નહી" એજ કારણ ઉપરથી રાષ્ટ્રીય કૃષક સમિતીએ આબરૂદાર સ્ત્રીઓને પોતાની સભાસદ બનાવી છે. નાના ગામડાંઓમાં અને ખેતરોમાં રેહેનારા ખેડુતોને ગમત સારૂ શેહેરોમાં થતાં નાટકો, તમાશા, ગાયનસમાજ, ઉત્તમ વ્યાખ્યાનો અને બીજા નાના પ્રકારના જ્ઞાનમાં વૃદ્ધિ કરનારા ઉપાયો લભ્ય નથી હોતા, સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધી ખેતી સંબંધી કામો કરવામાંજ તેનો સઘળો વખત જાય છે. તેમને ગમત પડીને તેમના જ્ઞાનનીએ અભિવૃદ્ધિ થાય એ ઘણું ફાયદાકારક છે. તેને સારૂ કૃષક સભાના યત્ન નિરંતર ચાલ્યા કરે છે. સભાના નિયમોને અનુસરીને વરસમાં ઘણીવાર જુદા જુદા વિષયો ઉપર પ્રસિદ્ધ વિદ્વાન વકતા પાશે વ્યાખ્યાનો તથા ભાષણો કરાવે છે. નવરાસની વેળાએ જુદાજુદા વિષયો જે સ્ત્રી પુરૂષને શીખવાની ઇચ્છા હોય તેને તે શીખવાની સવડ કરી આપવામાં આવે છે. યુનાઇટેડ સ્ટેટસની, રાષ્ટ્રીય કૃષિ વિદ્યા વિભાગ તરફથી પ્રસિદ્ધ થયેલી ખેતી સંબંધી માહિતી અને બીજાં પુસ્તકો વાંચીને મેળવેલું અનુભવ સહિત જ્ઞાન અને ઉપર કહેલી કૃષક સમિતીના મારફતે ઉપલબ્ધ થનારૂં નાના પ્રકારનું જ્ઞાન અને સંપ સુખ, એથી કરીને અહીંની ખેડુત

સમાજ દહાડે દહાડે ઘણી ઉદ્યોગી, ઉન્નત, સુખી અને ધનવાન થતી ચાલી છે.

એ દેશ સ્વતંત્ર થયો ત્યારથી અહીંના જનપદોએ તથા દેશના શાસકોએ ખેતીની ઉંચી સ્થિતિ કરવાને ઘણીજ કાળજી રાખેલી છે. આ દેશનો પહેલો અધ્યક્ષ જાર્જ વાશિંગટન ઘણા કામોમાં દટાયલો છતાંએ તે જાતે કૃષિવિદ્યા વિભાગ ઉપર દેખ-રેખ રાખતો હતો. જેફર્સન, વેબ્સ્ટર. આડમ્સ, ક્લે, એમના જેવા તત્વજ્ઞાની અને ધુરંધર રાજકારણી પુરૂષો જાતે ખેતી કરતા હતા. એવાં ઉત્કૃષ્ટ ઉદાહરણો જોઇને લોકોને ખેતીનો ધંધો આબરૂદાર લાગીને તે કરવાનો ઉમંગ આવ્યો અને તેને લીધે ખેડુતોને લાયક માન સર્વત્રજ મળે એ સાધારણ છે. યુનાઇટેડ સ્ટેટસની એકંદર સંપત્તીનો એક ચતુર્થાંસ ખેતીનાં કામમાં નાંખેલો છે અને દેશની વાર્ષિક ઉપજનો ચોથો ભાગ ખેતીથી ઉત્પન્ન થાય છે.

અહીંયાં ખેડુતોમાંએ શું અને બીજામાંએ શું, બાપે કર્યું તેજ છોકરાંએ કરવું એવો ચાલ નથી. એકાદા માણસના વંશમાં ઉત્પન્ન થયેલા અસંખ્ય પુરૂષોએ પોતાના હજારમાં પૂર્વજે જેવી કુહાડી પકડી હતી, જેમ નીક કે પન્હાળ ખોદી હતી, જેમાં જમીનમાં હોળ ખોસ્યું હતું, અથવા મધપુડાનું મધ કહાડયું કે છાજની ઝુંપડી બાંધી હતી અથવા ગુફા કોતરી હતી તે "येनास्यपितरो यातायेन याताः पितामहाः"ની પેઠે ચાલી આવેલી રૂઢી પ્રમાણે એકાદ કામ કરવાનું તેમને અશક્ય લાગે છે.

તેમની કલ્પનાશક્તિ અને શાસ્ત્રીય જ્ઞાન એ દરેક વ્યવહારિક બાતોમાં ઉપયોગમાં આવેલું હોય છે. અહીં ખેતીમાંએ યંત્રનો ઉપયોગ કરવામાં આવે છે. મોટાં ખેતરોને ખેડવા તથા વાવવાને વરાળયંત્ર વડે એકએ માણસની મદદથી સેંકડો માણસોનું કામ થાય છે. ઘણાખરા સથળાં નાના મોટાં ખેતરો ઉપર ખેતરની કાપણી કરીને પુળા બાંધવાનું યંત્ર એક માણસની મદદથી પચાસ સાઠ માણસનું કામ કરે છે, એવાં પ્રકારનાં સેંકડો યંત્રો ખેતીના કામમાં ઉપયોગી પડે છે. તેના નામો પણ આપણા દેશમાં કોઈની જાણમાં ન હોવાથી માત્ર પુસ્તક માંહેનું વર્ણન વાંચવાથી તેનો ઉપયોગ શો અને કેમ થાય તે કોઇ સમજી શકશે નહીં. ઈ. સ. ૧૮૮૦માં જે સુધરેલાં હળ અને યંત્રો આ દેશની ખેતીમાં વપરાતાં હતાં. તેની કિંમત પીસતાળીસ કરોડ ડાલર એટલે એક અબજ પાંત્રીસ કરોડ (૧,૩૫,૦૦,૦૦,૦૦૦) રૂપિયાની હતી. યુનાઇટેડ સ્ટેટસમાં જે અગણિત જમીન ખેતી થઇ શકે એવી ઉપયોગી છે, તેના ઉપર કામ કરનારા માણસોની ઝાઝી છત નથી તેથી ખેડુતોને યંત્રની મદદની ઘણી જરૂર પડે છે. એ જરૂરને લીધેજ અમેરિકન લોકની કલ્પના શક્તિને મોટું ઉત્તેજન આપીને હજારો યંત્રોની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે અને ખેડુતો તથાં બીજા ધંધાદારીઓ ઘણી હોંસથી નવાંજ ઉત્પન્ન થએલાં યંત્રોનો ઉપયોગ કરે છે.

ઈ. સ. ૧૮૮૦ની અહીંની વસ્તીની ગણત્રી ઉપરથી માલુમ પડે છે કે યુનાઇટેડ સ્ટેટસમાં (આલાસ્કા નામના મોટા

ઉપસસ્થાનની જમીન બાદ કરતાં) ખેતી કરવાને લાયક જમીન પંદર લાખ (૧૫,૦૦,૦૦૦) ચોરસ માઇલ છે. ત્યારે યુનાઇટેડ સ્ટેટસની ખેતી કરવા જોગ જમીનનો વિસ્તાર આપણા આખા હિંદુસ્તાન દેશ કરતાંએ મોટો છે એમ કહેવું પડે છે. એ દેશમાં સઘળીજ જમીન નવી છે; કારણ કે ઇંગ્રેજ વગેરે યુરોપીયન લોકોની વસાયત થવાની પેહેલાં એ જમીન ઉપર કોઇએ કદી ખેતી કીધેલી નહોતી. જ્યાં ત્યાં ઝાડીથી ભરેલું જંગલ અને ઘાસ વધી ગએલું હતું. અર્વાચીન લોકોને આ દેશના ઇતિહાસની જેટલી માહિતી છે તે ઉપરથી જણાય છે કે સૃષ્ટિના આરંભથી તે યુરોપિયન લોકો અહીં આવીને વસ્તી કરીને રહ્યા ત્યાં સુધી એ ભૂમિને કદીએ હળના દર્શન થયાં નહોતાં તેથી અનાદિ કાળથી જંગલની ઝાડી વધીને ઘટ થએલી જમીન ઉપરનાં ઝાડો કાપી, તેને ખેડી કળબીને વાવણી કરવા જોગ બનાવવાનું ઘણીજ મેહેનતનું અને અત્યંત કઠણ કામ હતું તે તો કહેવું પડશે નહીં, પણ સાબાશ છે અહીંના લોકોના ઉદ્યોગીપણાને તથા નિરાલસતાને ! તેમણે આજસુધીમાં ઓછામાં ઓછી કહીએ તોએ બે લાખ સત્તાવન હજાર ચોરસ માઇલ જમીન ઉપર ખેતી કરી છે ! આ સેંકડાના આરંભમાં યુનાઇટેડ સ્ટેટસ મધ્યે આસરે પાંસેઠ હજાર ચોરસ માઇલ જમીન ઉપર ખેતી કરી હતી. ત્યાર પછી સાઠ વરસમાં વળી એક લાખ પચાસ હજાર ચોરસ માઇલ જમીન ખેડીને તે ઉપર ધાન્ય ઉત્પન્ન કરવામાં આવ્યું અને ઇ. સ. ૧૮૬૦થી ૧૮૮૦ સુધીમાં બીજી બ્યાશી હજાર ચોરસ

માઇલ જમીન ઉપર ખેતી કરવામાં આવી છે! અહીં જમીનદાર અને ગણોતીયા ઘણા નથી એવું અગાડી એક ઠેકાણે કહેવામાં આવ્યું છે. દક્ષિણ સંસ્થાનોમાં વસનારા લોકો પાસે જમીનનો જથ્થો ઘણો મોટો હતો તેના ઉપર હબશી ગુલામો કામ કરતા હતા. હાલમાં તે કાળા લોકો ગુલામગિરીમાંથી છુટીને પેહેલાં હતા તેજ ઠેકાણે ઘણાખરા રહેલા છે. તેઓ ઘણી જમીનવાળા માલિકો પાસેથી ખેતરના નાના નાના કિત્તા ભાડે લઇને તેના ઉપર ખેતી કરે છે. તેમને ખેતરો વેચાતાં લેવાની શક્તિ આવશે ત્યારે ભાડે લીધેલાં ખેતરોની કિંમત તેના માલીકોને આપીને તે તેમની પાસેથી ખરીદી લેશે એવો સંભવ છે. જમીન વેચાતી લેવા આપવાનો કાયદો આ દેશમાં ઘણો સહેલો છે. પશ્ચિમનાં સંસ્થાનો માંહે પણ ઘણાં મોટાં મોટાં ખેતરો ઘણા જણના તાબામાં છે; તથાપિ જમીનદારીપણાનો તથા ગણોતિયાનો વર્ગ આ દેશમાં હોવો ન જોઇએ એવી ઘણાની મરજી હોય એમ જણાય છે. હાલમાં ઘણાખરા ખેડુતો પોતે ખરીદેલી જમીનના નાના નાના કિત્તા ઉપર ખેતીનું કામ કરે છે. યુનાઇટેડ સ્ટેટસમાં એકંદર ચાળીસ લાખ ખેતરો છે, તેમાંનો લગભગ પોણો ભાગ જેટલાં ખેતરો સ્વતંત્ર લોકોના સ્વાધીનમાં છે અને તેના માલિકોજ તે ઉપર કામ કરે છે. હાલમાં ચાળીસ લાખ પાંચ હજાર નવસે સાત (૪૦,૦૫,૯૦૭) ખેતરોમાંના ૩,૨૨,૩૫૦ ખેતરો ગણોતીઆઓએ વાવેલાં છે, અને છ લાખ નવાણુ હજાર બસેં ચુમાળીસ (૬,૯૯,૨૪૪) ખેતરો સરકારની માલિકીના છે

અને ઓગણુત્રીસ લાખ ચોર્યાશી હજાર ત્રણુસેં છ (૨૯,૮૪,૩૦૬) ખેતરો સ્વતંત્ર લોકોના ધણીપણાનાં છે. સાધારણ રીતે જોવા જતાં એકેક ખેતર એકસો ચોત્રીસ એકરનું હોય છે તો એ હજાર બારસેં એકરથી વધારે જમીનવાળાં ખેતરો ઓછામાં ઓછાં એકત્રીસ હજાર જેટલા નીકળશે. અહીં ખેતીના ઉપયોગની જમીન પણ ઘણી સોંઘી મળે છે. હાલમાં કેટલાંએક સંસ્થાનમાં એક એકર જમીનની કિંમત સરેરાસ સાઠ રૂપિયા પડે છે. આટલાંટિક મહાસાગરની પાસે આવેલાં કેટલાંક ઉત્તરના સંસ્થાનોની જમીન-નીં કિંમત એક એકર ઉપર ૨૨ રૂપિયાથી તે ૧૦ રૂપિયા સુધી; દિવસે દિવસે જેમ વસ્તી વધે છે તથા વસ્તી કરનારાઓ વધતા જાય છે તેમ તેમ જમીનો મોંઘી થતી જાય છે. ઇ. સ. ૧૮૫૦ થી ૧૮૮૦ સુધીના ત્રીસ વરસમાં જમીનની કિંમત વધીને બમણી થઇ છે.

ખેતી થએલી અને તે થવા જોગ જમીનમાંની ઘણીખરી જમીન સપાટ છે અને એ કામમાં યંત્રનો ઉપયોગ ઘણો થાય છે, પાણી પણ પુષ્કળ મળે છે, ખેડુતો પોતાના ધંધામાં મેહેનત અને યંત્રનો ઉપયોગ કરવામાં આળસ કરતા નથી, તે હરેક તરેહથી આ ફળવંત જમીનને વધારે ફળવંત કરવા મથે છે. એ સર્વ અનુકૂળ કારણોને લીધે યુનાઇટેડ સ્ટેટસની ધાન્યની ઉત્પત્તિ ઘણીજ ભારે છે અને દહાડે દહાડે તેમાં વધારો થતો જવાનો. ઈ. સ. ૧૮૮૦માં અગીઆર કરોડ હેંશી લાખ એકર જમીનમાં સરાસરી બે અબજ સિત્તેર કરોડ (૨,૭૦,૦૦,૦૦,૦૦૦) મણુ

એટલે દર એકરે સરેરાસ તેવીસ મણ અને છત્રીસ શેર પાકા (આપણા દેશની લગભગ બે ગાલ્લી) અનાજ પેદા થયું! એમાંથી ૧,૭૫,૦૦,૦૦,૦૦૦ મણ મકાઇ, ૪૬,૦૦,૦૦,૦૦૦ મણ, ૪૦,૭૦,૦૦,૦૦૦ મણ ઓટ્સ અને બાકીનું બીજું ધાન્ય હતુ. મકાઇ, કપાસ અને ઘઉં એ આ દેશનાં મુખ્ય તુલો છે. ડુક્કર, ઢોર અને ઘોડા ઇત્યાદિ જનાવરોને અંહીંયા ઘણુંખરૂ મકાઇજ ખવડાવવામાં આવે છે. ડુક્કરો તો મકાઇ વગર બીજુ કંઇ ખાતા નથી. માણસોમાંએ મકાઇનો ઘણો વાપર છે. ઇ. સ. ૧૮૮૦માં આખા દેશમાં પુરો પડતાં બચેલો ત્રણ કરોડ રૂપિયાથી વધારે કિંમતનો મકાઇ બહાર દેશાવરમાં મોકલવામાં આવ્યો. ઈ. સ. ૧૮૬૦ સુધી આ દેશના લોકોને પરદેશમાંથી ઘઉં આણવાની જરૂર પડતી હતી, પણ હમણા આખી પૃથ્વી ઉપર જે ઘઉં ઉમત્ન થાય છે તેનો ચોથો ભાગ આ દેશમાં ઉમત્ન થાય છે. ઇ. સ. ૧૮૬૦માં આ દેશમાં ૧૭,૩૦,૦૦,૦૦૦ મણ ઘઉં ઉમત્ન થયા હતા; ૧૮૭૦મા તે ૨૮,૭૦,૦૦,૦૦૦ મણ ઉમત્ન થયા; અને ૧૮૮૦માં ૪૫,૯૦,૦૦,૦૦૦ મણ અને ૧૮૮૪માં ૫૦,૦૦,૦૦,૦૦૦ મણ ઘઉં ઉમત્ન થયા! એ ઉપરથી ઘઉં વગેરે તુલોની ઉપજ કેટલી જલદી વધી જાય છે તેનું થોડુંએક અનુમાન થઇ શકશે. સત્તાવીસ વરસ ઉપર આ દેશના લોકોને બહાર દેશથી ઘઉં આણવા પડતા હતા તે ઇ. સ. ૧૮૮૦માં આ દેશમાંના સઘળાં માણસોને પુરા પડીને બચેલાં ૫૯,૦૦,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતના ઘઉં પરદેશમાં રવાને થયા.

ઇ. સ. ૧૭૭૬થી આ દેશના લોકો કપાસની વાવણી કરવા લાગ્યા. પ્રથમ અહીંઆ કપાસની ઉત્પત્તિ અને તેનાથી થશે કે નહીં એનો સંશયજ હતો; તો પણ કપાસની વાવણી એક વાર કરી જોવાનો નિશ્ચય કર્યો, તે નિશ્ચ કંઇ અધુરો નહોતો. આ દેશ સ્વતંત્ર થયા પછી તરતજ એલીવ્હિટની નામે એક માણુસે કપાસમાંથી કપાસિયાં અને રૂ જુદું પાડવાનું એક યંત્ર બનાવ્યું. ત્યારથી કપાસની વાવણી વધવા લાગી. આ નવા ઉત્પન્ન થનારા માલનો દેશમાં ઉઠાવ થઇને દેશનેજ લાભ થવા સારૂ બહાર દેશથી આવનારા કાપડ ઉપર ભારી જકાત નાંખવામાં આવી, તેથી એની મેળેજ દેશમાં ઘણી સાલો પેદા થઇને દેશી સુતરનું કાપડ તૈયાર થવા લાગ્યું. ઇ. સ. ૧૮૩૦ના સાલની પેહેલાંનું ઘણું ખરૂં રૂ અહીંજ ખપતું હતું. તો પણ આ વરસમાં સરેરાસ નવ કરોડ રૂપિયાનું રૂ બહાર દેશાવર મોકલવામાં આવ્યું હતું. ઇ. સ. ૧૮૮૦માં આ દેશમાં ૫૭૫૭૩૯૭ ગાંસડી રૂ પેદા થયું, તેમાંથી ૬૬,૦૦,૦૦,૦૦૦ રૂપિયાની કિંમનું રૂ બીજા દેશમાં રવાને કરવામાં આવ્યું. એમાના બે તૃતીયાંશ રૂ ઇંગ્લાંડમાંજ ખપ્યું. ઇંગ્લાંડ જે કાપડ તૈયાર કરીને આપણા દેશમાં સોંઘી કિંમતે વેચે છે. તે ઘણું કરીને અમેરિકન કપાસનું હોય છે. અહીંના રૂનું સુતર ઘણું ઝીણું અને સારૂં થાય છે. રાઇ નામનું એક ધાન્ય છે, તેની રોટલી કરે છે તેપણ અહીં ઘઉં ઉત્પન્ન થાય છે. ૧૮૮૦માં એ ધાન્ય ૨,૦૦,૦૦,૦૦૦ મણ ઉત્પન્ન થયું. તેમજ જવ ૪,૪૦,૦૦,૦૦૦મણુ ઉત્પન્ન થયા.

ઓટ્સ નામનું અનાજ ૪૦,૭૦,૦૦,૦૦૦ પેદા થયું. તેમજ બટાટાની પેદાસ ૨૦,૩૦,૦૦,૦૦૦,મણ થઇ. પૂર્વ અને પશ્ચિમના વિસ્તીર્ણ મેદાનમાં ઉત્કૃષ્ટ ઘાસ ઉત્પન્ન થાય છે. ઇ. સ. ૧૮૮૦ માં ૧,૦૦,૮૦,૦૦,૦૦૦ મણ ઘાસ બજારમાં વેચાયું તંબાકુની ઉપજ અહીં ઘણીજ થાય છે. છલાખ આડત્રીસ હજાર એકર જમીન ઉપર આ આફતદાયક તુલની વાવણી થાય છે. એ કારણથી અહીં ઘણો તંબાકુ ઉત્પન્ન થાય છે. તેમાંનો અરધો આ દેશમાં વપરાય છે અને અરધો બહાર દેશાવર ખાતે મોકલવામાં આવે છે. વળી આ દેશમાં ઠેકાણે ઠેકાણે ઘણા પ્રકારના ફળો ઉત્પન્ન થાય છે. ઇ. સ. ૧૮૮૦માં ઉત્પન્ન થયેલાં ફળોની કિંમત ૭ કરોડ કરતાં વધારે હતી. તેજ વરસમાં ઉત્પન્ન થએલા આ દેશના તુલની કિંમત એકંદર નવ અબજ ને છ કરોડ (૯,૦૬,૦૦,૦૦,૦૦૦) રૂપિઆ કરતાં વધારે હતી. સને ૧૮૮૪ માં પેદા થયેલા તુલની કિંમત આઠ અબજ સોળ કરોડ ને પીસ્તાળીસ લાખ (૮,૧૬,૪૫,૦૦,૦૦૦) રૂપિયાની હતી એવું સારા આધાર ઉપરથી માલમ પડે છે.

ડુક્કર, ઢોર અને મરઘાં ઇત્યાદિ પ્રાણીઓ અહીંઆ બાળ-પાલો જેવાં ગણવામાં આવે છે, બીજા તુલોની માફક એને એ ઉછેરવામાં આવે છે. ઇ. સ. ૧૮૮૦માં પાંચ કરોડ સડસઠ લાખ પચાસ હજાર (૫,૬૭,૫૦,૦૦૦) ડુકર, ચાર કડોડ સાઠ લાખ (૪,૬૦,૦૦,૦૦૦) ઢોરો તેમાંથી એક કરોડ એંશી લાખ (૧,૮૦,૦૦,૦૦૦) દુજતી ગાયો હતી. અહીંની ગાયો કંઈ આપણું

દેશની પેઠે પાસેર અચ્છેર દુધ દેનારી નથી. તેમને ખાવાનું પુષ્કળ મળે છે; શાસ્ત્રીય રીતે તેનો બાંધો મજબુત થાય અને સ્થિતી અને શરીર સંપતિ ઉન્નત દશાએ પહોંચે એવો પ્રયત્ન કરવામાં આવે છે. એ ગાયો ખરેખરીજ ઘટોધ્ની; એટલે ગાગેર ભરાય એટલું દુધ તેના આંચળમાં હોય એવી હોય છે. ચાર કરોડ પચાસ લાખ (૪,૫૦,૦૦,૦૦૦)ઘેટાં અને એક કરોડ વીસ લાખ (૧,૨૦,૦૦,૦૦૦) ઘોડા એટલાં જાનવરો એ દેશમાં હતાં. અને હવે તો તેમાં ઘણો વધારો થયો હશે. આ સર્વ જાનવરો-નો ઉપયોગ આ દેશમાંજ છે. અહીંના સાડાપાંચ કરોડ માંસ ખાનારા માણસોને માંસ પુરૂં પડતાં પરદેશ મોકલવાને સારૂ એ ઘણું ફાજલ પડે છે. થોડાં વરસ થયાં ડુકર વગેરેનું માસ સુકવીને તે પરદેશમાં મોકલવાનો વેપાર ચાલુ થયો છે. ડુકર ઢોર અને ઘેટાનું જે માસ દરવરસે પરદેશ મોકલવામાં આવે છે. તેની કિંમત સવાપાંત્રીસ કરોડ (૩૫,૨૫,૦૦,૦૦૦)રૂપિઆ કરતાં વધારે છે. ઇ. સ. ૧૮૮૦માં આ દેશમાં ત્રીસ લાખ મણ ઉન ઉત્પન્ન થયું "માખણ, મલાઇ, અને ઈંડાં સભા"—એ નામ થોડુંક ચમત્કારિક છે, એનો ઉપાય નથી!)—નામની મંડળીના વારસિક રીપોર્ટ ઉપરથી જણાય છે કે, યુનાઇટેડ સ્ટેટસમાં માખણ, મલાઇ વગેરે દુધની ચીજોની ઉપજ દરવરસે ત્રીસ કરોડ (૩૦,૦૦,૦૦,૦૦૦) રૂપિઆથી વધારે છે. ૧૮૮૦ના વરસમાં યુનાઇટેડ સ્ટેટસના ખેડૂતોની આમદાની (ખરચ બાદ કરતાં તેમની

પાસે રહેલો નફો) એક અબજ પાંસેઠ કરોડ (૧,૬૫,૦૦,૦૦,૦૦૦) રૂપિઆથી વધારે હતી. મોટાનું સઘળુંજ મોટું !

શિલ્પકળા.

ઇ. સ. ૧૭૭૬ની સાલ પેહેલાં ઉત્તર અમેરિકા માંહેલાં તેર ઈંગ્રેજી સંસ્થાનોની વસ્તી સઘળી રીતે પરતંત્ર હતી. તેમના ઉપર ઈંગ્રેજ સરકારનું એકાધિપત્યં હોવાને લીધે, જેથી કરીને ઇંગ્લાંડ અને ત્યાંના રહેવાશીઓને ફાયદો થાય એવા સખત કાયદા તે તેર સંસ્થાનમાં ચાલુ કર્યા હતા. એ સંસ્થાનો સ્વતંત્ર થવાની વેળાએ ત્રીજો જાર્જ ઈંગ્લાંડના સિંહાસન ઉપર હતો તેનો અમલ તો આ લોકોને ઘણોજ અસહ્ય થઈ પડ્યો. આ દેશમાં આવનારા અને અહીંથી જનારા પ્રત્યેક પદાર્થ ઉપર જકાત હતી. એમને સ્વતંત્રપણે પરદેશ સાથે વેપાર કરવાની છુટ નહોતી. પણ માત્ર ઇંગ્લાંડના ભાવે અને ઇંગ્લાંડના વેપારીઓ સાથેજ વેપાર વ્યવહાર કરવો એવો કાયદો હતો. એઓએ લોખંડ વગેરે ધાતુ ખાણુમાંથી ખોદી કહાડીને ઇંગ્લાંડ મોકલવું, તેના પદાર્થ કરવા નહીં; ઘણું તો શું કહીએ, પણ ઘોડાના નાળ જડવાને સારૂ જોઇતી એક બે ચૂંક પણ એ દેશમાં તૈયાર કરી લેવાનો અધિકાર આ નવી વસ્તીને નહોતો, એવું ઘણા ઇંગ્રેજો કહેતા હતા. જે જે પદાર્થો અહીંથી તૈયાર થઇને ઇંગ્લાંડ જતાં હતા, તેના ઊપર ઘણી ભારે જકાત હતી. પદાર્થ લાવતાં જકાત, મોકલતાં જકાત, પદાર્થની આપલે ઉપર કર, એમ

ઉઠતાં બેસતાં કર આપંતાં આપતાં તેમને "નાકે દમ" આવ્યો જમીનથી એક ફુટ ઉંચાઈએ જે ઝાડનો વ્યાસ બે ફુટ જેટલો હોય તે ઝાડ કાપવાનો અધિકાર તેઓને હતો નહીં. આ અને એવાજ બીજા અનેક પ્રકારના પરતંત્ર સૂચક નિયમોથી એ લોકો છેક જકડાઇ ગયા હતા. એમના વેપાર ધંધાને ઉત્તેજન નહોતું. કરના બોજાથી તેમની કમર અને બોચી વાંકા વળી ગયાં હતાં. આખરે સ્ટાંપ આકંટ અને ચહા ઉપરના કરથી આ લોકોની સ્વાતંત્ર્યેચ્છા જોરાવર થઇને, તેમણે પોતાની બોચી ઉપરની ઇંગ્લાંડની ઝુંસરી ફેંકી દીધી; અને તેમના હાથ પગની ઇંગ્રેજી કાયદાની બેડીઓ તોડી નાંખી. ઇ. સ. ૧૭૮૫માં આ સ્વતંત્રતા માટેની લડાઇની આખર આવીને દેશમાં શાંતી સ્થાપન થઇ, તથા રાષ્ટ્ર શાસન સારી રીતે ચાલવા લાગ્યું. દેશના વેપારને જેથી કરીને ઉત્તેજન આવે એવા કાયદા એક પછી એક ઘડવા લાગ્યા. ત્યારથી એમની ચઢતી કળાનો આરંભ થયો, ઇ. સ. ૧૭૯૦થી ૧૮૨૦સુધી યુરોપખંડમાં જે કેટલીક લડાઇઓ ચાલી, તેને લીધે યુરોપખંડના વેપારને ધોકો લાગીને યુનાઇટેડ સ્ટેટસના વેપારને ઉત્તેજન મળ્યું. ત્યારપછી ઇ. સ. ૧૮૬૦સુધી આ દેશના વેપારને કશો પ્રતિબંધ નહોતો. ત્યાર પછીના પાંચ વરસમાં આ દેશ ઉપર લડાઇની આફત આવી, તેથી વેપારને મોટું નુકશાન પહોંચ્યું. ત્યારકેડે ઇ. સ. ૧૮૬૬થી આજદીન સુધી અહીંનો વેપાર રોજગાર અખંડ ચાલ્યો રહ્યાથી લડાઇથી થયેલું સઘળું નુકશાન ભરાઇ રહેતાં એ દેશ આખી પૃથ્વીપરના

સર્વ દેશોમાં ધનવાન કહેવડાવનારા ઇંગ્લાંડ કરતાંએ વધારે સંપત્તિવાન થયો છે અહીં વસ્યા ત્યારથી અમેરિકન લોકોએ શિલ્પકળાની ચઢતી કરવાનું મન ઉપર લીધું, તે એટલુંજ નહિ પણ વસ્તી થયાપછી થોડે વરસેજ ઇંગ્રેજોને તેની બીક લાગવા માંડી. અને અહીંની કારીગરીની ચઢતી ન થાય તેને માટે ઇંગ્રેજોએ સખત કાયદા કરવા પડ્યા તોપણ ઇ. સ. ૧૮૩૦ સુધી અહીંની શિલ્પકળાની ઘણી ચડતી દશા થઇ નહોતી. આ વખત સુધીમાં દેશમાં શાંતી સ્થાપન થઇને શિલ્પકળા તથા બીજા ઉદ્યોગ ધંધાનો પાયો મજબૂત કરવામાં સર્વ વખત ગયો. હાલ-માં એ દેશમાં શિલ્પકળા કેવી ઉન્નત સ્થિતિએ પહોંચેલી છે, એ જેમણે જાતે દીઠું નથી, તેને સમજ પડે એમ નથી.

એ કળા દિવસે દિવસે વધારે ચડતી કળાએ પહોંચવા લાગી છે. કેટલાક વરસ પેહેલાં શિલ્પકળા ઇંગ્લાંડ આખી પૃથ્વી ઉપ-રના દેશમાં ચઢીઆતું હતું. હવે એ કામમાં યુનાઇટેડ સ્ટેટસે તેનું શ્રેષ્ઠત્વ છીનાવી લીધું છે. દરેક કામમાં હવે યંત્રોનો ઉપયોગ થવા લાગ્યાથી દરેક ઉદ્યોગને રાક્ષસી રૂપ આવે છે. યંત્રની મદદથી લોટ દળવાનો ધંધો સર્વ કરતાં મોટો છે. આ દેશમાં ચોવીસ હજાર (૨૪૦૦૦) લોટ દળવાનાં યંત્રો છે, તેમાંથી હરરોજ પચાસ લાખ (૫૦,૦૦,૦૦૦) પાકા મણ આટો દળાઇને નીકળે છે. ઇ. સ. ૧૮૮૦માં આ ધંધામાં રોકેલું ભંડોળ ત્રેપન કરોડ બાવીસ લાખ (૫૩,૨૨,૦૦,૦૦૦) રૂપિયાનું હતું અને તે વરસમાં લોટની કિંમત દોઢ અબજ (૧,૫૦,૦૦,૦૦,૦૦૦)

રૂપિયાની હતી. એટલો આંટો અમેરિકનોને તો શું પણ આખા યુરોપખંડના લોકોને પુરો પડતાંએ બચે એટલો હતો. આ અમેરિકન લોકોએ તૈયાર કરેલો લોટ યુરોપખંડ, જાપાન, ચીન, હિંદુસ્તાન ઇત્યાદિ દેશોમાં પુષ્કળ ખપે છે. આટો દળવાના ધંધાની પાસે પાસે લગભગ એટલોજ મોટો ધંધો ખાટકીનો છે. તેમાંએ યંત્રનો ઘણો ઉપયોગ થાય છે. કાપવાને આણેલા જનાવરને યંત્રની પાસે લઇ જતાં એક મિનિટમાં તેનું ગળુ કપાઇને, તેના શરીર ઉપરનું ચામડું, આંતરડાં વગેરે કહાડીને, મસાલો ભરીને બંધાઇ તૈયાર થાય છે. અને તે પાંચ મીનીટમાં તો યંત્રની બીજી બાજુએ ઉભેલા માણુસના હાથમાં જઇ પડે છે. ચિકાગો શેહેરમાં આ જાનવરો મારવાનું કારખાનું ઘણું મોટુ છે. બીજે ઠેકાણેએ એવા પુષ્કળ કારખાના છે. ઇ. સ. ૧૮૮૦ માં ચિકાગોના કારખાનામાંથી ૫૨,૫૦,૦૦૦ ડુકરો, ને ૨૫,૦૦,૦૦૦ ઢોરો મારીને તેના શરીરમાં મસાલો ભરીને તૈયાર કરીને વેચવા સારૂ મોકલવામાં આવ્યાં, આ ધંધામાં રોકેલું ભંડોળ આસરે પંદર કરોડ (૧૫,૦૦,૦૦,૦૦૦)નું હતુ અને એ કારખાનામાં લાગેલા માણુસોનો પગાર દર વરસે ત્રણ કરોડ પંદરલાખ રૂપીયા કરતાં વધારે થવા જાય છે. એક વરસમાં સત્તર લાખ ઢોર, બાવીસલાખ મેઢાં અને એક કરોડ સાઠ લાખ ડુક્કરો મારીને મસાલો ભરીને બાંધીને માણુસોના ખોરાક સારૂ આખી પૃથ્વીના શાક બજારમાં મોકલી દેવામાં આવ્યાં હતાં.

લોખંડ અને પોલાદના પદાર્થ તૈયાર કરવામાં યુનાઇટેડ

સ્ટેટસની યોગ્યતા ઈંગ્લાંડની પાસે પાસે છે. પૃથ્વી ઉપર સર્વત્ર વપરાતા લોખંડી પદાર્થનો એક પંચમાંશ, અને પોલાદી પદાર્થનો એક ચતુર્થાંશ આ દેશમાં તૈયાર થાય છે. ઇ. સ. ૧૮૮૩માં આ દેશમાં તૈયાર થએલા લોખંડી અને પોલાદના પદાર્થની કિંમત એક અબજ વીસ કરોડ (૧,૨૦,૦૦,૦૦,૦૦૦) રૂપિઆની હતી જ અખંડ વાયુવેગથી આ ધંધાની ઉન્નતિ અને વૃદ્ધિ થાય છે. તે જોતાં ૧૮૯૦ સુધીમાં યુનાઇટેડ સ્ટેટસમાં લોઢાનો અને પોલાદનો સામાન ઇંગ્લાંડ કરતાંએ વધારે તૈયાર થશે, એવો રંગ દેખાય છે. ઇ. સ.૧૮૭૦માં અહીંઆ દશલાખ વીસ હજાર (૧૦,૨૦,૦૦૦) પાકામણ પોલાદનો સામાન બનાવવામાં આવ્યો; અને ત્યાર પછી પંદર વરસે એટલે ઇ સ ૧૮૮૫માં ત્રણ કરોડ ચોર્યાસી લાખ, અઠાવન હજાર ત્રણુસેં ચોસઠ (૩,૮૪,૫૮,૩૬૪) પાકા મણ પોલાદનો સામાન તૈયાર થયો! યુનાઇટેડ સ્ટેટસમાં લોઢાની ખાણો ઘણી છે, અને અહીંના લોકોના અસાધારણ ઉદ્યોગથી તે ખાણો માંહેલો ધાતુ જ્યાંનો ત્યાં પડી ન રહેતાં, માણસ જાતના ઉપયોગમાં આવીને આ દેશના લોકોની સંપત્તિ વધશે. તાંબાના, પીતળના, અને કાંસા ઇત્યાદિ ધાતુના પદાર્થ અને યંત્રો બનાવવાનાં એ મોટાં મોટાં કારખાનાં છે. તેમાં ઘણું ભંડોળ રોકવાની સાથે એમાં તૈયાર થએલી ચીજોની કિંમત સને ૧૮૮૧માં ચોસઠ કરોડ વીસલાખ (૬૪,૨૦,૦૦,૦૦૦) રૂપિઆથી વધારે હતી. લાકડા કાપીને ઇમારતો વગેરે બાંધવાના કામસારૂ વેચવાનો ધંધો એ ઘણા મોટા પાયા ઉપર ચાલે છે. એ બીજા

કોઇ દેશમાં છે કે નહીં તે હું જાણતી નથી. § પણ યુનાઇટેડ સ્ટેટસમાં જેટલાં જંગલો છે તેટલાં બીજા કોઇ દેશમાં નહીં હોય એમ હું ધારૂં છું. અથવા તે હશે તોય બીજા દેશના લોકોએ લાકડાના વેપારમાં આટલા અગાડી પગલાં તો નહીંજ ભર્યાં હોય, એ વાત ખરી છે. ઇ. સ. ૧૮૮૦માં ચાળીસ હજાર માણસો એ ધંધા ઉપર ગુજરાન ચલાવતા હતા. એ ધંધામાં રોકેલું ભંડોળ આસરે સાઠ કરોડ (૬૦,૦૦,૦૦,૦૦૦) રુપિયાનું અને કાપીને તૈયાર થએલા લાકડાંની કિંમત અગણોતેર કરોડ અઠાણું લાખ, ૭ હજાર એકસો સત્યાશી (૬૯,૯૮,૦૬,૧૮૭) રૂપિયાની હતી. મિચિગાન, વિસ્કાન્સિન, મિનેસોટા, આરેગન, અને ઉત્તર કાલિફોર્નિયા એ સંસ્થાનો અને વાશિંગટન ટેરિટોરી નામના ઉપસંસ્થાનમાં ઘણાજ મોટાં મોટાં અરણ્યો છે. કેટલાક ભાગનો એવા છે કે જ્યાં જંગલી ઝાડો વગર બીજું કંઇજ નહીં. એ બધા જંગલોમાંથી ઉદ્યોગી લોકો અસંખ્ય લાકડાં કાપી આણીને પોતાના દેશમાં અને પરદેશમાં વેચીને પૈસાદાર થાય છે. અહીંઆ ઓક, ચેરી, મેપલ, મોહગની, અખ્રાટ ઇત્યાદિ નાના પ્રકારનાં ટકાઉ, શોભાયમાન અને કિંમતી લાકડાં ઘણુ-

§ ગુજરાતની દક્ષિણ ભાગમાં એટલે ડાંગ, વાંસદા, અને ધરમપુરના જંગલોમાંથી ઇમારતી લાકડાં કાપી આણીને ઉત્તર ગુજરાત અને કચ્છ વગેરે ઠેકાણે મોકલવામાં આવે છે. એવા લાકડાનો ધંધો કરનારાને કાટપીટીયા કહે છે. અને બીલીમોરા તથા વલસાડ બંદરેથી એ માલ પુષ્કળ ચડે છે.

જ ઉત્પન્ન થાય છે. તે કાપીને તૈયાર કરી યુરોપ ખંડમાં મોકલવામાં આવે છે. યુનાઇટેડ સ્ટેટસની સુવર્ણ ભૂમીમાં ચારસેં જૂદી જૂદી જાતનાં ઉપયોગી લાકડાં ઉત્પન્ન થાય છે. એની ખાસીનો વેપાર કહીએ તો તે રૂનો છે. એ વેપારમાં રોકાએલું ભંડોળ ઇ. સ. ૧૮૮૦માં બાસેઠ કરોડ ચાળીસ લાખ (૬૨,૪૦,૦૦,૦૦૦) રૂપિયાનું અને દેશમાં ઉત્પન્ન થએલા રૂના પદાર્થની કિંમત આડત્રીસ કરોડ વીસ લાખ (૩૮,૨૦,૦૦,૦૦૦) રૂપિઆની હતી. અહીં પેદા થએલુ અસંખ્ય રૂ ઇંગ્લાંડ અને બીજા દેશોમાં વેચાય છે. તેથી આ દેશમાં કાપડ વધારે ઉત્પન થતું નથી તો પણ આ દેશમાંના લોકોને પુરૂં પડી રહીને કાજળ પડે એટલું કાપડ અહીં તૈયાર થાય છે. એનાથી ઉતરતે નંબરે ઉનનો મોટો વેપાર ચાલે છે. તેમાં રોકેલું ભંડોળ સાડા છેંતાળીસ કરોડ (૪૬,૫૦,૦૦,૦૦૦) રૂપિયાનું અને દેશમાં તૈયાર થએલા ઉનના પદાર્થની કિંમત આસરે એટલીજ હશે એમ ધારવામાં આવે છે. છયાસી હજાર માણસો આ ધંધામાં પોતાનું ગુજરાન ચલાવે છે. ઉન અને સુતરના ભેળા વણાટથી તૈયાર કરેલાં કાપડની કિંમત ઇ. સ. ૧૮૮૦ના સાલમાં ઓગણીસ કરોડ સત્યાસી લાખ, પચાસ હજાર (૧૯,૮૭,૫૦,૦૦૦) રૂપિઆની હતી. એજ વરસમાં રેસમના વેપારમાં પાંચ કરોડ સીત્તેર લાખ (૫,૭૦,૦૦,૦૦૦)રૂપિયાનો ભંડોળ રોકાયલો અને દેશી ઉત્પન્ન થએલા રેસમી કાપડ વગેરેની કિંમત પાંચ કરોડ પંચાવન લાખ (૫,૫૫,૦૦,૦૦૦) રૂપિઆ કરતાં વધારે હતી. ઉનના,

રેસમના તથા સુતરના અને ઉન તથા રેસમના એકઠા વણેલા હાથ પગના મોજાં ઇત્યાદિ જે પદાર્થ તે વરસમાં તૈયાર થયો તેની કિંમત અરાડ કરોડ સાઠ લાખ (૧૮,૬૦,૦૦,૦૦૦)રૂપિઆની હતી. આ દેશના લોકોને ગાલીચા બનાવવા લાગ્યાને હજી પુરાં પચીસ વરસ થયાં નથી. એટલા ટુંકા વખતમાં એ ધંધો ઘણો ખીલી નીકળ્યો છે. ઇ. સ. ૧૮૮૦માં આ દેશમાં તૈયાર થએલા ગાલીચા વગેરેની કિંમત છ કરોડ, બાવન લાખ પચાસ હજાર (૬,૫૨,૫૦,૦૦૦) રૂપીઆની હતી. શીવવાનો ધંધો એ ઘણો ધ્યાન ખેંચનારો છે. યાંત્રિક સાધનથી બીજા ધંધાની પેઠેજ એનીએ ઘણી ચઢતી થઈ છે. પચાસ વરસ ઉપર આ દેશના મોચીઓને આપણા દેશના મોચીઓની પેઠેજ જોડા શીવવાને ઘણો વખત અને ઘણી મહેનત લાગતી હતી. એ વેળાએ રોજ એક જોડો તૈયાર કર્યો એટલે તે મોચી પોતાને ન્યાલ થયેલો ગણતો હતો. હાલમાં યંત્રના સાધનથી એક માણસ એક દહાડામાં ત્રણસે જોડા શીવીને તૈયાર કરે છે। ઇ. સ. ૧૮૮૦માં આ દેશમાં જોડા બનાવનારાં મોટાં મોટાં ત્રણ હજાર કારખાનાં હતા. તેમાં આસરે નવાણું લાખ માણસો કામ કરતાં હતા.

થોડાં વરસ ઉપર યુનાઇટેડ સ્ટેટસના લોકોને જોઇતી તમામ ઘડીઆળો યુરોપખંડથી આવતી હતી. પણ હવે યુનાઇટેડ સ્ટેટસમાં એટલી ઘડીઆળો તૈયાર થાય છે કે, તે અહીંના બધા લોકોને પુરી પડતાં વધે છે તે યુરોપખંડના તમામ દેશો-

માં અને હિંદુસ્તાનમાંએ ઘણી ખપત § થાય છે. અહીંઆ બીજા સંચળા ઉદ્યોગની પેઠે ઘડીઆળો બનાવવાનાં કારખાનાં ઘણા મોટા અને ઉત્તમ સ્થિતિએ પહોંચેલા છે. ઇ. સ ૧૮૫૦ના સુમારમાં આ દેશના ઘડીઆળ બનાવવાના ઉત્તમ ગણુતા કારખાનામાં રોજ ચાર પાંચ ઘડીઆળો તૈયાર થાય ત્યારે તો ઘણું થયું એમ મનાતુ હતું, પણ આજે તેવાં કારખાનામાં દરરોજ બારસેં તેરસેં ઘડીઆળો તૈયાર થાય છે. દરરોજ એટલી ઘડીઆળો તૈયાર કરનારાં ચાર પાંચ મોટાં કારખાનાં છે, તે કામને અટકાવ મુદલે થતો નથી. એ કારખાનામાંથી તૈયાર કરીને દરમહિને છ હજાર ઘડીઆળો એકલા લંડન શેહેરમાંજ મોકલે છે. કેટલેક વરસે એ સોંઘાં, સોભાયમાન અને સવડ પડતાં ઘડીઆળો આખી પૃથ્વીના લોકો પોતાની પાસે રાખવાને તૈયાર થશે, એવીજ રીતે અમેરિકન લોકે કરેલા શીવવાનાં યંત્રો એ સર્વત્ર પ્રચારમાં આવશે. ઇ. સ. ૧૮૮૦ના વરસમાં ત્રણ કરોડ પંચાવન લાખ, નવ્યાસી હજાર પાંચસે ચોસઠ (૩,૫૫,૮૯,૫૬૪) રૂપિયાની કિંમતના શીવવાના સંચાં તૈયાર થયા. તેમજ રૂપાનાં વાસણ, સોનાના દાગીના, અને નંગો ઇત્યાદિ નકશી કામ અહી ઘણું સારૂં થાય છે. લાકડાં ઉપર ચિત્રો કોતરવાનું, અને ધાતુ ઉપરનું ખોદકામ કરવામાં યુનાઇટેડ સ્ટેટસના કારીગરો ઘણા ખબરદાર છે. વળી અહીંઆ સેંકડો ધંધા છે. આ નાના નિબં-

§ એ ઘડીઆળો આપણા દેશમાં ઘણા આવે છે અને તે "વાટરબરી"નામથી ઓળખાય છે. બા. ક.

-ધમાં તે બધાનું યથાસ્થિત વર્ણન થવાનો સંભવ નથી. શિલ્પ કળા કેવી ઉતાવળી ઉન્નતિએ આવી અને આવે છે. તેનું અનુમાને કરવું કઠણુ છે. ઇ. સ. ૧૮૫૦માં શિલ્પકલાથી પેદા થએલા પદાર્થની કિંમત છ અબજં અરાડ કરોડ રૂપિયાની હતી. અને ઈ. સ. ૧૮૮૦માં એક ખર્વ છ અબજ અડસઠ કરોડ (૧,૬,૬૮,૦૦,૦૦,૦૦૦) રૂપિયાની કિંમતના પદાર્થો આ દેશમાં તૈયાર થયા એજ વરસમાં ઇંગ્લાંડમાં શિલ્પકળાથી તૈયાર થએલા પદાર્થની કિંમત એક ખર્વ બે અબજ પંદર કરોડ ને પચાસ લાખ રૂપીયા થઇ હતી; એ ઉપરથી ઇંગ્લાંડ કરતાં યુનાઇટેડ સ્ટેટસમાં ચાર અબજ અઠાવન કરોડ પચાસ લાખ રૂપિયાનો માલ વધારે પેદા થયો એમ માલમ પડે છે.

ખાણો.

યુનાઇટેડ સ્ટેટસની સુવર્ણ ભૂમી કેવળ ઉપરના ફળદ્રુપપણાથીજ સુવર્ણ ભૂમિ થઈ છે, એમ નથી. સૃષ્ટિ દેવીએ આ સ્વતંત્ર દેશને બહારથી જેમ સઘળી સુખસગવડોથી સમૃદ્ધિવાન બનાવ્યો છે, તેમજ જમીનમાં આ દેશમાંહેલા અસંખ્ય ખજાનારૂપિ ભોંયરામાં રત્નો અને મૂલ્યવાન ધાતુઓનો અક્ષય નિધિ રાખી મુકેલો છે. સૃષ્ટિદેવી આ અમાપ વિશાળ ભોંયરામાં બેશીને અમેરિકન લોકો સારૂ કિમીયો કરીને માટીનું સોનું બનાવે છે. દેશના પૂર્વ, પશ્ચિમ ઉત્તર અને દક્ષિણની ચારે હદની વચ્ચે આવેલી લીલીચારન, અંકુરવાળા, આનંદદાયક ફળદ્રુપ સુખ સમૃદ્ધિવાન માણસથી

હલમળી રહેતાં ગામોના અને ઉપરથી શોભાહિન અને ઉજડ દેખાતા મેદાનોની હેઠે પૃથ્વીના ઉંડા ભોંયરામાં યુનાઇટેડ સ્ટેટ-સના ભાગ્યવાન લોકોને વાસ્તે સૃષ્ટિ દેવીએ અનંત સોનું, રૂપુ, શિસું, તાંબુ પારો, નિકલ, મીઠું, કોયલો, ખનિજતેલ, જવાળાગ્રાહી ખનિજવાયુ (ગ્યાસ) ઊત્તમ પ્રકારના પથ્થરો, ગંધક ઈત્યાદિ અનેક પદાર્થો સંઘરી રાખ્યા છે. વાછરડું દુધ પીતાં જેમ એકવાર પોતાનું માથું પોતાની માના આંચળમાં મારે છે. તેથી ગાય વધારે પાનો મુકે છે, તેમ અમેરિકન માણસે એકવાર પોતાની માતૃ ભૂમિની પીઠ કોઇ જગા ઉપર લગારેક ખણી કે, બસ, તે લાગલીજ ખુશી થઇને પોતાના અનંત ભંડારમાંથી અસંખ્ય ધાતુ અને રત્નો ક્હાડીને પોતાના છોકરાંઓને સ્વાધીન કરે છે. એ અમેરિકન લોકો પોતાના ઊદ્યોગથી અને શોધકપ-ણાથી એટલા ભાગ્યશાળી થયા છે કે, તેમણે હાથમા માટી લીધી તો તેનું સોનું થાય છે.

દેશમાંહેલા ખનિજ પદાર્થોમાં પથરીઆ કોયલા મુખ્ય છે. આખી પૃથ્વીમાંહેલી કોયલાની ખાણોનું ક્ષેત્રફળ ચારલાખ ચોરસ મૈલ છે, એમ કહે છે. તેમાંથી ગ્રેટબ્રીટનના સંયુક્ત રાજ્યમાં બાર હજાર ચોરસ મૈલ કોયલાની ખાણુ છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં જે કોયલાની ખાણો છે, તેનું ક્ષેત્રફળ ત્રણલાખ ચો-. મૈલ છે. એવું સારા આધાર ઉપરથી માલમ પડે છે. પૃથ્વી ઉપરની તમામ કોયલાની ખાણોનો પોણોભાગ યુનાઇટેડ સ્ટેટસ-માંજ છે, એ વાત સહસા કલ્પનામાં આવવા જેવી નથી. તો

પણ તે ખરી છે. કોયલાનો એ ભરગાળો આ દેશના સર્વ પ્રકારના વેપારની અને ઉદ્યોગની ચઢતી થવામાં ઘણેઅંશે કારણ ભૂત થયો છે, એમ કહીશું તો ચાલશે. આ દેશમાં પૃથ્વીની તમામ ખાણોના પોણાં ભાગ જેટલી કોયલાની ખાણ છે, તોપણ અહીં હજી ઈંગ્લાંડ જેટલો કોયલો ખાણોમાંહેથી કહાડવામાં આવતો નથી. તેનું કારણ અહીંઆ કોયલાની ખાણો ખોદતાં હજી ઘણાં વરસ થયાં નથી એ એક, અને સોનું, રૂપું, તાંબુ, લોઢું, પથરીઆ તેલ ઇત્યાદિ મૂલ્યવાન ખનિજ પદાર્થ અમાપછે, તે ખોદી કહાડવાની ભાંજગડમાં આ લોકોને કોયલાની એટલી જરૂર જણાતી નથી, એ બીજું, તો પણ ગયા વરસમાં આ દેશમાંની ખાણોમાંથી બે અબજ ચુમાળીસ કરોડ અડસઠ લાખ (૨,૪૪,૬૮,૦૦,૦૦૦) પાકામણ કાયલો ખોદી કહાડવામાં આવ્યો.

આખી પૃથ્વી મળીને બે લાખ નેવ્યાસી હજાર નવસે ચાળીસ (૨,૮૯,૯૪૦) મણ સોનું છે એમ કહેવાય છે. તેમાનું અરધાં કરતાં વધારે સોનું અમેરિકા ખંડમાંથી નીકળેલું છે. ઇ. સ. ૧૮૮૦થી યુનાઇટેડ સ્ટેટસમાં આસરે નવ કરોડ સાડત્રીસ લાખ પચોતેર હજાર (૯,૩૭,૭૫,૦૦૦)રૂપીઆની કિંમતનું (એટલે દરવરસે આખી પૃથ્વીમાંથી નીકળનારા સોનાનો ત્રીજો ભાગ) સોનું નીકળે છે. બીજા સઘળા કારખાનાની પેઠેજ સોનું ખોદવાનું કામ ઝપાટાબંધ ચાલે છે. ઇ. સ. ૧૮૫૧થી ૧૮૬૦ સુધીમાં દરવરસે ખોદી કહાડેલા સોનાની કિંમત સરાસરી દોઢ

કરોડ રૂપિયાની હતી. પણ ત્યારપછી હાલમાં દરવરસે સવા નવ કરોડ રૂપિયાથી વધારે કિંમતનું સોનું નીકળવા માંડયુંછે. રૂપાનીએ એવીજ વાત છે. અહીં દર વરસે તેર કરોડ સત્યાસી લાખ પચાસ હજાર (૧૩,૮૭,૫૦,૦૦૦) રૂપિયાની કિંમતનું રૂપું નીકળેછે. ચિલી અને યુનાઇટેડ સ્ટેટસ એ બે દેશોમાં મળીને પૃથ્વીમાંહેલા અરધાં કરતાં વધારે તાંબુ નીકળે છે, એમ કહેવાય છે. ઇ. સ. ૧૮૮૦માં આ દેશમાંથી સાત લાખ છપન હજાર મણ તાંબુ નીકળ્યું. અને અગાડીના ચાર વરસમાં દરસાલ તેનાથી બમણું નીકળવા લાગ્યું. સને ૧૮૮૪માં સત્તર લાખ ઓગણ્યાએંસી હજાર પાંચસો ચાળીસ મણ તાંબુ ખાણુમાંથી ખોદી કહાડવામાં આવ્યું! શિશાની ખાણોએ અહીં ઘણી છે. ઇ. સ. ૧૮૩૦માં દરવરસે સરાસરી સવાબે લાખ મણ શિશું ખાણમાંથી નીકળતું હતું. હવે દરવરસે ઓછામાં ઓછું ઓગણચાળીસ લાખ વીસ હજાર (૩૯,૨૦,૦૦૦) મણ શિશું જમીનમાંથી નીકળે છે. ઇ. સ. ૧૮૭૦ પહેલાં આ દેશની ખાણમાંથી છેક થોડું જસત નીકળતું હતું, પણ હવે દરવરસે પોણાતેર લાખ મણ કરતાં વધારે (૧૨,૮૦,૦૦૦ મણ) જસત નીકળે છે.

ખનિજ તેલ ઉર્ફે પથરીઆ તેલ અથવા "રાકેલ" % અહીંઆ ઘણુ ઉત્પન્ન થાય છે. કેટલાંક વરસ પેહેલાં અત્રે કોયલાનું તેલ બનાવવાના કારખાના ચાલતાં હતાં. પણ પેનસિનસિલ્વેનિયા

% હાલમાં આખા દેશમાંએ "ઘાસતેલ"ના નામથી સર્વ ઓળખે છે. ભા. ક.

સંસ્થાનમાં કેટલેક ઠેકાણે આ ખનિજ તેલના ઝરા ઘણા હોવાથી તે તેલ નદીના પાણી જોડે વહી જાય છે, એમ લોકોના ધ્યાનમાં આવ્યું, ત્યારે તેમણે ઠેકાણે ઠેકાણે મોટાં મોટાં કુંડો ખોદીને તેમાં એ તેલ કાઢવાની શરૂઆત કરી. હવે યુનાઇટેડ સ્ટેટસનું એ "ઘાસતેલ" આખી પૃથ્વી ઉપર જાય છે. ખનિજ તેલ વાસ્તે ઉંડી ખાણો તથા કુવા ખોદતાં જવાળાગ્રાહી ખનિજ વાયુ "ગ્યાસ" મળ્યો. તે આ દેશમાં પુષ્કળ છે. પેનસિલ્વેનિયા સંસ્થાન માંહેલા કેટલાક ગામોના તમામ કારખાના માંહેલા વરાળયંત્રો અને મિલો વગેરે આ જવાળાગ્રહી વાયુ વડે ચાલે છે. ત્યાં રસોઇ કરવી, ટાઢના દિવસોમાં ઘરને હુંફાળા કરવા, દીવા કરવા, વગેરે સઘળા કામો ગ્યાસ વડે ચાલે છે. એ વગર રસાયનિક પ્રયોગમાં ગ્યાસનો ઘણો ઉપયોગ થાય છે તે વડે કાચ, લોઢું અને પોલાદ પણ નિર્મળ થાય છે. પિટ્સબર્ગ નામના શેહેરપાસે જે ગ્યાસના સેકડો કુવા છે, તેમાંના એકજ કુવામાંથી દરરોજ ત્રણ કરોડ ઘનફુટ ગ્યાસ નીકળવાનું કહેવાય છે!

ઇ. સ. ૧૮૪૯માં કાલિફોર્નિયા સસ્થાનમાં સોનું છે એવી શોધ લાગતાની સાથેજ પૂર્વ સંસ્થાનો માંહેના લોકો પાસિફિક માહાસાગરના કિનારા ભણી દોડવા લાગ્યા. ત્યારથી જે ઉઠે છે તે પોતાની ખાણ ખોદવા સારૂ ખાણોભણી પશ્ચિમમાં જાય છે. કાલરાડો, નેવાડા, કાલિફોર્નિયા ઇત્યાદિ નિર્જન અરણ્યમય પ્રદેશમાં ગાંધર્વનગર પ્રમાણે એકજ રાતમાં મોટાં મોટાં શેહેરો વશી ગયાં, રાનો હતા ત્યાં નગરો અને મોટા મેદાનમાં જયાં

ઘાંસ ઉગતું હતું ત્યાં ધાન્યથી ભરપુર ખેતરો બનેલાં દેખાવા લાગ્યા. કોઇ ઠેકાણે કશાની પણ ખાણ મળી આવી અથવા એકાદ ઠેકાણે કાંઇપણ ઉપયોગી ચીજ છે અથવા ઉત્પન્ન કરી શકાશે એમ માલમ પડે એટલે બસ; એ લોકોના શરીરમાં જાણે વા ભરાયો હોય તેમ થાય છે. પછી તે બધા તેણી મેરજ ધસ્યા જાય છે, અને પહાડ જેવી અડચણોને દૂર કરીને ધારેલી ઈચ્છા પાર પાડે છે. એના ઉદ્યોગ અને વેપારનું યથાસ્થિત વર્ણન કરવા બેશીએ તો મોટા મોટા ગ્રંથો લખવા પડે. ઉદ્યોગ ધંધા વડે આ દેશને (ખરચ બાદ કરતાં) દર વરસે જે ઉત્પન્ન થાય છે તેની તપશીલ આ પ્રમાણેઃ—

	રૂપિયા.	સેની ઉપજ
એક અબજ પાંસઠ કરોડ	(૧,૬૫,૦૦,૦૦,૦૦૦)	ખેતીની.
સોળ કરોડ સાડીસત્યાસી લાખ	(૧૬,૮૭,૫૦,૦૦૦)	ખાણોની.
છ કરોડ પંદરલાખ	(૬,૧૫,૦૦,૦૦૦)	શિલ્પકલાની
બે કરોડ સાડાસત્તર લાખ	(૨,૧૭,૫૦,૦૦૦)	માંછલાની
બે કરોડ સાડાઅગીઆર લાખ	(૨,૧૧,૫૦,૦૦૦)	જંગલ માંહેલા લાકડાની.
બે કરોડ સાડાસત્તર લાખ	(૨,૧૭,૫૦,૦૦૦)"	બીજા પદાર્થની.

એવી રીતે સર્વ ઊદ્યોગ ધંધાથી ઉત્પન્ન થનારી વારસિક એકંદર પેદાસ એક અબજ ચોરાણું કરોડ ઓગણપચાસ લાખ (૧,૯૪,૪૯,૦૦,૦૦૦) રૂપિયાની છે.

આ પૃથ્વી ઉપર જેટલા દેશો છે, તે બધામાં બ્રિટિશ દેશ ઘણો ધનવાન છે એવી પ્રસિદ્ધિ છે, બ્રિટિશ રાજ્ય ઘણા વરસનું જુનું છે. આજદીન સુધીમાં ઉદ્યોગ ધંધો કરીને તથા બીજા ઉપાયોથી તેણે પોતાના ભંડારમાં એક નિખર્વ ત્રણ ખર્વ ને હેંશી કરોડ (૧,૩,૦૮૦,૦૦,૦૦,૦૦૦) રૂપિયા જેટલી સંપત્તિ સંઘી રાખી છે. અને યુનાઇટેડ સ્ટેટસના લોકસત્તાક દેશને આસરે સવાસો વરસજ થયાં છે, એટલામાં તેણે પોતાના લોકોત્તર ઉદ્યોગના એકજ સાધનથી આટલા ટુકા વખતમાં એક નિખર્વ, ચાર ખર્વ ૭ અબજ પંચ્યાશી કરોડ (૧,૪,૬,૮૫,૦૦,-૦૦,૦૦૦) રૂપિયા જેટલું ધન પોતાના ભંડારમાં સંઘર્યું છે! એ ઉપરથી યુનાઇટેડ સ્ટેટસ ઇંગ્લાંડ કરતાંએ ધનવાન છે, એમ સહસા કોઇને લાગશે નહીં, પણ તે ખરેખરૂં છે.

આ દેશમાં વસાવા આવેલા લોક મૂળથી ધનવાન નહોતા; અને જે હજી વસાવા સારૂ આવે છે, તે પણ ધનવાન હોતા નથી; તથાપિ તેઓ અહીં આવ્યા પછી તે ઉદ્યોગી લોક ઉદ્યોગ હુન્નર કરીને એટલી દોલત મેળવી રાખી. હવે એ દોલતવંતોના દિકરા ગર્ભશ્રીમંત બનશે. પછી આપણા અહીંના ગર્ભશ્રીમંત લોકોએ જેમ દિગ્વિજય કરીને " घटं भित्वा पटं छित्त्वा कृत्वा रासभरोहनं ! येन केन प्रकारेण " કીર્તિ મેળવી, તેવાજ અહીંના ગર્ભશ્રીમંત પણ દીવા કરશે, ઘરબારને, આગ લગાડીને તેને ભસ્મ કરી મૂકશે. એવી કેટલાકોને આજથીજ બીક લાગવા માંડી છે. તો પણ એ દેશ એવા પ્રકારના કુલ દીપકથી (કુળ

બાળનારા) આપણા દેશ જેવી અધમ દશાએ પહોંચશે, એવી બીક રાખવાનું બળવાન કારણ કંઇ દેખાતું નથી. યુનાઇટેડ સ્ટેટસ દેશ મધપુડા જેવો છે. ત્યાં કામ કરનારી મધમાખીઓ તેટલીજ જીવતી રહેવાની, આળસુ ખાઇ બગાડનારા નર માખાને માટે જગા નથી. જ્યાં સુધી તેમનું કામ છે ત્યાં સુધી ઉદ્યોગી મધમાખીઓને આળસુને જીવવા દે છે. કામ થઇ રહ્યાની સાથેજ તે અન્નના કાળ અને ભૂમિના ભારને ડંશ દઇને મારી નાંખેછે. જે મૂળના દરિદ્રી લોક ઉદ્યોગના અને વિદ્યાના બળે આજ કુબેર ભંડારી થઇ બેઠા છે, તેઓ પોતાની ચઢતી દશાનું કારણ શું, તે સારી રીતે જાણે છે. તેઓ આળશુ, નિરૂદ્યોગી લોકોને આશ્રય આપતા નથી. અને ખબુતર, બિલાડાં વગેરેના લગ્ન કરવામાં, નીચ એશઆરામમાં, અથવા શાહુકોને મિજમાની આપીને આનસબાજી ઉડાવવામાં અને નાટક, તમાશા તથા નાચ જોવામાં પોતાનો પરસેવો ઉતારીને પેદા કરેલા પૈસા ઉડાવી દેના નથી. તેઓ તેનો સદુપયોગ કરે છે. આપણા અહીંના ઐતિહાસિક નવકોટ નારાયણ તેજ શું પણ મોટા મોટા રાજ્યો ખરીદી લઇ શકે એટલા પૈસા જેના હાથમાં છે એવા ધનવાનો અહીં ઘણા છે. તેઓ પોતાની આવતી પ્રજાની ઉન્નતિ અને વિદ્યાવૃદ્ધિને સારૂ પોતાની શ્રીમંતાઇને શોભે એવી ઘણી સારી સંસ્થા કરીને જાય છે. ડ્રેવર તથા કારકોર્ન નામના ધનવાનમાંથી દરેકે ત્રણ ત્રણલાખ રૂપિયા વિદ્યાલયો સ્થાપવા સારૂ આપ્યા. વિલ્સ્ટન, વાકર, હિચકાક અને વિકસેએ પાંચ પાંચ લાખ રૂપિ-

યા; કોલગેટ અને ક્રોઝર એ દરેકે આઠ લાખ; સિને અને બસો એ દરેકે દશ દશ લાખ રૂપિયા; સ્ટોને બાર લાખ રૂપિયા; ફિનિકસે ચાળીસ લાખ રૂપિયા; વ્યાંડર બિલ્ટ અને વ્યાસરે વીસ વીસ લાખ રૂપિયા; કલાર્કે પચીસ લાખ રૂપિયા; ગ્રીન નામના એક ગૃહસ્થે ત્રીસ લાખ રૂપિયા; રિચ નામના માણસે ચાળીસ લાખ, પાર્કરે સીત્તેર લાખ રૂપિયા, સ્ટીવન જિરાર્ડ અને જાન્સ કાપ કિન્સ એમણે એકેક કરોડ રૂપિયા વિદ્યાલયો સ્થાપન કરવા સારૂ આપ્યા, સધર્ન પાસિફિક રેલવેના અધ્યક્ષ અને કાલિફોર્નિયા સંસ્થાન વતીનો યુનાઇટેડ સ્ટેટસની રાષ્ટ્રીય સભાના કારભારી લીલ ડસ્ટાનફર્ડે પોતાના એકના એક દિકરાના મરણની યાદગારી વાસ્તે નવ કરોડ રૂપિયા ખરચ કરીને એક વિશ્વવિદ્યાલય સ્થાપન કર્યું છે. એ કુબેર ભંડારીની મોટી ઉદારતા પરમ સ્તુત્ય એવા વિદ્યા વૃદ્ધિના કામમાં લાગે છે. જ્યાં સુધી આ દેશના શ્રીમંતો પોતાના પૈસાનો આવો સદુપયોગ કરશે, અને જ્યાંસુધી અહીં વિદ્યાનું પ્રાધાન્ય રહીને નિશાળમાં શીખેલી વિદ્યાને વ્યવહારમાં ઉપયોગી કરવા તરફ લોકોનું વલણ હશે, ત્યાં સુધી આ દેશને આપણા આ દેશની પેઠે માથાવિનાના કેતુગ્રહ જેવી ગર્ભશ્રીમંતોની બીક રાખવાનું કશુએ કારણ નથી !

પેહેલો ભાગ સમાપ્ત.